યાકિનીમહત્તરાસૂનુ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

પૂ. આ. શ્રીમદ્વિજય મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા કૃત ટીકા સમન્વિત

# ઉપદેશપદ

ગાથાસ્પર્શી વિવેચન

## ભાગ-૩



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# ઉપદેશપદ

## ગાથાસ્પર્શી વિવેચન

## ભાગ-૩

✻ મૂળ ગ્રંથકાર ✻

યાકિનીમહત્તરાસૂનુ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા

✻ ટીકાકાર ✻

પૂ. આ. શ્રીમદ્વિજય મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા

✻ દિવ્યકૃપા ✻

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

✻ આશીર્વાદદાતા ✻

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

✻ વિવેચનકાર ✻

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✻ સંકલનકાર ✻

પંડિત શ્રી મયંકભાઈ રમણિકભાઈ શાહ

✤ પ્રકાશક ✤

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# ઉપદેશપદ ભાગ-૩ ગાથાસ્પર્શી વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૪૨ ✦ વિ. સં. ૨૦૭૨ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૩૫૦

મૂલ્ય : રૂ. ૩૦૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી વિશ્વદર્શનવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી
તેમના વાંચનાના આરાધકો તરફથી

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૯૮

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

✻ મુદ્રક ✻

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

૯, પુનાજી ઈન્ડ. એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે, ધોબીઘાટ, શાહપુર, અમદાવાદ-૪. ફોન : ૨૫૬૨૪૯૯૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

# પ્રસ્તાવના

ઉપદેશપદ ભાગ-૨માં અંતે સ્થાપન કર્યું કે પૂર્વમાં કહેલા સર્વ પદાર્થોમાં અતિ નિપુણ બુદ્ધિથી ભાવન કરીને આત્માના હિતાર્થી જીવે સર્વત્ર આજ્ઞાયોગથી સમ્યગ્ પ્રયત્ન કરવો જોઈએ તેથી પ્રસ્તુત ભાગ-૩ના પ્રારંભમાં ગાથા-૪૫૦માં ગ્રંથકારશ્રી બતાવે છે કે પોતાના દોષોને જાણીને, પોતાની વીર્યશક્તિનો વિચાર કરીને તથા વર્તમાનના ક્ષેત્ર અને કાળ કેવા છે તેનો પણ વિચાર કરીને યોગ્ય જીવોએ પોતાના દોષોના નિવારણ અર્થે અભિગ્રહોને ગ્રહણ કરવા જોઈએ જેથી આજ્ઞાયોગમાં પ્રવૃત્તિ થાય.

વળી, મનોરથો પણ શુદ્ધ આજ્ઞાયોગ સ્વરૂપ છે તે બતાવેલ છે. જેમ જીર્ણ શ્રેષ્ઠીએ ભગવાનને દાન આપવાનો મનોરથ કર્યો તેમ કોઈ શ્રાવક ચૈત્યવંદનકાળમાં 'જયવીયરાય' સૂત્રથી હૈયાને સ્પર્શે તે રીતે ભવનિર્વેદ આદિની યાચના કરે તે પણ મનોરથો સ્વરૂપ છે અને અતિ નિપુણતાપૂર્વક તેવા મનોરથો કરનારા જીવો પણ ઘણાં અશુભ કર્મોનો ક્ષય કરીને સંસાર પરિમિત કરી શકે છે તેનો બોધ ગાથા-૪૮૩-૪૮૪થી થાય છે.

વળી, સંક્લિષ્ટ ભાવોથી કરાયેલ તપ, સૂત્ર, અધ્યયન, વિનયાદિ પણ કઈ રીતે સંસારના પરિભ્રમણનું કારણ બને છે તે ગાથા-૪૮૫થી ૪૯૭ સુધી દૃષ્ટાંતોથી સ્પષ્ટ કરેલ છે. તેથી સંક્લિષ્ટ પરિણામોથી કરાયેલો દાન, શીલ, તપ, આદિ ધર્મ પણ વિનાશનું કારણ છે અને શુદ્ધ આજ્ઞાયોગના રાગથી કરાયેલો થોડો પણ શુદ્ધ ધર્મ ભવના ઉચ્છેદનું કારણ છે તેમ ગાથા-૪૯૮થી ભાવન કરેલ છે.

વળી, જીવમાં ગુણસ્થાનકનો પરિણામ વર્તતો હોય ત્યારે ઉપદેશ વગર પણ સ્વયં જ જીવ ભવના ઉચ્છેદ માટે યત્ન કરે છે પરંતુ ધર્મ કરનાર જીવ પણ ગુણસ્થાનકથી પાત પામે છે ત્યારે જ સંક્લિષ્ટ ભાવ થાય છે તેનું સ્પષ્ટીકરણ ગાથા-૫૦૩થી ૫૧૦ સુધી કરેલ છે.

વળી, વ્રતનો પરિણામ માત્ર આચરણારૂપ નથી પરંતુ જેઓ મોક્ષના પ્રબળ કારણભૂત સિદ્ધ અવસ્થા સાથે સાક્ષાત્ કારણ એવા યોગનિરોધના સ્વરૂપને જાણીને તેને અનુરૂપ કઈ રીતે યત્ન કરવાથી ક્ષપકશ્રેણીની પ્રાપ્તિ થાય તેનો સૂક્ષ્મ ઊહ કરવામાં ધીર છે તેઓ જ પારમાર્થિક વ્રતપરિણામને પામીને સંસારનો ક્ષય કરી શકે છે તેની સ્પષ્ટતા ગાથા-૫૧૧થી ૫૧૪ સુધી કરેલ છે. વળી, ધીર પુરુષો પ્રાણના ભોગે વ્રતનું પાલન કરવા સમર્થ બને છે તેમાં પાંચે અણુવ્રતોના વ્રતપરિણામવાળા જીવોનાં દૃષ્ટાંતો ક્રમસર બતાવેલ છે જેનું ભાવન કરવાથી વ્રતને અનુકૂળ બળ સંચિત કરવાની માર્ગાનુસારી પ્રજ્ઞા પ્રગટે છે.

વળી, અનંત કાળમાં જીવે ઘણાં ક્લિષ્ટ કર્મો ઉપાર્જિત કર્યાં છે અને નિબિડ અધ્યવસાયથી જે કોઈ કર્મો ઉપાર્જિત કર્યાં હોય તેનો નાશ અતિ દુષ્કર છે માટે વારંવાર મહાવ્રતોનું સ્વરૂપ, અણુવ્રતોનું સ્વરૂપ એ રીતે ભાવન કરવું જોઈએ કે જેથી તેનાં આવારક ક્લિષ્ટ કર્મો શિથિલતાને પામે.

વળી, જે જીવોને ભાવથી ગુણસ્થાનકનો પરિણામ પ્રગટ થયો છે તે જીવ ક્યારેય આત્મવંચના કરે નહીં, સતત પોતાની શક્તિનું આલોચન કરીને વિચારે કે હું શું કરું કે જેથી ભાવિમાં અનંત ભવોની પ્રાપ્તિનું નિવારણ થાય.

વળી, મહાવ્રતો અને સમિતિ-ગુપ્તિવાળા મુનિઓ કેવી પરિણતિવાળા હોય છે તેને એક-એક સમિતિના દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટતા કરેલ છે. વળી, તે તે સમિતિના દૃઢ ઉપયોગથી તે તે મહાત્મા કઈ રીતે સંસાર પરિમિત કરેલ છે તે બતાવેલ છે. જેમ ઈર્યાસમિતિપૂર્વક વિહાર કરનાર મહાત્મા ષટ્કાયના જીવોની જયણાપૂર્વક ઉપયુક્ત થઈને વિહાર કરતા હતા. ઇન્દ્ર મહારાજાએ તેમની ઈર્યાસમિતિની પ્રશંસા કરી તેથી કોઈક દેવ તેમની ઈર્યાસમિતિના ભાવની પરીક્ષા કરે છે તે વખતે ઈર્યાસમિતિના ભાવનો પ્રકર્ષ થવાથી તે મહાત્મા બે નીચ ગતિનો વિચ્છેદ કરે છે અને પછી આઠ ભવમાં મોક્ષમાં ગમન કરે છે.

વળી, ધીર પુરુષોને પ્રતિકૂળ સંયોગમાં પણ ભાવ પરાવર્તન થતો નથી તેથી દુષમાકાળમાં પણ જેઓને સમિતિ-ગુપ્તિનો પારમાર્થિક બોધ થયો છે, ક્ષમા આદિ ગુણો જ મોક્ષનાં કારણ છે તેવી સ્થિર બુદ્ધિ થઈ છે તેઓ પ્રતિકૂળ સંયોગમાં પણ નિપુણપ્રજ્ઞાપૂર્વક સંસારને પરિમિત કરી શકે છે તેનું વિસ્તારથી વર્ણન પ્રસ્તુત વિભાગમાં કરેલ છે. તેથી દુષમાકાળમાં પણ યોગ્ય જીવે સમ્યગ્જ્ઞાન આદિની વૃદ્ધિ અર્થે અપ્રમાદથી યત્ન કરવો જોઈએ.

વળી, કોઈક રીતે ભવથી વિરક્ત થયેલા જીવો પણ પ્રમાદવશ અસદ્ગ્રહવાળા થાય છે ત્યારે ભારે કર્મના દોષથી દુર્ગતિઓની પરંપરાને પ્રાપ્ત કરે છે.

વળી, ગુણવાન ગુરુનું પારતંત્ર્ય અત્યંત કલ્યાણનું કારણ છે તેથી નિપુણપ્રજ્ઞાપૂર્વક જિનવચનના પરમાર્થને બતાવતા ગુરુની ગવેષણા કરવી જોઈએ અને તેઓના સાંનિધ્યથી કઈ રીતે જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિ થાય છે તે અનેક ઉપયોગથી પ્રસ્તુત વિભાગમાં બતાવેલ છે.

વળી, જેઓ સ્થૂળ બુદ્ધિથી જિનવચનને જાણે છે, કલ્યાણના અર્થી છે, શુભાચારોને સેવે છે તેઓ પણ ભગવાનના વચનના ગંભીર ભાવોને જાણવા યત્ન કરે ત્યારે તેઓની તત્ત્વની શ્રદ્ધા પૂર્વ કરતાં અનંતગુણી વિશુદ્ધ બને છે તેનું ભાવન કરેલ છે.

વળી, ભગવાનનો ધર્મ પાપઅકરણના નિયમ સ્વરૂપ છે અને તે માત્ર કાયિક ક્રિયા સ્વરૂપ નથી તેને દૃષ્ટાંતથી અત્યંત સ્પષ્ટ કરેલ છે.

વળી, જેઓ ગર્હણીય પાપને નિપુણપ્રજ્ઞાથી આલોચન કરીને તેની નિંદા-ગર્હા સતત કરે છે તેઓ પાપના સંસ્કારો ક્ષીણ-ક્ષીણતર કરીને વિષમકાળમાં પરિમિત ભવો કરીને મોક્ષમાં જઈ શકે છે. જેમ પ્રસ્તુતમાં શંખ-કલાવતીનું દૃષ્ટાંત બતાવ્યું. તેઓ પાંચમા આરામાં થયેલા અને સ્વભૂમિકાનુસાર કાળદોષને કારણે કાંઈક અતિચારયુક્ત ચારિત્ર પાળ્યું. તોપણ સતત નિંદા-ગર્હા દ્વારા તે અતિચારોને શિથિલ કર્યા જેના બળથી સદ્ગતિઓની પરંપરા દ્વારા એકવીસમા ભવે મોક્ષની પ્રાપ્તિ કરી શક્યા તેથી તેવા ઉત્તમ

પુરુષોનાં દૃષ્ટાંતથી પોતાની ચિત્તની ભૂમિકાનું આલોચન કરીને પોતાનાથી સાધુધર્મનું પાલન શક્ય હોય તો તે પ્રમાણે કરે અને જો અશક્ય હોય તો સાધુધર્મના પારમાર્થિક સ્વરૂપમાં સ્વશક્તિ અનુસાર ભાવન કરીને સ્વશક્તિ અનુસાર યતનાપૂર્વક ઉચિત આચારોનું સેવન કરે તો તે યતનાના બળથી સુખપૂર્વક પરિમિત ભવોમાં વર્તમાનના જીવો પણ મોક્ષસુખને પ્રાપ્ત કરી શકે છે. વળી, કઈ રીતે વિષમ સંયોગમાં નિપુણપ્રજ્ઞાપૂર્વક કરાયેલી યતના સાનુબંધ ફળની પ્રાપ્તિ કરાવે છે તેની દૃષ્ટાંતથી પ્રસ્તુત વિભાગમાં સ્પષ્ટતા કરેલ છે.

શંખ રાજાનું દૃષ્ટાંત બતાવ્યા પછી જેઓ સંસારથી વિરક્ત છે, યથાશક્તિ ભગવાનની આજ્ઞામાં રત છે અને સતત નિર્જરા અર્થે ચિત્તને નિષ્પન્ન કરવામાં નિપુણ છે તેઓમાં વર્તમાનકાળમાં પણ ચારિત્ર છે તેમ બતાવેલ છે.

છદ્મસ્થપણામાં જિનેશ્વર પરમાત્માની વાણીથી વિપરીત કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ કાંઈ લખાયું હોય તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

**– પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**કારતક સુદ-૫ વિ.સં. ૨૦૭૨,**
**તા. ૧૬-૧૧-૨૦૧૫, સોમવાર,**
**૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭.**
**ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪**

# અનુક્રમણિકા


| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૪૫૦ | આત્મદોષના નિવારણ અર્થે અભિગ્રહોનો સ્વીકાર. | ૧-૨ |
| ૪૫૧ | અભિગ્રહોની પાલનામાં ભગવદાજ્ઞાથી કર્મની નિર્જરાની પ્રાપ્તિ. | ૨-૪ |
| ૪૫૨ | તેમાં હેતુ. | ૪-૬ |
| ૪૫૩થી ૪૬૫ | તેમાં દૃષ્ટાંતો. | ૬-૧૭ |
| ૪૬૬ | પરમતની શંકા-અલ્પ દોષસેવનથી અનંત સંસારની પ્રાપ્તિ અને મહાદોષસેવનથી આરાધના કઈ રીતે ? | ૧૭-૧૮ |
| ૪૬૭ | સમાધાન-દોષસેવન પછી પ્રાયશ્ચિત્તના સ્વીકારથી દોષના ફળની અપ્રાપ્તિ. | ૧૮-૧૯ |
| ૪૬૮ | વિષનું દૃષ્ટાંત. | ૧૯-૨૦ |
| ૪૬૯ | વિષમાં અને દોષમાં પ્રતિકારો. | ૨૦-૨૩ |
| ૪૭૦-૪૭૧ | પ્રતિકારોમાં અપ્રમત્ત સાધુની સમ્યક્ પ્રવૃત્તિથી દોષનાશની પ્રાપ્તિ. | ૨૩-૨૬ |
| ૪૭૨ | તેમાં હેતુ. | ૨૬-૨૭ |
| ૪૭૩ | તેમાં તૃણ, અગ્નિ અને પવનનું દૃષ્ટાંત. | ૨૭-૨૮ |
| ૪૭૪-૪૭૫ | દોષ પ્રતિકાર અને આજ્ઞાનું ઉક્ત દૃષ્ટાંત સાથે યોજન. | ૨૮-૩૨ |
| ૪૭૬ | અંધતુલ્ય બુદ્ધિથી સમ્યગ્ બોધનો અભાવ. | ૩૨-૩૩ |
| ૪૭૭ | અધ્યાત્મના ક્ષેત્રમાં જન્માંધ, અંધ અને સજ્જાક્ષનું યોજન. | ૩૩-૩૫ |
| ૪૭૮ | સજ્જાક્ષતુલ્ય સમ્યગ્દૃષ્ટિ જીવ શું કરે છે તેનું વર્ણન. | ૩૫-૩૭ |
| ૪૭૯ | શુદ્ધ આજ્ઞાયોગના માહાત્મ્ય વિશે ઉપસંહાર. | ૩૭-૩૮ |
| ૪૮૦થી ૪૮૨ | અભિગ્રહની પાલનામાં દૃષ્ટાંત. | ૩૮-૪૨ |
| ૪૮૩ | બહુમાનભાવથી યુક્ત મનોરથરૂપ અભિગ્રહથી સુંદર ફળની પ્રાપ્તિ. | ૪૨-૪૩ |
| ૪૮૪-૪૮૫ | શુદ્ધ ધર્માનુષ્ઠાનમાં આદરથી કર્મનિર્જરા અને સંક્લિષ્ટ ધર્માનુષ્ઠાનમાં આદરથી સંસારની વૃદ્ધિ. | ૪૩-૪૬ |
| ૪૮૬થી ૪૯૭ | સંક્લિષ્ટ ધર્માનુષ્ઠાનમાં દૃષ્ટાંતો. | ૪૬-૫૬ |
| ૪૯૮ | સંક્લેશ જ દુઃખરૂપ અને દુઃખફલક છે. | ૫૬-૫૭ |
| ૪૯૯ | પ્રસ્તુત ઉપદેશ કોને સફળ બને ? | ૫૭-૫૯ |
| ૫૦૦ | પ્રસ્તુત ઉપદેશની સહકારી કારણતા. | ૫૯-૬૧ |
| ૫૦૧થી ૫૦૩ | સૂત્રાર્થ પોરિસીના નિત્ય વિધાનમાં હેતુ. | ૬૧-૬૫ |
| ૫૦૪ | અણુવ્રતોને આશ્રયીને દૃષ્ટાંતો. | ૬૫-૬૬ |
| ૫૦૫થી ૫૧૦ | પ્રથમ અણુવ્રતનું દૃષ્ટાંત. | ૬૬-૭૧ |

| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૫૧૧થી ૫૧૫ | સત્જ્ઞાન અને શ્રદ્ધાથી પ્રગટ થતો વ્રતપરિણામ જ મોક્ષફળસાધક. | ૭૧-૭૮ |
| ૫૧૬થી ૫૨૦ | દ્વિતીય અણુવ્રતનું દૃષ્ટાંત. | ૭૮-૮૨ |
| ૫૨૧થી ૫૨૫ | તૃતીય અણુવ્રતનું દૃષ્ટાંત. | ૮૨-૮૫ |
| ૫૨૬થી ૫૩૦ | ચતુર્થ અણુવ્રતનું દૃષ્ટાંત. | ૮૫-૯૧ |
| ૫૩૧થી ૫૩૫ | પાંચમા અણુવ્રતનું દૃષ્ટાંત. | ૯૧-૧૦૧ |
| ૫૩૬થી ૫૪૦ | ધન અને શરીરના ત્યાગમાં પણ આત્માના રક્ષણ અર્થે નિશ્ચલ વ્રતપરિણામી જીવનું દૃષ્ટાંત. | ૧૦૧-૧૦૫ |
| ૫૪૧થી ૫૪૬ | વ્રતપરિણામની હાજરીમાં કર્મની નિર્જરા. | ૧૦૫-૧૧૬ |
| ૫૪૭ | વ્રતપરિણામથી માર્ગગામી પરિણામ. | ૧૧૬-૧૧૮ |
| ૫૪૮-૫૪૯ | ગુણસ્થાનકયુક્ત જીવોને વ્રતના દાન-અદાનના વિષયમાં શાસ્ત્રવિહિત દૃષ્ટાંતો. | ૧૧૮-૧૨૧ |
| ૫૫૦થી ૬૦૦ | દૃષ્ટાંતનું વિવરણ. | ૧૨૧-૧૫૬ |
| ૬૦૧ | ગુણસ્થાનકનો પરિણામ હોતે છતે સુખની પરંપરાની પ્રાપ્તિ. | ૧૫૬-૧૫૮ |
| ૬૦૨ | ગુણસ્થાનકનો પરિણામ હોતે છતે મહાવ્રતોને આશ્રયીને સમિતિ-ગુપ્તિ સંબંધી દૃષ્ટાંતો. | ૧૫૮-૧૫૯ |
| ૬૦૩ | સમિતિની સંખ્યા અને સ્વરૂપ. | ૧૫૯-૧૬૦ |
| ૬૦૪ | ગુપ્તિની સંખ્યા અને સ્વરૂપ. | ૧૬૦-૧૬૧ |
| ૬૦૫ | સમિતિની હાજરીમાં ગુપ્તિની અવશ્ય પ્રાપ્તિ પરંતુ ગુપ્તિની હાજરીમાં સમિતિ હોય પણ અથવા ન પણ હોય. | ૧૬૨-૧૬૩ |
| ૬૦૬ | સમિતિઓ અને ગુપ્તિઓ કઈ રીતે શુદ્ધ થાય ? | ૧૬૩-૧૬૫ |
| ૬૦૭ | સમિતિ-ગુપ્તિઓનાં જૈન મતમાં દૃષ્ટાંતો. | ૧૬૫-૧૬૬ |
| ૬૦૮થી ૬૧૨ | ઈર્યાસમિતિના શુદ્ધ પાલનનું દૃષ્ટાંત. | ૧૬૬-૧૭૦ |
| ૬૧૩થી ૬૧૭ | ભાષાસમિતિના શુદ્ધ પાલનનું દૃષ્ટાંત. | ૧૭૦-૧૭૫ |
| ૬૧૮થી ૬૩૯ | એષણાસમિતિના શુદ્ધ પાલનનું દૃષ્ટાંત. | ૧૭૫-૧૮૬ |
| ૬૪૦થી ૬૪૪ | આદાનભંડમત્તનિક્ષેપણા સમિતિના શુદ્ધ પાલનનું દૃષ્ટાંત. | ૧૮૬-૧૯૬ |
| ૬૪૫થી ૬૪૯ | પારિષ્ઠાપનિકા સમિતિના શુદ્ધ પાલનનું દૃષ્ટાંત. | ૧૯૬-૨૧૩ |
| ૬૫૦થી ૬૫૩ | મનોગુપ્તિના શુદ્ધ પાલનનું દૃષ્ટાંત. | ૨૧૩-૨૧૫ |
| ૬૫૪થી ૬૫૯ | વચનગુપ્તિના શુદ્ધ પાલનનું દૃષ્ટાંત. | ૨૧૬-૨૨૦ |
| ૬૬૦થી ૬૬૩ | કાયગુપ્તિના શુદ્ધ પાલનનું દૃષ્ટાંત. | ૨૨૦-૨૨૨ |
| ૬૬૪થી ૬૬૫ | સમિતિ-ગુપ્તિના અભંગમાં પ્રબળ કારણ. | ૨૨૨-૨૨૬ |
| ૬૬૬ | શુભ ભાવવાળા ચારિત્રીને દ્રવ્યાદિ પ્રાયઃ વિઘ્ન ન કરે. | ૨૨૬-૨૨૭ |

| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૬૬૭ | પ્રતિકૂળ દ્રવ્યસંબંધી લૌકિક દૃષ્ટાંત. | ૨૨૭-૨૨૯ |
| ૬૬૮ | પ્રતિકૂળ દ્રવ્યસંબંધી લૌકિક દૃષ્ટાંત. | ૨૨૯-૨૩૦ |
| ૬૬૯ | પ્રતિકૂળ કાળસંબંધી લૌકિક દૃષ્ટાંત. | ૨૩૦-૨૩૧ |
| ૬૭૦ | પ્રસ્તુત દૃષ્ટાંતનું ચારિત્રીના ભાવ સાથે યોજન. | ૨૩૧-૨૩૨ |
| ૬૭૧-૬૭૨ | અન્ય દૃષ્ટાંત દ્વારા ચારિત્રીનું વિષમદ્રવ્ય સાથે યોજન. | ૨૩૨-૨૩૫ |
| ૬૭૩ | પ્રતિકૂળ કાળ સંબંધી ચારિત્રીનું યોજન. | ૨૩૫-૨૩૬ |
| ૬૭૪ | ચારિત્રીઓને અસદ્ગ્રહનો નિયમા અભાવ. | ૨૩૭-૨૩૮ |
| ૬૭૫ | ચારિત્રીઓનો સ્વાધ્યાયાદિમાં યત્ન પણ ચારિત્રની વિશુદ્ધિ માટે જ. | ૨૩૮-૨૩૯ |
| ૬૭૬ | સંયમની વિશુદ્ધિ થયે છતે કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ. | ૨૩૯-૨૪૧ |
| ૬૭૭ | અસદ્ગ્રહનું ફળ. | ૨૪૧-૨૪૨ |
| ૬૭૮ | ગુરુકુળવાસના ત્યાગથી અનર્થની પ્રાપ્તિ. | ૨૪૨-૨૪૪ |
| ૬૭૯-૬૮૦ | જિનાજ્ઞાને આધીન કરાતી સર્વ પ્રવૃત્તિઓથી અતિ મહાન ગુણોની પ્રાપ્તિ. | ૨૪૪-૨૪૭ |
| ૬૮૧થી ૬૮૩ | ગુરુકુળવાસ જ ધર્મનું પ્રથમ અંગ અને ઉપકારક છે. | ૨૪૮-૨૫૨ |
| ૬૮૪-૬૮૫ | એકાસણું નિત્ય છે, ઉપવાસ નૈમિત્તિક છે. | ૨૫૨-૨૫૫ |
| ૬૮૬-૬૮૭ | ગુરુ-લાઘવની વિચારણાપૂર્વક કરેલી સાવદ્ય પણ પ્રવૃત્તિ ગુણપ્રાપ્તિનું કારણ. | ૨૫૫-૨૫૯ |
| ૬૮૮ | સ્વાધ્યાયાદિનું ફળ. | ૨૫૯-૨૬૦ |
| ૬૮૯-૬૯૦ | અજ્ઞાત ગુણવાળા રત્ન કરતાં જ્ઞાત ગુણવાળા રત્નમાં તીવ્ર શ્રદ્ધા. | ૨૬૦-૨૬૨ |
| ૬૯૧-૬૯૨ | શુભ ભાવથી કરાતી સ્વાધ્યાયાદિ ક્રિયાઓથી નિયમા વિશિષ્ટ કર્મક્ષય અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ. | ૨૬૨-૨૬૪ |
| ૬૯૩થી ૬૯૬ | અન્ય દર્શનમાં એ જ વાતનું પાપઅકરણનિયમરૂપે સ્થાપન, તેની સંગતિ, સમર્થન અને લક્ષણ. | ૨૬૫-૨૭૨ |
| ૬૯૭થી ૭૨૯ | દેશવિરતિને આશ્રયીને પાપઅકરણનિયમનાં દૃષ્ટાંતો. | ૨૭૩-૩૦૯ |
| ૭૩૦થી ૭૩૬ | સર્વવિરતિને આશ્રયીને પાપઅકરણનિયમ વિશેષ હોવાને કારણે સુખની પરંપરાની પ્રાપ્તિ. | ૩૦૯-૩૧૯ |
| ૭૩૭થી ૭૬૯ | વિષમકાળમાં પણ પાપઅકરણનિયમમાં શંખરાજાનું દૃષ્ટાંત. | ૩૧૯-૩૪૮ |
| ૭૭૦થી ૭૭૨ | આજ્ઞાનુસારી યતનાથી મોક્ષફળની પ્રાપ્તિ. | ૩૪૮-૩૫૩ |
| ૭૭૩ | યતનાના વિષય દ્રવ્યાદિનું જ્ઞાન સર્વજ્ઞને જ, એ પ્રમાણે પૂર્વપક્ષ | ૩૫૩-૩૫૪ |

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐं नमः ।

યાકિનીમહત્તરાસૂનુ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

# ઉપદેશપદ

## ગાથાસ્પર્શી વિવેચન

## ભાગ-૩

**અવતરણિકા :-**

ततश्च –

**અવતરણિકાર્થ :-**

અને તેથી=ગાથા-૪૪૯માં કહ્યું કે આત્માના હિતાર્થીએ સર્વત્ર આજ્ઞાયોગથી સમ્યક્ પ્રવર્તવું જોઈએ તેથી, શું કરવું જોઈએ ? તે બતાવે છે –

**ગાથા :-**

णाऊण अत्तदोसं वीरियजोगं च खेत्त कालो य ।
तप्पच्चणीयभूए गिण्हेज्जाभिग्गहविसेसे ।।४५०।।

**અન્વયાર્થ :-**

अत्तदोसं=આત્માના દોષને=પોતાના દોષને, वीरियजोगं च=અને વીર્યના યોગને, खेत्त कालो य=અને ક્ષેત્ર-કાળને, णाऊण=જાણીને, तप्पच्चणीयभूए अभिग्गहविसेसे=તેના પ્રત્યનીકભૂત અભિગ્રહવિશેષને=સ્વદોષના પ્રત્યનીકભૂત અભિગ્રહવિશેષને, गिण्हेज्ज=ગ્રહણ કરવા જોઈએ. ।।૪૫૦।।

**ગાથાર્થ :-**

આત્માના દોષને=પોતાના દોષને, અને વીર્યના યોગને અને ક્ષેત્ર-કાળને જાણીને, તેના પ્રત્યનીકભૂત અભિગ્રહવિશેષને=સ્વદોષના પ્રત્યનીકભૂત અભિગ્રહવિશેષને, ગ્રહણ કરવા જોઈએ. ।।૪૫૦।।

**ટીકા :-**

**ज्ञात्वा सम्यगधिगम्यात्मदोषं तीव्रकोपवेदोदयादिकं, वीर्ययोगं च तन्निग्रहसमर्थसामर्थ्यलक्षणं, क्षेत्रकालौ च प्रतिपित्सिताभिग्रहपरिपालनानुकूलं क्षेत्रं कालं चेत्यर्थः । किमित्याह—तत्प्रत्यनीकभूतान् स्वयमेव संवेदितस्वदोषप्रतिपक्षभावगतान् गृह्णीयात् समादद्याद् अर्हत्सिद्धादिप्रत्यक्षमेवाभिग्रहविशेषान् क्षमाशरीराप्रतिकर्मत्वादीन्, मुमुक्षूणां क्षणमपि निरभिग्रहाणामवस्थानस्याक्षमत्वादिति ।।४५०।।**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં કહ્યું કે સર્વત્ર આજ્ઞાયોગથી પ્રવર્તવું જોઈએ. તેથી વિચારકને જિજ્ઞાસા થાય કે કઈ રીતે આજ્ઞાયોગથી પ્રવર્તવું જોઈએ ? તેથી કહે છે – પોતાના તીવ્ર કોપ, વેદનો ઉદય આદિ આત્માના દોષને નિપુણ બુદ્ધિપૂર્વક વિચારવા જોઈએ અર્થાત્ તે તે નિમિત્તને પામીને પોતાને કેવો કોપ થાય છે ? કેવા પ્રકારનો અવિવેકવાળો વેદનો ઉદય થાય છે ? ઇત્યાદિ સ્વસંવેદન અનુસાર સૂક્ષ્મ બુદ્ધિથી અવલોકન કરીને નિર્ણય કરવો જોઈએ. વળી, પોતાના તે તે દોષોના નિગ્રહનું સામર્થ્ય પોતાનામાં કેવા પ્રકારનું છે તેનો નિર્ણય કરવો જોઈએ અર્થાત્ તે તે દોષોનું સમ્યગ્ સમાલોચન કર્યા પછી પ્રતિપક્ષભાવન દ્વારા 'હું તેનો કેટલો નિગ્રહ કરી શકું છું અને અનિવર્તનીય દોષો હોય તો સંવેગપૂર્વક કામાદિની પ્રવૃત્તિ કરીને પણ હું કઈ રીતે તેના પ્રતિપક્ષભાવનથી નિવર્તન કરી શકીશ' એ પ્રકારનું તેના નિગ્રહનું તે દોષોનું પોતાના સામર્થ્યનું અવલોકન કરવું જોઈએ. વળી, સ્વદોષોના નિગ્રહ માટે જે અભિગ્રહાદિ ગ્રહણ કરવાની પોતે ઇચ્છા કરે છે તેને અનુકૂળ ક્ષેત્ર-કાળ શું છે તેનું પણ અવલોકન કરવું જોઈએ. જેથી જે અભિગ્રહ ગ્રહણ કરીને પોતે દોષોનો નિગ્રહ કરવા ઇચ્છે છે તે અભિગ્રહનું પાલન પોતે તે ક્ષેત્રમાં કે તે કાળમાં સમ્યક્ કરી શકશે કે નહીં તેનો નિર્ણય થાય ત્યારપછી જે જે દોષો પોતાને બાધ કરે છે તેના નિરોધ માટે જે જે અભિગ્રહાદિ સેવીને પોતે તેનો નિરોધ કરી શકે તેમ છે તે તે અભિગ્રહોને ગ્રહણ કરવા જોઈએ. જેથી અભિગ્રહપાલનના સંકલ્પના બળથી પણ દોષશક્તિ ક્ષીણ-ક્ષીણતર થાય. **॥૪૫૦॥**

**અવતરણિકા :-**

**न चाभिग्रहा ग्रहणमात्रत एव फलदायिनो भवन्ति, किन्तु परिपालनादिति तद्गतोपदेशमाह –**

**અવતરણિકાર્થ :-**

**અને અભિગ્રહો ગ્રહણ માત્રથી જ ફળદાયી થતા નથી પરંતુ પરિપાલનથી થાય છે. એથી તદ્ગત ઉપદેશને=ગ્રહણ કરાયેલા અભિગ્રહો દોષનાશનું કારણ બને એ પ્રકારે પાલનગત ઉપદેશને, કહે છે –**

**ગાથા :-**

**पालिज्ज य परिसुद्धे आणाए चेव सति पयत्तेण ।**
**बज्झासंपत्तीय वि एत्थ तहा निज्जरा विउला ।।४५१।।**

**અન્વયાર્થ :-**

**सति पयत्तेण=સદા પ્રયત્નથી, आणाए चेव=આજ્ઞા વડે જ, पालिज्ज य परिसुद्धे=પરિશુદ્ધનું પાલન કરવું જોઈએ=પરિશુદ્ધ એવા અભિગ્રહોનું પાલન કરવું જોઈએ અને રક્ષણ કરવું જોઈએ. एत्थ=અહીં= અભિગ્રહના વિષયમાં, बज्झासंपत्तीय वि=બાહ્યઅર્થની અસંપ્રાપ્તિમાં પણ, तहा=તે પ્રકારની, विउला निज्जरा=વિપુલ નિર્જરા થાય છે. ॥૪૫૧॥**

**ગાથાર્થ :-**

**સદા પ્રયત્નથી આજ્ઞા વડે જ પરિશુદ્ધનું પાલન કરવું જોઈએ=પરિશુદ્ધ એવા અભિગ્રહોનું પાલન કરવું જોઈએ અને રક્ષણ કરવું જોઈએ. અહીં=અભિગ્રહના વિષયમાં, બાહ્યઅર્થની અસંપ્રાપ્તિમાં પણ તે પ્રકારની વિપુલ નિર્જરા થાય છે. ॥૪૫૧॥**

**ટીકા :-**

**पालयेच्च रक्षेत् पुनः परिशुद्धान् सर्वातिचारपरिहारात्, आज्ञया चैव प्रवचनोक्तैस्तैस्तैरुपायैरित्यर्थः, सदा सर्वकालं प्रयत्नेनादरेण महता । कुतः । यतो बाह्यासम्प्राप्तावपि बाह्यस्याभिग्रहविषयस्य क्षमणीयादेरर्थस्याप्राप्तावपि, अत्राभिग्रहे गृहीते सति तथा तत्प्रकारस्य निग्रहीतुमिष्टस्य क्रोधादेः कर्म्मणो निर्जरा क्षपणा विपुला प्रचुरा सम्पद्यत इति ॥४५१॥**

**ભાવાર્થ :-**

ગાથા-૪૫૦માં કહ્યું કે પોતાના આત્મદોષનો અને પોતાના વીર્યયોગાદિનો નિર્ણય કરીને તે દોષોના નાશ અર્થે તેને અનુરૂપ અભિગ્રહ ગ્રહણ કરવા જોઈએ અને ગ્રહણ કર્યા પછી તે અભિગ્રહોને સદા આજ્ઞાથી પરિશુદ્ધ પાલન કરવા જોઈએ. જેમ કોઈને બાહ્ય નિમિત્તને આશ્રયીને કોપ થતો હોય તો પોતાની શક્તિનું આલોચન કરીને તે અભિગ્રહ ગ્રહણ કરે કે 'એક દિવસ, બે દિવસ યાવત્ યથાશક્તિ માસાદિ સુધી તેવા નિમિત્તમાં પણ હું કોપ કરીશ નહીં.' જેથી તે અભિગ્રહના સ્મરણના બળથી નિમિત્ત મળે તોપણ તે કોપનો પરિણામ પ્રાદુર્ભાવ પામે નહીં તે પ્રકારે સદા અભિગ્રહનું સ્મરણ કરવું જોઈએ અને તે સ્વીકારાયેલા અભિગ્રહને અતિશય કરવા અર્થે કોપના અનર્થોનું અત્યંત ભાવન કરવું જોઈએ અને કોપ નહીં કરનારા ક્ષમાના પરિણામવાળા મહાત્મા કઈ રીતે સદ્ગતિઓની પરંપરા દ્વારા મોક્ષને પ્રાપ્ત કરે છે તેનું સૂક્ષ્મ સ્વરૂપ વારંવાર ભાવન કરવું જોઈએ. આ રીતે સદા પ્રયત્નથી આજ્ઞા અનુસાર અભિગ્રહનું પરિશુદ્ધ પાલન કરવામાં આવે તો તે અભિગ્રહકાળ દરમિયાન બાહ્ય કોઈ કોપનું નિમિત્ત ન મળે તોપણ જે પ્રકારે કોપના અનર્થનું ભાવન કર્યું અને જે પ્રકારે ક્ષમાના ગુણોનું ભાવન કર્યું અને 'પ્રતિનિયત કાળ સુધી હું કોપ કરીશ નહીં' એવા દૃઢ સંકલ્પપૂર્વક જે અભિગ્રહનું ગ્રહણ કર્યું તેના કારણે ક્ષમા પ્રકૃતિ પ્રત્યેના વધતા જતા પક્ષપાતને અનુરૂપ પરિશુદ્ધ અભિગ્રહનું પાલન કરવામાં આવે તો વિપુલ નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી, કોઈને વેદનો ઉદય વારંવાર સ્ખલના કરતો હોય તો પોતાના તે દોષને સમ્યગ્ જાણીને અને પોતે નિમિત્તોથી દૂર રહીને કઈ રીતે તેનો નિગ્રહ કરી શક્શે તે પ્રકારના પોતાના સામર્થ્યનો નિર્ણય કરીને કામની વૃત્તિ પુષ્ટ ન થાય તે રીતે એક દિવસ, બે દિવસની કાળમર્યાદાનો કામના અનાસેવનનો અભિગ્રહ ગ્રહણ કરે અને કામના વિચારો ન આવે તે રીતે યત્ન કરે. વળી, કામના વિચારો પ્રાદુર્ભૂત ન થાય તે અર્થે તેવા આલંબનથી દૂર રહે અને સતત કામની પ્રવૃત્તિની કુત્સિતતાનું સૂક્ષ્મ ભાવન કરે. સંસારી જીવોનાં શરીર કઈ રીતે અશુચિમાંથી ઉત્પન્ન થયેલાં છે, અશુચિથી યુક્ત છે એ પ્રકારે અશુચિ ભાવના અનુસાર તેનું વારંવાર ભાવન કરે અને સ્વીકારાયેલી અવધિ અનુસાર પરિશુદ્ધ તે વ્રતનું પાલન કરે તો વિકાર ઉત્પાદક બાહ્ય નિમિત્ત ન મળ્યું હોય છતાં પોતાના અભિગ્રહના વધતા પરિણામ અનુસાર નિર્જરાની પ્રાપ્તિ થાય છે અને દૃઢ પ્રણિધાનપૂર્વક અભિગ્રહપાલન માટે યત્ન થતો હોય ત્યારે તેવા પ્રકારના વિકારનાં ઉત્પાદક બાહ્ય નિમિત્તો પ્રાપ્ત થાય તોપણ અભિગ્રહના સુવિશુદ્ધ પાલનનો અધ્યવસાય હોવાથી તે વખતે વિકાર થતો નથી પરંતુ વિપુલ નિર્જરા પ્રાપ્ત થાય છે; કેમ કે નિષ્કામવૃત્તિનો દૃઢ પક્ષપાત વર્તે છે અને નિષ્કામવૃત્તિનો જેટલો દૃઢ પક્ષપાત અતિશય તે પ્રમાણે અતિશય નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

આ રીતે જે મહાત્માઓ સદા પોતાના દોષોનો નિર્ણય કરીને પરિશુદ્ધ અભિગ્રહોનું પાલન કરે છે તેઓના કર્મના અશુભ અનુબંધનો સતત વિચ્છેદ થાય છે અને જેઓ તે પ્રકારે આત્મદોષનો વિચાર કરતા નથી અને આત્મદોષનો વિચાર કર્યા પછી તેના નિવર્તન અર્થે ઉચિત અભિગ્રહ ગ્રહણ કરતા નથી તેઓના તે તે દોષો સદા નિમિત્તને પામીને પ્રવર્ધમાન થતા હોય છે જેથી અશુભ અનુબંધનો ઉચ્છેદ થતો નથી.

આનાથી અર્થથી એ ફલિત થાય કે કોઈક જીવ શ્રાવકધર્મ સાંભળીને પોતાના ગૃહસ્થજીવનમાં વ્યાઘાત ન થાય તે રીતે શ્રાવકનાં બાહ્ય વ્રતો ગ્રહણ કરે અને ગ્રહણ કર્યા અનુસાર તેમાં કોઈ અતિચારની પ્રાપ્તિ ન હોય છતાં જો તે શ્રાવક રોજ સાધુસામાચારીના પરમાર્થને જાણવા માટે અને તે અનુસાર સાધુસામાચારી સેવવાની પોતાનામાં શક્તિ પ્રગટ થાય તે પ્રકારે રોજ શ્રાવકાચારમાં ઉચિત યત્ન ન કરે તો અશુભ અનુબંધનો ઉચ્છેદ થાય નહીં; કેમ કે તત્ત્વના ભાવનથી સંસારના ભાવોથી પર થતું ઉત્તમ ચિત્ત જ અશુભ અનુબંધના ઉચ્છેદનું કારણ છે માટે અશુભ અનુબંધના ઉચ્છેદના અર્થીએ વારંવાર સંસારના રૌદ્ર સ્વરૂપનું ભાવન કરવું જોઈએ અને સંસારમાં દીર્ઘ પરિભ્રમણનું કારણ આત્મામાં વર્તતો અવીતરાગભાવ જ છે. તેથી અવીતરાગભાવને અનુકૂળ શક્તિ સદા ક્ષીણ થાય અને વીતરાગભાવને અભિમુખ ગુણસ્થાનકની સદા વૃદ્ધિ થાય તે રીતે સદા યત્ન કરવો જોઈએ. જેથી અવશ્ય અશુભ અનુબંધનો ઉચ્છેદ થાય છે. **॥૪૫૧॥**

**અવતરણિકા :-**

**एतदपि कुत इत्याह —**

**અવતરણિકાર્થ :-**

**આ પણ કેમ છે=બાહ્ય અર્થની અપ્રાપ્તિ હોવા છતાં પણ પ્રયત્નથી પરિશુદ્ધ અભિગ્રહના પાલનમાં વિપુલ નિર્જરા થાય છે એમ ગાથા-૪૫૧માં કહ્યું એમ પણ કેમ છે ? એથી કહે છે —**

ગાથા :-

**तस्संपायण भावो अव्वोछिन्नो जओ हवति एवं ।**
**तत्तो य निज्जरा इह किरियायवि हंदि विन्नेया ।।४५२।।**

**અન્વયાર્થ :-**

एवं=આ રીતે=પોતાના દોષોનો નિર્ણય કરીને અને શક્તિનું આલોચન કરીને પરિશુદ્ધ અભિગ્રહનું પાલન કરવાના દૃઢ પ્રણિધાનપૂર્વક અભિગ્રહ સ્વીકાર કર્યો એ રીતે, जओ=જે કારણે, तस्संपायण भावो=તેના સંપાદનનો ભાવ=ગ્રહણ કરાયેલા અભિગ્રહના સમ્યગ્ પાલન કરવાનો ભાવ, अव्वोछिन्नो हवति=અવ્યવચ્છિન્ન થાય છે=અભિગ્રહની કાળાવધિ સુધી અસ્ખલિત વર્તે છે. इह य=અને અહીં= ભગવાનના શાસનમાં, किरियायवि=ક્રિયામાં પણ=અભિગ્રહના વિષયના અર્થે નિષ્પાદન અનુકૂળ ક્રિયામાં પણ, तत्तो=તેનાથી=અવ્યવચ્છિન્ન એવા અભિગ્રહના સંપાદનના પરિણામથી, निज्जरा विन्नेया= નિર્જરા જાણવી. ।।૪૫૨।।

**ગાથાર્થ :-**

**આ રીતે=પોતાના દોષોનો નિર્ણય કરીને અને શક્તિનું આલોચન કરીને પરિશુદ્ધ અભિગ્રહનું પાલન કરવાના દૃઢ પ્રણિધાનપૂર્વક અભિગ્રહ સ્વીકાર કર્યો એ રીતે, જે કારણે તેના સંપાદનનો ભાવ=ગ્રહણ કરાયેલા અભિગ્રહના સમ્યગ્ પાલન કરવાનો ભાવ, અવ્યવચ્છિન્ન થાય છે= અભિગ્રહની કાળાવધિ સુધી અસ્ખલિત વર્તે છે, અને અહીં=ભગવાનના શાસનમાં, ક્રિયામાં પણ=અભિગ્રહના વિષયના અર્થે નિષ્પાદન અનુકૂળ ક્રિયામાં પણ, તેનાથી=અવ્યવચ્છિન્ન એવા અભિગ્રહના સંપાદનના પરિણામથી, નિર્જરા જાણવી. ।।૪૫૨।।**

**ટીકા :-**

**तत्सम्पादनभावोऽभिग्रहविषयस्यार्थस्य निष्पादनपरिणामोऽव्यवच्छिन्नोऽत्रुटितो यतो भवति एवमभिग्रहप्रतिपत्तौ । एवमपि किमित्याह–तस्मादेवाव्यवच्छिन्नात् तत्सम्पादनपरिणामाद् निर्जरेह प्रवचने जैने क्रियायामप्यभिग्रहगोचरार्थनिष्पादनेऽपि भवति, हंदीति पूर्ववत्, विज्ञेयाऽवबोद्धव्या। न हि क्रियामात्राद् भावशून्यात् किञ्चित् फलमस्ति, किंतु भावात् । यथोक्तम्–'क्रियाशून्यश्च यो भावो भावशून्या च या क्रिया । तयोरन्तरमुन्नेयं भानुखद्योतयोरिव ।।१।। खद्योतकस्य यत्तेजस्तदल्पं च विनाशि च । विपरीतमिदं भानोरेवमत्र विभाव्यताम् ।।२।।' ।।४५२।।**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્મા પોતાના તીવ્ર કોપ, વેદોદયઆદિ દોષોને જાણીને અને સમ્યગ્ ઉપાય દ્વારા પોતે તેનો નિરોધ કરી શકે તેવું પોતાનું સામર્થ્ય છે તેને જાણીને અને અનુકૂળ ક્ષેત્ર-કાળનો વિચાર કરીને પોતાના

દોષોના નિરોધ અર્થે અભિગ્રહ ગ્રહણ કરે અને પ્રયત્નપૂર્વક તેનું પરિશુદ્ધ પરિપાલન કરે તો તે મહાત્માને તે અભિગ્રહના સંપાદનનો ભાવ અભિગ્રહકાળાવધિ સુધી અવ્યવચ્છિન્ન વર્તે છે.

વળી, આ રીતે કોઈ અભિગ્રહનું પાલન કરે તેમાં પણ તે જે જિનવચનાનુસાર અભિગ્રહના પાલનને અનુકૂળ ક્રિયા કરે છે તે ક્રિયાથી નિર્જરા થતી નથી પરંતુ પોતે સ્વીકારેલા અભિગ્રહના સંપાદનનો સતત પરિણામ અભિગ્રહકાળાવધિ સુધી રહે છે તેનાથી નિર્જરા થાય છે. તેથી એ ફલિત થાય કે કોઈએ અભિગ્રહ ગ્રહણ કર્યો અને કોઈ તેવો પ્રતિકૂળ સંયોગ ઊભો ન થાય તો બાહ્ય આચરણાથી તે અભિગ્રહનું પાલન પણ થાય છતાં જો તે મહાત્મા અભિગ્રહકાળાવધિ સુધી સતત પોતાના તીવ્ર કોપાદિ દોષનો અવરોધ કરવા માટે ઉચિત ઉપાયોનું ભાવન ન કરે તો તે અભિગ્રહપાલનની ક્રિયા માત્રથી નિર્જરા થતી નથી. આથી વિવેકી પુરુષે અભિગ્રહ ગ્રહણ કર્યા પછી પોતાને જે તીવ્ર કોપાદિ થાય છે તેના અનર્થોનું પુનઃ પુનઃ ભાવન કરવું જોઈએ, 'ક્ષમાદિ ગુણો તત્કાલ જીવને સ્વસ્થતાઆપાદક છે અને અનર્થકારી કર્મબંધથી જીવનું રક્ષણ કરે છે જેથી દુર્ગતિના અનર્થોથી પણ રક્ષણ થાય છે' ઇત્યાદિનું અત્યંત ભાવન કરવું જોઈએ. વળી, વિચારવું જોઈએ કે 'ચંડકૌશિકનો જીવ સાધુપણામાં અત્યંત આરાધક હતો છતાં ગુસ્સાને વશ મૃત્યુની પ્રાપ્તિ થઈ તો ચંડકૌશિક સર્પ થવાનો પ્રસંગ આવ્યો માટે મારે મારી કોપશક્તિને અત્યંત ક્ષીણ કરવી છે' એ પ્રકારના દૃઢ અભિલાષપૂર્વક અભિગ્રહના નિષ્પાદનનો પરિણામ સતત ઉલ્લસિત થાય તે રીતે અભિગ્રહના પાલનની ક્રિયા કરવી જોઈએ જેથી નિર્જરાની પ્રાપ્તિ થાય; કેમ કે ભાવશૂન્ય ક્રિયામાત્રથી કોઈ ફળ થતું નથી પરંતુ ભાવથી સંવલિત ક્રિયાથી જ નિર્જરારૂપ ફળ થાય છે માટે અભિગ્રહ ગ્રહણ કરીને ક્રિયાનું પાલન થવા છતાં જો તે કોપાદિ કષાયોના તિરોધાનમાં કોઈ યત્ન ન કરવામાં આવે તો બાહ્ય અભિગ્રહના પાલનમાત્રથી નિર્જરાની પ્રાપ્તિ થતી નથી. **॥૪૫૨॥**

**અવતરણિકા :-**

**अमुमेवार्थं दृष्टान्ततः साधयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ અર્થને=ક્રિયામાં પણ પરિણામથી જ નિર્જરાની પ્રાપ્તિ છે પરંતુ પરિણામરહિત ક્રિયાથી નહીં એ જ અર્થને, દૃષ્ટાંતથી બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**आहरणं सेट्ठिदुगं जिणिंदपारणगदाणदाणेसु ।**
**विहिभत्तिभावभावा मोक्खंगं तत्थ विहिभत्ती ।।४५३।।**

**અન્વયાર્થ :-**

**जिणिंदपारणगदाणदाणेसु=વીર ભગવાનના પારણકના દાન અને અદાનમાં, सेट्ठिदुगं=શ્રેષ્ઠીદ્વિક= જીર્ણશ્રેષ્ઠી અને અભિનવ શ્રેષ્ઠી - એ બે શ્રેષ્ઠી, आहरणं=દૃષ્ટાંત છે. विहिभत्तिभावभावा=કેમ કે વિધિ-**

**ભક્તિનો ભાવ-અભાવ છે=એક શ્રેષ્ઠીમાં વિધિ-ભક્તિનો સદ્ભાવ છે અને અન્યને અભાવ છે. तत्थ=ત્યાં=ભગવાનના પારણાદાનમાં, विहिभत्ती मोक्खंगं=વિધિ-ભક્તિ મોક્ષાંગ છે અર્થાત્ દાનની ક્રિયામાત્ર નહીં પરંતુ વિધિ-ભક્તિ મોક્ષાંગ છે. ।।૪૫૩।।**

**ગાથાર્થ :-**

**વીર ભગવાનના પારણકના દાન અને અદાનમાં શ્રેષ્ઠીદ્વિક=જીર્ણશ્રેષ્ઠી અને અભિનવ શ્રેષ્ઠી - એ બે શ્રેષ્ઠી, દૃષ્ટાંત છે; કેમ કે વિધિ-ભક્તિનો ભાવ-અભાવ છે=એક શ્રેષ્ઠીમાં વિધિ-ભક્તિનો સદ્ભાવ છે અને અન્યને અભાવ છે. ત્યાં=ભગવાનના પારણાદાનમાં, વિધિ-ભક્તિ મોક્ષાંગ છે અર્થાત્ દાનની ક્રિયામાત્ર નહીં પરંતુ વિધિ-ભક્તિ મોક્ષાંગ છે. ।।૪૫૩।।**

**ટીકા :-**

**आहरणं दृष्टान्तः श्रेष्ठिद्विकं जीर्णाभिनवलक्षणं जिनेन्द्रपारणकदानादानयोर्जिनेन्द्रस्य भगवतो महावीरस्य च्छद्मस्थकाले विहरतः पारणके प्रवृत्ते दानेऽदाने च विधिभक्तिभावाभावाद् विधिभक्त्यो-र्भावमभावं चापेक्ष्याहरणं मोक्षांगं मोक्षकारणं तत्र पारणकदानेऽपि विधिभक्ती संवृत्ते ।।४५३।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે કોઈ મહાત્મા પોતાના તીવ્ર કોપાદિ દોષોને દૂર કરવા અર્થે અભિગ્રહ ગ્રહણ કરે અને તેનું સમ્યગ્ પાલન કરે છતાં તેના પાલનકાળમાં કષાયોના તિરોધાનને અનુકૂળ અંતરંગ પરિણામરૂપ વ્યાપાર ન હોય તો બાહ્ય અભિગ્રહના પાલન માત્રથી નિર્જરા થતી નથી. તેમાં દૃષ્ટાંત બતાવે છે. જીર્ણશ્રેષ્ઠી અને અભિનવશ્રેષ્ઠીમાંથી અભિનવશ્રેષ્ઠીએ વીરભગવાનને પોતાના માહાત્મ્યના ઔચિત્યથી પારણું કરાવ્યું છતાં 'આ લોકોત્તર પુરુષ છે' તે પ્રકારના બોધના અભાવને કારણે ઉતમ પુરુષોને દાન આપવાની વિધિ અને ભક્તિનો અભાવ હતો. તેથી દાનની ક્રિયા કરવા છતાં મોક્ષનું કારણ બને તેવી તે દાનની ક્રિયા થઈ નહીં અને જીર્ણશેઠને વીરભગવાનના અસંગભાવ પ્રત્યે અત્યંત બહુમાન હતું. એથી તેમને પારણું કરાવવાના ઉત્કટ અભિલાષવાળા હતા અને ભગવાનના ઉતમ ગુણોના સ્મરણપૂર્વક તેમની ભક્તિ કરવાના અત્યંત પરિણામવાળા હતા છતાં ભગવાન વહોરવા નહીં આવવાથી દાનની ક્રિયા થઈ નહીં તોપણ અંતરંગ શુદ્ધ પરિણામના બળથી તેમને નિર્જરારૂપ ફળની પ્રાપ્તિ થઈ અને પરિણામશૂન્ય એવી દાનની ક્રિયાથી અભિનવશ્રેષ્ઠીને તે પ્રકારનું ફળ થયું નહીં. માટે પોતાના રાગાદિને ક્ષીણ કરવા અર્થે વિવેકપૂર્વક ગ્રહણ કરાયેલા અભિગ્રહનું માત્ર બાહ્ય રીતે પાલન કરવાની નિર્જરાથી પ્રાપ્તિ થતી નથી પરંતુ તે કોપાદિના રોધને અનુકૂળ ઉચિત ભાવોમાં અભિગ્રહકાળ દરમ્યાન યત્ન કરવાથી અભિગ્રહજન્ય નિર્જરાની પ્રાપ્તિ થાય છે. માટે વિવેકીએ તેવા ઉત્તમ ભાવોના નિષ્પત્તિના અંગરૂપે અભિગ્રહ ગ્રહણ કર્યા પછી કોપના અનર્થોનું અને ક્ષમાદિ ભાવોના ગુણોનું સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક પુનઃ પુનઃ સમાલોચન કરવું જોઈએ. વળી, અભિગ્રહકાળાવધિ સુધી પોતાના તે તે દોષોથી વિરુદ્ધ ભાવોનો પ્રવાહ અવિચ્છિન્ન વર્તે તે પ્રકારે સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક સમ્યગ્ ઉદ્યમ કરવો જોઈએ જેથી અશુભ અનુબંધનો ઉચ્છેદ થાય. **॥૪૫૩॥**

અવતરણિકા :-

एनामेव गाथां गाथात्रयेण व्याचष्टे –

અવતરણિકાર્થ :-

આ જ ગાથાને=ગાથા-૪૫૩ને જ, ગાથાત્રયથી સ્પષ્ટ કરે છે –

ગાથા :-

वेसालि वासठाणं समरे जिणपडिमसेट्ठिपासणया ।
अतिभत्ति पारणदिणे मणोरहो अन्नहिं पविसे ।।४५४।।
जातिच्छिदाणधारा लोए कयपुन्नगोत्ति य पसंसा ।
केवलिआगम पुच्छण को पुन्ने जुन्नसेट्ठित्ति ।।४५५।।

અન્વયાર્થ :-

वेसालि=વૈશાલી નગરીમાં, वासठाणं=વર્ષાકાળમાં સ્થાન કર્યું=વીર ભગવાને ચોમાસું કર્યું. समरे= સમરમાં=કામદેવના આયતનમાં, जिणपडिमसेट्ठिपासणया=જિનપ્રતિમામાં રહેલા (વીર પ્રભુ જીર્ણ) શ્રેષ્ઠી વડે જોવાયા, अतिभत्ति=અતિભક્તિ થઈ, पारणदिणे=પારણક દિવસમાં, मणोरहो=મનોરથ થયો=જીર્ણ શ્રેષ્ઠીને ભગવાનનાં પારણાં કરાવવાનો મનોરથ થયો. अन्नहिं पविसे=અન્યમાં પ્રવેશ્યા=ભગવાન અન્યના ઘરમાં પ્રવેશ્યા.

जातिच्छिदाणधारा=યાદચ્છિક દાનધારા=અભિનવ શ્રેષ્ઠી વડે કરાવાયેલા પારણામાં દેવ દ્વારા યાદચ્છિક દાનધારા કરાઈ, लोए कयपुन्नगोत्ति य पसंसा=અને લોકમાં 'કૃતપુણ્યવાળો છે' એ પ્રમાણે પ્રશંસા કરાઈ. केवलिआगम=કેવળીનું આગમન, पुच्छण को पुन्ने=લોકો વડે પૃચ્છા કરાઈ – 'કોણ પુણ્યશાળી છે ?' जुन्नसेट्ठित्ति='જીર્ણ શ્રેષ્ઠી' એ પ્રમાણે='જીર્ણ શ્રેષ્ઠી પુણ્યશાળી છે' એ પ્રમાણે કેવળીએ ઉત્તર આપ્યો. ।।૪૫૪-૪૫૫।।

ગાથાર્થ :-

**વૈશાલી નગરીમાં વર્ષાકાળમાં સ્થાન કર્યું=વીર ભગવાને ચોમાસું કર્યું. સમરમાં=કામદેવના આયતનમાં, જિનપ્રતિમામાં રહેલા (વીર પ્રભુ જીર્ણ) શ્રેષ્ઠી વડે જોવાયા, અતિભક્તિ થઈ, પારણક દિવસમાં મનોરથ થયો=જીર્ણ શ્રેષ્ઠીને ભગવાનનાં પારણાં કરાવવાનો મનોરથ થયો. અન્યમાં પ્રવેશ્યા=ભગવાન અન્યના ઘરમાં પ્રવેશ્યા.**

**યાદચ્છિક દાનધારા=અભિનવ શ્રેષ્ઠી વડે કરાવાયેલા પારણામાં દેવ દ્વારા યાદચ્છિક દાનધારા કરાઈ, અને લોકમાં 'કૃતપુણ્યવાળો છે' એ પ્રમાણે પ્રશંસા કરાઈ. કેવળીનું આગમન, લોકો વડે**

**પૃચ્છા કરાઈ – 'કોણ પુણ્યશાળી છે ?' 'જીર્ણ શ્રેષ્ઠી' એ પ્રમાણે='જીર્ણ શ્રેષ્ઠી પુણ્યશાળી છે' એ પ્રમાણે કેવળીએ ઉત્તર આપ્યો. ।।૪૫૪-૪૫૫।।**

**ટીકા :-**

**इह किलैकदा भगवान् श्रीमन्महावीरः छद्मस्थकाले विहरन् वेशाल्यां पुरि वर्षासु स्थानमकरोत् । ततः 'समरे' इति कामदेवायतने 'जिणपडिमसिट्ठि पासणया' इति तं जिनं प्रतिमास्थितं जीर्णश्रेष्ठी नित्यमागत्य पश्यति स्म । 'अइभत्ति'ति भक्तिश्चातीव तद्विषया तस्य समजनि । अन्यदा चतुर्मासकक्षपणस्य विकृष्टतपसः पारणकदिने प्रवृत्ते मनोरथो वक्ष्यमाणरूपो जज्ञे । गृहद्वारावलोकनादिविनयपरो यावदसावास्ते तावत् स जिनोऽन्यत्राभिनवश्रेष्ठिगृहे प्रविष्टः ।।४५४।।**

**दापिता च तेन स्वमाहात्म्यौचित्येन तस्मै भिक्षा । कृता च तद्देशविचारिभिर्जृम्भकदेवैरर्हत्पारणकसन्तुष्टैर्यादृच्छिकदानधारा वसुधारावृष्टिलक्षणा । सा चैवं विज्ञेया—'अद्धत्तेरसकोडी उक्कोसा होइ तत्थ वसुधारा । अद्धत्तेरसलक्खा जहन्निया होइ वसुधारा' ।।१।। ततो लोके कृतपुण्यकोऽसाविति तस्यैवं च प्रशंसा विजृम्भिताऽभिनवश्रेष्ठिनः । 'केवलि आगम'त्ति कालेन च पार्श्वापत्यीयस्य केवलिनः कस्यचिद् आगमे तत्र बहलकुतूहलाकुलचेतसा लोकेन पृच्छाऽकारि भगवन्! कोऽत्र परिपूर्णः पुण्यवान् ? भगवता चोचे जीर्णश्रेष्ठीति ।।४५५।।**

**ભાવાર્થ :-**

ભગવાન વૈશાલી નગરીમાં ચાતુર્માસ રહ્યા હતા. જીર્ણશ્રેષ્ઠી પરમ શ્રાવક હતા. ભગવાનને પ્રતિમામાં રહેલા જોઈને તેઓ પ્રત્યે અત્યંત ભક્તિ થઈ તેથી ભગવાનને પારણું કરાવવાનો તેઓને મનોરથ વર્તે છે અને ભગવાન વહોરવા જાય છે તે જોઈને ભગવાન અવશ્ય પોતાને ત્યાં આવશે એ પ્રમાણે મનોરથ કરતા શીઘ્ર ઘરે પહોંચે છે અને વારંવાર ગૃહના દ્વારના અવલોકનાદિ કરવારૂપ વિનયના પરિણામવાળા હતા અર્થાત્ ભગવાનના ગુણો પ્રત્યે તીવ્ર આકર્ષણ હોવાથી ભગવાનના આગમનનું અવલોકન કરાવે તેવા ઉચિત વિનયના પરિણામવાળા હતા તેથી તે દ્વારઅવલોકનાદિ ક્રિયાકાળમાં સતત વીતરાગ પ્રત્યેનો ભક્તિનો પરિણામ પ્રવર્ધમાન થતો હતો અને નિઃસ્પૃહશિરોમણિ એવા ભગવાને અભિનવશ્રેષ્ઠી પાસે ભિક્ષા ગ્રહણ કરી છતાં તે અભિનવશ્રેષ્ઠીને તે પ્રકારનો લાભ થયો નહીં જે પ્રકારનો લાભ જીર્ણશ્રેષ્ઠીને થયો. આથી કેવલીએ કહ્યું કે પરિપૂર્ણ પુણ્યશાળી જીર્ણશ્રેષ્ઠી છે, અભિનવશ્રેષ્ઠી નહીં.

તેથી ફલિત થાય કે દાનની ક્રિયામાત્રથી નિર્જરારૂપ ફળ થતું નથી પરંતુ અંતરંગ પ્રવર્ધમાન પરિણામથી નિર્જરારૂપ ફળ થાય છે તેમ અભિગ્રહપાલનની ક્રિયામાત્રથી નિર્જરારૂપ ફળ થતું નથી પરંતુ અભિગ્રહગ્રહણકાળમાં કરાયેલા સંકલ્પ અનુસાર પોતાના દોષોના પ્રતિપક્ષભાવન દ્વારા તેના ઉચ્છેદને અનુકૂળ દૃઢ પ્રયત્નથી અનુબંધશક્તિના ઉચ્છેદરૂપ ફળની પ્રાપ્તિ થાય છે. **।।૪૫૪-૪૫૫।।**

**અવતરણિકા :-**

**ननु जीर्णश्रेष्ठिनः पारणकविषयो मनोरथ एवासीन्न कश्चिदभिग्रह इति कथमसौ दृष्टान्ततयोपन्यस्त इत्याशंक्याह —**

**અવતરણિકાર્થ :-**

**જીર્ણશ્રેષ્ઠીને પારણાવિષયક મનોરથ થયેલો, કોઈ અભિગ્રહ હતો નહીં એથી કેવી રીતે આ=જીર્ણશ્રેષ્ઠી, દષ્ટાંતરૂપે ઉપન્યાસ કરાયો ? એ પ્રકારની આશંકા કરીને કહે છે —**

**ગાથા :-**

**एत्थ हु मणोरहो च्चिय अभिग्गहो होति नवर विन्नेओ ।**
**जदि पविसति तो भिक्खं देमि अहं अस्स चिंतणओ ।।४५६।।**

**અન્વયાર્થ :-**

**हु=જે કારણથી, एत्थ=અહીં=પારણાના વિષયમાં, नवर मणोरहो च्चिय अभिग्गहो विन्नेओ होति=કેવળ મનોરથ જ અભિગ્રહ જાણવા યોગ્ય છે.**

કેવા પ્રકારનો મનોરથ અભિગ્રહ છે ? તે સ્પષ્ટ કરે છે –

**जदि पविसति तो भिक्खं देमि अहं='જો ભગવાન પ્રવેશ કરે તો હું ભિક્ષા આપું', अस्स चिंतणओ=આના ચિંતવનથી=એ પ્રકારના ચિંતવનથી મનોરથ જ અભિગ્રહ છે. ॥૪૫૬॥**

**ગાથાર્થ :-**

**જે કારણથી અહીં=પારણાના વિષયમાં, કેવળ મનોરથ જ અભિગ્રહ જાણવા યોગ્ય છે.**

કેવા પ્રકારનો મનોરથ અભિગ્રહ છે ? તે સ્પષ્ટ કરે છે –

**'જો ભગવાન પ્રવેશ કરે તો હું ભિક્ષા આપું', આના ચિંતવનથી=એ પ્રકારના ચિંતવનથી મનોરથ જ અભિગ્રહ છે. ॥૪૫૬॥**

**ટીકા :-**

**अत्र पारणकविषये 'हुः' यस्माद् मनोरथ एवाभिग्रहः पात्रदानविषयो नवरं केवलं न पुनरन्यत् किञ्चिद् भवति विज्ञेयः । कथमित्याह—यदि प्रविशति कथञ्चिद् मम गृहे भगवानेषः, ततो भिक्षां ददाम्यहमस्मै चिन्तनादेवंरूपात् । अयमत्राभिप्रायः—सर्वोऽप्यभिग्रह इच्छा-प्रवृत्ति-स्थैर्य-सिद्धि-भेदाच्चतुर्धा परिगीतः । तत्रास्येच्छारूप एव परिशुद्धोऽभिग्रहो भवन् स एव पारणकभेरीशब्दश्रवणकालं यावत् प्रवृद्धः सन् पारंपर्येण मोक्षफलतया संवृत्तः । इतरस्य च माहात्म्यौचित्येन दत्तदानस्याप्यभ्युत्था-**

**नादेर्भक्तेश्च गुणवद्बहुमानरूपाया अभावाद् यादृच्छिकवसुधारादिफल एव संवृत्तः परिणामो, न पुनर्निर्वाणफल इति ।।४५६।।**

**ભાવાર્થ :-**

ભગવાન ભિક્ષાર્થે નીકળ્યા છે તે જોઈને જીર્ણશ્રેષ્ઠી 'આજે અવશ્ય ભગવાન મારે ત્યાં આવશે' તે પ્રકારના પરિણામથી જલ્દી જલ્દી ઘરે જાય છે અને વિચારે છે 'જો ભગવાન આવશે તો હું ભગવાનને ભિક્ષા આપીશ'. આ પ્રકારના ચિંતવનકાળમાં ગુણપૂર્ણ એવા વીરભગવાન તેમની સ્મૃતિમાં હતા અને તેમની ભક્તિ કરીને તેમના તુલ્ય થવાના ઉત્કટ અભિલાષવાળા જીર્ણશ્રેષ્ઠી હતા. તેથી ભગવાનના આગમનની રાહ જોતા અને ભગવાનના પારણાના અભિલાષ કરતા જીર્ણશ્રેષ્ઠીનો મનોરથ જ અભિગ્રહ છે. તેથી એ ફલિત થાય કે માત્ર બાહ્ય ક્રિયારૂપ અભિગ્રહના પાલનથી અનુબંધશક્તિનો વિચ્છેદ થતો નથી પરંતુ અનુબંધશક્તિના વિચ્છેદનો અર્થી એવો જીવ પોતાને જે કોપાદિ કષાય બાધ કરતા હોય તે કોપાદિ કષાયના નિરોધ અર્થે કોઈ અભિગ્રહ ગ્રહણ કરે ત્યારે પણ તે કોપાદિ કષાયના તિરોધાનને અનુકૂળ ઉચિત સમ્યગ્ ભાવનથી જ તે કોપાદિ કષાયની શક્તિ ક્ષીણ થાય છે. જેમ ભગવાનના ગુણોની સ્મૃતિપૂર્વક તેમનું પારણું કરાવવાના અભિલાષથી જીર્ણશ્રેષ્ઠીને ક્ષપકશ્રેણીને અનુકૂળ પ્રવર્ધમાન પરિણામ થયો જેથી કર્મના અનુબંધની શક્તિ ક્ષીણ થઈ. માટે કર્મની અનુબંધશક્તિને ક્ષીણ કરવાના અર્થીએ પોતાને બાધ કરતા કષાયોના નિરોધ અર્થે જેમ અભિગ્રહ ગ્રહણ કરવું આવશ્યક છે તેમ અભિગ્રહગ્રહણકાળમાં સતત તે કોપાદિના અનર્થોનું ભાવન અને પ્રશમાદિ ભાવોનું શ્રેષ્ઠ ફળ શું છે તેનું ભાવન કરવું પણ આવશ્યક છે. જેથી અવશ્ય અશુભ અનુબંધનો વિચ્છેદ થાય.

અહીં વિશેષ એ છે કે અભિગ્રહનું પાલન ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિના ભેદથી છે અને જીર્ણશ્રેષ્ઠીનો પારણાવિષયક મનોરથ ઇચ્છારૂપ અભિગ્રહ હતો અને તે પરિશુદ્ધ કોટીનો હતો. જેથી તે સતત પ્રવર્ધમાન હતો અને જેઓને પરિશુદ્ધ ઇચ્છાયોગ નથી તેઓને કાંઈક કાંઈક ઇચ્છાઓ થાય છે છતાં સતત પ્રવર્ધમાન પરિણામ થતો નથી. જેમ જયવીયરાય સૂત્રમાં ભવનિર્વેદાદિની માંગણી કરાય છે તે પણ ઇચ્છારૂપ અભિગ્રહ છે અને જેઓ દૃઢ પ્રણિધાનપૂર્વક તે સૂત્ર બોલે છે તેઓને તે ભવનિર્વેદાદિથી માંડીને સદ્ગુરુનો યોગ અને તદ્વચનની સેવા સુધીનો ઉપયોગ સતત પ્રવર્ધમાન રહે તો તે પણ પરિશુદ્ધ ઇચ્છાયોગ બને પરંતુ બહુલતાએ જીવો સૂત્ર બોલતી વખતે પણ તે ભાવોને સ્પર્શે તે પ્રકારની ઇચ્છાને પ્રાપ્ત કરતા નથી અને જેઓને જેટલા અંશમાં તે તે ભાવો સ્પર્શે છે તેટલા અંશમાં તે ઇચ્છાયોગરૂપ જ છે. **॥૪૫૬॥**

**અવતરણિકા :-**

**अथान्यदप्यभिग्रहमाहात्म्यमभिधातुमाह –**

**અવતરણિકાર્થ :-**

**વળી, બીજું પણ અભિગ્રહનું માહાત્મ્ય બતાવવા માટે કહે છે –**

**ગાથા :-**

**पच्चग्गकयंपि तहा पावं खयमेइऽभिग्गहा सम्मं ।**
**अणुबंधो य सुहो खलु जायइ जउणो इहं नायं ।।४५७।।**

**અન્વયાર્થ :-**

**पच्चग्गकयंपि तहा पावं=પ્રત્યગ્ર કરાયેલું પણ તેવું પાપ=ઉત્કટ દોષથી સેવાયેલું પણ પાપ, सम्मं अभिग्गहा खयमेइ=સમ્યગ્ અભિગ્રહથી ક્ષય પામે છે. अणुबंधो य सुहो खलु जायइ=અને શુભ અનુબંધ થાય છે=પુણ્યપ્રકૃતિનો અનુબંધ થાય છે. इहं=અહીં=ઉત્કટ દોષથી કરાયેલું પાપ અભિગ્રહથી ક્ષય પામે છે એમાં, जउणो नायं=યમુના રાજા દૃષ્ટાંત છે. ।।૪૫૭।।**

**ગાથાર્થ :-**

**પ્રત્યગ્ર કરાયેલું પણ તેવું પાપ=ઉત્કટ દોષથી સેવાયેલું પણ પાપ, સમ્યગ્ અભિગ્રહથી ક્ષય પામે છે અને શુભ અનુબંધ થાય છે=પુણ્યપ્રકૃતિનો અનુબંધ થાય છે. અહીં=ઉત્કટ દોષથી કરાયેલું પાપ અભિગ્રહથી ક્ષય પામે છે એમાં, યમુના રાજા દૃષ્ટાંત છે. ।।૪૫૭।।**

**ટીકા :-**

**प्रत्यग्रमाकुट्टिकादिदोषात् सद्योरूपं कृतं निर्व्वर्त्तितं प्रत्यग्रकृतं, किं पुनश्चिरकालकृतत्वेन जीर्ण्णभूतमित्यपिशब्दार्थः, तथेति वक्तव्यान्तरसमुच्चये, पापं ऋषिघातादिजन्यमशुभं कर्म क्षयमपगममेति प्रतिपद्यते । कुत इत्याह—अभिग्रहात् 'सम्मं'त्ति सम्यग्रूपतया परिपालितात् । अनुबन्धश्चानुगमः पुनः शुभः पुण्यकर्म्मानुवृत्तिरूपः, खलुर्वाक्यालंकारे, जायते । यमुनो राजा इहार्थे ज्ञातं दृष्टान्तः ।।४५७।।**

**ભાવાર્થ :-**

યમુના રાજર્ષિએ ઋષિઘાત કરીને અત્યંત ક્લિષ્ટ પરિણામ કર્યો હતો અને શક્રના વચનથી સંબોધ પામ્યા પછી અભિગ્રહ કર્યો કે જ્યારે જ્યારે સાધુના વધનું સ્મરણ થાય ત્યારે આહાર કરવો નહીં. આ પ્રકારે અભિગ્રહ કરીને, ઉત્તમ પુરુષ એવા સાધુના ગુણોનું સ્મરણ કરીને અને તેના વધરૂપ પાપ પ્રત્યે તીવ્ર જુગુપ્સા કરીને સતત સમ્યગ્ રીતે અભિગ્રહનું પાલન કરે છે જેથી પાપની જુગુપ્સાનો પરિણામ અત્યંત તીવ્ર થવાથી અશુભ અનુબંધનો સતત ઉચ્છેદ થાય છે અને શુભ અનુબંધ પ્રવર્ધમાન થાય છે; કેમ કે કોઈપણ પાપ પ્રત્યે વિવેકપૂર્વકની ઉત્કટ જુગુપ્સા સર્વ પાપો પ્રત્યે જુગુપ્સા ઉત્પન્ન કરે છે અને નિષ્પાપ જીવન પ્રત્યે પક્ષપાત ઉત્પન્ન કરે છે અને નિષ્પાપ જીવન વીતરાગતુલ્ય નિરાકુળ ચેતના છે અને સર્વ પાપોનું બીજ અવીતરાગભાવથી આકુળ ચેતના છે અને અભિગ્રહપાલનકાળમાં પાપ પ્રત્યેની વર્તતી જુગુપ્સા આત્મામાં વર્તતા અવીતરાગભાવને અનુકૂળ મલિન ભાવોનું ઉન્મૂલન કરીને વીતરાગભાવ પ્રત્યે પ્રવર્ધમાન રાગસ્વરૂપ છે તેથી પ્રવર્ધમાન અવીતરાગભાવથી થતો અશુભ અનુબંધ ક્ષીણ થાય છે અને વીતરાગભાવ પ્રત્યે વૃદ્ધિ પામતો રાગનો પરિણામ શુભ અનુબંધનું કારણ બને છે. **॥૪૫૭॥**

**અવતરણિકા :-**

तदेव गाथाष्टकेन संगृह्णन्नाह –

**અવતરણિકાર્થ :-**

તેને જ=યમુના રાજર્ષિના દૃષ્ટાંતને જ, આઠ ગાથાથી સંગ્રહ કરતાં કહે છે –

**ગાથા :-**

महुराए जउणराया जउणावंके य डंडमणगारो ।
वहणं च कालकरणं सक्कागमणं च पव्वज्जा ।।४५८।।१।।
जउणावंके जउणाए कोप्परे तत्थ परमगुणजुत्तो ।
आयावेण्ण महप्पा दंडो नामेण साहुत्ति ।।४५९।।२।।
कालेण रायणिग्गम पासणया अकुसलोदया कोवो ।
खग्गेण सीसछिंदण अण्णेउ फलेण ताडणया ।।४६०।।३।।
सेसाण लेट्ठुखेवे रासी अहियासणाए णाणत्ति ।
अंतगडकेवलित्तं इंदागम पूयणा चेव ।।४६१।।४।।
दट्ठूण रायलज्जा संवेगा अप्पवहपरीणामो ।
इंदनिवारण सम्मं कुण पायच्छित्त मो एत्थ ।।४६२।।५।।
साहुसमीवगमणं सवणं तह चेव पायछित्ताणं ।
किं एत्थ पायच्छित्तं सुद्धं चरणंति पव्वज्जा ।।४६३।।६।।
पच्छायावाइसया अभिग्गहो सुमरियम्मि नो भुंजे ।
दरभुत्ते चेवं चिय दिवसम्मि न तेण किल भुत्तं ।।४६४।।७।।
आराहण कालगओ सुरेसु वेमाणिएसु उववण्णो ।
एवं अभिग्गहो इह कल्लाणणिबन्धणं णेओ ।।४६५।।८।।

**અન્વયાર્થ :-**

महुराए जउणराया=મથુરામાં યમુના રાજા થયા. जउणावंके य=અને યમુનાવક્રમાં=યમુના નદીના વક્ર ભાગમાં, डंडमणगारो=દંડ નામના અણગાર (આતાપના લેતા હતા.) वहणं=વધ=યમુના રાજા વડે તે

સાધુનો વધ, कालकरणं च=અને કાળનું કરણ=તે સાધુકાળ કરી ગયા. सक्कागमणं=શક્રનું આગમન. पव्वज्जा च=અને યમુના રાજર્ષિ વડે પ્રવ્રજ્યાનો સ્વીકાર.

जउणावंके जउणाए कोप्परे=યમુનાવક્રમાં યમુના નદીના કૂર્પર ભાગમાં, तत्थ=ત્યાં, परमगुणजुत्तो दंडो नामेण साहु महप्पा=પરમગુણયુક્ત એવા દંડ નામના સાધુ મહાત્મા, आयावेण्ण त्ति=આતાપના કરે છે.

कालेण रायणिग्गम=કાળથી યમુના રાજાનું નગરથી બહાર નિર્ગમન, पासणया=દર્શન=દંડ નામના અણગારનું દર્શન, अकुसलोदया कोवो=અકુશળના ઉદયથી કોપ=ક્લિષ્ટ કર્મોના ઉદયથી રાજાને સાધુ પ્રત્યે કોપ થયો, खग्गेण सीसछिंदण=ખડ્ગ દ્વારા શિરનું છેદન કર્યું. अण्णेउ=અન્ય આચાર્યો કહે છે, फलेण ताडणया=ફળ વડે રાજા દ્વારા તાડન કરાયું.

सेसाण लेट्ठुखेवे=શેષ સેવકો વડે લેષ્ઠુનો ક્ષેપ કરાયો, रासी=રાશિ=લેષ્ઠુનો ઢગલો થયો, अहियासणाए=અધિસહનમાં, णाणत्ति=કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, अंतगडकेवलित्तं=અંતકૃત કેવળી થયા, इंदागम पूयणा चेव=ઇન્દ્રનું આગમન અને પુષ્પાદિથી પૂજા કરાઈ.

दट्ठूण=જોઈને=ઇન્દ્રની પૂજા જોઈને, रायलज्जा=રાજાને લજ્જા થઈ, संवेगा=સંવેગથી=પાપના પશ્ચાત્તાપથી, अप्पवहपरीणामो=આત્મવધનો પરિણામ થયો. इंदनिवारण=ઇન્દ્ર વડે નિવારણ=ઇન્દ્રએ ઉપાય બતાવ્યો – 'एत्थ सम्मं पायच्छित्त मो कुण'='આ અપરાધમાં સમ્યગ્ પ્રાયશ્ચિત્ત કર.'

साहुसमीवगमणं=સાધુની સમીપે ગમન, तह चेव पायछित्ताणं सवणं=અને પ્રાયશ્ચિત્તોનું શ્રવણ કર્યું. (રાજાએ પૂછ્યું –) 'किं एत्थ पायच्छित्तं'='આ અપરાધમાં શું પ્રાયશ્ચિત્ત છે ?' (સાધુએ કહ્યું –) 'सुद्धं चरणंति'='શુદ્ધ ચરણ એ'='શુદ્ધ સંયમની આચરણા એ પ્રાયશ્ચિત્ત છે', पव्वज्जा=પ્રવ્રજ્યા=યમુના રાજાએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

पच्छायावाइसया=પશ્ચાત્તાપના અતિશયથી, अभिग्गहो=અભિગ્રહ ગ્રહણ કર્યો. सुमरियम्मि=સ્મરણ થયે છતે=અપરાધનું સ્મરણ થયે છતે, 'नो भुंजे'='હું આહાર વાપરીશ નહીં', 'दरभुत्ते चेवं चिय'='દરભુક્ત હોતે છતે પણ એ રીતે'='અર્ધ ખાધું હોવા છતાં પણ સ્મરણ કરીશ તો અભિગ્રહ અનુસાર વાપરીશ નહીં', दिवसम्मि न तेण किल भुत्तं=તેના વડે એક પણ દિવસ ભોજન ન કરાયું=ગૃહીત અભિગ્રહવાળા યમુના રાજા વડે એક પણ દિવસ ભોજન ન કરાયું.

आराहण=આરાધના=આલોચના વ્રતના ઉચ્ચારણથી પંડિતમરણ રૂપ આરાધના થઈ, कालगओ=કાળ કરીને, वेमाणिएसु सुरेसु उववण्णो=વૈમાનિક દેવમાં ઉત્પન્ન થયો. एवं=આ રીતે, इह=અહીં=પ્રવચનમાં, अभिग्गहो कल्लाणणिबन्धणं णेओ=અભિગ્રહ કલ્યાણનું કારણ જાણવું. ॥૪૫૮થી ૪૬૫॥

ગાથાર્થ :-

**મથુરામાં યમુના રાજા થયા અને યમુનાવક્રમાં=યમુના નદીના વક્ર ભાગમાં, દંડ નામના અણગાર આતાપના લેતા હતા. વધ=યમુના રાજા વડે તે સાધુનો વધ, અને કાળનું કરણ=તે સાધુ કાળ કરી ગયા. શક્રનું આગમન અને યમુના રાજર્ષિ વડે પ્રવ્રજ્યાનો સ્વીકાર.**

યમુનાવક્રમાં યમુના નદીના કૂર્પર ભાગમાં ત્યાં પરમગુણયુક્ત એવા દંડ નામના સાધુ મહાત્મા આતાપના કરે છે.

કાળથી યમુના રાજાનું નગરથી બહાર નિર્ગમન, દર્શન=દંડ નામના અણગારનું દર્શન, અકુશળના ઉદયથી કોપ=ક્લિષ્ટ કર્મોના ઉદયથી રાજાને સાધુ પ્રત્યે કોપ થયો, ખડ્ગ દ્વારા શિરનું છેદન કર્યું. અન્ય આચાર્યો કહે છે ફળ વડે રાજા દ્વારા તાડન કરાયું.

શેષ સેવકો વડે લેષ્ઠુનો ક્ષેપ કરાયો. રાશિ=લેષ્ઠુનો ઢગલો થયો. અધિસહનમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. અંતકૃત કેવળી થયા. ઈન્દ્રનું આગમન અને પુષ્પાદિથી પૂજા કરાઈ.

જોઈને=ઈન્દ્રની પૂજા જોઈને, રાજાને લજ્જા થઈ. સંવેગથી=પાપના પશ્ચાત્તાપથી, આત્મવધનો પરિણામ થયો. ઈન્દ્ર વડે નિવારણ=ઈન્દ્રએ ઉપાય બતાવ્યો – 'આ અપરાધમાં સમ્યગ્ પ્રાયશ્ચિત્ત કર.'

સાધુની સમીપે ગમન અને પ્રાયશ્ચિત્તોનું શ્રવણ કર્યું. રાજાએ પૂછ્યું – 'આ અપરાધમાં શું પ્રાયશ્ચિત્ત છે ?' સાધુએ કહ્યું – 'શુદ્ધ ચરણ એ'='શુદ્ધ સંયમની આચરણા એ પ્રાયશ્ચિત્ત છે'. પ્રવ્રજ્યા=યમુના રાજાએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

પશ્ચાત્તાપના અતિશયથી, અભિગ્રહ ગ્રહણ કર્યો. સ્મરણ થયે છતે=અપરાધનું સ્મરણ થયે છતે, 'હું આહાર વાપરીશ નહીં', 'દરભુક્ત હોતે છતે પણ એ રીતે'='અર્ધ ખાધું હોવા છતાં પણ સ્મરણ કરીશ તો અભિગ્રહ અનુસાર વાપરીશ નહીં', તેના વડે એક પણ દિવસ ભોજન ન કરાયું=ગૃહીત અભિગ્રહવાળા યમુના રાજા વડે એક પણ દિવસ ભોજન ન કરાયું.

આરાધના=આલોચના વ્રતના ઉચ્ચારણથી પંડિતમરણ રૂપ આરાધના થઈ. કાળ કરીને વૈમાનિક દેવમાં ઉત્પન્ન થયો. આ રીતે અહીં=પ્રવચનમાં, અભિગ્રહ કલ્યાણનું કારણ જાણવું. ।।૪૫૮થી ૪૬૫।।

ટીકા :-

इह मध्यमप्रतिष्ठितगगनतलोल्लेखिशिखररत्नमयदेवताविनिर्मितजिनस्तूपप्रभावोपलब्धसर्वदिङ्मण्डलव्याप्तिश्लाघायां मथुरायां पुरि यमुनो राजाऽभूत् । तत्र च यमुनावक्रे दण्डो नामानगार आतापनां चकार । 'वहणं च'त्ति हननं च यमुनेन राज्ञा तस्य कृतम् । कालकरणं च सञ्जातं शक्रागमनं चेन्द्रावताररूपम् । ततः प्रव्रज्या यमुनस्य समजनीति ।।४५८।।१।।

एतामेव गाथां गाथा सप्तकेन व्याचष्टे–'जउणा' इत्यादि यमुनावक्रे, एतदुक्तं भवति यमुनाया नद्याः कूर्परे, कूर्परो नाम समाकुञ्चिताग्रभागस्य बाहोर्यादृश आकारस्तदाकारं यत् क्षेत्रं तत्र, परमगुणयुक्त आतापयति शीताद्यधिसहनेनात्मानमायासयति महात्मा प्रशस्तपरिणामो दण्डो नाम्ना साधुरिति ।।४५९।।२।।

एवं च तस्मिन्नातापयति, कालेन केनचिद् गतेन, राज्ञो यमुनस्य 'निग्गम'त्ति नगराद् बहिर्निर्गमे जाते 'पासणय'त्ति दण्डानगारदर्शनमभूत् । ततो निर्निमित्तमेवाकुशलोदयात् क्लिष्टकर्मविपाकात् तस्य तत्र दण्डानगारे कोपो बभूव । तत ऐहिकमामुष्मिकं च पापफलमनालोच्यैव तेन तस्य साधोः खड्गेन शीर्षच्छेदनमकारि । अन्ये त्वाचार्याः फलेन वीजपूरादिना तेन ताडना कृतेति ब्रुवते ।।४६०।।३।।

तदनु शेषाणां सेवकलोकानां सम्बन्धिनि लेष्टुक्षेपे राशिर्लेष्टूनामसौ जातः । अधिसहनायां 'स्वकृतकर्मफलपाकोऽयं मे समुपस्थितो न कश्चित् कस्यचिद् अपराधः' एवंरूपायां जातायां समुल्लसितशुक्लध्यानस्य ज्ञानं केवलाख्यमजायत । ततोऽन्तः कर्मणां सर्वेषामेव तत्कालं कृतो येनासावन्तकृतः, स चासौ केवली च तस्य भावस्तत्त्वं सम्पन्नमस्य, तत्क्षणमेव सिद्धोऽसावित्यर्थः । तत इन्द्रागमः शक्रावतारः पूजना चैव पुष्पधूपादिभिस्तच्छरीरस्य कृता शक्रेणेति ।।४६१।।४।।

दृष्ट्वेन्द्रागमनं पूजनं च राज्ञो यमुनस्य लज्जा तेन महता स्वस्यानुचितचेष्टनेन त्रपा संवृत्ता । संवेगाद् 'धिग्मामेवमसमञ्जसकारिणम्' एवंरूपादात्मवधपरिणामः समजनि । लब्धाभिप्रायेण चेन्द्रेण निवारणमकारि । अभाणि च सम्यग् यथावत् कुरु प्रायश्चित्तमेतदपराधशुद्धिरूपं, 'मो' इति पूर्ववत्, अत्रापराधप्राप्ताविति ।।४६२।।५।।

साधुसमीपे गमनं कृतं, श्रवणमाकर्णनं, तथा चैवेति समुच्चये, प्रायश्चित्तानामालोचनादीनां पाराञ्चिकपर्यवसानानाम् । ततः किमत्रापराधे प्रायश्चित्तमिति पप्रच्छ । कथितं च साधुभिः शुद्धं चरणं प्रायश्चित्तमित्येवं प्रतिपाद्यते । प्रव्रज्या सर्वसावद्ययोगविरहलक्षणा तेन प्रतिपन्ना ।।४६३।।६।।

प्रतिपन्नायां च तस्यां पश्चात्तापातिशयात् तेनाभिग्रहो गृहीतो यथा भोजनकालाद् अर्वाक् स्मृतेऽपराधे नो नैव तद्दिने भुञ्जे, दरभुक्तेऽप्यर्द्धभुक्तेऽपि सति यदि स्मरामि तदा एवमेव न भुञ्जे इत्यर्थः । एवं गृहीताभिग्रहेण तेन भगवता दिवसमप्येकमपि च दिवसमित्यर्थः, किलेत्याप्तप्रवादसूचनार्थः, न भुक्तम्, अभिग्रहस्य नित्यमेवानुस्मरणात् ।।४६४।।७।।

आराधना आलोचना व्रतोच्चारादिका पण्डितमरणरूपा जाता । कालगतः सन् सुरेषु वैमानिकेषूत्पन्नः । उपसंहरन्नाह—एवममुना प्रक्रमेणाभिग्रहो यमुनराजर्षिगृहीताभिग्रहवद् इह प्रवचने कल्याणनिबन्धनं ज्ञेय इति ।।४६५।।८।।

**ભાવાર્થ :-**

યમુના રાજાએ દંડ અણગારનો કોપથી વધ કરીને ક્લિષ્ટભાવો કરેલા જે ક્લિષ્ટભાવથી દીર્ઘ સંસારની પ્રાપ્તિ થાય છતાં જેમ ક્લિષ્ટભાવ કરીને પાપ બાંધ્યું તેમ તીવ્ર પશ્ચાત્તાપ કરીને પાપની શુદ્ધિ અર્થે

અભિગ્રહનું ગ્રહણ કર્યું. અદીનભાવથી અત્યંત ઉપયોગપૂર્વક અભિગ્રહનું સમ્યગ્ પાલન કર્યું. જેથી સંયમગ્રહણ કર્યા પછી એક પણ દિવસ ભોજન નહીં થવા છતાં સતત થયેલા પાપનું આલોચન વ્રતનું ઉચ્ચારણ વગેરેરૂપ ઉચિત પ્રવૃત્તિપૂર્વક પંડિતમરણને પ્રાપ્ત કર્યું તેથી મહાપાપ કરીને પણ યમુના રાજર્ષિ અભિગ્રહના પરિણામના બળથી વૈમાનિક દેવમાં ઉત્પન્ન થયા તેથી અશુભ અનુબંધના ઉચ્છેદ માટે પ્રબળ કારણ અભિગ્રહ જાણવો, માટે કલ્યાણના અર્થીએ માત્ર બાહ્ય અભિગ્રહ કરીને કે માત્ર બાહ્ય તપ કરીને સંતોષ માનવો જોઈએ નહીં. પરંતુ અંતરંગ પાપ પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય તે પ્રકારના ઉચિત અભિગ્રહને ગ્રહણ કરીને પાપના ઉન્મૂલનને અનુકૂળ અંતરંગ દૃઢ વ્યાપાર કરવો જોઈએ. જેથી પાપપ્રકૃતિ એવી જ્ઞાનાવરણીય આદિ કર્મોની અનુબંધશક્તિનો ક્ષય થાય. **॥૪૫૮થી ૪૬૫॥**

**અવતરણિકા :-**

**अथ परमतमाशंकते –**

**અવતરણિકાર્થ :-**

**હવે પરમતની આશંકા કરે છે –**

**ગાથા :-**

**जइ एवं रिसिघाएवि हंत आराहणा इमस्सेसा ।**
**कह खुड्डुया इयाणं दोसलवाणंतसंसारो? ।।४६६।।**

**અન્વયાર્થ :-**

**जइ=જો, एवं=આ રીતે=યમુના રાજાએ આકુટ્ટિથી ઋષિઘાત કર્યો એ રીતે, रिसिघाएवि=ઋષિઘાતમાં પણ, इमस्स=આમને=યમુના રાજાને, एसा आराहणा हंत=આ આરાધના થઈ=સુગતિના ફળવાળી આરાધના થઈ (તો), कह=કઈ રીતે, खुड्डयाइयाणं दोसलवाणंतसंसारो?=ક્ષુલ્લકાદિને દોષલવથી અનંત-સંસાર થયો ? ॥૪૬૬॥**

**ગાથાર્થ :-**

**જો આ રીતે=યમુના રાજાએ આકુટ્ટિથી ઋષિઘાત કર્યો એ રીતે, ઋષિઘાતમાં પણ આમને=યમુના રાજાને, આ આરાધના થઈ=સુગતિના ફળવાળી આરાધના થઈ, તો કઈ રીતે ક્ષુલ્લકાદિને દોષલવથી અનંતસંસાર થયો ? ॥૪૬૬॥**

**ટીકા :-**

यदि चेदेवमाकुट्टिकया ऋषिघातेऽपि दण्डनामानगारमारणेऽपि बोधिलाभमूलाग्नीकृते सति । 'हंत' इति कोमलामंत्रणे । आराधना परिशुद्धप्रव्रज्यालाभलक्षणा अस्य यमुनराजस्यैषा सुगति-

**लाभफला जाता । कथं तर्हि क्षुल्लकादीनां 'साहुपओसी खुड्डो' इत्यादिग्रन्थोक्तानां दोषलवात् साधु-प्रद्वेषादिमात्रलक्षणादनन्तसंसारः, उपलक्षणत्वात् संख्यातोऽसंख्यातश्च केषाञ्चिदिति?।।४६६।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં યમુના રાજાના દૃષ્ટાંતથી બતાવ્યું કે અત્યંત ક્લિષ્ટભાવથી ઋષિઘાત કરીને પણ યમુના રાજાને પરિશુદ્ધ પ્રવ્રજ્યાના લાભરૂપ આરાધનાની પ્રાપ્તિ થઈ. તેના ફળરૂપે સદ્ગતિની પ્રાપ્તિ થઈ. તેથી કોઈને વિચાર આવે કે જેઓએ આટલા ક્લિષ્ટભાવથી પાપ કર્યું છે તેઓને પણ આરાધના દ્વારા સદ્ગતિની પ્રાપ્તિ થઈ તો જે ક્ષુલ્લક સાધુ આદિએ સાધુઓનો પ્રદ્વેષાદિ કર્યો છે તે દોષલવથી તેઓને અનંત સંસારની પ્રાપ્તિ કેમ થઈ અર્થાત્ તેઓએ સાક્ષાત્ ઋષિનો ઘાત કર્યો નથી પરંતુ સાધુ પ્રત્યે પ્રદ્વેષ થવાને કારણે ઘાતને અનુકૂળ ચેષ્ટારૂપ પાણીમાં ઝેર નાખેલું તોપણ સાધુની હત્યા થઈ ન હતી. તેથી જેમ કોઈ વ્રત ગ્રહણ કરીને મારવાના અધ્યવસાયથી પ્રયત્ન કરે છતાં સામેનું મૃત્યુ ન થાય તો વ્રતભંગ થતો નથી પરંતુ અતિચારની પ્રાપ્તિ થાય છે; કેમ કે અંતરંગ વૃત્તિથી વ્રતભંગ હોવા છતાં બહિર્વૃત્તિથી વ્રતભંગ નથી તેમ સાધુપ્રદ્વેષી મુનિને પણ અંતરંગ વૃત્તિથી હિંસાનો પરિણામ હોવા છતાં બહિરંગ વૃત્તિથી હિંસા થઈ ન હતી, માટે અતિચારરૂપ તેવા તે દોષથી તેઓને અનંત સંસારની પ્રાપ્તિ થઈ અને જે યમુના રાજાએ સાક્ષાત્ ઋષિનો ઘાત કર્યો છે તેઓને આરાધનાની પ્રાપ્તિ થઈ તે કેમ સંગત થાય ? **॥૪૬૬॥**

**ગાથા :-**

**भण्णइ अप्पडियारो दोसलवो तेसि ण पुण इयरस्स ।**
**कयपडियारो य इमो ण फलइ विसमेत्थमाहरणं ।।४६७।।**

**અન્વયાર્થ :-**

**भण्णइ=ઉત્તર આપે છે — तेसि=તેઓને=ક્ષુલ્લકાદિ સાધુઓને, अप्पडियारो दोसलवो=અપ્રતિકારવાળો દોષલવ હતો. पुण इयरस्स=વળી ઈતરને=યમુના રાજાને, ण=ન હતો=અપ્રતિકારવાળો દોષ ન હતો, कयपडियारो य=અને કૃતપ્રતિકારવાળો, इमो=આ=દોષ, ण फलइ=ફળ આપતો નથી. एत्थ=અહીં=કરાયેલા પ્રતિકાર-અપ્રતિકારના વિષયમાં, विसं आहरणं=વિષ ઉદાહરણ છે. ॥૪૬૭॥**

**ગાથાર્થ :-**

**ઉત્તર આપે છે — તેઓને=ક્ષુલ્લકાદિ સાધુઓને, અપ્રતિકારવાળો દોષલવ હતો. વળી ઈતરને=યમુના રાજાને, ન હતો=અપ્રતિકારવાળો દોષ ન હતો, અને કૃતપ્રતિકારવાળો આ=દોષ, ફળ આપતો નથી. અહીં=કરાયેલા પ્રતિકાર-અપ્રતિકારના વિષયમાં, વિષ ઉદાહરણ છે. ॥૪૬૭॥**

**ટીકા :-**

**भण्यते समाधिरत्र । अप्रतिकारोऽकृतप्रायश्चित्तरूपप्रतिविधानो दोषलवस्तेषां क्षुल्लकादीनामिति**

**स तथा विकारमापन्नः, न पुनरितरस्य यमुनराजर्षेस्तत्क्षणमेव प्रतिपन्नोदग्रप्रायश्चित्तस्य । यदि नामैवं ततः किमित्याह—कृतप्रतीकारश्चायं दोषलवो न फलति न विपच्यते । विषं स्थावरादिभेदभिन्न-मन्त्रार्थे आहरणं दृष्टान्तः ।।४६७।।**

**ભાવાર્થ :-**

ગાથા-૪૬૬માં શંકા કરેલ કે ઋષિઘાત કરીને પણ યમુના રાજાને આરાધનાની પ્રાપ્તિ થઈ અને ક્ષુલ્લક સાધુને સાધુપ્રદ્વેષરૂપ દોષલવથી અનંત સંસારની પ્રાપ્તિ થઈ. તે કઈ રીતે સંગત થાય તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

ક્ષુલ્લકાદિ સાધુઓને અપ્રતિકારવાળો દોષલવ હતો. તેથી અનંત સંસારની પ્રાપ્તિરૂપ ફળની પ્રાપ્તિ થઈ. તેથી એ પ્રાપ્ત થાય કે ક્ષુલ્લક સાધુએ પૂર્વમાં ભાવથી સાધુપણું પાળેલું ત્યારપછી પ્રમાદને વશ સાધુ પ્રત્યે પ્રદ્વેષ થયો અને સાધુને મારવાના અધ્યવસાયવાળા થયા છતાં સાક્ષાત્ મારવાની ક્રિયા થઈ નહતી તે અપેક્ષાએ તેઓને દોષલવ હતો પરંતુ દોષ સેવ્યા પછી તેઓએ તેનો પ્રતિકાર કર્યો નહીં. તેથી દોષસેવનની પૂર્વના સાધુપણાના પાલનકૃત આરાધના પ્રાપ્ત થઈ નહીં. માટે અનંત સંસાર થયો અને યમુના રાજર્ષિએ દોષ સેવ્યા પછી તે દોષના પ્રતિકારરૂપે સંયમ ગ્રહણ કરેલ માટે પ્રતિકાર થયેલા તે દોષવાળું તેમનું સંયમ હોવાથી તે આરાધનાને પામ્યા.

તેથી એ ફલિત થાય કે કૃતપ્રતિકારવાળો દોષ ક્યારેય ફળ આપતો નથી. જેમ કોઈક પુરુષ વિષનું ભક્ષણ કર્યા પછી તે વિષને દૂર કરવા અર્થે ઉચિત ઉપાય સેવે તો વિષના ફળરૂપે મૃત્યુની પ્રાપ્તિ થતી નથી. તેમ ક્ષુલ્લક સાધુએ પૂર્વમાં સાધુપણું પાળેલું છતાં પાછળથી દોષ સેવીને તેની શુદ્ધિ માટે ઉપેક્ષા કરી. તેથી તે દોષસેવનના ફળરૂપે અનંત સંસારની પ્રાપ્તિ થઈ અને યમુના રાજાએ દોષસેવન કર્યા પછી સતત તે દોષનો ઉચ્છેદ કરવા માટે યત્ન કર્યો. તેથી જેમ ઉચિત વિધિથી પ્રતિકાર કરાયેલું વિષ ફળ આપતું નથી તેમ ઋષિઘાતરૂપ પાપ કર્યા પછી ઉચિત વિધિથી પ્રતિકાર કરાયેલા દોષે યમુના રાજાને ફળ આપ્યું નહીં. **||૪૬૭||**

**અવતરણિકા :-**

**तदेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**તેને જ=વિષના દૃષ્ટાંતને જ, ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**मारइ विसलेसोवि हु अकयपडीयार मो ण उ बहुंपि ।**
**कयपडियारं तं चिय सिद्धमिणं हंत लोएवि ।।४६८।।**

**અન્વયાર્થ :-**

**अकयपडीयार विसलेसोवि हु मारइ=અકૃતપ્રતિકારવાળો વિષલવ પણ મારે છે, कयपडियारं बहुंपि उ= વળી કૃતપ્રતિકારવાળું બહુ પણ, तं चिय=તે જ=વિષ જ, ण मो (मारइ)=મારતું નથી. लोएवि हंत= લોકમાં પણ=સામાન્યજનમાં પણ, सिद्धमिणं=આ સિદ્ધ છે. ।।૪૬૮।।**

**ગાથાર્થ :-**

**અકૃતપ્રતિકારવાળો વિષલવ પણ મારે છે. વળી, કૃત પ્રતિકારવાળું બહુ પણ તે જ=વિષ જ, મારતું નથી. લોકમાં પણ=સામાન્યલોકમાં પણ, આ સિદ્ધ છે. ।।૪૬૮।।**

**ટીકા :-**

**मारयति च्युतजीवितं करोति विषलेशोऽपि हु, किं पुनः प्रभूतं तदित्यपिहुशब्दार्थः, 'अकयपडियार'त्ति अकृतप्रतीकारोऽविहितमंत्रतंत्रप्रतिविधानो 'मो' इति पूर्ववत् । न तु न पुनर्बह्वपि कृतप्रतीकारं तदेव विषं मारयति । सिद्धं प्रतीतमिदं हन्त लोकेऽपि पृथग्जने, किं पुनः शास्त्रे, इत्यपिशब्दार्थः ।।४६८।।**

**ભાવાર્થ :-**

દૃષ્ટાંતથી પદાર્થનો સ્પષ્ટ બોધ કરાવવા અર્થે કહે છે કે જેમ વિષમાં મારણશક્તિ છે છતાં તે મારણશક્તિને મંત્રાદિ દ્વારા પ્રતિકાર કરવામાં આવે તો ઘણું પણ વિષ વિષનું કાર્ય કરવા સમર્થ થતું નથી તેમ ઋષિઘાતકાળમાં યમુના રાજાને વિષતુલ્ય જે સાધુનો દ્વેષ હતો તે ઘણા ભવો સુધી માર્ગની પ્રાપ્તિમાં અંતરાય કરનારો અને સંસારની અનેક પ્રકારની કદર્થના કરનારો હતો છતાં તે ઋષિઘાતનો પરિણામ પોતાનું ફળ આપે તેના પૂર્વે તે મહાત્માએ તે ઋષિઘાત પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય અને ઋષિના ભાવ પ્રત્યે તીવ્ર પક્ષપાત થાય તે રીતે સંયમમાં દૃઢ યત્ન કર્યો. તેથી પાપનાશને અનુકૂળ દૃઢ પ્રણિધાનનો પરિણામ હોવાથી થયેલું પાપ વિહિતપ્રતિકારવાળું થવાને કારણે ફળ આપવા અસમર્થ બન્યું.

વળી, જેમ અપ્રતિકાર કરાયેલું થોડું પણ વિષ જીવનો નાશ કરે છે તેમ ક્ષુલ્લક સાધુએ સાધુદ્વેષ કર્યા પછી તે પાપનો પ્રતિકાર કર્યો નહીં. તેથી તેના ફળરૂપે અનંત સંસારની પ્રાપ્તિ થઈ અને આ વિષનું દૃષ્ટાંત લોકમાં પણ પ્રસિદ્ધ છે. **।।૪૬૮।।**

**અવતરણિકા :-**

**प्रतीकारमेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**પ્રતિકારને જ ભાવન કરે છે –**

**ગાથા :-**

**मंतागयरयणाणं सम्मपओगो विसम्मि पडियारा ।**
**आणेसणिज्जभिग्गहरूवा एते उ दोसविसे ।।४६९।।**

**અન્વયાર્થ :-**

**मंतागयरयणाणं सम्मपओगो=મંત્ર, ઔષધ અને રત્નોનો સમ્યગ્ પ્રયોગ, विसम्मि पडियारा=વિષમાં પ્રતિકાર છે. दोसविसे उ=વળી દોષરૂપ વિષમાં, आणेसणिज्जभिग्गहरूवा एते (पडियारा)=આજ્ઞા, એષણીય અને અભિગ્રહરૂપ આ પ્રતિકાર છે. ।।૪૬૯।।**

**ગાથાર્થ :-**

**મંત્ર, ઔષધ અને રત્નોનો સમ્યગ્ પ્રયોગ વિષમાં પ્રતિકાર છે. વળી દોષરૂપ વિષમાં આજ્ઞા, એષણીય અને અભિગ્રહરૂપ આ પ્રતિકાર છે. ।।૪૬૯।।**

**ટીકા :-**

**मंत्रा गारुडशास्त्रप्रसिद्धाः, अगदा औषधानि, यथा—'मरिचं निम्बबीजानि सैन्धवं मधुना सह । घृतपीतोऽगदोहन्ति विषं स्थावरजङ्गमम्' ।।१।। रत्नानि सर्प्पशिखामणिप्रभृतीनि । ततस्तेषां मंत्रागदरत्नानां सम्यक् प्रयोगो यथावद् विनियोजनं विषे प्रतीकाराः । तथा, आज्ञा सर्व्वविद्वचनो-पयोगरूपा, एषणीयमाधाकर्म्मादिदोषविकलमन्नपानवस्त्रपात्रादि, अभिग्रहा द्रव्यक्षेत्रकालरूपाः, ततस्ते रूपं येषां त आज्ञैषणीयाभिग्रहरूपा एते तु प्रतीकाराः सम्यक् प्रयुक्ता दोषविषे विज्ञेयाः। यथा हि मंत्रादिभिर्निगृह्यमाणं विषं निष्फलीभवति तथाज्ञैषणाभिग्रहैर्मन्त्रागदरत्नसमानैर्दोषविषं प्रतिविधीयमानं निष्फलीभावमाप्नोतीति ।।४६९।।**

**ભાવાર્થ :-**

કોઈના દેહમાં વિષનો પ્રયોગ થયો હોય તો તેના નિવારણના ઉપાયરૂપે મંત્રનો પ્રયોગ કરવામાં આવે તો તે વિષ પ્રતિકારને કારણે નિષ્ફળ જાય છે. વળી, વિશિષ્ટ પ્રકારના ઔષધથી દેહમાં ગયેલ વિષ નિષ્ફળ થાય છે. વળી, મારકરત્નોના પ્રયોગથી પણ વિષ પ્રતિકાર પામે છે. તે રીતે આત્માએ અનાદિકાળથી દોષોનું સેવન કરેલ છે અને તે દોષરૂપી વિષ સંસારી જીવોમાં અત્યંત વર્તે છે અને તે વિષનો પ્રતિકાર ત્રણ રીતે થાય છે.

(૧) સર્વજ્ઞના વચનના ઉપયોગરૂપ આજ્ઞાના ભાવનથી. જેમ કોઈ શ્રાવક કે સાધુ હંમેશાં ભગવાનનું વચન કઈ રીતે વર્તમાનમાં સુખનું કારણ છે, સુખની પરંપરાનું કારણ છે અને સંસારના સર્વ ઉપદ્રવો દૂર કરનાર છે એવું સૂક્ષ્મ બુદ્ધિથી સદા ભાવન કરે તો તે આજ્ઞાના ભાવનને કારણે અનાદિકાળથી સેવાયેલાં પાપોથી ઉત્પન્ન થયેલી રાગાદિ પરિણતિરૂપ વિષનો પ્રતિકાર થાય છે અને જેઓએ પોતાનામાં વર્તતા

વિષનો આજ્ઞાના ભાવનથી અત્યંત પ્રતિકાર કર્યો છે એવા મહાત્માઓ સંસારમાં રહે અને મોક્ષને પ્રાપ્ત ન કરે ત્યાં સુધી ઉત્તરના દરેક ભવોમાં તેઓને સુદેવત્વ અને સુમનુષ્યત્વની પ્રાપ્તિ થાય છે જ્યાં અવશેષ વિષનો પ્રતિકાર કરીને અંતે સંપૂર્ણ વિષનો નાશ કરે છે જેથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

(૨) વળી, જેમ ઔષધથી વિષનો પ્રતિકાર થાય છે તેમ જે સાધુ એષણીય આધાકર્માદિ દોષરહિત અન્નપાન-વસ્ત્ર-પાત્રાદિમાં પ્રયત્ન કરે છે જેથી ષડ્કાયના પાલનનો પરિણામ અને સુવિશુદ્ધચર્યા પ્રત્યેનો રાગ પ્રવર્ધમાન થાય છે તેના કારણે રાગાદિ વિષનો પ્રતિકાર થાય છે. વળી, કોઈ શ્રાવક સંયમ ગ્રહણ કરવાની ઇચ્છાવાળો હોય અને શક્તિના અભાવે સંયમ ગ્રહણ ન કરે તોપણ હંમેશાં એષણીય અન્નપાન પ્રત્યેના બદ્ધરાગપૂર્વક તેવા સાધુજીવનનું ભાવન કરે અને શ્રાવકજીવનની મર્યાદા અનુસાર શ્રાવકના આચારો શુદ્ધ પાળે અને અન્યાય-અનીતિ આદિના પરિહારપૂર્વક શુદ્ધ આજીવિકા કરે તે પણ રાગાદિ વિષના પ્રતિકારરૂપ છે. આથી જ શ્રાવક શુદ્ધ સંયમજીવનપાલનના ભાવોથી આત્માને વાસિત કરે છે ત્યારે સાધુના શુદ્ધ અન્નપાનવિષયક આચારોને સેવવાના અભિલાષોને કરે છે અને તેઓના રાગાદિ વિષોનો પ્રતિકાર થાય છે. વળી, જે સાધુ સાધ્વાચાર પાળવા છતાં શુદ્ધ અન્નપાન પ્રત્યે ઉપેક્ષા કરે છે અને પોતાના અશુદ્ધ આચારોની નિંદા કરીને શુદ્ધ આચારોનો સતત પક્ષપાત કરતા નથી તેઓનું અનેષણીયનું સેવન રાગાદિની વૃદ્ધિનું કારણ બને છે.

(૩) વળી, જેઓ સુસાધુની ભક્તિ કરવાનાં અભિલાષ કરે છે, થયેલાં પાપોની શુદ્ધિ અર્થે યમુના રાજાની જેમ વિશેષ પ્રકારના અભિગ્રહો કરે છે અથવા જયવીયરાય સૂત્રમાં જે ભવનિર્વેદાદિની માંગણી કરે છે તે ભાવોને અત્યંત સ્પર્શીને પોતાનામાં તે ભાવો કઈ રીતે પ્રગટ થાય તેવો અભિલાષ કરે છે તેઓને પણ તે પ્રકારના અભિલાષરૂપ અભિગ્રહને કારણે તેઓનો રાગાદિ વિષ અત્યંત મંદ થાય છે. આથી જ સદ્ગુરુનો યોગ અને તદ્વચનની સેવા કરવાના ઉત્કટ અભિલાષને કારણે જન્માંતરમાં ગુણવાનને અત્યંત પરતંત્ર થઈ શકે તે પ્રકારના રાગાદિ વિષનો અપહાર થાય છે. આનાથી એ ફલિત થાય કે યમુના રાજાએ ઋષિઘાત કરેલો અને અભિગ્રહના બળથી તે ઋષિઘાતનો પરિણામ અને અનાદિથી સેવેલ રાગાદિ વિષ તે સર્વનો પ્રતિકાર પ્રવ્રજ્યાના પાલનથી અને અભિગ્રહના સેવનથી કરેલ. તેથી તે મહાત્મામાં રાગાદિ વિષની તે પ્રકારની અલ્પતા થઈ જેથી ઉત્તરના ભવોમાં સુંદર ભવોને પ્રાપ્ત કરીને અવશેષ રાગાદિ વિષનો નાશ કરવા તે મહાત્મા સમર્થ બન્યા. વળી, કેટલાક મહાત્માઓ સંયમ ગ્રહણ કર્યા પછી પ્રવ્રજ્યાના પાલનથી અનાદિના રાગાદિ વિષને અલ્પ કરે છે. વળી, ક્ષુલ્લક સાધુ જેવા કોઈક મહાત્મા કોઈક નિમિત્તને પામીને સાધુદ્વેષી થાય ત્યારે પ્રવ્રજ્યાના પાલનથી જે રાગાદિ વિષને અલ્પ કરેલ તે રાગાદિ વિષને જ સાધુદ્વેષથી અતિશયિત કરે છે અને તેનો પ્રતિકાર તે ભવમાં કરતા નથી અને પછીના ભવોમાં પણ તેના પ્રતિકારને અનુકૂળ સામગ્રીની અપ્રાપ્તિને કારણે કે પ્રતિકારના ભાવની અપ્રાપ્તિને કારણે અપ્રતિકારવાળું એવું તેમનું વિષ અનંત ભવો સુધી કદર્થનાઓ કરે છે.

વળી, ગોશાળો તીર્થંકરની આશાતના કરે છે, સુસાધુને બાળી નાખે છે તે સર્વ કરીને અનાદિના રાગાદિ વિષને અત્યંત અતિશયિત કરે છે છતાં મરણ વખતે પશ્ચાત્તાપનો પરિણામ પ્રાપ્ત કરે છે જેથી તે રાગાદિ

વિષને અલ્પ કરે તેવો કાંઈક પરિણામ થવા છતાં ઘણું રાગાદિ વિષ પૂર્વભવમાં સેવેલું છે અને વર્તમાનભવમાં સેવેલું છે. તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિથી કાંઈક પ્રતિકાર પામેલું પણ તે રાગાદિ વિષ અનંતકાળ સુધી ઉત્તરના ભવોમાં અતિશયતાને પામીને સંસારના પરિભ્રમણનું કારણ બને છે.

વળી, જમાલિએ ઉત્સૂત્રભાષણ કરીને અનાદિના ભવઅભ્યસ્ત રાગાદિ વિષને અતિશયિત કરેલ અને ઉત્સૂત્રભાષણ પૂર્વે પ્રવ્રજ્યાના સમ્યક્ પાલનથી તે અનાદિ ભવઅભ્યસ્ત રાગાદિ વિષને ઘણું અલ્પ કરેલ હોવા છતાં ઉત્સૂત્રભાષણથી ફરી તે રાગાદિ વિષને અતિશયિત કરેલ તોપણ પંદર કે સોળ ભવ પછી ફરી તેવી સામગ્રીને પામીને પ્રવ્રજ્યાના પરિણામવાળા થશે ત્યારે ભગવાનની આજ્ઞા અનુસાર સંયમ પાળીને તે રાગાદિ વિષનો પ્રતિકાર કરશે. તેથી અનંત ભવોના અર્જનમાં સમર્થ એવું પણ ઉત્સૂત્ર ફરી પ્રવ્રજ્યાની પ્રાપ્તિ દ્વારા પ્રતિકારને પામવાથી અનંત ભવોના અનર્થથી તેમનું રક્ષણ થશે. તેથી નિમિત્તવાસી જીવ કયા નિમિત્તથી કયા પરિણામના પ્રકર્ષને કરશે તે તેના તથાભવ્યત્વને આધીન છે તોપણ જિનવચનના પરમાર્થને જાણીને જેઓ સતત ભગવાનની આજ્ઞાથી આત્માને ભાવિત કરે છે, શુદ્ધ આચારોના પાલનના પક્ષપાતી છે અને શક્તિ અનુસાર અભિગ્રહોને ધારણ કરે છે, તેઓ અનાદિના મોહવિષનો નાશ કરવા સમર્થ બને છે. શુદ્ધ આચારના પાલનથી જેમ જેમ વિષની અલ્પતા થાય છે તેમ તેમ ઉત્તમ ભવોની તેમને પ્રાપ્તિ થાય છે અને કોઈક નિમિત્તને પામીને તેઓ પ્રમાદવશ થાય છે ત્યારે તેઓના રાગાદિ વિષની વૃદ્ધિ થાય છે. માટે અભિગ્રહના પાલનના બળથી અલ્પ કરાયેલો પણ સંસાર ફરી વૃદ્ધિ પામે છે. જેમ સાવદ્યાચાર્યએ શુદ્ધ સંયમ પાળીને ભગવાનની આજ્ઞાનો પક્ષપાત કરીને ત્રીજા ભવમાં મોક્ષને પામે તે પ્રકારના રાગાદિ વિષને અલ્પ કરેલા છતાં તેવા પ્રકારના નિમિત્તને પામીને રાગાદિ વિષની વૃદ્ધિ કરી તો પરિમિત થયેલ સંસાર પણ અનંત ચોવીસી સુધી ભવભ્રમણરૂપ સંસારની વૃદ્ધિનું કારણ બન્યું.

અહીં મંત્ર જેવી ભગવાનની આજ્ઞા છે; કેમ કે જેમ મંત્રથી વિષનો અપહાર થાય છે તેમ વીતરાગતાના વચનરૂપ ભગવાનની આજ્ઞાનું ભાવન કરવાથી ચિત્ત વીતરાગતાના ભાવોથી ભાવિત થાય છે. જેથી રાગાદિ વિષનો પ્રતિકાર થાય છે. વળી, ઔષધ સ્થાનીય એષણીય એવા સાધુના આહારાદિ છે. જેમ દેહમાં વિષ વ્યાપ્ત હોય ત્યારે વિશિષ્ટ ઔષધિઓ તે વિષનો પ્રતિકાર કરે છે તેમ જેઓ સંયમજીવનની નિર્દોષ આચરણા કરે છે તેઓમાં અનુચિત આચરણા કરાવનારા કાષાયિક ભાવો ક્ષીણ-ક્ષીણતર થાય છે. તેથી એષણીયની ઉચિત પ્રવૃત્તિ રાગાદિ વિષનો પ્રતિકાર કરે છે. વળી, વિષઅપહારી રત્નસ્થાનીય અભિગ્રહો છે. જેમ વિશિષ્ટ રત્નોના જલનું સિંચન કરવાથી વિષ દૂર થાય છે તેમ જીર્ણ શ્રેષ્ઠીએ જે રીતે ઉત્તમ ભાવનાઓ કરી તે રીતે જે શ્રાવકો કે સાધુઓ હૈયાને સ્પર્શે તે પ્રકારે ઉત્તમ ભાવો કરે છે અને ઉત્તમ ભાવપૂર્વક અભિગ્રહોને ગ્રહણ કરે છે તે સર્વ ઉત્તમ એવા ચિત્તરૂપી રત્ન જેવા છે જેનાથી રાગાદિ વિષનો પ્રતિકાર થાય છે. **॥૪૬૯॥**

**ગાથા :-**

**एए पउंजिऊणं सम्मं निज्जरइ अइबहूयंपि ।**
**दोसविसमप्पमत्तो साहू इयरोव्व बुद्धिजुओ ।।४७०।।**

**અન્વયાર્થ :-**

**बुद्धिजुओ इयरोव्व=બુદ્ધિયુક્ત ઈતરની જેમ=વિષને દૂર કરવામાં નિપુણ બુદ્ધિવાળો પુરુષ ઈતર એવા બાહ્ય વિષને દૂર કરે છે તેની જેમ, एए=આમને=આજ્ઞાદિને, सम्मं पउंजिऊणं=સમ્યગ્ પ્રયોજન કરીને, अप्पमत्तो साहू=અપ્રમત્ત સાધુ, अइबहूयंपि=અતિ બહુ પણ, दोसविसं निज्जरइ=દોષવિષનું નિર્જરણ કરે છે. ।।૪૭૦।।**

**ગાથાર્થ :-**

**બુદ્ધિયુક્ત ઈતરની જેમ=વિષને દૂર કરવામાં નિપુણ બુદ્ધિવાળો પુરુષ ઈતર એવા બાહ્ય વિષને દૂર કરે છે તેની જેમ, આમને=આજ્ઞાદિને, સમ્યગ્ પ્રયોજન કરીને અપ્રમત્ત સાધુ અતિ બહુ પણ દોષવિષનું નિર્જરણ કરે છે. ।।૪૭૦।।**

**ટીકા :-**

**एतानाज्ञैषणीयाभिग्रहान् प्रयुज्य सम्यग् अविपरीतरूपतया निर्ज्जरयति परिशाटयति अतिप्रभूतमप्यसंख्यातभवोपात्ततया प्रचुरमपि दोषविषमप्रमत्तः सर्वातिचारपरिहारवान् साधुर्यतिः । दृष्टान्तमाह— इतर इव स्थावरादिविषवेगव्याकुलकलेवर इव नरो बुद्धियुतो विषपरिणामदारुणभावदर्शी मंत्रादिसम्यग्प्रयोगवान् इतरविषमिति ।।४७०।।**

**ભાવાર્થ :-**

સંસારમાં વિષના અપહારને જાણનારા બુદ્ધિમાન પુરુષો મંત્રાદિ દ્વારા જેમ વિષનો અપહાર કરે છે તેમ આત્મહિત સાધવા માટે અપ્રમાદવાળા સાધુ નિપુણ પ્રજ્ઞાપૂર્વક ભગવાનના વચનથી ભાવિત થઈને પોતાના રાગાદિ વિષોને ક્ષીણ-ક્ષીણતર કરે છે, એષણીય આહારાદિને ગ્રહણ કરીને અનુચિત પ્રવૃત્તિ કરવાનું કારણ બને તેવા રાગાદિ વિષોને ક્ષીણ-ક્ષીણતર કરે છે અને શક્તિ અનુસાર ઉચિત અભિગ્રહોને ગ્રહણ કરીને તે અભિગ્રહના બળથી રાગાદિ વિષોને ક્ષીણ-ક્ષીણતર કરે છે. તેથી સાધુએ કે શ્રાવકે પોતાની ભૂમિકા અનુસાર સતત આજ્ઞાદિ ત્રણમાં યત્ન કરવો જોઈએ, જેથી રાગાદિ વિષ શીઘ્ર ક્ષય પામે. ફક્ત સાધુ પરાકાષ્ઠાના આજ્ઞાદિ ત્રણને સેવીને વિષનો અત્યંત નાશ કરી શકે છે જ્યારે શ્રાવકમાં તેવો બળસંચય થયો નથી તેથી સાધુની જેમ અત્યંત નિર્દોષ જીવન જીવીને તેવી વિશિષ્ટ આજ્ઞાનું ભાવન કરી શકતા નથી તેથી વિશિષ્ટ રાગાદિ વિષનો નાશ કરી શકતા નથી તોપણ સ્વભૂમિકા અનુસાર અપ્રમાદપૂર્વક આજ્ઞાદિ ત્રણનું સેવન કરે તો પ્રવ્રજ્યાના બાધક એવા રાગાદિ વિષનો અવશ્ય ક્ષય થાય છે. **॥૪૭૦॥**

**અવતરણિકા :-**

**एतदेव विस्तरतो भावयति –**

**અવતરણિકાર્થ :-**

આને જ=આજ્ઞાદિ ત્રણ દ્વારા સાધુ ભાવવિષનો અપહાર કરે છે એને જ, વિસ્તારથી ભાવન કરે છે –

**ગાથા :-**

**कम्मं जोगनिमित्तं बज्झइ बंधट्ठिती कसायवसा ।**
**सुहजोयम्मी अकसायभावओऽवेइ तं खिप्पं ।।४७१।।**

**અન્વયાર્થ :-**

कम्मं जोगनिमित्तं बज्झइ=(જીવ) કર્મ યોગનિમિત્ત બાંધે છે. कसायवसा=કષાયના વશથી, बंधट्ठिती=બંધસ્થિતિ (પ્રાપ્ત થાય છે.) सुहजोयम्मी=શુભયોગમાં=આજ્ઞાદિ ત્રણના સેવનરૂપ શુભયોગમાં, अकसाय-भावओ=અકષાયનો ભાવ હોવાથી, तं=તેને=કર્મને, खिप्पं अवेइ=શીઘ્ર દૂર કરે છે. ।।૪૭૧।।

**ગાથાર્થ :-**

**જીવ કર્મ યોગનિમિત્ત બાંધે છે. કષાયના વશથી બંધસ્થિતિ પ્રાપ્ત થાય છે. શુભયોગમાં=આજ્ઞાદિ ત્રણના સેવનરૂપ શુભયોગમાં, અકષાયનો ભાવ હોવાથી તેને=કર્મને, શીઘ્ર દૂર કરે છે. ।।૪૭૧।।**

**ટીકા :-**

कर्म्म ज्ञानावरणादि योगनिमित्तम्, इह योगो मनोवाक्कायव्यापारः । यथोक्तम्—'मणसा वाया काएण वावि जुत्तस्स विरियपरिणामो । जीवस्स अप्पणिज्जो स जोगसन्नो जिणक्खाओ ।।१।।' ततो योगो निमित्तं यस्य तत् तथा बध्यते संगृह्यते । तस्य च बन्धस्य बन्धस्थितिर्बन्धावस्थानकालो जघन्यमध्यमोत्कृष्टभेदभिन्नः कषायवशात् तथारूपकषायपारतंत्र्यात् । यदि नामैवं, ततः किमित्याह— शुभयोगे प्रत्युपेक्षणादिरूपे साधुजनयोग्ये क्रियमाणेऽकषायभावतः कषायपारतंत्र्यवैकल्यादपैति नश्यति तत् कर्म्म क्षिप्रं झगिति तैलवर्त्तिक्षयात् प्रदीप इवेति ।।४७१।।

**ભાવાર્થ :-**

મન, વચન અને કાયાની પ્રવૃત્તિરૂપ યોગના નિમિત્તથી જીવ કર્મ બાંધે છે. જેટલો વ્યાપાર અધિક તેટલા કર્મનું અધિક ગ્રહણ અને જેટલી વ્યાપારની ક્ષીણતા તેટલાં કર્મોનું અલ્પ ગ્રહણ થાય છે. તેથી યોગનિમિત્તક કર્મબંધ થાય છે અને મન-વચન-કાયાના વ્યાપારકાળમાં જે પ્રકારના કષાયો વર્તે છે તે કષાયને અનુરૂપ કર્મના બંધની સ્થિતિની પ્રાપ્તિ થાય છે અને જ્યારે સુસાધુ ભગવાનની આજ્ઞાથી ભાવિત થતા હોય, ઐષણીય આહારાદિને ગ્રહણ કરતા હોય અને શક્તિ અનુસાર અભિગ્રહમાં ઉદ્યમ કરતા હોય ત્યારે તેઓના શુભ યોગો વર્તે છે અને તે શુભ યોગકાળમાં તેઓના અપ્રમાદ અનુસાર અકષાયભાવ વર્તે

છે અર્થાત્ વિદ્યમાન કષાયો ક્ષયોપશમભાવરૂપે ઉદયમાં વર્તતા હોવાથી કષાયની શક્તિને ક્ષીણ કરવાને અનુકૂળ ક્ષમાદિ ભાવોરૂપે વર્તે છે. જેમ ક્રોધના ઉદયવાળા મહાત્મા ભગવાનની આજ્ઞાથી ભાવિત થતા હોય ત્યારે તેમનો ક્રોધમોહનીયનો ઉદય ક્ષયોપશમભાવરૂપે થવાથી ક્ષમાસ્વરૂપે વિપાકમાં આવે છે. તેથી તેઓના અપ્રમાદભાવને અનુરૂપ તે ક્ષમાનો પરિણામ હોવાથી અકષાયનો ભાવ વર્તે છે અને તેના કારણે કષાયભાવથી થયેલ બંધસ્થિતિવાળું કર્મ ક્ષયને પામે છે, આથી જ જેમ જેમ ક્ષમાનો પરિણામ અતિશય-અતિશયતર તેમ તેમ ક્રોધનો ક્ષયોપશમભાવ ક્ષાયિકભાવને આસન્ન-આસન્નતર બને છે. તેથી જેઓ અત્યંત ઉપયોગપૂર્વક અપ્રમાદભાવથી ક્ષમાદિ ભાવોમાં યત્ન કરે છે તેઓના કષાયને વશ પૂર્વમાં જે બંધાયેલાં કર્મો હતાં તે કષાયના અપ્રવર્તનરૂપ શુભ યોગથી અલ્પ સ્થિતિવાળાં થાય છે તેથી તેઓના શુભ યોગના પ્રકર્ષ અનુસાર નિર્જરાની પ્રાપ્તિ થાય છે. **॥૪૭૧॥**

**અવતરણિકા :-**

**अत्रोपपत्तिमाह —**

**અવતરણિકાર્થ :-**

**આમાં=શુભયોગ દ્વારા અકષાયભાવ થવાથી કર્મનો ક્ષય થાય છે એમાં, ઉપપત્તિને કહે છે —**

**ગાથા :-**

**गरुओ य इहं भावो णेओ सहगारिगरुयभावेण ।**
**तित्थगराणा णियमा एत्थं सहगारिणी जेण ।।४७२।।**

**અન્વયાર્થ :-**

**इहं य=અને અહીં=શુભયોગમાં, सहगारिगरुयभावेण=સહકારીના ગુરુભાવને કારણે, भावो गरुओ णेओ=ભાવ ગુરુક જાણવો. जेण=જે કારણથી, एत्थं=અહીં=શુભયોગમાં, तित्थगराणा=તીર્થંકરની આજ્ઞા, णियमा सहगारिणी=નિયમથી સહકારી છે. ।।૪૭૨।।**

**ગાથાર્થ :-**

**અને અહીં=શુભયોગમાં, સહકારીના ગુરુભાવને કારણે ભાવ ગુરુક જાણવો. જે કારણથી અહીં=શુભયોગમાં, તીર્થંકરની આજ્ઞા નિયમથી સહકારી છે. ।।૪૭૨।।**

**ટીકા :-**

**गुरुकश्च गरीयानेव इह शुभयोगे प्रवृत्तेः तत्तत्क्रियोपयोगरूपो ज्ञेयः । केन हेतुनेत्याह—सहकारिगुरुकभावेन । एतदेव दर्शयति-तीर्थंकराज्ञा भगवदादेशरूपा नियमादवश्यं भावादत्र शुभयोगे सहकारिणी सहायभूता येन कारणेन वर्त्तत इति ।।४७२।।**

**ભાવાર્થ :-**

જેઓને સંસારથી અત્યંત ભય લાગેલો છે અને જેઓને સંસારના ઉચ્છેદનો એક ઉપાય તીર્થંકરનું વચન છે તેવી સ્થિરબુદ્ધિ અતિશયથી વર્તે છે તેવા જીવો હંમેશાં પોતાની ભૂમિકા અનુસાર તીર્થંકરની શું આજ્ઞા છે તેનું સમાલોચન કરે છે અને તીર્થંકરની આજ્ઞા છે કે 'सक्कं कुणई असक्कं पडिबंधं कुणई' અર્થાત્ 'મોહનાશને અનુકૂળ યત્ન થાય તેવી શક્ય પ્રવૃત્તિ કરવી જોઈએ અને જે પ્રવૃત્તિ કરવાથી મોહનાશને અનુકૂળ પ્રયત્ન ન થઈ શકે તેવી ઉપરની ભૂમિકાની અશક્ય પ્રવૃત્તિમાં પ્રતિબંધને=રાગભાવને, ધારણ કરવો જોઈએ જેથી શક્તિ સંચય થાય ત્યારે અવશ્ય તેમાં યત્ન થાય' આ પ્રકારની ભગવાનની આજ્ઞાનું નિત્ય સ્મરણ કરીને જેઓ પોતાની શક્તિ અનુસાર ભગવાનના શાસ્ત્રોનો બોધ કરવા યત્ન કરે છે, બોધ કરીને તેનાથી ભાવન કરવા યત્ન કરે છે અને શક્તિ અનુસાર નિરારંભ જીવન જીવવા યત્ન કરે છે અને વિશેષ શક્તિસંચય અર્થે શક્તિ અનુસાર અભિગ્રહ કરે છે અને સ્વીકારેલ અભિગ્રહોનું અત્યંત ઉપયોગપૂર્વક સમ્યગ્ પાલન કરે છે તેઓની સર્વ પ્રવૃત્તિઓમાં સહકારી એવી ભગવાનની આજ્ઞા વર્તે છે. તેથી સહકારી એવા આજ્ઞાના ગુરુભાવને કારણે તેઓના મન-વચન-કાયાના શુભ યોગોમાં તે તે ક્રિયાવિષયક ઉપયોગરૂપ જે ભાવ વર્તે છે તે ભાવ મોહનાશ કરવા માટે પ્રબળ સામર્થ્યવાળો છે. માટે સર્વજ્ઞના વચનથી નિયંત્રિત સર્વ ક્રિયાઓ અવશ્ય કષાયવિષનો પ્રતિકાર કરનાર બને છે. તેથી દીર્ઘ સંસાર ચલાવે તેવું કષાયવિષ પણ ભગવાનની આજ્ઞાની પરતંત્રતાને કારણે શીઘ્ર ક્ષય પામે છે. **॥૪૭૨॥**

**ગાથા :-**

**दोसो उ कम्मजो च्चिय ता तुच्छो सो इमं तु अहिगिच्च ।**
**लेसो वि अग्गिणो डहइ हंदि पयरंपि हु तणाणं ।।४७३।।**

**અન્વયાર્થ :-**

**दोसो उ कम्मजो च्चिय=વળી દોષ કર્મજન્ય જ છે. ता=તે કારણથી, इमं अहिगिच्च=આને આશ્રયીને=સર્વજ્ઞની આજ્ઞાની અપેક્ષાએ, सो तु तुच्छो=વળી તે તુચ્છ છે=દોષ તુચ્છ છે, लेसो वि अग्गिणो=લેશ પણ અગ્નિ, हंदि पयरंपि हु तणाणं डहइ=તૃણોના સમૂહને પણ બાળે છે. ।।૪૭૩।।**

**ગાથાર્થ :-**

**વળી દોષ કર્મજન્ય જ છે. તે કારણથી આને આશ્રયીને=સર્વજ્ઞની આજ્ઞાની અપેક્ષાએ, વળી તે તુચ્છ છે=દોષ તુચ્છ છે, લેશ પણ અગ્નિ તૃણોના સમૂહને પણ બાળે છે. ।।૪૭૩।।**

**ટીકા :-**

**दोषस्तु ऋषिघातादिः पुनः कर्मज एव जीवस्वरूपविलक्षणकषायादिकर्मोद्भव एव, ततस्तुच्छः फल्गुरूपः स दोषः, पुनस्तुशब्दस्य पुनःशब्दार्थस्येह योजनात्, इमां सर्वज्ञाज्ञामधिकृत्यापेक्ष्य । अत्र**

**प्रतिवस्तूपमालक्षणं दृष्टान्तमाह—लेशोप्यग्नेः, किं पुनर्बहुरसावित्यपिशब्दार्थः, दहति भस्मभावमानयति व्रातमपि हु तृणानां, किं पुनः स्तोकानि तानीत्यपिहुशब्दार्थः ।।४७३।।**

**ભાવાર્થ :-**

કોઈપણ જીવ ઋષિઘાતાદિ મહાપાપ કરે તે પાપ કર્મથી ઉત્પન્ન થાય છે અર્થાત્ જીવના પોતાના સ્વરૂપથી વિલક્ષણ એવા કષાયાદિ કર્મોના ઉદયથી જ થાય છે. તેથી કર્મના ઉદયથી થનારા ભાવો તુચ્છ છે. અહીં પ્રશ્ન થાય કે કોને આશ્રયીને કર્મોના ઉદયથી થનારા ભાવો તુચ્છ છે ? તેથી કહે છે – જેઓને સર્વજ્ઞના વચનરૂપ આજ્ઞા ક્ષયોપશમભાવરૂપે પરિણમન પામેલ છે તેની અપેક્ષાએ કર્મજન્ય ભાવો તુચ્છ છે. તેથી જેમ તૃણોના ઘણા સમૂહમાં પડેલો અગ્નિનો એક કણિયો ક્ષણમાં તે તૃણોના સમૂહને બાળે છે તેમ ભગવાનની આજ્ઞાના પરિણામરૂપ અગ્નિ કષાયના ઉદયથી થનારાં ઘણાં પાપોને પણ ક્ષણમાં બાળીને ભસ્મ કરે છે.

આનાથી એ ફલિત થાય કે બાહ્ય તપની ક્રિયા, બાહ્ય આલોચનની ક્રિયા કે બાહ્ય પ્રાયશ્ચિત્તની ક્રિયા કરવામાં આવે તેટલા માત્રથી કર્મના ઉદયથી થયેલાં પાપો નાશ પામતાં નથી પરંતુ જેઓના ચિત્તમાં ભગવાનનું વચન તે પ્રકારના ક્ષયોપશમભાવરૂપે સ્પર્શેલું છે જેના કારણે ભગવાનના વચનાનુસાર વીતરાગભાવને સ્પર્શનારો અધ્યવસાયવિશેષ થાય છે તે અધ્યવસાયવિશેષ કર્મથી થનારા દોષો કરતાં બળવાન છે. તેથી જેઓના હૈયામાં ભગવાનનું વચન જેમ જેમ પરિણમન પામતું જાય છે તેમ તેમ વર્તમાનમાં સેવાયેલા દોષો નાશ પામે છે એટલું જ નહીં પણ અનેક જન્મોના સેવાયેલા સર્વ દોષો બળીને ભસ્મ થાય છે. માટે કર્મની અનુબંધશક્તિના ઉચ્છેદના અર્થીએ સતત સંસાર અવસ્થામાં આત્માની અશરણ અવસ્થાનું ભાવન કરીને તે અશરણ અવસ્થામાં સર્વજ્ઞની આજ્ઞા એક શરણ છે તે રીતે ઉપસ્થિત કરીને અપ્રમાદભાવથી વીતરાગના વચનાનુસાર ભાવો કરવા માટે ઉદ્યમ કરવો જોઈએ. જેથી પરિણમન પામતી આજ્ઞા અનાદિથી સેવાયેલા દોષોને ક્ષીણ-ક્ષીણતર કરે છે.

સંક્ષેપથી એ ફલિત થાય કે કષાયના ઉદયથી દોષો થાય છે અને કષાયના ક્ષયોપશમભાવથી ભગવાનની આજ્ઞા પરિણમન પામે છે અને જેટલા જેટલા અંશથી આજ્ઞા પરિણમન પામે છે તેટલા તેટલા અંશથી પૂર્વમાં સેવાયેલા કષાયજન્ય દોષો નાશ થાય છે. આથી ઋષિઘાત કર્યા પછી કોઈકને ભગવાનની આજ્ઞા પ્રકર્ષથી પરિણમન પામે તો તે ઋષિઘાતજન્ય પાપનો તો નાશ કરે છે એટલું જ નહીં પણ પૂર્વના અનંત ભવોથી સંચિત પાપોનો નાશ કરીને કેવળજ્ઞાનને પણ પ્રાપ્ત કરાવે છે. **॥૪૭૩॥**

**અવતરણિકા :-**

**कथमित्याह —**

**અવતરણિકાર્થ :-**

**કેવી રીતે ભગવાનની આજ્ઞા કર્મજન્ય દોષોનો નાશ કરે છે એથી કહે છે –**

ગાથા :-

अणुकूलपवणजोगा ण तु तव्विरहम्मि सिद्धमेयं तु ।
भावो उ इहं अग्गी आणा पवणो जहा भणिओ ।।४७४।।

અન્વયાર્થ :-

अणुकूलपवणजोगा=અનુકૂળ પવનના યોગથી (અગ્નિ તૃણને બાળે છે.), ण तु तव्विरहम्मि=વળી તેના વિરહમાં નહીં=પવનના વિરહમાં અગ્નિ તૃણને બાળતો નથી. सिद्धमेयं तु=વળી આ સિદ્ધ છે=અનુકૂળ પવનના યોગથી અગ્નિ તૃણને બાળે છે એ સિદ્ધ છે. इहं उ=વળી અહીં=કર્મનાશમાં, भावो अग्गी=ભાવ અગ્નિ છે, आणा पवणो=આજ્ઞા પવન છે. जहा भणिओ=જે પ્રમાણે કહેવાયું છે=ભાવરૂપ અગ્નિની સાહાય્યકારી ભગવાનની આજ્ઞારૂપ પવન છે એ પ્રમાણે ગાથા-૪૭૨માં કહેવાયું છે. ।।૪૭૪।।

ગાથાર્થ :-

**અનુકૂળ પવનના યોગથી અગ્નિ તૃણને બાળે છે. વળી તેના વિરહમાં નહીં=પવનના વિરહમાં અગ્નિ તૃણને બાળતો નથી. વળી આ સિદ્ધ છે=અનુકૂળ પવનના યોગથી અગ્નિ તૃણને બાળે છે એ સિદ્ધ છે. વળી, અહીં=કર્મનાશમાં, ભાવ અગ્નિ છે, આજ્ઞા પવન છે. જે પ્રમાણે કહેવાયું છે=ભાવરૂપ અગ્નિની સાહાય્યકારી ભગવાનની આજ્ઞારૂપ પવન છે એ પ્રમાણે ગાથા-૪૭૨માં કહેવાયું છે. ।।૪૭૪।।**

ટીકા :-

अनुकूलपवनयोगाद् दाह्यतृणाभिमुखप्रवृत्तपवनसम्बन्धात्, न पुनस्तद्विरहे, सिद्धं प्रतीतमेतत् त्विदं पुनः । अथ दृष्टान्तयोजनामाह—भावः प्रायश्चित्तप्रतिपत्त्यादिपरिणामरूपः, तुः पादपूरणार्थः, इह दोषतृणदहनेऽग्निरनलः, आज्ञा पवनो यथा भणितो भावाग्निसाहाय्यकारी ।।४७४।।

ભાવાર્થ :-

ઘણા મોટા તૃણના ઢગલામાં અગ્નિનો કણ નાખવામાં આવે અને જો તેને અનુકૂળ પવન પ્રાપ્ત થાય નહીં તો તે અગ્નિલેશ ઓલવાઈ જાય છે અર્થાત્ યત્કિંચિત્ તૃણને બાળીને ઓલવાઈ જાય છે અને અનુકૂળ પવનનો યોગ થાય તો તે મોટા ઢગલાને પણ અગ્નિનો કણ બાળીને ભસ્મ કરે છે. તે રીતે જેઓને પાપ કર્યા પછી પાપનાશ કરવાનો ઉત્કટ પરિણામ થયો છે તેથી પાપથી વિરુદ્ધ ભાવો કાંઈક સ્ફુરાયમાન થઈ રહ્યા છે અને તેવા જીવો જિનવચનનું દૃઢ અવલંબન લઈને ઉચિત પ્રાયશ્ચિત્ત કરવા યત્ન કરે તો ગુણવાન ગુરુ પાસેથી પ્રાયશ્ચિત્ત લેતી વખતે કરાયેલા આલોચનાદિ પરિણામના સહકારથી તે પરિણામ પ્રવર્ધમાન બને છે. આથી જ ગુણવાન ગુરુ આલોચના આપતા પૂર્વે તેનો સંવેગ કેમ વૃદ્ધિ પામે અને કઈ રીતે ક્ષોભ

વગર યથાર્થ પ્રકાશન કરીને આલોચના કરનાર જીવ પોતાના પાપથી વિરુદ્ધ ભાવોને અત્યંત ઉલ્લસિત કરી શકે તે રીતે પ્રાયશ્ચિત્ત આપે છે. જેથી પ્રગટ થયેલો પાપથી વિરુદ્ધ એવો ભાવ ઉચિત આલોચનાદિની ક્રિયારૂપ આજ્ઞાથી પ્રવર્ધમાન પામે છે જેથી પૂર્વમાં સેવાયેલ તે પાપ અવશ્ય નાશ પામે છે અને જો તે પ્રવર્ધમાન પરિણામ અતિ ઉત્કર્ષવાળો થાય તો અનંત જન્મનાં પાપોને પણ નાશ કરવા સમર્થ બને છે. **॥૪૭૪॥**

**અવતરણિકા :-**

**नन्वाज्ञापवनयोर्बृहदन्तरत्वात् कथं दृष्टान्तदार्ष्टान्तिकभाव इत्याशंक्याह –**

**અવતરણિકાર્થ :-**

**આજ્ઞા અને પવનનું મોટુ અંતરપણું હોવાથી કેવી રીતે દૃષ્ટાંત-દાર્ષ્ટાન્તિકભાવ છે એથી કહે છે –**

**ભાવાર્થ :-**

આજ્ઞા એ આગમ સ્વરૂપ છે અને પવન તો વહન થનાર વસ્તુ સ્વરૂપ છે તેથી વહન થતો પવન અગ્નિને પણ આગળ આગળ વહન કરાવે છે. તેથી આજ્ઞા અને પવનમાં કોઈ સદૃશતા દેખાતી નથી, છતાં પવનના દૃષ્ટાંતથી આજ્ઞાને ગ્રંથકારશ્રીએ બતાવેલ છે. તેથી વિચારકને શંકા થાય કે બે વચ્ચે દૃષ્ટાંત-દાર્ષ્ટાન્તિકભાવ કઈ રીતે છે ? તેથી કહે છે –

**ગાથા :-**

**सा पुण महाणुभावा तहवि य पवणाइरूव मो भणिया ।**
**विवरी एसा समओदिया य तह बंधवुड्ढिकरा ।।४७५।।**

**અન્વયાર્થ :-**

**सा पुण=વળી તે=આજ્ઞા, महाणुभावा=મહાનુભાવવાળી છે=પવનની અપેક્ષાએ પ્રૌઢ સામર્થ્યવાળી છે. तहवि=તોપણ, पवणाइरूव मो भणिया=પવનરૂપ કહેવાઈ છે=લોકને પ્રતીતિ કરાવવા માટે શેષ ઉપમાના અભાવને કારણે પવનરૂપ કહેવાઈ છે. समओदिया तह य=સમયઉદિત પણ=સામાન્યથી સિદ્ધાંતમાં કહેવાયેલી પણ, विवरी एसा य=અને વિપરીત એવી આ=આજ્ઞા, बंधवुड्ढिकरा=બંધની વૃદ્ધિને કરનારી છે. ।।૪૭૫।।**

**ગાથાર્થ :-**

**વળી તે=આજ્ઞા, મહાનુભાવવાળી છે=પવનની અપેક્ષાએ પ્રૌઢ સામર્થ્યવાળી છે. તોપણ પવનરૂપ કહેવાઈ છે=લોકને પ્રતીતિ કરાવવા માટે શેષ ઉપમાના અભાવને કારણે પવનરૂપ કહેવાઈ છે. સમયઉદિત પણ=સામાન્યથી સિદ્ધાંતમાં કહેવાયેલી પણ, અને વિપરીત એવી આ=આજ્ઞા, બંધની વૃદ્ધિને કરનારી છે. ।।૪૭૫।।**

**ટીકા :-**

**सा पुनराज्ञा महानुभावा पवनमपेक्ष्य प्रौढसामर्थ्याऽशेषदाहका, दाह्यकर्मकचवरभस्मभावसम्पादनात्, तथापि च लोकप्रतीतशेषोपमानाभावादिह तावत् पवनरूपा । अन्यत्र तु 'आणा हि मोहविसपरममंतो, जलं रागाइजलणस्स, कम्मवाहिविगिच्छासत्थं, कप्पपायवो सिवफलस्स' इत्यादिसूत्रेषु परममंत्रादिरूपा भणिता । 'मो' पूर्ववत् । तथा विपरीता द्रव्यक्षेत्राद्यनौचित्यसेवनेन विपर्यस्ता एषा आज्ञा, किं विशिष्टापि सतीत्याह—समयोदितापि सामान्यतः सिद्धान्तनिरूपितापि, तथेति समुच्चये, बन्धवृद्धिकरी कर्म्मोपचयकारिणी ।।४७५।।**

**ભાવાર્થ :-**

અગ્નિને પવનની પ્રાપ્તિ થાય તો તૃણનો જેટલો સમૂહ હોય તેટલા સમૂહને બાળીને તે અગ્નિ બુઝાઈ જાય છે પરંતુ તે જંગલવર્તી અન્ય સર્વ દાહ્ય વસ્તુને બાળીને તે અગ્નિ ભસ્મ કરવા સમર્થ નથી. જ્યારે ભગવાનની આજ્ઞા તો પવનની અપેક્ષાએ મહાન સામર્થ્યવાળી છે. તેથી જે પાપ થયું હોય તે પાપના સમૂહને બાળવા માટે કરાયેલા શુભભાવરૂપ અગ્નિને ભગવાનની આજ્ઞાનો સહકાર મળે તો થયેલા પાપનો તો નાશ કરી શકે છે પરંતુ અનાદિથી સંચિત સર્વ કર્મોનો નાશ કરવા માટે પણ તે આજ્ઞા સમર્થ બને છે; કેમ કે જેઓને પાપ પ્રત્યે જુગુપ્સા થઈ છે તેઓને જો વીતરાગના વચનમાં સ્થિર વિશ્વાસ હોય તો તેઓને વીતરાગ પ્રત્યેનો પ્રવર્ધમાન રાગ થાય છે અને વીતરાગ પ્રત્યેનો પ્રવર્ધમાન રાગ વીતરાગની આજ્ઞાના પાલનકાળમાં વર્તતો હોય તો થયેલા પાપનો તો નાશ કરવા સમર્થ છે પરંતુ સર્વ કષાયોનો ઉચ્છેદ કરીને જીવને વીતરાગતુલ્ય કરવા પણ સમર્થ છે. તેથી પવનની ઉપમા પણ તેને આપી શકાય નહીં છતાં લોકને પ્રતીતિ કરાવવા માટે અન્ય કોઈ ઉપમા નહીં હોવાથી ગ્રંથકારશ્રીએ પવનની ઉપમાથી ભગવાનની આજ્ઞાનું સામર્થ્ય બતાવવા યત્ન કરેલ છે. પરમાર્થથી તો આજ્ઞા મોહરૂપ વિષ માટે પરમમંત્ર જેવી છે. તેથી જેઓ ભગવાનની આજ્ઞા અનુસાર થયેલા પાપની શુદ્ધિ માટે યત્ન કરે છે ત્યારે તે આજ્ઞાના બળથી તેઓમાં વર્તતું મોહનું વિષ નાશ પામે છે. તેથી દૃઢ પ્રયત્નપૂર્વક સેવાયેલી આજ્ઞા વીતરાગતામાં જ વિશ્રાંત થનાર છે.

વળી, જેઓ ભગવાને કહેલી તેવી આજ્ઞાની આચરણા સ્વમતિ અનુસાર કરે છે તેઓની તે આજ્ઞાની ક્રિયા બંધની વૃદ્ધિને કરનાર છે. આથી જ પ્રાયશ્ચિત્ત આપવાના અધિકારી સાધુ ભગવાનના વચનના પરમાર્થને જાણીને ઉચિત પ્રાયશ્ચિત્ત આપે તો આજ્ઞાના પાલનરૂપ તે પ્રાયશ્ચિત્તદાનની ક્રિયા તે સાધુ માટે નિર્જરાનું કારણ બને છે પરંતુ જેઓને પ્રાયશ્ચિત્તદાનની ઉચિત મર્યાદાનો બોધ નથી અને 'અમે સાધુ છીએ માટે કોઈ પ્રાયશ્ચિત્ત માગે તો અમારે પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ.' એ પ્રકારના મૂઢ ભાવથી પ્રાયશ્ચિત્ત આપવાની ક્રિયારૂપ ભગવાનની આજ્ઞાનું પાલન કરે છે તેઓની તે વિપરીત સેવાયેલી આજ્ઞા બંધની વૃદ્ધિનું કારણ બને છે અર્થાત્ પ્રાયશ્ચિત્ત આપીને તેઓ પોતાના સંસારની વૃદ્ધિ કરે છે. તે રીતે પ્રાયશ્ચિત્તગ્રહણમાં પણ જેઓ વિધિપૂર્વક પ્રવર્તે છે તેઓની પ્રાયશ્ચિત્તગ્રહણની ક્રિયા પાપશુદ્ધિનું કારણ બને છે. વળી, મૂઢ ભાવથી વિચાર્યા વગર જ્યાં ત્યાં અથવા જેની તેની પાસેથી અથવા જે તે રીતે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરીને

'શુદ્ધિ કરી છે' એ પ્રકારનું અભિમાન માત્ર ધારણ કરે છે તેઓની પ્રાયશ્ચિત્તગ્રહણની ક્રિયા બંધવૃદ્ધિનું કારણ છે; કેમ કે મૂઢ ભાવથી ગ્રહણ કરાયેલું પ્રાયશ્ચિત્ત મૂઢ ભાવની વૃદ્ધિ કરે છે અને વીતરાગની આજ્ઞાના બદ્ધરાગથી કરાયેલું પ્રાયશ્ચિત્ત વીતરાગને અભિમુખ એવા ભાવની વૃદ્ધિ કરે છે. **॥૪૭૫॥**

**અવતરણિકા :-**

**उपसंहर्त्तुमाह –**

**અવતરણિકાર્થ :-**

**ઉપસંહાર કરતાં કહે છે –**

**ભાવાર્થ :-**

પાપના નાશ અર્થે થતો ભાવ આજ્ઞાયોગના સહકારથી કર્મના દોષને ક્ષય કરવા સમર્થ છે એમ પૂર્વમાં દૃષ્ટાંતથી બતાવ્યું તેનો ઉપસંહાર કરતાં કહે છે –

**ગાથા :-**

**आलोचियव्वमेयं सम्मं सुद्धाए जोगिबुद्धीए ।**
**इयरीए उ ण गम्मइ रूवं व सदंधसण्णाए ।।४७६।।**

**અન્વયાર્થ :-**

**सुद्धाए जोगिबुद्धीए=શુદ્ધ એવી યોગીબુદ્ધિથી, इयं=આ=આજ્ઞા ભાવઅગ્નિની વૃદ્ધિ પ્રત્યે પવન તુલ્ય છે એ, सम्मं आलोचियव्वं=સમ્યગ્ આલોચન કરવું જોઈએ. इयरीए उ=વળી ઈતરથી=અયોગીબુદ્ધિથી, ण गम्मइ=જણાતું નથી=આજ્ઞા ભાવઅગ્નિ માટે પવન તુલ્ય છે એ જણાતું નથી. रूवं व सदंधसण्णाए=જેમ જાત્યંધસંજ્ઞાથી રૂપ જણાતું નથી. ॥૪૭૬॥**

**ગાથાર્થ :-**

**શુદ્ધ એવી યોગીબુદ્ધિથી આ=આજ્ઞા ભાવઅગ્નિની વૃદ્ધિ પ્રત્યે પવન તુલ્ય છે એ, સમ્યગ્ આલોચન કરવું જોઈએ. વળી ઈતરથી=અયોગીબુદ્ધિથી, જણાતું નથી=આજ્ઞા ભાવઅગ્નિ માટે પવન તુલ્ય છે એ જણાતું નથી. જેમ જાત્યંધસંજ્ઞાથી રૂપ જણાતું નથી. ॥૪૭૬॥**

**ટીકા :-**

**आलोचनीयं मीमांसनीयमेतद् यथेहेयमाज्ञा सम्यक् प्रयुक्ता भावाग्नेः पवनतुल्या, विपरीता तु बन्धवृद्धिकरी, सम्यक् शुद्धया योगिबुद्ध्या सज्ज्ञानगुणपात्रजनयोग्यप्रज्ञया, इतरया त्वयोगिबुद्ध्या न गम्यते न बुद्ध्यते । दृष्टान्तमाह—रूपवद् नीलपीतादिलक्षणं रूपमिव सदान्धसंज्ञया जात्यन्धविहित-हस्तस्पर्शादिलक्षणबुद्ध्या ।।४७६।।**

**ભાવાર્થ :-**

આત્મકલ્યાણના અર્થી જીવે શુદ્ધ એવી યોગીબુદ્ધિથી આલોચન કરવું જોઈએ કે વીતરાગ થવાને અનુકૂળ જે ભાવ થયો છે તે રૂપ અગ્નિની વૃદ્ધિનું પ્રબળ કારણ ભગવાનની આજ્ઞારૂપ પવન છે. તેથી એ ફલિત થાય કે યોગી હંમેશાં યોગમાર્ગના રહસ્યને જાણે છે અને યોગમાર્ગને સેવે છે. તેથી વીતરાગતાની પ્રાપ્તિના મર્મસ્પર્શી ભાવોને યોગીઓ અવશ્ય સ્પર્શ કરે છે અને તેઓની શુદ્ધ બુદ્ધિ હંમેશાં યોગના સૂક્ષ્મ પરમાર્થને જાણવા સમર્થ બને છે અને જે મહાત્મા યોગીબુદ્ધિના પરમાર્થને જાણીને તેવી બુદ્ધિ મારે પ્રવર્તાવવી છે તેવો દૃઢ સંકલ્પ કરીને ભગવાનની આજ્ઞા કઈ રીતે ભાવઅગ્નિની વૃદ્ધિમાં પવનતુલ્ય છે તેના પરમાર્થને જાણવા યત્ન કરે તો તેને સ્પષ્ટ-સ્પષ્ટતર જણાય કે પોતાને જે ઉત્તમ ભાવ થયો છે જેના બળથી પોતે કર્મનાશને અભિમુખ પરિણામવાળા થયા છે તે પરિણામનો જિનવચનના પરમાર્થને જાણીને સ્વશક્તિ અનુસાર જિનવચનનું અવલંબન લઈને ઉચિત અનુષ્ઠાન કરવામાં આવશે તો કર્મનાશને અનુકૂળ જે ઉત્તમ ભાવ પ્રગટ થયો તે અવશ્ય પ્રતિક્ષણ પ્રવર્ધમાન થશે. તેથી વિવેકી પુરુષે પ્રથમ યોગીની શુદ્ધ બુદ્ધિનું પારમાર્થિક સ્વરૂપ જાણવું જોઈએ અને એવી બુદ્ધિ પોતાનામાં કઈ રીતે ઉલ્લસિત થાય તેવો યત્ન કરવો જોઈએ. ત્યારપછી સંસારથી પોતે ભય પામેલ હોવાના કારણે સંસારના કારણીભૂત કર્મનાશનો પોતાને જે ભાવ થયો છે તે ભાવની વૃદ્ધિ કઈ રીતે આજ્ઞાનુસાર પ્રયત્ન કરવાથી વૃદ્ધિ પામશે તેનું વારંવાર સમ્યગ્ સૂક્ષ્મ આલોચન કરવું જોઈએ જેથી સુખપૂર્વક કર્મની અનુબંધશક્તિનો નાશ થાય અને જેઓ શુદ્ધ એવી યોગીની બુદ્ધિથી તેનું આલોચન કરતા નથી અને માને છે કે ભગવાનની આજ્ઞા જ ધર્મ છે તેઓ ભગવાનની આજ્ઞાનુસાર ધર્માનુષ્ઠાન કરવાની ઇચ્છાવાળા હોવા છતાં પોતે જે અનુષ્ઠાન કરે છે તે અનુષ્ઠાન દ્વારા કર્મનાશને અનુકૂળ પોતાનો ભાવ પ્રવર્ધમાન કરી શકતા નથી; કેમ કે અયોગીબુદ્ધિથી તે ભાવનું આલોચન કરવા માત્રથી તેનું રહસ્ય પ્રાપ્ત થતું નથી. જેમ સદા આંધળો પુરુષ હસ્તસ્પર્શાદિ દ્વારા ઘટાદિ વસ્તુને જાણવા યત્ન કરે તોપણ ઘટાદિ વસ્તુના રૂપને જાણવા સમર્થ થતો નથી તેમ જેઓ યોગીની શુદ્ધ બુદ્ધિ વગર ભગવાનની આજ્ઞા શું છે તેને જાણવા યત્ન કરે ત્યારે તેઓને સ્થૂળથી બાહ્ય અનુષ્ઠાનવિષયક ભગવાનની આજ્ઞાનું જ્ઞાન આંધળાના હસ્તસ્પર્શથી થનારા ઘટના જ્ઞાન તુલ્ય થાય છે તોપણ તે આંધળાને જેમ ઘટના રૂપનું જ્ઞાન થતું નથી તેમ આ મહાત્માને કર્મનાશને અનુકૂળ ભાવઅગ્નિની વૃદ્ધિનું કારણ બને તેવી ભગવાનની આજ્ઞાનું જ્ઞાન થતું નથી. આથી પોતે ભગવાનની આજ્ઞાનું પાલન કરે છે તેવું અભિમાન તેઓને થાય છે પરંતુ ભગવાનની આજ્ઞાના પાલનના બળથી કર્મની અનુબંધશક્તિને ક્ષીણ કરવાને અનુકૂળ ભાવઅગ્નિની વૃદ્ધિ તેઓ કરી શકતા નથી. માટે નિપુણ બુદ્ધિપૂર્વક યોગીની શુદ્ધ બુદ્ધિથી કર્મનાશના ઉપાયનું ઉચિત આલોચન કરવું જોઈએ. **॥૪૭૬॥**

**અવતરણિકા :-**

**अथ भावतोऽन्धानन्धविभागं दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**હવે ભાવથી અંધ અને ભાવથી અનંધના વિભાગને બતાવે છે –**

**ગાથા :-**

**जच्चंधो इह णेओ अभिण्णगंठी तहंधलयतुल्लो ।**
**मिच्छद्दिट्ठी सज्जक्खओ य सइ सम्मदिट्ठी ओ ।।૪૭૭।।**

**અન્વયાર્થ :-**

**इह=અહીં=સદ્ભૂતભાવના સ્વરૂપની પ્રાપ્તિમાં, जच्चंधो=જાત્યંધ, अभिण्णगंठी णेओ=અભિન્નગ્રંથિ જાણવો, तहंधलयतुल्लो=તથાઅંધક તુલ્ય=પાછળથી થયેલા આંધળા તુલ્ય, मिच्छद्दिट्ठी (णेओ)=મિથ્યાદૃષ્ટિ જાણવો, सज्जक्खओ य सइ सम्मदिट्ठी ओ=અને સજ્જાક્ષવાળો સદા સમ્યગ્દૃષ્ટિ જાણવો. ।।૪૭૭।।**

**ગાથાર્થ :-**

**અહીં=સદ્ભૂતભાવના સ્વરૂપની પ્રાપ્તિમાં, જાત્યંધ અભિન્નગ્રંથિ જાણવો, તથાઅંધક તુલ્ય= પાછળથી થયેલા આંધળા તુલ્ય, મિથ્યાદૃષ્ટિ જાણવો અને સજ્જાક્ષવાળો સદા સમ્યગ્દૃષ્ટિ જાણવો. ।।૪૭૭।।**

**ટીકા :-**

**जात्यन्धो जन्मकालप्रभृत्येव नयनव्यापारविकल इह सद्भूतभावरूपोपलब्धौ ज्ञेयोऽभिन्नग्रन्थिः कदाचनाप्यव्यावृत्तमिथ्यात्वतिमिरपटलो जीवः ।।१।। तथान्धकतुल्यः पश्चान्नष्टदृष्टिजनसमानो मिथ्यादृष्टिः, अवश्यवेद्यमिथ्यात्वमोहोदयाद् ग्रन्थिभेदेऽपि सम्यक्त्वभ्रंशानन्तरं मिथ्यात्वगतो जीवः ।।२।। सज्जाक्षश्च प्रगुणलोचन एव सदा सर्व्वकालं सम्यग्दृष्टिस्त्वविचलितसम्यग्बोधः पुनर्जन्तुः ।।३।। यथैको जात्यन्धो, द्वितीयोऽन्धः, तृतीयः सज्जाक्ष इति त्रयो लोके रूपोपलंभयोग्या नरा वर्त्तन्ते । तथा धर्मतत्त्वरूपोपलंभविषयेऽप्यभिन्नग्रन्थिर्भिन्नग्रन्थिश्च मिथ्यादृष्टिः सम्यग्दृष्टिश्च तृतीयो योग्यरूपतया वाच्य इति ।।४७७।।**

**ભાવાર્થ :-**

જેઓએ ક્યારેય પણ તત્ત્વને જોવામાં બાધક એવા રાગદ્વેષની ગ્રંથિનો ભેદ કર્યો નથી તેઓ અનાદિકાળથી તત્ત્વને જોવામાં જાતિથી અંધતુલ્ય છે. તેથી ક્વચિદ્ ધર્મ કરવાની મનોવૃત્તિ થાય તોપણ સર્વજ્ઞના વચનના પરમાર્થને સૂક્ષ્મ બુદ્ધિથી જાણવા માટે તેઓ જાત્યંધતુલ્ય હોવાથી અસમર્થ છે. આથી જેઓએ ગ્રંથિભેદ કર્યો નથી તેઓને ભોગવિલાસ જ સાર જણાય છે. ક્વચિદ્ ધર્મ કરવાનો પરિણામ થાય તોપણ ભોગવિલાસના અંગરૂપે કે માન-સન્માનના અંગરૂપે જ ધર્મ કરે છે. વળી, કેટલાક અભિન્નગ્રંથિ કાંઈક તત્ત્વને સન્મુખ થયા છે. તેથી મોક્ષનું કારણ બને તેવું અનુષ્ઠાન સેવે છે છતાં ગ્રંથિનો ભેદ ક્યારેય કર્યો નથી તેથી અભિન્નગ્રંથિ છે અને તેઓ પણ ભગવાનની આજ્ઞાના સૂક્ષ્મ રહસ્ય જોવા માટે જાત્યંધતુલ્ય છે છતાં તેઓનો અંધભાવ કાંઈક નાશને અભિમુખ છે. એથી વિશેષ સામગ્રીને પામીને ગ્રંથિભેદ કરે ત્યારે તેઓ ભગવાનની આજ્ઞાના

સૂક્ષ્મ રહસ્યને જાણવા સમર્થ બની શકે છે તોપણ તેના પૂર્વે ધર્મબુદ્ધિથી ધર્મ કરતા હોય અને ભગવાનની આજ્ઞા અનુસાર ધર્મ કરવાના આશયવાળા હોય તોપણ ભગવાનના વચનના સૂક્ષ્મ પરમાર્થને જાણવા માટે તેઓ સમર્થ થતા નથી.

વળી, કેટલાક જીવો સમ્યક્ત્વ પામ્યા પછી નષ્ટ દૃષ્ટિવાળા થયેલા હોય છે તેઓ મિથ્યાદૃષ્ટિ છે. તેઓ પણ વર્તમાનમાં મિથ્યાત્વને કારણે ભગવાનની આજ્ઞાના પરમાર્થને જાણવા સમર્થ નથી; કેમ કે બુદ્ધિમાં તે પ્રકારનો વિપર્યાસ વર્તતો હોવાથી સ્થૂળથી ભગવાનની આજ્ઞાને જોઈને આ પ્રકારની ભગવાનની આજ્ઞા છે તેમ વિચારે છે પરંતુ ભગવાનની આજ્ઞા કઈ રીતે આત્માને નિસ્તરંગસમુદ્રતુલ્ય વીતરાગભાવમાં વિશ્રાંત કરવા સમર્થ છે તેના પરમાર્થને જોવાને અભિમુખભાવ તેઓને વર્તતો નથી માટે અભિન્નગ્રંથિ અને પાછળથી પાત પામીને થયેલા મિથ્યાદૃષ્ટિ બંને ભાવથી અંધ છે; કેમ કે આત્માના નિસ્તરંગસમુદ્રતુલ્ય સ્થિરભાવની પ્રાપ્તિને જોવાને અભિમુખ જ તેઓ થતા નથી. આથી જ મોહના કલ્લોલવાળા આત્માને લક્ષ કરીને ધર્મનું અનુષ્ઠાન પણ મોહના કલ્લોલની વૃદ્ધિનું કારણ બને તે રીતે સેવે છે.

વળી, સજ્જચક્ષુવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો હંમેશાં શીતળ ચંદ્ર જેવા આત્માના પારમાર્થિક સ્વરૂપને જોનારા છે અને તેવા સ્વરૂપને પામેલા વીતરાગ છે તેમ જાણે છે તેથી તેવા સ્વરૂપની પ્રાપ્તિના અર્થી સમ્યગ્દૃષ્ટિ જીવો છે. માટે શીતળ ચંદ્ર જેવી આત્માની કષાયરહિત અવસ્થા સદા તેઓને સ્મૃતિમાં હોય છે અને તેને પ્રાપ્ત કરવાના અભિલાષરૂપ ભાવાગ્નિ તેઓના હૈયામાં પ્રજ્વલિત થયો છે અને તે ભાવની વૃદ્ધિ કરવા માટે ભગવાનનું વચન કઈ રીતે કારણ છે તેના પરમાર્થને જાણીને સમ્યગ્દૃષ્ટિ જીવો ભગવાનનાં વચનોને સૂક્ષ્મ અવધારણ કરે છે અને તેનાથી આત્માને ભાવિત કરે છે જેથી ભગવાનના વચનરૂપ પવનના બળથી તેઓમાં પ્રગટ થયેલો ભાવાગ્નિ સતત પ્રવર્ધમાન થાય છે. માટે કર્મનાશના અર્થીએ સદા સૂક્ષ્મ પ્રજ્ઞાપૂર્વક કર્મરહિત, દેહરહિત, મોહથી અનાકુળ એવા સિદ્ધભગવંતોના પારમાર્થિક સ્વરૂપનું અવલોકન કરવું જોઈએ અને તેની સાથે એકકારણભાવથી જોડાયેલી હોય એવી ભગવાનની આજ્ઞાનું સ્વરૂપ સદા જાણવા યત્ન કરવો જોઈએ. જેથી સમ્યક્ત્વ પ્રગટેલું હોય તો વિશુદ્ધ-વિશુદ્ધતર બને અને પ્રગટેલું ન હોય તો તે પ્રકારના પર્યાલોચનથી સમ્યક્ત્વ પ્રગટે છે. **॥૪૭૭॥**

**અવતરણિકા :-**

**यश्चैतेषु सज्जाक्षतुल्यः सम्यग्दृष्टिः, स यत् करोति तदाह –**

**અવતરણિકાર્થ :-**

**અને આમાં=ગાથા-૪૭૭માં કહેલા ત્રણ પ્રકારના જીવોમાં, જે સજ્જઅક્ષતુલ્ય સમ્યગ્દૃષ્ટિ છે તે જે કૃત્ય કરે છે તેને કહે છે –**

**ગાથા :-**

**एसो मुणेइ आणं विसयं च जहट्ठियं णिओगेणं ।**
**एईए करणम्मि उ पडिबंधगभावओ भयणा ।।४७८।।**

**અન્વયાર્થ :-**

**एसो=આ=સમ્યગ્દૃષ્ટિ જીવ, आणं=આજ્ઞાને, जहट्ठियं विसयं य=અને યથાસ્થિત વિષયને=આજ્ઞાના વિષયને, णिओगेणं=નિયોગથી, मुणेइ=જાણે છે. एईए करणम्मि उ=વળી આના કરણમાં=ભગવાનની આજ્ઞાના કરણમાં, पडिबंधगभावओ=પ્રતિબંધનો સદ્‌ભાવ હોવાથી, भयणा=ભજના છે=આજ્ઞાના પાલનના વિષયમાં ભજના છે. ।।૪૭૮।।**

**ગાથાર્થ :-**

**આ=સમ્યગ્દૃષ્ટિ જીવ, આજ્ઞાને અને યથાસ્થિત વિષયને=આજ્ઞાના વિષયને, નિયોગથી જાણે છે. વળી આના કરણમાં=ભગવાનની આજ્ઞાના કરણમાં, પ્રતિબંધનો સદ્‌ભાવ હોવાથી ભજના છે=આજ્ઞાના પાલનના વિષયમાં ભજના છે. ।।૪૭૮।।**

**ટીકા :-**

**एष सम्यग्दृष्टिर्मुणति जानीते आज्ञां विषयं चोत्सर्गापवादरूपं यथावस्थितं द्रव्यक्षेत्रकालभावादि-शुद्धं नियोगेन नियमेन, एतस्या आज्ञायाः करणे पुनः प्रतिबन्धकभावाद् दृढचारित्रमोहोदयात् तीव्रवीर्यान्तरायभावाच्च परिनिश्चिताज्ञास्वरूपस्यापि जन्तोर्भजना कदाचिद् आज्ञाकरणं न स्याद-पीत्यर्थः । तथा हि कृष्णश्रेणिकादीनां करतलकलितमुक्ताफलन्यायेन निश्चिताज्ञास्वरूपाणामत एव भवनिष्क्रमणाभिमुखमानसजन जनिताद्भुतसाहाय्यानाम्, तथा, 'जैनं मुनिव्रतमशेषभवात्तकर्मसन्तान-तानवकरं स्वयमभ्युपेतः । कुर्यात् तदुत्तरतरं च तपः कदाहं भोगेषु निःस्पृहतया परिमुक्तसङ्गः! ।।१।।' इत्येवं प्रवर्द्धमानाधिकमनोरथानामपि पूर्वभवनिकाचितक्लिष्टकर्मविपाकाद् न चारित्रलाभोऽभूत् । अत एव पठ्यते—'कम्माइं पुण घणचिक्कणाइं कठिणाइं वज्जसाराइं । नाणड्ढयंपि पुरिसं पंथाओ उप्पहं णिंति' ।।१।। इति ।।४७८।।**

**ભાવાર્થ :-**

સંસારની અવસ્થા જીવની વિડંબના સ્વરૂપ છે તેવો બોધ સમ્યગ્દૃષ્ટિ જીવને અત્યંત સ્પષ્ટ હોય છે અને સંસારની સર્વ વિડંબનાનું કારણ પોતાનામાં વર્તતો અવીતરાગભાવ છે તેવો સ્પષ્ટ બોધ છે અને અવીતરાગભાવના ઉચ્છેદનો ઉપાય ભગવાનની આજ્ઞા છે તે પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ જીવ જાણે છે અને ભગવાનની આજ્ઞાનો યથાસ્થિત વિષયવિભાગ જાણે છે અર્થાત્ કયા સંજોગોમાં કઈ પ્રવૃત્તિ કરવી ઉચિત છે જેથી તે પ્રવૃત્તિ દ્વારા પોતાનો આત્મા વીતરાગભાવને આસન્ન-આસન્નતર થાય તેનો નિયમથી તેને બોધ છે, તેથી જો સર્વવિરતિની શક્તિ હોય અર્થાત્ વ્રત ગ્રહણ કરીને તે આચારોના બળથી પોતે ત્રણ ગુપ્તિના પરિણામ પ્રાપ્ત કરી શકે તેવો નિર્ણય હોય, તો સમ્યગ્દૃષ્ટિ જીવ અવશ્ય ચારિત્ર ગ્રહણ કરે છે અને ચારિત્રાચારના પાલન દ્વારા પોતે ચારિત્રના પરિણામને સ્પર્શી શકે તેમ નથી તેવો નિર્ણય હોય તો ચારિત્રગ્રહણમાં ભજના છે અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવ ચારિત્ર ગ્રહણ કરતો નથી.

તેથી એ ફલિત થાય કે સમ્યક્ત્વ પામ્યા પછી જીવમાં તત્ત્વને જાણવાની ઉત્કટ જિજ્ઞાસા હોય છે તેથી પ્રાયઃ સમ્યગ્દૃષ્ટિ જીવ ભગવાનની આજ્ઞાનો વિષય શું છે તેનો નિર્ણય અલ્પકાળમાં અવશ્ય કરે છે આથી જ કૃષ્ણ, શ્રેણિકાદિ શાસ્ત્ર ભણીને બહુશ્રુત થયેલા તેથી આજ્ઞાના સ્વરૂપનો યથાર્થ બોધ તેઓને હતો અને પોતાને માટે કયા પ્રકારની આજ્ઞા સેવવાયોગ્ય છે અને કેવા પ્રકારની બાહ્ય આજ્ઞા સેવવાથી ગુણની પ્રાપ્તિ થાય તેમ નથી તેનો નિર્ણય તેઓને હતો તેથી સર્વવિરતિની ઉત્કટ ઇચ્છા હોવા છતાં સંયમ ગ્રહણ કરવા માટે યત્ન કર્યો નહીં પરંતુ પોતાની ભૂમિકા અનુસાર અવિરતિ અવસ્થામાં પાલન થઈ શકે તેવી ભગવદ્ભક્તિ આદિ ક્રિયાઓનું સેવન કરીને ગુણની વૃદ્ધિ કરતા હતા. **॥૪૭૮॥**

**અવતરણિકા :-**

**उपसंहरन्नाह —**

**અવતરણિકાર્થ :-**

**ઉપસંહાર કરતાં કહે છે=ગાથા-૪૭૨થી ભગવાનની આજ્ઞાનું માહાત્મ્ય બતાવવાનો પ્રારંભ કર્યો, તેનો ઉપસંહાર કરતાં કહે છે —**

**ગાથા :-**

**कयमेत्थ पसंगेणं समासओ जेण एस आरंभो ।**
**दिसिमत्तदंसणफलो पगयं चिय संपयं वोच्छं ।।४७९।।**

**અન્વયાર્થ :-**

**एत्थ=અહીં=આજ્ઞાના માહાત્મ્યના ખ્યાપનમાં, पसंगेणं कयं=પ્રસંગથી સર્યું=પ્રસંગથી બતાવેલ કે આજ્ઞા સેવ્યા પછી પ્રમાદથી પાત થાય તો ફરી પણ કેટલાક કાળ પછી તે આજ્ઞા પ્રાપ્ત થાય છે અને તેવી આજ્ઞા પાળનારા જીવો કેવા હોય છે ઈત્યાદિ કથનરૂપ પ્રસંગના વિસ્તારથી સર્યું. जेण=જે કારણથી, समासओ=સમાસથી, एस आरंभो=આ આરંભ છે=ઉપદેશપદ ગ્રંથનો આરંભ છે. दिसिमत्त-दंसणफलो=દિશામાત્રના દર્શનના ફળવાળો છે (તેથી), पगयं चिय=પ્રકૃતને જ=અભિગ્રહના માહાત્મ્યના ખ્યાપનરૂપ પ્રકૃત જ વસ્તુને, संपयं वोच्छं=અત્યારે અમે કહીશું. ॥૪૭૯॥**

**ગાથાર્થ :-**

**અહીં=આજ્ઞાના માહાત્મ્યના ખ્યાપનમાં, પ્રસંગથી સર્યું=પ્રસંગથી બતાવેલ કે આજ્ઞા સેવ્યા પછી પ્રમાદથી પાત થાય તો ફરી પણ કેટલાક કાળ પછી તે આજ્ઞા પ્રાપ્ત થાય છે અને તેવી આજ્ઞા પાળનારા જીવો કેવા હોય છે ઈત્યાદિ કથનરૂપ પ્રસંગના વિસ્તારથી સર્યું. જે કારણથી સમાસથી આ આરંભ છે=ઉપદેશપદ ગ્રંથનો આરંભ છે. દિશામાત્રના દર્શનના ફળવાળો છે તેથી પ્રકૃતને જ=અભિગ્રહના માહાત્મ્યના ખ્યાપનરૂપ પ્રકૃત જ વસ્તુને, અત્યારે અમે કહીશું. ॥૪૭૯॥**

**ટીકા :-**

**कृतं पर्याप्तमत्राज्ञामाहात्म्यख्यापने प्रसङ्गेन विस्तरेण । समासतः संक्षेपेण येन कारणेनैष उपदेशपदग्रन्थरूप आरंभः प्रयत्नः । कीदृश इत्याह—दिङ्मात्रदर्शनफलः कस्यचिद् उपदेशस्य परिपूर्णतया भणितुमनुपक्रान्तत्वात् । ततः प्रकृतमेवाभिग्रहमाहात्म्यख्यापनरूपं वस्तु साम्प्रतं वक्ष्ये ।।४७९।।**

**ભાવાર્થ :-**

ભગવાનની આજ્ઞાના માહાત્મ્યનો વિસ્તાર ઘણો છે અને તેનો વિસ્તાર કરવાથી યોગ્ય જીવોને ઘણો લાભ થાય તેમ છે તોપણ ગ્રંથકારશ્રીએ તેને પરિમિત શબ્દોમાં કહેલ છે તેથી કહે છે – 'હવે પ્રસંગથી સર્યું' ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે કેમ આજ્ઞાનું માહાત્મ્ય ઘણું હોવા છતાં ગ્રંથકારશ્રી તેને વિસ્તારથી કહેતા નથી તેથી કહે છે કે 'ઉપદેશપદ' ગ્રંથનો આરંભ સંક્ષેપથી કહેવા માટે કરેલ છે તેથી વિસ્તારને કહેવાનું છોડીને આજ્ઞાનું માહાત્મ્ય સંક્ષેપથી કરે છે. ઉપદેશપદનો સંક્ષેપ આરંભ કેવા ફળવાળો છે તેથી કહે છે – દિશામાત્રના દર્શનના ફળવાળો છે.

તેથી એ ફલિત થાય કે યોગ્ય જીવે મનુષ્યભવને પ્રાપ્ત કરીને શું ઉચિત કરવું જોઈએ જેથી તેનું હિત થાય તેની ઉચિત દિશા બતાવવાનું કારણ બને તેવો આ 'ઉપદેશપદ' ગ્રંથ છે માટે મનુષ્યજન્મ પામીને કલ્યાણના અર્થી જીવોને સામે રાખીને સંક્ષેપથી ગ્રંથકારશ્રીએ ઉપદેશ આપેલ છે. આ રીતે પ્રાસંગિક આજ્ઞાનું માહાત્મ્ય બતાવ્યાં પછી પ્રકૃત એવા અભિગ્રહનું માહાત્મ્ય બતાવે છે. **॥૪૭૯॥**

**અવતરણિકા :-**

**एतदेव दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=અભિગ્રહના માહાત્મ્યને જ, બતાવે છે –**

**ગાથા :-**

**अण्णंपि इहाहरणं वणियसुया सज्झिला उ वोहीए ।**
**पव्वज्ज सीयल मणोरहो य सुद्धाए फलभेओ ।।४८०।।**

**અન્વયાર્થ :-**

**इह=અહીં=અભિગ્રહના માહાત્મ્યમાં, अण्णंपि आहरणं=અન્ય પણ ઉદાહરણ છે. वणियसुया सज्झिला=બે સહોદર વણિકપુત્રો હતા. वोहीए उ=વળી બોધિ=બંનેને બોધિની પ્રાપ્તિ થઈ. पव्वज्ज=એકે પ્રવ્રજ્યા ગ્રહણ કરી, सीयल=શીતળ થયો. मणोरहो य सुद्धाए=અને બીજાને શુદ્ધ પ્રવ્રજ્યામાં મનોરથ થયો. फलभेओ=ફળભેદ=સાથે મરેલા તેઓને આરાધકવિરાધકજન્ય દેવત્વરૂપ ફળભેદ પ્રાપ્ત થયો. ॥૪૮૦॥**

**ગાથાર્થ :-**

**અહીં=અભિગ્રહના માહાત્મ્યમાં, અન્ય પણ ઉદાહરણ છે. બે સહોદર વણિકપુત્રો હતા. વળી બોધિ=બંનેને બોધિની પ્રાપ્તિ થઈ. એકે પ્રવ્રજ્યા ગ્રહણ કરી, શીતળ થયો. અને બીજાને શુદ્ધ પ્રવ્રજ્યામાં મનોરથ થયો. ફળભેદ=સાથે મરેલા તેઓને આરાધકવિરાધકજન્ય દેવત્વરૂપ ફળભેદ પ્રાપ્ત થયો. ।।૪૮૦।।**

**ટીકા :-**

**अन्यदपि पूर्वोदाहरणविलक्षणमिहाभिग्रहमाहात्म्यप्रस्तावने वणिक्सुतौ वाणिजकनन्दनौ 'सज्झिलाउ'त्ति सज्झिलकौ सौदरौ । तुः प्राग्वत् । कथमुदाहरणमित्याह—बोधौ प्राप्तायामेकस्य 'पव्वज्जसीयल'त्ति प्रव्रज्या शीतला मन्दा समुदग्राचारगुरुगच्छादिसहकारिकारणवैकल्याज्जाता । द्वितीयस्य तु मनोरथ-स्त्वभिलाषः पुनः शुद्धायां प्रव्रज्यायामेव समुत्पादि, न तु प्रव्रज्या । मृतयोश्च समकमेव फलभेद आराधकविराधकजन्यदेवत्वलाभरूप इति ।।४८०।।**

**ભાવાર્થ :-**

ભગવાનની આજ્ઞા અનુસાર કોઈ મહાત્મા અભિગ્રહ ગ્રહણ કરે છતાં દૃઢ યત્નપૂર્વક ભાવવૃદ્ધિમાં યત્ન ન કરે અને કોઈ મહાત્મા સાક્ષાત્ અભિગ્રહ ન કરે છતાં અભિગ્રહને અનુકૂળ અંતરંગ ભાવવૃદ્ધિ થાય તેવો યત્ન કરે તો બાહ્યથી અભિગ્રહ નહીં ગ્રહણ કરનાર અને અંતરંગ સમ્યગ્ યત્ન કરનારને આરાધકપણાની પ્રાપ્તિ થાય છે અને અભિગ્રહને ગ્રહણ કરવા છતાં અને શક્તિ અનુસાર તે અભિગ્રહ ગ્રહણ હોવા છતાં પાલનકાળમાં સેવાયેલા પ્રમાદથી તે અભિગ્રહ ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ બનતું નથી પરંતુ વિરાધકપણાની પ્રાપ્તિનું કારણ બને છે; કેમ કે અભિગ્રહનું ગ્રહણ હોવા છતાં અભિગ્રહનું સમ્યગ્ પાલન નથી અને જેઓ અભિગ્રહના પારમાર્થિક સ્વરૂપને જાણીને તેવા અભિગ્રહના પાલનનો અભિલાષ કરે છે તે પણ જીર્ણ શ્રેષ્ઠીની જેમ ઇચ્છાયોગરૂપ હોવાથી અભિગ્રહ સ્વરૂપ જ છે. તેમાં બે ભાઈઓનું દૃષ્ટાંત બતાવે છે. બે ભાઈઓએ સમ્યક્ત્વ પ્રાપ્ત કરેલું અને સમ્યક્ત્વ પામ્યા પછી તે બંનેને ચારિત્રની ઉત્કટ ઇચ્છા હતી પરંતુ ચારિત્રની ઉત્કટ ઇચ્છાવાળા તે બંનેમાંથી સત્ત્વશાળી જીવે પ્રવ્રજ્યા ગ્રહણ કરી છતાં પ્રમાદઆપાદક કર્મના દોષને કારણે અને તેવા પ્રકારની બાહ્ય સહકારી સામગ્રીના વૈકલ્યને કારણે સંયમમાં શિથિલ પરિણામ થયો તેથી બાહ્ય અભિગ્રહ ગ્રહણ કરવા છતાં અને કાંઈક બાહ્ય આચારનું પાલન કરવા છતાં ભાવવિકલ આચાર હોવાના કારણે વિરાધકપણાના ફળની પ્રાપ્તિ થઈ.

જ્યારે અન્ય ભાઈને સમ્યક્ત્વની પ્રાપ્તિકાળમાં સંયમનો તીવ્ર રાગ હોવા છતાં પોતાની શક્તિની વિકલતાને કારણે સંયમનું ગ્રહણ કર્યું નહીં અને હંમેશાં સંયમના પારમાર્થિક સ્વરૂપથી આત્માને ભાવિત કરીને 'ક્યારે આ પ્રકારના સંયમને પાળીને હું ભવનો ઉચ્છેદ કરીશ !' તે રીતે શુદ્ધ ભાવો કરીને ભાવથી અભિગ્રહનું પાલન કર્યું અર્થાત્ પ્રવ્રજ્યાના સેવનના પરિણામનું પાલન કર્યું જેનાથી આરાધકપણાના ફળની પ્રાપ્તિ થઈ. **।।૪૮૦।।**

**અવતરણિકા :-**

इमामेव गाथां गाथाद्वयेन प्रपञ्चयति – । (ग्रन्थाग्र. ८०००)

**અવતરણિકાર્થ :-**

આ જ ગાથાને=ગાથા-૪૮૦ને, બે ગાથાથી વિસ્તાર કરે છે –

**ગાથા :-**

**तगराए वसुसुया सेण-सिद्ध धम्मगुरुबोहि एगस्स ।**
**णिक्खमणमकिरिय मणोरहो उ अण्णस्स सुद्धम्मि ।।४८१।।**
**कालेण मिलणमसणीघाओ उववाय वंतरविमाणे ।**
**केवलिआगम पुच्छा कहणं भावम्मि बहुमाणो ।।४८२।।**

**અન્વયાર્થ :-**

तगराए=તગરા નગરીમાં, वसुसुया=વસુ શ્રેષ્ઠીના બે પુત્રો હતા. सेण-सिद्ध=એકનું નામ સેન અને બીજાનું નામ સિદ્ધ હતું. धम्मगुरुबोहि=ધર્મગુરુ પાસેથી બોધિ=તે બંનેને ક્યારેક ધર્મ નામના ગુરુ પાસેથી બોધિની પ્રાપ્તિ થઈ. एगस्स णिक्खमणं=એકનું નિષ્ક્રમણ, अकिरिय=અક્રિયા=કોઈક પ્રમાદને કારણે સંયમની પ્રત્યુપેક્ષણાદિ પ્રમાદવાળી ક્રિયા, अण्णस्स उ=વળી અન્યને, सुद्धम्मि मणोरहो=શુદ્ધ એવા સંયમમાં મનોરથ થયો. (પરંતુ સંયમ ગ્રહણ ન કર્યું.)

कालेण मिलणं=કોઈક કાળે તે બેનું મિલન થયું. असणीघाओ=વીજળીથી ઘાત=વીજળીના પાતથી બંનેનું મૃત્યુ થયું. वंतरविमाणे उववाय=વ્યંતર અને વૈમાનિકમાં ઉપપાત=પ્રવ્રજ્યામાં રહેલા પ્રમાદી સાધુનો વ્યંતરમાં ઉપપાત થયો અને શુદ્ધ પ્રવ્રજ્યાના મનોરથવાળા શ્રાવકનો વૈમાનિકમાં ઉપપાત થયો. केवलिआगम=કેવળીનું આગમન થયું. पुच्छा=પૃચ્છા=લોકો દ્વારા કેવળીને પૃચ્છા કરાઈ, कहणं=કથન=કેવળી દ્વારા કથન કરાયું. भावम्मि बहुमाणो=ભાવમાં બહુમાન=કેવળીનું કથન સાંભળીને લોકોને શુદ્ધધર્મના મનોરથરૂપ ભાવમાં બહુમાન થયું. ॥૪૮૧-૪૮૨॥

**ગાથાર્થ :-**

**તગરા નગરીમાં વસુ શ્રેષ્ઠીના બે પુત્રો હતા. એકનું નામ સેન અને બીજાનું નામ સિદ્ધ હતું. ધર્મગુરુ પાસેથી બોધિ=તે બંનેને ક્યારેક ધર્મ નામના ગુરુ પાસેથી બોધિની પ્રાપ્તિ થઈ. એકનું નિષ્ક્રમણ, અક્રિયા=કોઈક પ્રમાદને કારણે સંયમની પ્રત્યુપેક્ષણાદિ પ્રમાદવાળી ક્રિયા, વળી અન્યને શુદ્ધ એવા સંયમમાં મનોરથ થયો પરંતુ સંયમ ગ્રહણ ન કર્યું.**

**કોઈક કાળે તે બેનું મિલન થયું. વીજળીથી ઘાત=વીજળીના પાતથી બંનેનું મૃત્યુ થયું. વ્યંતર અને વૈમાનિકમાં ઉપપાત=પ્રવ્રજ્યામાં રહેલા પ્રમાદી સાધુનો વ્યંતરમાં ઉપપાત થયો અને શુદ્ધ**

**પ્રવ્રજ્યાના મનોરથવાળા શ્રાવકનો વૈમાનિકમાં ઉપપાત થયો. કેવળીનું આગમન થયું. પૃચ્છા=લોકો દ્વારા કેવળીને પૃચ્છા કરાઈ. કથન=કેવળી દ્વારા કથન કરાયું. ભાવમાં બહુમાન=કેવળીનું કથન સાંભળીને લોકોને શુદ્ધધર્મના મનોરથરૂપ ભાવમાં બહુમાન થયું. ||૪૮૧-૪૮૨||**

**ટીકા :-**

**तगरायां पुरि वसुसुतौ वसुनामकश्रेष्ठिसुतौ पुत्रौ सेनसिद्धनामानावभूताम् । तयोश्च कदाचिद् 'धम्मगुरुवोहि'त्ति धर्म्माभिधानगुरुपार्श्वगतयोर्बोधिः धर्मप्राप्तिरजायत । ततश्चैकस्य निष्क्रमणं प्रव्रज्या प्रतिपत्तिरूपं संवृत्तं, परमक्रिया कुतोऽपि प्रमादात् प्रत्युपेक्षणा-प्रमार्जनादिक्रियाहानिरूपा संवृत्ता । मनोरथस्तु मनोरथ एवान्यस्य द्वितीयस्य शुद्धे निष्क्रमणे प्रवृत्तः, न पुनः कथञ्चित् तज्जातमिति।।४८१।।**

**कालेन कियतापि गतेन मिलनमेकत्रावस्थानलक्षणं तयोर्जातम् । सुखासीनयोश्च समुचित-स्ववृत्तान्तकथनश्रवणप्रवृत्तयोरशनिघातोऽकस्मादेव नभस्तलाद् विद्युन्निपाताद् विनाशो जातः । तदनूपपातस्तयोरजनि । क्वेत्याह—व्यन्तरविमाने प्रथमस्य व्यन्तरे, द्वितीयस्य तु विमाने सौधर्माद्यमरा-वासलक्षणे इति । अन्यदा केवलिनः कस्यचिदागमे पृच्छा लोकेन कृता, यथा—तयोः कः कुत्रो-त्पन्नः ? कथनं यथा वृत्तान्तस्य तेन कृतम् । ततो लोकस्य भावे शुद्धधर्म्ममनोरथलक्षणे बहु-मानोऽजनि, न त्वशुद्धानुष्ठाने इति ।।४८२।।**

**ભાવાર્થ :-**

શક્તિ હોય અને મનોરથ માત્ર કરવામાં આવે પરંતુ શક્તિ અનુસાર યત્ન કરવામાં ન આવે તો તે મનોરથ શબ્દમાત્રરૂપ બને છે અને કોઈક શક્તિના વૈગુણ્યને કારણે વ્રત ગ્રહણ કરવામાં આવે પરંતુ વ્રતના શક્તિના સંચય અર્થે સતત મનોરથ કરીને શુદ્ધ પ્રવ્રજ્યા પ્રત્યેના બળવાન રાગને ઉલ્લસિત કરવામાં આવે તો તે મનોરથ પણ પ્રવ્રજ્યાના ફળની પ્રાપ્તિનું કારણ બને છે. આથી જ બલભદ્ર મુનિને દાન આપનાર કઠિયારાને અને અનુમોદના કરનાર હરણને બલભદ્ર મુનિતુલ્ય પાંચમા દેવલોકની પ્રાપ્તિ થઈ. વળી, પ્રસ્તુતમાં બે ભાઈઓને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ. બન્નેને સંયમનો ઉત્કટ અભિલાષ થયો. એકને પોતાની શક્તિ સંયમને અનુકૂળ છે તેવો નિર્ણય થવાથી સંયમ ગ્રહણ કર્યું પરંતુ કોઈક પ્રમાદદોષને કારણે પાછળથી ક્રિયાઓમાં શિથિલતા પ્રાપ્ત થઈ ત્યારે સંયમના તીવ્ર પક્ષપાતરૂપ સમ્યક્ત્વ પણ નાશ પામ્યું. તેથી વિરાધક થઈને તે જીવ વ્યંતરમાં ઉત્પન્ન થાય છે. વળી, અન્ય ભાઈ સંયમના તીવ્ર પક્ષપાતી છે પરંતુ બળસંચય થયેલ નથી તેથી બળસંચય અર્થે સદા શુદ્ધ ધર્માનુષ્ઠાન સેવવાના મનોરથો કરે છે જેનાથી સંયમના તીવ્ર પક્ષપાતરૂપ સમ્યક્ત્વ મ્લાન થતું નથી અને તે પ્રકારના મનોરથો દ્વારા ચારિત્રમોહનીય કર્મો શિથિલ થાય છે. તેથી આરાધક થઈને તે જીવ વૈમાનિકમાં ઉત્પન્ન થાય છે. કોઈક કાળે બંનેનું મિલન થાય છે ત્યારે વીજળીના પાતથી એક સાથે મૃત્યુ પામે છે. તે બંને ભાઈઓમાંથી શુદ્ધ મનોરથ દ્વારા સમ્યગ્દૃષ્ટિપણાને જીવાડનાર મહાત્મા આરાધક બને છે અને વ્રતોના કાંઈક રાગથી વ્રતો ગ્રહણ કર્યાં હોવા છતાં પ્રમાદને વશ શુદ્ધ

આચારો પ્રત્યેના પક્ષપાતના અભાવને કારણે મિથ્યાત્વને પામેલા સાધુવેષમાં રહેલ અન્ય મહાત્મા વિરાધક બને છે. તેથી આરાધકવિરાધકજન્ય દેવત્વરૂપ ફળપ્રાપ્તિમાં ભેદ પ્રાપ્ત થાય છે. માટે કલ્યાણના અર્થીએ શક્તિનું સમ્યગ્ સમાલોચન કરીને જેમ અભિગ્રહ ગ્રહણ કરવા જોઈએ તેમ સ્વીકારેલા અભિગ્રહને શુદ્ધ પાળવા અર્થે સદા પ્રયત્ન કરવો જોઈએ. કોઈક રીતે પ્રમાદથી શુદ્ધ પાળેલા ન થાય તોપણ સંવિગ્નપાક્ષિક મહાત્માની જેમ સદા પોતાના અશુદ્ધ આચારોની નિંદા-ગર્હા કરવી જોઈએ અને લોકોને પોતાના અશુદ્ધ આચાર ધર્મરૂપ છે તેવો ભ્રમ ન થાય તે અર્થે પોતાની હીનતાનું પ્રકાશન કરીને પણ શુદ્ધ આચારવાળા મહાત્માના સંયમની પ્રસંશા કરવી જોઈએ. જેથી શુદ્ધ આચારોના પક્ષપાતને કારણે આરાધકપણાની પ્રાપ્તિ થાય. **॥૪૮૧-૪૮૨॥**

**અવતરણિકા :-**

**अथ प्रकृतयोजनामाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે પ્રકૃતની યોજનાને કહે છે=પૂર્વમાં બે ભાઈઓનું દૃષ્ટાંત આપ્યું તેમાં એક ભાઈએ સંયમ ગ્રહણ કર્યું નથી છતાં સંયમના શુદ્ધ મનોરથોને કારણે તે આરાધક બને છે એમ જે કહ્યું તે રૂપ પ્રકૃતમાં અભિગ્રહની યોજનાને કહે છે –**

**ગાથા :-**

**एत्थवि मणोरहोच्चिय अभिग्गहो सुद्धणिक्खमणगम्मि ।**
**बहुमाणओ वि अविराहणाए एत्थं फलमुदारं ॥४८३॥**

**અન્વયાર્થ :-**

**एत्थवि=અહીં પણ=પૂર્વની ગાથામાં બતાવેલા દૃષ્ટાંતમાં પણ, सुद्धणिक्खमणगम्मि=શુદ્ધ નિષ્ક્રમણના માર્ગમાં, मणोरहोच्चिय=મનોરથ જ, अभिग्गहो=અભિગ્રહ છે, अविराहणाए=અવિરાધનાથી=પોતે સ્વીકારેલા ગુણસ્થાનકની અવિરાધનાથી, एत्थं=અહીં=શુદ્ધ ચારિત્રમાં, बहुमाणओ वि=બહુમાનને કારણે જ, फलमुदारं=ઉદાર ફળ છે=અવિરાધિત દેવભવ લક્ષણ ફળ છે. ॥૪૮૩॥**

**ગાથાર્થ :-**

**અહીં પણ=પૂર્વની ગાથામાં બતાવેલા દૃષ્ટાંતમાં પણ, શુદ્ધ નિષ્ક્રમણના માર્ગમાં મનોરથ જ અભિગ્રહ છે. અવિરાધનાથી=પોતે સ્વીકારેલા ગુણસ્થાનકની અવિરાધનાથી, અહીં=શુદ્ધ ચારિત્રમાં, બહુમાનને કારણે જ ઉદાર ફળ છે=અવિરાધિત દેવભવ લક્ષણ ફળ છે. ॥૪૮૩॥**

**ટીકા :-**

**अत्रापि न केवलं प्राच्ये जीर्णश्रेष्ठिदृष्टान्ते मनोरथ एवाभिग्रहः शुद्धनिष्क्रमणके शुद्धायामेव**

**प्रव्रज्यायामित्यर्थः । ततो बहुमानतोऽपि पुरस्कारपरिणामादप्यविराधनायां प्रतिपन्नस्य कस्यचिद् अभिग्रहस्याभञ्जनलक्षणायां सत्यामत्र शुद्धनिष्क्रमणबहुमाने च सति फलमुदारमविराधितदेवभवलक्षणं सम्पन्नमिति ।।४८३।।**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં બે ભાઈઓનું દૃષ્ટાંત આપ્યું. તેમાં જે ભાઈએ સંયમ ગ્રહણ કર્યું ન હતું તે ભાઈ પોતાની શક્તિ અનુસાર સ્વીકારેલા સમ્યક્ત્વને અવિરાધનાથી પાળે છે અને શુદ્ધ સંયમની પ્રાપ્તિની ઉત્કટ ઇચ્છા હોવાથી હંમેશાં તેવા શુદ્ધ સંયમના સ્વરૂપનો સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક અવલોકન કરીને 'તે સંયમના પરિણામો મોહના અનાકુળ સ્વરૂપ હોવાથી અને ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ હોવાથી મહાકલ્યાણના કારણીભૂત છે' તે પ્રકારે વારંવાર વિચારીને તેની પ્રાપ્તિના મનોરથો કરે છે તે મનોરથો જ અભિગ્રહ છે; કેમ કે અભિગ્રહનો અર્થ માત્ર બે હાથ જોડીને તે તે આચારની પ્રતિજ્ઞાપૂર્વક તે તે આચારની પ્રતિનિયત ક્રિયા કરવારૂપ માત્ર નથી પરંતુ તે તે પ્રતિનિયત ક્રિયા દ્વારા નિષ્પાદ્ય એવું ઉત્તમ ચિત્ત મારે કરવું છે તે પ્રકારના બદ્ધ અભિલાષપૂર્વક તે અધ્યવસાયને ઉલ્લસિત કરવાને અનુકૂળ ઉચિત ક્રિયાના સ્વીકારરૂપ અભિગ્રહ છે. તેથી મહાત્માઓ જે જે અભિગ્રહ ગ્રહણ કરે છે તે તે અભિગ્રહથી જે પ્રકારના ગુણસ્થાનકની વૃદ્ધિ અપેક્ષિત છે તેને અનુકૂળ અંતરંગ યત્નપૂર્વક અદીનભાવથી તે અભિગ્રહનું પાલન કરે છે. તેથી જે જીવોમાં સર્વવિરતિની શક્તિ નથી તેઓ પણ સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક સર્વવિરતિકાલીન મહાત્માઓના ઉત્તમ ચિત્તનું વારંવાર સ્મરણ કરે છે અને સ્વભૂમિકા અનુસાર ઉચિત ક્રિયાઓ અવિરાધનાથી સેવે છે તેઓને શુદ્ધ સંયમમાં જે બહુમાન વર્તે છે તેનું ઉદાર ફળ તેઓને ઉત્તરના ભવમાં અવશ્ય પ્રાપ્ત થાય છે. આથી જ પૂર્વમાં બતાવેલ દૃષ્ટાંતમાં જે ભાઈએ સર્વવિરતિ ગ્રહણ કરેલ નહીં તેને પણ શુદ્ધ સંયમના પાલનના ફળસ્વરૂપ અવિરાધિત દેવભવ પ્રાપ્ત થયો. તેથી વિવેકપૂર્વકના મનોરથો એ અભિગ્રહસ્વરૂપ જ છે. તેથી જીર્ણ શ્રેષ્ઠીના દૃષ્ટાંતમાં જેમ મનોરથ અભિગ્રહ હતો તેમ પ્રસ્તુત દૃષ્ટાંતમાં પણ તે શ્રેષ્ઠીપુત્રનો મનોરથ જ અભિગ્રહ છે. **||૪૮૩||**

**અવતરણિકા :-**

**एवं स्थिते सति यत्कर्त्तव्यं तदुपदिशन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આ પ્રમાણે સ્થિત હોતે છતે=શુદ્ધ મનોરથો જ અભિગ્રહ છે એ પ્રમાણે હોતે છતે, જે કરવું જોઈએ તેનો ઉપદેશ આપતાં કહે છે –**

**ગાથા :-**

**अविराहणाए सुद्धे धम्मट्ठाणम्मि बुहजणेण तओ ।**
**जत्तो खलु कायव्वो ण अण्णहा संकिलिट्ठम्मि ।।४८४।।**

**અન્વયાર્થ :-**

**तओ=તે કારણથી=શુદ્ધ મનોરથનું પણ શ્રેષ્ઠ ફળ છે તે કારણથી, बुहजणेण=બુધ પુરુષ વડે, अविराहणाए=અવિરાધનાથી=પોતાની શક્તિ અનુસાર ભાવની પરિણતિનું કારણ બને તે રીતે ઉચિત અનુષ્ઠાનના સેવનપૂર્વક, सुद्धे धम्मट्ठाणम्मि=શુદ્ધ ધર્મસ્થાન વિષયક=તે તે ગુણસ્થાનકને ઉચિત ચૈત્યવંદનાદિ ક્રિયા વિષયક, जत्तो खलु कायव्वो=યત્ન કરવો જોઈએ=આદર કરવો જોઈએ. ण अण्णहा संकिलिट्ठम्मि=પરંતુ શુદ્ધ મનોરથના ઉલ્લંઘનથી સંક્લિષ્ટમાં ન કરવો જોઈએ=પરંતુ શુદ્ધ મનોરથના ઉલ્લંઘનથી સંક્લિષ્ટ ધર્માનુષ્ઠાનમાં યત્ન કરવો જોઈએ નહીં. ।।૪૮૪।।**

**ગાથાર્થ :-**

**તે કારણથી=શુદ્ધ મનોરથનું પણ શ્રેષ્ઠ ફળ છે તે કારણથી, બુધ પુરુષ વડે અવિરાધનાથી=પોતાની શક્તિ અનુસાર ભાવની પરિણતિનું કારણ બને તે રીતે ઉચિત અનુષ્ઠાનના સેવનપૂર્વક, શુદ્ધ ધર્મસ્થાન વિષયક=તે તે ગુણસ્થાનકને ઉચિત ચૈત્યવંદનાદિ ક્રિયા વિષયક, યત્ન કરવો જોઈએ= આદર કરવો જોઈએ. પરંતુ શુદ્ધ મનોરથના ઉલ્લંઘનથી સંક્લિષ્ટમાં ન કરવો જોઈએ=પરંતુ શુદ્ધ મનોરથના ઉલ્લંઘનથી સંક્લિષ્ટ ધર્માનુષ્ઠાનમાં યત્ન કરવો જોઈએ નહીં. ।।૪૮૪।।**

**ટીકા :-**

**अविराधनया तिलतुषत्रिभागमात्रमपि भावतः प्रतिपन्नाभ्रंशरूपयोपलक्षिते शुद्धे निर्मलीमसे धर्मस्थाने चैत्यवन्दनादौ तत्तद्गुणस्थानोचिते बुधजनेन मतिमता लोकेन ततः सुमनोरथस्याप्युदग्रफलत्वाद्धेतोर्यत्न आदरः, खलु शब्दः पूर्ववत्, कर्त्तव्यो विधेयः, न नैवान्यथा शुद्धमनोरथोल्लंघनेन संक्लिष्टे क्रोधादि-संक्लेशबहुले धर्मानुष्ठाने ।।४८४।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે જે મહાત્મા શક્તિ અનુસાર શુદ્ધ અનુષ્ઠાન સેવે છે અને જે અનુષ્ઠાનને સેવવાની પોતાની શક્તિ નથી તે અનુષ્ઠાનના સેવનથી નિષ્પાદ્ય એવું ઉત્તમ ચિત્ત કેવા પ્રકારના નિર્મળ સ્વરૂપવાળું છે તેનું સ્મરણ કરીને તેનું કારણ બને તે પ્રકારે તે અનુષ્ઠાનના સેવનના મનોરથો કરે છે અને વિચારે છે કે 'ક્યારે મારામાં એવું બળ સંચય થાય જેના બળથી સર્વ સંક્લેષથી પર એવા ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ સંયમને પાળીને હું સંસારનો ઉચ્છેદ કરીશ' આ પ્રકારે શુદ્ધ અનુષ્ઠાનમાં બુધપુરુષે સદા યત્ન કરવો જોઈએ અર્થાત્ શક્તિ અનુસાર અનુષ્ઠાનના સેવનપૂર્વક ઉત્તર-ઉત્તરના અનુષ્ઠાનમાં બદ્ધમનોરથવાળા થવું જોઈએ.

પરંતુ શુદ્ધ મનોરથના ઉલ્લંઘનપૂર્વક યથાતથા સેવાતા સંક્લિષ્ટ એવા ધર્માનુષ્ઠાનમાં મનોરથ કરવો જોઈએ નહીં. આશય એ છે કે જે અનુષ્ઠાનમાં પોતાની શક્તિ નથી તેવા અનુષ્ઠાનમાં યત્ન કરવામાં આવે તો તે સંક્લિષ્ટ ધર્માનુષ્ઠાન થાય અને પોતે જે અનુષ્ઠાન સેવે છે તે અનુષ્ઠાનમાં જ માન, ખ્યાતિ આદિના

કે લોકપ્રશંસાદિના ભાવો કરવામાં આવે તો તે સંક્લિષ્ટ અનુષ્ઠાન થાય અને તેવું સંક્લિષ્ટ ધર્માનુષ્ઠાન સેવવું જોઈએ નહીં; કેમ કે તે અનુષ્ઠાનથી કર્મની સ્થિતિનો હ્રાસ થતો નથી પરંતુ જેમ ક્રોધાદિની ક્રિયાથી કે યુદ્ધાદિની ક્રિયાથી પાપની પ્રાપ્તિ થાય છે તેમ બાહ્યથી દેખાતા તે ધર્માનુષ્ઠાનથી પાપની જ પ્રાપ્તિ થાય છે. ॥૪૮૪॥

**અવતરણિકા :-**

कुतः ? यतः, –

**અવતરણિકાર્થ :-**

**કેમ સંક્લિષ્ટ ધર્માનુષ્ઠાનમાં યત્ન કરવો જોઈએ નહીં જેથી શું ? તે ગાથામાં કહે છે –**

**ગાથા :-**

**तवसुत्तविणयपूया ण संकिलिट्ठस्स होंति ताणंति ।**
**खमगागमि विणयरओ कुंतलदेवी उदाहरणा ।।४८५।।**

**અન્વયાર્થ :-**

संकिलिट्ठस्स=સંક્લિષ્ટ પરિણામવાળા જીવને, तवसुत्तविणयपूया=તપ-સૂત્ર-વિનય અને ભગવાનની પૂજા, ताणं ण होंति ति=ત્રાણ થતાં નથી=સંસારરૂપી ગર્તામાં પડેલાને બહાર નીકળવાનાં આલંબન થતાં નથી, खमग=ક્ષપક=તપમાં ક્ષપક, आगमि=આગમમાં=શ્રુતમાં આગમિક આચાર્ય, विणयरओ=વિનયરત=વિનયમાં રત એવો વિનયરત્ન, कुंतलदेवी=કુંતલદેવી=પૂજામાં કુંતલદેવી, उदाहरणा=ઉદાહરણો છે. ॥૪૮૫॥

**ગાથાર્થ :-**

**સંક્લિષ્ટ પરિણામવાળા જીવને તપ-સૂત્ર-વિનય અને ભગવાનની પૂજા ત્રાણ થતાં નથી=સંસારરૂપી ગર્તામાં પડેલાને બહાર નીકળવાનાં આલંબન થતાં નથી, ક્ષપક=તપમાં ક્ષપક, આગમમાં=શ્રુતમાં આગમિક આચાર્ય, વિનયરત=વિનયમાં રત એવો વિનયરત્ન, કુંતલદેવી=પૂજામાં કુંતલદેવી, ઉદાહરણો છે. ॥૪૮૫॥**

**ટીકા :-**

तपःसूत्रविनयपूजाः प्रतीतरूपा एव न नैव संक्लिष्टस्य जन्तोर्भवन्ति त्राणं संसारगर्त्ते पतितस्यालम्बनम् । इति प्राग्वत् । अत्र क्षपको मासोपवासादिक्षपणकारी, आगमी पारगतागमसूत्रार्थोभयकुशल आचार्यः, विभक्तिलोपश्चोभयत्रापि, प्राकृतत्वात्, विनयरत उदायिनृपमारकः, कुन्तलदेवी कुन्तलदेशाधिपनरनाथपत्नी, उदाहरणानि दृष्टान्ताः ।।४८५।।

**ભાવાર્થ :-**

જેઓનું ચિત્ત બાહ્ય પદાર્થોને સ્પર્શીને ભાવો કરવા તત્પર છે તેઓ સંક્લિષ્ટ ચિત્તવાળા છે અને તેઓ તપ કરે, સૂત્ર ભણે, વિનય કરે કે ભગવાનની ભક્તિ કરે તે સર્વ પોતાના સંક્લિષ્ટ ચિત્તને પુષ્ટ કરનારા બને છે એટલું જ નહીં પણ પૂર્વમાં બતાવેલ બે ભાઈઓના દૃષ્ટાંતમાં જે ભાઈએ સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને સંયમ ગ્રહણ કર્યું અને સંયમકાળમાં સહકારી કારણ વિપરીત મળવાને કારણે પ્રમાદી થયા તેમની ચારિત્રની ક્રિયા પણ સંક્લિષ્ટ ચિત્તવાળી થવાને કારણે સંસારના ખાડામાં પડેલા જીવને રક્ષણ કરવા સમર્થ બનતી નથી માટે પ્રથમ સંક્લિષ્ટ ચિત્તને શાંત કરીને વિશિષ્ટ અસંક્લિષ્ટ અવસ્થાનું કારણ બને તે રીતે બુધપુરુષે યત્ન કરવો જોઈએ અને સંક્લિષ્ટમાં તપાદિ ત્રાણ બનતાં નથી તેનાં દૃષ્ટાંત ગ્રંથકારશ્રી સ્વયં જ આગળ સ્પષ્ટ કરે છે. **॥૪૮૫॥**

**અવતરણિકા :-**

**अथोदाहरणचतुष्टयमपि प्रत्येकं गाथात्रयेण भावयन् गाथाद्वादशकमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે ઉદાહરણચતુષ્ટય પણ પ્રત્યેકને=દરેક ઉદાહરણને, ગાથાત્રયથી ભાવન કરતાં બાર ગાથાને ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**कुसुमपुरे अग्गिसिहो खमओ लिंगद्धओ य अरुणोत्ति ।**
**वासट्ठाणविहारे अहरुत्तरकोट्ठगे वासो ।।४८६।।१।।**
**पढमस्स संकिलेसो पावो एसोत्ति पायसो णिच्चं ।**
**बिइयस्स उ संवेगो साहुवरि वसामधण्णोहं ।।४८७।।२।।**
**भववुड्ढि तप्परित्तीकरणं वासंतगमणमोसण्णे ।**
**वासे णिज्जरपुच्छा कहणं पुव्वोइयत्थस्स ।।४८८।।३।।**

**અન્વયાર્થ :-**

**कुसुमपुरे=કુસુમપુરમાં, अग्गिसिहो=અગ્નિશિખા નામના, खमओ=ક્ષપક=છઠ્ઠ-અઠ્ઠમમાદિ તપ કરનારા તપસ્વી, लिंगद्धओ य=અને લિંગધ્વજ એવા=લિંગમાત્ર પર જીવનારા એવા સાધુ વેષના વિડંબક હતા. अरुणोत्ति=અરુણ=બીજા અરુણ નામના સાધુ હતા. वासट्ठाणविहारे=વર્ષાસ્થાન માટે વિહારમાં, अहरुत्तरकोट्ठगे वासो=અધઃ અને ઉપરના સ્થાનમાં વાસ થયો=અગ્નિશિખારૂપ ક્ષપકનો નીચે વાસ થયો અને અરુણ સાધુનો ઉપર વાસ થયો.**

पढमस्स=પ્રથમને=અગ્નિશિખાને, एसो पावो त्ति पायसो णिच्चं संकिलेसो='આ પાપી છે' એ પ્રમાણે પ્રાયઃ નિત્ય સંક્લેશ થયો. बिइयस्स उ=વળી બીજાને=અરુણ સાધુને, साहुवरि वसामधण्णोहं संवेगो='સાધુના ઉપરમાં વસતો હું અધન્ય છું' એ પ્રમાણે સંવેગ થયો.

भववुड्ढि=ભવવૃદ્ધિ=અગ્નિશિખાને ભવની વૃદ્ધિ થઈ. तप्परित्तीकरणं=તેનું પરિત્તીકરણ=અરુણ સાધુને ભવનું પરિત્તીકરણ થયું. वासंतगमणं=વર્ષાંતરમાં ગમન, ओसण्णे=સમવસરણમાં=કેવળીના સમવસરણમાં આગમન થયે છતે, वासे=વાસના વિષયમાં=વર્ષાકાળના અવસ્થાનમાં સાધુના વિષયમાં, णिज्जरपुच्छा=નિર્જરાની પૃચ્છા=તે બે સાધુઓમાં કોને નિર્જરા થઈ તેની લોકો વડે પૃચ્છા, पुव्वोइयत्थस्स कहणं=પૂર્વોક્ત અર્થનું કથન=અગ્નિશિખાની ભવવૃદ્ધિનું અને અરુણ સાધુના ભવપરિત્તીકરણનું કથન. ॥૪૮૬થી ૪૮૮॥

ગાથાર્થ :-

કુસુમપુરમાં અગ્નિશિખા નામના ક્ષપક=છઠ્ઠ-અઠ્ઠમમાદિ તપ કરનારા તપસ્વી, અને લિંગધ્વજ એવા=લિંગમાત્ર પર જીવનારા એવા સાધુ વેષના વિડંબક હતા. અરુણ=બીજા અરુણ નામના સાધુ હતા. વર્ષાસ્થાન માટે વિહારમાં અધઃ અને ઉપરના સ્થાનમાં વાસ થયો=અગ્નિશિખારૂપ ક્ષપકનો નીચે વાસ થયો અને અરુણ સાધુનો ઉપર વાસ થયો.

પ્રથમને=અગ્નિશિખાને, 'આ પાપી છે' એ પ્રમાણે પ્રાયઃ નિત્ય સંક્લેશ થયો. વળી બીજાને=અરુણ સાધુને, 'સાધુના ઉપરમાં વસતો હું અધન્ય છું' એ પ્રમાણે સંવેગ થયો.

ભવવૃદ્ધિ=અગ્નિશિખાને ભવની વૃદ્ધિ થઈ. તેનું પરિત્તીકરણ=અરુણ સાધુને ભવનું પરિત્તીકરણ થયું. વર્ષાંતરમાં ગમન. સમવસરણમાં=કેવળીના સમવસરણમાં, આગમન થયે છતે વાસના વિષયમાં=વર્ષાકાળના અવસ્થાનમાં સાધુના વિષયમાં, નિર્જરાની પૃચ્છા=તે બે સાધુઓમાં કોને નિર્જરા થઈ તેની લોકો વડે પૃચ્છા. પૂર્વોક્ત અર્થનું કથન=અગ્નિશિખાની ભવવૃદ્ધિનું અને અરુણ સાધુના ભવપરિત્તીકરણનું કથન. ॥૪૮૬થી ૪૮૮॥

ટીકા :-

तत्र कुसुमपुरे पाटलिपुत्रापरनाम्नि नगरेऽग्निशिखो नाम क्षपकः षष्ठाष्टमादिनिष्ठुर तपोऽनुष्ठाननिष्टप्तदेहः, लिङ्गध्वजश्च लिङ्गमात्रोपजीवी साधुवेषविडम्बक इत्यर्थः, अरुणोऽरुणाभिधानो बभूव । इति पूर्ववत् । तयोश्च वर्षास्थानार्थं विहारो वर्षास्थानविहारस्तत्रोपस्थितेऽधरोत्तरकोष्ठके वसुभूतिश्रेष्ठिसमीपोपलब्धेऽधःकोष्ठकेऽधःस्थानापवरके उत्तरकोष्ठके च तदुपरिभागवर्त्तिनि अपवरके एव वासोऽवस्थानमभूत् ।।४८६।।१।।

तत्र च प्रथमस्याग्निशिखक्षपकस्य तपोमदमत्तस्यात एवात्मानं बहु मन्यमानस्य संक्लेशोऽक्षमारूपः । कथमित्याह—पापः पापाचार एषोऽरुणनामायमित्थं मामभिभूय स्थित इत्येवंरूपः प्रायशो

**बाहुल्येन नित्यं सर्वदिनेषु दुर्गतिफलः प्रादुरभूत् । द्वितीयस्य त्वरुणस्य पुनः प्रायेण नित्यमेव संवेगः पश्चात्तापरूपः परिणामः । कथमित्याह—साधूपरि अस्य साधोः समुज्ज्वलशीलभरभाजः सर्वजगज्जीववत्सलस्य परमकरुणामृतनिधेर्दर्शनमात्रपवित्रीकृतजननयनस्योपरि वसाम्यवतिष्ठे । अधन्योऽहम्, एकं तावत् साधुसमाचारमान्द्यात्, द्वितीयं पुनरस्य श्रमणसिंहस्योपरि स्थानात् ।।४८७।।२।।**

**एवं च तयोस्तथावस्थितयोर्भववृद्धिः, तत्परित्तीकरणं सम्पन्नम्, अग्निशिखस्य भववृद्धिररुणस्य तु भवतुच्छभावकरणं समजायतेत्यर्थः । वर्षान्ते गमनं वर्षाकालपर्यन्तेऽन्यत्र विहरणं ताभ्यामक्रियत। अन्यदा च कस्यचित् केवलिनः समवसरणे प्रवृत्ते 'वासे' इति वर्षाकालावस्थानविषये लोकेन निर्जरापृच्छा कर्मसाटपरिभ्रंशरूपा कृता, यथा—भगवन्! अनयोस्तपस्विनोरत्रकृतवर्षाकालावस्थानयोः कस्य कियती निर्जरा जातेति । तेन च केवलिना कथनं पूर्वोक्तस्यार्थस्य भववृद्धि-तत्परित्तीकरण-लक्षणस्याकारीति ।।४८८।।३।।**

**समाप्तं च क्षपकज्ञातम् ।।१।।**

**ભાવાર્થ :-**

કુસુમપુર નગરમાં કોઈ શ્રેષ્ઠીના ઘરમાં વર્ષાકાળમાં નીચે અને ઉપર બે સાધુઓએ નિવાસ કર્યો. નીચે અગ્નિશિખા નામના તપસ્વી સાધુ હતા છતાં પોતાના તપને કારણે મદ ધારણ કરનારા હતા અને 'હું તપસ્વી છું, હું આરાધક છું' એ પ્રકારની મનોવૃત્તિને કારણે પોતાના ઉપરમાં રહેલા અરુણ સાધુ પ્રત્યે હંમેશાં 'આ પાપી છે, તપસ્વી એવા મારા ઉપર વર્તે છે' એ પ્રકારે સંક્લેશ કરતા હતા તેથી તે સાધુ તપ કરીને પણ સદા સંક્લેશ દ્વારા ભવની વૃદ્ધિને પામ્યા. જ્યારે અરુણ સાધુ તપસ્વીના ગુણગાન કરે છે અને વિચારે છે કે 'સંયોગને વશ મારે તેમના ઉપર વસવું પડે છે, ખરેખર હું અધન્ય છું' આ પ્રકારે વિચારીને સુસાધુના તપ અને સંયમની અનુમોદના કરે છે તેથી સંયમ, તપ પ્રત્યેના રાગને કારણે તેમનો સંસાર પરિમિત થાય છે. જોકે તપસ્વી અને લિંગધારી સાધુના સંયમની અનુમોદના થાય નહીં પરંતુ સ્થૂળથી બાહ્ય લિંગો દ્વારા તે તપસ્વી હતા તેથી 'તે તપસ્વી છે અને શુદ્ધ આચાર પાળનારા છે' તેવો બોધ થવાથી સરળ ભાવે ગુણના પક્ષપાતી એવા અરુણ સાધુને ગુણવાનના ગુણોની અનુમોદનાનો પરિણામ થવારૂપ સંવેગનો પરિણામ હતો. તેથી ગુણના પક્ષપાતવાળા ચિત્તને કારણે સંસાર પરિમિત થાય છે. જ્યારે તપ કરનારા સાધુ તપ દ્વારા અસંગભાવને અનુકૂળ અંતરંગ કોઈ યત્ન કરતા નથી પરંતુ તપને જ પરિગ્રહ બનાવીને 'હું તપસ્વી છું' ઇત્યાદિ ગર્વ ધારણ કરે છે. તેથી તેઓનાં બાહ્ય તપ પરમાર્થથી કષાયોની વૃદ્ધિનું કારણ હોવાના કારણે ભવની વૃદ્ધિ પ્રાપ્ત કરાવે છે.

માટે કલ્યાણના અર્થી સાધુએ સતત સૂક્ષ્મ બુદ્ધિથી પોતાના ચિત્તનો પ્રવાહ કયાં વર્તે છે તેનું અવલોકન કરીને કષાયના ઉન્મૂલનનું કારણ બને તે રીતે સંવેગમાં યત્ન કરવો જોઈએ. અન્યથા તપ-સંયમ આદિના પાલન દ્વારા લોકમાં જે માન-સન્માન પ્રાપ્ત થાય છે તે મીઠાં લાગે તો તે તપ-સંયમની ક્રિયા જ પરિગ્રહરૂપ થવાથી પરિગ્રહના ભારથી સંસારી જીવો સંસારસમુદ્રમાં ડૂબે છે એ પ્રકારે ભાવન કરવું જોઈએ. **॥૪૮૬થી ૪૮૮॥**

**અને ક્ષપકનું ઉદાહરણ સમાપ્ત થયું.**

ગાથા :-

आगमिय किरियणाणं खुड्डग बहुमाण तप्पदूसणया ।
अणुबंध काल सप्पे उज्जाणे साहुठाणम्मि ।।४८९।।४।।
सज्झायभूमि खुड्डगगमणे अणिमित्त गुरुणिवारणया ।
पेहण सप्पे पडिणीयणाणमोहेणमह गुरुणो ।।४९०।।५।।
केवलिआगम पुच्छा विसेसकहणाए साहुसंवेगो ।
तव्वयणओ य खामण सरणं आराहणा चेव ।।४९१।।६।।

અન્વયાર્થ :-

आगमिय=આગમિક=ઘણાં શાસ્ત્રો ભણેલા ગચ્છના નાયક આચાર્ય હતા. પરંતુ ઋદ્ધિગારવ-રસગારવ અને શાતાગારવને પરવશ થયા, किरियणाणं खुड्डग=ક્ષુલ્લકને ક્રિયા અને જ્ઞાન=તે આચાર્યના ગચ્છમાં એક ક્ષુલ્લક સાધુ શાસ્ત્રાનુસારી ક્રિયા કરતા હતા અને તર્ક-વ્યાકરણ આદિ શાસ્ત્રોનું વિશિષ્ટ જ્ઞાન હતું. बहुमाण=બહુમાન=લોકોને ક્ષુલ્લક સાધુ પ્રત્યે બહુમાન હતું. तप्पदूसणया=તત્પ્રદ્વેષની દૂષણા=તે ક્ષુલ્લક સાધુ પ્રત્યે પ્રદ્વેષને કારણે તે આચાર્યને મોટું કાલુષ્ય પ્રાપ્ત થયું. अणुबंध=અનુબંધ=તે પ્રદ્વેષનો પ્રવાહ ચાલુ રહ્યે છતે, काल=કાળ=મરણ થયું. साहुठाणम्मि उज्जाणे सप्पे=સાધુસ્થાનવાળા ઉદ્યાનમાં સર્પરૂપે થયા.

सज्झायभूमि=સ્વાધ્યાયભૂમિમાં, खुड्डगगमणे=ક્ષુલ્લક સાધુનું ગમન થયે છતે, अणिमित्त=અનિમિત્ત= અપશૂકન થયા. गुरुणिवारणया=ગુરુ વડે નિવારણા કરાઈ. पेहण=પ્રેષણ=ગુરુ વડે કહેવાથી તે સાધુ વડે પ્રેષણ થયું. सप्पे=સર્પ=તે ક્ષુલ્લક સાધુ પ્રત્યે આવતો સાપ જોવાયો. पडिणीयणाणमोहेणमह गुरुणो=ઓઘથી ગુરુને પ્રત્યનીકતાનું જ્ઞાન થયું='આ ક્ષુલ્લક સાધુને સાપ પ્રત્યનીક છે' એમ ગુરુને ઓઘથી જ્ઞાન થયું.

केवलिआगम=કેવળીનું આગમન, पुच्छा=પૃચ્છા કરાઈ, विसेसकहणाए=વિશેષ કથનમાં='આ તમારા ગુરુ જ સાપ થયા છે' એ પ્રકારના વિશેષ કથનમાં, साहुसंवेगो=સાધુને સંવેગ થયો=અત્યંત સંવેગ થયો. तव्वयणओ य=અને તેમના વચનથી, खामण=ક્ષમાપના=તે સાપને બધા સાધુઓએ ક્ષમાપના કરી. सरणं=સ્મરણ=સાપને જાતિસ્મરણ થયું. आराहणा चेव=અને આરાધના=અનશન દ્વારા સાપે આરાધના કરી. ॥૪૮૯થી ૪૯૧॥

ગાથાર્થ :-

આગમિક=ઘણાં શાસ્ત્રો ભણેલા ગચ્છના નાયક આચાર્ય હતા. પરંતુ ઋદ્ધિગારવ-રસગારવ અને શાતાગારવને પરવશ થયા. ક્ષુલ્લકને ક્રિયા અને જ્ઞાન=તે આચાર્યના ગચ્છમાં એક ક્ષુલ્લક

સાધુ શાસ્ત્રાનુસારી ક્રિયા કરતા હતા અને તર્ક-વ્યાકરણ આદિ શાસ્ત્રોનું વિશિષ્ટ જ્ઞાન હતું. બહુમાન=લોકોને ક્ષુલ્લક સાધુ પ્રત્યે બહુમાન હતું. તત્પ્રદ્વેષની દૂષણા=તે ક્ષુલ્લક સાધુ પ્રત્યે પ્રદ્વેષને કારણે તે આચાર્યને મોટું કાલુષ્ય પ્રાપ્ત થયું. અનુબંધ=તે પ્રદ્વેષનો પ્રવાહ ચાલુ રહે છતે, કાળ=મરણ થયું. સાધુસ્થાનવાળા ઉદ્યાનમાં સર્પરૂપે થયા.

સ્વાધ્યાયભૂમિમાં ક્ષુલ્લક સાધુનું ગમન થયે છતે અનિમિત્ત=અપશૂકન થયા. ગુરુ વડે નિવારણા કરાઈ. પ્રેષણ=ગુરુ વડે કહેવાથી તે સાધુ વડે પ્રેષણ થયું. સર્પ=તે ક્ષુલ્લક સાધુ પ્રત્યે આવતો સાપ જોવાયો. ઓઘથી ગુરુને પ્રત્યનીકતાનું જ્ઞાન થયું='આ ક્ષુલ્લક સાધુને સાપ પ્રત્યનીક છે' એમ ગુરુને ઓઘથી જ્ઞાન થયું.

કેવળીનું આગમન, પૃચ્છા કરાઈ, વિશેષ કથનમાં='આ તમારા ગુરુ જ સાપ થયા છે' એ પ્રકારના વિશેષ કથનમાં, સાધુને સંવેગ થયો=અત્યંત સંવેગ થયો. અને તેમના વચનથી ક્ષમાપના=તે સાપને બધા સાધુઓએ ક્ષમાપના કરી. સ્મરણ=સાપને જાતિસ્મરણ થયું, અને આરાધના=અનશન દ્વારા સાપે આરાધના કરી. ।।૪૮૯થી ૪૯૧।।

ટીકા :-

साम्प्रतं चागमिकज्ञातमाह—तत्रागमिकः कश्चिदाचार्यः स्वभावत एव मेधादिगुणपात्रं सुगुरुपदप्रासादाभ्यस्तसमस्तागमः स्वगच्छनायकत्वमनुभवन्, परमृद्धिरससातगौरवपारवश्यमुपगतो वर्त्तते स्म । 'किरिय णाणं खुड्डग-'त्ति तस्य च सूरेः सम्बन्धिनि गच्छे क्षुल्लके । लघुवयसि कस्मिंश्चित् साधौ क्रिया प्रत्युपेक्षणा-प्रमार्जनादिरूपा सामाचारी सकलमनस्विमानवमानससन्तोषसम्पादिका, ज्ञानं च व्याकरणतर्क्कगणितज्यौतिषस्वसमयपरसमयशास्त्रपरिज्ञानलक्षणं तत्कालवर्त्तिविद्वज्जनशिरोमणिभावसूचकं तथाविधकर्मह्रासाद् युगपदेव समारूढे अभूताम् । ततो लोकस्यासाधारणतद्गुणाकृष्टचेतसो गुरुपूजोपेक्षणेन तत्र 'बहुमाण'त्ति बहुमानो वन्दनपूजनगुणग्रहणवस्त्रपात्रप्रतिलाभनादिरूपो भूयान् विजृम्भितः । पठ्यते चात्र—'शुद्धाः प्रसिद्धिमायांति लघवोऽपीह नेतरे । तमस्यपि विलोक्यन्ते दन्तिदन्ता न दन्तिनः ।।१।।' इत्येवं च स्थिते 'तप्पदूसणय'त्ति तस्य गुरोरसमशिष्यमत्सरक्षारविच्छुरितस्य प्रदूषणा प्रकृष्टदूषणारूपा प्रवृत्ता शिष्यं प्रति महत् कालुष्यमित्यर्थः । 'अणुबंधकालसप्पे' इति अनुबन्धेऽनुगमे प्रद्वेषस्य प्रवृत्ते सति कालो मरणमभूत् । मृतश्च सन् सर्प्पः अञ्जनपुञ्जकालकायोऽनाकलितकोपप्रसर उद्याने तत्रैव साधुस्थाने मुनिलोकनिवासभूते स संभूतः ।।४८९।।४।।

अन्यदा च स्वाध्यायभूमौ वाचनाप्रच्छनादेः श्रुतधर्मस्य योग्यायां भुवि तेन क्षुल्लकेन गमने क्रियमाणेऽकस्मादेव 'अनिमित्त'त्ति अनिमित्तमपशकुनः संवृत्तः । 'गुरुणिवारणया' इति । ज्ञानस्य

**गुरुणाभिनवाचार्येण ततस्तेन तत्रगमननिवारणा कृता । भणितं च तत्र गुरुणा 'निमित्ते किंत्तिमे अत्थि निमित्ते' इति । दृष्टश्च सर्प्पस्तं क्षुल्लकं प्रति वेगेन प्रवर्त्तमानः । ततः प्रत्यनीकज्ञानं कश्चिदस्य प्रत्यनीकोऽयमिति परिज्ञानलक्षणमोघेन सामान्येन, न त्वसाविति विशेषेण, अथ सर्प्पदर्शनानन्तरं गुरोरभिनवाचार्यस्य सञ्जातम् ।।४९०।।५।।**

**समये च केवल्यागमे पृच्छा जाता । विशेषकथनायां यथा—अयमेव भवतां पूर्वाचार्योऽमुमेव क्षुल्लकं प्रति वृद्धकोपो मृत्वा सर्प्पतया समुत्पन्न एवंरूपायां कृतायां साधुसंवेगः सञ्जातः, यथा—अहो दुरन्तता कषायाणां यदेवंविधां सकलविद्वच्चक्रचित्तचमत्कारकारिणीं वर्त्तमानयुगैकागमिकतामुपलभ्यायमस्मद्गुरुर्दत्तधार्मिकजनोद्वेगां सर्प्पतां प्राप्तः । तद्वचनतस्तु केवलिवचनात् पुनः क्षामणा सर्वैरेव साधुभिः समकालमेव बद्धाञ्जलिभिः क्षमस्वास्मदीयमपराधमित्येवंरूपा तस्य कृता । ततः स्मरणं जातिस्मरणलक्षणं, कृतानशनस्याराधना चैव पण्डितमरणेन देवलोकलाभलक्षणा संजातेति ।।४९१।।६।।**

**समाप्तमागमिकाख्यानकम् ।।२।।**

**ભાવાર્થ :-**

કોઈક મહાત્મા ઘણું શાસ્ત્ર ભણેલા હતા અને કલ્યાણના અર્થી હતા છતાં કોઈક નિમિત્તે પ્રમાદને વશ થઈને રસગારવ-ઋદ્ધિગારવ આદિમાં સંયમજીવનનો નાશ કરતા હતા અને તેમના કોઈક ક્ષુલ્લક શિષ્ય ઘણી શુદ્ધ ક્રિયા કરનાર હતા, જ્ઞાનમાં પણ અતિનિપુણ પ્રજ્ઞાવાળા હતા તેથી લોકો તેમનું બહુમાન કરતા હતા તે બહુમાનને જોઈને આગમિક એવા તે આચાર્ય તે ક્ષુલ્લક પ્રત્યે પ્રદ્વેષવાળા થયા. વળી, આ પ્રદ્વેષ સંયમજીવનમાં સતત રહ્યો. તેથી કાળ કરીને તે આચાર્ય સાધુના સ્થાનવાળા ઉદ્યાનમાં સર્પરૂપે થયા. તે ક્ષુલ્લક સાધુ સ્વાધ્યાય નિમિત્તે તે ઉદ્યાનભૂમિમાં જવા પ્રયત્ન કરે છે ત્યારે અપશુકન થાય છે તેથી તે આચાર્યના સ્થાને રહેલા આચાર્યએ તે ક્ષુલ્લક સાધુને વારણ કર્યું અને અપશુકન થવાનું કારણ શું છે તે જાણવા માટે સ્વાધ્યાયભૂમિનું અવલોકન કર્યું તો કોઈક સર્પ તેમને દેખાયો જે સર્પ વેગથી તે ક્ષુલ્લક સાધુની સન્મુખ જવા પ્રયત્ન કરતો હતો તેથી ગુરુએ જાણ્યું કે આ ક્ષુલ્લક સાધુનો આ કોઈક પ્રત્યનીક સાપનો જીવ છે જેથી તેને કરડવા આવી રહ્યો છે. કેવલીના આગમનમાં પૃચ્છા કરે છે ત્યારે કેવલીએ કહ્યું કે 'આ તમારા ગુરુ છે' તેથી મહાત્માઓને અત્યંત સંવેગ થાય છે. ત્યારપછી ત્યાં રહેલા સાપને સર્વ સાધુઓ ખમાવે છે જેનાથી સાપને જાતિસ્મરણ થાય છે અને અનશન કરીને દેવલોકમાં જાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે તે આગમિક સાધુ મોક્ષના અર્થી હતા, કલ્યાણ અર્થે શાસ્ત્ર ભણેલા હતા છતાં પ્રમાદને વશ પોતાના શિષ્યને પ્રાપ્ત થતા અધિક માનને જોઈને દ્વેષવાળા થયા તો મિથ્યાત્વની પ્રાપ્તિ પણ થઈ, તિર્યંચભવની પ્રાપ્તિ થઈ. તેથી શ્રુત પણ તેમના સંસારની વૃદ્ધિનું કારણ બન્યું છતાં આરાધકભાવ હતો તેથી સાપના ભવમાં જાતિસ્મરણ થવાથી ફરી માર્ગની પ્રાપ્તિ થઈ. તેથી આરાધક સાધુ પણ શ્રુત ભણીને તેનાથી આત્માને વાસિત કરે તોપણ 'હું બહુશ્રુત છું' એવી બુદ્ધિને કારણે મદ થાય અને અન્ય પ્રત્યે

પ્રદ્વેષ થાય તો તે શ્રુતકાળમાં વર્તતા સંક્લેશને કારણે દુર્ગતિઓની પ્રાપ્તિ થાય છે. માટે શ્રુતઅધ્યયનમાં પણ અસંક્લિષ્ટભાવ થાય તે રીતે યત્ન કરવો જોઈએ અને સંક્લિષ્ટભાવમાં કરાયેલું ધર્મના અનુષ્ઠાનરૂપ શ્રુત પણ આત્માનું રક્ષણ કરી શકતું નથી. **॥૪૮૯થી ૪૯૧॥**

**આગમિકનું ઉદાહરણ સમાપ્ત થયું.**

**ગાથા :-**

**विणयरओ उ उदाई राया आणाओ चिंत सामंते ।**
**एगस्स कहणमम्हं ण कोइ जो तं विणासेइ ।।४९२।।७।।**
**उच्छिण्ण कुमारोलग्गणाए अहयं तु देहि आएसं ।**
**पडिसुणण गम अप्पवेस साहू अयं ति णिक्खमणं ।।४९३।।८।।**
**किरिया विणए बारस वरिसा वीसंभ पोसहे गुरुणा ।**
**पविसण सुत्ते कंकं गुरुणावि हवो सुदीहोत्ति ।।४९४।।९।।**

**અન્વયાર્થ :-**

**विणयरओ उ=વળી વિનયરત=વિનયરત્ન ઉદાહરણ છે. उदाई राया=ઉદાયી રાજા હતો. एगस्स सामंते आणाओ चिंत=એક સામંતને રાજાની આજ્ઞાથી ચિંતા થઈ, कहणं=કથન=સામંતે કહ્યું – अम्हं ण कोइ जो तं विणासेइ='અમારો કોઈ માણસ નથી જે તેનો અર્થાત્ ઉદાયી રાજાનો વિનાશ કરે.'**

**उच्छिण्ण कुमारो=ઉચ્છિન્ન કુમાર=ઉદાયી રાજા વડે જેનું રાજ્ય છીનવી લેવાયું છે તેવો કુમાર, लग्गणाए=લાગેલો=તે સામંત સાથે સેવામાં લાગેલો કહે છે – अहयं तु='હું તેનો વિનાશ કરું', देहि आएसं='મને આદેશ આપો.' पडिसुणण=પ્રતિશ્રવણ=સામંતે સ્વીકાર કર્યો. गम=ગમન=વિનયરત્નનું પાટલિપુત્ર ગમન, अप्पवेस=અપ્રવેશ=રાજકુલમાં અપ્રવેશ, साहू=સાધુ=સાધુનો અસ્ખલિત પ્રવેશ જોઈને, अयं ति='આ ઉપાય છે' એમ વિચારીને, णिक्खमणं=નિષ્ક્રમણ=દીક્ષા લીધી.**

**किरिया=ક્રિયા=ચક્રવાલસામાચારીરૂપ ક્રિયા, विणए बारस वरिसा=વિનયપૂર્વક બાર વરસ સુધી ગ્રહણ કરાઈ. वीसंभ=ગુરુને વિશ્વાસ થયો. पोसहे=પૌષધમાં=અન્યદા રાજાએ પૌષધ કર્યે છતે, गुरुणा पविसण=ગુરુ સાથે રાજકુળમાં પ્રવેશ, सुत्ते=સૂતેલી અવસ્થામાં, कंकं=કંકછરી=કંકછરી વડે રાજાનું ગળું કાપ્યું. गुरुणावि हवो सुदीहोत्ति=ગુરુ વડે પણ પ્રવચનના ઉડ્ડાહને કારણે ભવ દીર્ઘ થશે એમ વિચારીને (પોતાના ગળા ઉપર છરી મારીને પોતાનો વિનાશ કર્યો.) ॥૪૯૨થી ૪૯૪॥**

**ગાથાર્થ :-**

**વળી, વિનયરત=વિનયરત્ન ઉદાહરણ છે. ઉદાયી રાજા હતો. એક સામંતને રાજાની આજ્ઞાથી**

ચિંતા થઈ. કથન=સામંતે કહ્યું – 'અમારો કોઈ માણસ નથી જે તેનો અર્થાત્ ઉદાયી રાજાનો વિનાશ કરે.'

ઉચ્છિન્ન કુમાર=ઉદાયી રાજા વડે જેનું રાજ્ય છીનવી લેવાયું છે તેવો કુમાર, લાગેલો=તે સામંત સાથે સેવામાં લાગેલો કહે છે – 'હું તેનો વિનાશ કરું', 'મને આદેશ આપો.' પ્રતિશ્રવણ= સામંતે સ્વીકાર કર્યો. ગમન=વિનયરત્નનું પાટલિપુત્ર ગમન. અપ્રવેશ=રાજકુલમાં અપ્રવેશ, સાધુ=સાધુનો અસ્ખલિત પ્રવેશ જોઈને, 'આ ઉપાય છે' એમ વિચારીને નિષ્ક્રમણ=દીક્ષા લીધી.

ક્રિયા=ચક્વાલસામાચારીરૂપ ક્રિયા, વિનયપૂર્વક બાર વરસ સુધી ગ્રહણ કરાઈ. ગુરુને વિશ્વાસ થયો. પૌષધમાં=અન્યદા રાજાએ પૌષધ કર્યે છતે, ગુરુ સાથે રાજકુળમાં પ્રવેશ, સૂતેલી અવસ્થામાં કંકછરી=કંકછરી વડે રાજાનું ગળું કાપ્યું. ગુરુ વડે પણ પ્રવચનના ઉડ્ડાહને કારણે ભવ દીર્ઘ થશે એમ વિચારીને પોતાના ગળા ઉપર છરી મારીને પોતાનો વિનાશ કર્યો. ।।૪૯૨થી ૪૯૪।।

ટીકા :-

विनयरतस्तु यथोदाहरणं सम्भूतस्तथोच्यते—इह पाटलिपुत्रे पूर्वमेव कल्पकज्ञातोक्तवृत्तान्त उदायीनाम राजा समभूत् । स च तेषु तेषु निमित्तेषु सामन्तान् नित्यमेवाज्ञापयन् कालमतिवाहयांचकार । अन्यदा च 'आणाओचिंतसामंते एगस्स'त्ति आज्ञया तत्सत्कया कृत्वा एकस्य सामन्तस्य चिन्ता समुत्पन्ना-कथं वयं हस्तीवाङ्कुशेनानया आज्ञया कदाचनापि मस्तकादनुत्तीर्णया सकष्टं जीवामः ? ततः कथनं निजाभिप्रायप्रकाशनं कृतं तेन स्वकीयपरिमितपरिषदे, यथाऽस्माकं न कश्चित् स जीवः समस्ति, यस्तमुदायिनमुदग्रशासनं विनाशयति ।।४९२।।७।।

तत उदायिना प्राक् कुतोऽप्यपराधादस्यैकस्य राज्ञो राज्यं 'उच्छिन्नत्ति' उच्छिन्नमुद्दालितमित्यर्थः, तस्य कुमारस्तस्यावलग्नायां प्रवृत्तो य आसीत् तेन प्रोक्तमहकं त्वहमेव तं विनाशयामि, दत्त आदेशम् 'पडिसुणणगमप्पवेसे' इति प्रतिश्रवणं कृतमनेन राज्ञा । ततस्तस्य पाटलिपुत्रे नगरे गमे गमने जाते बहूपायपरस्यापि राजकुलेऽप्रवेशे प्रवेशाभावे संपद्यमाने साधवोऽस्खलितप्रचारास्तत्र प्रविशन्तस्तेन दृष्टास्ततश्चिंतितमेष एवात्र प्रवेश उपाय इत्यस्माद्धेतोर्निष्क्रमणं व्रतग्रहणलक्षणमकार्यनेन ।।४९३।।८।।

प्रारब्धा च क्रिया चक्रवालसामाचारीलक्षणेति । 'विणए बारस वरिसा' इति, विनये सर्वसाधुगोचरे महान् यत्नोऽस्येति सर्वसाधुभिः प्रतिष्ठितविनयरताभिधानस्य तस्य गतानि द्वादश वर्षाणि । विश्वस्ता गुरवः । अन्यदा पोषधोऽष्टमीचतुर्दश्योः पर्व्वदिवसयोरन्यतमदिवसरूपे । गुरुणा सह तत्र राजकुले प्रवेशनमभूत् । ततो रात्रौ सुप्ते प्रतिपन्नपोषधे उदायिराजे मुनिनायके च 'कंकं' इति कंकलोहकर्त्तिका कण्ठकर्त्तनाय राज्ञो गले दत्ता । निर्गतश्चासौ ततः स्थानात् । गुरुणापि लब्धवृत्तान्तेन भवः सुदीर्घो नूनं मे प्रवचनोड्डाहाद् भविष्यतीति विचिन्त्य विहिततत्कालोचितकृत्येन सैव कंकलोहकर्त्तिका निजकण्ठे

नियोजिता । प्राप्तौ च द्वावपि देवलोकम् । स पुनः परिपालितद्वादशवर्षव्रतः संक्लेशातिरेकाद् अनन्तभवमिति ।।४९४।।९।।

समाप्तं विनयरताख्यानकम् ।।३।।

**ભાવાર્થ :-**

ઉદાયી રાજા દ્વારા વિનયરત્નના પિતા કોઈક અપરાધસર વિનાશ કરાયા તેથી વિનયરત્નને ઉદાયી રાજા પ્રત્યે દ્વેષ હતો. વળી, ઉદાયી રાજાના કોઈ સામંતને ઉદાયી રાજાની આજ્ઞાનું હંમેશાં પાલન કરવું પડતું હતું તેથી દ્વેષથી સભામાં સામંત કહે છે કે ‘આપણામાં કોઈ એવું નથી, જે ઉદાયી રાજાનો વિનાશ કરે ?’ તે વખતે તે સામંતની સેવામાં રહેલ વિનયરત્નએ પ્રતિજ્ઞા કરી કે હું તેનો નાશ કરીશ. ત્યારપછી ઉદાયી રાજાના મહેલમાં પ્રવેશ કરવાનો કોઈ ઉપાય નહીં જણાતાં અને સાધુઓ ઉદાયી રાજાના મહેલમાં જાય છે તેમ જોવાથી ઉદાયી રાજાને મારવાના અધ્યવસાયપૂર્વક તેના ઉપાયરૂપે વિનયરત્નએ દીક્ષા ગ્રહણ કરી. બાર વર્ષ સુધી ગુરુના વિનયપૂર્વક શુદ્ધ સંયમના આચારોનું પાલન કર્યું અને પર્વતિથિએ ઉદાયી રાજા પૌષધ કરે છે ત્યારે તેમની વિશિષ્ટ આરાધના અર્થે સાધુ તેમના મહેલમાં જતા હતા અને સાધુ ત્યાં જ રાત્રે સ્વાધ્યાય કરાવીને સંથારો કરતા હતા. તે વખતે સાથે વિનયરત્ન પણ ગયેલ અને સૂતેલા ઉદાયી રાજાનું ગળું છરીથી કાપી નાખ્યું અને પોતે બહાર નીકળી ગયા. મૃત રાજાના શરીરમાંથી નીકળેલું લોહી વિનયરત્નના ગુરુઆચાર્ય પાસે ગયું. તેથી વિનયરત્નએ ઉદાયી રાજાને માર્યો છે તેવો નિર્ણય કરીને શાસનની અવહેલનાના નિવારણ અર્થે આચાર્યએ સ્વહસ્તે છરીથી પોતાનું ગળું કાપી નાખ્યું. આ સર્વ અવસ્થામાં વિનયરત્નએ વિનયપૂર્વક સામાચારીનું પાલન કર્યું હતું છતાં શત્રુ એવા ઉદાયી રાજાને મારવાનો અધ્યવસાય હતો તેથી સંક્લિષ્ટ ભાવથી કરાયેલી સામાચારીનું પાલન અનંત ભવના પરિભ્રમણનું કારણ બન્યું. **॥૪૯૨થી ૪૯૪॥**

**વિનયરત્નનું ઉદાહરણ સમાપ્ત થયું.**

**ગાથા :-**

**सम्मे कुंतलदेवी तदण्णदेवीण मच्छरसमेया ।**
**पूयं कुणइ जिणाणं अइसयमो वच्चई कालो ।।४९५।।१०।।**
**गेलण्ण मरणवत्था पडरयणावणयणं अवज्झाणं ।**
**मरणं साणुप्पत्ती केवलि तज्जम्मपुच्छणया ।।४९६।।११।।**
**कहणा देवीसंवेगवासणा नेह पूजकरणं च ।**
**सरणं बोही खामण पसमो आराहणा चेव ।।४९७।।१२।।**

**અન્વયાર્થ :-**

**सम्मे=સમ્યક્ત્વના સદાચારમાં, कुंतलदेवी=કુંતલદેવી (દૃષ્ટાંત છે.) तदण्णदेवीण मच्छरसमेया=તેનાથી**

અન્ય દેવીઓના મત્સરથી યુક્તપણાને કારણે, जिणाणं=જિનોની, अइसयमो पूयं कुणइ=અતિશયવાળી પૂજા કરે છે=શેષ દેવીઓ કરતાં અતિશયવાળી પૂજા કરે છે, कालो वच्चई=કાળ પસાર થાય છે.

गेलण्ण मरणवत्था=ગ્લાન અને મરણ અવસ્થાવાળી થઈ, पडरयणावणयणं=પટ્ટરત્ન ગ્રહણ કરાયું=રાજા વડે રત્નકમ્બલ ગ્રહણ કરાયું, अवज्झाणं=અપધ્યાન=દેવીને દુર્ધ્યાન, मरणं=મૃત્યુ પામી, साणुप्पत्ती=કૂતરીરૂપે ઉત્પત્તિ, केवलि तज्जम्मपुच्छणया=કેવલીને તેના જન્મની પૃચ્છા.

कहणा=કથન=કેવલી દ્વારા કૂતરી ભવનું કથન, देवीसंवेगवासणा=શેષ દેવીઓને સંવેગ થયો અને કૂતરીને જોવાની ઈચ્છા થઈ. नेह=સ્નેહ=કૂતરીને દેવીઓ પ્રત્યે સ્નેહ થયો, पूजकरणं च=અને પૂજાકરણ= અન્ય દેવીઓએ તે કૂતરીની ધૂપ-પુષ્પાદિથી પૂજા કરી, सरणं=સ્મરણ=કૂતરીને જાતિસ્મરણ થયું, बोही=બોધિ=કૂતરીને બોધિની પ્રાપ્તિ થઈ, खामण=ક્ષમાપના=અન્ય દેવીઓએ તે કૂતરી સાથે ક્ષમાપના કરી. पसमो=પ્રશમ=કૂતરીને કષાયનો ઉપશમ થયો, आराहणा चेव=અને આરાધના=કૂતરીને આરાધનાની પ્રાપ્તિ થઈ. ।।૪૯૫થી ૪૯૭।।

ગાથાર્થ :-

સમ્યક્ત્વના સદાચારમાં કુંતલદેવી દૃષ્ટાંત છે. તેનાથી અન્ય દેવીઓના મત્સરથી યુક્તપણાને કારણે જિનોની અતિશયવાળી પૂજા કરે છે=શેષ દેવીઓ કરતાં અતિશયવાળી પૂજા કરે છે. કાળ પસાર થાય છે.

ગ્લાન અને મરણ અવસ્થાવાળી થઈ. પટ્ટરત્ન ગ્રહણ કરાયું=રાજા વડે રત્નકમ્બલ ગ્રહણ કરાયું. અપધ્યાન=દેવીને દુર્ધ્યાન, મૃત્યુ પામી કૂતરીરૂપે ઉત્પત્તિ. કેવલીને તેના જન્મની પૃચ્છા.

કથન=કેવલી દ્વારા કૂતરી ભવનું કથન, શેષ દેવીઓને સંવેગ થયો અને કૂતરીને જોવાની ઈચ્છા થઈ. સ્નેહ=કૂતરીને દેવીઓ પ્રત્યે સ્નેહ થયો, અને પૂજાકરણ=અન્ય દેવીઓએ તે કૂતરીની ધૂપ-પુષ્પાદિથી પૂજા કરી. સ્મરણ=કૂતરીને જાતિસ્મરણ થયું. બોધિ=કૂતરીને બોધિની પ્રાપ્તિ થઈ. ક્ષમાપના=અન્ય દેવીઓએ તે કૂતરી સાથે ક્ષમાપના કરી. પ્રશમ=કૂતરીને કષાયનો ઉપશમ થયો. અને આરાધના=કૂતરીને આરાધનાની પ્રાપ્તિ થઈ. ।।૪૯૫થી ૪૯૭।।

ટીકા :-

अथ कुन्तलदेव्युदाहरणमुच्यते—तत्र 'सम्मे' इति सम्यक्त्वसमाचारे जिनभवनजिनबिम्बजिनयात्रादिके प्रारब्धे कौंतलदेवी, तस्याः सकाशाद् अन्यास्ताश्च ता देव्यस्तासां विषये मत्सरसमेता राजलक्षणैकभर्तृ-द्रव्याभिलाषवशसमुत्पन्नेर्ष्यादोषविषविकारा पूजां प्रत्यहं पुष्पधूपाद्युपचाररूपां करोति जिनानामर्हतां, 'अइसयमो'त्ति शेषदेवीभिः क्रियमाणपूजाया अतिशयवतीम् । एवं च व्रजति कालस्तस्या इति ।।४९५।।१०।।

अन्यदा तथाविधरोगवशाद् ग्लान्यं ग्लानिभावस्तस्माद् मरणावस्थोपस्थिता तस्याः । तदवस्थाया

**एव च तथाविधं प्रयोजनमपेक्ष्य प्रागनुभूतपटरत्नस्य कम्बलरत्नादेरपनयनमुद्दालनमकारि राज्ञा अपध्यान-मार्त्तध्यानलक्षणं समभूदस्याः । तदनुमरणमभूत् । 'साणुप्पत्ती' इति शुनीभावोत्पत्तिः संवृत्ता । कालेन च केवलिनस्तत्रागतस्य कस्यचित् पार्श्वे तज्जन्मप्रच्छनमकारि लोकेन ।।४९६।।११।।**

**कथना तज्जन्मनस्तेन कृता । ततो 'देवीसंवेग'त्ति शेषदेवीनां संवेगः समजनि-अहो दुरन्तो मत्सरः, यदेवंविधधर्मकर्मनिर्म्मापणपरापि शुनीभावेनोत्पन्ना । ततः शेषदेवीभिस्तद्दर्शनमकारि । स्नेहश्च तस्यास्तासु संवृत्तः । पूजाकरणं तु धूपपुष्पादिसमभ्यर्च्चनरूपं ताभिस्तस्याः पुनः कृतम् । स्मरणं प्राग्भवस्य, बोधिः धर्मप्राप्तिस्तस्याः संवृत्ता । क्षामणा च ताभिस्तस्याः कृता । प्रशम आराधना चैव तस्याः संवृत्तेति ।।४९७।।१२।।**

**समाप्तं कुन्तलदेव्युदाहरणम् ।।४।।**

**ભાવાર્થ :-**

ભગવાનની પૂજા વિષયક સંક્લિષ્ટભાવ બતાવતાં કુંતલા રાણીનું દૃષ્ટાંત બતાવે છે કુંતલારાણી ધર્મપરાયણ હતી છતાં અન્ય દેવીઓની ભગવાનની શ્રેષ્ઠ પૂજા જોઈને મત્સરથી તે સર્વ કરતાં મારી પૂજા શ્રેષ્ઠ થવી જોઈએ એ પ્રકારની બુદ્ધિથી ભગવાનની પૂજા કરતી હતી. તેથી પૂજાકાળમાં અન્ય દેવીઓ પ્રત્યેના મત્સરભાવથી સંભૃત ચિત્ત હોવાના કારણે દર્શનશુદ્ધિના કારણીભૂત પણ પૂજા કર્મબંધનું કારણ થઈ. એથી મરીને કૂતરી રૂપે થઈ છતાં તેવો અતિક્લિષ્ટભાવ નહીં હોવાથી કૂતરીના ભવમાં ધર્મની પ્રાપ્તિ થઈ અને આરાધક થઈ માટે ધર્મઅનુષ્ઠાન પણ સંક્લેશયુક્ત કરવાથી વિરાધનાની પ્રાપ્તિ થાય છે માટે વીતરાગની ભક્તિ કરીને હું વીતરાગના ગુણોની નિષ્પત્તિ મારા આત્મામાં કરું અને અન્ય જીવોની શ્રેષ્ઠ પૂજા જોઈને, તેના પ્રત્યે પ્રીતિથી યુક્ત જ ભગવાનની પૂજા કરવી જોઈએ. ફક્ત ભગવાનની અતિશય ભક્તિ કરવાના આશયથી સર્વ કરતાં શ્રેષ્ઠ પૂજા કરવામાં આવે તો દોષની પ્રાપ્તિ થાય નહીં. પરંતુ બીજાની શ્રેષ્ઠ પૂજા જોઈને તેનાથી હું શ્રેષ્ઠ કરું એવા ઈર્ષાના ભાવથી કે સર્વ કરતાં શ્રેષ્ઠ પૂજા કરનાર હું જ છું એવા અહંકારના ભાવથી પૂજા કરવામાં આવે તો દર્શનશુદ્ધિના કારણીભૂત પણ ભગવનાની પૂજા કલ્યાણનું કારણ બને નહીં. **॥૪૯૫થી ૪૯૭॥**

**કુંતલદેવીનું ઉદાહરણ સમાપ્ત થયું.**

**અવતરણિકા :-**

**अथोपसंहरन्नाह —**

**અવતરણિકાર્થ :-**

**હવે ઉપસંહારને કરતાં કહે છે=સંક્લિષ્ટભાવથી ધર્મ અનુષ્ઠાન ન કરવું જોઈએ એમ ગાથા-૪૮૪માં કહ્યું એ કથનનો ઉપસંહાર કરતાં કહે છે —**

**ગાથા :-**

**एयमिह दुक्खरूवो दुक्खफलो चेव संकिलेसो त्ति ।**
**आणासम्मपओगेण वज्जियव्वो सयावेस ।।४९८।।**

**અન્વયાર્થ :-**

**एयं=આ રીતે=ક્ષપકાદિ ઉદાહરણો બતાવ્યાં એ રીતે, इह=અહીં=જીવોમાં, संकिलेसो=સંક્લેશ, दुक्खरूवो दुक्खफलो चेव=દુઃખરૂપ અને દુઃખફળવાળો છે. त्ति एस=એથી આ=સંક્લેશ, सयावि=સદા પણ, आणासम्मपओगेण=આજ્ઞાના સમ્યગ્ પ્રયોગથી, वज्जियव्वो=વર્જવો જોઈએ. ।।૪૯૮।।**

**ગાથાર્થ :-**

**આ રીતે=ક્ષપકાદિ ઉદાહરણો બતાવ્યાં એ રીતે, અહીં=જીવોમાં, સંક્લેશ દુઃખરૂપ અને દુઃખ-ફળવાળો છે. એથી આ=સંક્લેશ, સદા પણ આજ્ઞાના સમ્યગ્ પ્રયોગથી વર્જવો જોઈએ. ।।૪૯૮।।**

**ટીકા :-**

**एवं क्षपकाद्युदाहरणानुसारेणेह प्राणिवर्गे दुःखरूपोऽमर्षस्वभावो दुःखफलश्चैव शारीरमानसादिव्यसनपरंपरारूपोत्तरोत्तरकार्यः संक्लेशः कषायकालुष्यलक्षणः इत्यस्मात् कारणादाज्ञासम्यक्प्रयोगेणावितथजिनादेशव्यापारणेन वर्जयितव्यः सदाप्येषसंक्लेश इति ।।४९८।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ક્ષપકાદિનાં ચાર ઉદાહરણો બતાવ્યાં. તેનાથી ફલિત થયું કે ધર્માનુષ્ઠાનકાળમાં કોઈ કષાયજન્ય સંક્લેશ વર્તતો હોય તો તે ધર્મઅનુષ્ઠાન પણ સંક્લેશને કારણે પ્રશમભાવને બદલે કષાયના કાલુષ્યરૂપ દુઃખરૂપ બને છે અને દુર્ગતિઓની પ્રાપ્તિરૂપ દુઃખફળવાળું બને છે. તેથી ભગવાનની આજ્ઞા ધર્માનુષ્ઠાનકાળમાં કઈ રીતે કષાયોના તિરોધાનપૂર્વક ગુણવૃદ્ધિનું કારણ બને છે તેનું સમ્યગ્ સ્મરણ કરીને તે રીતે ધર્માનુષ્ઠાન સેવવું જોઈએ જેના કારણે હંમેશાં ધર્માનુષ્ઠાનકાળમાં સંક્લેશનું વર્જન થાય; કેમ કે કલ્યાણના કારણીભૂત પણ અનુષ્ઠાનમાં તત્સહવર્તી ઉત્થિત થયેલા સંક્લેશો તે અનુષ્ઠાનને નિષ્ફળપ્રાયઃ કરે છે એટલું જ નહીં પણ અનર્થની પરંપરાનું કારણ બને છે માટે વિવેકીએ ધર્માનુષ્ઠાનકાળમાં પોતાના ચિત્તના પ્રવાહનું સમ્યગ્ અવલોકન કરીને ગુણવૃદ્ધિનું કારણ બને તે રીતે ધર્માનુષ્ઠાન સેવવું જોઈએ. **।।૪૯૮।।**

**અવતરણિકા :-**

**येषु जीवेष्वेष उपदेशो दीयमानः सफलः स्यात्, तान् सप्रतिपक्षान् आह —**

**અવતરણિકાર્થ :-**

**જે જીવોમાં અપાતો એવો આ ઉપદેશ=અત્યારસુધી વર્ણન કર્યું એ ઉપદેશ, સફળ થાય. સપ્રતિપક્ષ એવા તેઓને કહે છે=જેઓને ઉપદેશ સફળ છે અને જેઓને ઉપદેશ સફળ નથી તે બંનેને કહે છે —**

ગાથા :-

**सफलो एसुवएसो गुणठाणारंभगाण भव्वाणं ।**
**परिवडमा णाण तहा पायं न उ तट्ठियाणंपि ।।४९९।।**

અન્વયાર્થ :-

गुणठाणारंभगाण भव्वाणं=ગુણસ્થાનકઆરંભક ભવ્ય જીવોને, परिवडमा णाण तहा=અને ગુણસ્થાનકથી પડતા જીવોને, पायं=પ્રાયઃ, एसुवएसो सफलो=આ ઉપદેશ સફળ છે. न उ तट्ठियाणंपि=પરંતુ તેમાં સ્થિતને નથી=ગુણસ્થાનકમાં સર્વ પરાક્રમથી રહેલા જીવોને આ ઉપદેશ સફળ નથી. ।।૪૯૯।।

ગાથાર્થ :-

**ગુણસ્થાનકઆરંભક ભવ્ય જીવોને અને ગુણસ્થાનકથી પડતા જીવોને પ્રાયઃ આ ઉપદેશ સફળ છે. પરંતુ તેમાં સ્થિતને નથી=ગુણસ્થાનકમાં સર્વ પરાક્રમથી રહેલા જીવોને આ ઉપદેશ સફળ નથી. ।।૪૯૯।।**

ટીકા :-

**सफलः सप्रयोजन एष संक्लेशपरिहाररूप उपदेशो गुणस्थानारंभकाणां सम्यग्दृष्ट्यादिगुणस्थानकस्यात्मनि प्रवर्त्तकानां भव्यानां, विवक्षितगुणस्थानकं प्रति सम्पन्नाविकलयोग्यभावानां परिपततां जीवानां तथाविधक्लिष्टकर्म्मोदयाद् विवक्षितगुणस्थानकसौधशिखरादधःप्रारब्धपातानां, तथेति समुच्चये, प्रायो बाहुल्येन । एवमुक्तं भवति ये निकाचितकर्म्मोदयात् प्रारब्धपातास्तेषामफल एव, ये तु सोपक्रमकर्माणस्तेषु स्यादेव फलवानुपदेश इति । व्यवच्छेद्यमाह—न तु न पुनस्तत्स्थितानामपि सर्वात्मना समधिष्ठितगुणस्थानकानामपीति ।।४९९।।**

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ પ્રારંભથી માંડીને અત્યાર સુધી ઉપદેશ આપ્યો કે મનુષ્યજન્મને પામીને નિપુણતાપૂર્વક ચાર બુદ્ધિઓને અતિશય કરવા અર્થે અને સર્વ પ્રકારના પ્રમાદના પરિહારપૂર્વક ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકની વૃદ્ધિ અર્થે અપ્રમાદથી યત્ન કરવો જોઈએ. આ પ્રકારનો ઉપદેશ જે જીવો ગુણસ્થાનકને સન્મુખ થયેલા છે તેઓને આપવામાં આવે તો તે ઉપદેશના બળથી અતિશય વીર્યવાળા થઈને ગુણસ્થાનકની વૃદ્ધિ કરવા સમર્થ બને છે. વળી કોઈક જીવો ગુણસ્થાનકને પામેલા હોય છતાં પ્રમાદને વશ પાતને અભિમુખ થયેલા હોય તેવા જીવોને અપાયેલો આ ઉપદેશ ગુણસ્થાનકના પાતથી પ્રાયઃ રક્ષણનું કારણ બને છે. અહીં પ્રાયઃ કહેવાથી એ પ્રાપ્ત થાય કે અત્યંત ક્લિષ્ટ પરિણામવાળા પાતને અભિમુખ થયેલા જીવોને ઉપદેશથી પણ રક્ષણ થતું નથી પણ કેટલાક પાત પામનારા પણ કાંઈક યોગ્યતાવાળા જીવો છે તેઓનું ઉપદેશથી રક્ષણ થાય છે.

વળી, જે જીવો સતત સંસારના વાસ્તવિક સ્વરૂપનું સમાલોચન કરનારા છે, મોક્ષના અત્યંત અર્થી છે અને સંસારના ઉચ્છેદનો ઉપાય ભગવાનનું વચન છે એવી સ્થિર બુદ્ધિવાળા છે અને અપ્રમાદભાવથી તે ભાવોને સદા સ્થિર કરવા યત્ન કરે છે તેવા ગુણસ્થાનકમાં સ્થિર બુદ્ધિવાળા જીવો માટે આ ઉપદેશ ઉપયોગી નથી; કેમ કે તેઓ પોતાના સૂક્ષ્મ બોધપૂર્વક સ્વશક્તિ અનુસાર ભવના ઉચ્છેદ માટે સતત યત્ન કરનારા છે તેથી જેઓ શક્તિના પ્રકર્ષથી મોક્ષમાર્ગમાં ઉદ્યમશીલ છે તેઓને શીઘ્રગમન અર્થે અપાયેલો ઉપદેશ નિષ્ફળ છે અને તેવા જીવોને તો જિનવચનનું નવું નવું અધ્યયન જ સૂક્ષ્મ બોધપૂર્વક આત્મહિત સાધવા માટે ઉપયોગી બને છે, આમ છતાં ધર્મના ક્ષેત્રમાં આવેલા પણ બહુલતાએ જીવો નિમિત્તને પામીને ધર્માનુષ્ઠાનમાં પણ સંક્લિષ્ટભાવવાળા થાય છે. તેઓને આ પ્રકારના ઉપદેશની પ્રાપ્તિ થાય તો તેઓ સંક્લેશનું વર્જન કરીને પોતાના પાત થતા પરિણામનું રક્ષણ કરી શકે છે. **॥૪૯૯॥**

**અવતરણિકા :-**

**अमुमेवोपदेशमाश्रित्याह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ ઉપદેશને આશ્રયીને=ગુણસ્થાનકઆરંભક અને ગુણસ્થાનકથી પાત પામનારા જીવોને આશ્રયીને ઉપદેશ સફળ છે પરંતુ ગુણસ્થાનકસ્થિત જીવોને આશ્રયીને ઉપદેશ સફળ નથી, એને કહે છે –**

**ગાથા :-**

**सहकारिकारणं खलु एसो दंडोव्व चक्कभमणस्स ।**
**तम्मि तह संपयट्टे निरत्थगो सो जह तहेसो ।।५००।।**

**અન્વયાર્થ :-**

**चक्कभमणस्स दंडोव्व=ચક્રભ્રમણમાં દંડની જેમ, एसो=આ=ઉપદેશ, सहकारिकारणं खलु=સહકારી કારણ જ છે=ગુણસ્થાનકની પ્રાપ્તિમાં કે ગુણસ્થાનકથી રક્ષણ કરવામાં સહકારી કારણ જ છે. तम्मि तह संपयट्टे=અને તેમાં તે પ્રકારે સંપ્રવૃત્ત હોતે છતે=ચક્રનું ભ્રમણ ઘટનિષ્પત્તિમાં ઉપયોગી હોય તે પ્રકારે સંપ્રવૃત્ત હોતે છતે, जह=જે પ્રકારે, सो=તે=દંડ, निरत्थगो=નિરર્થક છે. तहेसो=તે પ્રકારે આ=ઉપદેશ નિરર્થક છે. ।।૫૦૦।।**

**ગાથાર્થ :-**

**ચક્રભ્રમણમાં દંડની જેમ આ=ઉપદેશ સહકારી કારણ જ છે=ગુણસ્થાનકની પ્રાપ્તિમાં કે ગુણસ્થાનકથી રક્ષણ કરવામાં સહકારી કારણ જ છે. અને તેમાં તે પ્રકારે સંપ્રવૃત્ત હોતે છતે= ચક્રનું ભ્રમણ ઘટનિષ્પત્તિમાં ઉપયોગી હોય તે પ્રકારે સંપ્રવૃત્ત હોતે છતે, જે પ્રકારે તે=દંડ, નિરર્થક છે. તે પ્રકારે આ=ઉપદેશ નિરર્થક છે. ।।૫૦૦।।**

**ટીકા :-**

**सहकारिकारणं, खलुरेवकारार्थः, एष उपदेशः स्वयोग्यतयैव गुणस्थानकारम्भकाणां प्रतिपाते च स्थैर्ययोग्यानां जीवानाम् । दृष्टान्तमाह—दण्डवत् कुलालदण्ड इव चक्रभ्रमणस्य । तथा हि-अनारब्धभ्रमणं चक्रं दण्डेन भ्राम्यते, प्रारब्धभ्रमणमपि मन्दीभूते तत्र पुनस्तेन भ्रमणतीव्रतां नीयते; एवमत्रापि भावना कार्या । तस्मिन् भ्रमणे तथा सर्वभावमन्दतापरिहारवता प्रकारेण सम्प्रवृत्ते निरर्थको भ्रमणकार्यविकलः स दण्डो यथा, तथैष उपदेशः प्रारब्धस्वगुणस्थानसमुचितक्रियाणामिति ।।५००।।**

**ભાવાર્થ :-**

કુંભાર ઘટનિષ્પત્તિને અનુકૂળ આવશ્યક હોય તે પ્રમાણે દંડથી ચક્રનું ભ્રમણ કરે છે. તેથી દંડ ઘટનિષ્પત્તિમાં સહકારી કારણ છે તેમ યોગ્ય જીવ ગુણસ્થાનકનો આરંભ કે ગુણસ્થાનકથી પાત થતાં પોતાનું રક્ષણ સ્વપરાક્રમથી કરે છે, પરંતુ ઉપદેશના આલંબન વગર જે જીવોને તે પ્રકારનું પરાક્રમ ઉલ્લસિત થતું નથી તેઓના તે પ્રકારના પરાક્રમને ઉલ્લસિત કરવા માટે ઉપદેશ સહકારી કારણ છે. તેથી જે જીવો આત્મકલ્યાણના અર્થી થયા છે છતાં આત્મકલ્યાણ માટે ગુણસ્થાનકમાં કયા પ્રકારે ઉદ્યમ કરવો આવશ્યક છે તેનો સૂક્ષ્મ બોધ નહીં હોવાથી તે ગુણસ્થાનકને અનુકૂળ સદ્‌વીર્ય ઉલ્લસિત કરવાના અર્થી હોવા છતાં સ્વયં તે પ્રકારનું વીર્ય ઉલ્લસિત કરી શકતા નથી અને ગુણસ્થાનકના હાર્દને સ્પર્શે તે પ્રકારે ઉપદેશક ઉપદેશ આપે તો તે ઉપદેશકના વચનના અવલંબનથી તે મહાત્મા તે પ્રકારના ગુણસ્થાનકની વૃદ્ધિ માટે સમ્યગ્ ઉદ્યમ કરી શકે છે તેથી ગુણસ્થાનકઆરંભક જીવોને ગુણસ્થાનકની પ્રાપ્તિમાં ઉપદેશ સહકારી કારણ બને છે.

વળી કોઈક જીવોએ ઉચિત ઉપદેશક પાસેથી ગુણસ્થાનકનું હાર્દ પ્રાપ્ત કરેલું હોય અને તે પ્રમાણે ગુણસ્થાનકમાં યત્ન કરતા હોય છતાં બાહ્ય નિમિત્તોને પામીને ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ ઉદ્યમમાં શિથિલ થયા હોય અને મોહઆપાદક કર્મોને કારણે ગુણસ્થાનકની ક્રિયા કરવા છતાં પણ તેઓ ગુણસ્થાનકથી પાતને અભિમુખ થયા હોય તે વખતે ઉચિત ઉપદેશની પ્રાપ્તિ થાય તો તે ઉપદેશકના વચનથી ઉલ્લસિત થયેલા વીર્યવાળા તે મહાત્મા સ્વીકારેલા ગુણસ્થાનકમાં સ્થિર થઈ શકે છે અને ઉત્તરોત્તરની ભૂમિકાની પ્રાપ્તિનું કારણ બને તે પ્રકારે સ્વીકારેલ ગુણસ્થાનકમાં યત્ન કરવા સમર્થ બને છે. તેથી પાત પામતા જીવોને પણ ઉપદેશ સહકારી બને છે. જેમ ઘટનિષ્પત્તિ માટે આવશ્યક હોય તે પ્રકારે ચક્રભ્રમણ પ્રવર્તતું હોય તો સહકારી એવો દંડ નિરર્થક છે પરંતુ ઘટનિષ્પત્તિ માટે ચક્રભ્રમણ આવશ્યક હોય તે ચક્રભ્રમણ શિથિલ થયું હોય ત્યારે જ દંડ ઉપયોગી છે તેમ ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ જીવનું અંતરંગ ચક્ર પ્રગટ કરવા અર્થે કે પ્રગટ થયેલું અંતરંગ ચક્ર શિથિલ થતું હોય ત્યારે ઉપદેશ ઉપયોગી છે, પરંતુ જે મહાત્માઓ સ્વશક્તિ અનુસાર તત્ત્વનું ભાવન કરીને ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ દઢ ઉદ્યમ કરે છે તેઓને માટે ઉપદેશ નિરર્થક છે.

આનાથી એ ફલિત થાય કે જે મહાત્મા સતત સંસારના વાસ્તવિક સ્વરૂપનું પરિભાવન કરીને સ્વશક્તિને ગોપવ્યા વગર સંસારના ઉચ્છેદના ઉપાયભૂત ધર્માનુષ્ઠાનોમાં અંતરંગ રીતે વીતરાગતાને અભિમુખ સદ્‌વીર્ય

ઉલ્લસિત થાય તે પ્રકારે સદા ઉદ્યમશીલ છે તેઓને ઉપદેશની આવશ્યકતા નથી પરંતુ જેઓ માત્ર બાહ્ય ક્રિયા કરે છે કથંચિદ્ તે બાહ્ય ક્રિયા પણ અવિધિથી કરતા હોય કે કથંચિદ્ બાહ્ય ક્રિયા અંગસાકલ્યથી કરતા હોય છતાં તે તે અનુષ્ઠાન દ્વારા મોહનાશને અનુકૂળ અંતરંગ ઉદ્યમવિષયક સૂક્ષ્મ બોધના અભાવવાળા હોય તેઓને તે બોધનું કારણ બને તેવો ઉપદેશ જ સફળ છે, અન્ય કોઈ ઉપદેશ નહીં અને જેઓ ગુણસ્થાનકને સ્વીકારીને ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ અંતરંગ ઉદ્યમ કરતા હોય છતાં તેવા કોઈ નિમિત્તથી પ્રમાદવાળા થયા હોય ત્યારે તે પ્રમાદના પરિહારનું કારણ બને તેવો જ ઉપદેશ સફળ છે, અન્ય ઉપદેશ નહીં. આથી જ પ્રાપ્ત ગુણસ્થાનકમાં પ્રમાદ કરનારા જીવો કઈ રીતે સંસારની કદર્થનાને પામ્યા તેના મર્મનો સ્પર્શ થાય તે પ્રકારે કોઈ ઉપદેશક યોગ્ય જીવને ઉપદેશ આપે તો સંસારથી ભય પામેલા હોવા છતાં મોહને વશ તે ભય મંદ થયેલો હોવાને કારણે ગુણસ્થાનકની વૃદ્ધિના દૃઢ વ્યાપારમાં જીવની જે શિથિલતા હોય તે ઉપદેશના બળથી નિવર્તન પામે છે. તેથી જે તે ઉપદેશ સફળ નથી પરંતુ ભૂમિકા અનુસાર ઉચિત ઉપદેશ જ સફળ છે. **॥૫૦૦॥**

**અવતરણિકા :-**

**अथात्रैव परमतमाशंक्य परिहरन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે આમાં જ=ઉપદેશના વિષયમાં જ, પરમતની આશંકા કરીને પરિહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**जइ एवं किं भणिया निच्चं सुत्तत्थपोरिसीए उ ।**
**तट्ठाणंतरविसया तत्तोत्ति न तेण दोसोऽयं ।।५०१।।**

**અન્વયાર્થ :-**

**जइ एवं=જો આ પ્રમાણે છે=ગુણસ્થાનકઆરંભક અને પાત પામનારા જીવોને આશ્રયીને ઉપદેશ સફળ છે પરંતુ ગુણસ્થાનકસ્થિત જીવોને આશ્રયીને નહીં એ પ્રમાણે છે તો, सुत्तत्थपोरिसीए निच्चं किं भणिया=સૂત્ર-અર્થ પોરિસી નિત્ય કેમ કહેવાય છે ? અર્થાત્ ગુણસ્થાનકસ્થિત જીવોને આશ્રયીને સૂત્ર-અર્થ પોરિસીનો ઉપદેશ આપવો જોઈએ નહીં. तत्तोत्ति=તેનાથી=ગુણસ્થાનકના આરંભ માટે કે ગુણસ્થાનકના પાતથી રક્ષણ માટે જે ઉપદેશ છે તેનાથી, तट्ठाणंतरविसया=તેના સ્થાનાંતર વિષયવાળા= સૂત્રપોરિસી અને અર્થપોરિસીનું જે સ્થાનાંતર ઉત્તરોત્તરના વિશેષ બોધ તે વિષયવાળા સૂત્રપોરિસી અને અર્થપોરિસી છે. तेण=તે કારણથી, न दोसोऽयं=આ દોષ નથી=સૂત્રપોરિસી અને અર્થપોરિસીનો ઉપદેશ તત્સ્થાનસ્થિતને આશ્રયીને છે તેમ સ્વીકારવામાં દોષ નથી. ॥૫૦૧॥**

ગાથાર્થ :-

**જો આ પ્રમાણે છે=ગુણસ્થાનકઆરંભક અને પાત પામનારા જીવોને આશ્રયીને ઉપદેશ સફળ છે પરંતુ ગુણસ્થાનકસ્થિત જીવોને આશ્રયીને નહીં એ પ્રમાણે છે તો, સૂત્ર-અર્થ પોરિસી નિત્ય કેમ કહેવાય છે ? અર્થાત્ ગુણસ્થાનકસ્થિત જીવોને આશ્રયીને સૂત્ર-અર્થ પોરિસીનો ઉપદેશ આપવો જોઈએ નહીં. તેનાથી=ગુણસ્થાનકના આરંભ માટે કે ગુણસ્થાનકના પાતથી રક્ષણ માટે જે ઉપદેશ છે તેનાથી, તેના સ્થાનાંતર વિષયવાળા=સૂત્રપોરિસી અને અર્થપોરિસીનું જે સ્થાનાંતર ઉત્તરોત્તરના વિશેષ બોધ તે વિષયવાળા, સૂત્રપોરિસી અને અર્થપોરિસી છે. તે કારણથી, આ દોષ નથી=સૂત્રપોરિસી અને અર્થપોરિસીનો ઉપદેશ તત્સ્થાનસ્થિતને આશ્રયીને છે તેમ સ્વીકારવામાં દોષ નથી. ||૫૦૧||**

ટીકા :-

**यदि चेदेवमेतत् 'सफलो एसुवएसो' इत्यादि प्रागुक्तं वर्त्तते, ततः किं कस्माद् गदिते निरूपिते नित्यं प्रतिदिवसं सूत्रार्थपौरुष्यौ ? तुः पादपूरणार्थः । इह द्विविधाः श्रुतग्राहिणः कठोरप्रज्ञास्तदितरे च । तत्र ये कठोरप्रज्ञास्ते प्रथमपौरुष्यां यत् सूत्रमधीयते, द्वितीयायां 'सुत्तत्थो खलु पढमो' इत्यादिनानुयोगक्रमेण तस्यार्थमाकर्णयन्ति । ये तु न तथारूपास्ते पौरुषीद्वयेऽपि सूत्रमेव पठन्ति, पश्चात् कालान्तरेण सम्पन्नप्रज्ञाप्रकर्षाः पौरुषीद्वयेऽप्यधीतसूत्रार्थग्रहणाय यत्नमाद्रियन्त इति । अत्र समाधिः— तयोः सूत्रार्थयोः स्थानान्तरमपूर्व्वापूर्व्वरूप उत्तरोत्तरविशेषः स विषयो ययोस्ते तथारूपे सूत्रार्थपौरुष्यौ, इति न नैव तेन कारणेन दोषोऽयमित्थं सूत्रार्थपौरुष्युपदेशलक्षणः ।।५०१।।**

ભાવાર્થ :-

શાસ્ત્રમાં અપ્રમત સાધુને પણ સૂત્રપોરિસી અને અર્થપોરિસી નિત્ય કરવાનું કહેલ છે અને તે વચન ઉપદેશરૂપ છે તેથી જો એમ કહેવામાં આવે કે ઉપદેશ ગુણસ્થાનકના આરંભક માટે કે ગુણસ્થાનકથી પાતના રક્ષણ અર્થે છે તો જેઓ ગુણસ્થાનકમાં સ્થિત છે તેવા સાધુને આશ્રયીને નિત્ય સૂત્રપોરિસીનો અને અર્થપોરિસીનો ઉપદેશ શાસ્ત્રમાં આપવો જોઈએ નહીં. આ પ્રકારની શંકાના નિવારણ અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

સૂત્રપોરિસી અને અર્થપોરિસી એ ગુણસ્થાનકથી પાતના રક્ષણ માટે નથી અને નવા ગુણસ્થાનકના આરંભ અર્થે નથી પરંતુ જે ગુણસ્થાનકમાં રહેલા છે તે ગુણસ્થાનકમાં પણ અપૂર્વ-અપૂર્વરૂપ ઉત્તર-ઉત્તર-વિશેષને પ્રાપ્ત કરવા અર્થે સૂત્રપોરિસી અને અર્થપોરિસીનો ઉપદેશ છે તેથી જેઓ અપ્રમાદભાવથી ગુણસ્થાનકમાં રહેલા છે તેઓ તે ગુણસ્થાનકની ક્રિયા બહિરંગ અને અંતરંગ સમ્યગ્ રીતે કરતા હોય તો તેઓનું ગુણસ્થાનક પાતને અભિમુખ થતું નથી પરંતુ પોતાના પ્રયત્ન અનુસાર ઉત્તર-ઉત્તરની ભૂમિકાને અભિમુખ ગતિશીલ જ છે છતાં વિશેષ સૂક્ષ્મ બોધ શાસ્ત્રવચનથી થાય તો ક્ષપકશ્રેણીને અભિમુખ જે સૂક્ષ્મ

બળસંચય થાય તે બળસંચય સૂત્રપોરિસીથી અને અર્થપોરિસીથી થાય છે તેથી અપ્રમાદપૂર્વક પણ પ્રવર્તતા સાધુ સૂત્રપોરિસીને અને અર્થપોરિસીને કહેનારા ઉપદેશવચનમાં યત્ન કરે તો ક્ષપકશ્રેણીને અનુકૂળ વિશેષ પ્રકારનું વીર્ય સંચય થાય છે. જેમ કોઈ સાધુ અપ્રમાદથી સંયમમાં સદા યત્ન કરતા હોય છતાં અંત સમયે જિનકલ્પની શક્તિનો સંચય થયેલો હોય અને ભગવાનના તે ઉપદેશનું શ્રવણ કરીને જિનકલ્પ સ્વીકારે તો ગુણસ્થાનકમાં સ્થિત પણ તે સાધુ જિનકલ્પના સ્વીકારના બળથી વિશેષ પ્રકારના અસંગભાવને પામે છે તેમ અપ્રમાદભાવથી ગુણસ્થાનકમાં સ્થિત પણ સાધુ સૂત્રપોરિસી અને અર્થપોરિસી કરીને તેના ભાવોથી આત્માને અત્યંત ભાવિત કરે તો વિશેષ પ્રકારના અસંગભાવને પ્રાપ્ત કરે છે માટે સૂત્રપોરિસીનો અને અર્થપોરિસીનો ઉપદેશ સ્થાનાંતરના વિષયવાળો હોવાથી પ્રસ્તુત ઉપદેશ ગુણસ્થાનકના આરંભને માટે છે કે પાતના રક્ષણ માટે છે તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી. **॥૫૦૧॥**

**અવતરણિકા :-**

**एतदेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ ભાવન કરે છે=સૂત્રપોરિસી અને અર્થપોરિસી સ્થાનાંતરવિષયવાળી છે એમ પૂર્વગાથામાં કહ્યું એને જ ભાવન કરે છે –**

**ગાથા :-**

**अप्पुव्वणाणगहणे निच्चब्भासेण केवलुप्पत्ती ।**
**भणिया सुयम्मि तम्हा एवं चिय एयमवसेयं ।।५०२।।**

**અન્વયાર્થ :-**

**अप्पुव्वणाणगहणे=અપૂર્વ જ્ઞાનના ગ્રહણમાં, निच्चब्भासेण=નિત્ય અભ્યાસથી, केवलुप्पत्ती सुयम्मि भणिया=કેવળની ઉત્પત્તિ શ્રુતમાં કહેવાઈ છે. तम्हा=તે કારણથી, एवं चिय=આ રીતે જ=કેવળજ્ઞાનના કારણ રૂપે જ, एयमवसेयं=આ જાણવો=સૂત્ર-અર્થ પોરિસીનો ઉપદેશ જાણવો. ।।૫૦૨।।**

**ગાથાર્થ :-**

**અપૂર્વ જ્ઞાનના ગ્રહણમાં નિત્ય અભ્યાસથી કેવળની ઉત્પત્તિ શ્રુતમાં કહેવાઈ છે. તે કારણથી આ રીતે જ=કેવળજ્ઞાનના કારણ રૂપે જ, આ જાણવો=સૂત્ર-અર્થ પોરિસીનો ઉપદેશ જાણવો. ।।૫૦૨।।**

**ટીકા :-**

**अपूर्वज्ञानग्रहणेऽपूर्वस्य ज्ञानस्य श्रुतरूपस्य सूत्रार्थभेदभिन्नस्य ग्रहणे क्रियमाणे; कथमित्याह– नित्याभ्यासेन प्रतिदिवसमभ्यसनेन, केवलोत्पत्तिः-निखिलज्ञेयावलोकनकुशलज्ञानलाभरूपा भणिता**

**श्रुते 'अप्पुव्वनाणगहणे' इत्यादिलक्षणे । तस्मादेवमेवैतत् सूत्रार्थपौरुष्युपदेशनमवसेयम् । अयमभिप्रायः— नैतद् गुणस्थानारंभिणां, नापि ततः परिच्यवमानानां, किन्तु प्रारब्धस्वगुणस्थानकोचितकृत्यानां केवलज्ञानलाभावन्ध्यबीजयोः सूत्रार्थमेव तत्पौरुष्युपदेशः कृतः ।।५०२।।**

**ભાવાર્થ :-**

અન્ય ઉપદેશ ગુણસ્થાનકની પ્રાપ્તિ અર્થે કે ગુણસ્થાનકના રક્ષણ અર્થે અપાય છે તેવો આ ઉપદેશ સૂત્રપોરિસીનો અને અર્થપોરિસીનો નથી પરંતુ ગુણસ્થાનકમાં સ્થિત પણ સાધુનું પ્રયોજન મોહના નિસ્તારપૂર્વક કેવળજ્ઞાનની પ્રાપ્તિ છે તેથી જ્યાં સુધી મોહનો સૂક્ષ્મ પણ ઉપયોગ છે ત્યાં સુધી જ્ઞાનાવરણીય બંધાય છે અને જ્ઞાનાવરણીયનો બંધ જ્યાં સુધી થતો હોય ત્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ સંભવે નહીં અને કેવળજ્ઞાનની પ્રાપ્તિના અર્થી સાધુ કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં પ્રબળ કારણરૂપ મોહનાશ કરવાના અર્થી છે અને શ્રુતવચનથી આત્માને ભાવિત કરવામાં આવે તો જ મોહનાશ થઈ શકે માટે મોહનાશના ઉપાય રૂપે સૂત્રપોરિસી-અર્થપોરિસીનો ઉપદેશ છે આથી જ સાધુને સૂત્રપોરિસી-અર્થપોરિસી નિત્ય કર્તવ્ય છે તેથી સૂત્રપોરિસી-અર્થપોરિસીનો ઉપદેશ અન્ય ઉપદેશ કરતાં વિલક્ષણ છે; કેમ કે સાધુને સ્વીકારાયેલા સંયમના પ્રકર્ષના અંગભૂત જેમ અન્ય ક્રિયાઓ છે તેમ સૂત્રપોરિસી-અર્થપોરિસીની વિશિષ્ટ ક્રિયા છે જેનાથી ભાવિત થયેલ સાધુ સુખપૂર્વક અસંગભાવને પ્રાપ્ત કરી શકે છે. **॥૫૦૨॥**

**અવતરણિકા :-**

**किञ्च —**

**અવતરણિકાર્થ :-**

**ગાથા-૫૦૦માં કહ્યું કે ઉપદેશ સહકારી કારણ જ છે તેથી ગુણસ્થાનકની વૃદ્ધિમાં કે ગુણસ્થાનકના પાતથી રક્ષણમાં સહકારીરૂપે જ ઉપયોગી છે એ કથનમાં આનુષંગિક શંકા થઈ કે સૂત્રપોરિસી-અર્થપોરિસીનો ઉપદેશ કેમ છે તેની સ્પષ્ટતા કરી. હવે ગુણસ્થાનકમાં રહેલા જીવોને સહકારી એવા ઉપદેશની આવશ્યકતા નથી તે બતાવવા અર્થે 'किञ्च'થી સંગ્રહ કરે છે —**

**ગાથા :-**

**गुणठाणगपरिणामे संते उवएसमंतरेणावि ।**
**नो तव्वाघायपरो नियमेणं होति जीवोत्ति ।।५०३।।**

**અન્વયાર્થ :-**

**गुणठाणगपरिणामे संते=ગુણસ્થાનકનો પરિણામ હોતે છતે, उवएसमंतरेणावि=ઉપદેશ વગર પણ, जीवोत्ति नियमेणं=જીવ નિયમથી, तव्वाघायपरो नो होति=તેના વ્યાઘાતપર નથી=ગુણવૃદ્ધિનું કારણ બને તે પ્રકારે ગુણસ્થાનકની આરાધનાના વ્યાઘાતમાં પ્રવર્તતો નથી. ।।૫૦૩।।**

**ગાથાર્થ :-**

**ગુણસ્થાનકનો પરિણામ હોતે છતે ઉપદેશ વગર પણ જીવ નિયમથી તેના વ્યાઘાતપર નથી= ગુણવૃદ્ધિનું કારણ બને તે પ્રકારે ગુણસ્થાનકની આરાધનાના વ્યાઘાતમાં પ્રવર્તતો નથી. ।।૫૦૩।।**

**ટીકા :-**

**गुणस्थानकपरिणामे सम्यग्दर्शनादिगुणविशेषपरिणतिलक्षणे सति, उपदेशं तीर्थंकरगणधरादिप्रज्ञापना-रूपमन्तरेणापि नो नैव तद्व्याघातपरः स्वयमेवस्वगतगुणस्थानकपरिणतिव्याहतिप्रधानो नियमेन भवति जीव इति, प्रस्तुतगुणस्थानकात्यन्ताराधनावशेन तद्बाधकसंक्लेशानां हानिभावादिति ।।५०३।।**

**ભાવાર્થ :-**

ગુણસ્થાનકવાળો જીવ ક્યારેય આત્મવંચના કરે નહીં પરંતુ માર્ગાનુસારી પ્રજ્ઞાથી સતત તત્ત્વનું અવલોકન કરીને જે પ્રવૃત્તિથી આત્માનું એકાંત હિત થાય તે પ્રવૃત્તિનો સ્વીકાર કરે છે અને ઉપદેશ વગર પણ તે પ્રવૃત્તિ તે રીતે જ કરે છે કે જે રીતે સ્વીકારાયેલું ગુણસ્થાનક ઉત્તરોત્તર વૃદ્ધિ દ્વારા અવશ્ય મોક્ષરૂપ ફળમાં વિશ્રાંત થાય. આથી જ અવિરતસમ્યગ્દૃષ્ટિ પણ આત્મવંચના કર્યા વગર પોતાની શક્તિનું સમ્યગ્ સમાલોચન કરીને જે પ્રવૃત્તિથી પોતાના સંસારનો શીઘ્ર ઉચ્છેદ થાય તેવી ભગવદ્ભક્તિ આદિ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે અને પોતાની શક્તિનો અભાવ હોવાના કારણે દેશવિરતિને કે સર્વવિરતિને સ્વીકારવાની રાભસિક પ્રવૃત્તિ કરતો નથી. એથી એ ફલિત થાય કે તત્ત્વાતત્ત્વના સૂક્ષ્મ અવલોકનપૂર્વક તત્ત્વની પ્રાપ્તિને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિરૂપ ગુણસ્થાનકનો પરિણામ છે માટે ગુણસ્થાનકના પરિણામવાળો જીવ ઉપદેશ વગર પણ સ્વતઃ જ તત્ત્વનો નિર્ણય કરીને તત્ત્વની પ્રાપ્તિના ઉપાયભૂત ઉચિત કૃત્યો કરે છે. આથી જ અવિરતસમ્યગ્દૃષ્ટિ પણ પોતાના હિત અર્થે નવું નવું શ્રુત ભણે છે, તેનાથી આત્માને ભાવિત કરવા યત્ન કરે છે અને દેશવિરતિની શક્તિ જણાય તો આત્મવંચના કર્યા વગર અવશ્ય દેશવિરતિ સ્વીકારે છે અને સર્વવિરતિની શક્તિ જણાય તો અવશ્ય સર્વવિરતિ ગ્રહણ કરવા માટે ઉચિત પ્રયત્ન કરે છે એટલું જ નહીં પણ દેશવિરતિ કે સર્વવિરતિ જે કાંઈ ગ્રહણ કરે તેને પરિશુદ્ધ પાલન કરવા યત્ન કરે છે પરંતુ ક્યારેય વિદ્યમાન શક્તિને ગોપવતો નથી અને અવિદ્યમાન શક્તિ હોય તેવું અનુષ્ઠાન ક્યારેય સ્વીકારતો નથી. માટે તેવા સાત્ત્વિક જીવને અપ્રમાદના કારણીભૂત ઉપદેશની આવશ્યકતા રહેતી નથી; કેમ કે તે જીવ સ્વતઃ અપ્રમાદી છે. **।।૫૦૩।।**

**ગાથા :-**

**एत्थवि आहरणाइं णेयाइंऽणुव्वएवि अहिगिच्च ।**
**इट्ठत्थसाहगाइं इमाइं समयम्मि सिद्धाइं ।।५०४।।**

**અન્વયાર્થ :-**

**एत्थवि=અને અહીં=ગુણસ્થાનકમાં સ્થિત જીવો ઉપદેશ વગર પણ અપ્રમાદથી પ્રવર્તે છે એમાં,**

समयम्मि सिद्धाइं=શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવાં, इट्ठत्थसाहगाइं इमाइं आहरणाइं=ઈષ્ટાર્થનાં સાધક આ દૃષ્ટાંતો, अणुव्वएवि अहिगिच्च णेयाइं=અણુવ્રતોને પણ આશ્રયીને જાણવાં. ।।૫૦૪।।

**ગાથાર્થ :-**

**અને અહીં=ગુણસ્થાનકમાં સ્થિત જીવો ઉપદેશ વગર પણ અપ્રમાદથી પ્રવર્તે છે એમાં, શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવાં ઈષ્ટાર્થનાં સાધક આ દૃષ્ટાંતો અણુવ્રતોને પણ આશ્રયીને જાણવાં. ।।૫૦૪।।**

**ટીકા :-**

**अत्र च पूर्वोक्तेऽर्थे आहरणानि दृष्टान्तलक्षणानि विज्ञेयानि बोध्यानि, अणुव्रतानि स्थूलप्राणातिपात-विरमणादीनि रात्रिभोजनविरतिं च, न केवलं प्रागुक्तेष्वर्थेष्वित्यपिशब्दार्थः, अधिकृत्याश्रित्य । कीदृशानीत्याह—इष्टार्थसाधकानिवक्तुमिष्टार्थसंसिद्धिकारणानि । इमानि वक्ष्यमाणानि समये जिनप्रवचने सिद्धानि प्रतिष्ठितानि ।।५०४।।**

**ભાવાર્થ :-**

દેશવિરતિને આશ્રયીને ગુણસ્થાનકના પરિણામવાળા જે જીવો ઉપદેશ વગર પણ સ્વતઃ જ સતત સંસારના ઉચ્છેદ માટે દૃઢ વ્યાપારવાળા હોય છે તેના વિષયમાં શાસ્ત્રપ્રસિદ્ધ ઉદાહરણો છે જે ઉદાહરણો સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવે છે. **।।૫૦૪।।**

**અવતરણિકા :-**

तान्येवाह —

**અવતરણિકાર્થ :-**

**તેને જ=દેશવિરતિને આશ્રયીને અપ્રમાદથી યત્ન કરનારા ગુણસ્થાનકમાં રહેલા શ્રાવકોનાં ઉદાહરણોને જ, કહે છે —**

**ગાથા :-**

**जिणधम्मो सच्चो वि य गोट्ठीसड्ढो सुदंसणो मइमं ।**
**तह चेव धम्मणंदो आरोग्गदिओ य कयपुण्णो ।।५०५।।**

**અન્વયાર્થ :-**

जिणधम्मो=જિનધર્મ=જિનધર્મ નામનો શ્રાવકપુત્ર, सच्चो वि य=અને સત્ય નામે શ્રાવક, गोट्ठीसड्ढो=ગોષ્ઠી શ્રાદ્ધ=ગોષ્ઠીમાં મળેલો શ્રાદ્ધ, मइमं सुदंसणो=મતિમાન સુદર્શન, तह चेव धम्मणंदो=અને ધર્મનંદ, आरोग्गदिओ य कयपुण्णो=અને કૃતપુણ્ય એવો આરોગ્યવાળો બ્રાહ્મણ. ।।૫૦૫।।

**ગાથાર્થ :-**

**જિનધર્મ=જિનધર્મ નામનો શ્રાવકપુત્ર, અને સત્ય નામે શ્રાવક, ગોષ્ઠી શ્રાદ્ધ=ગોષ્ઠીમાં મળેલો શ્રાદ્ધ, મતિમાન સુદર્શન, અને ધર્મનંદ અને કૃતપુણ્ય એવો આરોગ્યવાળો બ્રાહ્મણ. ।।૫૦૫।।**

**ટીકા :-**

**जिनधर्मः श्रावकसुतः प्रथमः । द्वितीयः सत्यः सत्यनामा । अपिचेति समुच्चये तृतीयो गोष्ठीश्राद्धः । चतुर्थः सुदर्शनो नाम मतिमान् प्रशस्तप्रज्ञः । तथा चैव पञ्चमो धर्म्मनन्दः । षष्ठश्च दृष्टान्त आरोग्यद्विजकश्च कृतपुण्य इति ।।५०५।।**

**ભાવાર્થ :-**

ગુણસ્થાનકમાં રહેલા જીવો અપ્રમાદપૂર્વક પોતાના ગુણસ્થાનકમાં પાલન કરે છે તેવા શ્રાવકોને આશ્રયીને છ દૃષ્ટાંતો છે. જેમનાં નામો પ્રસ્તુત ગાથામાં બતાવેલ છે જેઓનું વિશેષ સ્વરૂપ સ્વયં ગ્રંથકારશ્રી આગળમાં બતાવે છે. **॥૫૦૫॥**

**અવતરણિકા :-**

**'यथोद्देशं निर्देशः' इति न्यायाज्जिनधर्म्मदृष्टान्तमेव भावयन् गाथापञ्चकमाह –**

**અવતરણિકાર્થ :-**

**'યથાઉદ્દેશ નિર્દેશ કરવો જોઈએ' એ ન્યાયથી જિનધર્મના દૃષ્ટાંતને જ=ગાથા-૫૦૫માં કહેલ છ દૃષ્ટાંતોમાંથી જિનધર્મ નામના શ્રાવકના દૃષ્ટાંતને જ, ભાવન કરતાં પાંચ ગાથાને ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**भरुयच्छे जिणधम्मो सावगपुत्तो अणुव्वयधरो त्ति ।**
**अवहरिओ परकूले विक्कीओ सूवहत्थम्मि ।।५०६।।१।।**
**लावेसूसासाणा मोयण रुट्ठेण ताडिओ धणियं ।**
**एवं पुणोवि नवरं कहणा एएसु पडिसेहो ।।५०७।।२।।**
**दासो मे आणत्तिं कुण सच्चमिणं करेमि उचियं ति ।**
**मज्झं तु एत्थ दोसो अतत्तमिणमग्गिनाएण ।।५०८।।३।।**
**पिट्टण बोले रायायन्नण परिओसविम्हयाहवणं ।**
**भावपरिक्खण मायाकोवो वावत्ति हत्थाणा ।।५०९।।४।।**

**लोलण पुच्छा भावा पडिसेहण मोयणा सम्मं ।**
**सक्कारविउलभोगा खग्गधरनिरूवणा चेव ।।५१०।।५।।**

**અન્વયાર્થ :-**

भरुयच्छे=ભૃગુકચ્છમાં, जिणधम्मो सावगपुत्तो अणुव्वयधरो त्ति=જિનધર્મ નામનો શ્રાવકપુત્ર અણુવ્રત ધરનારો હતો. अवहरिओ परकूले सुवहत्थम्मि विक्कीओ=અપહરણ કરાયેલો પરકુળમાં રસોઈયાના હાથમાં વેચાયો.

लावेसूसासाणा=લાવક નામના પક્ષીને મારવા માટેની આજ્ઞા, मोयण=મોચન=તે શ્રાવકપુત્ર દ્વારા પક્ષીને મુક્ત કરાયું. रुट्ठेण ताडिओ धणियं=રુષ્ટ એવા રસોઈયા વડે અત્યંત તાડન કરાયો. एवं पुणोवि= આ રીતે ફરી પણ (રસોઈયા વડે આજ્ઞા કરાઈ.) नवरं=કેવલ=માત્ર શ્રાવકપુત્ર વડે, कहणा=કહેવાયું. एएसु पडिसेहो=‘આમાં મારો પ્રતિષેધ છે=મારે પ્રતિજ્ઞા છે.’

(રસોઈયાએ કહ્યું –) ‘दासो मे’=‘તું મારો દાસ છે, आणत्तिं कुण=આજ્ઞાપિતને કર=તને જે આજ્ઞા કરાઈ છે તે કર.’ (તે શ્રાવકપુત્રએ કહ્યું –) ‘सच्चमिणं उचियं ति करेमि’=‘સત્ય છે (હું દાસ છું) આ ઉચિત (આજ્ઞાને) હું કરું છું.’ (રસોઈયાએ કહ્યું –) ‘मज्झं तु एत्थ दोसो’=‘મને આમાં દોષ છે=લાવકના વધમાં મને દોષ છે.’ (શ્રાવકપુત્રએ કહ્યું –) ‘अतत्तमिणमग्गिनाएण’=‘અગ્નિના દૃષ્ટાંતથી આ અતત્ત્વ છે=અગ્નિ સાથે સંબદ્ધ વસ્તુ બળે છે તેમ હણનારને દોષની પ્રાપ્તિ થાય છે અન્યને નહીં.’

पिट्टण=માર્યો=રસોઈયાએ તેને માર્યો. बोले=પ્રલાપ=દીન પ્રલાપરૂપ રડવા માંડ્યો. रायायन्नण=રાજા દ્વારા સમાકર્ણન=રાજા દ્વારા વૃત્તાંત જાણવામાં આવ્યો. परिओसविम्हयाहवणं=પરિતોષ અને વિસ્મયથી આહ્વાન=તે શ્રાવકપુત્રને બોલાવ્યો. भावपरिक्खण=ભાવપરીક્ષણ માટે, मायाकोवो=રાજાએ માયાથી કોપ કર્યો. हत्थाणा वावत्ति=હાથી નીચે મારી નાખવા માટે આજ્ઞા આપી.

लोलण=લોલણ=જમીન ઉપર સુવાડવામાં આવ્યો. पुच्छा=પૃચ્છા=રાજાએ પૂછ્યું – ‘અભિગ્રહને મૂકે છે કે નહીં ?’, भावा पडिसेहण=ભાવથી પ્રતિષેધ કરાયો=શ્રાવકપુત્રએ નિશ્ચલભાવથી પ્રતિષેધ કર્યો કે ‘હું અભિગ્રહને મૂકીશ નહીં.’ मोयणा=મોચન=રાજા વડે તે બાળક મુક્ત કરાયો. ‘सम्मं’=‘સમ્યગ્’=રાજાએ વિચાર્યું કે ‘આ પ્રતિજ્ઞામાં યથાવત્ છે તેથી તે પોતાની અંગરક્ષા માટે યોગ્ય છે.’ सक्कारविउलभोगा=રાજાએ તેનો સત્કાર કર્યો અને વિપુલ ભોગો આપ્યા. खग्गधरनिरूवणा चेव=અને ખડ્ગને ધારણ કરનાર તરીકે નિરૂપણ કરાયો=પોતાના અંગરક્ષક તરીકે સ્થાપન કરાયો. ।।૫૦૬થી ૫૧૦।।

**ગાથાર્થ :-**

**ભૃગુકચ્છમાં જિનધર્મ નામનો શ્રાવકપુત્ર અણુવ્રત ધરનારો હતો. અપહરણ કરાયેલો પરકુળમાં રસોઈયાના હાથમાં વેચાયો.**

લાવક નામના પક્ષીને મારવા માટેની આજ્ઞા, મોચન=તે શ્રાવકપુત્ર દ્વારા પક્ષીને મુક્ત કરાયું. રુષ્ટ એવા રસોઈયા વડે અત્યંત તાડન કરાયો. આ રીતે ફરી પણ (રસોઈયા વડે આજ્ઞા કરાઈ.) કેવલ=માત્ર શ્રાવકપુત્ર વડે કહેવાયું. 'આમાં મારો પ્રતિષેધ છે=મારે પ્રતિજ્ઞા છે.'

(રસોઈયાએ કહ્યું –) 'તું મારો દાસ છે આજ્ઞાપિતને કર=તને જે આજ્ઞા કરાઈ છે તે કર.' (તે શ્રાવકપુત્રએ કહ્યું –) 'સત્ય છે (હું દાસ છું) આ ઉચિત (આજ્ઞાને) હું કરું છું.' (રસોઈયાએ કહ્યું –) 'મને આમાં દોષ છે=લાવકના વધમાં મને દોષ છે.' (શ્રાવકપુત્રએ કહ્યું –) 'અગ્નિના દૃષ્ટાંતથી આ અતત્ત્વ છે=અગ્નિ સાથે સંબદ્ધ વસ્તુ બળે છે તેમ હણનારને દોષની પ્રાપ્તિ થાય છે અન્યને નહીં.'

માર્યો=રસોઈયાએ તેને માર્યો. પ્રલાપ=દીન પ્રલાપરૂપ રડવા માંડ્યો. રાજા દ્વારા સમાકર્ણન=રાજા દ્વારા વૃત્તાંત જાણવામાં આવ્યો. પરિતોષ અને વિસ્મયથી આહ્વાન=તે શ્રાવકપુત્રને બોલાવ્યો. ભાવપરીક્ષણ માટે રાજાએ માયાથી કોપ કર્યો. હાથી નીચે મારી નાખવા માટે આજ્ઞા આપી.

લોલણ=જમીન ઉપર સુવાડવામાં આવ્યો. પૃચ્છા=રાજાએ પૂછ્યું – 'અભિગ્રહને મૂકે છે કે નહીં ?' ભાવથી પ્રતિષેધ કરાયો=શ્રાવકપુત્રએ નિશ્ચલભાવથી પ્રતિષેધ કર્યો કે 'હું અભિગ્રહને મુકીશ નહીં.' મોચન=રાજા વડે તે બાળક મુક્ત કરાયો. 'સમ્યગ્'=રાજાએ વિચાર્યું કે 'આ પ્રતિજ્ઞામાં યથાવત્ છે તેથી તે પોતાની અંગરક્ષા માટે યોગ્ય છે.' રાજાએ તેનો સત્કાર કર્યો અને વિપુલ ભોગો આપ્યા. અને ખડ્ગને ધારણ કરનાર તરીકે નિરૂપણ કરાયો=પોતાના અંગરક્ષક તરીકે સ્થાપન કરાયો. ।।૫૦૬થી ૫૧૦।।

ટીકા :-

भरुकच्छे भरुकच्छनाम्नि पुरे दक्षिणापथमुखमण्डनभूते जिनधर्मो नाम श्रावकपुत्रोणुव्रतधरः समासीदिति । स चान्यदा म्लेच्छैस्तत्पत्तनभङ्गेऽपहृतः सन् परकूले कुंकणादौ विक्रीतः सूपहस्ते तत्कूलवासिनो नरपतेर्यः सम्बन्धी सूपकारस्तस्य हस्ते इति ।।५०६।।१।।

तस्य च तेन 'लावेसूसासाणा' इति लावकेषु लावकनामसु पक्षिषु विषये उछ्वासायाज्ञा दत्ता, यथैतान् पञ्जरगतान् लावकान् त्वमुच्छ्वासय । तेन चात्यन्तदयापरायणतया उच्छ्वासो मोचनमिति परिकल्प्य च 'मोयण'त्ति मोचनं कृतं रुष्टेन च तेन सूपकारेण ताडितः स धणिकमत्यर्थम् । एवं पुनरपिद्वितीयवेलायामाज्ञप्तेन नवरं केवलं कथना निवेदना कृता तेन, यथैतेषु लावकेषु वधस्य मे प्रतिषेधः प्रत्याख्यानं वर्त्तत इति ।।५०७।।२।।

पुनस्तेन सूपेनोक्तं भणितं, यथा—दासो मूल्यक्रीतत्वात् त्वं मे, आज्ञापितं कुरु । भणितं जिनधर्मेण—सत्यं यथाऽहं तव दासः करोम्युचितामाज्ञां, न तु लावकोच्छ्वासरूपामत्यन्तसावद्यरूपामिति । प्राग्वद् भणितं च सूपकारेण—मम तु ममैवात्र लावकवधे दोषोऽपराधः । जिनधर्मः प्राह—अतत्त्वमिदम-

**परमार्थोऽयं, यदन्येन हन्यमानेषु प्राणिषु अन्यस्य वधापराधः सम्पद्यते न तु घातकस्याग्निज्ञातेन । न ह्यग्निना स्वसम्बद्धवस्तुव्यतिरेकेणान्यत्र वस्तुनि दाहः क्रियते ।।५०८।।३।।**

**इत्युत्तरे तेन विहिते सूपकारेण 'पिट्टण'त्ति ताडना यष्टिमुष्ट्यादिभिस्तस्य कृता । ततो'बोले' दीनप्रलापरूपे तेन विहिते 'रायायन्नण'त्ति राज्ञः समाकर्णनमभूदस्य वृत्तान्तस्य । ततः 'परिओस विम्हयाहवणंति' परितोषो जीवाहिंसासंभवाद् विस्मयाच्च—अहो! परायत्ततायामपि स्वप्राणनिरपेक्षतया परप्राणरक्षापरिणामोऽस्येत्येवंरूपात्, आह्वानमाकारणं तस्य राज्ञा कृतं भावपरीक्षणं परिणाम-परीक्षणमारब्धं तस्य राज्ञा मायया कोपः कृतः तद्विषयो व्यापत्तिहस्त्याज्ञा यथा व्यापादयतैनं हस्तिनेति ।।५०९।।४।।**

**लोलनं वारणेन वसुन्धरायां कृतं तस्य । ततः पृच्छा कृता राज्ञा, यथा—मोक्ष्यसि वा नवाऽभिग्रह-मिति । ततो निश्चलभावादभिग्रहगतात् प्रतिषेधः कृतः सूपस्य, यथा—न त्वया किंचिदयं विरूपकं वाच्यः । मोचना च कृता तस्य करिणः सकाशात्, सम्यग् यथावत् । ततो नूनमयं नियोगरक्षाकर-भावयोग्यतायां वर्त्तते, निजप्राणव्ययेऽपि परप्राणरक्षानिपुणचित्तत्वात्, इति परिभाव्यसत्कारेण सत्क्रियया युता ये विपुलभोगा विस्तीर्णविभूतिरूपास्ते तस्य कृताः । खड्गधरनिरूपणा चैव नित्यं ममाङ्गरक्षाकरो भव त्वमित्येवंरूपा, चैवेति समुच्चये, विहिता तस्य ।।५१०।।५।।**

**ભાવાર્થ :-**

જિનધર્મ નામના શ્રાવકપુત્રને પોતાના પ્રાણના ભોગે પણ પોતાના સ્વીકારાયેલા અણુવ્રતના રક્ષણનો પરિણામ હતો. તેથી કોઈ ઉપદેશ વગર પણ સતત તે પરિણામમાં દૃઢ ઉદ્યમશીલ તે શ્રાવક હતો અને જેને ગ્રહણ કરાયેલા અણુવ્રત પ્રત્યે તે પ્રકારનો બાહ્ય રાગ હોય અને નિર્મળ કોટિના સમ્યગ્દર્શનપૂર્વક તે વ્રતનો પરિણામ હોય તેવો શ્રાવક હંમેશાં નિસ્તરંગ મહોદધિ જેવા મોહથી અનાકુળ શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને જાણનારા હોય છે. તેથી જ કષાયની આકુળતા વગરના શુદ્ધ આત્માના અર્થી છે, 'તેના ઉપાયભૂત સંપૂર્ણ નિરારંભ જીવન છે' તેવી સ્થિર બુદ્ધિ છે અને તેનું પાલન કરવાનું પોતાનું સામર્થ્ય નથી તેમ નિર્ણય કરીને પોતાની શક્તિ અનુસાર અણુવ્રતો સ્વીકારે છે અને સ્વીકારાયેલાં અણુવ્રતોને પ્રાણથી અધિક માનીને પોતાના પ્રાણના ભોગે તેનું રક્ષણ કરવા યત્ન કરે છે તેવા વિવેકી શ્રાવકો મહાસત્ત્વપૂર્વક શક્તિ અનુસાર સાધુધર્મનું ભાવન કરીને સર્વવિરતિના બળનો સંચય થાય તે રીતે જ યત્ન કરનારા હોય છે. તેથી ગુણસ્થાનકમાં સ્થિત પરિણામવાળા તેવા જીવોને ઉપદેશની આવશ્યકતા રહેતી નથી. જિનધર્મ શ્રાવક પ્રાણના ભોગે પોતાના વ્રતના રક્ષણ માટે જેમ યત્ન કરે છે તેવો સ્થિર પરિણામ જેઓને નથી તેઓ નિમિત્ત પામીને વ્રતમાં શિથિલ પરિણામવાળા થાય છે તેથી તેવા જીવોને વારંવાર ઉપદેશશ્રવણથી વ્રતનો પરિણામ દૃઢ થાય છે અને કોઈક નિમિત્તે પાતને અભિમુખ થયા હોય તો ઉપદેશથી

જ વ્રતમાં સ્થિર થવા યત્ન કરી શકે છે. વળી, જેઓને વ્રતનો પરિણામ અત્યંત સ્થિર થયેલો છે તેઓ માત્ર સ્થૂળ દૃષ્ટિથી પશુની હિંસાનો પરિહાર કરે છે તેવું નથી પરંતુ વિવેકપૂર્વક જે કાંઈ વ્રત ગ્રહણ કર્યું છે તે વ્રત ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સાનુબંધ શુદ્ધ બને તે પ્રકારે પાળનારા હોય છે. **॥૫૦૬ થી ૫૧૦॥**

**અવતરણિકા :-**

**प्रस्तुतमेव व्रतपरिणाममधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**પ્રસ્તુત જ વ્રતપરિણામને આશ્રયીને=અવસ્થિત વ્રતપરિણામવાળા જીવને આશ્રયીને, કહે છે –**

**ગાથા :-**

**एवं वयपरिणामो धीरोदारगरुओ मुणेयव्वो ।**
**सण्णाणसद्दहाणाहि तस्स जं भावओ भावो ।।५११।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે=પૂર્વમાં જિનધર્મ શ્રાવકનું પૂર્વમાં ઉદાહરણ બતાવ્યું એ રીતે, वयपरिणामो=વ્રતપરિણામ, धीरोदारगरुओ मुणेयव्वो=ધીર-ઉદાર-ગુરુ જાણવો. जं=જે કારણથી, सण्णाणसद्दहाणाहि=સદ્જ્ઞાન અને શ્રદ્ધા હોવાને કારણે, तस्स=તેનો=વ્રતપરિણામનો, भावओ भावो=ભાવથી ભાવ છે=ગુણસ્થાનકને સ્પર્શનારા પરિણામપૂર્વક વ્રતપરિણામનો સદ્ભાવ છે. ।।૫૧૧।।**

**ગાથાર્થ :-**

**આ રીતે=પૂર્વમાં જિનધર્મ શ્રાવકનું પૂર્વમાં ઉદાહરણ બતાવ્યું એ રીતે, વ્રતપરિણામ ધીર-ઉદાર-ગુરુ જાણવો. જે કારણથી, સદ્જ્ઞાન અને શ્રદ્ધા હોવાને કારણે તેનો=વ્રતપરિણામનો, ભાવથી ભાવ છે=ગુણસ્થાનકને સ્પર્શનારા પરિણામપૂર્વક વ્રતપરિણામનો સદ્ભાવ છે. ।।૫૧૧।।**

**ટીકા :-**

**एवं जिनधर्म्मोदाहरणन्यायेन व्रतपरिणामो निरूपितरूपो धीरोदारगुरुको-धीरः परैः क्षोभ्यमाणस्याप्यक्षोभात्, उदारोऽत्युत्तममोक्षलक्षणफलदायकत्वात्, गुरुकश्चिन्तामणिप्रभृतिपदार्थेभ्योऽपि दूरमतिशायित्वाद् मुणितव्यः । अत्र हेतुमाह—सज्ज्ञानश्रद्धानात् सज्ज्ञानादविपर्यस्ताद् व्रतगतहेतुस्वरूपफलपरिज्ञानात् श्रद्धानाच्चेदमित्थमेवेति प्रतीतिरूपात् । तस्य व्रतपरिणामस्य यद्यस्माद् भावतस्तत्त्ववृत्त्या भावः समुत्पादः । इदमुक्तं भवति—अव्रतपरिणामस्तत्त्वविषयादज्ञानादश्रद्धानाच्च जीवानामस्वभावभूतः प्रवर्त्तते, इति नासौ धीरोदारगुरुक इति चालयितुमपि शक्यते । व्रतपरिणामस्त्वेतद्विपरीत इति न चालयितुं शक्यः ।।५११।।**

**ભાવાર્થ :-**

જે જીવોને ભગવાનના વચનના સૂક્ષ્મ રહસ્યનું જ્ઞાન છે તેઓને સંપૂર્ણ મોહથી અનાકુળ અને સંપૂર્ણ કર્મના ઉપદ્રવ વગરની સિદ્ધ અવસ્થા સર્વ બાધાઓથી રહિત હોવાના કારણે જીવ માટે શ્રેષ્ઠ અવસ્થા છે તેવો મર્મસ્પર્શી સૂક્ષ્મ બોધ છે અને તેવા સ્વરૂપને પ્રાપ્ત કરવાની ઉત્કટ ઇચ્છા છે તેથી સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ શ્રદ્ધા તેઓમાં વર્તે છે એવા જીવો સિદ્ધ અવસ્થાના અત્યંત અર્થી હોવાથી પોતાની શક્તિનું સમાલોચન કરીને શક્તિ અનુસાર તે જ વ્રત ગ્રહણ કરે છે જે વ્રતને અત્યંત ધીરતાપૂર્વક તેઓ પાળવા સમર્થ બને તેથી તેઓનો વ્રતનો પરિણામ કોઈનાથી ક્ષોભ ન પામે તેવો હોય છે. વળી, ઉદાર હોય છે અર્થાત્ ઉત્તરોત્તર વૃદ્ધિ પામી મોક્ષમાં પર્યવસાન પામે તેવો હોય છે અને ચિંતામણિ વગેરે પદાર્થોથી પણ ગુરુક હોય છે; કેમ કે મોક્ષપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી પણ તેવા વ્રતના પરિણામવાળા જીવો સદ્ગતિની પરંપરા દ્વારા મહાસુખને પામનારા છે. માટે જે રીતે જિનધર્મ નામના શ્રાવકપુત્રે વ્રત પાળ્યું તે રીતે વ્રતના પરમાર્થને જાણીને જેઓ વ્રતના સ્થિર પરિણામવાળા છે તેઓનો વ્રતનો પરિણામ પણ ધીર, ઉદાર, ગુરુક છે એમ જાણવું; કેમ કે તેઓને સદ્જ્ઞાન અને શ્રદ્ધાભાવ હોવાને કારણે વ્રતનો પરિણામ ભાવથી પરિણમન પામેલ છે અર્થાત્ માત્ર બાહ્ય આચરણાથી પરિણમન પામેલ નથી પરંતુ વ્રતના પારમાર્થિક સ્વરૂપના સમ્યગ્જ્ઞાનપૂર્વક વ્રતના પ્રકૃષ્ટ ફળની પ્રાપ્તિનું કારણ બને તેવા નિર્મળ ભાવથી વ્રત પરિણમન પામેલ છે અને જેઓને તે પ્રકારના ભાવથી વ્રતનો પરિણામ હોય તેઓને વ્રતના પારમાર્થિક સ્વરૂપનું સમ્યગ્જ્ઞાન અને વ્રતનું અંતિમ ફળ શું છે તેનું સમ્યગ્જ્ઞાન અવશ્ય હોય છે. વળી, વ્રતના અંતિમ ફળરૂપ મોક્ષની રુચિપૂર્વક જ તે વ્રત પાળવાની રુચિવાળા હોય છે. તેથી તેવા જીવોને ભવનું સ્વરૂપ, ભવથી અતીત અવસ્થાનું સ્વરૂપ અને તેની પ્રાપ્તિના એક ઉપાયરૂપ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતું વ્રત છે એવો સ્થિર નિર્ણય હોય છે. તેથી કલ્યાણના અર્થી તેવા તે જીવો નિષ્ઠાપૂર્વક વ્રતનું પાલન કરી શકે છે. **॥૫૧૧॥**

**અવતરણિકા :-**

**एतदेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ ભાવન કરે છે=વ્રતનો પરિણામ ભાવથી થયેલો હોય તો તે વ્રતપરિણામ ધીર-ઉદાર-ગુરુક છે એને જ ભાવન કરે છે –**

**ગાથા :-**

**जाणइ उप्पण्णरुई जइ ता दोसा नियत्तई सम्मं ।**
**इहरा अपवित्तीयवि अणियत्तो चेव भावेण ।।५१२।।**

**અન્વયાર્થ :-**

**जइ जाणइ=જો જાણે છે, उप्पण्णरुई=ઉત્પન્ન રુચિવાળો છે, ता=તો=સમ્યગ્ બોધ અને સમ્યગ્ રુચિ**

છે તો, दोसा=દોષથી, सम्मं नियत्तई=સમ્યગ્ નિવર્તન પામે છે=મનઃશુદ્ધિપૂર્વક નિવર્તન પામે છે. इहरा= ઈતરથા=સમ્યગ્ બોધ અને સમ્યગ્ રુચિ વગર, अपवित्तीयवि=અપ્રવૃત્તિ હોવા છતાં પણ=દોષમાં અપ્રવૃત્તિ હોવા છતાં પણ, भावेण अणियत्तो चेव=ભાવથી અનિવૃત્ત જ છે=પરમાર્થથી દોષસેવનથી અનિવૃત્ત જ છે. ।।૫૧૨।।

**ગાથાર્થ :-**

**જો જાણે છે ઉત્પન્ન રુચિવાળો છે તો=સમ્યગ્ બોધ અને સમ્યગ્ રુચિ છે તો, દોષથી સમ્યગ્ નિવર્તન પામે છે=મનઃશુદ્ધિપૂર્વક નિવર્તન પામે છે. ઈતરથા=સમ્યગ્ બોધ અને સમ્યગ્ રુચિ વગર, અપ્રવૃત્તિ હોવા છતાં પણ=દોષમાં અપ્રવૃત્તિ હોવા છતાં પણ, ભાવથી અનિવૃત્ત જ છે=પરમાર્થથી દોષસેવનથી અનિવૃત્ત જ છે. ।।૫૧૨।।**

**ટીકા :-**

**जानाति हेतुतः स्वरूपतः फलतश्च दोषं जीवहिंसादिरूपं, तत उत्पन्नरुचिः समुन्मीलितश्रद्धानः पुमान् मिथ्यात्वमोहोदयविगमाद् यदि चेत्, ततो दोषाद् निवर्त्तते सम्यग् मनःशुद्धिपूर्वकम् । इतरथा ज्ञानश्रद्धानाभावे कुतोऽपि लाभादिकारणादप्रवृत्तावपि दोषेऽनिवृत्तश्चैवानुपरत एव भावेन परमार्थेन । यथा दाहकशक्तिव्याघाताभावे कुतोऽपि वैगुण्याददहन्नपि दहनस्तत्त्वतो दाहक एव, एवं ज्ञानश्रद्धानाभावे दोषनिवृत्तावपि जीवो दोषेष्वनिवृत्त एव दृश्यः, दोषशक्तेः कस्याश्चिदनुपघातादिति ।।५१२।।**

**ભાવાર્થ :-**

જે જીવો સંસારનું પારમાર્થિક સ્વરૂપ જાણે છે, વ્રતનો પરિણામ કઈ રીતે સંસારના ઉચ્છેદ સાથે ભાવથી કારણરૂપે વર્તે છે તેને જાણે છે અને સંસારના ઉચ્છેદના અર્થી એવા તે જીવો તે પ્રકારે વ્રતને સેવવાની રુચિવાળા થાય છે તેથી જે પ્રકારની દોષની નિવૃત્તિ પોતાનાથી શક્ય હોય તેનું સમ્યગ્ આલોચન કરીને તે દોષની નિવૃત્તિ ઉત્તરોત્તર વિશેષ દોષના નિવર્તન દ્વારા સંપૂર્ણ દોષની નિવૃત્તિનું કારણ બને તે પ્રકારના મનશુદ્ધિપૂર્વક તે દોષથી નિવર્તન પામે છે. તેથી તેવા જીવોની અલ્પ શક્તિ હોય તો અલ્પ દોષથી નિવૃત્તિ અત્યંત વિવેકમૂલક પૂર્ણ દોષની નિવૃત્તિ સાથે કારણભાવરૂપે એકવાક્યતાથી જોડાયેલી હોવાના કારણે તે દોષની નિવૃત્તિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને તે ભવમાં પૂર્ણ દોષની નિવૃત્તિનું કારણ બને છે અને તે પ્રકારના પ્રકર્ષની શક્તિ ન હોય તો પરિમિત ભવમાં પૂર્ણ દોષની નિવૃત્તિનું કારણ બને છે.

અને જેઓને તે પ્રકારે દોષની નિવૃત્તિનું પારમાર્થિક જ્ઞાન નથી, માત્ર સ્થૂળ બુદ્ધિથી દોષની નિવૃત્તિ કરવાનો પરિણામ છે અને કોઈક લાભાદિ કારણથી દોષમાં અપ્રવૃત્તિ હોય અર્થાત્ વર્તમાનના ભવમાં માન, ખ્યાતિના ભાવોથી કે પરલોકમાં તુચ્છ ઐહિક સુખના લાભાદિ ભાવોથી કે સંમૂર્ચ્છિમ જેવા ચિત્તથી અર્થાત્ તત્ત્વના નિર્ણયવિષયક કાંઈ ઊહ કર્યા વગર મૂર્ચ્છિત ચિત્તથી, દોષમાં અપ્રવૃત્તિ હોય, ત્યારે બાહ્ય કૃત્યથી દોષમાં અપ્રવૃત્તિ હોવા છતાં ભાવથી દોષની નિવૃત્તિ નથી. જેમ અગ્નિમાં દાહકશક્તિનો વ્યાઘાત ન થયો હોય અને દહનશીલ પદાર્થ દૂરવર્તી હોય તો તે અગ્નિ દાહ્યને બાળે નહીં તોપણ તે અગ્નિમાં દાહક સ્વભાવ

નાશ પામ્યો નથી તેમ તેવા જીવો મૂઢતાથી બાહ્યથી પાપની નિવૃત્તિ કરે તોપણ સંપૂર્ણ મોહના ઉન્મૂલનનું કારણ બને તેવા વિવેકપૂર્વક કષાયોની દાહશક્તિ તિરોધાન પામે તે પ્રમાણે વ્રતોનું સેવન કરે નહીં તો બાહ્યથી સ્વીકારેલાને વ્રતોના પાલનમાત્રથી અંતરંગ કષાયોની દાહશક્તિ ક્ષીણ થાય નહીં.

આથી જ જેઓને આત્માના નિર્વિકલ્પદશારૂપ શુદ્ધ સામાયિક પ્રત્યે તીવ્ર રાગ છે અને તેના અંગભૂત સમભાવના પરિણામરૂપ સામાયિક પ્રત્યે બદ્ધ અભિલાષ છે અને તેવા સામાયિકને પ્રગટ કરવાને અનુકૂળ જે જે વ્રતો ગ્રહણ કરીને પોતે તે સામાયિકને અભિમુખ થઈ શકે છે તેઓ તે તે વ્રતો ગ્રહણ કરે છે. આથી જ સમ્યગ્દૃષ્ટિ પણ ભગવાનની પૂજા તે રીતે કરે છે જેથી તે દ્રવ્યસ્તવ ભાવસ્તવનું કારણ બને અને ભાવસ્તવ આદ્યભૂમિકામાં સવિકલ્પ સામાયિકરૂપ છે અને ખીલેલી અવસ્થામાં નિર્વિકલ્પ સામાયિકરૂપ છે. તેથી અવિરતસમ્યગ્દૃષ્ટિ પણ ભગવાનની પૂજાના પ્રણિધાનપૂર્વક જે દ્રવ્યસ્તવ કરે છે તેમાં કષાયોરૂપ દાહશક્તિનો ઉચ્છેદ થાય તેવો અવશ્ય યત્ન હોય છે માટે તેઓની જે દોષની નિવૃત્તિ છે તે ભાવથી દોષની નિવૃત્તિરૂપ છે અને જેઓને તેવો કોઈ બોધ નથી તેઓની સંયમની ક્રિયામાં પણ સૂક્ષ્મ બોધ નહીં હોવાથી જ્ઞાન-શ્રદ્ધાનના અભાવને કારણે બાહ્યથી દોષની નિવૃત્તિ હોવા છતાં પણ પરમાર્થથી દોષની અનિવૃત્તિ છે; કેમ કે તેમની સંયમની ક્રિયાથી પણ દોષશક્તિનો ઉપઘાત થતો નથી અને જ્ઞાન-શ્રદ્ધાનવાળા અવિરતસમ્યગ્દૃષ્ટિની ભગવદ્પૂજાથી પણ દોષશક્તિનો ઉપઘાત થાય છે. **॥૫૧૨॥**

**અવતરણિકા :-**

**पुनरप्येतदेव समर्थयन्नाह; –**

**અવતરણિકાર્થ :-**

**વળી પણ આને જ=જેઓને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્રુચિ છે તેઓની પરમાર્થથી વિરતિ પાપની છે એને જ, સમર્થન કરતાં કહે છે –**

**ગાથા :-**

**जाणंतो वयभंगे दोसं तह चेव सद्दहंतो य ।**
**एवं गुणं अभंगे कह धीरो अण्णहा कुणइ ? ।।५१३।।**

**અન્વયાર્થ :-**

**वयभंगे दोसं जाणंतो=વ્રતભંગમાં દોષને જાણતો, तह चेव सद्दहंतो य=અને તે પ્રકારે શ્રદ્ધા કરતો જ, एवं=એ રીતે, अभंगे=અભંગમાં, गुणं (जाणंतो सद्दहंतो य)=ગુણને (જાણતો અને શ્રદ્ધા કરતો), धीरो= ધીર પુરુષ, कह अण्णहा कुणइ ?=કેવી રીતે અન્યથા કરે ? ।।૫૧૩।।**

**ગાથાર્થ :-**

**વ્રતભંગમાં દોષને જાણતો અને તે પ્રકારે શ્રદ્ધા કરતો જ એ રીતે અભંગમાં ગુણને જાણતો અને શ્રદ્ધા કરતો ધીર પુરુષ કેવી રીતે અન્યથા કરે ? ।।૫૧૩।।**

**ટીકા :-**

**जानन्नवबुध्यमानो व्रतभङ्गे प्रतिपन्नव्रतविनाशे दोषं नरकपातादिलक्षणं, चैवेति समुच्चये, श्रद्दधानश्च श्रद्दधान एव; एवं जानानः श्रद्दधानश्च गुणं स्वर्गादिलाभरूपम् अभङ्गे व्रतस्य कथं धीरः सात्त्विकोऽन्यथा कुरुते ? प्रतिपद्य व्रतं तस्य भङ्गं न कुरुत इति भावः ।।५१३।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માને સમ્યગ્ રીતે પાલન કરાયેલા વ્રતના પરિણામથી તે તે કષાયોનો ક્ષયોપશમભાવ વર્તે છે તે પ્રમાણે બોધ છે અને એ જ પ્રકારે રુચિ છે તેથી તેવા ક્ષયોપશમભાવવાળા વ્રતના પાલનને કારણે સ્વર્ગાદિની પ્રાપ્તિ અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ છે તેવો નિર્ણય શાસ્ત્રવચન, યુક્તિ અને સ્વઅનુભવ અનુસાર વર્તે છે; કેમ કે વ્રતપાલનકાળમાં વ્રતના સમ્યગ્ પરિણમનને કારણે જે પ્રકારનું પોતાનું દયાળુ ચિત્ત છે તે દયાળુ ચિત્તનું ફળ સદ્ગતિની પરંપરા છે તેવો સ્થિર નિર્ણય છે અને વ્રત સ્વીકાર્યા પછી તે વ્રતની મર્યાદાના ઉલ્લંઘનમાં ભગવાનના વચન પ્રત્યે અનાદરનો ભાવ છે, વ્રતના અનર્થ પ્રત્યે ઉપેક્ષાનો ભાવ છે તેથી સ્વીકારાયેલા વ્રતભંગમાં નરકાદિની પ્રાપ્તિ છે તેવા શાસ્ત્રવચનથી, યુક્તિથી અને પોતાના ક્લિષ્ટ ચિત્તના અનુભવથી નિર્ણય છે અને તે પ્રકારની તેમને સ્થિર રુચિ છે કે 'જો હું વ્રતમાં સમ્યગ્ ઉદ્યમ કરીશ નહીં તો અવશ્ય અનર્થ થશે' તેવો ધીર પુરુષ અર્થાત્ સતત વ્રતભંગના અનર્થોનું ભાવન કરવામાં અને વ્રતપાલનના ગુણોનું ભાવન કરવામાં દૃઢ યત્નવાળો ધીરપુરુષ, કેવી રીતે વ્રતભંગ કરે અર્થાત્ વ્રતભંગ કરે નહીં પરંતુ સ્વીકારાયેલું વ્રત ઉત્તરોત્તરના વ્રત પ્રત્યે કારણભાવ પ્રાપ્ત કરીને સદ્ગતિઓની પરંપરાની પ્રાપ્તિનું કારણ બને તે પ્રકારે સેવવા માટે સદા યત્ન કરે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે વ્રતના ભંગના અનર્થકારી ફળો અને વ્રતપાલનના સમ્યગ્ ફળોનું પુનઃ પુનઃ તે રીતે ભાવન કરવું જોઈએ અને તેના માટે બતાવાયેલાં શાસ્ત્રીય દૃષ્ટાંતોનું પુનઃ પુનઃ તે રીતે ભાવન કરવું જોઈએ જેથી સ્મૃતિપટમાં વ્રતના ભંગના અનર્થોનું નિત્ય સ્મરણ રહે અને વ્રતપાલનનાં ઉત્તમ ફળોનું પણ સતત સ્મરણ રહે. આ પ્રકારે જે મહાત્મા ધીરતાથી યત્ન કરે છે તે મહાત્મા શુદ્ધ વ્રતના પાલન માટે સમર્થ બને છે. **॥૫૧૩॥**

**અવતરણિકા :-**

**कुतः । यतः –**

**અવતરણિકાર્થ :-**

**ક્યા કારણથી=વ્રતના ગુણદોષને યથાર્થ જાણનાર પુરુષ ક્યા કારણથી વ્રતભંગ કરતો નથી, એથી કહે છે – જે કારણથી=ગાથામાં કહેલ છે તેમ છે તેથી, વ્રતભંગ કરતો નથી એમ અન્વય છે –**

**ગાથા :-**

**तुच्छं कज्जं भंगे गरुयमभंगम्मि णियमओ चेव ।**
**परमगुरुणो य वयणं इमंति मइमं ण लंघेइ ।।५१४।।**

**અન્વયાર્થ :-**

**णियमओ चेव**=નિયમથી જ, **भंगे**=ભંગમાં=વ્રતભંગમાં, **तुच्छं कज्जं**=તુચ્છ કાર્ય છે=આલોકના તુચ્છ વૈષયિક સુખના પોષણરૂપ કાર્ય છે. **गरुयमभंगम्मि**=અભંગમાં ગુરુ કાર્ય છે=ચિત્તની સ્વસ્થતા અને પરંપરાએ સદ્ગતિ અને મોક્ષરૂપ ગુરુ કાર્ય છે. **परमगुरुणो य**=અને પરમ ગુરુનું, **इमं वयणं**=આ વચન છે='વ્રતનું પાલન કરવું જોઈએ' એ વચન છે **ति**=એ હેતુથી, **मइमं**=મતિમાન પુરુષ, **ण लंघेइ**=ઉલ્લંઘન કરતો નથી=સ્વીકારાયેલા વ્રતનું ઉલ્લંઘન કરતો નથી. ।।૫૧૪।।

**ગાથાર્થ :-**

**નિયમથી જ ભંગમાં=વ્રતભંગમાં, તુચ્છ કાર્ય છે=આલોકના તુચ્છ વૈષયિક સુખના પોષણરૂપ કાર્ય છે. અભંગમાં ગુરુ કાર્ય છે=ચિત્તની સ્વસ્થતા અને પરંપરાએ સદ્ગતિ અને મોક્ષરૂપ ગુરુ કાર્ય છે, અને પરમ ગુરુનું આ વચન છે='વ્રતનું પાલન કરવું જોઈએ' એ વચન છે, એ હેતુથી મતિમાન પુરુષ ઉલ્લંઘન કરતો નથી=સ્વીકારાયેલા વ્રતનું ઉલ્લંઘન કરતો નથી. ।।૫૧૪।।**

**ટીકા :-**

**तुच्छमल्पमिन्द्रियप्रीत्यादिरूपं कार्यं भङ्गे व्रतस्य गुरुकं महद् व्रतभङ्गकार्यापेक्षया निर्वाणादिलक्षणमभङ्गे नियमतश्चैवावश्यमेवेति मन्यमानः परमगुरोश्च भगवतोऽर्हतो वचनमाज्ञा इदं व्रतपरिपालनमित्यस्माच्च हेतोर्मतिमान् भूरिप्रज्ञो न लंघयति नातिक्रामति ।।५१४।।**

**ભાવાર્થ :-**

જેઓને પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોવાની દૃષ્ટિ સ્પષ્ટ થઈ છે તેઓ ફળને સન્મુખ રાખીને જ પ્રવૃત્તિ કરે છે. જેમ કોઈ કંજુસ માણસ પણ લાખ રૂપિયાની પ્રાપ્તિ થતી હોય તો તેના ઉપાયભૂત જણાય ત્યારે ગ્રાહકની આગતાસ્વાગતા પાછળ આઠ દસ હજારનો વ્યય પણ કરે છે; કેમ કે વ્યય કરતાં લાભ અધિક દેખાય છે. તે રીતે તત્ત્વને જોનાર મહાત્માને વ્રતભંગમાં તુચ્છ ઇન્દ્રિયની પ્રીતિ આદિ કાર્યો દેખાય છે અને વ્રતના સમ્યગ્ પાલનથી થયેલા ક્ષયોપશમભાવમાં ચિત્તમાં કષાયોના નાશ, સદ્ગતિની પરંપરા અને અંતે નિર્વાણની પ્રાપ્તિરૂપ મહાફળ દેખાય છે; કેમ કે અંતરંગ અને બહિરંગ દૃઢ યત્નપૂર્વક પરિપાલન કરાયેલ વ્રત ઉત્તર-ઉત્તરના કષાયના ક્ષયોપશમભાવની પ્રાપ્તિ દ્વારા સદ્ગતિઓની પરંપરાની પ્રાપ્તિનું કારણ બને છે અને અંતે ક્ષાયિક એવા ગુણોની પ્રાપ્તિનું કારણ બને છે તેવું સ્વઅનુભવથી, યુક્તિથી અને શાસ્ત્રવચનથી તે મહાત્માને સ્પષ્ટ જણાય છે તેથી અલ્પ કાર્યને ગૌણ કરીને મોટા કાર્યને સ્મૃતિમાં રાખીને તે મતિમાન

પુરુષો ક્યારેય વ્રતનું ઉલ્લંઘન કરતા નથી.

વળી, મતિમાન પુરુષો હંમેશાં પરમગુરુના વચનને સ્મરણ કરીને સર્વ પ્રવૃત્તિ કરનારા છે તેથી સતત વિચારે છે કે 'સ્વશક્તિ અનુસાર અપ્રમાદભાવથી વ્રત ગ્રહણ કરવામાં ઉદ્યમ કરવો જોઈએ, ગ્રહણ કર્યા પછી વ્રતનું પાલન સમ્યગ્ થાય તે અર્થે વ્રતનાં ઉત્તમ ફળોનું નિત્ય સ્મરણ કરવું જોઈએ અને વ્રતના ભંગના અનર્થોનું નિત્ય ભાવન કરવું જોઈએ અને સ્વીકારાયેલા વ્રતનું કઈ રીતે વિશુદ્ધ પાલન થાય તદ્અર્થે સાત્ત્વિક પુરુષોનાં દૃષ્ટાંતોનું ભાવન કરવું જોઈએ' જેથી વ્રતનું સમ્યગ્ પાલન થાય એ પ્રકારની પરમગુરુની આજ્ઞા છે, એમ સ્મરણ કરીને મતિમાન પુરુષો ક્યારેય વ્રતનું અતિક્રમણ કરતા નથી. **॥૫૧૪॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**ગાથા-૫૧૧માં કહ્યું કે વ્રતનો પરિણામ ધીર, ઉદાર અને ગુરુક છે. ત્યારપછી કેમ તે ધીર, ઉદાર અને ગુરુક છે તેની સ્પષ્ટતા કરી. હવે 'तथा'થી વ્રતનો પરિણામ કેવો છે તે અન્ય પ્રકારે બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**साहाविओ य वयपरिणामो जीवस्स अण्णहा इयरो ।**
**एवं एस सरूवेण तत्तओ चिंतियव्वोत्ति ।।५१५।।**

**અન્વયાર્થ :-**

**जीवस्स वयपरिणामो साहाविओ य=અને જીવનો વ્રતપરિણામ સ્વાભાવિક છે. इयरो=ઈતર=અવ્રત-પરિણામ, अण्णहा=અન્યથા છે=જીવના અસ્વભાવભૂત છે, एवं=એ રીતે, एस=આ=વ્રતપરિણામ, सरूवेण=સ્વભાવપણારૂપે=જીવના સ્વભાવપણારૂપે, तत्तओ चिंतियव्वोत्ति=તત્ત્વથી વિચારવું જોઈએ= પરમાર્થથી વિચારવું જોઈએ. ।।૫૧૫।।**

**ગાથાર્થ :-**

**અને જીવનો વ્રતપરિણામ સ્વાભાવિક છે. ઈતર=અવ્રતપરિણામ, અન્યથા છે=જીવના અસ્વભાવ-ભૂત છે. એ રીતે આ=વ્રતપરિણામ, સ્વભાવપણારૂપે=જીવના સ્વભાવપણારૂપે, તત્ત્વથી વિચારવું જોઈએ=પરમાર્થથી વિચારવું જોઈએ. ।।૫૧૫।।**

**ટીકા :-**

**स्वाभाविकश्च स्वभावभूत एव व्रतपरिणामो जीवस्य सत्क्रियाऽनिवृत्तिरूपत्वाद् व्रतपरिणामस्य ।**

**अस्याश्च कर्मसामर्थ्यनिग्रहोद्भूतत्वाद् न बाह्यरूपता । व्यतिरेकमाह—अन्यथा कर्मोदयजन्यत्वेन जीवाऽस्वभावभूत इतरोऽव्रतपरिणामो वर्त्तते । एवमुक्तनीत्या एष व्रतपरिणामः स्वरूपेण जीवस्वाभाव्येन तत्त्वतश्चिन्तयितव्यो मीमांसनीयः । ततः 'अन्तरंगबहिरङ्गयोरन्तरङ्गो विधिर्बलवान्' इतिन्यायाद् बलीयानेव व्रतपरिणामः । इति परिसमाप्तौ ।।५१५।।**

**ભાવાર્થ :-**

વ્રતનો પરિણામ બાહ્ય કૃત્ય સ્વરૂપ નથી પરંતુ વિદ્યમાન કષાયના ક્ષયોપશમભાવની પરિણતિ સ્વરૂપ છે તેથી જીવના કર્મના ક્ષયજન્ય જે સ્વભાવભૂત ભાવ છે તેને અભિમુખ તેવો સ્વભાવભૂતભાવ સ્વરૂપ વ્રતનો પરિણામ છે.

વળી, અવ્રતનો પરિણામ જીવના સ્વભાવભૂત નથી પરંતુ કર્મના ઉદયને કારણે થયેલા મોહની પરિણતિ સ્વરૂપ છે. ફક્ત અવ્રતકાળમાં થતી અવ્રતની બાહ્ય ક્રિયા તે મોહના પરિણામનું કાર્ય છે. એથી વિવેકી પુરુષ તે મોહના પરિણામના તિરોધાન માટે તે બાહ્ય આરંભસમારંભની ક્રિયાનો ત્યાગ કરીને અંતરંગ રીતે વિદ્યમાન કષાયના ક્ષયોપશમભાવને ઉલ્લસિત કરવા યત્ન કરે છે. તેથી એ ફલિત થાય કે મોહનીયના ક્ષયોપશમભાવરૂપ વ્રતનો પરિણામ છે અને મોહનીયના ઉદયરૂપ જીવનો અવ્રતનો પરિણામ છે.

આ રીતે વ્રતના પરિણામનું સ્વરૂપ તત્ત્વથી ચિંતવન કરવું જોઈએ જેથી જીવને ઉપસ્થિત થાય કે ક્ષાયિકભાવને અભિમુખ એવા ક્ષયોપશમભાવરૂપ વ્રતનો પરિણામ બળવાન છે; કેમ કે જીવના સ્વભાવભૂત છે. વળી, ક્ષાયિકભાવથી અત્યંત વિપરીત ઔદાયિકભાવરૂપ અવ્રતનો પરિણામ છે તેથી અબળવાન છે માટે જેઓને બળવાન એવો વ્રતનો પરિણામ પ્રગટ થયો છે તેવા ધીરપુરુષો ક્યારેય વ્રતભંગ થાય તેવી પ્રવૃત્તિ કરતા નથી પરંતુ પ્રગટ થયેલા ક્ષયોપશમભાવના વ્રતને ઉત્તરોત્તર વૃદ્ધિ દ્વારા ક્ષાયિકભાવનું કારણ બને તે રીતે તે વ્રતની ઉચિત આચરણામાં યત્ન કરે છે. **॥૫૧૫॥**

**અવતરણિકા :-**

**अथ सत्योदाहरणमाह —**

**અવતરણિકાર્થ :-**

**હવે સત્યના ઉદાહરણને કહે છે=ગાથા-૫૦૫માં વ્રતપાલનના સ્થિર પરિણામવાળાનાં છ દૃષ્ટાંતો કહેલ. તેમાં જિનધર્મનું પ્રથમ દૃષ્ટાંત બતાવ્યા પછી તે વ્રતપાલનના સ્થિર પરિણામની પુષ્ટિ કરી. હવે સત્યનું બીજું ઉદાહરણ કહે છે —**

**ગાથા :-**

**वडवद्दे सच्चो खलु वणियसुओ सावगोत्ति विक्खाओ ।**
**भाइसमं पारसकुलं गंतुं आगच्छमाणाणं ।।५१६।।१।।**

अण्णेहिं समं पासण तिमिगिलस्सा जलोवरिट्ठियस्स ।
ते मच्छोतिमहल्लो भणंतिभायाउदीवोत्ति ।।५१७।।२।।
सव्वस्सेणं जूयं पडिसेह बलाउ तस्स करणंति ।
णिज्जामगग्गिजालण बुड्ड तह कूल उप्पत्ती ।।५१८।।३।।
मग्गण विप्पडिवत्ती राउलववहार सक्खिभासणया ।
मिलियत्ति निवपरिच्छा पूजा सेट्ठिम्मि जाणणया ।।५१९।।४।।
पूजा महंतसेट्ठिम्मि जोग्गया इच्छ आवकहियत्ति ।
वीमंसाए मुयणं वाणियगेणंपि रित्थस्स ।।५२०।।५।।

**અન્વયાર્થ :-**

वडवद्दे=વટપદ્રક નગરમાં, सच्चो खलु वणियसुओ=ખરેખર સત્ય નામનો વણિકપુત્ર, सावगोत्ति विक्खाओ=શ્રાવક એ પ્રમાણે વિખ્યાત હતો. भाइसमं=ભાઈની સાથે, पारसकुलं गंतुं आगच्छमाणाणं=પારસકુલ જઈને પાછો આવતો હતો.

अण्णेहिं समं=અન્યોની સાથે=વહાણમાં રહેલા અન્ય વેપારીઓ સાથે, जलोवरिट्ठियस्स तिमिगिलस्सा पासण=જળ ઉપર રહેલા તિમિંગિલ નામના મત્સ્યનું દર્શન થયું. ते=તેથી, मच्छोतिमहल्लो भणंति='તે મોટું માછલું છે' એમ અન્ય વેપારીઓ કહેવા લાગ્યા. भाया उ दीवो त्ति=અને ભાઈ 'દ્વીપ છે' એમ કહે છે.

सव्वस्सेणं जूयं=સર્વસ્વથી દ્યુત=જેનું સાચું પડે તેને સર્વસ્વ આપવું એ પ્રમાણે શરત કરાઈ. पडिसेह=પ્રતિષેધ=સત્ય વડે પ્રતિષેધ કરાયો. बला उ=તોપણ બળથી=હઠથી, तस्स करणं ति=તેને શરત કરી. णिज्जामगग्गिजालण=નિર્યામક વડે અગ્નિનું જ્વલન=ખલાસી વડે મત્સ્યના પીઠ ઉપર અગ્નિનું જ્વલન, बुड्ड=બૂડન=મત્સ્ય વડે પાણીમાં ડૂબવું, तह कूल उप्पत्ती=અને કૂલની ઉત્પત્તિ=કાળથી કિનારાની પ્રાપ્તિ થઈ.

मग्गण=માર્ગણા=સાથેના વેપારીઓ દ્વારા સર્વસ્વની માંગણી. विप्पडिवत्ती=વિપ્રતિપત્તિ=સત્યના ભાઈ વડે અસ્વીકાર, राउलववहार=રાજકુળમાં વ્યવહાર, सक्खिभासणया=સાક્ષીનું ભાષણ=રાજાએ પૃચ્છા કરી ત્યારે અન્યોએ કહ્યું કે 'આનો ભાઈ સત્ય સાક્ષી છે', मिलियत्ति=મળેલો છે=ભાઈ સાથે ભાઈ મળેલો છે એમ વિચારીને, निवपरिच्छा=નૃપ વડે પરીક્ષા, पूजा सेट्ठिम्मि=શ્રેષ્ઠીઓની પૂજા=નગરના પ્રધાન શ્રેષ્ઠીઓને રાજાએ સત્કારપૂર્વક બોલાવ્યા અને કહ્યું કે સત્યની પાસેથી વસ્તુ જાણો, जाणणया=જ્ઞાન થયું=શ્રેષ્ઠીઓને સત્ય પાસેથી પરમાર્થનો નિર્ણય થયો.

महंतसेट्ठिम्मि=મહાશ્રેષ્ઠીઓમાં, जोग्गया पूजा=યોગ્યતાથી પૂજા કરાઈ=સત્યને સ્થાન અપાયું. इच्छ आवकहियत्ति=ઈચ્છા મુજબ યાવજ્જીવિકા કરાઈ=સત્યના અભિલાષ મુજબ રાજા વડે સત્યની

યાવજ્જીવ આજીવિકા કરાઈ. वीमंसाए=વિમર્શ થયો. વેપારીઓ વડે વિમર્શ થયો કે સત્ય વડે આ દુષ્કર કરાયું છે. वाणियगेणंपि रित्थस्स मुयणं=વેપારીઓ વડે જુગારમાં લીધેલું સર્વ ધન પાછું અપાયું. ।।૫૧૬થી ૫૨૦।।

ગાથાર્થ :-

વટપદ્રક નગરમાં ખરેખર સત્ય નામનો વણિકપુત્ર શ્રાવક એ પ્રમાણે વિખ્યાત હતો. ભાઈની સાથે પારસકુલ જઈને પાછો આવતો હતો.

અન્યોની સાથે=વહાણમાં રહેલા અન્ય વેપારીઓ સાથે જળ ઉપર રહેલા તિમિઙ્ગિગલ નામના મત્સ્યનું દર્શન થયું. તે=તેથી 'તે મોટું માછલું છે' એમ અન્ય વેપારીઓ કહેવા લાગ્યા અને ભાઈ 'દ્વીપ છે' એમ કહે છે.

સર્વસ્વથી દ્યૂત=જેનું સાચું પડે તેને સર્વસ્વ આપવું એ પ્રમાણે શરત કરાઈ. પ્રતિષેધ=સત્ય વડે પ્રતિષેધ કરાયો. તોપણ બળથી=હઠથી તેને શરત કરી. નિર્યામક વડે અગ્નિનું જ્વલન=ખલાસી વડે મત્સ્યની પીઠ ઉપર અગ્નિનું જ્વલન, બૂડન=મત્સ્ય વડે પાણીમાં ડૂબવું, અને કૂલની ઉત્પત્તિ=કાળથી કિનારાની પ્રાપ્તિ થઈ.

માર્ગણા=સાથેના વેપારીઓ દ્વારા સર્વસ્વની માંગણી. વિપ્રતિપત્તિ=સત્યના ભાઈ વડે અસ્વીકાર, રાજકુળમાં વ્યવહાર સાક્ષીનું ભાષણ=રાજાએ પૃચ્છા કરી ત્યારે અન્યોએ કહ્યું કે 'આનો ભાઈ સત્ય સાક્ષી છે', મળેલો છે=ભાઈ સાથે ભાઈ મળેલો છે એમ વિચારીને નૃપ વડે પરીક્ષા, શ્રેષ્ઠીઓની પૂજા=નગરના પ્રધાન શ્રેષ્ઠીઓને રાજાએ સત્કારપૂર્વક બોલાવ્યા અને કહ્યું કે સત્યની પાસેથી વસ્તુ જાણો. જ્ઞાન થયું=શ્રેષ્ઠીઓને સત્ય પાસેથી પરમાર્થનો નિર્ણય થયો.

મહાશ્રેષ્ઠીઓમાં યોગ્યતાથી પૂજા કરાઈ=સત્યને સ્થાન અપાયું. ઈચ્છા મુજબ યાવજ્જીવિકા કરાઈ=સત્યના અભિલાષ મુજબ રાજા વડે સત્યની યાવજ્જીવ આજીવિકા કરાઈ. વિમર્શ થયો. વેપારીઓ વડે વિમર્શ થયો કે સત્ય વડે આ દુષ્કર કરાયું છે. વેપારીઓ વડે જુગારમાં લીધેલું સર્વ ધન પાછું અપાયું. ।।૫૧૬થી ૫૨૦।।

ટીકા :-

वटपद्रके वटपद्रकाभिधाने स्थाने सत्यः सत्याभिधानः, खलुर्वाक्यालंकारे, वणिक्पुत्रो वाणिजकनन्दनः श्रावको विख्यात इत्यनुव्रतादिधारकत्वेन प्रसिद्धः । अन्यदा भ्रातृसमं भ्रात्रा सार्द्धं पारसकूलं नाम द्वीपविशेषं गत्वा समागन्तुं लग्नः ।।५१६।।१।।

आगच्छतोश्चतयोर्यदभूत् तदाह—अन्यैः प्रावहणिकैः समं 'पासण'त्ति दर्शनमभूत् तिमिङ्गिगलस्य महामत्स्यविशेषस्य जलोपरिस्थितस्य सर्वेषां प्रावहणिकानां ततस्ते सर्वे प्रावहणिकाः 'मत्स्यो महानेषः' इति भणन्ति भ्राता त्वेतस्य सत्यस्य द्वीप इति समभाणीत् ।।५१७।।२।।

**सर्वस्वेन सर्वगृहसारेण द्यूतं पणो व्यवस्थापितः । प्रतिषेधः सत्येन कृतो-नैवं पणबंधो व्यवस्थापयितुं युक्तः । तथापि बलाद् हठवृत्या अस्य पणस्य करणं निर्वर्त्तनमिति । ततो महामत्स्यद्वीपयोः परीक्षार्थं निर्यामकेण प्रवहणप्रवर्त्तकेन पुरुषेण पृष्ठप्रदेशे वैश्वानरप्रज्वालनं कृतम् । तदनु प्रतापितपृष्ठेन तेन मत्स्येन ब्रुडनं निमज्जनं जलमध्ये विहितम् । अथ कालेन तेषां कूलप्राप्तिः सम्पन्ना ।।५१८।।३।।**

**मार्गणा सर्वस्वलक्षणस्य पणस्य प्रावहणिकैस्तस्य कृता । विप्रतिपत्तिर्विहिता तेन सत्यभ्रात्रा । ततो राजकुले व्यवहारः प्रवृत्तः । साक्षिभाषणा-केऽत्र साक्षिण इति भाषितं राज्ञा । भाषितः स च प्रतिवादिना, यथा—अस्यैव भ्राता सत्याभिधानः साक्षी । ततः भ्राता भ्रातुर्मिलितो भवतीति । नासावेवंविधार्थसाक्षिभावेन व्यवहर्तुं युक्त इत्यस्मात् कारणाद् नृपपरीक्षा नृपेण परीक्षा कर्त्तुमारब्धा । कथमित्याह—पूजा सत्कारः श्रेष्ठिनि नगरप्रधानवणिग्विशेषे कृता । भणितश्चासौ पृच्छ सत्यं कोऽत्र सद्भावः । ज्ञातश्च श्रेष्ठिना सत्यात् परमार्थः । निवेदितश्च राज्ञः तेनापि ढौकितं सर्वस्वं प्रतिवादिने ।।५१९।।४।।**

**पूजा कृता सत्यस्य कीदृशीत्याह—महाश्रेष्ठिनि सर्वश्रेष्ठिवर्ग्गप्रधानभावभाजि सति तस्मिन् योग्यता-नगरकार्यचिन्तारूपा जाता । इच्छया स्वाभिलाषेण यावत्कथिका यावज्जीविकी तस्येति । विमर्शोऽहो । सत्येन दुष्करं कृतं यद् भातृस्नेहमुपेक्ष्य सद्भूतव्यवहारोऽवलम्बित इत्येवंरूपे सति मोचनं कृतं जातसन्तोषेण वाणिजकेनापि रिक्थस्य सर्वस्वरूपस्य ।।५२०।।५।।**

**ભાવાર્થ :-**

સામાન્યથી જેઓને ધનની મૂર્ચ્છા કરતાં સંયમજીવન પ્રત્યે અત્યંત રાગ છે, મૂર્ચ્છાના પરિહાર માટે બળવાન પરિણામ છે તેવા શ્રાવકોને ધનનો લોભ હોય તોપણ અત્યંત અલ્પમાત્રામાં ધનનો લોભ છે, વિશેષ પ્રકારે ઉચિત આચારો પ્રત્યે અધિક રાગ છે. તેથી તેઓના કષાયો અત્યંત મંદ વર્તે છે માટે તેઓનું ચિત્ત અલ્પ ક્લેશવાળું હોય છે. આથી જ સત્ય નામના શ્રાવકે ભાઈ વડે કરાયેલા શરતના પ્રસંગમાં સાચું કથન કરીને ઉચિત આચાર પ્રત્યે પોતાનો જે પક્ષપાત હતો તેનું રક્ષણ કર્યું અને ધનસર્વસ્વને આપતાં પણ ક્લેશ કર્યો નહીં. તેથી જે જીવોને વ્રતનો પરિણામ અત્યંત સ્થિર થયો નથી તેઓ શેષ કાળમાં સંકલ્પ કરે કે સર્વ પ્રયત્નથી મારે વ્રતનું રક્ષણ કરવું છે તોપણ મોટા ધનની હાનિ દેખાય ત્યારે ચિત્તમાં તેનો નાશ સહન કરી શકે નહીં તેવો ક્લેશ થાય છે તેથી મૃષાવાદ બોલે છે. જેમ સાવદ્યાચાર્યએ પાસત્થા સાધુની વચમાં પોતાનો ઉપહાસ થશે તેમ જાણવા છતાં સન્માર્ગના રક્ષણ અર્થે કહ્યું કે 'જોકે જિનાલય છે તોપણ સાવદ્ય છે' એમ કહીને સંસાર પરિમિત કર્યો તેમ કોઈ જીવ ક્વચિદ્ અત્યંત પ્રયત્ન કરીને સત્ય ભાષણ કરે તોપણ ધનનાશ થયા પછી સતત તેને ક્લેશ થાય છે. જેમ સાવદ્યાચાર્યએ અનંત સંસારના ભયથી શુદ્ધ પ્રરૂપણા કરી પરંતુ ફરી બદનામ થવાના પ્રસંગના ભયથી ક્લેશ પામી ઉત્સૂત્રભાષણ કર્યું તેમ જે જીવોને

વ્રતના પરિણામ કરતા અને વ્રતના પરિણામથી જન્ય અક્લેશના ભાવ કરતા પદાર્થો પ્રત્યે અધિક મૂર્ચ્છા હોય છે તેઓ ક્વચિદ્ સત્ય બોલે તોપણ પાછળથી તે નિમિત્તે ક્લેશ કરે છે, પરંતુ જેઓને વ્રતનો પરિણામ સ્થિર છે તેઓ તો સદા સાધુધર્મનું પરિભાવન કરે છે, સાધુધર્મ પ્રત્યેના દૃઢ પક્ષપાતી બને છે અને તેના શક્તિસંચય અર્થે સ્વીકારાયેલા વ્રતનું પરિશુદ્ધ પાલન કરે છે અને તે પાલન કર્યા પછી ધનનો નાશ થાય તોપણ તે નિમિત્તે ક્લેશ કરતા નથી પણ પોતાનું વ્રત સુરક્ષિત છે તેના હર્ષને જ ધારણ કરે છે અને વ્રતમાં દૃઢ-દૃઢતર થવા યત્ન કરે છે તેવા જીવોમાં અવસ્થિત ગુણસ્થાનકનો પરિણામ છે જેના કારણે સતત ક્લેશનાશના કારણે સુખની વૃદ્ધિ થાય છે અને તેવા ઉત્તમ ગુણસ્થાનકની પરિણતિ હોવાના કારણે પ્રાયઃ પાપપ્રકૃતિ પણ તિરોધાન પામે છે. આથી સાચું બોલવાથી સત્ય નામના શ્રેષ્ઠીને રાજા પાસે સત્કારની પ્રાપ્તિ થઈ અને અન્ય વણિકોએ પણ ધન પાછું આપ્યું; કેમ કે ગુણસ્થાનકની પરિણતિ પ્રાયઃ પુણ્યપ્રકૃતિને જાગૃત કરવાનું કારણ બને છે. **॥૫૧૬ થી ૫૨૦॥**

**અવતરણિકા :-**

**अथ तृतीयोदाहरणमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે ત્રીજા ઉદાહરણને કહે છે=ગાથા-૫૦૫માં છ ઉદાહરણો બતાવ્યાં તેમાંથી ત્રીજા ગોષ્ઠીશ્રાદ્ધના ઉદાહરણને કહે છે –**

**ગાથા :-**

**दक्खिणमहुरा गोट्ठी एगो सड्ढोत्ति वच्चए कालो ।**
**तत्थन्नयाउ पइरिक्क थेरिगेहम्मि मुसणा य ।।५२१।।१।।**
**णो सड्ढे थेरिपायवडण लंछणा मोरवित्तरसएण ।**
**सावगभागागहणं गोट्ठीपरिवज्जणाभावो ।।५२२।।२।।**
**थेरीए रायकहणं गोट्ठाहवणमगमो उ सड्ढस्स ।**
**एत्तिय विसेसकहणे आहवणमचिंधगो नवरं ।।५२३।।३।।**
**पुच्छण चिंता गोट्ठी कइआ अज्जेव किमिति एमेव ।**
**चोरियपसिणे खुद्धा सव्वे ण उ सावगो नवरं ।।५२४।।४।।**
**रन्नो भावपरिन्ना विसेसपुच्छाए भूयसाहणया ।**
**निग्गहपूजा उ तहा दोण्हवि गुणदोसभावेणं ।।५२५।।५।।**

**અન્વયાર્થ :-**

दक्खिणमहुरा गोट्ठी=દક્ષિણ મથુરામાં ગોષ્ઠી=કોઈક ખરાબ ટોળકી, एगो सड्ढोत्ति=એક શ્રાવક=એક શ્રાવક ખરાબ ટોળકીમાં ભળ્યો. वच्चए कालो=કાળ પસાર થાય છે. तत्थन्नया उ=ત્યાં અન્યદા, पइरिक्क=એકાંતમાં, थेरिगेहस्मि मुसणा य=એક સ્થવિરાના ઘરમાં સર્વસ્વની ચોરી કરાઈ=તે ટોળકીએ ચોરી કરી.

णो सड्ढे=શ્રાવક વડે નહીં=શ્રાવકે ચોરી ન કરી. थेरिपायवडण मोरवित्तरसएण=સ્થવિરા વડે પગમાં પડવા દ્વારા મોરપિત્તના રસથી, लंछणा=લાંછણા કરી=પગમાં ચિહ્નો કર્યાં. सावगभागागहणं=શ્રાવક વડે ભાગનું અગ્રહણ=ટોળકી વડે લૂંટેલા ભાગનું શ્રાવક વડે અગ્રહણ, गोट्ठीपरिवज्जणाभावो=ટોળકીને ત્યાગ કરવાનો શ્રાવકને પરિણામ થયો.

थेरीए रायकहणं=સ્થવિરાએ રાજાને કથન કર્યું. गोट्ठाहवणं=ટોળકીને બોલાવાઈ=રાજાએ ટોળકીને બોલાવી. सड्ढस्स उ अगमो=અને શ્રાવકનું આગમન ન થયું. (રાજાએ પૂછ્યું —) 'एत्तिय'='તમે આટલા જ છો ?', विसेसकहणे=વિશેષના કથનમાં=ગોષ્ઠીએ વિશેષનું કથન કર્યું ત્યારે, आहवणं=(શ્રાવકના પુત્રને) બોલાવાયો. नवरं अचिंधगो=કેવળ તે ચિહ્ન વગરનો હતો=કેવળ તે શ્રાવકપુત્ર મયૂરપિત્તના ચિહ્ન વગરનો હતો.

पुच्छण=રાજાએ પૂછ્યું — ('પગમાં ચિહ્ન કેમ નથી ?') चिंता=ચિંતા=શ્રાવકને ચિંતા થઈ કે 'હું શું કહું ?' (રાજાએ પૂછ્યું —) 'गोट्ठी कइआ'='ક્યારે ટોળકી ?=તારા વડે આ ટોળકી ક્યારે સ્વીકારાઈ ?' શ્રાવકપુત્રએ કહ્યું — 'अज्जेव'='આજે જ' રાજાએ પૂછ્યું — 'किमिति'='કેમ સ્વીકારાઈ ?' શ્રાવકપુત્રએ કહ્યું — 'एमेव'='આમ જ=અનાભોગથી', चोरियपसिणे=રાજાએ ટોળકીને ચોરીનો પ્રશ્ન કર્યો. खुद्धा=ક્ષોભ પામી=ટોળકી ક્ષોભ પામી. ण उ सावगो नवरं=કેવળ શ્રાવકપુત્ર ક્ષોભ પામ્યો નહીં.

रन्नो भावपरिन्ना=રાજા વડે ભાવ જણાયો='આ ટોળકી ક્ષુભિત થઈ માટે ચોર છે અને શ્રાવક ક્ષુભિત ન થયો માટે ચોર નથી' એ પ્રમાણે રાજાને નિર્ણય થયો. विसेसपुच्छाए=વિશેષ પૃચ્છા કરાયે છતે, भूयसाहणया=યથાસ્થિત કથન કર્યું. दोण्हवि गुणदोसभावेणं तहा निग्गहपूजा उ=બંનેના પણ ગુણદોષ-ભાવથી નિગ્રહ અને પૂજા=શ્રાવકની ગુણભાવથી પૂજા કરી અને ટોળકીનો દોષભાવથી નિગ્રહ કર્યો. ॥૫૨૧થી ૫૨૫॥

**ગાથાર્થ :-**

દક્ષિણ મથુરામાં ગોષ્ઠી=કોઈક ખરાબ ટોળકી, એક શ્રાવક=એક શ્રાવક ખરાબ ટોળકીમાં ભળ્યો. કાળ પસાર થાય છે. ત્યાં અન્યદા એકાંતમાં એક સ્થવિરાના ઘરમાં સર્વસ્વની ચોરી કરાઈ=તે ટોળકીએ ચોરી કરી.

શ્રાવક વડે નહીં=શ્રાવકે ચોરી ન કરી. સ્થવિરા વડે પગમાં પડવા દ્વારા મોરપિત્તના રસથી

લાંછણા કરી=પગમાં ચિહ્નો કર્યાં. શ્રાવક વડે ભાગનું અગ્રહણ=ટોળકી વડે લૂંટેલા ભાગનું શ્રાવક વડે અગ્રહણ, ટોળકીને ત્યાગ કરવાનો શ્રાવકને પરિણામ થયો.

સ્થવિરાએ રાજાને કથન કર્યું. ટોળકીને બોલાવાઈ=રાજાએ ટોળકીને બોલાવી. અને શ્રાવકનું આગમન ન થયું. રાજાએ પૂછ્યું – 'તમે આટલા જ છો ?' વિશેષના કથનમાં=ગોષ્ઠીએ વિશેષનું કથન કર્યું ત્યારે શ્રાવકના પુત્રને બોલાવાયો. કેવળ તે ચિહ્ન વગરનો હતો=કેવળ તે શ્રાવકપુત્ર મયૂરપિત્તના ચિહ્ન વગરનો હતો.

રાજાએ પૂછ્યું – 'પગમાં ચિહ્ન કેમ નથી ?' ચિંતા=શ્રાવકને ચિંતા થઈ કે 'હું શું કહું ?' રાજાએ પૂછ્યું – 'ક્યારે ટોળકી ?=તારા વડે આ ટોળકી ક્યારે સ્વીકારાઈ ?' શ્રાવકપુત્રએ કહ્યું – 'આજે જ' રાજાએ પૂછ્યું – 'કેમ સ્વીકારાઈ ?' શ્રાવકપુત્રએ કહ્યું – 'આમ જ= અનાભોગથી' રાજાએ ટોળકીને ચોરીનો પ્રશ્ન કર્યો. ક્ષોભ પામી=ટોળકી ક્ષોભ પામી. કેવળ શ્રાવકપુત્ર ક્ષોભ પામ્યો નહીં.

રાજા વડે ભાવ જણાયો='આ ટોળકી ક્ષુભિત થઈ માટે ચોર છે અને શ્રાવક ક્ષુભિત ન થયો માટે ચોર નથી' એ પ્રમાણે રાજાને નિર્ણય થયો. વિશેષ પૃચ્છા કરાયે છતે યથાસ્થિત કથન કર્યું. બંનેના પણ ગુણદોષભાવથી નિગ્રહ અને પૂજા=શ્રાવકની ગુણભાવથી પૂજા કરી અને ટોળકીનો દોષભાવથી નિગ્રહ કર્યો. ।।૫૨૧થી ૫૨૫।।

ટીકા :-

इह दक्षिणमथुरायां काञ्चीति सर्वत्र प्रख्यातायां काचिद् दुर्ल्ललितगोष्ठी समभूत् । एकः श्राद्धः सदाचारः श्रावकपुत्रस्तस्यां समभूत् । इत्येवं व्रजति कालः । तत्र दक्षिणमथुरायामेवान्यदा तु कालान्तरे पुनः 'पइरिक्क' विजने सम्पन्ने एकत्र स्थविरागृहे 'मुसणा य'त्ति सर्वस्वमोषणं तया कृतम् चः पूरणे ।।५२१।।१।।

नो नैव 'सङ्ग'ति श्रावकेण किञ्चित् कृतम् । ज्ञातं च स्थविरया, यथा—मदीयं गृहं दुर्ललितगोष्ठ्या मोषितुमारब्धम्, ततः 'थेरिपायवडण'त्ति स्थविरया पादपतनव्याजेन मा मुष्णीत मदीयं गृहमिति भणन्त्या पादस्पर्शे क्रियमाणे लाञ्छना चिह्नकरणं दुर्ललितगोष्ठीपादानां तालतललग्नेन मयूरपित्तरसकेन मयूरवसयेत्यर्थः । तत्र च स्थविरागृहद्रव्ये विभज्यमाने श्रावकभागाग्रहणं स्थविरागृहमोषस्य न तेन भागो गृहीत इत्यर्थः । तथा गोष्ठीपरिवर्जनाभावः-तां गोष्ठीं परिवर्जयितुं परिणामस्तस्य समजायत, यथा—न सुन्दरपरिणामेयं गोष्ठी, ततो मोक्तुमुचितेति ।।५२२।।२।।

स्थविरया च प्रभातकाले राजकथनमकारि । राज्ञा च गोष्ठ्याह्वानं दुर्ललितगोष्ठ्याकारणं व्यधायि । अगमश्च नागमनं च श्राद्धस्य श्रावकपुत्रस्य समजायत राजकुले । पपृच्छे च राज्ञा

**किमेतावन्त एव भवन्त उतान्योऽपि कश्चिद् अस्ति ? ततो विशेषकथने दुर्ललितगोष्ठ्या कृते आह्वानं श्रावकसुतस्य संजातम् आगतश्चासावचिह्नको मयूरपित्तचिह्नरहितो नवरं केवलम् ।।५२३।।३।।**

**प्रच्छनमचिह्नितभावविषयं राज्ञा कृतं, यथा—किं निमित्तं भवानचिह्नितः ? तस्य च चिन्ता समुत्पन्ना किं निमित्तं कथयामि नवेत्येवंरूपा । एवं च बद्धमौने तत्र राज्ञा भणितं—गोष्ठी कदेयं समाश्रिता त्वया ? श्रावकपुत्रः प्राह—अद्यैव । राजा—किमिति-कस्मात् समाश्रिता ? श्रावकपुत्रः प्राह—एवमेवानाभोगादेवेत्यर्थः । ततश्चोरिकाप्रश्ने—किमिति भवद्भिः स्थविरागृहे रात्रौ चौर्यमाचरित-मित्येवंरूपे राज्ञा कृते क्षुभिताः क्षोभमागताः सर्वेऽपि दुर्ललितगोष्ठीवर्त्तिनस्ते, न पुनः श्रावको नवरं केवलं क्षुभितोऽनपराधत्वादेव ।।५२४।।४।।**

**ततो राज्ञो भावपरिज्ञा क्षोभाक्षोभाभ्यां तत्परिणामविशेषनिश्चयो वृत्तः । विशेषपृच्छायां को भवतां मध्ये चोरोऽचोरो वेति भूयो राज्ञा कृतायां 'भूयसाहणय'त्ति यथावस्थितार्थनिवेदना तैः कृता ततो निग्रहपूजे चोराणां निग्रहः, श्रावकसुतस्य पूजा प्रवृत्ता तथा स्वव्यवहरणोचिते, द्वयोरपि गुणदोषभावेन श्रावकसुतस्य गुणभावेन, इतरेषां तु दोषभावेन हेतुनेति ।।५२५।।५।।**

**ભાવાર્થ :-**

અદત્તાદાનના વિરમણના પરિણામવાળા શ્રાવકપુત્ર અનાભોગથી કોઈક ચોરની ટોળકીમાં મિત્રતાથી ભળી ગયેલ તોપણ તે ટોળકીએ કોઈકનું ઘર લૂંટ્યું ત્યારે સ્થિર વ્રતપરિણામને કારણે તે શ્રાવકપુત્રએ લોભને વશ થઈને તે ધન ગ્રહણ કર્યું નહીં અને તે ચોરીના માલમાંથી પોતાનો ભાગ પણ લીધો નહીં અને આ ટોળી સાથે સંબંધ રાખવા જેવો નથી તેવો સ્થિર પરિણામ કરીને ત્રીજા વ્રતનું રક્ષણ કર્યું તેનું કારણ ગુણસ્થાનકનો સ્થિર અધ્યવસાય તે શ્રાવકમાં વિદ્યમાન હતો. એથી ફલિત થાય છે કે તે શ્રાવકપુત્ર શ્રાવકધર્મના પરમાર્થને જાણનાર છે અને સાધુધર્મના અત્યંત અર્થી છે. ફક્ત અનાભોગથી તેવા અકાર્ય કરનાર ટોળા સાથે મિત્રભાવથી સંબંધ થયેલો અને તેઓના તે અનુચિત કૃત્યને જોઈને તેનો ભાગ નહીં લેવાનો પરિણામ અડગ રહ્યો તેનું કારણ અકાર્ય કરીને ધન મેળવવાની લાલસા તે શ્રાવકમાં નષ્ટ થયેલી હતી અને ગુણસ્થાનકનો પરિણામ સ્થિર હતો તેથી વર્તમાનમાં પણ ક્લેશોની પ્રાપ્તિ ન થઈ અને તે ચોરીના અકાર્યકૃત અનર્થની પણ પ્રાપ્તિ ન થઈ માટે વિવેકી પુરુષે હંમેશાં ક્લેશઆપાદક કષાયોને શાંત કરીને કષાયોની અનુબંધશક્તિને ક્ષીણ કરવી જોઈએ, જેથી સતત કષાયોની અલ્પતાકૃત ગુણસ્થાનકની વૃદ્ધિ થાય અને બળવાન નિમિત્તમાં પણ અકાર્ય કરાવે તેવો ક્લેશ ન થાય. **।।૫૨૧થી ૫૨૫।।**

**અવતરણિકા :-**

**अथ चतुर्थोदाहरणम् —**

**અવતરણિકાર્થ :-**

હવે ચોથા ઉદાહરણને કહે છે=ગાથા-૫૦૫માં છ ઉદાહરણો બતાવ્યાં તેમાંથી ચોથા સુદર્શનના ઉદાહરણને કહે છે –

**ગાથા :-**

कोसंबीए सड्ढो सुदंसणो नाम सेट्ठिपुत्तोत्ति ।
देवीसंववहारे दंसणओ तीए अणुरागो ।।५२६।।१।।
चेडीपेसण पीती तुमम्मि जइ सच्चयं ततो धम्मं ।
कुणसु विसुद्धं एवं एसा जं होइ सफलत्ति ।।५२७।।२।।
रायनिवेयण दोसो एसो सपराण निरयहेउत्ति ।
एमाइधम्मदेसण पडिमाए आगमुवसग्गो ।।५२८।।३।।
तत्तो पओस रन्नो माइट्ठाण कहणाए गेण्हणया ।
पडिकूल कयत्थणपत्थणाहिं खुहिओ न सो धीरो ।।५२९।।४।।
देवीए सप्पभक्खण जीवावण देसणाए संबोही ।
चेतीहरकारावण विरमणमो चेव पावाओ ।।५३०।।५।।

**અન્વયાર્થ :-**

कोसंबीए=કૌશાંબી નગરીમાં, सुदंसणो नाम सेट्ठिपुत्तोत्ति=સુદર્શન નામનો શ્રેષ્ઠીપુત્ર શ્રાવક હતો. देवीसंववहारे=દેવી સાથે સંવ્યવહારમાં=રાણી સાથે વસ્તુની આપ-લેમાં, दंसणओ=દર્શનને કારણે, तीए अणुरागो=તેણીને સુદર્શન પ્રત્યે અનુરાગ થયો.

चेडीपेसण=દાસીને મોકલી (અને કહેવડાવ્યું કે –) 'पीती तुमम्मि'='તમારામાં (મને) પ્રીતિ છે.' (સુદર્શન કહે છે –) जइ सच्चयं='જો સત્ય પ્રીતિ છે, ततो एवं विसुद्धं धम्मं कुणसु=તો આ પ્રકારે વિશુદ્ધ ધર્મ કર=પરપુરુષની નિવૃત્તિરૂપ ચોથા વ્રતનું સુંદર પાલન કર, जं=જે કારણથી, एसा=આ=તારી મારામાં પ્રીતિ, सफल होइ त्ति=સફળ થાય.'

रायनिवेयण=રાગની નિવેદના=રાણીએ કહ્યું કે – 'રાગ હોતે છતે ધર્મ કઈ રીતે થઈ શકે ?' (સુદર્શન શેઠે કહ્યું –) 'एसो दोसो सपराण निरयहेउत्ति'='આ દોષ સ્વપરના નરકનો હેતુ છે.' एमाइधम्मदेसण= આ પ્રમાણે સુદર્શને ધર્મનો ઉપદેશ આપ્યો. पडिमाए=પ્રતિમામાં=પર્વના દિવસે શેઠ પ્રતિમામાં રહેલ છે ત્યારે, आगमुवसग्गो=આગમન અને ઉપસર્ગ=રાણી ત્યાં આવીને શેઠને વ્રતમાંથી ચલિત કરવા પ્રયત્ન કરે છે.

तत्तो=તેથી=વ્રતની અડગતાને કારણે, पओस=પ્રદ્વેષ=રાણીને શેઠ પ્રત્યે પ્રદ્વેષ થયો. माइट्ठाण रन्नो कहणाए=માયાથી રાણીએ રાજાને નિવેદન કર્યું. गेण्हणया=ગ્રહણથી=બંધનથી રાજાએ શેઠને દંડ આપ્યો. पडिकूल कयत्थण=પ્રતિકૂળ કદર્થના, पत्थणाहिं खुहिओ न सो धीरो=પ્રાર્થનાથી તે ધીર ક્ષુભિત થયા નહીં.

देवीए=દેવીને, सप्पभक्खण=સર્પભક્ષણ=સર્પદંશ થયો. जीवावण देसणाए संबोही=જીવાપન દેશનાથી સંબોધિ=સુદર્શન શેઠ વડે ઉપદેશ આપવાથી રાણીને ધર્મની પ્રાપ્તિ થઈ. चेतीहरकारावण=ચૈત્યનું કારવણ=રાજાએ ચૈત્ય કરાવ્યું. विरमणमो चेव पावाओ=અને પાપથી વિરમણ=રાણી પાપથી વિરામ પામી. ।।૫૨૬થી ૫૩૦।।

ગાથાર્થ :-

કૌશાંબી નગરીમાં સુદર્શન નામનો શ્રેષ્ઠીપુત્ર શ્રાવક હતો. દેવી સાથે સંવ્યવહારમાં=રાણી સાથે વસ્તુની આપ-લેમાં, દર્શનને કારણે તેણીને સુદર્શન પ્રત્યે અનુરાગ થયો.

દાસીને મોકલી અને કહેવડાવ્યું કે – 'તમારામાં મને પ્રીતિ છે.' સુદર્શન કહે છે – 'જો સત્ય પ્રીતિ છે તો આ પ્રકારે વિશુદ્ધ ધર્મ કર=પરપુરુષની નિવૃત્તિરૂપ ચોથા વ્રતનું સુંદર પાલન કર, જે કારણથી, આ=તારી મારામાં પ્રીતિ, સફળ થાય.'

રાગની નિવેદના=રાણીએ કહ્યું કે – 'રાગ હોતે છતે ધર્મ કઈ રીતે થઈ શકે ?' સુદર્શન શેઠે કહ્યું – 'આ દોષ સ્વપરના નરકનો હેતુ છે.' આ પ્રમાણે સુદર્શને ધર્મનો ઉપદેશ આપ્યો. પ્રતિમામાં=પર્વના દિવસે શેઠ પ્રતિમામાં રહેલ છે ત્યારે, આગમન અને ઉપસર્ગ=રાણી ત્યાં આવીને શેઠને વ્રતમાંથી ચલિત કરવા પ્રયત્ન કરે છે.

તેથી=વ્રતની અડગતાને કારણે, પ્રદ્વેષ=રાણીને શેઠ પ્રત્યે પ્રદ્વેષ થયો. માયાથી રાણીએ રાજાને નિવેદન કર્યું. ગ્રહણથી=બંધનથી રાજાએ શેઠને દંડ આપ્યો. પ્રતિકૂળ કદર્થના, પ્રાર્થનાથી તે ધીર ક્ષુભિત થયા નહીં.

દેવીને સર્પભક્ષણ=સર્પદંશ થયો. જીવાપન દેશનાથી સંબોધિ=સુદર્શન શેઠ વડે ઉપદેશ આપવાથી રાણીને ધર્મની પ્રાપ્તિ થઈ. ચૈત્યનું કારવણ=રાજાએ ચૈત્ય કરાવ્યું. અને પાપથી વિરમણ=રાણી પાપથી વિરામ પામી. ।।૫૨૬થી ૫૩૦।।

ટીકા :-

कोसंबी नाम पुरी पुराणदेउलतलायसंकलिया । अत्थि नहंगणपरिरिंखमाणबहुधयवडाडोया ।।१।। सेसालंकाराणायरेण जा चंदमंडलमुहीओ । मन्नंति कुलवहूओ सोहग्गं चिय अलंकारं ।।२।। पुरिसा उण अच्चुत्तमसत्तुक्करिसाऽवगन्नियविसाया । मोत्तु परक्कममन्नं मन्नंति न भूसणं किंचि ।।३।। बंधो कव्वेसु परं दंडो छत्तेसु कंटगा णाले । पउमाण विरहदुक्खं निसाए किल चक्कवायाणं

।।४।। संतावहरा तुंगा बहलफला सव्वओ चिय नमंता । सरसा सच्छाया जत्थ संति तरुणो कुलीणा य ।।५।। जह दुज्जणाववाया न फुसंति नरं सया सयाचारं । तह दुट्ठग्गहविहिया अवग्गहा जत्थ धण्णाणि ।।६।। जह दीवपहापरिपूरियम्मि देसे तमो ण ओयरइ । तह धम्मगुणपहाणाए तीए खुद्दाण संतावा ।।७।। जियसत्तू णाम निवो तत्थासि पयंडपोरिसकरंडो । नयववहरणसमुज्जियखीरोयजलुज्जलजसोहो ।।८।। तस्सासि हिययदय्या देवी देवीव सुंदरावयवा। लायन्नसलिलजलही नामेणं कमलसेणत्ति ।।९।। सेणच्चिय वम्महणायगस्स जगजगडणापसत्तस्स। उन्नयतारुन्नगुणादवमन्नियसेससोहग्गा ।।१०।। पंचप्पयारविसओवभोगभोगीणवासरा तेसिं । बोलिंति अभग्गमणोरहाणमप्पत्तविरहाण ।।११।। इओ य तत्थ गरिट्ठपइट्ठो सुदंसणोसेट्ठिणंदणो आसि । सड्ढो सम्मद्दंसणगुणाइरयणिड्ढिसंपन्नो ।।१२।। सीलसुरसिंधुनिग्गमहिमायलो निच्चलो पइन्नाए । जिणसमयभणियसमणोवासयजण जोग्गचरियरओ ।।१३।। देवीए कमलसेणाए तेण सद्धिं महापबंधेण । गंधग्गहणाईओ संलग्गो सव्ववहारो ।।१४।। ववहारसमुचिएसुं किज्जंतेसु य अहोवयारेसु । लग्गम्मिसिट्ठिजणसमुचियम्मि गेहे पभूयम्मि ।।१५।। तस्स अइचोक्खयाए अक्खित्तमणो पइक्खणं वग्गो । चेडीण तम्मि देवीबहुमाणपसाहगो जाओ ।।१६।। अह अन्नया कयाई दिट्ठो देवीए सो सयं चेव । जाया तक्खणओ रागपरवसा सा विचिंतेइ ।।१७।। धन्नाओ ताओ जाओ रामाओ एयदंसणसुहाए । सिच्चंति समुग्गयहरिसपुलयपरिकलियदेहाओ ।।१८।। जाओ पुण सप्पणयं संभासपहं इमेण उवणीया । ताओ धण्णयराओ कमलदलच्छीण मज्झम्मी ।।१९।। ताओ धन्नतमाओ सव्वंगालिंगणेण रयणीसु । जाओ सरयनिसाकरकरगोरासुं रमिज्जंति ।।२०।। मज्झमहण्णाए पुणो दंसणमेत्तंपि णो जहण्णाइ । जायमिमस्स नियरूवचंगिमाविजियमयणस्स ।।२१।। तो सा चंदालोएवि ससयणे सिसिरनीरसंगे य । अंतोजलियमणोभवजलणा णो निव्वुइं लहइ ।।२२ । एगत्तो कुललज्जा अलंघणिज्जा हिमाचलसिहव्व । अण्णत्तो पलयाणलतुल्लो मयणाणलो जलइ ।।२३।। ता लोगाहाणमिणं संजायं जह खरोरुनहरालो । एगत्तो सद्दूलो अन्नत्तो दोत्तडी वियडा ।।२४।। ता किं कुणमाणाए कल्लाणं होहिइत्ति चिंतंती । अइपोढरागवसगा तं पइ पेसेइ सा चेडिं ।।२५।। भणिओ तीए मम सुहयचक्कचूडामणिम्मि देवीए । पीई परमा जाया दंसणदिवसा भवंतम्मि ।।२६।। मुणियाभिप्पाएणं अइदढवरसीलकवयजुत्तेणं । भणियमिमेण सिणेहो जइ सच्चं चिय तओ कुणइ ।।२७।। धम्मं जिणपण्णत्तं एवं सफलो कओ हवइ एसो । जो पुणकामसिणेहो सो सपरेसिं नरयहेऊ ।।२८।। रागंधा अंधा इव पडंति गहणासु वसणगत्तासु । हारियमणुस्सजम्मा कुकम्मभरभारिया जीवा ।।२९।। तहा तव कुलछायाभंसो पंडिच्चपभसणा अणिट्ठपहो । वसणाणि रणमुहाणि य इंदियवसगा अणुहवंति ।।३०।। पज्जलियजलणजालाउलम्मि जलणम्मि खित्तओ अप्पा । वरमेसो न उ सीलं विलुत्तम-

पवित्तचित्तेण ।।३१।। कप्पद्दुमोवि चिंतामणीवि जीवाण कामधेणूवि । ण तहा कप्पंति फलं जहप्पणो सुद्धचरियाइं ।।३२।। को णाम किर सकन्नो गुणेसु सुइजुत्तमेत्तसज्झेसु । अप्पाणमगुण-संभावणामसीमीसियं कुणइ ?।।३३।। एमाइएहिं निउणेहिं धम्मवयणेहिं पडिहया बाढं । परमंतो रागविसुग्गारो गरुओ ण उत्तरिओ ।।३४।। अह अन्नया महप्पा सो पव्वदिणम्मि विहियउववासो । राओ चच्चरदेसे पडिमाए संठिओ संतो ।।३५।। णाओ तीए देवीए चेडियाचक्कवालवयणाओ । अइदुव्विसहो इयराण तस्स विहिओ उवस्सग्गो ।।३६।। अक्खोहम्मि पओसं सा तम्मि गया तओ भणइ एवं । रे रे मं जं न गणेसि भग्ग भग्गो तओ पेच्छ ।।३७।। वंतरपडिमामिसओ संगोवियचेडि-चक्कवालेण । आणाविओ नियगिहं रयणीए च्चिय स देवीए ।।३८।। परिणयवयपरिणामो सो अणुकूलेहिं तह य इयरेहिं । उवसग्गेहिं न खुद्धो दुद्धोदहिगब्भगंभीरो ।।३९।। ततश्च-दाविय भूरिवियारा नियनहरविदारियाखिलसरीरा । उक्कूइउं पयत्ता जह सेट्ठिसुओ इमो मज्झ ।।४०।। एवं परिभवकारी संजाओ चिंतिए अपुज्जंते । दूरमणिच्छंतीए किमेत्थ काहामि मूढमणा ?।।४१।। नाओ एस वइयरो रन्ना मायाइ तीइ परिकहिओ । गहिओ सुदंसणो ठाविओ य चारगगिहे गहिरे ।।४२।। पुव्वोवज्जियसरइंदुधवलसच्चरियगुणपहाणाए । कित्तीए दूरमक्खित्तमाणसो चिंतई राया ।।४३।। णूणं ण एस काही असमंजसमेरिसं महाभागो । देविचरियं सुरूवं निहालिउं जुज्जए एत्तो ।।४४।। यतः पठन्ति—'गंगाए वालुयं सायरे जलं हिमवओ य परिमाणं । जाणंति बुद्धिमंता महिलाहिययं न याणंति ।।१।।' देवीए परिवाराओ विसममुवलद्धवइयरो राया । चिंतइ काउं कोवो ण जुज्जए एत्थ जं भणियं ।।४५।। 'पक्वान्नमिव राजेन्द्र! सर्वसाधारणाः स्त्रियः । तस्मात्तासु न कुप्येत न रज्येत रमेत च ।।४६।। तो सो मुक्को परिपूइओ य गुणरंजिओ य नरवइणा । एत्थंतरम्मि देवी सप्पसर-विसेण सप्पेण ।।४७।। डक्का सा झत्ति तओ अईव पीडापरव्वसा जाया । करुणामयजलनिहिणा पडिवन्ना तेण विहिणा य ।।४८।। मंतेहि य तंतेहि य चित्तेहिं तहा २ पउत्तेहिं । जुत्ति विहिया नियत्तियविसदोसा सा तओ राया ।।४९।। दूरतरं संतुट्ठो कलासु कोसल्लमउव्वमेयस्स । अब्भत्थिओ य अभयं नराहिवो तेण देवीए ।।५०।। अइसुंदरपरिणामेण तेण दट्ठूणमवसरं कहिओ । रन्नो सावगजोग्गो सग्गसिवसुहावहो धम्मो ।।५१।। जहा । पढमं चिय जिणभवणं नियदव्वनिओयणेण कायव्वं । जम्हा तम्मूलाओ सुहकिरियाओ पवत्तंति ।।५२।। जिणबिंबपइट्ठाओ सुसाहुजिणधम्मदेसणाओ य । कल्लाणगाइअट्ठाहियाओ निच्चं च पूयाओ ।।५३।। एयं संसारोदहिमज्झनिबुड्डाण तारणतरंडं । जं दंसणस्स सुद्धी एएण विणा ण संभवइ ।।५४।। कारावियं मणोहरमुत्तुंगसिहरोहपूरियनहग्गं । तियसविमाणसरिच्छं लच्छीगेहं जिणाययणं ।।५५।। तेसिं अन्नेसिं चिय जीवाणं विरमणं च पावाओ । पाणवहाईयाओ संजायं तत्थ परिसुद्धं ।।५६।।

**अथ संग्रहगाथाक्षरार्थः –**

**कौशाम्ब्यां पुरि श्राद्धो जिनवचनश्रद्धालुः सुदर्शनो नाम श्रेष्ठिपुत्रः समभूत् । तस्य च जितशत्रुराज्ञो देव्या कमलसेनाभिधानया संव्यवहारे क्रयविक्रयलक्षणे सम्प्रवृत्ते यत्कथंचिद्दर्शनं संजातम् । तस्मात्तस्याः सुदर्शनेऽनुरागः कामलक्षणः संपन्नः ।।५२६।।१।।**

**तं च प्रलयज्वलनतुल्यदाहकारिणमसहमानया चेटीप्रेषणमकारि, भणिता च यथा—देवी ब्रूते—प्रीतिस्त्वयि मम सम्पन्ना । भणितं च सुदर्शनेन, यदि सत्यकं निर्मायमेतत्, ततो धर्म्मं जिनप्रज्ञप्तं परपुरुषनिवृत्तिलक्षणं कुरुष्व विशुद्धं चित्तरुचिसारम् । एवं धर्मकरणे एषा मयि प्रीतिर्यद्यस्माद् भवति सफला मच्चित्तावर्जनरूपफलवती । इतिः प्राग्वत् ।।५२७।।२।।**

**रागनिवेदना तया कृता, यथा—रागे निवर्त्तमाने शक्यते धर्मः कर्तुं, ततः कुरु मदुक्तमिति तेनोक्तं दोषोऽपराध एष पररामाभिगमरूपः स्वपरयोर्नरकहेतुरिति । एवमादिधर्मदेशनया प्रतिषिद्धया तया पर्वदिवसे प्रतिमास्थितस्य स्वयमागम्योपसर्ग्गः प्रस्तुतव्रतभङ्गफलः कर्तुमारब्धः ।।५२८।।३।।**

**ततो व्रताचलनात् सा राज्ञी तं प्रति प्रद्वेषं गता । ततो राज्ञो मातृस्थानेन मायाप्रधानतया कथनायां कृतायां यथाऽयं मद्गृहप्रवेशेन मामभिभवितुमिच्छति, इति राज्ञा तस्य ग्रहणं निरोधलक्षणमकारि । लब्धवृत्तान्तेन च मुत्कलीकृतः । एवं च प्रतिकूलकदर्थनप्रार्थनाभी राजपत्नीकृताभिः क्षुभितश्चलितो न धीरः ।।५२९।।४।।**

**मुक्तमात्रे च तत्र देव्याः कमलसेनाभिधानायाः सर्प्पभक्षणं वृत्तम् । तेन च तस्या मन्त्रतन्त्रप्रयोगेण जीवापनं जीवनमाहितं, देशनया सम्बोधिर्जिनधर्मप्राप्तिलक्षणा । ततश्चैत्यभवनकारणं राज्ञा विहितं, विरमणं चैव पापादिति ।।५३०।।५।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓને વ્રત સમ્યગ્ પરિણમન પામેલ છે તેઓ સતત ગ્રહણ કરાયેલું દેશવિરતિનું વ્રત સર્વવિરતિનું કારણ કઈ રીતે બને તે પ્રકારના ઉદ્યમવાળા હોય છે. તેથી અવસ્થિત ગુણસ્થાનકવાળા જીવો જે પ્રકારે પોતાના વ્રતમાં સ્થિર ઉદ્યમવાળા હોય છે તેમ સુદર્શન શેઠે પણ દેશથી બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કરેલ અને અવસ્થિત ગુણસ્થાનકવાળા હોવાથી સદા પૂર્ણ બ્રહ્મચર્યના પાલનરૂપ ભાવસાધુના ધર્મથી અત્યંત વાસિત હોવાને કારણે તે પ્રકારના નિમિત્તને પામીને પણ વ્રતથી ચલાયમાન થતા નથી અને જેઓ વ્રત ગ્રહણ કરતી વખતે સર્વવિરતિના અભિલાષવાળા હોય છે છતાં ગ્રહણ કરાયેલું વ્રત કઈ રીતે સર્વવિરતિનું એક કારણ બને એ પ્રકારે પ્રતિદિન સૂક્ષ્મ ચિંતવન કરીને સ્વીકારાયેલા વ્રતની અતિશયતા અર્થે યત્ન કરતા નથી તેવા જીવો બળવાન નિમિત્તને પામીને સ્વીકારાયેલા વ્રતથી અન્યથા પ્રવૃત્તિ પણ કરે છે, માટે જેઓને સ્વીકારાયેલું વ્રત ઉત્તરોત્તર વૃદ્ધિનું કારણ બને એવું અનુબંધપ્રધાન વર્તે છે તે સાત્ત્વિક જીવો જ સર્વ ઉદ્યમથી

વ્રતના રક્ષણ માટે યત્ન કરી શકે છે અને તેવા મહાત્માઓ પ્રત્યે ઉપદેશનું સાફલ્ય નથી; કેમ કે તેઓ સ્વતઃ જ આત્માને અનુશાસન આપનારા હોય છે અને પ્રસંગે પરનું પણ અવશ્ય હિત કરે છે. જેમ સુદર્શન શેઠે ઉન્માર્ગમાં પ્રસ્થિત રાણીને પણ માર્ગમાં લાવીને સંબોધિ પ્રાપ્ત કરાવી. **॥૫૨૯થી ૫૩૦॥**

**અવતરણિકા :-**

**अथ पञ्चमोदाहरणं ।**

**અવતરણિકાર્થ :-**

**હવે પાંચમા ઉદાહરણને કહે છે=ગાથા-૫૦૫માં છ ઉદાહરણો બતાવ્યાં તેમાંથી પાંચમા ધર્મનંદના ઉદાહરણને કહે છે –**

**ગાથા :-**

**णासेक्के णंददुगं एगो सड्ढोऽवरो उ मिच्छत्तो ।**
**राय तलाग णिहाणगसोवण्णकुसाण पासणया ।।५३१।।१।।**
**तह किट्ट लोहमयगा अजत्त कम्मकर गहण विक्कणणं ।**
**सड्ढपरिण्णाणग्गह इच्छापरिमाणभंगभया ।।५३२।।२।।**
**इयरगह पइदिणमिहं आणिज्जेह गहणमहिगेणं ।**
**बहु गहण निमंतणाओ तह पुत्तनिरूवणा गमणं ।।५३३।।३।।**
**आगम अहिगादाणं वावडमग्गण य रोस खिवणम्मि ।**
**मलगम सुवण्णदंसण खरदंडिय पुच्छ सेसेसु ।।५३४।।४।।**
**साहणगदिट्ठपुव्वा अण्णेणेगेण दिट्ठगहणं च ।**
**पुच्छा सावगपूया दंडो इयरस्स अइरोद्दो ।।५३५।।५।।**

**અન્વયાર્થ :-**

**णासेक्के=નાસિક નગરીમાં, णंददुगं=બે નંદ (નામના વણિક હતા), एगो सड्ढो=એક શ્રાદ્ધ, अवरो उ मिच्छत्तो=વળી અપર અર્થાત્ બીજો, મિથ્યાદષ્ટિ હતો. राय तलाग=રાજાએ તળાવ (ખોદાવ્યું ત્યારે), णिहाणगसोवण्णकुसाण=નિધાનમાં રહેલા સોનાના કુશોનું અર્થાત્ સિક્કાઓનું, पासणया=દર્શન થયું.**

**तह किट्ट लोहमयगा=તેવા પ્રકારના કાટને કારણે લોખંડ જેવા જણાતા હોવાથી, अजत्त=અગ્રહ= ખોદનાર વડે અગ્રહણ, कम्मकर गहण=કર્મકર વડે ગ્રહણ કરાયું. विक्कणणं=વિક્રયણ કરાયું=વિક્રયણ કરવાનો પ્રારંભ કરાયો. सड्ढपरिण्णाण=શ્રાદ્ધને પરિજ્ઞાન=નંદ નામના શ્રાવકે 'આ સુવર્ણમય છે'**

એમ જાણ્યું તેથી, इच्छापरिमाणभंगभया अग्गह=ઈચ્છાપરિમાણના ભંગના ભયથી તેનું ગ્રહણ ન કર્યું.

इयरगह=ઈતર વડે ગ્રહણ=બીજા નંદ વડે ગ્રહણ અને કહેવાયું કે — 'पइदिणमिहं आणिज्जेह'='પ્રતિદિન આ તમે લાવજો', 'गहणमहिगेणं'='હું અધિક વડે ગ્રહણ કરીશ=અધિક મૂલ્ય આપીને હું ગ્રહણ કરીશ.' बहु गहण=ઘણું ગ્રહણ કર્યું. निमंतणाओ=નિમંત્રણાને કારણે, पुत्तनिरूवणा=તેના પુત્રને નિરૂપણા કરી=પુત્રને ગ્રહણ કરવાનું કહ્યું. गमणं तह=અને ગમન=પોતે મિત્રના ઘરે ગયો.

आगम=આગમ=ખાણિયાનું આગમન, अहिगादाणं=અધિકનું અદાન=પુત્ર દ્વારા અધિક મૂલ્યનું અદાન, वावडमग्गण=વેચનારાઓએ તેની પાસેથી વ્યાવૃત્ત થઈને અધિક મૂલ્યની માંગણી કરી, रोस य खिवणम्मि=અને રોષથી ક્ષેપણ=તે વણિકપુત્રએ રોષથી તે કુશોને બહાર ફેંકી, मलगम=મળનો અપગમ, सुवण्णदंसण=સુવર્ણનું દર્શન, खरदंडिय सेसेसु पुच्छ=ખરદંડિક વડે શેષમાં પૃચ્છા=ખરદંડિકે પૂછ્યું — 'શેષ કોને વેચેલ છે ?'

साहणगदिट्ठपुव्वा अण्णेणेगेण दिट्ठगहणं च=ખાણિયાઓએ યથાસ્થિત કહ્યું — 'પહેલાં જોવાઈ તેના વડે અગ્રહણ અને બીજા વડે ગ્રહણ'=ખાણિયાઓએ નિવેદન કર્યું કે — 'આ નંદ વડે પહેલાં જોવાઈ છતાં ગ્રહણ કરી નથી અને બીજા નંદ વડે ઘણી ગ્રહણ કરાઈ છે', पुच्छा=રાજાએ પૂછ્યું=રાજાએ શ્રાદ્ધ નંદને પૂછ્યું — 'કેમ તેં ગ્રહણ ન કરી ?' ત્યારે તે શ્રાવકે કહ્યું — 'ઈચ્છાપરિમાણ વ્રતના ભંગના ભયથી મેં આ ગ્રહણ કરી નથી.' सावगपूया=તે શ્રાવકની પૂજા કરી=સત્કાર કર્યો, इयरस्स=ઈતરને=બીજા નંદને, अइरोद्दो दंडो=અતિરૌદ્ર દંડ કર્યો. ॥૫૩૧થી ૫૩૫॥

**ગાથાર્થ :-**

**નાસિક નગરીમાં બે નંદ નામના વણિક હતા. એક શ્રાદ્ધ વળી અપર અર્થાત્ બીજો, મિથ્યાદૃષ્ટિ હતો. રાજાએ તળાવ ખોદાવ્યું ત્યારે નિધાનમાં રહેલા સોનાના કુશોનું અર્થાત્ સિક્કાઓનું, દર્શન થયું.**

**તેવા પ્રકારના કાટને કારણે લોખંડ જેવા જણાતા હોવાથી અગ્રહ=ખોદનાર વડે અગ્રહણ, કર્મકર વડે ગ્રહણ કરાયું. વિક્રયણ કરાયું=વિક્રયણ કરવાનો પ્રારંભ કરાયો. શ્રાદ્ધને પરિજ્ઞાન=નંદ નામના શ્રાવકે 'આ સુવર્ણમય છે' એમ જાણ્યું, તેથી ઈચ્છાપરિમાણના ભંગના ભયથી તેનું ગ્રહણ ન કર્યું.**

**ઈતર વડે ગ્રહણ=બીજા નંદ વડે ગ્રહણ અને કહેવાયું કે — 'પ્રતિદિન આ તમે લાવજો', 'હું અધિક વડે ગ્રહણ કરીશ=અધિક મૂલ્ય આપીને હું ગ્રહણ કરીશ.' ઘણું ગ્રહણ કર્યું. નિમંત્રણાને કારણે તેના પુત્રને નિરૂપણા કરી=પુત્રને ગ્રહણ કરવાનું કહ્યું. અને ગમન=પોતે મિત્રના ઘરે ગયો.**

**આગમ=ખાણિયાનું આગમન, અધિકનું અદાન=પુત્ર દ્વારા અધિક મૂલ્યનું અદાન, વેચનારાઓએ તેની પાસેથી વ્યાવૃત્ત થઈને અધિક મૂલ્યની માંગણી કરી અને રોષથી ક્ષેપણ=તે વણિકપુત્રએ રોષથી તે કુશોને બહાર ફેંકી. મળનો અપગમ, સુવર્ણનું દર્શન, ખરદંડિક વડે શેષમાં પૃચ્છા=ખરદંડિકે**

પૂછ્યું – 'શેષ કોને વેચેલ છે ?'

ખાણિયાઓએ યથાસ્થિત કહ્યું – 'પહેલાં જોવાઈ તેના વડે અગ્રહણ અને બીજા વડે ગ્રહણ'= ખાણિયાઓએ નિવેદન કર્યું કે – 'આ નંદ વડે પહેલાં જોવાઈ છતાં ગ્રહણ કરી નથી અને બીજા નંદ વડે ઘણી ગ્રહણ કરાઈ છે'. રાજાએ પૂછ્યું=રાજાએ શ્રાદ્ધ નંદને પૂછ્યું – 'કેમ તેં ગ્રહણ ન કરી ?' ત્યારે તે શ્રાવકે કહ્યું – 'ઈચ્છાપરિમાણ વ્રતના ભંગના ભયથી મેં આ ગ્રહણ કરી નથી.' તે શ્રાવકની પૂજા કરી=સત્કાર કર્યો, ઈતરને=બીજા નંદને, અતિરૌદ્ર દંડ કર્યો. ।।૫૩૧થી ૫૩૫।।

ટીકા :-

अन्नोवि य चंपाए सुदंसणो सीलपालणवयम्मि । सत्थंतरेसु सुव्वइ एवं चिय तंपि वोच्छामि ।।१।। सिरिवासवपुज्जपयारविंदजुगलस्स वासुपुज्जस्स । भवणपरिमंडियाए अहेसि चंपाए णयरीए ।।२।। सिरिएरावणवाहणसमाणविहवेण संजुओ राया । दहिवाहणोत्ति जणगोत्ति विस्सुओ चंदणज्जाए ।।३।। वीरजिणसिस्सिणीए सीसारोवियगुरूजणाणाए । नियसीलसमहिणंदियसंकंदणयमुहहिययाए ।।४।। छत्तीससहस्सज्जासमूहपरिवज्जमाणचलणाए । उग्घडियकेवलामलणाणाए सिवगइगयाए ।।५।। करकंडुणोवि जणओ भुयदंडमखंडिओरुवइरस्स । भूवइणो बालस्सवि पुन्नवसाणीयरज्जस्स ।।६।। तस्सासि सरयससिबिंबवयणिया नीलनलिणसमणीया । अभया णामेण पिया सव्वंते उरपहाणगुणा ।।७।। तच्चिंतियकज्जाणं सव्वेसिं पंडिया विहाणम्मि । नामेण पंडिया तीए अंबधाई तह अहेसि ।।८।। तह तत्थ उसभदासो सेट्ठी सुपइट्ठिओ विसिट्ठेसु । दुद्धोयहिसलिलसरिच्छसच्छसच्छाय-लच्छीए ।।९।। सुगुरुसमीवाहिज्जियजिणसमयवसोवलद्धसब्भावो । निययावत्थोच्चियधम्मकज्ज-वोलिज्जमाणदिणो ।।१०।। तस्साणवज्जकज्जा लज्जामज्जायमंदिरं भज्जा । आसी य अरहदासीनामा सव्वंगचंगीगी ।।११।। तेसि गिहे महिसीणं एगो रक्खाकरो सुभगनामो । होत्था पत्थुयकज्जे समत्थओ भद्दगप्पगई ।।१२।। सो अन्नया नईए तडम्मि सीयम्मि दुरहियासम्मि । निवडंतम्मि वियाले गेहाभिमुहं अइच्छंतो ।।१३।। महिसीसहिओ चारणसाहुं गयणंगणाओ ओइन्नं । अवलंबियबाहुजुयं काउस्सग्गे ठियं संतं ।।१४।। दूरनिरावणतणुं पेच्छइ तो तम्मिलग्गबहुमाणो । तग्गुणसंभरणाए तं रयणिं कहवि वोलेई ।।१५।। संपत्ते पच्चूसे समूसगो जाव तत्थ सो जाइ । ता सूरूग्गमसमओवियंभिओ भिन्नतिमिरभरो ।।१६।। उस्सारियभुयजुयलो नमो अरिहंताणमिइ भणेऊण । सो साहू गयणयले उप्पण्णो तक्खणच्चेव ।।१७।। उप्पयमाणो दिट्ठो तेण सो निसुणिओ नमोक्कारो । तो जायसद्दहाणो अहन्निसं तं चिय पढेइ ।।१८।। अह सेट्ठिणा कयाई जहा कहंची पढंतयं दट्ठुं । पडिसिद्धो जह एवं पढिज्जमाणे धुवं दोसो ।।१९।। पडिभणियं तेण जहा एवं पयमंतरेण सक्केमि । ण खणंपि ठाउमिय भासियम्मि सेट्ठी विचिंतेइ ।।२०।। आसण्णसिद्धिलाभो कोइ इमो जस्स एरिसी भत्ती ।

एयम्मि ता समग्गो दिज्जउ एसो नमोक्कारो ।।२१।। जिणपडिमापच्चक्खं सुमुहुत्ते दिन्नओ तओ भणिओ । जह सोम! सुद्धसमाए सययं परिभावणिज्जोत्ति ।।२२।। अह अन्नया पवत्ते वासारत्ते गहित्तु महिसीओ । पत्तो नईसमीवे पारद्धा चारिउं ताओ ।।२३।। परतीरगयाओ खेत्तियस्स अन्नस्स खेत्तभूमीओ । लग्गा चरिउं अइवरिसणेण जाया नई सुभरा ।।२४।। सामिउवालंभभया तासिं महिसीण रक्खणनिमित्तं । दिन्ना नईए झंपा भिन्नो उयरम्मि कीलेण ।।२५।। इह लोए आरोग्गं अभिरुइयनिप्फत्ती अत्थकामाण। सिद्धीय, सग्गसुकुले पच्चायाई य परलोए ।।२६।। जस्सेरिसा गुणा वित्थरंति तं भावओ अणुसरंतो । पंचनमोक्कारमईवगोयराकालमणुपत्तो ।।२७।। तस्सेव सेट्ठिणो भारियाए गब्भम्मि अब्भुयब्भूओ । उववन्नो सो जलनिहिमुत्तिपुडे मोत्तियमणिव्व ।।२८।। तस्साणुभावओ किंचिदंगमणघत्तणं पवज्जेइ । वयणांभोरुहयं पंडुरं च जायं गई मंदा ।।२९।। जा आसि सहावाओ गब्भभरेणं च सा दढं जाया । नीलमुहं परिपंडुरछायं ससिमंडलविडंबि ।।३०।। वच्छोरुहाण जुयलं छप्पयपरिभुज्जमाणसुहदेसं । कमलजुयलं व राइयअच्चग्गललग्गसोहग्गं ।।३१।। जंघाओ सहीओ इव संभूयाओ पभूयरूवाओ । अलसत्तं मित्तंपिव तीए सयासं न उज्झेइ ।।३२।। उदरेण समं वुड्ढिं पत्ता लज्जा अहुज्जमो णट्ठो । उदरवलीहिं सह तह नयणजुयं पंडुरं जायं ।।३३।। परिपोढपुन्नगब्भाणुभावओ तीए कमलवयणाए । संपुन्नो इयरूवो तइए मासम्मि दोहलओ ।।३४।। जह जिणहरेसु पूया होइ पभूया दया य जीवेसु । सुहिओ सव्वोवि जणो जइ ता मइ मो वियंभिज्जा ।।३५।। तम्मि असंपज्जंते ओलग्गमुही सुपंडुरसरीरा । खीरकवोला वित्थारनयणिया झत्ति सा जाया ।।३६।। पुट्ठा य सेट्ठिणो दढमक्खायं जह इमो मणोभावो । संपइ संपन्नोऽपूरणेण तस्सेरिसाऽवत्था ।।३७।। महया विहववएणं दूरं परिमुक्क किविणचरिएणं। सो सिट्ठिणा पहिट्ठेण सुट्ठु संपाडिओ सव्वो ।।३८।। पइरिक्काए सुहाए सेज्जाए एत्थ भोयणेहिं च । सा गब्भं वहइ महासमाहिसारं तओ नवसु ।।३९।। मासेसु समहिएसुं गएसु सुहजोगलग्गसमयम्मि । पुन्नाए तिहीए सुक्किलम्मि पक्खे वरे रिक्खे ।।४०।। उच्चट्ठाणगएसु गहेसु दिसिमंडलेसु विमलेसु । झत्ति पसूया रविमंडलं व पुव्वा सुयं सा य ।।४१।। विहियं वद्धावणयं तूररवापूरपुन्नदिसिचक्कं । सयलपुरलोयलोयणमणहरणं दिन्नबहुमाणं ।।४२।। पत्ते दुवालसदिणे विहिएसुं सूइ समय किच्चेसु । संमाणियबंधुजणो पियरजणो नाममिय कुणइ ।।४३।। जं दंसणसुद्धिपरा जाया जणणी इमम्मि गब्भगए । तम्हा सुदंसणो एस होउ पुत्तो पवित्तगुणो ।।४४।। नीरोगो निस्सोगो विगयविओगो पवड्ढिउं लग्गो । सो बालो बहुलेयरपक्खे ससिमंडलकलव्व ।।४५।। समए संगहियाओ कलाओ सव्वाओ जायतारुन्नो । संपत्तो स मणुन्नो गुणन्नजणजणियसंतोसो ।।४६।। वसणं दाणम्मि परं पणओ य मुणीसु सुगुरुसु विणओ य । सीलम्मि रई न मई सुविणेवि अकज्जकरणम्मि ।।४७।। परिणाविओ य पिउणा

सुकुलुग्गयमग्गलं गुणगणेण । सयलमहिलाण मज्झे मणोरमं नाम वरकन्नं ।।४८।। ठाणे २ परिगिज्जमाणगुणगउरवो गुणिजणेणं । गमयइ दिणाइं मइविहवविजियगिव्वाणबहुमंती ।।४९।। इओ य दहिवाहणस्स रन्नो पुरोहिओ आसि कविलनामोत्ति । कविला नामेण पिया अहन्नया तीए सो पुरओ ।।५०।। सेट्ठिसुदंसणचरियं कयबहुमाणो पसंसिउं लग्गो । जह एत्थ णत्थि संपइ गुणेहिं एयस्स कोवि तुल्लो ।।५१।। 'द्वावेतौ पुरुषौ लोके परप्रत्ययकारकौ । स्त्रियः कामितकामिन्यो लोकः पूजितपूजकः ।।५२।।' इय वयणमणुसरंती सा रागपरव्वसा बहुं जाया । तस्संगमाय मग्गइ बहू उवाए अह कयाइ ।।५३।। पेसविया नियचेडी भणाविया जह पुरोहिओ सरुओ । किंचि असत्थसरीरो इच्छइ तुह दंसणं काउं ।।५४।। तो सो अइसरलमणो सच्चं नियतुल्लचरियमिक्खंतो । अकयण्णमणवियक्को सच्चं चिय मन्नइ तहाहि ।।५५।। निययाणुमाणकप्पियपरासओ सव्वहा जणो सव्वो । णीयाण नाखलो नामहाणुभावो महंताणं ।।५६।। पत्तो परिमियपरिवारपरगओ सो पुरोहियगिहम्मि । पुच्छइ अपेच्छमाणो पुरोहियं कत्थ सो एत्थ ।।५७।। ता उग्घडियमणोगयभावा कविला पयंपिउं लग्गा । भट्टो गओ निवगिहं परोक्खरागं परिवहंती ।।५८।। ज्झीणा दीणाणि बहुयाणि अहमिओ तुहविओयदुक्खमिणं । सक्का सोढुं न कहिंवि वंछियं ता कुण ममंति ।।५९।। सूणासालगओ इव छगलो भयविम्हलो हमो जाओ । धी देव्वपरिणईए जुत्तो दुग्घडमिमं जायं ।।६०।। सयलसमीहियसंपायगस्स चिरपालियस्स सीलस्स । भंगो धुवं इमाए जइऽचिंतियकारगो होमि ।।६१।। अन्नह अतुच्छमच्छरविच्छुरियाइह असंतदोसेण । मज्झ अकलंकचरियस्स लंछणं लाइही एसा ।।६२।। ता निउणबुद्धिजोएण केणई एयवसणसलिलाओ । उत्तरियव्वंति तओ परूवियं उत्तरं तेण ।।६३।। भद्दे! नरनेवत्थो नपुंसगो परिभमामि पुरिमज्झे । ता किं करेमि तुमए न चिंतणिज्जो पणयभंगो ।।६४।। झत्ति तओ निक्खंतो कयत्थमप्पाणयं परिगणंतो । जम्हा न सीलविलओ न वा अलीओ कलंको मे ।।६५।। इह जो चेव वसंतो लक्खिज्जइ बुहजणेण मासेसु । णो अन्ने जं सुण्णा गुणेहिं जणजणियहरिसेहिं ।।६६।। सो अन्नया महूसवसमओ जणजणियवम्महुम्माहो । जाओ जाइपुरस्सरनवकुसुमवियंभियामोओ ।।६७।। कलकूजिरकोइलकुलमणुन्नसंपुन्नकाणणाभोओ । भोगपरलोगकिज्जंतवित्तकड्डापविच्छड्डो ।।६८।। महुरारवछप्पयपिज्जमाणमयरंदकमलसरसुहओ । बाहुल्लुम्मिल्लियपल्लवालिसोहिल्लसालिभरो ।।६९।। सुरहिकुसुमोववेओ ठाणे २ तहा इमो जम्हा । तो सुरहित्ति निरूवियनामा सयलम्मि भुवणम्मि ।।७०।। चंदणतरुसाहंदोलणेण संपुण्णपरिमलो पवणो । मलयाओ निग्गओ निव्ववेइ खोणीतलं जत्थ ।।७१।। उज्झाणपालगेहिं राया दहिवाहणो पणमिऊण । विण्णत्तो जह सामी! महू महीए समोइण्णो ।।७२।। उप्पन्नकोउहल्लो सुमहल्लसमिद्धि-संगओ संतो । नयराओ निग्गओ सेट्ठिपमुहनागरजणाणुमओ ।।७३।। देवी अभया कविला

पुरोहिया तह मणोरमा तइया । सेट्ठिसुदंसणभज्जा । सिबियारूढा पचलियाओ ।।७४।। निय देह पहापूरियदिसामुहा ससिकलव्व सोहंती । दिट्ठा अभयाए मणोरमेहिं पुत्तेहिं सव्वत्तो ।।७५।। परिवेढिया सिरीसमनेवत्था सा मणोरमा तत्तो । पुट्ठा कविला तीए कस्सेसा चिन्नपुन्नस्स ?।।७६।। हसिया कविला तक्खणमव्वो! अच्चब्भुयं इममिमीए । संढेवि पइम्मि सुया गयाववाया जओ जणिया ?।।७७।। भणइ अभया कहं ते णायं जह संढओ पई इस्से ?। उग्घाडियभिप्पाया पुव्विल्लं चरियमक्खेइ ।।७८।। देवीए पुणो भणियं णपुंसओ सो भवारिसीणं ति । कामुगसत्थनिरूविय-पवंचएगंतविमुहाणं ।।७९।। ण उणो मणोरमाए पव्वइयाए जिणाणुरत्ताए । ता कह भणियं तुमए जहा सुनिउणा इमा जीए ।।८०।। जणियाणि पुत्तभंडाणि रक्खिओ तह जणाववाओवि । संते सुदंसणे नियपइम्मि सप्पुरिसचरियम्मि ।।८१।। चिंतेइ तओ कविला धुत्तेण पवंचिया जणेणाहं । एवमईए कज्जे फुरइ न कोई उवाउत्ति ।।८२।। भणिया देवी जइ नाम एस जाओ नपुंसओ मज्झ । ता किं तीरइ तुमए पुरिसो काउं सुकुसलाए ?।।८३।। अभया भणइ जइ इमं रमाविउं नो तरामितो नियमो । जावज्जीवं महिलत्तणस्स अइनीयचरियस्स ।।८४।। इय विहियपइन्नाए समए नयरंतरम्मि पविसित्ता । भणिया पंडियाधाई सुदंसणेणं जहा संगो ।।८५।। सिज्झइ लहुं कुण तहा एयम्मि अनिम्मिए न मम जीयं । भणिया एसा तीए न सुंदरं चिंतियं तुमए ।।८६।। सो पररामासु सहोय-रत्तमेगंतियं समुव्वहइ । किं पुण तुह सरिसीसुं नरेंदभज्जासु, तो भणइ ।।८७।। अम्मो! जहा कहंची संपाडेयव्वओ ममं तुमए । जम्हा कविलाय पुरो मया पयिण्णाकया एसा ।।८८।। धाईए चिंतियं धणियमेत्थ एक्को परं उवाओत्ति । सो पव्वदिणे चउरंगपोसहो सुन्नगेहम्मि ।।८९।। ठाइ मसाणे वा काउसग्गपडिमाण जीवियनिरासो । एगागी तत्थ ठिओ अनज्जमाणो निसासमए ।।९०।। जइ कामदेवपडिमानिभेण सक्किज्जए इहाणेउं । वंचेत्तु दारपाले ता कहसु जहा तहा काहं ।।९१।। भणियं देवीइ अवित्थमेव संपज्जए तओ धाई । अट्ठमिपव्वे सुन्ने गिहम्मि पडिमाठियं संतं ।।९२।। दट्ठुं निट्ठुरहियया तस्सुप्पाडणमहायरइ ताहे । उप्पाडित्ता चेडीहिं अप्पिओ अभयदेवीए ।।९३।। तो कामसत्थावित्थारिएहिं नाणाविहोवयारेहिं । तं खोभिउं पयट्टा विमुक्कनीसेसनियलज्जा ।।९४।। सो सविसेसं पच्चक्खाणट्ठाणे मणं निरुंभित्ता । सिद्धिसिलोवरिसरइंदुकुंदसंखुज्जलच्छाए ।।९५।। अप्पाणं ठावित्ता तद्देससमीववत्तिणो सिद्धे । धुणियासेसकिलेसे निउणं परिचिंतिउं लग्गो ।।९६।। तो कट्ठनिव्विसिट्ठं तणुचेट्ठंदुद्धरं धरंतस्स । रयणी अइच्छिया सा न कोवि जाओ वियारो से ।।९७।। जाया पभायसमए बहुं विलक्खत्तणं परिवहंती । तिक्खेहिं नियनक्खेहिं दारिउं देहमह लग्गा ।।९८।। उक्कूइयं इमो जं नो पडिवन्नो पइव्वयाइ मए । सो जायपओसो मज्झ निग्गहं एवमायरइ ।।९९।। अमयस्स विसस्सवि णूणमेत्थ ठाणं इमाओ रामाओ । रत्ताउ होंति अमयं विसं

पओसं पवन्नाओ ।।१००।। उच्छलिए तुमुलरवे रायावि समागओ पलोएइ । देविं जा तदवत्थं विहिओ सो दुद्धरो रोसो ।।१०१।। माणुन्नयाण जम्हा इत्थीण पराभवो सुदुव्विसहो । नो अन्नो कत्तोवि य निमित्तओ जं सहिज्जंति ।।१०२।। तो वज्झो आणत्तो सव्वत्थवि भासिओ नयरमज्झे । रत्तंदणाणुलित्तो सीसोवरिधरियछित्तरओ ।।१०३।। खरमारूढो पुरओ ताडियउद्दंडविरसडिंडिमओ । कज्जलकयमुहपिंडो गललंबिसरावमालो य ।।१०४।। उग्घोसियं न रायावि अन्नो वा कोववरज्झइ इमस्स । नियदुच्चरियं केवलमेयफलं ज्झत्ति संजायं ।।१०५।। निसुओ मणोरमाए वुत्तंतो एस कन्नदुहदाई । परिभावियं महप्पा सुविणेवि न एरिसं कुणइ ।।१०६।। जइ मज्झ अत्थि तस्स य सीलस्स निसेवियस्स फलमेत्थ । ता अक्खओ इमाओ वसणाओ लहुं स उत्तरउ ।।१०७।। इय चिंतिय पवयणदेवयाए विहिओ थिरो तणुस्सग्गो । वज्झट्ठाणोवगओ पडिवन्नो पवयणसूरीए ।।१०८।। सो पुण नियकम्मफलं परिभावइ न उण कस्सई दोसो । जमलीयदोसदाणं भवंतरे इयफलं होइ ।।१०९।। आरोविओ जया सो सूलाओ तक्खणेण सा जाया । सिंहासणं मणिखंडमंडियं फुरियतेयभरं ।।११०।। तत्तो असिप्पहारो खित्तो खंधम्मि सोवि संजाओ । अइबहलपरिमला मालईए माला गले तस्स ।।१११।। जा पुण साहोलंबणहेऊ रज्जू गलम्मि से दिन्ना । सा थूलामलमुत्ताहलपरिकलिओ लहु हुओ हारो ।।११२।। जं जं कुणंति ते वज्झभूमिपुरिसा नराहिवनिउत्ता । तस्साणुकूलभावं तं तं पडिवज्जए सव्वं ।।११३।। तो ते अदिट्ठपुव्वं अस्सुयपुव्वं च वइयरं सव्वं । भीया कहंति रन्नो देव! न जोग्गो इमाए इमो ।।११४।। हीलाए धुवं पुरिसंतरं तु एसो अउव्वयं किंचि । रोसं गयम्मि एयम्मि सव्वपलओ फुडं होही ।।११५।। णूणमसज्जण चरियाइ मज्झ देवीइ अलियगो एस । आरोविओ कलंको ता खमणिज्जोत्ति चिंतित्ता ।।११६।। चउरंगबलसमेओ णागरगजणाणुगम्ममाणपहो । दहिवाहणो तयं तम्मि अप्पणा विणयपणयसिरो ।।११७।। पत्तो नियम्मि जयकुंजरम्मि आरोविउं नयरमज्झे । जा आणिज्जइ एसा ता उच्छलिया जणसलाहा ।।११८।। निम्महियखीरसायरफेणुज्जल-सीलसालिचरियस्स । कत्तो एसो सुविणंतरेवि तुह लग्गइ कलंको ?।।११९।। अज्जवि सीलस्स फलं दीसइ एयारिसम्मि वसणम्मि । सव्वंगनिबुड्डावि हु जमुत्तरंती महासत्ता ।।१२०।। उज्जालियं नियकुलं कित्ती देसंतरेसु संठविया । उग्घाडिओ य सज्जणमग्गो एवं तए अज्ज ।।१२१।। एमाइयाइं सज्जणजणेण वयणाइं वुच्चमाणाईं । निसुणंतो संपत्तो कुसुमेहिं विकिज्जमाणसिरो ।।१२२।। रायभवणम्मि पत्तो विन्नत्तो नरवई जहा सामि! । मं अणुमन्नसु काउं सामन्नं जम्मणो अहयं ।।१२३।। दहिवाहणेण तह बंधवेहिं सयलेण नयरलोएण । पडिवज्जं तावि वयं लद्धावसरोपवन्नो सो ।।१२४।। सावि य अभया देवी अइनिट्ठुरहिययचेट्ठियवसाओ । उप्पन्नतिव्वलज्जा गइमन्नमपस्समाणी य ।।१२५।। केणावि अनज्जंती उवंधिय पाणहाणिमायरइ । जाया य वणयरी कुसुमणयरपरिसरम-

साणम्मि ।।१२६।। सावि य पंडियधाई तत्तो निस्सारिया इहागंतुं । गणियाए देवदत्ताए मंदिरे चेडिया जाया ।।१२७।। पइदिवसं वुत्तंतं अहप्पणो तस्स सा परिकहेइ । जह अभयाए न खोभं नीओ विहियायराएवि ।।१२८।। सोवि महप्पा कइयावि विहरमाणो गओ पुरे तम्मि । दिट्ठो तीए गोयरचरियं सणियं परिभमंतो ।।१२९।। कहिओ गणियाए जहा एसो सेट्ठी सुदंसणो जत्तो । मम सामिणीए पत्तो वुत्तंतो मरणपज्जंतो ।।१३०।। नियसोहग्गस्स असज्झमेत्थकिंची अपेच्छमाणा सा । कोऊहलाउला तस्स खोभकामा भणइ चेडिं ।।१३१।। एस हले! विस्सासिय तहा २ तं कुणेसु जह मज्झ । पविसह गिहम्मि तत्तो जं जोग्गं तं करिस्सामि ।।१३२।। तत्तो पणामपुव्वं भणिओ तीए इमस्स गेहस्स । नियचरणफंसणेणं कुणसु पवित्ते बहुपएसे ।।१३३।। गिण्हसु भत्तं पाणं च एत्थ मुणिलोगजोगमेयं च । अइसरलमणो महिलामणाइं कुडिलाइं अमुणंतो ।।१३४।। पत्तो गिहम्मि तीए ठइयं दारं विचित्तसालाए । णेऊण भणइ गणिया किं सुभग! वयं पवन्नो सि ?।।१३५।। भुंज ताव विसए मणोहरे, कुण पसायमिह ठासु मंदिरे । तुज्झ मज्झ मणुरूवजोव्वणं, मा कुणेसु मम पणयखंडणं ।।१३६।। णत्थि जम्मफलमन्नमुज्जलं, वज्जिऊण रइसोक्खमग्गलं । ता परूढपणयं तुमं मम, किं न मन्नसि सुरंगणासमं! ।।१३७।। दिट्ठमत्थमवहाय खिज्जसे, किं परत्थ अहवा न लज्जसे! । सव्ववंछियपयत्थकारयं, मं मुयंतु विलसंतहारयं ।।१३८।। किंच दुक्कारवएवि सेविए, एयमेव फलमेत्थ पाविए । अत्तणो कुणइ को कयत्थणं, अणुसरंत परलोयपत्थणं ?।।१३९।। सेविएसु विसएसु अत्थि मे, चिंतियं जह वयम्मि एत्थिमे । उग्गरूवतव चरणकारया, होमु दोवि दुग्गइनिवारया ।।१४०।। इय पत्थिओवि जाहे सुरसिहरिसरिच्छधीरिमा मुयइ । न पइन्नमेस लग्गा ताहे उवगूहणाईहिं ।।१४१।। चालेउं कामुगलोयसत्थवित्थारिएहिं विविहेहिं । तहवि य अजायखोभो दिणावसाणे खमावित्ता ।।१४२।। तह अप्पाणं निंदिय सव्विंदियसंवरेण मयकप्पो । चेडीहिं समुप्पाडिय मसाणठाणे परिट्ठविओ ।।१४३।। पडिवन्नकाउसग्गो तत्थवि वंतरियसुराए अभयाए । उवसग्गिउमाढत्तो सम्मं सहमाणओ सत्त ।।१४४।। दिवसाणि जाव गमयइ सूरुग्गमणे अहट्ठमदिणम्मि । पयडियलोयालोयं पावइ सो केवलालोयं ।।१४५।। सच्चरियाखित्तमणा समागया तत्थ चउविहदेवा । अइधवलविसालदलं सुवन्नकमलासणं रइयं ।।१४६।। उवविट्ठो तत्थ इमो केवलमहिमा कया, तओ कहिओ । धम्मो भवन्नवुद्धारधीरबोहित्थसारिच्छो ।।१४७।। जहा–'लद्धूणुत्तममाणुसत्तणमिणं कत्तोवि पुण्णोदया, धम्मं तित्थयराण तत्थवि तहा पावेत्तु तुब्भेहितो । नीहारिंदुसमुज्जलेण मणसा देवो जए पूज्जउ, पूयापुव्वगमायरेण महया सम्माणणिज्जो जिणो ।।१४८।। पच्चक्खाणमणुक्खणं जलहरासारोवमाणो तहा, कामक्कोहदवग्गिनासणकए सग्गापवग्गावहो । सज्झाओ पडिवन्नपुन्नणियमा णिच्चं तमब्भुज्जमो, कायव्वो जिणदेसिएण विहिणा दीणाइदाणेवि य ।।१४९।। बाढं नायणहपरायण-

त्तणरई नीहारहारुज्जले, लोलत्तं जससंगहम्मि गरुई दक्खिन्नबुद्धीवि य । णिच्चं मच्चुझडप्पवाहतसणं तप्पेल्लणे जो सुए, मग्गो तस्स निरूवणं सुनिउणं पज्जंतकालोचिओ ।।१५०।। वच्छल्लं समधम्मियाण परमं जीवाण रक्खा दढा, वेरग्गं विसएसु दुग्गइपुरीपंथेसु लोलेसु य । अन्नोवेत्थ विही जिणिंदसमए जो बंभचेराइओ, पण्णत्तो सुपवित्तसंपयकरो सो सेवणिज्जो सया ।।१५१।। लद्धो कप्पतरूवि कप्पियफलो चिंतामणी चिंतिओ, धेणू कामदुहा निहाणमणहं दिव्वोसहीओवि य । णो लब्भंति सुहेण धम्मगुरवो सन्नाण नीराकरा, सुद्धायारपरा सुदेसणसुहाकोसा अरोसा सया ।।१५२।। जे गोसीससरिच्छसोरभभरा सीलेण लीलालए, जेऽणुड्डामरवम्महारिपसरा जे बुद्धसुद्धागमा । साहूणं समधम्मियाण य तुमं मुंचेज्ज मा संगमं, तेसिं दोसविसोसहाण महिमा माणिक्कठाणेण य ।।१५३।। नो भूपालपए न रोगविलए नो चेव देवालए, णो चिंतामणिणो ण कप्पतरुणो लाभे वियंभेज्ज सो । निव्विण्णाण भवन्नवाओ धणियं निव्वाणकंखीण जो, संजाएज्ज गुणब्भुयम्मि सुयणे दिट्ठे पमोओ मणो ।।१५४।। सम्मं णाहिगयागमा गुरुकुले संविग्गमग्गाणुगे, नो वुत्था पसमं सभाववसओ नोप्पन्नपुव्वा तहा । तेसिं मूढमणाण देसणगुणाऽजोग्गाण जा देसणा, सा दूरेण दवग्गिदूमियमहारन्नंव वज्जा जओ ।।१५५।। नो सत्थं न विसं न साइणिवसो नो भूययेयग्गहो, दुक्कालो न दुराउलं ण जलणो जालाकरालो य तं । सिद्धंतो जिणभासिओ कुमइणा लोएण मिच्छागहा, संपाडेज्ज जए अणत्थमिहजं देसिज्जमाणोऽन्नहा ।।१५६।। एसो धम्मोवएसो निविडतमभरुत्तारतारप्पईवो, एसो धम्मोवएसो निबिडतममहावाहिनासोसही य । एसो धम्मोवएसो सिवसुहभवणारोहसोवाणसेणी, एसो धम्मोवएसो भवियजण! तओ नावणिज्जो मणाओ ।।१५७ ।। बुद्धा बहवो जीवा वंतरदेवी य देवदत्ता य, तह पंडिया य धाई एवं सो विहियकल्लाणो ।।१५८ ।। केवलिविहारमाराहिऊण निस्सेसखीणकम्मं सो, सिवमयलमरुयमभयं पत्तो सिवनामगं ठाणं ।।१५९ ।। इय परिणयवयसारा भव्वा कल्लाणकारणं होंति, दढमप्पणो परेसिं च जायहारुज्जलजसोहा ।।१६०।। इति ।।

अथ पञ्चमोदाहरणम् —

नासिक्ये नगरे नन्दद्विकं द्वौ नन्दनामानौ वणिजौ समभूताम् । तयोश्चैकः श्राद्धो जिनवचनश्रद्धालुः गृहीताणुव्रतादिश्रावकजनयोग्यसमाचारो भगवदर्हद्वचनमेव सर्वसमीहितसिद्धिहेतुतया नित्यं मन्यमानः सन्तोषपीयूषपानप्रभावान्निवारितविषयलोभविषवेगः प्रशमसुखखानिमध्यमग्नः कालमतिवाहयांचकार । अपरस्तु द्वितीयः पुनः 'मिच्छत्तो' इति मिथ्यात्वं युक्तायुक्तवस्तुविचारतिरस्कारकारी जीवपरिणतिविशेषस्तेनार्त्तः पीडितो मिथ्यात्वार्त्तः, अथवा दण्डयोगाद्दण्डवद् मिथ्यात्वयोगाद् मिथ्यात्वः सन् अतितीव्रलोभो भृशं सर्वक्रियासु गुणदोषयोः परिणाममगणयन् प्रवृत्तिमाललम्बे । अन्यदा 'रायतलाग'त्ति

राज्ञा तडागमोड्डैः खानयितुमारब्धम् । तत्र च निधानगतसौवर्णकुशानामतिचिरकालनिधाननिक्षिप्त-सुवर्णमयकुशानामोड्डानां दर्शनमजायत ।।५३१।।१।।

'तह किट्ट' त्ति तथाविधताम्रमयाधारमलसंगलनात् सम्पन्नकिट्टास्ते संजाताः । ततः सुवर्णछाया-भङ्गाल्लोहमयका इति संभाव्यायत्नोऽनादरस्तेषु तैर्विहितः । कर्मकरैश्च तडागखानककिंकरैर्ग्रहणक्रिया तेषु दानं तेषां कृतम् । विपणिपथावतारणेन च विक्रयणमारब्धम् । तत्र च 'सड्डपरिण्णाणगह'त्ति तेन नन्दश्राद्धेनाकारविशेषात् तौल्यविशेषाच्च किट्टावृता अपि ते सुवर्णमया इति ज्ञानविषयतां नीताः । अग्रहोऽनुपादानं च कृतं चैषाम् । कुत इत्याह—इच्छापरिमाणभंगभयात् । यद्यपि राजलोकेन तथा गृह्यमाणेषु ज्ञातेषु तेषु सर्वस्वापहारादिको निश्चितो दण्डः सम्पद्यत इति मनसि तस्य वितर्क्कणमस्ति, तथापि तदवधीरणेन प्रतिपन्नस्येच्छापरिमाणव्रतस्य तत्सुवर्णकुशसंग्रहेणाधिक्यं संजायते, इति मा भूत् प्राणभङ्गादपि दारुणफलो व्रतभङ्ग इत्यभिप्रायाद् न गृहीता इति ।।५३२।।२।।

इतरग्रहः इतरेण मिथ्यादृशा नन्देन दारुणलोभभुजगविषविह्वलेन ग्रहस्तेषां विज्ञाततथावस्थित-तत्स्वरूपेणापि कृतः । भणितं च प्रतिदिनमिहानयत कुशानेतान् कार्यं महदस्माकमेतैः । आगतानां च ग्रहणमधिकेन लोहमयकुशमौल्याद् अतिरिक्तेन द्रव्येण करोति स्म । एवं च बहुग्रहणं प्रतिदिवसं गृह्यमाणतया बहूनां प्रभूतानां ग्रहणमजनि । अन्यदा च कस्यचित् स्वजनादेरलंघनीयवचनस्य गृहे कश्चिदुत्सवो बभूव । तेन चासावागत्य निमंत्रितः । ततो निमन्त्रणात्-यथाऽहं तडागखानकहस्तात् कुशान् गृहीतवान् तथा भवतापि ग्राह्या इति पुत्रनिरूपणानन्तरं तेन तत्र गमनं कृतम् ।।५३३।।३।।

तस्य च तत्रागमः समागमनं तडागखानकानां कुशहस्तानां हट्टे संजातम् । तैश्चाधिकधनेन ते कुशा दातुमारब्धाः । तेन चादानमधिकमूल्यस्य कृतम् । ततो व्यावृत्तमार्ग्गणा च व्यावृत्तस्य हट्टव्यवहारे तस्य पार्श्वात् पुनरप्यधिकमूल्यमार्ग्गणा सत्वरैः सद्भिस्तैर्यदा कृता, तदा तेन रोषेणाक्षमया तेषां कुशानां हट्टाद् बहिर्देशे क्षेपे कृते सति मलस्य किट्टलक्षणस्य गमोऽपगमः । ततस्तस्मात् सुवर्णदर्शनं खरकर्मणां दण्डपाशिकनराणां तैश्च निवेदितम् । दण्डिकपृच्छा—राज्ञा प्रश्नः कृतः शेषेषु कुशेषु विषये यथा क्व शेषाः कुशा विक्रीता भवद्भिरिति ।।५३४।।४।।

तैश्च साधनं निवेदनं कृतं, यथा—दृष्टपूर्व्वा अन्येनैकेन नन्देन दृष्टाः परमग्रहणं चाग्रहणमेव तेन तेषां कृतम्, अनेन तु गृहीताः प्रभूता इति । ततः पृच्छा तस्य राज्ञा कृता, यथोपस्थिता अप्यमी कुशाः कस्माद् न गृहीताः ? भणितं च तेन देव ! इच्छापरिमाणव्रतभङ्गभयात् । ततः श्रावकपूजा श्रावकस्य शुद्धव्यवहारतया पूजा महागौरवरूपा कृता, दण्ड इतरस्य मिथ्यादृशो नन्दस्य पुनः रौद्रः सर्वस्वप्राणहारणलक्षणः कृतः । तथा ह्यसौ मित्रगृहाद् निवर्त्तमान एवं वृत्तान्तमाकर्ण्य 'अहो! निजजंघाबलादेव हट्टादुत्थायाहमन्यत्र गतः, ततो नूनमेतयोरेवापराधः, तच्छेदनीये एते' इति परिभाव्य

**तीक्ष्णधारेण कुठारेण तयोर्घातमाचचार । ज्ञातवृत्तान्तेन च राज्ञा तदवस्थस्यापि तस्य दण्डो विहित इति ।।५३५।।५।।**

**ભાવાર્થ :-**

જે શ્રાવકોને લીધેલા વ્રત કરતાં ધનનું અધિક મહત્ત્વ નથી પરંતુ સ્વીકારાયેલું વ્રત જ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સંપૂર્ણ નિરવદ્ય જીવનનું કારણ છે તેવી સ્થિર બુદ્ધિ છે તેવા નંદ નામના શ્રાવકે ઇચ્છાપરિમાણ વ્રતના ભંગના ભયથી સુવર્ણની પ્રાપ્તિ હોવા છતાં ગ્રહણ કર્યું નહીં અને પોતાના વ્રતનું રક્ષણ કર્યું જેના ફળરૂપે આલોકમાં પણ રાજાથી સત્કાર પામે છે અને જે લોભવાળો નંદ છે તેને રાજા તરફથી અતિરૌદ્ર ફળ મળે છે માટે સ્વીકારાયેલા વ્રતના પરિણામવાળા જીવોને બહુલતાએ આલોકમાં પણ સુંદર ફળ મળે છે અને પરલોકમાં પણ સુંદર ફળ મળે છે તેમ ભાવન કરીને જેઓ વ્રતમાં સ્થિર પરિણામવાળા છે તેઓને લોભ કષાય પણ વિપરીત પ્રવૃત્તિ કરાવવા સમર્થ બનતું નથી પરંતુ સ્વીકારાયેલું વ્રત જ ચિત્તની સ્વસ્થતાનું કારણ બને છે. **॥૫૩૧થી ૫૩૫॥**

**અવતરણિકા :-**

**अथ षष्ठमुदाहरणं गाथापञ्चकेनाह –**

**અવતરણિકાર્થ :-**

હવે છટ્ઠા ઉદાહરણને પાંચ ગાથા વડે કહે છે –

**ગાથા :-**

**उज्जेणीए रोगो णामं धिज्जाइओ महासड्ढो ।**
**रोगहियासण देविंदपसंसा असद्दहण देवा ।।५३६।।१।।**
**काऊण वेज्जरूवं भणंति तं पण्णवेमो अम्हेत्ति ।**
**रयणीए परिभोगो महुमाईणं चउण्हं तु ।।५३७।।२।।**
**तस्साणिच्छण कहणा रन्नो सयणस्स चेव तेसिं तु ।**
**लग्गण सत्थकहाहिं ताणं इयरस्स संवेगो ।।५३८।।३।।**
**देहत्थपीडाणाया पडिबोहण मो तु णवरमेतेसिं ।**
**आया तु देहतुल्लो देहो पुण अत्थतुल्लोत्ति ।।५३९।।४।।**
**देवुवओगे तोसो नियरूवं रोगहरण नामंति ।**
**आरोगो से जायं वयपरिणामोत्ति दट्ठव्वो ।।५४०।।५।।**

અન્વયાર્થ :-

उज्जेणीए=ઉજ્જૈનીમાં, रोगो णामं=રોગ નામનો, धिज्जाइओ=ધિગ્ જાતિનો બ્રાહ્મણ, महासड्ढो=મહાશ્રાવક હતો. रोगहियासण=રોગને સહન કરતો હતો. देविंदपसंसा=દેવેન્દ્રની પ્રશંસા=દેવેન્દ્ર વડે તે શ્રાવકના વ્રતની પ્રશંસા કરાઈ, देवा असद्दहण=દેવ વડે અશ્રદ્ધા.

वेज्जरूवं काऊण भणंति=વૈદ્યનું રૂપ કરીને તેને કહે છે – अम्हे तं पण्णवेमो त्ति='અમે તને નીરોગી દેહવાળો કરીશું.' रयणीए=રાત્રે, महुमाईणं चउण्हं तु परिभोगो=મધુ આદિ ચારનો પરિભોગ કરવો=મધુ-મદ્ય-માંસ અને માખણ આદિ ચારનો તારે પરિભોગ કરવો પડશે.

तस्साणिच्छण=તેની અનિચ્છા=બ્રાહ્મણની ચિકિત્સાની અનિચ્છા, रन्नो सयणस्स चेव तेसिं तु कहणा=રાજા અને સ્વજનને તે વૈદ્ય વડે કહેવાયું. लग्गण सत्थकहाहिं ताणं=શાસ્ત્રકથા વડે તેની પાછળ લાગ્યા=રાજા અને સ્વજનો શાસ્ત્રકથા વડે તેને ચિકિત્સા કરાવવા સમજાવવા લાગ્યા. इयरस्स संवेगो=ઈતરને સંવેગ=રોગ નામના બ્રાહ્મણને સંવેગ થયો.

देहत्थपीडाणाया पडिबोहण=દેહ અને અર્થની પીડાના દૃષ્ટાંતથી પ્રતિબોધન=દેહ અને અર્થની પીડાના દૃષ્ટાંતથી બ્રાહ્મણ દ્વારા રાજા અને સ્વજનોને પ્રતિબોધન, मो तु णवरमेतेसिं=ફક્ત આમાં=આ દૃષ્ટાંતમાં=બ્રાહ્મણે રાજા અને સ્વજનોને કહ્યું કે ધનનો નાશ થતો હોય અને દેહનો નાશ થતો હોય ત્યારે ધનનું રક્ષણ કરવું ઉચિત છે કે દેહનું રક્ષણ કરવું ઉચિત છે ? તેના ઉત્તરરૂપે રાજા વગેરે કહે છે કે – 'ધન કરતાં દેહનું રક્ષણ કરવું ઉચિત છે.' તેને બ્રાહ્મણ કહે છે કે પ્રસ્તુત દૃષ્ટાંતમાં, आया तु देहतुल्लो=આત્મા દેહતુલ્ય છે, देहो पुण अत्थतुल्लोत्ति=વળી દેહ અર્થતુલ્ય છે=આત્માનો નાશ થતો હોય અને દેહનો નાશ થતો હોય ત્યારે આત્માનું રક્ષણ કરવું ઉચિત છે.

देवुवओगे तोसो=દેવનો ઉપયોગ મુકાયે છતે તોષ, नियरूवं=નિજરૂપ=દેવે પોતાનું દિવ્યરૂપ પ્રગટ કર્યું. रोगहरण=રોગનું હરણ કરાયું. नामंति आरोगो से जायं=તેનું 'આરોગ્ય' એ પ્રમાણે નામ થયું. वयपरिणामोत्ति दट्ठव्वो=વ્રતપરિણામ પણ અવિચલિતમનવાળો જાણવો. ॥૫૩૬થી ૫૪૦॥

ગાથાર્થ :-

**ઉજ્જૈનીમાં રોગ નામનો ધિગ્ જાતિનો બ્રાહ્મણ મહાશ્રાવક હતો. રોગને સહન કરતો હતો. દેવેન્દ્રની પ્રશંસા=દેવેન્દ્ર વડે તે શ્રાવકના વ્રતની પ્રશંસા કરાઈ. દેવ વડે અશ્રદ્ધા.**

**વૈદ્યનું રૂપ કરીને તેને કહે છે – 'અમે તને નીરોગી દેહવાળો કરીશું.' રાત્રે મધુ આદિ ચારનો પરિભોગ કરવો=મધુ-મદ્ય-માંસ અને માખણ આદિ ચારનો તારે પરિભોગ કરવો પડશે.**

**તેની અનિચ્છા=બ્રાહ્મણની ચિકિત્સાની અનિચ્છા, રાજા અને સ્વજનને તે વૈદ્ય વડે કહેવાયું. શાસ્ત્રકથા વડે તેની પાછળ લાગ્યા=રાજા અને સ્વજનો શાસ્ત્રકથા વડે તેને ચિકિત્સા કરાવવા સમજાવવા લાગ્યા. ઈતરને સંવેગ=રોગ નામના બ્રાહ્મણને સંવેગ થયો.**

**દેહ અને અર્થની પીડાના દૃષ્ટાંતથી પ્રતિબોધન=દેહ અને અર્થની પીડાના દૃષ્ટાંતથી બ્રાહ્મણ દ્વારા રાજા અને સ્વજનોને પ્રતિબોધન. ફક્ત આમાં=આ દૃષ્ટાંતમાં=બ્રાહ્મણે રાજા અને સ્વજનોને કહ્યું કે ધનનો નાશ થતો હોય અને દેહનો નાશ થતો હોય ત્યારે ધનનું રક્ષણ કરવું ઉચિત છે કે દેહનું રક્ષણ કરવું ઉચિત છે ? તેના ઉત્તરરૂપે રાજા વગેરે કહે છે કે – 'ધન કરતાં દેહનું રક્ષણ કરવું ઉચિત છે.' તેને બ્રાહ્મણ કહે છે કે પ્રસ્તુત દૃષ્ટાંતમાં આત્મા દેહતુલ્ય છે, વળી દેહ અર્થતુલ્ય છે=આત્માનો નાશ થતો હોય અને દેહનો નાશ થતો હોય ત્યારે આત્માનું રક્ષણ કરવું ઉચિત છે.**

**દેવનો ઉપયોગ મુકાયે છતે તોષ. નિજરૂપ=દેવે પોતાનું દિવ્યરૂપ પ્રગટ કર્યું. રોગનું હરણ કરાયું. તેનું 'આરોગ્ય' એ પ્રમાણે નામ થયું. વ્રતપરિણામ પણ અવિચલિતમનવાળો જાણવો. ।।૫૩૬થી ૫૪૦।।**

**ટીકા :-**

**उज्जयिन्यां नगर्यां बालकालादेव रोगबहुलतया रोगो नाम रोग इत्याख्यया प्रसिद्धः, धिग्जातीयो महालोभाभिभूततया परप्रार्थनाप्रवणत्वेन धिग् निन्दनीया या जातिस्तस्यां भवो ब्राह्मण इत्यर्थः। कीदृश इत्याह—महाश्राद्धोऽणुव्रतादिश्रावकसमाचारशुद्धपरिपालनतया प्रधानश्रावकः । तस्य च भवान्तरोपार्जितासद्वेद्यादिकर्मपरिपाकतः कश्चिदनिर्द्धारितस्वरूपो रोगो जातः । तेन च सम्पद्यमान-चिकित्सासामग्रीकेणापि तस्य रोगस्याधिसहनमाश्रितम्, यथा—'सह कडेवरखेदमचिन्तयन् स्ववशता हि पुनस्तव दुर्ल्लभा । बहुतरं च सहिष्यसि कर्म हे परवशो न च तत्र गुणोऽस्ति ते ।।१।। अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् । नाभुक्तं क्षीयते कर्म्म कल्पकोटिशतैरपि ।।२।।' एवं च तस्य तं रोगं सम्यगधिसहमानस्य, अत एव रोगप्रतीकारपराङ्मुखस्य गच्छत्सु दिवसेसु देवेन्द्रप्रशंसा प्रवृत्ता, यथा—अहो! महासत्त्वो रोगनामोज्जयिन्यां ब्राह्मणो यदेवमुपस्थाप्यमानचिकित्सोऽपि तदनपेक्षतया रोगमधिसहमानस्तिष्ठति । ततश्च तस्याश्चाश्रद्धानेऽप्रतीतौ कौचिद् द्वौ देवौ ।।५३६।।१।।**

**कृत्वा विधाय वैद्यरूपं भणतः, यथा—त्वां प्रज्ञापयावो नीरोगदेहं विदध्वः आवाम्, इति वाक्यपरि-समाप्तौ, परं रजन्यां रात्रौ परिभोगोऽशनादीनां मधुमद्यमांसम्रक्षणानां चतुर्णां त्वेतेषां भोगो विधेय इत्यर्थः ।।५३७।।२।।**

**ततस्तस्य रोगनाम्नो ब्राह्मणस्य बृहस्पतेरपि सकाशात् समधिकप्रतिष्ठस्यानेषणमप्रतिपत्तिरूपं संवृत्तम् । यतः परिभावितमनेन 'वरं शृङ्गात्तुङ्गाद् गुरुशिखरिणः क्वापि विषमे, पतित्वाऽयं कायः कठिनदृषदन्तर्विदलितः । वरं न्यस्तो हस्तः फणिपतिमुखे तीक्ष्णदशने, निपातो वा वह्नौ तदपि न कृतः शीलविलयः ।।१।।' इति । ततस्तस्य चिकित्साऽनिच्छायां कथना निवेदना राज्ञः स्वजनस्य चैव बान्धवलोकस्य 'तेसिं तु' ताभ्यां वैद्याभ्यां पुनः कृता, यथायमावाभ्यां क्रियमाणामपि**

चिकित्सां नेच्छति, न चैतत् सुन्दरम्, यतः पठन्ति कुशलाः—'विषं कुपठिता विद्या, विषं व्याधिरुपेक्षितः । विषं गोष्ठी दरिद्रस्य, वृद्धस्य तरुणी विषम् ।।१।।' इति । ततो 'लग्गण सत्थकहाहिं ताणंति' लगनं बद्धादरत्वं तस्य चिकित्साकारणे, कथमित्याह—शास्त्रकथाभिस्तेषां राज्ञः स्वजनानां च; राजा स्वजनाश्च शास्त्रकथाभिस्तं चिकित्सायां प्रवर्तयितुं लग्ना इति भावः, यथा—'शरीरं धर्मसंयुक्तं रक्षणीयं प्रयत्नतः । शरीराच्छ्रवते धर्मः पर्वतात् सलिलं यथा ।।१।।' नहि देहविनाशे कस्यचित् काचित् प्रत्याशा साफल्यमश्नुते, इति सर्वथा देह एव रक्षणीय इति । इदं च तैरुच्यमानस्येतरस्य रोगनाम्नो द्विजस्य संवेगो देहादिप्रत्याशापरिहारेण निर्व्वाणाभिलाष एव विजृम्भितः । यथोक्तम्—'जं अज्ज सुहं भविणो संभरणीयं तयं भवे कल्लं । मग्गंति निरुवसग्गं अपवग्गसुहं बुहा तेण ।।१।।' ५३८।।३।।

ततस्तेन देहार्थपीडाज्ञानाद् देहार्थयोः पीडादृष्टान्तात् 'आपदर्थे धनं रक्षेद् दारान् रक्षेद्धनैरपि । आत्मानं सततं रक्षेद् दारैरपि धनैरपि ।।१।।' एवंरूपात्, किमित्याह—प्रतिबोधनं तु सन्मार्ग्गावतारणमेव नवरमेतेषां राजादीनां कृतम्, न पुनश्चिकित्साङ्गीकार इति । यात्र तेन दृष्टान्तदार्ष्टान्तिकभावना कल्पिता तां दर्शयति-आत्मा तु आत्मा पुनर्देहतुल्यः शरीरसदृशः, देहः पुनरर्थतुल्योऽर्थसमः प्रतिभासते । इति प्राग्वत् । यथा हि लोकनीत्या देहार्थयोर्युगपत् पीडायामर्थपरिहारेण देह एव रक्ष्यते, तथा धार्मिकाणां देहपीडोपेक्षणेनात्मैव रक्षणीयतया प्रतिभासत इत्युत्सर्ग्ग एषः । अव्युच्छित्त्यादिप्रयोजनान्तरासहानां युक्तमेव देहानुप्रेक्षणम् । यदवाचि निशीथभाष्ये—'काहं अछित्तिं अदुवा अहीहं तवोवहाणेसु य उज्जमिस्सं । गणं च नीईय व सारइस्सं सालंबसेवी समुवेइ मोक्खं ।।१।।' ५३९।।४।।

ततो देवोपयोगे देवाभ्यां निजप्रतिज्ञातेऽर्थे निश्चलतायास्तस्यालोकेऽवधिना कृते तयोर्देवयोस्तोषो हर्षो जातः,—अहो! सत्यप्रशंस एष इति । तदनु निजरूपं दिव्यभावलक्षणं समुपदर्शितम् । ताभ्यां तदनु रोगहरणं ज्वरातिसारादिसर्वरोगापहारः कृतः । तस्य नामाभिधानं च, इतिशब्दो भिन्नक्रमे । तत आरोग्य इति 'से' तस्य जातम्, परिशुद्धारोग्यगुणानन्यरूपत्वात् । तथा हि—प्राग् रोगेभ्योऽभिन्नरूपत्वेन रोग इति तस्य नाम रूढं तथा सम्प्रति देवप्रसादोपलब्धावारोग्यगुणादव्यतिरिक्तरूपादारोग्य इति नामास्य रूढिमगमत् । उपसंहरन्नाह—व्रतपरिणामः प्राणातिपातादिविरतिपरिणतिरूपः, इत्येवं कष्टदशा-यामप्यविचलमना द्रष्टव्यः ।।५४०।।५।।

**ભાવાર્થ :-**

રોગ નામના બ્રાહ્મણને અત્યંત અસહ્ય એવો રોગ હતો છતાં ભગવાનના વચનથી વાસિત મતિ હોવાના કારણે દેવે રાત્રિના સમયે ચાર મહાવિગઈઓના સેવનથી ઔષધ દ્વારા તે મટશે તેમ કહ્યું ત્યારે લેશ પણ

તે પ્રકારે ઔષધસેવન કરવાનો પરિણામ થયો નહિ તેનું કારણ ભગવાનનું વચન તેને અંગાગિભાવરૂપે પરિણામ પામેલ હતું તેથી મનથી પણ રોગથી ઉદ્વિગ્ન થઈને ચિકિત્સા કરવાનો વિચાર કરતા નથી તેથી જેઓને સંપૂર્ણ નિરવદ્ય જીવન અત્યંત પ્રિય છે અને તેના શક્તિના સંચય અર્થે પોતાની શક્તિ અનુસાર જે વ્રત ગ્રહણ કરે છે તેને મન-વચન-કાયાથી તે રીતે અણિશુદ્ધ પાલન કરે છે જેથી તે વ્રત ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બને છે. આથી જ તેવા જીવોને આશ્રયીને સ્વીકારાયેલા વ્રતવિષયક ઉપદેશ આવશ્યક નથી. પરંતુ સંસારથી ભય પામેલા મોક્ષના અર્થી તે જીવો સ્વતઃ જ શક્તિના પ્રકર્ષથી અણિશુદ્ધ વ્રત પાલન કરે છે. **॥૫૩૯થી ૫૪૦॥**

**અવતરણિકા :-**

**अत्र च सति यत् स्यात्तद्दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**અને આ હોતે છતે=સ્થિર વ્રતનો પરિણામ હોતે છતે, જે થાય=જે પ્રકારે પ્રવૃત્તિ થાય, તેને બતાવે છે –**

**ગાથા :-**

**सइ एयम्मि विचारति अप्पबहुत्तं जहट्ठियं चेव ।**
**सम्मं पयट्टति तहा जह पावति निज्जरं विउलं ।।५४१।।**

**અન્વયાર્થ :-**

**एयम्मि सइ=આ હોતે છતે=અવસ્થિત વ્રતનો પરિણામ હોતે છતે, जहट्ठियं चेव=યથાસ્થિત જ=અણુવ્રત-ધારી શ્રાવક કે મહાવ્રતધારી સાધુ યથાસ્થિત જ, अप्पबहुत्तं विचारति=અલ્પબહુત્વનો વિચાર કરે છે. तहा सम्मं पयट्टति=તે પ્રકારે સમ્યક્ પ્રવર્તે છે, जह विउलं निज्जरं पावति=જે પ્રકારે વિપુલ નિર્જરાને પ્રાપ્ત કરે છે. ।।૫૪૧।।**

**ગાથાર્થ :-**

**આ હોતે છતે=અવસ્થિત વ્રતનો પરિણામ હોતે છતે, યથાસ્થિત જ=અણુવ્રતધારી શ્રાવક કે મહાવ્રતધારી સાધુ યથાસ્થિત જ, અલ્પબહુત્વનો વિચાર કરે છે. તે પ્રકારે સમ્યક્ પ્રવર્તે છે જે પ્રકારે વિપુલ નિર્જરાને પ્રાપ્ત કરે છે. ।।૫૪૧।।**

**ટીકા :-**

**सत्येतस्मिन् व्रतपरिणामे विचारयति मीमांसते । किमित्याह–अल्पबहुत्वं गुणदोषयोः सर्वप्रवृत्तिषु यथावस्थितमेवाविपर्यस्तरूपं न त्वर्थित्वातिरेकात् । आरूढविपर्ययः सदपि दोषबाहुल्यं नावबुध्यत**

**इति । तथा, सम्यक् परिशुद्धोपायपूर्वकतया प्रवर्त्तते सर्वकार्येषु तपोऽनुष्ठानादिषु तथा, यथा प्राप्नोति लभते निर्जरां कर्मपरिशाटरूपां विपुलामक्षीणानुबन्धत्वेन विशालामिति । असम्पन्नव्रतपरिणामा हि बहवो लोकोत्तरपथावतारिणोऽपि गुरुलाघवालोचनविकला अत एवाव्यावृत्तविपर्यासास्तथा प्रवर्त्तन्ते यथा स्वपरेषां दिङ्मूढनिर्यामका इवाकल्याणहेतवो भवन्ति ।।५४१।।**

**ભાવાર્થ :-**

જે જીવોને દેશવિરતિ કે સર્વવિરતિ ભાવથી પરિણમન પામેલી છે તે મહાત્માઓ સતત સંસારની રૌદ્ર અવસ્થાને અને તેના કારણીભૂત અસમંજસ પ્રવૃત્તિને યથાર્થ જાણે છે અને સંસારના ઉચ્છેદના ઉપાયરૂપે સ્વભૂમિકા અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિઓ છે તેમ જાણે છે એટલું જ નહીં પણ સતત સંસારનાં કારણોથી અને મુક્તિનાં કારણોથી આત્માને સદા ભાવિત રાખે છે તેથી કોઈપણ વિષમ સંયોગ પ્રાપ્ત થાય ત્યારે આત્માને ઠગ્યા વગર જેનાથી ગુણસ્થાનકના પરિણામની વૃદ્ધિ થાય તે પ્રકારે કઈ પ્રવૃત્તિથી અલ્પ લાભ છે અને કઈ પ્રવૃત્તિથી વધારે લાભ છે તેનો નિર્ણય કરે છે અને જે પ્રવૃત્તિથી અધિક અધિક નિર્લેપ પરિણતિ પ્રગટ થાય તે ગુરુક પ્રવૃત્તિ છે તેથી આત્મવંચના કર્યા વગર ઉત્સર્ગ-અપવાદનું સમ્યગ્ સમાલોચન કરીને ઉચિત સ્થાને ઉત્સર્ગનું સેવન કરે છે અને ઉચિત સ્થાને અપવાદનું સેવન કરે છે.

જેમ કોઈ સાધુ ધ્યાન અર્થે ખુલ્લા શરીરે રહીને યત્ન કરતા હોય અને શીતાદિથી ધ્યાનમાં સ્ખલના થતી હોય તો વિચારે કે ભગવાને શીતાદિના ઉપસર્ગની ઉપેક્ષા કરીને દૃઢ યત્નપૂર્વક ચિત્તને ધ્યેયના વિષયમાં પ્રવર્તાવવું જોઈએ તેમ કહેલ છે અને પોતાનું ચિત્ત શીતાદિના કારણે સ્ખલના પામતું હોય ત્યારે ખુલ્લામાં જઈને જ્યાં અધિક શીતાદિ છે ત્યાં દૃઢ પ્રણિધાનપૂર્વક સૂત્રાદિના ભાવન દ્વારા ધ્યાનમાં યત્ન કરે છે ત્યારપછી ઉપાશ્રયમાં રહીને ધ્યાનમાં સ્થિર થવા યત્ન કરે તો બાહ્ય શીતાદિ કરતાં કાંઈક અલ્પ શીતાદિ થવાને કારણે ચિત્ત ધ્યાનમાં સ્થિર થઈ શકે તેમ જણાય તો શીતાદિના પરિહાર અર્થે વસ્ત્રનો ઉપભોગ કરે નહીં. વળી, આ પ્રમાણે યત્ન કરવા છતાં શીતાદિથી અભિભૂત થયેલું ચિત્ત ધ્યેયનું સમ્યક્ ચિંતવન કરવા અસમર્થ જણાય તો વસ્ત્રાદિના ગ્રહણપૂર્વક શીતાદિનો પરિહાર કરીને પણ ધ્યાનમાં યત્ન કરે. આ પ્રકારે સર્વ પ્રવૃત્તિઓમાં જેઓ સમ્યક્ પ્રવર્તે છે તેઓ પોતાની શક્તિના પ્રકર્ષથી ઉચિત બાહ્ય આજ્ઞાયોગના પાલનપૂર્વક અંતરંગ ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ નિર્લેપ દશામાં યત્ન કરનારા બને છે. તેથી જે જે અંશથી ઉચિત ક્રિયાપૂર્વક નિર્લેપતાની પરિણતિ પ્રાપ્ત કરે છે તે તે અંશથી તે મહાત્માઓ વિપુલ નિર્જરાને પ્રાપ્ત કરે છે; કેમ કે આ પ્રકારે યત્ન કરવાથી જ્ઞાનાવરણીય આદિ ઘાતી કર્મોના અનુબંધનો ઉત્તરોત્તર ક્ષય થાય છે.

વળી, જેઓ આત્મકલ્યાણના અર્થી છે છતાં ભાવથી વ્રતના પરિણામવાળા નથી, માત્ર બાહ્ય આચરણા કરીને કલ્યાણ થશે તેવા ભ્રમવાળા છે તેઓ દેશવિરતિની કે સર્વવિરતિની આચરણા કરનારા હોય તો લોકોત્તર પથમાં પ્રવૃત્તિ કરનારા છે છતાં મોહનાશને અનુકૂળ પરિણામની ઉત્તરોત્તર વૃદ્ધિ કઈ રીતે કરવી જોઈએ તેના વિષયમાં ગુરુલાઘવનો વિચાર કરી શકતા નથી તેઓ સ્વયં વિપર્યસ્ત બુદ્ધિવાળા છે અને બીજાને પણ પોતાની પ્રવૃત્તિ દ્વારા તે પ્રકારનો વિપર્યાસ કરાવે છે. તેથી દિશામાં મોહ પામેલા એવા

નિર્યામકની જેમ પોતાના અને પરના અકલ્યાણના હેતુ બને છે માટે કલ્યાણના અર્થીએ સતત મોક્ષને અનુકૂળ અંતરંગ પરિણતિ પ્રગટ કરવા અર્થે તે તે ગુણસ્થાનકની ક્રિયા છે એના રહસ્યને જાણવા યત્ન કરવો જોઈએ અને જેનાથી નિર્જરાને અનુકૂળ ભાવની વૃદ્ધિ થાય એવાં જ ઉચિત કાર્યોનો નિર્ણય કરીને તેમાં યત્ન કરવો જોઈએ, પરંતુ મૂઢતાથી માત્ર બાહ્ય કૃત્યને સેવીને સર્વ કલ્યાણની પ્રાપ્તિ છે તેવો ભ્રમ ધારણ કરવો જોઈએ નહીં. **॥૫૪૧॥**

**અવતરણિકા :-**

**एतदेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ ભાવન કરે છે=વ્રતના પરિણામવાળા જીવો અલ્પબહુત્વ વિચારીને વિપુલ નિર્જરાના કારણને સેવે છે એમ પૂર્વમાં કહ્યું એને જ ભાવન કરે છે –**

**ગાથા :-**

**पुव्विं दुच्चिन्नाणं कम्माणं अक्खएण णो मोक्खो ।**
**पडियारपवित्तीवि हु सेया इह वयणसारत्ति ।।५४२।।**

**અન્વયાર્થ :-**

**पुव्विं दुच्चिन्नाणं कम्माणं अक्खएण णो मोक्खो=પૂર્વદુશ્ચીર્ણ કર્મોના અક્ષયથી મોક્ષ નથી. इह=અહીં=દુશ્ચીર્ણ કર્મોના ક્ષયમાં, पडियारपवित्तीवि=પ્રતિકારની પ્રવૃત્તિ પણ, वयणसारत्ति हु सेया=વચનસાર છે, શ્રેય છે. ।।૫૪૨।।**

**ગાથાર્થ :-**

**પૂર્વદુશ્ચીર્ણ કર્મોના અક્ષયથી મોક્ષ નથી. અહીં=દુશ્ચીર્ણ કર્મોના ક્ષયમાં, પ્રતિકારની પ્રવૃત્તિ પણ વચનસાર છે, શ્રેય છે. ।।૫૪૨।।**

**ટીકા :-**

**पूर्वभवान्तरे दुश्चीर्णानां ततस्ततो निविडाध्यवसायाद् निकाचनावस्थानीतानां कर्मणां ज्ञानावरणादीनामक्षयेणानिर्जरणेन नो नैव मोक्षः परमपुरुषार्थलाभसरूपो यतः सम्पद्यते, किन्तु क्षयादेव । ततः कर्मक्षयार्थिना उपसर्गाश्चेदुपस्थिताः सम्यक् सोढव्याः । यदा कथञ्चित् सोढुं न शक्यते, तदा प्रतीकारप्रवृत्तिरपि प्रतिविधानचेष्टारूपा श्रेयसी, इह दुश्चीर्णकर्म्मणां क्षये, वचनसारा कल्पादिग्रन्थोक्ता ग्लानचिकित्सासूत्रानुसारिणी, यथा—'फासुयएसणिएहिं फासुयओहासिएहिं कीएहिं । पूईए मिस्सएहिं आहाकम्मेण जयणाए ।।१।।' न तु गुरुलाघवालोचनविकला स्वविकल्पमात्रप्रवृत्ता ।।५४२।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓને વ્રતનો પરિણામ સમ્યગ્ પરિણમન પામેલો છે તે મહાત્માઓ પરિણામને સામે રાખીને બાહ્ય કૃત્યવિષયક અલ્પબહુત્વનો વિચાર કરે છે. કેમ અલ્પબહુત્વનો વિચાર કરે છે એથી કહે છે – પૂર્વમાં જે નિકાચિત અવસ્થાને પ્રાપ્ત કરાવાયેલાં જ્ઞાનાવરણીય આદિ કર્મો બાંધ્યાં છે તે કર્મોનો ક્ષય થયા વગર મોક્ષની પ્રાપ્તિ સંભવિત નથી; કેમ કે જ્યાં સુધી તે જ્ઞાનાવરણીય આદિ કર્મો ભોગવીને ક્ષય ન થાય ત્યાં સુધી સમભાવના કંડકોની વૃદ્ધિ સંભવિત નથી. તેથી સમભાવના વૃદ્ધિના અર્થી જીવો શક્તિના પ્રકર્ષથી ઉપસર્ગોની અને પરિષહોની ઉપેક્ષા કરીને સમભાવમાં યત્ન કરવા અર્થે પ્રવર્તે છે. આથી જ વીરભગવાને પોતાના નિબિડ એવા કર્મના ક્ષય અર્થે છદ્મસ્થ અવસ્થામાં અનાર્ય દેશમાં ગમન કર્યું જેથી ત્યાંના પ્રતિકૂળ સંયોગમાં અંતરંગ દૃઢ ઉદ્યમ ઉલ્લસિત થાય તો જ તે જ્ઞાનાવરણીય આદિ કર્મોનો ક્ષય થઈ શકે.

વળી, કોઈ મહાત્મામાં એવું ધૃતિબળ ન હોય અને જો ઉપસર્ગો સહન કરે તો અંતરંગ સમભાવના કંડકો વૃદ્ધિ પામે નહીં તેમ જણાય ત્યારે અપવાદનું અવલંબન લે અને રોગાદિથી ચિત્ત અભિભવ પામતું હોય તેના રક્ષણ અર્થે ઔષધિ આદિનું સેવન કરે એ પણ નિપુણતાપૂર્વક ભગવાનના વચનાનુસાર કરવામાં આવે તો કલ્યાણનું કારણ બને અન્યથા પોતાની સંયમની વૃદ્ધિની શક્તિ નથી તેમ માનીને વિશેષ પ્રયત્નો દ્વારા રોગની ઉપેક્ષા કરી શકે તેમ હોય છતાં અપવાદનું અવલંબન લઈને ચિકિત્સા કરે તો તે ચિકિત્સાના બળથી કાંઈક સ્વસ્થતાની પ્રાપ્તિ થવાને કારણે સંયમયોગમાં કાંઈક દૃઢ ઉદ્યમ થઈ શકે તોપણ રોગની ઉપેક્ષા કરીને જે પ્રકારે સંયમયોગમાં દૃઢ યત્ન કરવાથી નિકાચિત કર્મોનો ક્ષય થાય છે તે પ્રકારનો નિકાચિત એવા જ્ઞાનાવરણીય આદિ કર્મોનો ક્ષય વચનનિરપેક્ષ રોગનો પ્રતિકાર કરવામાત્રથી અને તેના દ્વારા સંયમની ક્રિયામાં દૃઢ યત્ન કરવાથી થતો નથી.

અહીં વિશેષ એ છે કે ગ્રંથકારશ્રીએ પૂર્વદુશ્ચીર્ણ કર્મો ગ્રહણ કર્યાં તેનો અર્થ ટીકાકારશ્રીએ કર્યો કે નિબિડ અધ્યવસાયથી નિકાચિત અવસ્થાને પામેલાં જ્ઞાનાવરણીય આદિ કર્મો. વળી, સામાન્યથી વિચારીએ તો નિકાચિત કર્મોનો ક્ષય ક્ષપક શ્રેણીમાં થાય છે તેના પૂર્વે પ્રાયઃ થતો નથી તોપણ જે અત્યંત દૃઢ નિકાચિત કર્મો છે તે જ ક્ષપક શ્રેણીમાં ક્ષય થાય છે અને ક્ષપક શ્રેણીમાં જવા માટે બાધ કરે તેવાં જ્ઞાનાવરણીય આદિ કર્મો છે અને દૃઢ અધ્યવસાયથી મજબૂત કરાયેલાં છે તેવાં નિકાચિત કર્મો કોઈ મહાત્મા શક્તિના પ્રકર્ષથી પ્રતિકૂળ સંયોગોની ઉપેક્ષા કરીને સમભાવમાં જવા યત્ન કરે તો ક્ષય થાય તેવાં છે અન્યથા ક્ષય થાય તેવાં નથી. જેમ વીરભગવાન અનાર્ય દેશમાં જાય અને ત્યાંના પ્રતિકૂળ સંયોગમાં પણ અપ્રમાદથી યત્ન કરે તો જ વિશિષ્ટ સમભાવની પરિણતિનાં બાધક એવાં નિકાચિત જ્ઞાનાવરણીય આદિ કર્મો ક્ષય પામે તેમ હતાં અન્યથા ક્ષય પામે તેવાં ન હતાં અને એવા સમયે તે મહાત્મા પોતાની શક્તિનું નિપુણતાથી આલોચન કર્યા વગર ઉપસર્ગોને સહન કરવાની પોતાની શક્તિ નથી તેમ વિચારીને ઉપસર્ગોના પરિહારપૂર્વક સમભાવમાં યત્ન કરે તો તેવો વિશિષ્ટ સમભાવ તે મહાત્માને પ્રાપ્ત થાય નહીં અને ગુણસ્થાનકની પરિણતિવાળા મહાત્મા તે પ્રકારે આત્મવંચના કરીને પ્રયત્ન કરે નહીં પરંતુ શક્તિ જણાય તો વીરભગવાનની જેમ જ ઉપસર્ગોને સ્વસ્થતાથી સહન કરીને સમભાવમાં અતિશયથી ઉદ્યમ કરે. વળી, જેઓને તેવાં નિકાચિત કર્મો

નથી તેવા ભરતાદિ મહાત્માઓને કોઈ જાતના પ્રતિકૂળ સંયોગ વગર પણ અનિકાચિત જ્ઞાનાવરણીય આદિ કર્મો હોવાના કારણે અલ્પ આયાસથી ક્ષપકશ્રેણીને અનુકૂળ સદ્‌વીર્ય ઉલ્લસિત થયું અને જેઓનું તે પ્રકારનું સદ્‌વીર્ય ઉલ્લસિત થતું નથી તેથી વિશેષ સમભાવને ઉલ્લસિત કરી શકતા નથી તેથી વિશેષ સમભાવના અર્થી એવા તેઓ તેવા સદ્‌વીર્યને ઉલ્લસિત કરવા અર્થે વીરભગવાનની જેમ સામેથી ઉપસર્ગોનો પણ સ્વીકાર કરે છે અને કોઈકને કર્મના ઉદયથી રોગાદિ પ્રાપ્ત થયા હોય તો સનત્કુમાર ચક્રવર્તીની જેમ તેની ઉપેક્ષા કરીને સમભાવમાં યત્ન કરે છે. વળી, જેઓમાં ગુણસ્થાનકનો પરિણામ છે અને તેવું શારીરિક બળ નથી જેથી રોગાદિમાં ચિકિત્સા કર્યા વગર સમભાવની વૃદ્ધિ કરી શકે તેમ નથી. તેઓ જિનવચનાનુસાર ઉચિત વિધિથી ચિકિત્સા કરીને પણ રોગની અલ્પતાના બળથી સંયમના કંડકોની વૃદ્ધિ કરે છે; કેમ કે તેઓ જાણે છે કે નિકાચિત કર્મોની નિર્જરા વગર મોક્ષ થવાનો નથી અને નિકાચિત કર્મો સમભાવમાં કરાતા યત્નની સ્ખલના કરનારાં છે. તેથી દૃઢ યત્નપૂર્વક ઉત્સર્ગ-અપવાદનું આલોચન કરીને જે રીતે સમભાવની વૃદ્ધિમાં સ્ખલના ન થાય તે રીતે યત્ન કરીને તેઓ વિપુલ નિર્જરા પ્રાપ્ત કરે છે અને વિશિષ્ટ પ્રકારનાં નિકાચિત કર્મો આ ભવમાં પરાક્રમથી તૂટે તેમ ન હોય તેવાં કર્મોને જન્માંતરમાં અધિક બળની પ્રાપ્તિ દ્વારા ક્ષય કરે છે. **॥૫૪૨॥**

**અવતરણિકા :-**

**एतदेवाधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**આને જ આશ્રયીને=ગુરુલાઘવના સમ્યક્ પર્યાલોચનપૂર્વક ઉચિત પ્રવૃત્તિ વડે દુશ્ચીર્ણ કર્મોના ક્ષયથી મોક્ષ છે એમ પૂર્વમાં કહ્યું એને જ આશ્રયીને, કહે છે –**

**ગાથા :-**

**अट्टज्झाणाभावे सम्मं अहियासियव्वतो वाही ।**
**तब्भावम्मिवि विहिणा पडियारपवत्तणं णेयं ।।५४३।।**

**અન્વયાર્થ :-**

**अट्टज्झाणाभावे=આર્તધ્યાનનો અભાવ હોતે છતે=વ્યાધિકાળમાં ચિત્ત દૃઢ યત્નપૂર્વક સ્વાધ્યાયાદિમાં યત્ન કરવાથી સંવેગની વૃદ્ધિ કરી શકે તેમ હોય તેથી વ્યાધિમાં ચિત્તના અગમનને કારણે આર્તધ્યાનનો અભાવ હોતે છતે, वाही सम्मं अहियासियव्वतो=વ્યાધિને સાધુએ સમ્યગ્ સહન કરવી જોઈએ. तब्भावम्मिवि= તેના ભાવમાં પણ=આર્તધ્યાનના ભાવમાં પણ=વ્યાધિનો પ્રતિકાર કરવામાં ન આવે તો ચિત્ત વ્યાધિમાં ઉપયુક્ત થવાને કારણે આર્તધ્યાનનો ભાવ હોતે છતે પણ, विहिणा पडियारपवत्तणं णेयं=વિધિપૂર્વક પ્રતિકારનું પ્રવર્તન જાણવું. ।।૫૪૩।।**

**ગાથાર્થ :-**

**આર્તધ્યાનનો અભાવ હોતે છતે=વ્યાધિકાળમાં ચિત્ત દૃઢ યત્નપૂર્વક સ્વાધ્યાયાદિમાં યત્ન કરવાથી સંવેગની વૃદ્ધિ કરી શકે તેમ હોય તેથી વ્યાધિમાં ચિત્તના અગમનને કારણે આર્તધ્યાનનો અભાવ હોતે છતે, વ્યાધિને સાધુએ સમ્યગ્ સહન કરવી જોઈએ. તેના ભાવમાં પણ=આર્તધ્યાનના ભાવમાં પણ=વ્યાધિનો પ્રતિકાર કરવામાં ન આવે તો ચિત્ત વ્યાધિમાં ઉપયુક્ત થવાને કારણે આર્તધ્યાનનો ભાવ હોતે છતે પણ, વિધિપૂર્વક પ્રતિકારનું પ્રવર્તન જાણવું. ।।૫૪૩।।**

**ટીકા :-**

**आर्त्तध्यानाभावे 'तह सूलसीसरोगाइवेयणाए विओगपणिहाणं । तदसंपओगचिंता तप्पडियाराउलमणस्स ।।' इत्येवंलक्षणस्य ध्यानशतकोक्तस्यार्त्तध्यानस्याभावे सति सम्यक् प्राग्भवोपार्जितकर्म्मनिर्जरणाभिलाषयुक्तत्वेनाध्यासितव्योऽधिसोढव्यो मुमुक्षुणा जीवेन व्याधिः कुष्ठातिसारादिः सनत्कुमारराजर्षिवत् । तथा च पठ्यते—'कंडूअभत्तखद्धा तिव्वा वियणा य अच्छिकुच्छीसु । सासं खासं च जरं अहियासे सत्त वाससए ।।१।।' यतः, 'पुव्विं कडाणं दुप्पडिकंताणं वेयइत्ता मोक्खो, नत्थि अवेयइत्ता तवसा च ज्झोसइत्त' त्ति । अथ दुर्बलसत्त्वतया व्याधिबाधामसहमानस्य कस्यचिद् यदार्त्तध्यानमुत्पद्यते संयमयोगा वाऽवसीदेयुः, तदा किं कर्त्तव्यमित्याशंक्याह—तद्भावेऽप्यार्त्तध्यानभावे, अपिशब्दात् संयमयोगापगमे च विधिना निपुणवैद्यगवेषणादिलक्षणेन प्रतीकारप्रवर्त्तनं चिकित्सारम्भणं ज्ञेयम्, अन्यथा चिकित्साप्रवृत्तावपि न कस्यचिद् व्याधेरुपशमः स्यात्, किन्तु तद्वृद्धिरेवेति ।।५४३।।**

**ભાવાર્થ :-**

સાધુ સમભાવના કંડકની વૃદ્ધિના અર્થી છે તેથી દેહ પ્રત્યે નિર્મમ થઈને સ્વાધ્યાયાદિ દ્વારા અસંગભાવની વૃદ્ધિ માટે સદા યત્ન કરે છે અને કોઈક કર્મના ઉદયથી વ્યાધિની પ્રાપ્તિ થાય તો સાધુએ વિચારવું જોઈએ કે પૂર્વમાં અર્જિત કર્મોની નિર્જરાનો ઉપાય સમભાવથી સહન કરાયેલ વ્યાધિ છે; કેમ કે વ્યાધિની ઉપેક્ષા કરીને સમભાવમાં યત્ન કરવાથી સમભાવનાં બાધક ઘણાં કર્મોની નિર્જરા થાય છે અર્થાત્ વ્યાધિઆપાદક કર્મ અનુકૂળ દ્રવ્યક્ષેત્ર મળે તો વ્યાધિને ઉત્પન્ન કરીને નિર્જરાને પ્રાપ્ત કરે છે અને અનુકૂળ દ્રવ્યક્ષેત્ર ન મળે તો પ્રદેશોદયથી ઉદયમાં આવીને નાશ પામે છે પરંતુ જે જીવોને સમભાવના કંડકની વૃદ્ધિમાં બાધક એવાં જ્ઞાનાવરણીય આદિ ઘાતી કર્મ તેવાં પ્રબળ છે જે કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા વ્યાધિની ઉપેક્ષા કરીને યત્ન કરે તો તે પ્રયત્નથી તે ઘાતી કર્મો નાશ પામે તેમ છે અને જો વ્યાધિની ઉપેક્ષા કરીને સમભાવમાં યત્ન કરવાની શક્તિ હોવા છતાં શાતાના અર્થી થઈને સાધુ ચિકિત્સા આદિ કરે તો તે પ્રકારનું સમભાવનું બાધક કર્મ નાશ પામતું નથી માટે પૂર્વભવના અર્જિત સમભાવના બાધક કર્મના નાશના અર્થીએ વ્યાધિને સહન કરવું જોઈએ. વળી, જ્યારે સાધુને જણાય કે શાસ્ત્રનું દૃઢ અવલંબન લઈને પણ સમભાવમાં ઉદ્યમ થતો

નથી પરંતુ ચિત્ત વ્યાધિની પીડાથી વ્યાક્ષિપ્ત થયેલું હોવાને કારણે સંયમના કંડકો શિથિલ બને છે ત્યારે સાધુએ આર્તધ્યાનના નિવારણ અર્થે વિધિપૂર્વક વ્યાધિનો પ્રતિકાર કરવો જોઈએ અર્થાત્ નિપુણ વૈદ્યની ગવેષણા કરવી જોઈએ અને સંયમના રક્ષણ માટે જે પ્રકારની કલ્પાદિ ગ્રંથની વ્યવસ્થા છે તે વ્યવસ્થાનું સ્મરણ કરીને ઉત્સર્ગ-અપવાદનું યોજન કરવું જોઈએ અને તે પ્રકારે નિપુણતાપૂર્વક યત્ન ન કરવામાં આવે તો વ્યાધિનો ઉપશમ થાય નહીં પરંતુ અવિવેકપૂર્વક વ્યાધિની ચિકિત્સા કરવામાં આવે તો વ્યાધિની વૃદ્ધિ થવાને કારણે સમભાવને અનુકૂળ જે ઉચિત યત્ન વ્યાધિકાળમાં થતો હતો તે પણ યથાતથા ઔષધસેવનના કારણે અધિક હીન કક્ષાનો થાય છે માટે કલ્યાણના અર્થી સાધુએ આત્મવંચના કર્યા વગર અને વ્યાધિવિષયક ઉચિત વિધિનું શાસ્ત્રવચનથી શ્રવણ કરીને અને તે શાસ્ત્રમર્યાદા અનુસાર જ વ્યાધિની ચિકિત્સામાં યત્ન કરવો જોઈએ જેથી માત્ર દેહના આરોગ્યને પ્રાપ્ત કરીને ચિત્ત સંતોષવાળું થાય નહીં પરંતુ સમભાવના પરિણામની વૃદ્ધિના અંગભૂત આ વ્યાધિની ચિકિત્સાની ક્રિયા બને તે રીતે યત્ન કરવો જોઈએ.

વળી, જેમ સાધુ સમભાવના અત્યંત અર્થી છે તેમ શ્રાવક પણ સ્વભૂમિકા અનુસાર સમભાવને જ સેવનારા છે અને સમભાવની વૃદ્ધિમાં જ યત્ન કરનારા છે એટલું જ નહીં પણ અવિરત સમ્યગ્દૃષ્ટિ પણ હંમેશાં ભાવસાધુનું સ્વરૂપ અને દેશવિરતિધર ઉતમ શ્રાવકોનું સ્વરૂપ સૂક્ષ્મ ભાવન કરીને તેને પ્રગટ કરવાને અનુકૂળ ઉચિત યત્ન કરનારા હોય છે અને તેવા જીવોને પણ કોઈ કર્મના ઉદયથી વ્યાધિ થયેલી હોય તો તેઓએ પણ તે વ્યાધિની ઉપેક્ષા કરીને અપ્રમાદભાવથી સમભાવમાં યત્ન કરવો જોઈએ અને વ્યાધિને કારણે વ્યાક્ષિપ્ત થયેલું ચિત્ત ધર્માનુષ્ઠાનમાં તે પ્રકારે સુદૃઢ પ્રવૃત્તિ કરવા અસમર્થ જણાય તો વિવેકપૂર્વક વ્યાધિની ચિકિત્સા કરીને પણ ધર્મની વૃદ્ધિ થાય એવો જ યત્ન કરવો જોઈએ અને જો તે રીતે નિપુણતાપૂર્વક 'મારે શું ઉચિત કરવું જોઈએ' તેનો વિચાર કરવામાં ન આવે તો સમ્યગ્દૃષ્ટિપણું પણ નાશ પામે; કેમ કે સમ્યગ્દૃષ્ટિનું સમ્યગ્દૃષ્ટિપણું આલોકમાં અને પરલોકમાં એકાંત હિત શું છે એના જ પરમાર્થને જાણવા માટે સદા યત્ન કરાવે છે અને શક્તિ અનુસાર તે પ્રકારે ઉદ્યમ કરાવે છે. **॥૫૪૩॥**

**અવતરણિકા :-**

**ननु कश्चित् साध्वादिः पुष्टालम्बनमुद्दिश्य प्रतिकारं कुर्यात्ततः किं निर्ज्जरा स्याद् नवेत्यत्राह —**

**અવતરણિકાર્થ :-**

**'ननु'થી શંકા કરે છે — કોઈ સાધુ આદિ=અર્થાત્ સાધુ કે શ્રાવક, પુષ્ટાલંબનને ઉદ્દેશીને=ધર્મની વૃદ્ધિનું કારણ વ્યાધિનો ક્ષય છે તેવો પ્રમાણિક નિર્ણય કરીને, પ્રતિકારને કરે=વિધિપૂર્વક રોગના પ્રતિકારને કરે, તેનાથી શું નિર્જરા થાય કે ન થાય એ પ્રકારના વિકલ્પમાં કહે છે —**

**ગાથા :-**

**सव्वत्थ माइठाणं न पयट्टति भावतो तु धम्मम्मि ।**
**जाणंतो अप्पाणं न जाउ धीरो इहं दुहइ ।।५४४।।**

**અન્વયાર્થ :-**

**भावतो तु धम्मम्मि=ભાવથી જ ધર્મ હોતે છતે, सव्वत्थ=સર્વત્ર=શ્રાવક સંબંધી કે યતિસંબંધી સર્વ અનુષ્ઠાનોમાં, माइठाणं न पयट्टति=માયાસ્થાન પ્રવર્તતું નથી. अप्पाणं जाणंतो धीरो=આત્માને જાણતો એવો ધીર=અન્ય સર્વ પદાર્થો કરતાં પોતાના આત્માને અત્યંત પ્રિય જાણતો એવો ધીર પુરુષ, इहं= અહીં=જગતમાં, न जाउ दुहइ=ક્યારેય દ્રોહ કરે નહીં=પોતાના આત્માનો ક્યારે દ્રોહ કરે નહીં. ॥૫૪૪॥**

**ગાથાર્થ :-**

**ભાવથી જ ધર્મ હોતે છતે સર્વત્ર=શ્રાવક સંબંધી કે યતિસંબંધી સર્વ અનુષ્ઠાનોમાં, માયાસ્થાન પ્રવર્તતું નથી. આત્માને જાણતો એવો ધીર=અન્ય સર્વ પદાર્થો કરતાં પોતાના આત્માને અત્યંત પ્રિય જાણતો એવો ધીર પુરુષ, અહીં=જગતમાં, ક્યારેય દ્રોહ કરે નહીં=પોતાના આત્માનો ક્યારે દ્રોહ કરે નહીં. ॥૫૪૪॥**

**ટીકા :-**

**सर्वत्र गृहस्थसम्बन्धिनि यतिसम्बन्धिनि वाऽनुष्ठाने मातृस्थानं मायालक्षणं न नैव प्रवर्त्तते । क्वेत्याह—भावतस्तु परमार्थत एव धर्मे व्रतपरिणामे सम्पन्ने सति । यतः, कुतः ? जानन् लब्धसम्यग्बोध आत्मानं सर्वापरप्रियपदार्थाभ्यधिकं न नैव जातु कदाचिदपि धीरो बुद्धिमान् इह जगति द्रुह्यति द्रोहविषयं करोति मातृस्थानविधानेनेति ॥५४४॥**

**ભાવાર્થ :-**

જે સાધુને કે શ્રાવકને ભાવથી વ્રતનો પરિણામ છે તેઓ પોતાની શક્તિના પ્રકર્ષથી સમભાવની વૃદ્ધિને અનુકૂળ સ્વભૂમિકા અનુસાર સદા યત્ન કરે છે તેથી બાહ્ય કૃત્યને આશ્રયીને તેઓ ક્યારેય માયાનો આશ્રય કરતા નથી. પરંતુ પોતાના સ્વીકારાયેલા વ્રતની મર્યાદા અનુસાર ઉત્તરોત્તરના સંયમના સ્થાનની પ્રાપ્તિ થાય તેનું કારણ જણાય તો અપવાદથી ઔષધાદિનું સેવન કરે અને રોગની ઉપેક્ષા કરવાથી સમભાવનું સુખ વધતુ હોય તો રોગની ઉપેક્ષા કરીને સમભાવમાં યત્ન કરે તેથી જેઓ માત્ર બાહ્ય આચરણાને ધર્મરૂપે જોનારા છે તેવા જીવો ક્યારેય ઉત્સર્ગ-અપવાદ ઉચિત રીતે જોડી શકે નહીં તેથી ક્વચિદ્ રોગ સહન કરીને પણ સંયમના કંડકોનો અપકર્ષ કરે છે તો ક્વચિદ્ રોગનો પ્રતિકાર કરીને પણ સંયમના કંડકોનો અપકર્ષ કરે છે; કેમ કે જે દિશામાં તેઓનું વલણ હોય તે દિશા અનુસાર તે બાહ્ય કૃત્ય સ્વીકારે છે તેથી કષ્ટ સહન કરવાના વલણવાળા જીવો અન્ય યોગોનો નાશ થતો હોય તોપણ ઔષધ કર્યા વગર રોગને સહન કરીને ઘાતી કર્મોના નાશને અનુકૂળ ઉદ્યમને શિથિલ કરે છે.

વળી, જેઓનું વલણ શાતાને અભિમુખ છે તેઓ ધૃતિબળથી સમભાવની વૃદ્ધિ કરી શકે તેમ હોય છતાં તેની ઉપેક્ષા કરીને શાતા અર્થે ઔષધનો પ્રયોગ કરે છે. વળી, કેટલાકને સમભાવની વૃદ્ધિમાં રોગ બાધક હોય છતાં રોગનું ઔષધ કરીને શાતામાત્રને પ્રાપ્ત કરે છે પરંતુ તે શરીરની સ્વસ્થતાને સમભાવની વૃદ્ધિમાં

કેવી રીતે પ્રવર્તાવવું તેવો બોધ જેઓને નથી તેવા સર્વ જીવોને ભાવથી વ્રતનો પરિણામ થતો નથી.

વળી, ભાવથી વ્રતના પરિણામવાળા જીવો કેમ આત્માને ઠગતા નથી તે બતાવવા માટે ગાથાના ઉત્તરાર્ધથી કહે છે – સર્વ અપર પ્રિય પદાર્થ કરતાં વિવેકી પુરુષને પોતાનો આત્મા અત્યંત પ્રિય છે અને તેવા આત્માનું એકાંત હિત શું છે તેને જાણનાર એવો ધીર પુરુષ ક્યારેય પોતાના આત્માનો દ્રોહ કરે નહીં અને ભાવથી વ્રતના પરિણામવાળા મહાત્મા સર્વ પદાર્થથી અત્યધિક પ્રિય એવા આત્માને જાણે છે અને આત્માનું હિત 'ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો સમભાવનો પરિણામ છે' તેવી સ્થિરબુદ્ધિવાળા છે તેથી જે પ્રકારના યત્નથી સમભાવની વૃદ્ધિરૂપ ગુણસ્થાનકની વૃદ્ધિ થાય તે પ્રકારે તે મહાત્માઓ યત્ન કરે છે. **॥૫૪૪॥**

**અવતરણિકા :-**

**एतदेव कुत इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ=ભાવથી વ્રતના પરિણામવાળા જીવો આત્માનો દ્રોહ કરતા નથી એ જ, કયા કારણથી છે એથી કહે છે –**

**ગાથા :-**

**कोडिच्चागा कागिणिगहणं पावाण ण उण धन्नाणं ।**
**धन्नो य चरणजुत्तोत्ति धम्मसारो सया होति ।।५४५।।**

**અન્વયાર્થ :-**

**कोडिच्चागा कागिणिगहणं पावाण**=ક્રોડોના ત્યાગથી કાકિણીનું ગ્રહણ પાપી જીવોને છે, **ण उण धन्नाणं**=પરંતુ ધન્ય જીવોને નથી. **धन्नो य चरणजुत्तोत्ति**=ધન્ય જ ચરણયુક્ત પુરુષ છે એથી, **धम्मसारो सया होति**=સદા ધર્મસાર થાય છે. ।।૫૪૫।।

**ગાથાર્થ :-**

**ક્રોડોના ત્યાગથી કાકિણીનું ગ્રહણ પાપી જીવોને છે પરંતુ ધન્ય જીવોને નથી. ધન્ય જ ચરણયુક્ત પુરુષ છે એથી સદા ધર્મસાર થાય છે. ।।૫૪૫।।**

**ટીકા :-**

**कोटित्यागात् कोटिसंख्यादीनारपरिहारात् काकिणीग्रहणं काकिणी-पञ्चाहतैश्चतुर्भिर्वराटकैः काकिणी चैका' इतिवचनात् कपर्दकविंशतिरूपा, तस्याः काकिण्या उपादानं पापानामुदीर्णलाभान्तरायादि-प्रचुराशुभकर्मणां न पुनर्धन्यानां धर्मधनलब्धॄणाम् । एवमपि प्रस्तुते किमित्याह—धन्यश्च धन्य एव चरणयुक्तो निष्पन्ननिष्कलंकव्रतपरिणामः पुमान् वर्त्तते, इत्यस्मात् कारणाद् धर्मसारः सदा सर्वकालं**

**भवति, न तु मातृस्थानप्रधानः । इति कथमसौ कोटितुल्यनिर्जरालाभत्यागाद् मातृस्थानप्रधानवृत्तकारितया काकिणीतुल्यपूजाख्यात्यादिस्पृहापरः स्यादिति भावः ।।५४५।।**

**ભાવાર્થ :-**

જેઓ આત્મકલ્યાણ અર્થે ધર્માનુષ્ઠાન સેવે છે છતાં માતૃસ્થાન સેવીને આત્માનો દ્રોહ કરે છે=પોતે સમ્યગ્ જિનવચનાનુસાર શક્તિ પ્રમાણે પ્રવૃત્તિ ન કરે છતાં 'હું સમ્યગ્ પ્રવૃત્તિ કરું છું' એ પ્રકારે આત્માનો દ્રોહ કરે છે. આ રીતે સ્વચિત્તને મનાવીને પ્રમાદવશ યથાતથા પ્રવૃત્તિ કરે છે. વસ્તુતઃ પ્રમાદવશ ધર્મની યથાતથા કરાયેલી પ્રવૃત્તિકાળમાં ભટકતું ચિત્ત તે તે પ્રકારના અધ્યવસાય કરીને સંક્લેશ જ ઉત્પન્ન કરે છે છતાં પોતે ધર્મ કરે છે તેવી બુદ્ધિ કરીને જેઓ આત્માને ઠગે છે તેઓ ક્રોડોનો ત્યાગ કરીને કાકિણીને ગ્રહણ કરે છે તેથી પાપી છે; કેમ કે સમ્યગ્ રીતે સેવાયેલો ધર્મ ઉત્તરોત્તર ગુણવૃદ્ધિને અનુકૂળ અપ્રમાદભાવની વૃદ્ધિ કરીને સદ્ગતિની પરંપરા દ્વારા મોક્ષફળનું કારણ છે તેથી ક્રોડોની સંપત્તિની પ્રાપ્તિતુલ્ય છે તેને છોડીને તુચ્છ ઐહિક માન-સન્માન આદિ મેળવીને તેઓનું ધર્મનું સેવન અસાર બને છે તેથી પાપી છે.

પરંતુ જેઓ પુણ્યશાળી છે તેઓ ક્યારેય પણ ધર્મનું સેવન આત્માની ગુણવૃદ્ધિના વ્યાપાર સિવાય અન્ય તુચ્છ માન-સન્માન આદિ અર્થે કરે નહીં, ક્વચિદ્ અનાભોગ આદિથી ધર્મસેવનકાળમાં માનાદિના ભાવો થાય તોપણ જેમ વિવેકી શ્રાવક ભોગની ઇચ્છા થાય ત્યારે પણ "સલ્લં કામા વિસં કામા" ઇત્યાદિ ભાવન કરીને તે ઇચ્છાને શાંત કરવા યત્ન કરે છે તેમ વિવેકી સાધુ કે શ્રાવક નિમિત્તને પામીને કોઈક કષાયનો ઉદ્રેક થાય તોપણ અંતરંગ રીતે વર્તતા ધર્મના પરિણામના બળથી આત્માને જાગૃત કરીને તે પ્રકારના પ્રમાદને દૂર કરવા યત્ન કરે છે પરંતુ અસાર એવા બાહ્ય ફળમાત્રમાં ચિત્તને વિશ્રાંત કરીને 'હું ધર્મ કરું છું' તે પ્રકારે આત્માને ઠગતા નથી. ચારિત્રયુક્ત જીવ હંમેશાં ધન્ય હોય છે તેથી હંમેશાં માયાના ત્યાગપૂર્વક સારભૂત ધર્મને સેવનારા હોય છે અર્થાત્ આત્મામાં ધર્મ પ્રગટ થાય એ પ્રકારે ઉચિત યત્ન કરનારા હોય છે. **॥૫૪૫॥**

**અવતરણિકા :-**

**अत्रैवाभ्युच्चयमाह —**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=ગુણસ્થાનકના પરિણામવાળા જીવો માતૃસ્થાનથી પ્રવર્તતા નથી એમાં જ, અભ્યુચ્ચયને કહે છે –**

**ગાથા :-**

**गुणठाणगपरिणामे संते तह बुद्धिमंपि पाएण ।**
**जायइ जीवो तप्फलमवेक्खमन्नेउ नियमत्ति ।।५४६।।**

**અન્વયાર્થ :-**

**गुणठाणगपरिणामे संते तह=અને ગુણસ્થાનકનો પરિણામ હોતે છતે, पाएण=પ્રાય:, जीवो बुद्धिमंपि जायइ= જીવ બુદ્ધિમાન પણ થાય છે. अन्ने उ=વળી, અન્ય કહે છે — तप्फलमवेक्खं=તેના ફળની અપેક્ષાએ=કૃત્યના ફળની અપેક્ષાએ, नियमत्ति=નિયમથી જીવ બુદ્ધિમાન થાય છે. ।।૫૪૬।।**

**ગાથાર્થ :-**

**અને ગુણસ્થાનકનો પરિણામ હોતે છતે પ્રાયઃ જીવ બુદ્ધિમાન પણ થાય છે. વળી, અન્ય કહે છે — તેના ફળની અપેક્ષાએ=કૃત્યના ફળની અપેક્ષાએ, નિયમથી જીવ બુદ્ધિમાન થાય છે. ।।૫૪૬।।**

**ટીકા :-**

**गुणस्थानकपरिणामे गुणविशेषस्य जीवदयादिरूपस्यात्मनि परिणामे सति, तथेति समुच्चये, बुद्धिमानपि युक्तायुक्तविवेचनचतुरशेमुषीपरिगतोऽपि न केवलं धर्मसारः सदा भवति, प्रायेण बाहुल्येन जायते जीवः, महतामप्यनाभोगसम्भवेन कदाचित्कृत्येष्वबुद्धिमत्त्वमपि कस्यचित् स्यादिति प्रायोग्रहणम् । अत्रैव मतान्तरमाह—तत्फलं बुद्धिमत्त्वफलं स्वर्गापवर्गादिप्राप्तिलक्षणमपेक्ष्य समाश्रित्यान्ये पुनराचार्या नियमोऽवश्यंभावो बुद्धिमत्त्वस्यानाभोगेऽपि गुणस्थानकपरिणतौ सत्यामिति ब्रुवते; अयमभिप्रायः— सम्पन्ननिर्व्रणव्रतपरिणामाः प्राणिनो 'जिनभणितमिदम्' इति श्रद्दधानाः क्वचिदर्थेऽनाभोगबहुलतया प्रज्ञापकदोषाद्वितथश्रद्धानवन्तोऽपि सम्यक्त्वादिगुणभङ्गभाजो न जायन्ते, यथोक्तम्—'सम्मद्दिट्ठी जीवो उवइट्ठं पवयणं तु सद्दहइ । सद्दहइ असब्भावं अजाणमाणो गुरुनिओगा ।।१।।' इति बुद्धिमत्त्वे सति व्रतपरिणामफलमविकलमुपलभन्त एवेति ।।५४६।।**

**ભાવાર્થ :-**

જે જીવો તત્ત્વાતત્ત્વનો વિભાગ કરીને તત્ત્વને પ્રાપ્ત કરવા માટે અને અતત્ત્વને ત્યાગ કરવા માટે યત્નશીલ છે તેઓમાં ગુણસ્થાનકનો પરિણામ છે. જેમ સમ્યક્ત્વ પ્રાપ્ત થયું ન હોય છતાં સંસારના વાસ્તવિક સ્વરૂપને જોવાને અભિમુખ કોઈ જીવ થયેલ હોય ત્યારે જે પ્રકારે સંસાર વિષમ સ્થિતિવાળો છે તે પ્રકારે તે તત્ત્વને જોવા માટે પ્રવર્તતો હોય તો સમ્યક્ત્વને અભિમુખ ગુણસ્થાનકનો પરિણામ છે તેથી મધ્યસ્થતાપૂર્વક તત્ત્વને જોવાને અનુકૂળ જે જે પ્રકારનો જે જે જીવો વ્યાપાર કરે છે તે જીવો મિથ્યાત્વ અવસ્થામાં હોય તો સમ્યક્ત્વને અભિમુખ થાય છે, સમ્યક્ત્વને પામેલા હોય તો વિશુદ્ધ સમ્યક્ત્વની પ્રાપ્તિને અનુકૂળ કે દેશવિરતિ ગુણસ્થાનકની પ્રાપ્તિને અનુકૂળ વ્યાપારવાળા થાય છે અને તેવા ગુણસ્થાનકની પરિણતિવાળા જીવો પ્રાયઃ બુદ્ધિમાન હોય છે; કેમ કે આત્માને ઠગ્યા વગર શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર તત્ત્વને જાણવા યત્ન કરનારા હોય છે, ક્વચિદ્ તેવા બુદ્ધિમાનને પણ ક્યારેક અનાભોગને કારણે વિપરીત બોધ થાય તેથી પ્રાયઃ તેઓ બુદ્ધિમાન છે તેમ કહેલ છે.

વળી ગુણસ્થાનકના પરિણામવાળા જીવો તત્ત્વને અત્યંત અભિમુખ હોવા છતાં અનાભોગથી ક્યારેક વિપરીત બોધ થાય તોપણ તેઓના ચિત્તનો અધ્યવસાય તત્ત્વને યથાર્થ જાણવા માટે ઉચિત ઊહવાળો હોય છે તેથી તે વિપરીત બોધથી પણ વિપરીત ફળ પ્રાપ્ત થતું નથી પરંતુ તત્ત્વને અભિમુખ માર્ગાનુસારી નિર્મળ બુદ્ધિનું ફળ તેઓને પ્રાપ્ત થાય છે તેથી ફળને સામે રાખીને અન્ય આચાર્યો તેઓને નિયમથી બુદ્ધિમાન કહે છે.

અહીં વિશેષ એ છે કે છટ્ઠા ગુણસ્થાનકમાં રહેલ સાધુ પણ જ્યારે મોહને વશ થઈને વિપરીત ભાવોને અભિમુખ થાય છે ત્યારે પાતને અભિમુખ પરિણામવાળા હોવાથી ગુણસ્થાનકના પરિણામવાળા નથી તેથી તે વખતે તેઓ બુદ્ધિમાન નથી. જેમ દશપૂર્વી સ્થૂલિભદ્રજી મહાત્મા હતા, બુદ્ધિમાન હતા છતાં શ્રુતમદને વશ થઈને બહેનોને પોતાની શક્તિ બતાવવાના પરિણામવાળા થયા તે વખતે ઉત્તરોત્તર ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ બને તેવો ગુણસ્થાનકનો પરિણામ ન હતો તેથી ગુણસ્થાનકની પરિણતિથી સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં સૂક્ષ્મ મિથ્યાત્વને જોનારી દૃષ્ટિથી તેઓ મિથ્યાત્વને સન્મુખ પરિણામવાળા હતા, ફક્ત અલ્પ કાળ પૂરતો પ્રમાદવશ તે પરિણામ થયેલ, પરંતુ જ્યારે સ્વાધ્યાયાદિ દ્વારા આત્માને તત્ત્વથી વાસિત કરે છે ત્યારે તેઓ બુદ્ધિમાન જ છે. વળી, મિથ્યાદૃષ્ટિ જીવ પણ સમ્યક્ત્વને અભિમુખ માર્ગાનુસારી ઊહ કરે છે ત્યારે સ્પષ્ટ સમ્યક્ત્વ નથી તોપણ હેતુથી સમ્યક્ત્વ છે તે વખતે તે જીવની માર્ગાનુસારી બુદ્ધિ ગુણસ્થાનકની વૃદ્ધિમાં પ્રવર્તતી હોવાથી તે બુદ્ધિમાન જ છે. આથી જ જ્યારે માર્ગાનુસારી ઊહ તત્ત્વવિષયક ચાલતો હોય ત્યારે જીવ ક્યારેય આત્માને ઠગીને અતત્ત્વમાં તત્ત્વની બુદ્ધિ કરે નહીં, ફક્ત શાસ્ત્રીય સૂક્ષ્મ પદાર્થના બોધનો અભાવ હોવાથી અનાભોગથી ક્યારેક વિપરીત બોધ કરે, તોપણ તેનો માર્ગાનુસારી ઊહ તત્ત્વની પ્રાપ્તિને અનુકૂળ નિર્જરાનું કારણ બને છે માટે બુદ્ધિમાન જ છે. **॥૫૪૬॥**

**અવતરણિકા :-**

**अत्रैव हेतुमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=ગુણસ્થાનકના પરિણામવાળો જીવ નિયમથી ફળની અપેક્ષાએ બુદ્ધિમાન છે એમાં જ, હેતુ કહે છે –**

**ગાથા :-**

**चरणा दुग्गतिदुक्खं न जाउ जं तेण मग्गगामी सो ।**
**अंधोव्वसायरहिओ निरुवद्दवमग्गगामित्ति ।।५४७।।**

**અન્વયાર્થ :-**

**जं=જે કારણથી, चरणा=ચારિત્રને કારણે=દેશવિરતિ કે સર્વવિરતિરૂપ ચારિત્રના પાલનને કારણે, दुग्गतिदुक्खं न जाउ=જીવોને દુર્ગતિઓનું દુઃખ થતું નથી, तेण=તે કારણથી, सो=તે=તે વ્રતપરિણામવાળો**

**જીવ, मग्गगामी=માર્ગગામી છે. निरुवद्दवमग्गगामि अंधोव्वसायरहिओ त्ति=નિરુપદ્રવ માર્ગગામી એવા અશાતારહિત અંધપુરુષની જેમ. ।।૫૪૭।।**

**ગાથાર્થ :-**

**જે કારણથી ચારિત્રને કારણે=દેશવિરતિ કે સર્વવિરતિરૂપ ચારિત્રના પાલનને કારણે, જીવોને દુર્ગતિઓનું દુઃખ થતું નથી, તે કારણથી તે=તે વ્રતપરિણામવાળો જીવ, માર્ગગામી છે. નિરુપદ્રવ માર્ગગામી એવા અશાતારહિત અંધપુરુષની જેમ. ।।૫૪૭।।**

**ટીકા :-**

**चरणाच्चारित्राद्देशतः सर्वतो वा परिपालिताद् दुर्ग्गतिदुःखं नारकतिर्यक्कुमानुषकुदेवत्वपर्यायलक्षणमशर्म नैव जातु कदाचिज्जीवानां सम्पद्यते यद्यस्मात्, तेन कारणेन मार्ग्गगामी निर्वाणपथानुकूलप्रवृत्तिः स व्रतपरिणामवान् जीवः । दृष्टान्तमाह—अन्धवच्चक्षुर्व्यापारविकलपुरुष इव । असातरहितोऽसद्वेद्यकर्म्मोदयविमुक्तो निरुपद्रवमार्गगामी मलिम्लुचादिकृतविप्लवविहीनपाटलिपुत्रादिप्रवरपुरपथप्रवृत्तिमान् भवतीति । यथा असातरहितोऽन्धो निरुपद्रवमार्ग्गगामी सम्पद्यते, तथा चारित्री व्यावृत्तविपर्यासतया दुर्ग्गतिपातलक्षणोपद्रवविकलो निर्वृतिपथप्रवृत्तिमान् स्यादिति ।।५४७।।**

**ભાવાર્થ :-**

અશાતાવેદનીયના ઉદયથી રહિત નિરુપદ્રવ માર્ગમાં જનારો આંધળો પોતાની અંધ અવસ્થાને જાણે છે તેથી પોતાના લાકડી આદિના ટેકાના બળથી માર્ગનો નિર્ણય કરીને તે રીતે ઉચિત સ્થાને પહોંચે છે પરંતુ ખાડા, ટેકરાદિમાં ક્યાંય પડતો નથી; કેમ કે પોતે અંધ છે અને 'જો સમ્યક્ નિર્ણય કર્યા વગર હું જઈશ તો હું ખાડામાં પડીશ' તેવો સ્થિર નિર્ણય છે તેથી ખાડાના પાતથી રક્ષણ અર્થે અત્યંત સાવધાન થઈને તે જાય છે તેથી નિયમથી પાત વગર પોતાના ઇષ્ટ સ્થાને પહોંચે છે.

તેમ જે જીવોની માર્ગાનુસારી સૂક્ષ્મ પ્રજ્ઞા છે તેઓ દેશવિરતિનું કે સર્વવિરતિનું પાલન કરતા હોય ત્યારે જાણે છે કે 'અંધની જેમ અમે છદ્મસ્થ છીએ' અને જેમ તે અંધ લાકડીથી ઉચિત નિર્ણય કરીને માર્ગગમન કરે છે તેમ માર્ગાનુસારી બુદ્ધિવાળા મહાત્મા શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર મોહનું ઉન્મૂલન કઈ રીતે થઈ શકે તેનો ઉચિત નિર્ણય કરવા સદા યત્ન કરે છે જેથી તેઓની તે દેશવિરતિની કે સર્વવિરતિની ક્રિયા અવશ્ય દુર્ગતિના પાતથી રક્ષણ કરે તે પ્રકારના શુભ અધ્યવસાયથી સંવલિત જ હોય છે અને સતત ગુણસ્થાનકની વૃદ્ધિ થાય તે પ્રકારનો તેઓનો અંતરંગ ઉદ્યમ હોય છે. ક્વચિદ્ ગુરુના નિયોગથી=ઉપદેશથી, કે અનાભોગથી બાહ્ય આચરણાની પ્રવૃત્તિમાં વિપરીત બોધ થયો હોય તોપણ અંતરંગ રીતે તો જિનવચનના રાગથી વીતરાગતાને અભિમુખ જ તેઓની તે બાહ્ય ક્રિયા બને છે તેથી તેના ફળને આશ્રયીને નિયમથી તેઓ બુદ્ધિમાન છે.

વળી, જેમ દેશવિરતિધર અને સર્વવિરતિધર મહાત્માઓ સ્વભૂમિકા અનુસાર માર્ગગામી છે તેમ અવિરત સમ્યગ્દૃષ્ટિ પણ સ્વભૂમિકા અનુસાર ચારિત્રમોહનીયના ઉચ્છેદ અર્થે ભગવદ્ભક્તિ આદિ અનુષ્ઠાન કરે છે તે સર્વ કાળમાં માર્ગાનુસારી બુદ્ધિ જ પ્રવર્તે છે તેથી તેઓ પણ દુર્ગતિ ક્યારેય પ્રાપ્ત કરતા નથી, ફક્ત અહીં અધ્યાત્મનો પ્રારંભ પાંચમા ગુણસ્થાનકથી સ્વીકારનાર નયદૃષ્ટિને સામે રાખીને ચારિત્રવાળા જીવો દુર્ગતિના ફળને ક્યારેય પ્રાપ્ત કરતા નથી તેમ કહેલ છે. વસ્તુતઃ સમ્યગ્દૃષ્ટિ પણ સ્વભૂમિકા અનુસાર ચારિત્રમોહનીયનો ઉચ્છેદ કરે છે ત્યારે હેતુથી તે ચારિત્રી છે; કેમ કે ચારિત્રના પરિણામરૂપ ભાવસ્તવનું કારણ એવું દ્રવ્યસ્તવ સેવે છે તેથી દ્રવ્યસ્તવ દરમિયાન જે જે અંશથી ચારિત્રમોહનીય તૂટે છે તે તે અંશથી તત્કાલ ભાવસ્તવ પ્રગટ થાય છે અને વિશેષથી ચારિત્રમોહનીય તૂટે છે ત્યારે સર્વવિરતિ ચારિત્રની પણ પ્રાપ્તિ થાય છે. **॥૫૪૭॥**

**અવતરણિકા :-**

**अमुमेवार्थमधिकृत्य ज्ञातानि प्रस्तावयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ અર્થને આશ્રયીને=વ્રતનો પરિણામ હોતે છતે જીવ દુર્ગતિમાં જતો નથી એ જ અર્થને આશ્રયીને, દૃષ્ટાંતોનું પ્રસ્તાવન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**सुव्वंति य गुणठाणगजुत्ताणं एयवइयरम्मि तहा ।**
**दाणातिसु गंभीरा आहरणा हंत समयम्मि ।।५४८।।**

**અન્વયાર્થ :-**

**गुणठाणगजुत्ताणं य तहा=અને ગુણસ્થાનકયુક્ત જીવોને, एयवइयरम्मि=આ વ્યતિકરમાં=વ્રત આપવાના વિષયમાં, दाणातिसु=દાનાદિ વિષયક=દાન-અદાન વિષયક, गंभीरा आहरणा हंत समयम्मि सुव्वंति=ગંભીર ઉદાહરણો શાસ્ત્રમાં કહેવાયેલાં સંભળાય જ છે. ।।૫૪૮।।**

**ગાથાર્થ :-**

**અને ગુણસ્થાનકયુક્ત જીવોને આ વ્યતિકરમાં=વ્રત આપવાના વિષયમાં, દાનાદિ વિષયક=દાન-અદાન વિષયક, ગંભીર ઉદાહરણો શાસ્ત્રમાં કહેવાયેલાં સંભળાય જ છે. ।।૫૪૮।।**

**ટીકા :-**

**श्रूयन्ते चाकर्ण्यन्ते एव गुणस्थानकयुक्तानां परिणतगुणविशेषाणां जीवानामेतद्व्यतिकरे व्रतप्रस्तावे, तथेति समुच्चये, 'दाणाइसु' त्ति व्रतानां दाने आदिशब्दाददाने च, गंभीराणि कुशाग्रीयमतिगम्यानि आहरणानि दृष्टान्ताः, हन्तेति कोमलामन्त्रणे, समये सिद्धान्ते निरूपितानि ।।५४८।।**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં કહ્યું કે ભાવથી ચારિત્રના પરિણામવાળા જીવોને દુર્ગતિનું દુઃખ ક્યારેય થતું નથી તેથી નક્કી થાય છે કે તેઓ માર્ગગામી છે અને ભાવથી વ્રતના પરિણામવાળા જીવો માર્ગગામી છે તેને સ્પષ્ટ કરવા અર્થે કહે છે કે ગુણસ્થાનક પરિણામવાળા જીવોને મહાત્માઓ વ્રત આપવાનો પ્રસંગ હોય ત્યારે વ્રત આપવાના વિષયમાં ક્યારે દાન અને ક્યારે અદાન કરવું જોઈએ તેના ગંભીર અર્થને બતાવનારાં ઉદાહરણો શાસ્ત્રમાં બતાવેલાં છે.

તેનાથી નક્કી થાય છે કે ગુણસ્થાનકની પરિણતિવાળા જીવો વ્રત સ્વીકારે પછી તેઓ અવશ્ય તે ગુણસ્થાનકની ક્રિયા તે રીતે જ કરે છે જેથી ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકને અભિમુખ તેઓનો સતત પ્રયત્ન વર્તે છે અને જે જીવો ગુણસ્થાનક સ્વીકાર્યા પછી તે ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ અપ્રમાદથી યત્ન કરે તેવા નથી એવા જીવો વ્રતોને સ્વીકાર્યા પછી અતિચારથી વ્રતોને કલંકિત કરીને દુર્ગતિનાં દુઃખોને પણ પામે છે તેથી ગુણસ્થાનકયુક્ત જીવોને વ્રત આપવાના પ્રસંગમાં તેઓનો વ્રતનો પરિણામ કેવો દૃઢ છે તે નિર્ણય કરવા માટે દાન આપવાની ક્રિયા અને નહીં આપવાની ક્રિયા વિષયક કુશાગ્ર બુદ્ધિથી નિર્ણય કરી શકાય એવાં ઉદાહરણો શાસ્ત્રમાં આપ્યાં છે. તેથી જેઓ તેનું સમ્યગ્ ભાવન કરે તેઓને જ બોધ થાય કે વ્રતપરિણામવાળા જીવો વ્રત ગ્રહણ કરતા પૂર્વે દાન આપવાનો નિષેધ કરવામાં આવે ત્યારે કઈ રીતે પોતાનું સત્ત્વ અભિવ્યક્ત કરે છે જેના બળથી તેની યોગ્યતાનો નિર્ણય કરીને તેને વ્રતોનું દાન કરવામાં આવે છે.

તેથી ફલિત થાય કે વ્રત ગ્રહણ કરવા માટે તત્પર થયેલાને મહાત્માઓ તેમનો વ્રત ગ્રહણ કરવાને અભિમુખ પરિણામ છે છતાં તે મહાસાત્ત્વિક છે કે નહીં જેથી પ્રતિકૂળ સંયોગમાં પણ સમ્યગ્ વ્રતની ધુરાને વહન કરશે તેના નિર્ણય અર્થે વ્રતના અગ્રહણ માટેનો ઉપદેશ આપે છે જેથી ધીર એવા તે કહે કે સત્ત્વશાળી જીવ માટે કાંઈ દુષ્કર નથી અને તેવું સત્ત્વ શ્રોતામાં જણાય ત્યારપછી તે યોગ્ય શ્રોતાને ગીતાર્થ ગુરુ વ્રતનું દાન કરે છે; કેમ કે વ્રત ગ્રહણ કરીને જો તે સમ્યગ્ પાલન કરશે તો તેનું હિત થશે તેવો સ્થિર બોધ ગીતાર્થને છે. એટલું જ નહીં પણ વ્રતના વર્ણનને સાંભળીને ઉત્સાહિત થયેલ પણ જીવ જો અલ્પ સત્ત્વવાળા હશે તો વ્રત ગ્રહણ કરીને વિષમ સંયોગમાં યથાતથા પ્રવૃત્તિ કરીને વ્રતનો નાશ કરશે તો અધિક અનર્થને પામશે તેવો નિર્ણય હોવાથી ગીતાર્થ ગુરુ તેને વ્રત ગ્રહણ કર્યા પછી તેનું પાલન નહીં કરવામાં તેના અનર્થો તે રીતે બતાવે છે જેથી અલ્પ સત્ત્વવાળા જીવો કાંઈક વ્રત ગ્રહણ કરવાને સન્મુખ થયેલા હોય તોપણ તે સાંભળીને વ્રત ગ્રહણ કરવાના શિથિલ પરિણામવાળા પણ થાય છે અને જ્યારે તે પ્રકારની શક્તિનો સંચય થાય ત્યારે તે ભૂમિકાનું વ્રત ગ્રહણ કરે છે.

અહીં કહ્યું કે ગંભીર ઉદાહરણો શાસ્ત્રમાં બતાવ્યાં છે તેનો અર્થ ટીકાકારશ્રીએ કર્યો કે કુશાગ્ર મતિથી ગમ્ય ઉદાહરણો છે તેથી એ પ્રાપ્ત થાય કે તે ઉદાહરણોને પણ જેઓ સ્થૂળ દૃષ્ટિથી જોનારા છે તેઓને તે દૃષ્ટાંતનું તાત્પર્ય ગ્રહણ થતું નથી પરંતુ જે નિપુણ પ્રજ્ઞાવાળા છે તેઓને જણાય છે કે લીધેલાં વ્રતોનું અણીશુદ્ધ પાલન ઉત્તર-ઉત્તરની ભૂમિકા દ્વારા મોક્ષનું કારણ છે ત્યારે અકુશાગ્ર બુદ્ધિવાળાને તો તે દૃષ્ટાંતો

સાંભળીને એટલો જ બોધ થાય છે કે સ્થૂળ આચારથી આ વ્રતોનું પાલન કલ્યાણનું કારણ છે પરંતુ કઈ રીતે નિપુણતાપૂર્વક પરિણમન પામેલું વ્રત કલ્યાણનું કારણ છે તેનો પરમાર્થ તો કુશાગ્ર મતિવાળા જીવો જ પ્રાપ્ત કરી શકે છે. **॥૫૪૮॥**

**અવતરણિકા :-**

**आहरणसंग्रहमेव तावदाह –**

**અવતરણિકાર્થ :-**

**ઉદાહરણના સંગ્રહને જ કહે છે=ગાથા-૫૪૮માં કહેલ ગંભીર ઉદાહરણોના સંગ્રહને કહેનારી ગાથા બતાવે છે –**

**ગાથા :-**

**सिरिउर सिरिमइसोमाऽणुव्वयपरिपालणाए णयणिउणं ।**
**कुसलाणुबंधजुत्ता णिद्दिट्ठा पुव्वसूरीहिं ।।५४९।।**

**અન્વયાર્થ :-**

**सिरिउर=શ્રીપુર નગરમાં, सिरिमइसोमा=શ્રીમતી અને સોમા=શ્રીમતી નામની શ્રેષ્ઠીપુત્રી અને સોમા નામની પુરોહિતપુત્રી, अणुव्वयपरिपालणाए=અણુવ્રતના પાલનમાં, णयणिउणं कुसलाणुबंधजुत्ता= નયનિપુણ કુશલ અનુબંધથી યુક્ત (એવી એ બંને), पुव्वसूरीहिं णिद्दिट्ठा=પૂર્વસૂરિઓ વડે બતાવાઈ છે. ।।૫૪૯।।**

**ગાથાર્થ :-**

**શ્રીપુર નગરમાં શ્રીમતી અને સોમા=શ્રીમતી નામની શ્રેષ્ઠીપુત્રી અને સોમા નામની પુરોહિતપુત્રી, અણુવ્રતના પાલનમાં નયનિપુણ કુશલ અનુબંધથી યુક્ત એવી એ બંને પૂર્વસૂરિઓ વડે બતાવાઈ છે. ।।૫૪૯।।**

**ટીકા :-**

**श्रीपुरे नगरे श्रीमतीसोमे श्रेष्ठिपुरोहितपुत्र्यौ अणुव्रतपरिपालनायां प्रकृतायां नयनिपुणं निपुणनीतिपरिगतं यथा भवति कुशलानुबन्धयुक्ते उत्तरोत्तरकल्याणानुगमसमन्विते निर्दिष्टे प्ररूपिते पूर्वसूरिभिरिति ।।५४९।।**

**ભાવાર્થ :-**

શ્રીમતી નામની એક શ્રેષ્ઠીપુત્રી અને સોમા નામની એક પુરોહિતપુત્રી હતી. વળી તે બંને અણુવ્રતને ગ્રહણ કરીને ઉત્તરોત્તર ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ બને તે પ્રકારે તે વ્રતોનું સમ્યગ્ પાલન કરનારી હતી

અને તત્ત્વને જોનારી નયથી નિપુણ એવા કુશલ અનુબંધથી યુક્ત પરિણામવાળી હતી એમ પૂર્વસૂરિએ કહ્યું છે તેથી નક્કી થાય છે કે તેવા જીવો વ્રત ગ્રહણ કરે છે ત્યારપછી સતત ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ અપ્રમાદપૂર્વક તે વ્રતોને સેવીને સર્વવિરતિની શક્તિનો સંચય થાય તે પ્રકારે યત્ન કરે છે માટે એવા જીવોને દુર્ગતિનું દુઃખ ક્યારેય પ્રાપ્ત થતું નથી; કેમ કે અનુબંધશુદ્ધ વ્રતોનું પાલન જ્ઞાનાવરણીય આદિ ઘાતી કર્મોના અશુભ અનુબંધનો વ્યવચ્છેદ કરીને સંસારના ઉચ્છેદનું કારણ બને છે. **॥૫૪૯॥**

**અવતરણિકા :-**

**एनामेव गाथामेकोनपञ्चाशता गाथाभिर्व्याचष्टे –**

**અવતરણિકાર્થ :-**

**આ જ ગાથાને=ગાથા-૫૪૯ને જ, ઓગણપચાસ ગાથા દ્વારા વિશેષરૂપે કહે છે –**

**ગાથા :-**

**सिरिउरणगरे णंदणधूया णामेण सिरिमई सड्ढी ।**
**सोमा य तीए सहिया पुरोहियसुयत्ति संजाया ।।५५०।।१।।**
**कालेण पीइवुड्ढी धम्मविचारम्मि तीए संबोही ।**
**वयगहणेच्छ परिच्छा झुंटणवणिएण दिट्ठंतो ।।५५१।।२।।**
**अंगतिया धणसेट्ठी सामिउरे संखसेट्ठि दढपीई ।**
**तीए वुड्ढिणिमित्तं अजायवच्चाण तह दाणं ।।५५२।।३।।**
**धणपुत्त संखधूया विवाह भोगा कहिंचिदारिद्दं ।**
**पत्तीभणणं गच्छसु ससुरगिहं मग्ग झुंटणगं ।।५५३।।४।।**
**साणागिई तओ खलु कंबलरयणं च तस्स रोमेहिं ।**
**जायइ छम्मासाओ कत्तामि अहं महामोल्लं ।।५५४।।५।।**
**सो पुण उस्संघट्टो ण मेल्लियव्वो सयावि मरइत्ति ।**
**हसिहिइ मोक्खो लोगो ण कज्जओ सो गणेयव्वो ।।५५५।।६।।**
**पडिवण्णमिणं तेणं गओ य लद्धो य सो तओ नवरं ।**
**अप्पाहिओ य बहुसो तेहिंवि तह लोगहसणम्मि ।।५५६।।७।।**

आगच्छंतो य तओ हसिज्जमाणो कहिंचि संपत्तो ।
णियपुरबाहिं मुक्को आरामे तह पविट्ठो उ ।।५५७।।८।।
भणिओ तीए कहिं सो मुक्को बाहिम्मि हंत भव्वोसि ।
मयगो सो थेवफलं णय लाभो तह उ एयस्स ।।५५८।।९।।
झुंटणतुल्लो धम्मो सुद्धो एयम्मि जोइयव्वमिणं ।
सव्वं णियबुद्धीए असुहसुहफलत्तमाईहिं ।।५५९।।१०।।
णेरिसयाणं एसो दायव्वो तेसिमेव उ हियट्ठा ।
गाढगिलाणाईणं णेहाइजुओ व आहारो ।।५६०।।११।।
सोमाह णेरिसच्चिय सव्वे पाणी हवंति णियमेण ।
बुद्धिजुयावि हु अण्णे गोव्वरवणिएण दिट्ठंतो ।।५६१।।१२।।
वीसउरीए पयडो दत्तो णइत्तगो अह कहंचि ।
कालेणं दारिद्दं अप्पाहियसरणमब्भिज्जे ।।५६२।।१३।।
तंबगकरंडिपट्टग गोयमदीवम्मि कज्जबुज्झणया ।
रयणतणचारिगोदंसणं तओ गोव्वरे रयणा ।।५६३।।१४।।
णाऊणमिणं पच्छा नगरीए एवमाह सव्वत्थ ।
बुद्धत्थि णत्थि विहवो गहोवि रण्णा सुयं एयं ।।५६४।।१५।।
सद्दाविऊण भणिओ गेण्हह विहवत्ति लक्खगहणं तु ।
तद्दीवण्णूणिज्जामग वहणभरणं कयवरस्स ।।५६५।।१६।।
एवं च हसइ लोगो गमणं तह कज्जवुज्झणं चेव ।
गावीदंसण गोमयभरणं वहणाण अच्चत्थं ।।५६६।।१७।।
आगमण रायदंसणमाणीयं किंति गोव्वरो देव! ।
उस्सुक्कं तुह भंडं पसाय हसणं पवेसणया ।।५६७।।१८।।
अग्गीजालण रयणा विक्कय परिभोग लोगपूजत्तं ।
तहणिच्छयओ पत्तं एएणं भव्वसत्तेणं ।।५६८।।१९।।

पट्टगसरिसी आणा एमाइ इहंपि जोइयव्वं तु ।
णीसेसं णियबुद्धीए जाणएणं जहाविसयं ।।५६९।।२०।।
एरिसयाणं धम्मो दायव्वो परहिउज्जएणेह ।
अप्पंभरित्तमिहरा तमणुचियं ईसराणंव ।।५७०।।२१।।
णीया वइणिसमीवं पडिस्सयं साहिऊण वुत्तंतं ।
तत्थवि पवित्तिणीए जहाविहिं चेव दिट्ठुत्ति ।।५७१।।२२।।
दाणाइभेयभिण्णो कहिओ धम्मो चउव्विहो तीए ।
कम्मोवसमेण तहा सोमाण परिणओ चेव ।।५७२।।२३।।
विहिणाणुव्वयगहणं पालणमप्पत्तियं गुरुजणस्स ।
छड्डेह इमं धम्मं गुरुमूले तेसिं तहिं णयणं ।।५७३।।२४।।
कुसलाए चिंतियमिणं संमुहवयणं गुरूण न हु जुत्तं ।
तत्थवि पवित्तिणीदंसणेणमेयाणावि य बोही ।।५७४।।२५।।
गच्छंतेहि य दिट्ठं वणियगिहे वइससं महाघोरं ।
हिंसाअणिवित्तीए वियंभियं कुलविणासकरं ।।५७५।।२६।।
दुस्सीलगारि भियगे लग्गा सुयघायणंति संगारो ।
पेसण सुएण तग्घायणं तओ केवलागमणं ।।५७६।।२७।।
तीएवि तस्स वहणं सिलाए वहुयाए तीए असिएणं ।
धूयाए णिव्वेओ हा किं एयंति बोलो य ।।५७७।।२८।।
लोगमिलम्मि वयणं तएवि किण्णेस घाइया साह ।
हिंसाए नियत्ता हं एयऽणिवित्ती अहो पावा ।।५७८।।२९।।
तीए भणिया य गुरू मएवि एगं वयं इमं गहियं ।
ता किं मोत्तव्वमिणं, ते आहु ण अच्छउ इमंति ।।५७९।।३०।।
एवं विणट्ठवहणो मंदो भियगेण सुट्ठु पडियरिओ ।
धूयादाया वणिओ जीवगभिण्णेहिं विण्णेओ ।।५८०।।३१।।

महिलाइवस विलोट्टो रण्णो सिट्ठोत्ति पक्खिसक्खिज्जे ।
गंतूणं ते आणिय विह्मिय विरलंति पुच्छाए ।।५८१।।३२।।
कत्थ छगणम्मि किमिदंसणेण कह एरिसेहिं कम्मेहिं ।
धाडिय धिक्कारहओ दिट्ठो बिइएविय णिसेहो ।।५८२।।३३।।
एवं चियतिलतेणो ण्हाउल्लो कहवि हट्टसंवट्टो ।
गोपिल्लिय तिलपडिओ तेहिं समं तह गओ गेहं ।।५८३।।३४।।
जणणीए पक्खोडिय लोइय पडिदिण्णखद्धमोरंडो ।
तत्तो तम्मि वलग्गो तहा पुणो हरियतिलणियरो ।।५८४।।३५।।
एवं चिय सेसम्मिवि गहिओ जणणीए खद्धथणखंडो ।
पलिच्छिण्णगोत्ति दिट्ठो णिवारणा णवर तइएवि ।।५८५।।३६।।
एवं घोडगगलिया दुस्सीला मोहओ महापावा ।
विणिवाइयभत्तारा परिट्ठविंती तयं घोरा ।।५८६।।३७।।
देवयजोइयपिडिया गलंतवसरुहिरभरियथणवट्टा ।
अंधा पलायमाणी णियत्तमाणी य सज्जक्खा ।।५८७।।३८।।
डिंभगवंदपरिगया खिंसिज्जंती जणेण रोवंती ।
दिट्ठा धिज्जाइग्गिणी एवं च चउत्थपडिसेहो ।।५८८।।३९।।
एवमसंतोसाओ विवण्णवहणो कहिंचि उत्तिण्णो ।
मच्छाहाराजोगो अच्चंतं वाहिपरिभूओ ।।५८९।।४०।।
आयण्णिय णिहि सुयबलिदाणाओ तप्फलो पउत्तविही ।
अफलो तदण्णगहिओ विण्णाओ णयरराईहिं ।।५९०।।४१।।
तत्तो उच्छुब्भंतो बहुजणधिक्कारिओ वसणहीणो ।
दिट्ठो कोइ दरिद्दो पडिसेहो पंचमम्मि तहा ।।५९१।।४२।।
पत्ताइं तओ एवं संविग्गाइं पडिस्सयसमीवं ।
तत्थवि य वइससमिणं दिट्ठं एएहिं सहसत्ति ।।५९२।।४३।।

राईए भुंजंतो मंडगमाइंगणेहिं कोइ णरो ।
विच्चुं छोढूण मुहे अदिट्ठगं विद्धओ तेण ।।५९३।।४४।।
विंतरजाइविसाओ उस्सूणमुहो महावसणपत्तो ।
तेगिच्छगपरियरिओ पउत्तचित्तोसहविहाणो ।।५९४।।४५।।
उव्वेलंतो बहुसो सगग्गयं विरसमारसंतो य ।
हा दुट्ठमिणं पावं जाओ छट्ठम्मि पडिसेहो ।।५९५।।४६।।
एसो य मए गहिओ पायं धम्मो तओ य ते आहु ।
पालेज्जसि जत्तेण पेच्छामो तह य तं वइणिं ।।५९६।।४७।।
गमणं चिइवंदण गणिणिसाहणं तीए उचियपडिवत्ती ।
दंसण तोसो धम्मकह पुच्छणा कहणमेवं च ।।५९७।।४८।।
को धम्मो जीवदया, किं सोक्खमरोग्गया उ जीवस्स ।
को णेहो सब्भावो, किं पंडिच्चं परिच्छेओ ।।५९८।।
किं विसमं कज्जगती, किं लद्धं जं जणो गुणग्गाही ।
किं सुहगेज्झं सुयणो, किं दुग्गेज्झं खलो लोओ ।।५९९।।
एमादिपुच्छवागरणतो तहा भद्दयाणि जायाणि ।
जइ तीए धम्मविग्घं पायं सुविणेऽवि ण करेंति ।।६००।।

**અન્વયાર્થ :-**

सिरिउरणगरे=શ્રીપુર નગરમાં, सिरिमई णामेण णंदणधूया=શ્રીમતી નામની વણિક પુત્રી, सड्ढी=શ્રાવિકા= જિનશાસનમાં શ્રદ્ધાવાળી શ્રાવિકા હતી. पुरोहियसुय य सोमा=અને પુરોહિતપુત્રી સોમા, तीए सहिया संजाया=તેની બહેનપણી હતી.

❖ 'त्ति' પાદપૂર્તિ અર્થે છે.

कालेण=કાળે કરીને, पीइवुड्ढी=પ્રીતિમાં વૃદ્ધિ=તે બંનેની પ્રીતિ વૃદ્ધિ પામી. धम्मविचारम्मि तीए संबोही=ધર્મવિચારમાં રત એવી તેને સંબોધિ=પ્રતિદિન ધર્મકથામાં રત એવી સોમાને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ, वयगहणेच्छ=વ્રતગ્રહણની ઈચ્છા=સોમાને શ્રાવકજનને યોગ્ય વ્રતગ્રહણ કરવાની ઈચ્છા થઈ. परिच्छा=પરીક્ષા=શ્રીમતીએ તેની પરીક્ષા કરી. झुंटणवणिएण दिट्ठंतो=(પરીક્ષામાં) ઝુંટણવણિકનું દૃષ્ટાંત આપ્યું.

ઝુંટણવણિકનું દૃષ્ટાંત આ પ્રમાણે છે –

अंगतिया=અંગદિકા નામની નગરી, धणसेठ्ठी=ધન નામનો શ્રેષ્ઠી, सामिउरे संखसेट्ठि=શંખપુરથી શંખશ્રેષ્ઠી (આવ્યો.), दढपीई=દૃઢ પ્રીતિ=ધન અને શંખને વ્યાપારથી દૃઢ પ્રીતિ થઈ. तीए वुड्ढिणिमित्तं=તેની વૃદ્ધિ નિમિત્ત=પ્રીતિની વૃદ્ધિ નિમિત્તે, अजायवच्चाण तह दाणं=નહીં જન્મેલા બાળકોનાં તે પ્રકારે દાન=બંનેને સંતાનનો જન્મ ન થયો હોવા છતાં વરણકરણરૂપ પુત્ર-પુત્રીની લેતી-દેતીનો નિશ્ચય થયો.

धणपुत्त=ધનને પુત્ર થયો, संखधूया=શંખને પુત્રી થઈ, विवाह=બંનેનો વિવાહ થયો, भोगा=ભોગો ભોગવવા લાગ્યાં. कहिंचिदारिद्दं=કોઈક રીતે દારિદ્ર્ય ઉત્પન્ન થયું, पत्तीभणणं=પત્નીએ (પતિને) કહ્યું – गच्छसु ससुरगिहं='તમે (તમારા) શ્વસુરગૃહે જાઓ, मग्ग झुंटणगं=એક ઝુંટણક પશુવિશેષ માંગી લાવો.'

साणागिई तओ खलु=તે શ્વાનાકૃતિવાળો છે=ઝુંટણક નામનો પશુવિશેષ કૂતરા જેવા આકારવાળો છે. कंबलरयणं च तस्स रोमेहिं जायइ छम्मासाओ=છ મહિના સુધીમાં તેના વાળમાંથી રત્નકંબલ તૈયાર થાય છે. कत्तामि अहं महामोल्लं=હું કાંતીને મહામૂલ્યવાળો રત્નકંબલ તૈયાર કરીશ.

सो पुण उस्संघट्टो ण मेल्लियव्वो सयावि=વળી, તે પશુને શરીરના સંઘટ્ટાથી ક્યારેય (રાત્રે કે દિવસે) પણ છૂટો ન મૂકવો; मरइत्ति=કેમ કે (તેમ કરવાથી) તે મરણ પામે છે, हसिहिइ मोक्खो लोगो= મૂર્ખલોક હાંસી કરશે, कज्जओ सो ण गणेयव्वो=કાર્યને લક્ષમાં રાખીને તે હાંસીને ન ગણકારવું.

पडिवण्णमिणं तेणं=તેના પતિએ તેની વાતનો સ્વીકાર કર્યો. गओ य लद्धो य सो=તે શ્વસુરગૃહે ગયો અને ઝુંટણક પ્રાપ્ત કર્યું, तओ नवरं अप्पाहिओ य बहुसो तेहिंवि=શ્વસુરગૃહમાંથી પાછા નીકળતા તેઓ વડે પણ ઘણી વખત ફક્ત આ જ શિખામણ અપાઈ, तह लोगहसणम्मि=કે 'લોકો હસશે'='ઝુંટણકને લઈને જતા તને જોઈને લોકો વારંવાર હસશે.'

आगच्छंतो य तओ=અને ત્યાંથી પાછો ફરતો=શ્વસુરગૃહેથી ઝુંટણક લઈને પોતાના ઘરે પાછો ફરતો એવો, हसिज्जमाणो=હાંસી કરાતો, कहिंचि संपत्तो=કોઈક રીતે સંપ્રાપ્ત થયેલો=કોઈક રીતે લજ્જાને કારણે લાવવાના મંદ ઉત્સાહવાળો થયેલો, णियपुरबाहिं मुक्को आरामे=પોતાના નગરની બહાર ઉદ્યાનમાં મુક્ત કરાયો=તેના વડે અંગદિક નગરની બહાર ઉદ્યાનમાં ઝુંટણક મુક્ત કરાયો, तह पविट्ठो उ=અને તેવો પ્રવેશ્યો=પશુ લીધા વિનાનો ખાલી હાથે પોતાના ઘરે પ્રવેશ્યો.

भणिओ तीए=તેણીએ પૂછ્યું=પત્નીએ તેને પૂછ્યું – कहिं सो='તે ક્યાં છે ?'='ઝુંટણક ક્યાં છે ?' (તેણે કહ્યું –) मुक्को बाहिम्मि='નગરની બહાર મૂક્યો છે.' (તે બોલી –) हंत भव्वोसि=ખરેખર તું બહાદુર (મૂર્ખ) છે, मयगो सो=તે મરી ગયો હશે=આટલીવારમાં તો તે ઝુંટણક મરી ગયો હશે, थेवफलं=થોડું ફળ મળશે=એટલીવારમાં પણ છૂટો પાડવાથી જે રત્નકંબલ તૈયાર થશે તે અલ્પમૂલ્યવાળું તૈયાર થશે. ण य लाभो तह उ एयस्स=અને આનો એવો લાભ નહીં મળે=પૂર્વે જેવો લાભ મળવાનો હતો તેવો વધુ લાભ નહીં મળે.

झुंटणतुल्लो=ઝુંટણ નામના પ્રસ્તુત પશુસદૃશ, सुद्धो=શુદ્ધ=પારમાર્થિક, धम्मो=ધર્મ છે. एयम्मि=આમાં=

**ધર્મમાં, इणं=આ=ઝુંટણકગત ઉદાહરણ, सव्वं=સર્વ=અશેષ, णियबुद्धीए जोइयव्वं=નિજબુદ્ધિથી યોજન કરવું.**

કેવી રીતે યોજન કરવું ? એથી કહે છે –

**असुहसुहफलत्तमाईहिं=અશુભ અને શુભફળપણા આદિથી=અશુભ-શુભફળપણાથી અને દુર્લભ-અદુર્લભત્વપણાથી યોજન કરવું.**

**ઝુંટણકના દૃષ્ટાંતનું ધર્મની સાથે કેવી રીતે યોજન છે તે ટીકાકારશ્રીની ટીકાના આધારે આ પ્રમાણે છે.**

**एरिसयाणं=આના સમાન જીવોને=ઝુંટણ વણિક સમાન પુરુષોને, एसो=આ=ધર્મ, ण दायव्वो=ન આપવો જોઈએ.**

શા માટે ન આપવો ? તે કહે છે –

**तेसिमेव उ हियट्ठा=તેઓના હિત અર્થે જ (ધર્મ ન આપવો જોઈએ)=ધર્મને ગ્રહણ કરવા ઉપસ્થિત થયેલા લોકોના હિત માટે જ તેઓને ધર્મ ન આપવો જોઈએ. गाढगिलाणाईणं णेहाइजुओ व आहारो=જેમ ગાઢ માંદગીમાં સ્નેહાદિયુક્ત આહાર=પ્રબળ જ્વરાદિ રોગોથી પીડાતા જીવોને જેમ ઘી-ગોળથી મિશ્રિત મિષ્ટાન્ન આદિ આહાર વધારે નુકસાન કરે છે તેમ મોહરૂપી જ્વરવાળા જીવોને ધર્મરૂપી ઉત્તમ આહાર વધારે નુકસાન કરે છે.**

**सोमाह=સોમા કહે છે. णेरिसच्चिय सव्वे पाणी हवंति णियमेण=‘નિયમથી બધા જીવો આના જેવા અર્થાત્ ઝુંટણવણિક જેવા હોતા નથી. हु=જે કારણથી, अण्णे बुद्धिजुयावि=અન્ય કેટલાક બુદ્ધિશાળી પણ હોય છે, गोव्वरवणिएण दिट्ठंतो=ગોબરવણિકનું દૃષ્ટાંત છે.’**

**वीसउरीए=વિશ્વપુરી નગરીમાં, पयडो दत्तो णइत्तगो=દત્ત નામનો પ્રસિદ્ધ વહાણવટી હતો. अह कहंचि कालेणं दारिद्दं=હવે કેટલાક કાળ ગયા પછી તે ગરીબ થયો, अप्पाहियसरणं=શિખામણનું સ્મરણ=પરલોક જતી વખતે (મરણ વખતે) પિતાએ આપેલી શિખામણનું તેને સ્મરણ થયું.**

**પિતાજીએ આપેલી શિખામણને જ બતાવે છે.**

**अब्भिज्जे=અભેદ્યમાં=અભેદ્ય એવા મંજૂષા આદિ સ્થાનમાં.**

**तंबगकरंडिपट्टग=તાંબાની કરંડીમાં પટ્ટક છે. गोयमदीवम्मि कज्जबुज्झणया=ગૌતમદ્વીપવિશેષમાં જ ઉકરડાનો કચરો ઠાલવવો, रयणतणचारिगोदंसणं=રત્નઘાસ ચરનારી ગાયનું (ત્યાં) દર્શન થશે, तओ गोव्वरे रयणा=પછી તેના છાણમાં રત્નો હશે. (એવું પટ્ટકમાં લખ્યું છે.)**

**णाऊणमिणं पच्छा=આ જાણીને પછી=પટ્ટકમાં લખેલી હકીકતને જાણીને પછી, नगरीए एवमाह सव्वत्थ=નગરીમાં સર્વત્ર આ પ્રમાણે કહે છે. बुद्धत्थि णत्थि विहवो=‘મારી પાસે બુદ્ધિ છે, ધન નથી.’ गहोवि=ગ્રહિત થયેલો પણ=‘આ ગ્રહિત થયો છે’ એમ માનીને લોકોએ તેની ઉપેક્ષા કરી. रण्णा सुयं**

एयं=રાજાએ આ સાંભળ્યું=આ હકીકત રાજાએ સાંભળી.

सद्दाविऊण भणिओ=બોલાવીને કહ્યું=રાજાએ તે ગોબરવણિકને બોલાવીને કહ્યું. गेण्हह विहवत्ति='મારી પાસેથી ધન લઈ જા.' लक्खगहणं तु=એક લાખ દીનાર ગ્રહણ કર્યા. तद्दीवण्णूणिज्जामग=પછી તેણે ગૌતમદ્વીપને જાણનારા ખલાસીને શોધ્યો. वहणभरणं कयवरस्स=કચરાથી વહાણ ભર્યું.

एवं च हसइ लोगो=અને આ પ્રમાણે તેણે કર્યું ત્યારે લોક હસ્યો. ('અહો ! ગ્રહથી ગ્રહણ કરાયેલાની આ પ્રવૃત્તિ તો જુઓ.') गमणं=ગમન=તે દ્વીપમાં ગયો. तह कज्जवुज्झणं चेव=અને ત્યાં કચરો ઠાલવ્યો. गावीदंसण=ગાયનું દર્શન થયું. गोमयभरणं वहणाण अच्चत्थं=અને વહાણોને ગાયના છાણથી અત્યંત ભર્યાં.

आगमणं=પોતાના નગરે તે પાછો ફર્યો, रायदंसणं=રાજાને મળ્યો, आणीयं किंति=(રાજાએ પૂછ્યું.) 'તું શું લાવ્યો ?=ગૌતમદ્વીપથી તું કાંઈ લાવ્યો છે ?' गोव्वरो देव!=(તેણે કહ્યું –) 'હે દેવ ! ગોબર લાવ્યો છું.' उस्सुक्कं तुह भंडं=(રાજાએ કહ્યું –) 'તારો કર માફ કર્યો છે.' पसाय=(તેણે કહ્યું –) 'આપની કૃપા છે.' हसणं=લોક તેના પર હસ્યો. पवेसणया=પ્રવેશ=સ્વગૃહે ગોબરના કોથળા લઈને પ્રવેશ્યો.

अग्गीजालण=અગ્નિ બાળ્યો=સમયે છાણાના પિંડને બાળ્યો. रयणा=રત્નો પ્રગટ થયાં. विक्कय परिभोग=વેચીને પરિભોગ=રત્નોને વેચીને અન્નાદિ પરિભોગની પ્રાપ્તિ થઈ. लोगपूजत्तं=લોકમાં પૂજ્યત્વ પ્રાપ્ત કર્યું. तहणिच्छयओ पत्तं एएणं भव्वसत्तेणं=તે પ્રકારે નિશ્ચયથી એ ભવ્યસત્ત્વ વડે પ્રાપ્ત કરાયું=લોકના ઉપહાસની અવગણના કરીને કાર્યમાં તેને જે શ્રદ્ધા હતી તેનાથી તે કલ્યાણયોગ્ય જીવે કલ્યાણ પ્રાપ્ત કર્યું.

पट्टगसरिसी आणा=પટ્ટકસમાન ભગવાનની આજ્ઞા છે. एमाइ=આ વગેરે=પૂર્વમાં વર્ણન કર્યું એ વગેરે, इहंपि=અહીં પણ=ધર્મના વિષયમાં પણ, णियबुद्धीए=પોતાની બુદ્ધિથી, जाणएणं=ઉદાહરણથી, जहाविसयं णीसेसं=યથાવિષય યથાયોગ્ય સર્વ, जोइयव्वं तु=ઘટાવવું જોઈએ.

परहिउज्जएणेह=પરહિતમાં ઉદ્યત થયેલા ગુરુ વડે અહીં જગતમાં, एरिसयाणं=આવાને=ગોબરવણિક સમાન જીવોને, धम्मो दायव्वो=ધર્મ આપવો જોઈએ. इहरा=ઈતરથા=આવા યોગ્ય જીવોને ધર્મ આપવામાં ન આવે તો, अप्पंभरित्तं तमणुचियं ईसराणंव=ધનાઢ્યોની જેમ માત્ર પોતાનું પેટ ભરવું એ મોટા માણસોને અનુચિત છે.

साहिऊणं वृत्ततं=વૃત્તાંતને કહીને='મારે વ્રતદાન કલ્પતું નથી પરંતુ પ્રવર્તિનીને વ્રતદાન કલ્પે છે' એમ કહીને, णीया वइणिसमीवं पडिस्सयं=ઉપાશ્રયમાં સાધ્વી પાસે લઈ જવાઈ=આ પ્રમાણે સોમાના અભિપ્રાયને જાણીને શ્રીમતી વડે સોમા સાધ્વીની પાસે લઈ જવાઈ. तत्थवि=ત્યાં પણ=ઉપાશ્રયમાં પણ, पवित्तिणीए=પ્રવર્તિનીએ, जहाविहिं चेव दिट्ठत्ति=યથાવિધિ જ જોવાઈ=ઉચિત સંભાષણાદિ વિધિથી જ પ્રવર્તિની વડે સોમાની પરીક્ષા કરાઈ.

दाणाइभेयभिण्णो चउव्विहो धम्मो कहिओ तीए=તેણીને દાનાદિ ભેદયુક્ત ચાર પ્રકારનો ધર્મ કહ્યો.

कम्मोवसमेण तहा सोमाण परिणओ चेव=અને કર્મના ઉપશમથી સોમાને ધર્મ તે પ્રકારે જ પરિણત થયો.

विहिणाणुव्वयगहणं पालणं=વિધિથી તેણે અણુવ્રતનું ગ્રહણ કર્યું અને પાલન કર્યું. अप्पत्तियं गुरुजणस्स=વડીલવર્ગને અપ્રીતિ થઈ. छड्डेह इमं धम्मं=(વડીલોએ તેને કહ્યું —) 'તું આ ધર્મને છોડ.' गुरुमूले तेसिं तहिं णयणं=(તેણે કહ્યું —) 'મેં ગુરુ પાસે ધર્મ સ્વીકાર્યો છે તેથી તેમની પાસે જ છોડીશ.'

कुसलाए चिंतियमिणं=કુશળ સોમાએ આ વિચાર્યું — संमुहवयणं गुरूण न हु जुत्तं='વડીલને પ્રત્યુત્તરદાન આપવાયોગ્ય નથી. तत्थवि पवित्तिणीदंसणेणमेयाणावि य बोही=અને ત્યાં ઉપાશ્રયમાં પ્રવર્તિનીના દર્શનથી આમને પણ અર્થાત્ માતા-પિતાને પણ બોધિની પ્રાપ્તિ થશે.'

गच्छंतेहि य दिट्ठं वणियगिहे वइससं महाघोरं=જતાં તેઓએ વણિકના ઘરે મહાઘોર અણઘટતો બનાવ જોયો.

તે બનાવ શું છે ? તે કહે છે —

हिंसाअणिवित्तीए वियंभियं कुलविणासकरं=હિંસાની અનિવૃત્તિથી તેના કુળનો વિનાશ કરનારો પ્રસંગ બન્યો.

दुस्सीलगारि भियगे लग्गा=દુઃશીલ ગૃહિણી નોકર ઉપર આસક્ત થઈ. सुयघायणंति संगारो='પુત્રનો ઘાત કરવો' એ પ્રમાણે સંકેત=તે ગૃહિણીએ 'તારે પુત્રને મારી નાખવો' એ પ્રમાણે નોકરને સંકેત કર્યો. पेसण=મોકલ્યા=તેણીએ પુત્ર અને નોકર બંનેને સાથે ગામમાં મોકલ્યા. सुएण तग्घायणं=પુત્ર વડે તે ચાકરનો ઘાત કરાયો. तओ केवलागमणं=પછી પુત્ર એકલો ઘરે પરત આવ્યો.

तीएवि तस्स वहणं सिलाए=તેણીએ પણ શિલાના ઘાતથી તેનો અર્થાત્ પુત્રનો વધ કર્યો. वहुयाए तीए असिएणं=તેની પુત્રવધૂએ તેને અર્થાત્ સાસુને છરીથી મારી નાખી. धूयाए णिव्वेओ=પુત્રીને નિર્વેદ થયો, हा किं एयंति बोलो य='અરર ! આ શું થયું ?' એમ કોલાહલ થયો.

लोगमिलम्मि वयणं=લોક ભેગો થયો ત્યારે પૂછ્યું — तएवि किण्णेस घाइया='તેં કેમ માતાનો ઘાત કરનાર સ્ત્રીને ન મારી ?' साह=તેણીએ કહ્યું — हिंसाए नियत्ता हं='મેં હિંસાની નિવૃત્તિ લીધી છે.' (લોકોએ કહ્યું —) एयऽणिवित्ती अहो पावा='હિંસાની અનિવૃત્તિનું આ પાપ છે.'

तीए भणिया य गुरू=તેણીએ અર્થાત્ સોમાએ વડીલોને કહ્યું — मएवि एगं वयं इमं गहियं ता किं मोत्तव्वमिणं='મેં પણ એક વ્રતનું અર્થાત્ હિંસાવિરમણવ્રતનું ગ્રહણ કર્યું છે તો શું મારે આને છોડી દેવો ?' ते आहु=તેઓએ કહ્યું — ण अच्छउ इमंति='ના તારે વ્રતનો ત્યાગ ન કરવો, હમણાં વ્રતનું પાલન કર.'

एवं=આ પ્રમાણે=જેમ માર્ગમાં જતાં સોમાનાં માતા-પિતાએ કુટુંબમાં મારી જોઈ એ પ્રમાણે, विणट्ठवहणो मंदो=વિનષ્ટ વહાણવાળો મંદ થયેલો=ભાંગી ગયેલા વહાણવાળો એવો દ્વીપાંતરમાં દુઃખી થયેલો કોઈક સૌદાગર, भियगेण सुट्ठु पडियरिओ=ચાકર વડે સારી રીતે સેવા કરાયો. धूयादाया वणिओ=વણિકે (ખુશ થઈને ચાકરને) પોતાની પુત્રી આપી. जीवगभिण्णेहिं विण्णेओ=(ચાકરે કહ્યું—) 'વિવાદમાં

જીવક પક્ષી સાક્ષી જાણવો=કોઈક કારણથી આ વાતમાં તમે ખોટું બોલો તો આ જીવક નામનાં પક્ષીઓ સાક્ષી થશે.'

महिलाइवस विलोट्टो=સ્ત્રી આદિના વશથી પલટાઈ ગયો=ઘરે પાછો આવેલો વણિક સ્ત્રી આદિના વશથી પુત્રીદાનના વચનમાં પલટાઈ ગયો એટલે વિવાદ થયો. रण्णो सिट्ठोत्ति=રાજાને (ચાકરે પુત્રીદાનનો વ્યવહાર) જણાવ્યો. पक्खिसक्खिज्जे=(ચાકરે કહ્યું –) 'પક્ષીઓ સાક્ષી છે', गंतूणं ते आणिय=ચાકર જઈને પક્ષીઓ લઈ આવ્યો. विह्मिय=રાજાને વિસ્મય થયું, विरलंति=વિરલ કરાયે છતે=અન્ય સ્વજનાદિને દૂર કરાયે છતે, पुच्छाए=પક્ષીઓને પૃચ્છા કરી.

कत्थ=(પક્ષીઓને પૂછ્યું –) 'ક્યાં ?'='તમે કેવી રીતે સાક્ષી છો ?' छगणम्मि किमिदंसणेण=છાણામાં કૃમિદર્શન વડે=પક્ષીઓએ આજુબાજુ રહેલા અને સ્વયં જ પ્રયોજનને જોતા લોકોની સમક્ષ ભોજન માટે છાણામાં નાખેલા કૃમિઓને ચાંચના અગ્રભાગથી ઉપાડીને બતાવવા દ્વારા સાક્ષી કરી. कह=કેવી રીતે સાક્ષી કરી ? एरिसेहिं कम्मेहिं=આવા પ્રકારનાં કર્મોથી=ખોટું બોલવારૂપ આવા પ્રકારનાં કર્મોથી આવા પ્રકારના કીડારૂપે ઉત્પન્ન થવું પડે છે. धाडिय धिक्कारहओ दिट्ठो=ધિક્કારપૂર્વક તિરસ્કાર કરાયેલો સૌદાગર સોમાના સ્વજન લોક વડે જોવાયો. बिइए वि य णिसेहो=અને (સોમાને) બીજા વ્રતના ત્યાગનો પણ નિષેધ કર્યો.

एवं चिय=આ પ્રમાણે જ, ण्हाउल्लो तिलतेणो=સ્નાનથી ભીના શરીરવાળો તલચોર, कहवि हट्टसंवट्टो= કોઈક રીતે દુકાન પાસે ગયો. गोपिल्लिय तिलपडिओ=ગાયની અડફેટથી તલના ઢગલામાં પડ્યો. तेहिं समं तह गओ गेहं=ચોંટેલા તલની સાથે જ તે ઘરે ગયો.

जणणीए=માતાએ, पक्खोडिय=તલને ખંખેરીને, लोइय=ફોતરાં કાઢીને, पडिदिण्णखद्धमोरंडो=લાડુ બનાવીને તેને ખાવા આપ્યા. तत्तो तम्मि वलग्गो=લાડુના ભક્ષણથી તલની ચોરીમાં લાગ્યો. तहा पुणो=ફરી તે પ્રમાણે=શરીરને ભીનું કરીને તલના ઢગલામાં પડીને વારંવાર તલ લાવે એ પ્રમાણે, हरियतिलणियरो=હરણ કરાયેલા તલના ઢગલાવાળો થયો.

एवं चिय=આ પ્રમાણે જ, सेसम्मिवि=શેષમાં પણ=તલની જેમ જ અન્ય વસ્ત્રાદિકમાં પણ ચોરી કરવા લાગ્યો. गहिओ=(રાજપુરુષો વડે) ગ્રહણ કરાયો. जणणीए खद्धथणखंडो=પછી માતાના સ્તનનું ભક્ષણ કર્યું. पलिच्छिण्णगोत्ति दिट्ठो=હાથ-પગ કપાયેલા જોયો=પછી જેના હાથ-પગ કપાયેલા છે તેવા તે તલચોરને સોમાનાં માતા-પિતાએ જોયો, णिवारणा णवर तइएवि=ત્રીજા વ્રતને પણ છોડવાનો નિષેધ કર્યો.

एवं=આ પ્રમાણે, दुस्सीला महापावा=દુઃશીલ મહાપાપી એવી સ્ત્રી, मोहओ=મોહથી=કામના ઉન્માદથી, घोडगगलिया=અશ્વરક્ષક પુરુષ ઉપર આસક્ત થઈ. विणिवाइयभत्तारा=પતિને મારી નાંખીને, घोरा=ઘોર રૌદ્ર સ્વભાવવાળી તે સ્ત્રી, परिट्ठविंती=(મરેલા પતિના દેહને) પરઠવવા ગઈ.

देवयजोइयपिडिया=દેવતાએ પેટી જડી દીધી=મરાયેલા પતિના ક્લેવરથી ભરેલી પેટી દેવતાએ તેના

મસ્તક સાથે જડી દીધી. गलंतवसरुहिरभरियथणवट्टा=પેટીમાંથી ગળતાં ચરબી અને લોહીથી સ્તન પર ખરડાઈ. अंधा पलायमाणी=વન તરફ જતી એવી તે આંધળી થઈ, णियत्तमाणी य सज्जक्खा=અને નગર તરફ પાછી ફરતી તે સજ્જ આંખોવાળી થઈ.

डिंभगवंदपरिगया खिंसिज्जंती जणेण=બાળકોના ટોળાથી વીંટાયેલી જાતિ પ્રગટ કરવા દ્વારા લોકો વડે હીલના કરાતી, रोवंती=કરુણ સ્વરથી રડતી, धिज्जाइगिणी दिट्ठा=ધિક્જાતીય જોવાઈ=એવી તે બ્રાહ્મણ સ્ત્રી સોમાનાં માતા-પિતા વડે જોવાઈ. एवं च चउत्थपडिसेहो=અને આ પ્રમાણે ચોથા વ્રતના ત્યાગનો નિષેધ કરાયો.

एवं=આ પ્રમાણે, असंतोसाओ=લોભના ઉદ્રેકરૂપ અસંતોષથી, विवण्णवहणो=જેનું વહાણ ભાંગી ગયું છે એવો એક વણિક, कहिंचि उत्तिण्णो=કોઈક રીતે સમુદ્રમાંથી નીકળેલો, मच्छाहाराजोगो अच्चंतं वाहिपरिभूओ=માછલાના આહારથી કોઢ નામના રોગથી અત્યંત પીડાયો.

आयण्णिय=પછી તેણે સાંભળ્યું કે, सुयबलिदाणाओ तप्फलो णिहि='પુત્રની બલિના દાનથી તેના ફળરૂપે નિધિની પ્રાપ્તિ થાય છે.' पउत्तविही=વિધિમાં પ્રવૃત્ત થયો=તે પ્રમાણે પુત્રના બલિના દાનની વિધિમાં પ્રવૃત થયો, अफलो=નિષ્ફળ ગયો, तदण्णगहिओ=અન્યએ ગ્રહણ કર્યો=તેણે પુત્રના બલિનું દાન કર્યું તે પહેલાં જ કોઈ અન્યએ નિધિને ગ્રહણ કર્યો. णयररराईहिं विण्णाओ=નગરરક્ષકોને જાણ થઈ=નગરના રક્ષકોને ખબર પડી કે 'વણિકે નિધિને પ્રાપ્ત કરવા પુત્રના બલિનું દાન કર્યું છે.'

तत्तो=પછી, बहुजणधिक्कारिओ=ઘણા લોકો વડે ધિક્કારાતો, उच्छुब्भंतो=નિંદાતો, वसणहीणो=નગ્ન, कोई दरिद्दो=કોઈ દરિદ્ર પુરુષ, दिट्ठो=જોવાયો=સોમાનાં માતા-પિતા વડે જોવાયો. पडिसेहो पंचमम्मि तहा=તે પ્રમાણે અર્થાત્ પૂર્વની જેમ, પાંચમા વ્રતના ત્યાગનો નિષેધ કર્યો.

तओ=ત્યારપછી, एवं=આ પ્રમાણે, संविग्गाइं पत्ताइं=સંવિગ્ન પ્રાપ્ત થયું=સોમાનાં માતા-પિતાને સંવેગ થયો. पडिस्सयसमीवं=ઉપાશ્રયે ગણિની પાસે આવ્યાં. तत्थवि य=અને ત્યાં પણ, एएहिं=એમના વડે=સોમાનાં માતા-પિતા વડે, वइससमिणं=કાંઈક અણઘટતું, सहसत्ति दिट्ठं=સહસા જોવાયું.

राईए=રાત્રિમાં, मंडगमाइंगणेहिं भुंजंतो कोई णरो=ખાખરા અને રીંગણાના શાકથી ભોજન કરતા કોઈક પુરુષે, अदिट्ठगं=અજાણતાં, विच्चुं मुहे छोढूण=વીંછીને મુખમાં નાખ્યો, तेण विद्धओ=તેના વડે ડંખ દેવાયો=વીંછીએ તેને તાળવામાં ડંખ માર્યો.

विंतरजाइविसाओ=વીંછીનું વ્યંતરજાતિનું વિષપણું હોવાથી, उस्सूणमुहो महावसणपत्तो=સોજી ગયેલા મુખવાળો થયો તેથી મહાવ્યથાને પામ્યો. तेगिच्छगपरियरिओ=વૈદ્યસમૂહ વડે ઘેરાયેલો, पउत्तचित्तोसहविहाणो= વિચિત્ર પ્રકારનાં ઔષધોથી ચિકિત્સા કરાયો.

उव्वेलंतो=કરાયેલા અંગભંગવાળો, बहुसो सगग्गयं विरसमारसंतो य=વારંવાર ડૂસકાં ભરી ભરીને વિરસવાળો બૂમો પાડતો (સોમાનાં માતા-પિતા વડે જોવાયો.) हा दुट्ठमिणं पावं='અહોહો ! આ રાત્રિભોજનનું પાપ દુષ્ટ છે' (એમ માનતાં સોમાનાં માતા-પિતાએ), छट्ठम्मि पडिसेहो जाओ=છઠ્ઠા

રાત્રિભોજનવ્રતના ત્યાગનો નિષેધ કર્યો.

एसो य मए गहिओ पायं धम्मो=(સોમાએ કહ્યું –) 'પ્રાયઃ આ ધર્મ મારા વડે સ્વીકારાયો છે' (પ્રાયઃથી બીજા પણ કેટલાક નિયમવિશેષોનો સ્વીકાર કર્યો છે), तओ य ते आहु=અને પછી સોમાનાં માતા-પિતાએ કહ્યું – पालेज्जसि जत्तेण='તું પ્રયત્નપૂર્વક વ્રત પાળજે.' तह य तं वइणिं पेच्छामो='અને તને ગુરુરૂપે માન્ય પ્રવર્તિનીને અમે મળીએ.'

गमणं=ગમન=પછી તેઓ ઉપાશ્રયે ગયાં, चिइवंदण=ચૈત્યવંદન=ત્યાં નજીક રહેલ શય્યાતરના ઘરના ચૈત્યમાં રહેલી પ્રતિમા સમક્ષ ચૈત્યવંદન કર્યું. गणिणिसाहणं=ગણિનીને કહ્યું=સોમાએ ગણિનીને કહ્યું કે 'આ મારાં માતા-પિતા છે', तीए उचियपडिवत्ती=તેણી વડે ઉચિત પ્રતિપત્તિ=તે ગણિની વડે અપૂર્વ ભાષણથી દેશના કરાઈ. दंसण तोसो=તેમના દર્શનથી માતા-પિતાને સંતોષ થયો, धम्मकहा=તેણીએ ધર્મકથા કરી. पुच्छणा=(તેઓએ તેણીને કેટલાક પ્રશ્નો) પૂછ્યા. कहणमेवं च=અને ગણિનીએ આ પ્રમાણે ઉત્તરો આપ્યા. (જે આગળમાં બતાવે છે.)

(પ્રશ્ન) को धम्मो=ધર્મ શું છે ? (ઉત્તર) जीवदया=જીવદયા (ધર્મ છે.) (પ્રશ્ન) किं सोक्खं=સુખ શું છે ? (ઉત્તર) आरोग्गया उ जीवस्स=જીવનું આરોગ્ય જ સુખ છે. (પ્રશ્ન) को णेहो=સ્નેહ શું છે=જીવને પોતાના ઉપર સ્નેહ શું છે ? (ઉત્તર) सब्भावो=સદ્ભાવ=પોતાના આત્મા ઉપર સદ્ભાવ સ્નેહ છે. (પ્રશ્ન) किं पंडिच्चं=પાંડિત્ય શું છે ? (ઉત્તર) परिच्छेओ=બોધ=આત્માનો યથાર્થ બોધ એ પાંડિત્ય છે.

(પ્રશ્ન) किं विसमं=વિષમ શું છે ? (ઉત્તર) कज्जगती=કાર્યની ગતિ=અનુચિત પ્રવૃત્તિ વિષમ છે. (પ્રશ્ન) किं लद्धं=શું પ્રાપ્ત થયું ? (ઉત્તર) जं जणो गुणग्गाही=ગુણગ્રાહીજન જે પ્રાપ્ત કરે તે પ્રાપ્ત થયું. (પ્રશ્ન) किं सुहगेज्झं=સુખપૂર્વક પ્રાપ્તવ્ય શું છે ? (ઉત્તર) सुयणो=સુયત્ન=યથાયોગ્ય યત્ન. (પ્રશ્ન) किं दुग्गेज्झं=ખરાબ ગ્રહણ કરવા યોગ્ય શું છે ? (ઉત્તર) खलो लोओ=લોકમાં ખલ (ખરાબ છે.)

एमादिपुच्छवागरणतो=આ પ્રમાણે પુછાયેલા પ્રશ્નોના ઉત્તરો સાંભળવાથી, तहा भद्दयाणि जायाणि=(સોમાનાં માતા-પિતા) તેવાં ભદ્રક થયાં, जइ पायं सुविणेऽवि=જે પ્રમાણે પ્રાયઃ સ્વપ્નમાં પણ, तीए धम्मविग्घं ण करेंति=સોમાને ધર્મમાં વિઘ્નને કરતાં નથી. ॥૫૫૦થી ૬૦૦॥

ગાથાર્થ :-

**શ્રીપુર નગરમાં શ્રીમતી નામની વણિક પુત્રી શ્રાવિકા=જિનશાસનમાં શ્રદ્ધાવાળી શ્રાવિકા હતી, અને પુરોહિતપુત્રી સોમા તેની બહેનપણી હતી.**

❖ ત્તિ પાદપૂર્તિ અર્થે છે.

**કાળે કરીને પ્રીતિમાં વૃદ્ધિ=તે બંનેની પ્રીતિ વૃદ્ધિ પામી. ધર્મવિચારમાં રત એવી તેને સંબોધિ=પ્રતિદિન ધર્મકથામાં રત એવી સોમાને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ, વ્રતગ્રહણની ઈચ્છા=સોમાને શ્રાવકજનને યોગ્ય વ્રતગ્રહણ કરવાની ઈચ્છા થઈ. પરીક્ષા=શ્રીમતીએ તેની પરીક્ષા કરી. પરીક્ષામાં ઝુંટણવણિકનું દૃષ્ટાંત આપ્યું.**

ઝુંટણવણિકનું દૃષ્ટાંત આ પ્રમાણે છે –

**અંગદિકા નામની નગરી, ધન નામનો શ્રેષ્ઠી, શંખપુરથી શંખશ્રેષ્ઠી આવ્યો. દઢ પ્રીતિ=ધન અને શંખને વ્યાપારથી દઢ પ્રીતિ થઈ. તેની વૃદ્ધિ નિમિત્ત=પ્રીતિની વૃદ્ધિ નિમિત્તે, નહીં જન્મેલા બાળકોનાં તે પ્રકારે દાન=બંનેને સંતાનનો જન્મ ન થયો હોવા છતાં વરણકરણરૂપ પુત્ર-પુત્રીની લેતી-દેતીનો નિશ્ચય થયો.**

**ધનને પુત્ર થયો. શંખને પુત્રી થઈ. બંનેનો વિવાહ થયો. ભોગો ભોગવવા લાગ્યાં. કોઈક રીતે દારિદ્રય ઉત્પન્ન થયું. પત્નીએ પતિને કહ્યું – 'તમે તમારા શ્વસુરગૃહે જાઓ. એક ઝુંટણક પશુવિશેષ માંગી લાવો.'**

**તે શ્વાનાકૃતિવાળો છે=ઝુંટણક નામનો પશુવિશેષ કૂતરા જેવા આકારવાળો છે. છ મહિના સુધીમાં તેના વાળમાંથી રત્નકંબલ તૈયાર થાય છે. હું કાંતીને મહામૂલ્યવાળો રત્નકંબલ તૈયાર કરીશ.**

**વળી, તે પશુને શરીરના સંઘટ્ટાથી ક્યારેય રાત્રે કે દિવસે પણ છૂટો ન મૂકવો; કેમ કે તેમ કરવાથી તે મરણ પામે છે. મૂર્ખલોક હાંસી કરશે, કાર્યને લક્ષમાં રાખીને તે હાંસીને ન ગણકારવું.**

**તેના પતિએ તેની વાતનો સ્વીકાર કર્યો. તે શ્વસુરગૃહે ગયો અને ઝુંટણક પ્રાપ્ત કર્યું. શ્વસુરગૃહમાંથી પાછા નીકળતા તેઓ વડે પણ ઘણી વખત ફક્ત આ જ શિખામણ અપાઈ કે 'લોકો હસશે'='ઝુંટણકને લઈને જતા તને જોઈને લોકો વારંવાર હસશે.'**

**અને ત્યાંથી પાછો ફરતો=શ્વસુરગૃહેથી ઝુંટણક લઈને પોતાના ઘરે પાછો ફરતો એવો હાંસી કરાતો કોઈક રીતે સંપ્રાપ્ત થયેલો=કોઈક રીતે લજ્જાને કારણે લાવવાના મંદ ઉત્સાહવાળો થયેલો, પોતાના નગરની બહાર ઉદ્યાનમાં મુક્ત કરાયો=તેના વડે અંગદિક નગરની બહાર ઉદ્યાનમાં ઝુંટણક મુક્ત કરાયો, અને તેવો પ્રવેશ્યો=પશુ લીધા વિનાનો ખાલી હાથે પોતાના ઘરે પ્રવેશ્યો.**

**તેણીએ પૂછ્યું=પત્નીએ તેને પૂછ્યું – 'તે ક્યાં છે ?'='ઝુંટણક ક્યાં છે ?' તેણે કહ્યું – 'નગરની બહાર મૂક્યો છે.' તે બોલી – ખરેખર તું બહાદુર=મૂર્ખ છે. તે મરી ગયો હશે= આટલીવારમાં તો તે ઝુંટણક મરી ગયો હશે. થોડું ફળ મળશે=એટલીવારમાં પણ છૂટો પાડવાથી જે રત્નકંબલ તૈયાર થશે તે અલ્પમૂલ્યવાળું તૈયાર થશે. અને આનો એવો લાભ નહીં મળે=પૂર્વે જેવો લાભ મળવાનો હતો તેવો વધુ લાભ નહીં મળે.**

**ઝુંટણ નામના પ્રસ્તુત પશુસદશ શુદ્ધ=પારમાર્થિક, ધર્મ છે. આમાં=ધર્મમાં, આ=ઝુંટણગત ઉદાહરણ, સર્વ=અશેષ, નિજબુદ્ધિથી યોજન કરવું.**

કેવી રીતે યોજન કરવું ? એથી કહે છે –

**અશુભ અને શુભફળપણા આદિથી=અશુભ-શુભફળપણાથી અને દુર્લભ-અદુર્લભત્વપણાથી યોજન કરવું.**

ઝુંટણકના દૃષ્ટાંતનું ધર્મની સાથે કેવી રીતે યોજન છે તે ટીકાકારશ્રીની ટીકાના આધારે આ પ્રમાણે છે.

**આ કહેવાયેલું થાય છે=પ્રસ્તુત ગાથાથી કહેવાયેલું થાય છે – જેવા પ્રકારનો ધનપુત્ર છે તેવા પ્રકારનો આ ગુણથી દરિદ્ર સંસારી જીવ છે અને જે પ્રમાણે પત્નીના વચનના ઉત્સાહથી ઝુંટણક નામના પશુના લાભ માટે આ=ધનપુત્ર, શ્વસુરકુળમાં ગયો અને ત્યાં તેણે પ્રાપ્ત કર્યું એ રીતે મોહનીયના ક્ષયોપશમથી શ્વસુરકુળતુલ્ય ગુરુકુળ છે અર્થાત્ જેઓને તત્ત્વને જોનારી માર્ગાનુસારી ક્ષયોપશમની દૃષ્ટિ છે તેઓને તત્ત્વના પરમાર્થને બતાવનારા ભગવાનના શાસનના રહસ્યના દાયક એવા ગુણવાન ગુરુનું સાંનિધ્ય એ શ્વસુરકુળતુલ્ય છે અને તેવો જીવ ઝુંટણકતુલ્ય ધર્મને ગ્રહણ કરવા તેવા ગુરુ પાસે જાય છે અને ત્યાં=તે ગુરુ પાસેથી, તે મહાત્મા અત્યંત વિવેકપૂર્વકના તે ધર્મને પ્રાપ્ત કરે છે અર્થાત્ માત્ર વ્રતગ્રહણ કરતો નથી પરંતુ વિવેકી ગુરુ દ્વારા સમ્યક્ત્વપૂર્વક વ્રતોના પરિણામનું પારમાર્થિક સ્વરૂપ જે પ્રકારે બતાવ્યું તે પ્રકારે અવધારણ કરીને તે ભાવોમાં પારમાર્થિક યત્ન થાય તે સ્વરૂપે તે ધર્મને પ્રાપ્ત કરે છે. તેથી ઝુંટણકની જેમ પોતાના આત્મપ્રદેશો સાથે તે ધર્મ તે અંગાંગીભાવરૂપે ધારણ કરે છે અને જે પ્રમાણે તે ધનપુત્ર શિક્ષિત કરાયેલો પણ= 'આ ઝુંટણકને ક્યારેય પણ શરીરથી પૃથક્ મૂકીશ નહીં' એ પ્રમાણે શિક્ષિત કરાયેલો પણ, મંદભાગ્યપણાને કારણે લોકઉપહાસના ભયથી અંતરાલમાં જ સ્વશરીરથી તે ઝુંટણકને છૂટો મૂકી દે છે તે પ્રમાણે આ પણ જીવ=ગુણવાન ગુરુ પાસેથી ગુણસ્થાનકની પરિણતિરૂપ ધર્મને સ્વીકાર્યો છે તેવો આ પણ જીવ, દીર્ઘ સંસારીપણું હોવાને કારણે તેવા પ્રકારના લોક વડે અવિજ્ઞાતભાવના ભયથી અકૃતકાર્યવાળા જ લબ્ધ પણ ધર્મને મૂકી દે છે=ગુરુ પાસેથી જે પ્રકારે પ્રશમભાવની વૃદ્ધિ થાય તે પ્રકારે ધર્મને સેવવાનો બોધ કરેલો હોવાથી કેટલાક કાળ સુધી ઉપશમભાવની વૃદ્ધિ થાય તે પ્રકારે ધર્મ સેવે છે અને તેની તેવી ચેષ્ટા જોઈને તેના સહવર્તી અન્ય જીવો જેઓ બાહ્યથી ધર્મ કરતા હોય તોપણ તે પ્રકારે ઉપશમપ્રધાન ધર્મનું સેવન કરતા નથી તેવા લોકોને જ્ઞાન નથી કે આ જીવ ધર્મને કેમ અત્યંત આત્મસાત્પૂર્વક કરે છે જેથી તે તે અનુષ્ઠાનકાળમાં ધર્મીનું ચિત્ત પ્રશમભાવમાં વર્તે છે તેને જોઈને અન્ય જીવો પોતાના કરતાં તે ધર્મી જીવની ક્રિયાકાળમાં વર્તતી વિલક્ષણ પરિણતિને જોઈને તેનો ઉપહાસ કરે છે તેથી તેવા પ્રકારના લોકોના અવિજ્ઞાતભાવને કારણે કરાયેલા ઉપહાસના ભયથી સ્વીકારાયેલો ધર્મ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ બને તે પ્રકારે વિશિષ્ટ કાર્ય કરે નહીં તેના પૂર્વે જ તે દીર્ઘ સંસારી જીવો તે ધર્મની પ્રવૃત્તિને મૂકે છે અર્થાત્ તે મુગ્ધ જીવો વચ્ચે તે મુગ્ધ જીવો જેવી બાહ્ય ધર્મની પ્રવૃત્તિ કરે છે પરંતુ ઉપશમભાવની વૃદ્ધિ જેમાં સતત થતી હોય તે પ્રકારે દૃઢ પ્રણિધાનપૂર્વક ધર્મ કરતા નથી તેથી અતિચારબહુલ ધર્મ સેવીને દીર્ઘ સંસારમાં ભટકે છે જે પ્રમાણે આ ધનપુત્ર ઝુંટણકના પરિત્યાગમાં બહુ દુઃખી થાય છે તે પ્રમાણે આ=ધર્મને સ્વીકારનાર દીર્ઘ સંસારી જીવ, પ્રસ્તુત ધર્મના ત્યાગમાં બહુ દુઃખી થાય છે અને જે પ્રમાણે તેને=ધનપુત્રને, તે=ઝુંટણક, ફરી દુર્લભ થયો તે પ્રમાણે તેને= ધર્મને સ્વીકારનાર જીવને, મુક્ત થયેલો પ્રસ્તુત ધર્મ=સ્વીકાર્યા પછી લોકઉપહાસના ભયથી**

**ત્યાગ કરાયેલો પ્રસ્તુત ધર્મ, ઘણા ભવ સુધી દુર્લભ થાય છે.**

**આના સમાન જીવોને=ઝુંટણ વણિક સમાન પુરુષોને આ=ધર્મ, ન આપવો જોઈએ.**

શા માટે ન આપવો ? તે કહે છે –

**તેઓના હિત અર્થે જ ધર્મ ન આપવો જોઈએ=ધર્મને ગ્રહણ કરવા ઉપસ્થિત થયેલા લોકોના હિત માટે જ તેઓને ધર્મ ન આપવો જોઈએ. જેમ ગાઢ માંદગીમાં સ્નેહાદિયુક્ત આહાર=પ્રબળ જ્વરાદિ રોગોથી પીડાતા જીવોને જેમ ઘી-ગોળથી મિશ્રિત મિષ્ટાન્ન આદિ આહાર વધારે નુકસાન કરે છે તેમ મોહરૂપી જ્વરવાળા જીવોને ધર્મરૂપી ઉત્તમ આહાર વધારે નુકસાન કરે છે.**

**સોમા કહે છે – 'નિયમથી બધા જીવો આના જેવા અર્થાત્ ઝુંટણવણિક જેવા, હોતા નથી. જે કારણથી, અન્ય કેટલાક બુદ્ધિશાળી પણ હોય છે, ગોબરવણિકનું દૃષ્ટાંત છે.'**

**વિશ્વપુરી નગરીમાં દત્ત નામનો પ્રસિદ્ધ વહાણવટી હતો. હવે કેટલાક કાળ ગયા પછી તે ગરીબ થયો. શિખામણનું સ્મરણ=પરલોક જતી વખતે (મરણ વખતે) પિતાએ આપેલી શિખામણનું તેને સ્મરણ થયું.**

પિતાજીએ આપેલી શિખામણને જ બતાવે છે –

**અભેધમાં=અભેધ એવા મંજૂષા આદિ સ્થાનમાં.**

**તાંબાની કરંડીમાં પટ્ટક છે. ગૌતમદ્વીપવિશેષમાં જ ઉકરડાનો કચરો ઠાલવવો. રત્નઘાસ ચરનારી ગાયનું ત્યાં દર્શન થશે. પછી તેના છાણમાં રત્નો હશે. એવું પટ્ટકમાં લખ્યું છે.**

**આ જાણીને પછી=પટ્ટકમાં લખેલી હકીકતને જાણીને પછી નગરીમાં સર્વત્ર આ પ્રમાણે કહે છે. 'મારી પાસે બુદ્ધિ છે ધન નથી.' ગ્રહિત થયેલો પણ='આ ગ્રહિત થયો છે' એમ માનીને લોકોએ તેની ઉપેક્ષા કરી. રાજાએ આ સાંભળ્યું=આ હકીકત રાજાએ સાંભળી.**

**બોલાવીને કહ્યું=રાજાએ તે ગોબરવણિકને બોલાવીને કહ્યું. 'મારી પાસેથી ધન લઈ જા.' એક લાખ દીનાર ગ્રહણ કર્યા. પછી તેણે ગૌતમદ્વીપને જાણનારા ખલાસીને શોધ્યો. કચરાથી વહાણ ભર્યું.**

**અને આ પ્રમાણે તેણે કર્યું ત્યારે લોક હસ્યો. 'અહો ! ગ્રહથી ગ્રહણ કરાયેલાની આ પ્રવૃત્તિ તો જુઓ.' ગમન=તે દ્વીપમાં ગયો અને ત્યાં કચરો ઠાલવ્યો. ગાયનું દર્શન થયું અને વહાણોને ગાયના છાણથી અત્યંત ભર્યાં.**

**પોતાના નગરે તે પાછો ફર્યો. રાજાને મળ્યો. રાજાએ પૂછ્યું – 'તું શું લાવ્યો ?=ગૌતમદ્વીપથી તું કાંઈ લાવ્યો છે ?' તેણે કહ્યું – 'હે દેવ ! ગોબર લાવ્યો છું.' રાજાએ કહ્યું – 'તારો કર માફ કર્યો છે.' તેણે કહ્યું – 'આપની કૃપા છે.' લોક તેના પર હસ્યો. પ્રવેશ=સ્વગૃહે ગોબરના કોથળા લઈને પ્રવેશ્યો.**

**અગ્નિ બાળ્યો=સમયે છાણાના પિંડને બાળ્યો. રત્નો પ્રગટ થયાં. વેચીને પરિભોગ=રત્નોને**

વેચીને અન્નાદિ પરિભોગની પ્રાપ્તિ થઈ. લોકમાં પૂજ્યત્વ પ્રાપ્ત કર્યું. તે પ્રકારે નિશ્ચયથી એ ભવ્યસત્ત્વ વડે પ્રાપ્ત કરાયું=લોકના ઉપહાસની અવગણના કરીને કાર્યમાં તેને જે શ્રદ્ધા હતી તેનાથી તે કલ્યાણયોગ્ય જીવે કલ્યાણ પ્રાપ્ત કર્યું.

પટ્ટકસમાન ભગવાનની આજ્ઞા છે. આ વગેરે=પૂર્વમાં વર્ણન કર્યું એ વગેરે, અહીં પણ=ધર્મના વિષયમાં પણ, પોતાની બુદ્ધિથી ઉદાહરણથી યથાવિષય યથાયોગ્ય સર્વ ઘટાવવું જોઈએ.

પરહિતમાં ઉધત થયેલા ગુરુ વડે અહીં જગતમાં આવાને=ગોબરવણિક સમાન જીવોને, ધર્મ આપવો જોઈએ. ઇતરથા=આવા યોગ્ય જીવોને ધર્મ આપવામાં ન આવે તો, ધનાઢ્યોની જેમ માત્ર પોતાનું પેટ ભરવું એ મોટા માણસોને અનુચિત છે.

વૃત્તાંતને કહીને=‘મારે વ્રતદાન કલ્પતું નથી પરંતુ પ્રવર્તિનીને વ્રતદાન કલ્પે છે’ એમ કહીને ઉપાશ્રયમાં સાધ્વી પાસે લઈ જવાઈ=આ પ્રમાણે સોમાના અભિપ્રાયને જાણીને શ્રીમતી વડે સોમા સાધ્વીની પાસે લઈ જવાઈ. ત્યાં પણ=ઉપાશ્રયમાં પણ, પ્રવર્તિનીએ યથાવિધિ જ જોવાઈ=ઉચિત સંભાષણાદિ વિધિથી જ પ્રવર્તિની વડે સોમાની પરીક્ષા કરાઈ.

તેણીને દાનાદિ ભેદયુક્ત ચાર પ્રકારનો ધર્મ કહ્યો. અને કર્મના ઉપશમથી સોમાને ધર્મ તે પ્રકારે જ પરિણત થયો.

વિધિથી તેણે અણુવ્રતનું ગ્રહણ કર્યું અને પાલન કર્યું. વડીલવર્ગને અપ્રીતિ થઈ. વડીલોએ તેને કહ્યું – ‘તું આ ધર્મને છોડ.’ તેણે કહ્યું – ‘મેં ગુરુ પાસે ધર્મ સ્વીકાર્યો છે તેથી તેમની પાસે જ છોડીશ.’

કુશળ સોમાએ આ વિચાર્યું – ‘વડીલને પ્રત્યુત્તરદાન આપવાયોગ્ય નથી. અને ત્યાં ઉપાશ્રયમાં પ્રવર્તિનીના દર્શનથી આમને પણ અર્થાત્ માતા-પિતાને પણ બોધિની પ્રાપ્તિ થશે.’

જતાં તેઓએ વણિકના ઘરે મહાઘોર અણઘટતો બનાવ જોયો.

તે બનાવ શું છે ? તે કહે છે –

હિંસાની અનિવૃત્તિથી તેના કુળનો વિનાશ કરનારો પ્રસંગ બન્યો.

દુઃશીલ ગૃહિણી નોકર ઉપર આસક્ત થઈ. ‘પુત્રનો ઘાત કરવો’ એ પ્રમાણે સંકેત=તે ગૃહિણીએ ‘તારે પુત્રને મારી નાખવો’ એ પ્રમાણે નોકરને સંકેત કર્યો. મોકલ્યા=તેણીએ પુત્ર અને નોકર બંનેને સાથે ગામમાં મોકલ્યા. પુત્ર વડે તે ચાકરનો ઘાત કરાયો. પછી પુત્ર એકલો ઘરે પરત આવ્યો.

તેણીએ પણ શિલાના ઘાતથી તેનો અર્થાત્ પુત્રનો વધ કર્યો. તેની પુત્રવધૂએ તેને અર્થાત્ સાસુને, છરીથી મારી નાખી. પુત્રીને નિર્વેદ થયો ‘અરર ! આ શું થયું ?’ એમ કોલાહલ થયો.

લોક ભેગો થયો ત્યારે પૂછ્યું – ‘તેં કેમ માતાનો ઘાત કરનાર સ્ત્રીને ન મારી ?’ તેણીએ કહ્યું – ‘મેં હિંસાની નિવૃત્તિ લીધી છે.’ લોકોએ કહ્યું – ‘હિંસાની અનિવૃત્તિનું આ પાપ છે.’

તેણીએ અર્થાત્ સોમાએ, વડીલોને કહ્યું – 'મેં પણ એક વ્રતનું અર્થાત્ હિંસાવિરમણવ્રતનું ગ્રહણ કર્યું છે તો શું મારે આને છોડી દેવો ?' તેઓએ કહ્યું – 'ના તારે વ્રતનો ત્યાગ ન કરવો, હમણાં વ્રતનું પાલન કર.'

આ પ્રમાણે=જેમ માર્ગમાં જતાં સોમાનાં માતા-પિતાએ કુટુંબમાં મારી જોઈ એ પ્રમાણે, વિનષ્ટ વહાણવાળો મંદ થયેલો=ભાંગી ગયેલા વહાણવાળો એવો દ્વીપાંતરમાં દુઃખી થયેલો કોઈક સૌદાગર ચાકર વડે સારી રીતે સેવા કરાયો. વણિકે ખુશ થઈને ચાકરને પોતાની પુત્રી આપી. ચાકરે કહ્યું – 'વિવાદમાં જીવક પક્ષી સાક્ષી જાણવો=કોઈક કારણથી આ વાતમાં તમે ખોટું બોલો તો આ જીવક નામનાં પક્ષીઓ સાક્ષી થશે.'

સ્ત્રી આદિના વશથી પલટાઈ ગયો=ઘરે પાછો આવેલો વણિક સ્ત્રી આદિના વશથી પુત્રીદાનના વચનમાં પલટાઈ ગયો એટલે વિવાદ થયો. રાજાને ચાકરે પુત્રીદાનનો વ્યવહાર જણાવ્યો. ચાકરે કહ્યું – 'પક્ષીઓ સાક્ષી છે'. ચાકર જઈને પક્ષીઓ લઈ આવ્યો. રાજાને વિસ્મય થયું. વિરલ કરાયે છતે=અન્ય સ્વજનાદિને દૂર કરાયે છતે, પક્ષીઓને પૃચ્છા કરી.

પક્ષીઓને પૂછ્યું – 'ક્યાં ?'='તમે કેવી રીતે સાક્ષી છો ?' છાણામાં કૃમિદર્શન વડે=પક્ષીઓએ આજુબાજુ રહેલા અને સ્વયં જ પ્રયોજનને જોતા લોકોની સમક્ષ ભોજન માટે છાણામાં નાખેલા કૃમિઓને ચાંચના અગ્રભાગથી ઉપાડીને બતાવવા દ્વારા સાક્ષી કરી. કેવી રીતે સાક્ષી કરી ? આવા પ્રકારનાં કર્મોથી=ખોટું બોલવારૂપ આવા પ્રકારનાં કર્મોથી આવા પ્રકારના કીડારૂપે ઉત્પન્ન થવું પડે છે. ધિક્કારપૂર્વક તિરસ્કાર કરાયેલો સૌદાગર સોમાના સ્વજન લોક વડે જોવાયો. સોમાને બીજા વ્રતના ત્યાગનો પણ નિષેધ કર્યો.

આ પ્રમાણે જ સ્નાનથી ભીના શરીરવાળો તલચોર કોઈક રીતે દુકાન પાસે ગયો. ગાયની અડફેટથી તલના ઢગલામાં પડ્યો. ચોંટેલા તલની સાથે જ તે ઘરે ગયો.

માતાએ તલને ખંખેરીને ફોતરાં કાઢીને લાડુ બનાવીને તેને ખાવા આપ્યા. લાડુના ભક્ષણથી તલની ચોરીમાં લાગ્યો. ફરી તે પ્રમાણે=શરીરને ભીનું કરીને તલના ઢગલામાં પડીને વારંવાર તલ લાવે એ પ્રમાણે, હરણ કરાયેલા તલના ઢગલાવાળો થયો.

આ પ્રમાણે જ શેષમાં પણ=તલની જેમ જ અન્ય વસ્ત્રાદિકમાં પણ, ચોરી કરવા લાગ્યો. રાજપુરુષો વડે ગ્રહણ કરાયો. પછી માતાના સ્તનનું ભક્ષણ કર્યું. હાથ-પગ કપાયેલા જોયો=પછી જેના હાથ-પગ કપાયેલા છે તેવા તે તલચોરને સોમાનાં માતા-પિતાએ જોયો. ત્રીજા વ્રતને છોડવાનો નિષેધ કર્યો.

આ પ્રમાણે દુઃશીલ મહાપાપી એવી સ્ત્રી મોહથી=કામના ઉન્માદથી, અશ્વરક્ષક પુરુષ ઉપર આસક્ત થઈ. પતિને મારી નાંખીને ઘોર રૌદ્ર સ્વભાવવાળી તે સ્ત્રી મરેલા પતિના દેહને પરઠવવા ગઈ.

દેવતાએ પેટી જડી દીધી=મરાયેલા પતિના ક્લેવરથી ભરેલી પેટી દેવતાએ તેના મસ્તક સાથે જડી દીધી. પેટીમાંથી ગળતાં ચરબી અને લોહીથી સ્તન પર ખરડાઈ. વન તરફ જતી એવી તે આંધળી થઈ અને નગર તરફ પાછી ફરતી તે સજ્જ આંખોવાળી થઈ.

બાળકોના ટોળાથી વીંટાયેલી જાતિ પ્રગટ કરવા દ્વારા લોકો વડે હીલના કરાતી, કરુણ સ્વરથી રડતી, ધિક્જાતીય જોવાઈ=એવી તે બ્રાહ્મણ સ્ત્રી સોમાનાં માતા-પિતા વડે જોવાઈ. અને આ પ્રમાણે ચોથા વ્રતના ત્યાગનો નિષેધ કરાયો.

આ પ્રમાણે લોભના ઉદ્રેકરૂપ અસંતોષથી જેનું વહાણ ભાંગી ગયું છે એવો એક વણિક કોઈક રીતે સમુદ્રમાંથી નીકળેલો માછલાના આહારથી કોઢ નામના રોગથી અત્યંત પીડાયો.

પછી તેણે સાંભળ્યું કે 'પુત્રની બલિના દાનથી તેના ફળરૂપે નિધિની પ્રાપ્તિ થાય છે.' વિધિમાં પ્રવૃત્ત થયો=તે પ્રમાણે પુત્રના બલિના દાનની વિધિમાં પ્રવૃત થયો. નિષ્ફળ ગયો. અન્યએ ગ્રહણ કર્યો=તેણે પુત્રના બલિનું દાન કર્યું તે પહેલાં જ કોઈ અન્યએ નિધિને ગ્રહણ કર્યો. નગરરક્ષકોને જાણ થઈ=નગરના રક્ષકોને ખબર પડી કે 'વણિકે નિધિને પ્રાપ્ત કરવા પુત્રના બલિનું દાન કર્યું છે.'

પછી ઘણા લોકો વડે ધિક્કારાતો નિંદાતો નગ્ન કોઈ દરિદ્ર પુરુષ જોવાયો=સોમાનાં માતા-પિતા વડે જોવાયો. તે પ્રમાણે અર્થાત્ પૂર્વની જેમ, પાંચમા વ્રતના ત્યાગનો નિષેધ કર્યો.

ત્યારપછી આ પ્રમાણે સંવિગ્ન પ્રાપ્ત થયું=સોમાનાં માતા-પિતાને સંવેગ થયો. ઉપાશ્રયે ગણિની પાસે આવ્યાં. અને ત્યાં પણ એમના વડે=સોમાનાં માતા-પિતા વડે, કાંઈક અણઘટતું સહસા જોવાયું.

રાત્રિમાં ખાખરા અને રીંગણાના શાકથી ભોજન કરતા કોઈક પુરુષે અજાણતાં વીંછીને મુખમાં નાખ્યો. તેના વડે ડંખ દેવાયો=વીંછીએ તેને તાળવામાં ડંખ માર્યો.

વીંછીનું વ્યંતરજાતિનું વિષપણું હોવાથી સોજી ગયેલા મુખવાળો થયો તેથી મહાવ્યથાને પામ્યો. વૈદ્યસમૂહ વડે ઘેરાયેલો વિચિત્ર પ્રકારનાં ઔષધોથી ચિકિત્સા કરાયો.

કરાયેલા અંગભંગવાળો વારંવાર ડૂસકાં ભરી ભરીને વિરસવાળો બૂમો પાડતો સોમાનાં માતા-પિતા વડે જોવાયો. 'અહોહો ! આ રાત્રિભોજનનું પાપ દુષ્ટ છે, એમ માનતાં સોમાનાં માતા-પિતાએ છઠ્ઠા રાત્રિભોજનવ્રતના ત્યાગનો નિષેધ કર્યો.

સોમાએ કહ્યું – 'પ્રાયઃ આ ધર્મ મારા વડે સ્વીકારાયો છે' પ્રાયઃથી બીજા પણ કેટલાક નિયમવિશેષોનો સ્વીકાર કર્યો છે અને પછી સોમાનાં માતા-પિતાએ કહ્યું – 'તું પ્રયત્નપૂર્વક વ્રત પાળજે અને તને ગુરુરૂપે માન્ય પ્રવર્તિનીને અમે મળીએ.'

ગમન=પછી તેઓ ઉપાશ્રયે ગયાં. ચૈત્યવંદન=ત્યાં નજીક રહેલ શય્યાતરના ઘરના ચૈત્યમાં રહેલી પ્રતિમા સમક્ષ ચૈત્યવંદન કર્યું. ગણિનીને કહ્યું=સોમાએ ગણિનીને કહ્યું કે 'આ મારાં

માતા-પિતા છે', તેણી વડે ઉચિત પ્રતિપત્તિ=તે ગણિની વડે અપૂર્વ ભાષણથી દેશના કરાઈ. તેમના દર્શનથી માતા-પિતાને સંતોષ થયો. તેણીએ ધર્મકથા કરી. તેઓએ તેણીને કેટલાક પ્રશ્નો પૂછ્યા અને ગણિનીએ આ પ્રમાણે ઉત્તરો આપ્યા. જે આગળમાં બતાવે છે.

(પ્રશ્ન) ધર્મ શું છે ? (ઉત્તર) જીવદયા ધર્મ છે. (પ્રશ્ન) સુખ શું છે ? (ઉત્તર) જીવનું આરોગ્ય જ સુખ છે. (પ્રશ્ન) સ્નેહ શું છે=જીવને પોતાના ઉપર સ્નેહ શું છે ? (ઉત્તર) સદ્ભાવ=પોતાના આત્મા ઉપર સદ્ભાવ સ્નેહ છે. (પ્રશ્ન) પાંડિત્ય શું છે ? (ઉત્તર) બોધ=આત્માનો યથાર્થ બોધ એ પાંડિત્ય છે.

(પ્રશ્ન) વિષમ શું છે ? (ઉત્તર) કાર્યની ગતિ=અનુચિત પ્રવૃત્તિ વિષમ છે. (પ્રશ્ન) શું પ્રાપ્ત થયું ? (ઉત્તર) ગુણગ્રાહીજન જે પ્રાપ્ત કરે તે પ્રાપ્ત થયું. (પ્રશ્ન) સુખપૂર્વક પ્રાપ્તવ્ય શું છે ? (ઉત્તર) સુયત્ન=યથાયોગ્ય યત્ન. (પ્રશ્ન) ખરાબ ગ્રહણ કરવા યોગ્ય શું છે ? (ઉત્તર) લોકમાં ખલ ખરાબ છે.

આ પ્રમાણે પુછાયેલા પ્રશ્નોના ઉત્તરો સાંભળવાથી સોમાનાં માતા-પિતા તેવાં ભદ્રક થયાં જે પ્રમાણે પ્રાયઃ સ્વપ્નમાં પણ સોમાને ધર્મમાં વિઘ્નને કરતાં નથી. ।।૫૫૦થી ૬૦૦।।

ટીકા :-

आसी पुरं सिरिउरं जं रेहइ सिरिउरंव भुवणस्स । उत्तुंगधवलपागारसिहरपरिचुंबियनहग्गं ।।१।। सुविभत्ततियचउक्कं सुविपंचियवित्तचच्चरसमूहं । सुविसङ्गहट्टमग्गं सुपयट्टवणिज्जविच्छड्डं ।।२।। तत्थ य पुव्वाभासित्तपरोवयारदक्खिन्नसच्चचरणड्डो । सुकयण्णुयत्तसद्धम्मकम्मजुत्तो पुरिसवग्गो ।।३।। रूवविणिज्जियसुरसुंदरीओ मणहरसुवेसलडहाओ । सोहग्गसंजुयाओ सुसीलकलियाओ नारीओ ।।४।। राया पियंकरोनाम रम्मरामाभिरामसव्वंगो । होत्था तत्थ पसत्थायरणवसोवज्जियसलाहो ।।५।। नवकमलमुही नवहरिणलोयणा नवससंकसुइसीला । नवनवयरगुणलाभम्मि उज्जुया सुंदरी नाम ।।६।। सव्वंतेउरसारा अहेसि उवहसियसुरबहूरूवा । णरवइणो तस्स पिया पियामहस्सेव सावित्ती ।।७।। सेट्ठी नंदणनामो सज्जणजणजणियमाणसाणंदो । अइपोढविभवविसओ उवहसिय-कुबेरधणकोसो ।।८।। भज्जा सुजायलज्जामंदिरमाणंदनिब्भरमणेण । सज्जणजणेण संगिज्जमाणसीला रई नाम ।।९।। जाया सुया सुलक्खणदेहा तेसिंच सिरिमई नाम । सा बालकालओ चिय एगग्गमणा जिणमयम्मि ।।१०।। पढइ नवाइं सुयाइं पढियाण वियारमायरइ निच्चं । जहसत्ती कुणइ वियारियाइं भवभमणनिव्विन्ना ।।११।। गुणिलोगसंगईए तूसइ रूसइ परावावाएसु । भूसइ सीलालंकारजोगओ नियकुलं निच्चं ।।१२।। तीए पुरोहियसुया सोमा नामेण पियसही आसि । कालेण पीइवुड्ढी अलंघणिज्जा समुप्पण्णा ।।१३।। तासिं धम्मवियारे जओ तओ कारणा पयट्टंते । सिरिमइपडिबंधाओ

नियाउ मिच्छत्तपसमाओ ।।१४।। सोमाए बोहिलाभो संजाओ सयलकुसलफलहेऊ । दिट्ठो बालजणो-च्चियधूलीहरसरिसगो य भवो ।।१५।। परितुलियअप्पसत्तीए तीए जाया अणुव्वएसु मई । भणियाय सिरिमई सहि! जह तुज्झ तहा ममंपि जहा ।।१६।। हुंति वयाइं तहा कुण कयम्मि एयम्मि सरिस-चरियाण । धम्मपरिपालणेणं तुल्लच्चिय जं गई होइ ।।१७।। भणिया य सिरिमईए तिणतुल्लत्तेण गणियपाणाण । धीराण जणाण इमाइं हुंति ण उणो य इयरेसिं ।।१८।। अलिओ बलिओ य दढं तुह बंधुजणो कओवहासम्मि । तम्मि तुमं झुंटणवाणिओव्व इह झुंटणपसुस्स ।।१९।। चागं खणेण काहिसि दुरंतओ सोय तप्परिच्चाओ । ता इच्छामेत्तं चिय वएसुं तुह सुंदरं भद्दे! ।।२०।। सोमाय सिरिमई तो भणिया मह कोउगं बहुं जायं । को सो झुंटणवणिओ झुंटणचाओ य तस्स कहं ?।।२१।। काउमणुग्गहमसमं अक्खिज्जउ णन्नहा इमं काउं । जुज्जइ, पसन्नवयणा लग्गा तीए परिकहेउं ।।२२।। सोमे! सोमसरूवे निसुणिज्जउ होउमेगचित्ताए । अंगइया नाम पुरी समत्थि सेट्ठी धणो तत्थ ।।२३।। सामिपुरे तह सेट्ठी संखो नामेण संखधवलगुणो । सो ववहारवसेणं अंगइयाए कयाइ गओ ।।२४।। विहिओ धणेण सद्धिं ववहारो गरुयअत्थसंभारो । सव्वावसरीरहिओ ठिओ बहू वासरे तत्थ ।।२५।। निच्चं च दंसणाओ परोप्परं माणसाणुसरणाओ । दाणपडिदाणओ चिय जाया पीई घणा तेसिं ।।२६।। पुत्तनिही मित्तनिही धम्मनिही धणनिही य सिप्पनिही । पंचसु निहीसु एसुं मित्तनिहिं चिय परिगणंता ।।२७।। ते उत्तमं दढत्तणहेउं मित्तीए दोवि भासंति । नावच्चविवाहं वज्जिऊण जं दढयरा पीई ।।२८।। संपज्जइ, तो जइया अवच्चजोगो हवेज्ज अम्हाणं । तइया परिणयणविही कज्जो जहजोग्गमेएसिं ।।२९।। इय विहियवरणगाणं ठाणेसु निएसु बद्धवासाणं । कालंतरेण जाओ पुत्तो धणसेट्ठिणो तत्थ ।।३०।। संखस्स पुण सुया सरयचंदबिंबोवमाणणा जाया । जोव्वणमणु-पत्ताणं ताणं विहिओ य वीवाहो ।।३१।। समयम्मि ससुरगेहे संखस्स सुया गया कओ य महो । जो तदवत्थाए समुचिओत्ति जाणणणाईओ ।।३२।। अविरत्तमाणसाणं विसयपराणं गएसु दिवसेसु । तेसिं कइवइएसुं गिहम्मि दारिद्दमोइण्णं ।।३३।। तिमिरेणव कमलवणं सिसिरेणव तारयाण जोण्हाओ । गिहकिरियाउ जायाउ झत्ति विच्छायरूवाओ ।।३४।। चिंतइ भज्जा अव्वो! किंचि अपुव्वं इमस्स माहप्पं । दालिद्दस्स वसाओ जस्स जणो परिचिओवि दढं ।।३५।। दीसंतोवि गुरुतरो गिरिवरसिहराओ होइ तिणतुल्लो । अनिहालियपुव्वो इव नरो सिरीसंगसुभगाणं ।।३६।। जाई रूवं विज्जा तिण्णिवि गहिए महीए विवरम्मि । पविसंति वट्टउ धणं जेण गुणा पायडा होंति ।।३७।। एमाइचित्तचिंतापरव-सहिययाए तीए भत्तारो । भणिओ इमस्स नासे दोगच्चविसस्स इह हेऊ ।।३८।। अन्नो न कोवि दीसइ पइदिवसं झिज्जई य माहप्पं । जं भोयणमेत्तंपि हु संपडइ न खीणविहवाणं ।।३९।। ता गच्छ ससुरकुलमेत्थ मग्ग झुंटणगमेगमेसो य । सुणहागारो ऊरणगजाइओ चउपयविसेसो ।।४०।।

रोमेहिं तस्स कंबलरयणं कत्तामि मासछक्कस्स । मज्झम्मि तस्स मुल्लं दीणाराणं सयसहस्सं ।।४१।। सो य पुण माणुसाणं सरीरउम्हाए जीवइ सयावि । तो तुमए नो खणमवि देहा दूरेण मोत्तव्वो ।।४२।। तह अलिओ बलिओवि य मुक्खजणो संगमे कए तस्स । हसिही सहरिसकरतालदाणपुव्वं तहावि तए ।।४३।। न हु उज्झियव्वओ सो निच्चलनियकज्जसज्जचित्तेण । किं जूयाण सकण्णो भयाओ इह साडगं मुयइ ?।।४४।। पडिवण्णमिमेण तओ गओ य सिरिसामिनामनयरम्मि । ससुरकुलम्मि अइगओ दिट्ठो य सगउरवं तत्थ ।।४५।। समयम्मि पुच्छिओ कहसु कारणं किं तुमं इहेगागी ?। कहिओ सवित्थरो गिहवुत्तंतो ससुरलोगस्स ।।४६।। लद्धो स झुंटणपसू अक्खयनिहिसन्निहो समत्थतणू । अप्पाहिओ य बहुसो ससुरजणेणावि जह लोगो ।।४७।। हसिही मुक्खो, न तए विवज्जणिज्जो इमो अहागंतुं । लग्गो नियनयराभिमुहमंतराले हसिज्जंतो ।।४८।। लोगेण नियपुरबहिं पत्तो मुक्को स तेण आरामे । अइलज्जमुव्वहंतेण हीणपुन्नत्तणाओ य ।।४९।। दिट्ठो गिहंगणगओ भज्जाए ऊसुगे पए दिंतो । णायमणेणं निल्लक्खणेण णूणं हयं कज्जं ।।५०।। पुट्ठो किं सो लद्धो झुंटणओ आममहं कहिं मुक्को ?। बाहिं भणियमणाए अभग्गसिरसेहरो तं सि ।।५१।। तक्खणमेव निउत्ता सा तेण तयाणणत्थमह भणइ । पवणंतरेहिं पुट्ठो णूणं इण्हिं मओ होही ।।५२।। सा तुरियपयपयारा तत्थ गया जा निभालए ताव । दिट्ठो तह च्चिय इमो विच्छायतणूरुहभरो य ।।५३।। विहियं रोमुद्धरणं तुच्छफलो कंबलो तहिं जाओ । मग्गंतेणवि लद्धो न उणो अन्नो ससुरगेहे ।।५४।। सोमे! झुंटणतुल्लो सुद्धो धम्मो इमम्मि गहियम्मि । उवहसणपरो होही तव सयणजणो, परिच्चाए ।।५५।। एयस्स फलं तुच्छं पुणो अलाहो इहं परभवे य । एयारिसाण तम्हा नो दायव्वो इमो धम्मो ।।५६।। तेसिं चेव हियकए अन्नह अइगाढरोगविहुराणं । ओसहदाणमकाले जहा तहाणिट्ठफलहेऊ ।।५७।। इय सिरीमईए भणिए सोमा सोमव्व रुइरमुहसोहा । भणइ न सव्वे पाणी नियमेण हवंति एरिसगा ।।५८।। जलहिजलगहिरबुद्धीवि होंति केई सुनिच्चला कज्जे । सुरसेलोव्व अमन्नियबालिसजणपेलवालावा ।।५९।। णाणाविहेसु अक्खाणएसु कुसलाए किं सुओ न तए । गोवरवणिओ अवहेरितप्परो मुक्खभणिएसु ।।६०।। तो सिरिमईए भणियं भणसु तुमं केरिसो इमो वणिओ । बालिसजणाण वयणं अवगणियं जेण नियकज्जे ?।।६१।। सोमाह समत्थि पुरी विस्सउरी नाम सधणजणकलिया । तत्थ सुविढत्तवित्तो दत्तो नाम इब्भओ आसि ।।६२।। पुण्णपरिहाणिदोसा कालेण दरिद्दभावमणुपत्तो । सययमसंपज्जं ते मणोरहे सो विचिंतेइ ।।६३।। को नाम किल उवाओ स होज्ज जत्तो पुणोवि विभवपहु । होहामि, सुमरियं वयणमप्पणो तेण जणयस्स ।।६४।। जइ पुत्त! कहवि विहवो न होज्ज तो निविडमज्झभागम्मि । कट्ठ समुग्गम्मि करंडियाए तुह तंबगमईए ।।६५।। अंतो मए च्चिय कओ निरिक्खणिज्जोत्थ पट्टओ तुमए । जं तत्थ किंचि भणियं न कहिंचि पयासणिज्जं तं

।।६६।। केवलमिहुत्तकज्जं अइनिउणमणेणऽणुट्ठियव्वं तं । एवं कयम्मि एयम्मि ते सिरी सव्वओ होही ।।६७।। इइ सुमरियपिउवयणो केणावि अलक्खमाणओ संतो । एगंतम्मि विहाडिय समुग्गयं लेइ तं पट्टं ।।६८।। लिहियं च तत्थ दीवे गोयमनामम्मि रयणतिणचारी । सव्वत्थ अत्थि तं किल सुरहीवग्गो तहिं चरइ ।।६९।। इह देसाओ उक्कुरुडिगाए खत्तमि णीणिए तत्थ । निक्खित्तम्मि पएसे तहिं २ उसिणफासस्स ।।७०।। लोभेण निसासमए तत्थोइण्णाओ ताओ मुंचंति । गोमयमहुब्भडेणं जलणेणं जालिए तम्मि ।।७१।। रयणाइं अणग्घेयाइं हुंति पंचप्पयारवण्णाइं । इय नायपट्टयत्थो अह सो एवं विचिंतेइ ।।७२।। हियकारिणा परेणवि न बुद्धिमंतेण भासियं चलइ । किं पुण पिउणा निउणेण मज्झ एगंतभत्तेण ।।७३।। कज्जपरमत्थमेवं विणिच्छिउं घोसए नगरमज्झे । बुद्धी ममत्थि विउला विहवो पुण नत्थि किं काहं ।।७४।। एवं पहतियचच्चरदेसेसु भणंतओ भमंतो य । खीणविहवोत्ति लोगेण कप्पिओ वाउलो एस ।।७५।। निसुयं रन्ना तन्नगरसामिणा कोउगं तओ जायं । सद्दाविओ निउत्तो विभवग्गहणम्मि पज्जंते ।।७६।। दीणारलक्खमेगं गहियं मुक्कं च किंचि गहिलत्तं । गोयमदीवपहण्णू गहिओ निज्जामगो एगो ।।७७।। भरियाइं पवहणाइं गामागरनगरकयवरस्स तओ । भणइ जणो को गहिलो नरवई एयाण मज्झम्मि ।।७८।। जो एवं देइ धणं एयस्स निओयणे कयवरं च । जो गेण्हइ परतीरे ववहारकए कयपणामो ।।७९।। अवहीरियइयरजणो खेमेण गओ स तत्थ दीवम्मि । अणुचिट्ठिओ य सव्वो अत्थो जो पट्टए लिहिओ ।।८०।। दिट्ठाओ गावीओ बहुगोमयगहणमह पवहणाइं । भरिऊण तस्स खिप्पं समागओ निययदेसम्मि ।।८१।। वेलाऊलम्मि ओयारियाणि सव्वाणि तेण पोत्ताणि । दिट्ठो य भूमिनाहो सप्पणयं पुच्छिओ तेण ।।८२।। किं हो! दीवंतरसंकमाओ नियपाणसंसयकराओ । भंड्डोल्लमिहाणीयं तेणुत्तं गोव्वरो देव ।।८३।। किं एसो सच्चो चिय गहिलो अहवावि कज्जमासज्ज । ता होउ जो उ सो वा न कज्जमेयस्स सुंकेण ।।८४।। इय चिंतिय तब्भंडं कयमस्सुंकं इमो पसाओ भे । भणिओ निवेण हसिओ जणेण धी धी गहिलभावो ।।८५।। जस्स वसाउ पसाओ एयारिसगो अपुव्वओ लद्धो । अगहिल्लगहिल्लेणं तेणवि अवहीरिउं लोयं ।।८६।। ते छगणपिंडगा नियगिहम्मि संचारिया जया सव्वे । तइया अग्गीपज्जालणेण रयणाणि विहियाणि ।।८७।। जो नरवइणो लक्खो दीणाराण गहिओ पुरा आसि । सो दुगुणो भंडारो पवेसिओ तदधिगारेण ।।८८।। पइदिवसं रयणाणं विक्किणणं तप्पभावओ भोगो । भुवणम्मि तस्स जाओ भोयणवत्थाइवत्थूण ।।८९।। जाओ य पूयणिज्जो सो बंधवमित्ततत्थयजणाण । इच्छियपयत्थसंपाडणेण कयहिययसंतोसो ।।९०।। जह सो जणगनिरूवियपट्टगलिहियत्थ निच्चलो संतो । जाओ भायणमइरेगभावओ चिंतियत्थाण ।।९१।। आणाए जिणिंदाणं पट्टगसरिसीए निच्छियाए तहा । कोइ जइ होइ कत्थइ बालिसलोगावहीरणओ ।।९२।। सो पत्थुयधम्मस्सा किमजोग्गो भणसु

मे तुमं चेव । अप्पंभरित्तमणुचियमेवं सधणाण व नराण ।।९३।। सा तीए वयणनिउणत्तणेण संतोसमागया भणइ । जोग्गा सि धम्मदाणस्स को परो इय समुल्लवइ ?।।९४।। केवलमिमो मए ते कहियव्वो ण उण एइ दायव्वो । देइ पुणो गुरुलोगो तत्तो एसा सिरिमईए ।।९५।। नीया समणीण पडिस्सयम्मि दिट्ठा पवत्तिणी तत्थ । नियसीलसुद्धिसुरसरिपवाहपक्खालियतिलोया ।।९६।। लज्जामज्जायाईगुणाण पच्चक्खरूवपुंजोव्व । विहीयाणुट्ठाणत्थं सुसिलिट्ठनिविट्ठमणपसरा ।।९७।। नरनाहकुलभवाणं ईसरकुलसंभवाण सुकुलाणं । अन्नासिं च बहूणं समणीण पहुत्तणं पत्ता ।।९८।। रूवेण तणूसुकुमारयाए वन्नेण देहपभवेण । निद्धच्छवीए परिवड्डियाए दढसंनिरोहाओ ।।९९।। असुराण णराण णहच्चराण णारीण मंगलावन्नं । एक्कपए च्चिय निब्भच्छणाए पयमुवणमंतीए ।।१००।। कोइलकुलाउ अइकोमलेण कन्नामयं झरंतेण । पंचप्पयारमणुचिट्ठंती सद्देण सज्झायं ।।१०१।। संभमवसमिलियमहीयलेण सीसेण वंदिया गणिणी । संनिहियसाहुणीवि य तीए सा निद्धदिट्ठीए ।।१०२।। अवलोइया चिरंभासियाय तक्कालउचियवयणेहिं । कहिओ दाणाइओ चउव्विहो जिणमओ धम्मो ।।१०३।। तं जहा—दाणं सीलं तव भावणा य धम्मो चउव्विहो एस । णाणाभयधम्मोवग्गहाणु-कंपावियरणाओ ।।१०४।। पुण चउभेयं दाणं णाणपयाणं कहिज्जए तत्थ । जीवाण मोहबहुलाण तत्तचिंताविउत्ताणं ।।१०५।। जं बोहस्सुप्पायणमारब्भइभद्दियाइं भणिईहिं । भव्वाण जियाणं सपरसमय-कुसलेण गुरुणेह ।।१०६।। पियपाणाणं पाणीण पाणदाणं विहिज्जए जमिह । तं अभयपयाणं देससव्वभेएण दुविगप्पं ।।१०७।। जं धम्मियाण धम्मियमणाण समणाण सावयाणं च । अन्नाईहिं उवग्गहकरणं चित्तेण कुसलेणं ।।१०८।। तं धम्मोवग्गहदाणमाहु अणुकंपदाणमिणमुत्तं । दुहियाण-दुत्थियाणं जमुचिय उवयारकरणं तु ।।१०९।। जं इंदियणोइंदियविगारपरिवज्जणं कसायजओ । सीलं चित्तसमाहाणलक्खणं भन्नए एयं ।।११०।। कम्मपरितावकारणमुववासाई तवो अणेगविहो । जो अगिलाए अणाजीवणाए कीरइ विवेगीहिं ।।१११।। जं जीवियधणजोव्वणमुहाण खणभंगुरत्तणं हियए । भाविज्जइ एसो भावणागओ भासिओ धम्मो ।।११२।। एसो सयलाण सुहाण खाणिभूओ चउव्विहो धम्मो । एसो अपारसंसारखारजलरासिवरपोओ ।।११३।। एसो वियडदुहाडविनिड्डहणपयंड-जालहव्ववहो । एसो समत्थतिहुयणजणलच्छीवल्लिमंडवओ ।।११४।। एसो सयलसमीहियफललाभे निच्छएण कप्पतरू । किं बहुणा णो एत्तो सुंदरतरमण्णमत्थि जए ।।११५।। एवं सुयधम्माए सोमाए वासिइव्व वत्थम्मि । रंगो सव्वंगेवि य तक्खणओ परिणओ धम्मो ।।११६।। सयलभुवणावयंसो भत्तिभरो णयसमत्थतियसेसो । पडिवन्नो अरिहंतो भगवंतो देवबुद्धीए ।।११७।। समतणमणी मुणी जे ते गुरुणो सयलसुगुणजियगुरुणो । निस्सेसकम्मसेलासणी य धम्मो जिणाणं मे ।।११८।। इय पडिवन्ना सम्मत्ततत्तमित्तो अणुव्वए पंच । राईभोयणविरई छट्ठे तुट्ठा पणट्ठमले ।।११९।।

पीयामयरसपूरव्व झत्ति सा निव्वुइं परं पत्ता । गिहमागयाए तत्तो कहिओ जणयाण वुत्तंतो ।।१२०।। नियवंसम्मि कयाइवि केणावि अणुट्ठिओ ण जो धम्मो । सो पडिवन्नो धूयाए अम्ह इय सुणियमेत्ताओ ।।१२१।। उप्पन्नअणन्नसमाणमन्नुवेगो तओ जणगलोगो । भणइ वच्छे! तुमए अणुट्ठियं दुट्ठु जं धम्मो ।।१२२।। मुक्को नियवंसवसा समागओ वंससंभवा सव्वे । एयस्स कारिणो बालिसत्तमारोविया जेण ।।१२३।। ता वच्छे! मुंच इमं धम्मं नियवंससंभवं भयसु । पुव्वपुरिसाण लंघणममंगलाणं जओ मूलं ।।१२४।। कह देवयासमाणं गुरूण पडिउत्तरं ममं काउं । जुज्जइ ता केण अहं तोसमुवाएण आणेमि ?।।१२५।। एवं चिंतंतीए तीए आभासियाइं जह धम्मो । गहिओ गणिणिसमीवे तयंतीए चेव मोत्तव्वो ।।१२६।। तह नीयाणि तयंते मा नाम कहंचि उवसमं जंति । इय चिंतिऊण तीए पवत्तिणीए समीवम्मि ।।१२७।। जा निज्जंति निवपहे घरमारी ता निभालिया घोरा । सा पुण जह संजाया तह किंपि समासओ वोच्छं ।।१२८।। तत्थेव पुरे बहुविहवभायणं सयलवणियलोयमओ । सेट्ठी सागरदत्तो आसी सव्वत्थ सुपसिद्धो ।।१२९।। भज्जा य संपया से पुत्तो मुणिचंदनामगो ताण । धूया बंधुमई दासचेडओ थावरो नाम ।।१३०।। तस्स पुरस्स अदूरे वडवद्दभिहाणगोउले नियगे । सेट्ठी गंतुं चिंतं करेइ नियगोसमूहस्स ।।१३१।। पइमासं आणेइ य तत्तो घयदुद्धभरियसगडाइं । वियरइ य बंधुमित्ताण दीणदुत्थाण य जणाण ।।१३२।। बंधुमईवि जिणाणं धम्मं सोऊण साविगा जाया । पाणिवहपमुहपावट्ठाणविरता पसंता य ।।१३३।। अह अन्नया कयाई हरिधणुचवलत्तणेण जीयस्स । सागरदत्तो सेट्ठी कमेण पंचत्तमणुपत्तो ।।१३४।। ठविओ तस्स पयम्मी मुणिचंदो पउरसयणलोएण । पुव्वट्ठिईए वट्टइ सव्वेसुवि सपरकज्जेसु ।।१३५।। दंसेइ य बहुमाणं पुव्वपवाहेण थावरो तस्स । घरकज्जाणि य चिंतइ सुहिव्व पुत्तोव्व बंधुव्व ।।१३६।। नवरं इत्थिसहावा विवेयवियलत्तणेण य विसीला । तं दट्ठूणं चिंतेइ संपया मयणसरविहुरा ।।१३७।। केणोवाएण समं इमेण अणिवारियं विसयसोक्खं । भुंजिस्समहं निप्पच्चवायमेगंतमल्लीणा ?।।१३८।। कह वा मुणिचंदमिमं वावाइत्ता सयस्स भवणस्स । धणकणगसमिद्धस्स विणाहमिमं ठावइस्सामि ।।१३९।। एवं विचिंतयंती सविसेसं ण्हाणभोयणाईहिं । उवचरई थावरं अहह दुट्ठया पावमहिलाण ।।१४०।। अमुणियतदभिप्पाओ वट्टंतिं तं च तह निएऊण । चिंतेइ थावरो इय जणणित्तमह करेइ इमा ।।१४१।। अह उज्झिऊण लज्जं दूरे मुत्तुं च सकुलमज्जायं । तीए तस्सेगंते सव्वायरमप्पिओ अप्पा ।।१४२।। भणिओ य भद्द! वावाइऊण मुणिचन्दमेत्थ गेहम्मि । सामिव्व मए सद्धिं भोगे भुंजाहि वीसत्थो ।।१४३।। तेणं भणिओ एसो मुणिचंदो कह णु मारियव्वोत्ति । तीए वुत्तं गोउलपडियरणत्थं तुमं तं च ।।१४४।। पेसिस्सामि अहं किर तो तुममसिणा वहेज्ज तं मग्गे । पडिवन्नमिमं तेणं किमकज्जं चत्तलज्जाण ?।।१४५।। बंधुमईए एसो य वइयरो निसुणिओ सुणेहेण । सिट्ठो य

भाउणो तक्खणेण गेहम्मि पत्तस्स ।।१४६।। तं तुण्हिक्कं काउं मुणिचंदो मंदिरम्मि संपत्तो । कवडेणं जणणीवि हु रोविउमच्चंतमारद्धा ।।१४७।। पुट्ठं तेण किं रुयसि अम्मो! तीए पयंपियं वच्छ! । नियकज्जाइं सीयंतयाइं दट्ठूण रोएमि ।।१४८।। जीवंतो तुज्झ पिया जया तया णूण मासपज्जंते । गंतूण गोउलाओ घयदुद्धाइं पणामंतो ।।१४९।। इण्हिं तु तुमं पुत्तय! अच्चंतपमायसंगओ संतो । गोउलतत्तिं न करेसि किंपि भण कस्स साहेमि ?।।१५०।। भणियं च तेण अम्मो! मा रुयसु अहं सयं पभायम्मि । वच्चामि गोउले थावरेण सद्धिं चयसु सोगं ।।१५१।। इय सोउं सा तुट्ठा ठिया य मोणेण अह बिइज्जदिणे । आरुहिऊण तुरंगं चलिओ सो थावरेण समं ।।१५२।। वच्चंतो य विचिंतइ थावरओ जइ कहंपि मुणिचंदो । पुरओ वच्चइ ता खग्गजट्ठिणा लहु हणामि ।।१५३।। अह मुणिचंदोवि य भइणी निवेइयं वइयरं विभावेंतो । जमलो से अपमत्तो मग्गे गंतुं पवत्तोत्ति ।।१५४।। अह विसमगड्डदेसे पत्तो तुरओ कसप्पहारेण । पहओ थावरएणं पुरओ गंतुं पयट्टो सो ।।१५५।। मुणिचंदो य ससंको जा गच्छइ तावतेण करवालो । पट्ठिट्ठिएणायड्ढिउमारद्धो तव्वहनिमित्तं ।।१५६।। पेच्छइय पडिच्छायं मुणिचंदो तारिसं तओ तुरगो । वेगेण वाहिओ तेण वंचिओ खग्गघाओ य ।।१५७।। पत्तो य गोउलं सो गोउलवइणा कया य पडिवत्ती । अन्नोन्नसंकहाहिं ठिया य ता जाव दिवसंतं ।।१५८।। घाओवाए पेहइ तम्मारणकारणेण थावरगो । चिंतेइ य रयणीए वावाइस्सामि धुवमेयं ।।१५९।। अह मंदिरस्स मज्झे सयणिज्जे विरइयम्मि रयणीए । मुणिचंदेणं भणियं चिरकाला आगओहमिह ।।१६०।। तो गोवाडम्मि इमं रएह जह तत्थ संठिओ सव्वं । गोमहिसीणं संखं सव्वं पेहेमि पत्तेयं ।।१६१।। तह चेव तं कयं परियणेण तो तत्थ सो ठिओ संतो । चिंतेइ भिच्चविलसियमसेसमहमज्ज पेच्छामि ।।१६२।। पइरिक्के य ठियं तं दट्ठुं तुट्ठो मणम्मि थावरगो । निट्ठयणिज्जं अज्जं सुहेण वज्झोत्ति काऊण ।।१६३।। अह सुत्तम्मि जणम्मी मुणिचंदो निसियखग्गमादाय । पडपाउयं च खोडिय नियसयणिज्जम्मि ठविऊण ।।१६४।। तद्दुव्विलसिय-अवलोयणट्ठया बाढमप्पमत्तमणो । निहुओ मोणेण ठिओ एगंते अह क्खणस्संते ।।१६५।। आगंतुं थावरओ वीसत्थो जाव पहरए तत्थ । ता मुणिचंदेण हओ असिणा पत्तो य पंचत्तं ।।१६६।। चिंतंतस्स य एयस्स गोवणट्ठं स समग्गगोवग्गं । वाडाओ णीणित्ता वाहरिउमिमो समाढत्तो ।।१६७।। हंहो धावह २ गावीओ तक्करेण हरियाओ । वहिओ य थावरो सो सव्वत्तो धाविया पुरिसा ।।१६८।। गावीउ वालियाओ नट्ठा चोरत्ति चिंतियं तेहिं । मयकिच्चं निव्वत्तियमसेसमवि थावरस्स तओ ।।१६९।। किं होहित्ति सचिंता जा तम्मग्गं पलोयए जणणी । ता एगागी गेहे मुणिचंदो झत्ति संपत्तो ।।१७०।। दिन्नासणो निसन्नो खग्गं गिहकीलगे विमोत्तूण । पयसोहणं च काउं पारद्धं तस्स भज्जाए ।।१७१।। पुट्ठो य ससोगाए जणणीए वच्छ! थावरो कत्थ ?। तेणं वुत्तं अम्मो! मंदगई पिट्ठओ एइ ।।१७२।।

तो संखुद्धा एसा असिहुत्तं जा पलोयए ताव । पेच्छइ पिवीलियाओ इंतीओ रुहिरगंधेण ।।१७३।। सम्मं पेहंतीए दिट्ठो खग्गो विलोहियविलित्तो । तो पबलकोहहुयवहपलित्तगताए पावाए ।।१७४।। संनिहियाए सिलाए जवगोहुमपेसणाए हेऊए । खित्ताए सिरसि सहसा पंचत्तं पाविओ पुत्तो ।।१७५।। तो सामिमारणुप्पन्नतिव्वकोहाए तस्स भज्जाए । असिएण मारिया सा बंधुमईए नियंतीए ।।१७६।। घरसारं नरवइणा गहियं सुण्हा य चारगे धरिया । इयरी य पूतया गुरुजणेण सव्वं च तं दिट्ठं ।।१७७।। भणियं च अहो पावा हिंसा जीवाण एरिसं चरियं । तत्तो होइ दुहाणं निहाणमिह परभवे चेव ।।१७८।। लद्धावसराए तओ भणियं सोमाए एयविरइमओ । गहिओ मएवि धम्मो किं कीरउ अहव मुंचउ सो ।।१७९।। पुत्ति! न मोत्तव्वो ता इण्हिं तो किंपि जाव गच्छंति । दिट्ठो विणट्ठवहणो अलियपलावी विहम्मंतो ।।१८०।। वयणेहिं जणाण सुनिट्ठुरेहिं नाइत्तओ जहा एसो । संजाओ तह भन्नइ वसंतपुरनामगे नयरे ।।१८१।। पवहण वाणिज्जपरो सुहंकरो आसि नाम नायत्तो । सयलगिहकज्जसज्जा भज्जा मंदोयरी तस्स ।।१८२।। ताण सुया संजाया सुकुमालतणू परूढसोहग्गा । नामेण संखिणी खीण-देहदोसा कमलवयणा ।।१८३।। सो अन्नया भरित्ता इहदेससमुब्भवाण वत्थूण । दिव्वाणं पवहणाइं जलनिहिपरपारमणुपत्तो ।।१८४।। विहिओ ववहारो आयरेण जाओ बहू य धणलाभो । पडिइंतस्स विलोट्टे पुण्णम्मि महण्णवस्संतो ।।१८५।। कहवि जलसेलसिंगस्स घट्टणेणं विहाडियं वहणं । मोत्तियपवालसंखाइयाणि दव्वाणि बुड्डाणि ।।१८६।। सो लद्धफलगखंडो तडम्मि भियगेण सममहोइन्नो । एगम्मि जलहिकूलम्मि गामनगराइसंकिण्णे ।।१८७।। तत्थवि विहिणा अइनिट्ठुरेण छिद्दे छलंतरपरेण । मंदीकओ सुतिव्वं वाहिवियारं जणेऊण ।।१८८।। एगंतभत्तिमंतेण तेण भियगेण ओसहाईहिं । पडियरिओ तह पउणो पुव्वंव जहा स संजाओ ।।१८९।। तुट्ठेण तेण धूया तस्स विदिन्ना तओ य तेणावि । सक्खिजणविप्पहीणो ववहारो अलियगो होइ ।।१९०।। को एत्थ ममं सक्खी भणिए भियगेण जीवगा नाम । जे संति एत्थ पक्खी पगईए च्चिय सविन्नाणा ।।१९१।। ववहारविसंवाए ते तुह सक्खी, निवेइओ सव्वो । तेसिं दोहिवि कन्नादाणग्गहणाण वुत्तंतो ।।१९२।। कालेण निए देसे संपत्ता दोवि पत्थुए दाणे । कन्नाए सयणमहिलाईलोयवसओ विलोट्टो सो ।।१९३।। कहमुत्तमकुलजायं कहमुत्तमरूवसंपयं चेव । नियधूयं तव भिच्चस्स मे मणो दाउमुच्छहइ ।।१९४।। ता मुंच वइयरमिमं भो भियग! मुहाए खिज्ज मा एवं । इय पडिसिद्धो सो तेण रायपासं समल्लीणो ।।१९५।। कहिओ वुत्तंतो जह इमेण निरुईकएण मे दिण्णा । नियधूया सक्खी को इमम्मि कज्जम्मि ते अत्थि ? ।।१९६।। देवत्थि को पुणो सो, जीवगनामा विहंगमा कत्थ । ते संति भणइ निवई, भियगो ते देव! परकूले ।।१९७।। आणिज्जंतू ते इह, छिज्जइ जेणेस तुम्ह ववहारो । तत्थ गओ सो भियगो आणीया पंजरंतरगा ।।१९८।। विरलीकयम्मि लोए पुट्ठा ते निवइणा जहा तुब्भे । एत्थ पमाणं भणिया ता

भणह जमेत्थ सच्चंति ?।।१९९।। किमिभोयणाण तेसिं पुराणछगणे विरेल्लिए संते । जे किमिणो पायडभावमागया दरिसणेणेसिं ।।२००।। नियचंचुचालणाओ तहा कओ तेहिं कोइ संकेओ । जह अलियभासगनरा भवंतरे होंति एरिसगा ।।२०१।। अइकुहियछगणभक्खणपरायणो एरिसो इमो होही । जो नीयजीहाए पयंपिऊण चुक्कत्तणं वहइ ।।२०२।। लद्धा कन्ना भियगेण सोवि वणिओ जणाओ धिक्कारं । पत्तो दिट्ठो तग्गुरुजणेण तह चेव पडिसेहो ।।२०३।। एवं थेवपएसं गएहिं दिट्ठो य छिन्नकरचलणो । आरक्खिएहिं एगो पुरिसो तिलतेणओ नाम ।।२०४।। सो पुण एवं जाओ महिला एगा अहेसि तम्मि पुरे । अइवल्लहेगपुत्ता तज्जम्मिच्चिय पहीणपई ।।२०५।। तरुणत्तणमणुपत्तो सो पुत्तो तीए अन्नया ण्हविओ । उदउल्लसरीरो च्चिय ओइण्णो हट्टसंवट्टे ।।२०६।। कहमवि गोणेण समत्थएण परिपेल्लिओ तिलाणुवरिं । पडिओ समुट्ठिएणं तणुलग्गतिलो गिहम्मि गओ ।।२०७।। तत्तो जणणीए तिले पप्फोडिय मोरअंडयं काउं । दिण्णो तल्लुद्धो सो दिणे २ तं तहा कुणइ ।।२०८।। मोरंडगेसु लुद्धो तेण पगारेण पइदिणं हरइ । तिलनियरमहन्नंपि य पइदिवसं चोरिउं लग्गो ।।२०९।। आरक्खिएहिं लद्धो गहिओ जणणीए एस किल दोसो । जीए निसिद्धो तिलतिण्णतप्परो पढमओ णाहं ।।२१०।। इय अमरिसं वहंतेण तेण खद्धं थणस्स जणणीए । खंडं तलारलोया जाओ य विलुत्तकरचरणो ।।२११।। दिट्ठे तम्मि विचारे जाओ जह चोरया अहो रुद्दा । तेसिं सोमाए तव्वयम्मि चागस्स पडिसेहो ।।२१२।। तत्तो थेवपएसे गएहिं दिट्ठा महेलिगा एगा । विणिवाइयभत्तारा खिंसिज्जंती पुरजणेण ।।२१३।। किल कत्थई पएसे कुले महंतम्मि काइ तरुणतणू । आसि महेला चवलत्तणेण पविलुत्तकुलसीला ।।२१४।। नियगेहे घोडगरक्खगेण निच्चंपि दिस्समाणेणं । भासिज्जंतेण तहा सद्धिं संबंधमणुपत्ता ।।२१५।। अवहीरिओ नियपई भिन्ना कुलसीलसंभवा लज्जा । सज्जीकओ तहप्पा दुहाण इहपरभवगयाण ।।२१६।। अग्गी जह दारूणं जहा समुद्दो णईसहस्साण । णो तित्तिमेइ विहडियमणा तहित्थी णराणंति ।।२१७।। णारीणं णत्थि पिओ णयापिओ कोइ जह तणं रण्णे । गावीओ नवा उ नवं इच्छंति इमाओ तह पुरिसं ।।२१८।। तो तीए तम्मि लुद्धाए नियपई विग्घकारगो णाउं । सुत्तो व पमत्तो वा पइरिक्के निहणमाणीओ ।।२१९।। खंडीकाऊण कओ पिडियाए तप्परिट्ठवणहेउं । सीसारोवियपिडिया विणिग्गया जा गिहाओ तओ ।।२२०।। कहवि कुलदेवयाए कुलरक्खानिविडनिहियचित्ताए । दिट्ठा रुट्ठाए सिरम्मि जोइया तीए सा पिडिया ।।२२१।। अणवरयझरंतवसारुहिरविलुंपिज्जमाणसव्वंगा । उव्विग्गमणा णियकम्मलज्जिया जाइ जा अडविं ।।२२२।। पावेइ अंधभावं मूलाओ उक्खयच्छिजुयल्लव्व । वसिमाभिमुहमइंती सज्जोच्चिय होइ सज्जक्खा ।।२२३।। अदिट्ठ पुव्ववइयरनिहालणाओ सकोउगमणेण । डिंभनियरेण अणुगम्ममाणमग्गा कयरवेण ।।२२४।। लोएण विहियधीधीरवेण पइमारियत्ति भणिऊण । अइदूरं

निप्पिहमाणसेण पायडियरोसेण ।।२२५।। खिंसिज्जंती पुरचच्चरेसु रच्छासु तह चउक्केसु । हिंडंती मग्गंती भिक्खामेत्तंपि अलहंती ।।२२६।। कलुणवयणा पलावे पए २ णेगहा कुणंती य । दिट्ठा तज्जणगजणेण मुणियकज्जेण भणियं च ।।२२७।। ही ही सीलविलंघणमलंघदुहलक्खखाणि-भूयमिणं । जत्तो एसा इह चेव पाविया आवइं गरुयं ।।२२८।। तो सोमाए निवेइयमम्मो! विरई इमस्स मे गहिया । पुत्ति! कयत्था सि तुमं मरणेवि इमा न मोत्तव्वा ।।२२९।। तत्तो थेवंतरमागयाण पडिओ पहम्मि दिट्ठीए । अच्चंतमसंतुट्ठो विवन्नवहणो णरो एगो ।।२३०।। कहमवि समुद्दमज्झाओ तीरभागं समागओ रोगी । मच्छाहारवसाओ परिभूओ सव्वलोएण ।।२३१।। लोभभुयंगमविसविंभलेण तेणं कयावि सुयमेयं । परवंचणापराओ धुत्तजणाओ भमंतेणं ।।२३२।। पुत्ते बलिम्मि गहिए अमुगट्ठाणम्मि जो निही अत्थि । सो उग्घडइ निहोडियदालिद्दविडंबणादुक्खो ।।२३३।। कसिणाए चउदसीए समयम्मि णिसाए तेण णियपुत्तो । दिन्नो निहाणरक्खाकराए देवीए खंडित्ता ।।२३४।। अच्चंतपाववसओ उग्घडिओवि हु न सो निही तस्स । फलिओ णाओऽण्णजणेण वंछिओ बली गओ तस्स ।।२३५।। निब्भच्छिओ जणेणं एसो अहमाहमो अदट्ठव्वो । अग्गेज्झनामगो एस एव महता समाणेण ।।२३६।। गहिओ नगरारक्खगलोएणं नग्गओ कओ संतो । चारगगेहाभिमुहं निज्जंतो चारविच्छुरिओ ।।२३७।। दिट्ठो जणगेहिं तओ पायमसंतोसफलमणुहवंतो । इय जाओ एस वियाणिओ य भणियं सदुक्खमहो ।।२३८।। लोभाभिभूयचित्ता जीवा गुणदोसणाणपरिहीणा । पावंति एरिसाइं अहह दुरंताइं वसणाइं ।।२३९।। ता सोमाए पयंपियमेसो लोभो भुयंगमोव्व मए । गाढं वियंभमाणो विथंभिओ तो समंतेण ।।२४०।। पुत्ति! तए अइसुंदरमायरियं जं पवन्नओ तोसो । एसो तुमए कहमवि न उज्झियव्वो खणद्धंपि ।।२४१।। आसवदाराण फलं पंचण्हमणुक्कमेण पासित्ता । संजायगरुयसंवेगभावियाइं समीवम्मि ।।२४२।। पत्ताइं ताइं गणिणीवसहीए वइससं इमं दिट्ठं । तत्थवि इमेहिं सहसा जह कोवि नरो निसासमए ।।२४३।। तिमिरभरनिब्भरे मंडगे उ वाइंगणेहिं भुंजंतो । कहमवि मुहंतराले छुढेणं विच्चुगेण मुहे ।।२४४।। अद्दिस्समाणदेहेण विद्धओ कंटगेण तिक्खेण । वंतरजाइत्तणओ तस्स विसं दारुण सहावं ।।२४५।। तत्तो उस्सूणमुहो संपत्तो दुक्खमइमहं तो सो । (ग्रंथाग्रं ९०००) णाणाविज्जपरिगओ पउत्तचित्तोसहसहस्सो ।।२४६।। उब्भीकयबाहुजुओ पीडावेसासगग्गिरगिरो य । अइविरसमारडंतो दिट्ठो परिभावियं च तओ ।।२४७।। रयणीभोयणफलमस्स भणइ सोमा मए परिच्चाओ । विहिओ इमस्स पुत्ते! जयम्मि ता तं कयत्था सि ।।२४८।। पेच्छामो तुह गुरुणिं गणिणिं निस्सेसदोसनिम्महणिं । तो सविणयं तदंते गयाइं पढमं पणमियाइं ।।२४९।। सेज्जायरस्स गिहचेइयाइं वसहीए संनिहाणम्मि । अव्ववहाणेण परिट्ठियाइं तत्तो सपरिवारा ।।२५०।। गणिणी अच्चुज्जलसीलसालिणीणं बहूण समणीणं । ताराणव ससिमुत्ती

मज्झम्मि बहुं विरायंती ।।२५१।। दिट्ठा हिट्ठमणेहिं सप्पणयं वंदिया भणइ सोमा । एसो मम जण-गजणो गणिणीयवि उच्चियनीईए ।।२५२।। दिट्ठाणि तओ कहिओ धम्मो पुच्छाणुसारओ तेसिं । ताओ पुण पुच्छाओ तदुत्तराइं च जाणेह ।।२५३।। (यथा सोमाजनलोकः-)को धम्मो धम्माणं जणम्मि रूढाणणेगभेयाणं ?। (गणिनी–)जं जीवाणं तसथावराण विहिणा दयाकरणं ।।२५४।। (सोमा–)पियसंगमाइयाणं सोक्खाणं तिहुयणम्मि किं सोक्खं ?। (गणिनी–)जं जरकोट्ठाईणं वाहीणमसंभवो देहे ।।२५५।। (सोमा–)इय भासणभोयणवसणदाणमाईण को भवो नेहो ?। (गणिनी–)जमवंचणं परोप्परमइणिउणं सव्वकज्जेसु ।।२५६।। (सोमा–)बहु सत्थब्भासाइसु किं भण्णइ पंडियत्तणं लोए ?। (गणिनी–)अप्पसुयाणवि पुरिसाण होइ जं निच्छओ कज्जे ।।२५७।। (सोमा–)किं दुक्करं मुणेउं गहनिवनारीजणाइचरिएसु ?। (गणिनी–)अइविसरिसविहवससं घडंतविहडंत कज्जगई ।।२५८।। (सोमा–)सोहग्गविहवभूसणवरभोयणपमुहवत्थुसु वरं किं ?। (गणिनी–)जो तारा पुंजुज्जलगुणाण लोए समुग्घाडो ।।२५९।। (सोमा–)को बंधवाइयाणं विहियपियाणं जणाण सुहगेज्झो?। (गणिनी–)आयारधणाण जणो सुयणो सुहगेज्झओ होइ ।।२६०।। (सोमा–)मंतकरिकुवियपन्नगपमुहाण को णु एत्थ दुग्गेज्झो ?। (गणिनी–)जणियप्पिओवि बहुसो एसो च्चिय दुज्जणो लोगो ।।२६१।। (सोमा–)का भन्नए अविज्जा सज्जणलोएण कहसु तं अज्जे ?। (गणिनी–)सव्वगुणवणदवग्गी जोहंकारो नराण मणे ।।२६२।। (सोमा–)कज्जुज्जयाण पुरिसाण किमिह सज्जं भणिज्जए चक्ख ?। (गणिनी–)सुपसत्थसत्थकहिया जे सुत्तत्था विणीयाण ।।२६३।। (सोमा–)का लच्छी उभयभवेसु होइ भवियाण भव्वपरिणामा ?। (गणिनी–)संतम्मि असंतम्मिवि विहवे संतोसकरणं जं ।।२६४।। (सोमा–)किमिह विसं थावरजंगमाइभेएणिमेसिं भिन्नाणं ?। (गणिनी–)विसयसुहस्सासेवणमसमंजस-विहिकयं जमिह ।।२६५।। एमाई बहुया पुण पुच्छाउ तहा तदुत्तराइंपि । लद्धाइं मुद्धजणदुल्लहाइं तो ताइं जायाइं ।।२६६।। जिणधम्मभद्दगाइं तह जह सुमिणेवि तीए वयणस्स । णो पडिबंधकराइं अविय तदुच्छाहणपराइं ।।२६७।। सा सिरिमई तहा सा सोमा परिपालिऊण जिणधम्मं । सुगइं गयाओ कालेण गलियकलिलासिवपयम्मि ।।२६८।।

इति श्रीमतीसोमाकथानकं समाप्तम् ।

अथ संग्रहगाथाक्षरार्थः –

श्रीपुरनगरे नन्दनदुहिता नाम्ना श्रीमती श्राद्धा जिनशासनश्रद्धानवती समासीत् । सोमा च तस्याः सखिका मैत्र्यस्थानं पुरोहितसुता, इति प्राग्वत् संजातेति ।।५५०।।१।।

कालेन तयोः प्रीतिवृद्धिरभूत् । धर्मविचारे प्रतिदिनं प्रवर्त्तमाने तस्याः सोमायाः संबोधिः सम्यक्त्वरूपा

समपद्यत । तथा, व्रतग्रहणेच्छा श्रावकजनयोग्यव्रताङ्गीकारवाञ्छा समजनिष्ट । श्रीमत्या च परीक्षा प्रस्तुता । तस्यां च झुंटणवणिग्दृष्टान्तो विहितः ।।५५१।।२।।

स चायम्—अङ्गदिका नाम नगरी । तस्यां च धनश्रेष्ठी समभूत् । अन्यदा च स्वामिपुरात् शंखश्रेष्ठी तत्राजगाम । तयोश्च व्यवहरतोर्दृढा प्रीतिरभूत् । तस्याः प्रीतेर्वृद्धिनिमित्तमजातापत्ययोरनुत्पन्नापत्ययोः, तथेति समुच्चये, दानं वरणकरणरूपमजायत ।।५५२।।३।।

समये च धनस्य पुत्रः शंखस्य दुहिता जाता । प्राप्तवयसोश्च तयोर्विवाहः कृतः । भोगाश्च प्रवृत्ताः । कथञ्चिद् भाग्यपरिहाणौ दारिद्र्यं समुत्पन्नम् । पत्नीभणनं पत्युरभूत्, यथा—गच्छ श्वशुरकुलं मदीयं पितृगृहमित्यर्थः । मार्ग्गय याचस्व झुंटणकं पशुविशेषम् ।।५५३।।४।।

'साणागिइ'त्ति श्वाकृतिः श्वाकारः, तको झुण्टणकः, खलुर्वाक्यालंकारे, कम्बलरत्नं च तस्य पशो रोमभिर्जायते षड्भिर्मासैरित्यर्थः । कर्त्तयाम्यहं महामूल्यं दीनारलक्षमूल्यमित्यर्थः ।।५५४।।५।।

स पुनः पशुरुत्संघट्टः शरीरसंघट्टविकलो न मोक्तव्यः । सदापि रात्रौ दिवा चेत्यर्थः । म्रियत इति कृत्वा, हसिष्यति च मूर्खलोकः कार्यपरमार्थमजानानो न नैव कार्यतः कार्यमपेक्ष्य स गणयितव्य इति ।।५५५।।६।।

प्रतिपन्नमिदं तेन तत्पतिना । गतश्च लब्धश्च स झुंटणकः, ततः श्वशुरकुलात्, नवरं केवलं 'अप्पाहिउ'त्ति शिक्षितश्च बहुशो बहून् वारान् तैरपि श्वशुरकुलमानुषैः, तथा तत्प्रकारं यल्लोकहसनं तत्र विषयभूते ।।५५६।।७।।

आगच्छंश्च ततः श्वशुरकुलाद् हस्यमानो मार्ग्गजनेन कथंचिद् महतो लज्जाभरात् तुच्छीभूतानयनोत्साहः सम्प्राप्तो निजपुरबहिरंगदिकानगरबहिःप्रदेशे मुक्तः आरामे, तथाप्रविष्टस्तु आराममुक्तपशुरेव च गृहे प्रविष्ट इति ।।५५७।।८।।

भणितश्च तया पत्न्या क्व स झुंटणकः ? स प्राह मुक्तो बहिरिति । सा प्राह हन्त भव्योऽसि त्वम्, यतो मृतकोऽसावेतावता कालेन, स्तोकफलं कम्बलरत्नं भविष्यति । न च लाभो यथा पूर्वं तथा तु तथा पुनरेतस्य पशोरिति ।।५५८।।९।।

प्रस्तुते योजयन्नाह—झुंटणतुल्यः प्रस्तुतपशुसदृशो धर्म्मः शुद्धः पारमार्थिकः । एतस्मिन् धर्मे योजयितव्यमिदं झुंटणगतमुदाहरणं सर्वमशेषं निजबुद्ध्या । कथमित्याह—अशुभशुभफलत्वादिति अशुभशुभफलत्वेन, आदिशब्दात्पुनर्दुर्ल्लभत्वादुर्लभत्वाभ्यामिति । इदमुक्तं भवति—यादृशो धनपुत्रस्तादृशोऽयं गुणदरिद्रः संसारी जीवः । यथा च पत्नीवचनोत्साहाज्झुंटणलाभार्थं श्वशुरकुलमसौ जगाम, लब्धवांश्च तं तत्र, एवं मोहनीयक्षयोपशमात् श्वशुरकुलतुल्यं गुरुकुलं झुंटणतुल्यं धम्म लब्धुं

कश्चिद् गच्छति, लभते च तं तत्र । यथाऽसौ तथाशिक्षितोऽपि मन्दभाग्यतया लोकोपहासभयादन्तराल एव स्वशरीराद् उत्संघट्टीकृत्य मुमोच, तथायमपि दीर्घसंसारितया लब्धमपि धर्मं तथाविधलोकाविज्ञातभावभयादकृतकार्यमेव समुज्झति । यथाऽसौ झुंटणपरित्यागे बहुदुःखितो बभूव तथाऽसौ प्रस्तुत धर्मत्यागे । यथा तस्य पुनः स दुर्लभो बभूव, तथा तस्य मुक्तः प्रस्तुतो धर्मः । एतदेव च लोकोपहासभयादन्तराल एव स्वशरीरादुत्संघट्टीकृत्य मोचनं सर्वं योजनीयमिति ।।५५९।।१०।।

इत्थं झुंटणदृष्टान्तं सोपनयमभिधाय प्रस्तुते योजयति-न नैवेदृशानां झुंटणवणिक् सदृशानामेष धर्मो दातव्यः । किमर्थमित्याह—तेषामेव तु धर्मं । ग्रहीतुमुपस्थितानामेव हितार्थम्, दृष्टान्तमाह—गाढग्लानादीनां प्रबलज्वरादिरोगोपहतानां स्नेहादियुत इव घृतगुडादिसन्मिश्रित इवाहारः सूपोदनादि ।।५६०।।११।।

सोमाह ब्रवीति नेदृशा एव झुंटणवणिक्कल्पाः सर्वे प्राणिनो भवन्ति नियमेन । कुतः यतो बुद्धियुता अपि, हुर्यस्मादर्थे, अन्ये केचन भवन्ति । अत्र च गोव्वरवणिजा दृष्टान्तः ।।५६१।।१२।।

तमेव दर्शयति—विश्वपूर्यां नगर्यां प्रकटं प्रसिद्धो दत्तो नाम नौवित्तको बभूव । अथ कथञ्चित् कालेन गच्छता दारिद्र्यमुत्पन्नं तस्य । ततः 'अप्पाहियसरणं'ति परलोकप्रयाणप्रस्थितेन पित्रा या शिक्षा दत्ता तस्याः स्मरणमभूत् । अप्पाहियमेव दर्शयति-अभेद्ये मंजूषादौ स्थाने ।।५६२।।१३।।

या ताम्रककरण्डी तस्यां पट्टकः समस्ति । तत्र च गोतमद्वीपविशेष एव 'कज्जवोज्झना' उत्कुरुटिकाकचवरप्रक्षेपः कार्यः । तत्र कृते रत्नतृणचारिगोदर्शनं भविष्यति । ततो गोबरे तासां गवां छगणे रत्नानि भविष्यन्तीति लिखितमास्ते ।।५६३।।१४।।

ततो ज्ञात्वेदं पट्टकलिखितं वस्तु पश्चान्नगर्यामेवमाह सर्वत्र त्रिकचतुष्कादौ । यदाह तदेव दर्शयति—बुद्धिरस्ति, नास्ति विभवः । ग्रहोऽस्य च वर्त्तते इतिकृत्वाऽवधीरितो लोकेन । राज्ञा श्रुतमेतदस्य व्याहरणम् ।।५६४।।१५।।

शब्दयित्वा भणितो गृहणीत विभवमिति । लक्षग्रहणं तु ततस्तेन दीनारलक्षग्रहणं च कृतम्, ततः 'तद्दीवन्नूनिज्जामग'त्ति गोतमद्वीपज्ञनिर्यामको गृहीतः । वहनभरणं कचवरस्य विहितम् ।।५६५।।१६।।

एवं च विहिते हसति लोकः अहो ? ग्रहगृहीतव्यवहारः । गमनं तत्र द्वीपे । तथा कज्जवोज्झनं चैव । तत्र विहिते गोदर्शनं गोमयभरणं वहनानामत्यर्थमिति ।।५६६।।१७।।

आगमनं निजनगरे । ततो राजदर्शनम् । आनीतम् त्वया द्वीपान्तरात् किमिति राजप्रश्ने गोबरो देव! आनीत इत्युत्तरं दत्तम् । राजा प्राह—उच्छुल्कं तव भाण्डम् । प्रसाद इति तेन भणिते हसनं लोकस्य । प्रवेशना ततः स्वगृहे भाण्डस्य ।।५६७।।१८।।

समये चाग्निज्वालनं गोमयपिण्डानाम् । ततो रत्नानि व्यक्तीभूतानि । अतश्च विक्रयेण रत्नानां परिभोगोऽन्नादिगोचरः समजनि । एवं च लोकपूज्यत्वं तथा लोकोपहासावधीरणेन यो निश्चयः कार्यगतस्तस्मात्प्राप्तमेतेन भव्यसत्त्वेन कल्याणयोग्यजीवेनेति ।।५६८।।१९।।

पट्टकसदृशी आज्ञा, एवमादीहापि धर्मविषये योजनीयमेव निःशेषं निजबुद्ध्या ज्ञायकेन सता यथाविषयं यथायोगमिति । तथाहि—पट्टकसदृशी आज्ञा, पितृस्थानीयो गुरुः, उपहासस्थानीया अन्य-जनवादाः, ग्रहित्वस्थानीयं स्वाभिप्रायस्य ज्ञानं लोके स्वप्रकाशनं, रत्नस्थानीयो धर्म इति ।।५६९।।२०।।

ईदृशानां गोबरवणिक्सदृशानां धर्मो दातव्यः परहितोद्यतेन गुरुणा । इह जगत्यात्मंभरित्वमितरथा ईदृशानामप्यदाने । यदि नामैवं ततः किमित्याह—तदात्मंभरित्वमनुचितमीश्वराणामिव ।।५७०।।२१।।

एवं लब्धतदभिप्रायया श्रीमत्या नीता व्रतिनीसमीपं साध्वीसकाशम् । किमित्याह—प्रतिश्रयं वसतिम् । किमित्याह—साधयित्वा वृत्तान्तं न कल्पते मम व्रतदानं कर्त्तुं, किन्तु प्रवर्त्तिन्या एवेतिरूपम् । तत्रापि प्रतिश्रये गता प्रवर्त्तिन्या महत्तरया यथाविधि उचितसम्भाषणादिना विधिनेत्यर्थः दृष्टा सा । इति प्राग्वत् ।।५७१।।२२।।

दानादिभेदभिन्नः कथितो धर्मश्चतुर्विधस्तस्याः, कर्मोपशमेन तथा सोमायाः परिणतश्चैव ।।५७२।।२३।।

ततो विधिनाऽणुव्रतग्रहणं पालनमनुवर्त्तनं तस्य । ततोऽप्रीतिकं गुरुजनस्य । भणितं च तेन छर्द्दय मुञ्च इमं धर्मम् । तयोक्तं—गुरुमूले मोक्तव्यः । ततस्तेषां तत्र गुरुमूले नयनमारब्धम् ।।५७३।।२४।।

कुशलया सोमया चिन्तितमिदं, यथा—संमुखवचनं प्रत्युत्तरदानरूपं गुरूणां मातापित्रादीनां नो नैव युक्तम् । तथा च तत्र प्रवर्तिनीदर्शनेनैतेषामपि गुरूणां बोधिर्भविष्यति ।।५७४।।२५।।

गच्छद्भिश्च तैर्दृष्टं वणिग्गृहे वैशसमसमंजसं महाघोरम् । किं तदित्याह—हिंसाऽनिवृत्तेर्विजृम्भितं कुलविनाशकरम् ।।५७५।।२६।।

दुःशीलाऽगारी गृहस्था । सा च भृतके लग्ना । तया च सुतघातनं त्वया विधेयमिति तेन सह संगारः संकेतः कृतः । ततःप्रेषणं ग्रामे तयोर्यौगपद्येन कृतम् । सुतेन तद्घातनम् । ततः केवलागमनं केवलस्यैव सुतस्य गृहागमनमजनीति ।।५७६।।२७।।

तयाप्यगार्या तस्य वधनं घातः कृतः शिलया प्रतीतरूपया, वध्वा तस्या असिकेन । चुल्लीपुत्रकेण दुहितुर्निवेदनमित्यर्थः । हा किमेतदिति बोलः कोलाहलो जातः ।।५७७।।२८।।

लोकमिलने वचनं प्रवृत्तं त्वयापि किं न एषा वधूर्मातृघातिका घातिता ? साऽऽह—हिंसाया निवृत्ताऽहम् भणितं च जनेन एतदनिवृत्तिर्हिंसाया अविरमणमहो पापेति ।।५७८।।२९।।

तया सोमया भणितौ च गुरू मयाप्येकं तावद् व्रतमिदं हिंसानिवृत्तिरूपं गृहीतं वर्त्तते, तत्किं मोक्तव्यमिदमिति पृष्टे तावाहतुः—न नैव मोक्तव्यम्-आस्तामिदं व्रतमिति ।।५७९।।३०।।

एवं यथा पथि गच्छद्भ्यां गुरुभ्यां कुटुम्बमारी दृष्टा; तथा, विनष्टवहनः कश्चिन्नौवित्तको द्वीपान्तरे मन्दः सन् भृतकेन कर्मकरेण सुष्ठु सादरं प्रतिजागरितः, तुष्टश्चासौ तं प्रति दुहितृदाता वणिक् सम्पन्नः, स च भृतकेनोक्तः—विवादे कथंचित्प्रवृत्ते जीवकाः पक्षिविशेषाः, ते चाभिज्ञाश्च साक्षिणः, तेभ्यो विज्ञेयो भवान् मिथ्याभाषी व्यवहारे इति ।।५८०।।३१।।

गृहागतश्च महेलादिवशाद् विलोट्टो दुहितृदानं प्रति सः । ततो विवादो जातः । भृतकेन राज्ञः शिष्टो निवेदितो दुहितृदानव्यवहारः । इति प्राग्वत् । तथा, देव! पक्षिणः साक्षिणो वर्त्तन्ते, इति पक्षिसाक्ष्ये प्रतिपादिते नृपानुज्ञातेन तेन गत्वा ते आनीताः । विस्मयश्च राज्ञः संवृत्तः । ततः 'विरलं'ति संनिहितजनापसारणे कृते । ततः पृच्छा च प्रवृत्ता, यथा— ।।५८१।।३२।।

कुत्र साक्ष्यमेषाम् । ततश्छगणे गोमये कृमिदर्शनेन-चञ्चूप्रान्तभागेन कृमीणां कीटकानां भोजनार्थं निक्षिप्तानां दर्शनमन्येषां परिपार्श्वतोऽवस्थितानां स्वत एव क्रियमाणं पश्यतां प्रयोजनं तेन तैः साक्ष्यं कृतम् । कथमित्याह—ईदृशैः कर्मभिरलीकभाषणरूपैरेवंरूपगोमयभक्षकैर्भूयत इति । ततो घाटितश्चासौ धिक्कारहतश्चेति घाटितधिक्कारहतो दृष्टः सोमाजनकलोकेन । ततो द्वितीयेऽपि च व्रते मुच्यमाने निषेधः कृतः ।।५८२।।३३।।

एवमेव तिलस्तेनः स्नानार्द्रः कथमपि हट्टसंवर्त्तो गोप्रेरितः संस्तिलपतितः-तिलराशिमध्ये निमग्नः तैस्तिलैः समं तथार्द्र एव गतो गेहमिति ।।५८३।।३४।।

जनन्या प्रच्छाद्य तिलान् लोचयित्वा निस्तुषीकृत्य प्रतिदत्तखादितो मयूराण्डः कृतः । ततो मयूराण्डकभक्षणात् तस्मिंस्तिलस्तैन्ये प्रलग्नो बह्वादरो वृत्तः, तथा स्नानार्द्रप्रकारेण पुनरिति पुनःपुनर्हततिलनिकरः ।।५८४।।३५।।

एवमेव तिलवच्छेषेऽपि वस्त्रादौ प्रलग्नः । गृहीतो राजपुरुषैः । ततो जनन्याः खादितः स्तनखण्डः । परिच्छिन्नकः कृत्तहस्तपादावयव इत्येवंरूपो दृष्टः । निवारणा नवरं केवलं तृतीयेऽपि व्रते मुच्यमाने कृते ।।५८५।।३६।।

एवं घोटकघटिता घोटकरक्षानियुक्तपुरुषविशेषप्रसक्ता दुःशीला काचिन्महिलामोहात् कामोन्मादाद् महापापा । कीदृशी विनिपातितभर्त्तृका परिष्ठापयन्ती तकं भर्त्तारं घोरा रौद्रप्रकृति ।।५८६।।३७।।

देवतायोजितपिटिका मस्तकेनैव सह संयोजितहतभर्तृनिक्षिप्तपिटिका गलद्वसारुधिरभृतस्तनपृष्ठा अन्धा सती पलायमाना वनं प्रति, निवर्त्तमाना च पुरं प्रति सज्जाक्षा भवन्ती ।।५८७।।३८।।

डिम्भकवृन्दपरिगता खिंस्यमाना जात्योद्घट्टनतो जनेन रुदती करुणस्वरैर्दृष्टा धिग्जातीया सोमाजनकलोकेन । एवं चैवमेव चतुर्थप्रतिषेधो वृत्तः ।।५८८।।३९।।

एवमसन्तोषाल्लोभोद्रेकलक्षणाद् विपन्नवहनो विनष्टयानपात्रः समुद्रात् कथंचिदुत्तीर्णो मत्स्याहार-स्यायोगोऽसम्यक्प्रयोगस्तस्मादत्यन्तं व्याधिपरिभूतः कुष्ठाभिधानिष्टव्याधिविधुरितः सञ्जातः ।।५८९।।४०।।

ततस्तेनाकर्णितं यन्निधिः सुतबलिदानं तस्मात्, तत्फलो निधिलाभफलः 'पउत्ते'त्ति प्रयुक्तो विधिः पुत्रबलिदानलक्षणः परम्, अफलो वृत्तः । कुत इति चेत्, यतस्तदन्यगृहीतस्तस्मात् पुत्रबलिदायकादन्येन केनचिद् गृहीतः प्रागेव निधिरिति । विज्ञातश्चासौ नगरराजैर्नगरारक्षकैर्यथाऽयं निधानार्थे दत्तपुत्रबलिः ।।५९०।।४१।।

तत उत्क्षुभ्यमाणो निन्द्यमानो बहुजनधिक्कारितो धिक्कारमानीतो वसनहीनो वस्त्रविकलो दृष्टः कश्चिद्दरिद्रः । ततो जनकलोकेन प्रतिषेधः पञ्चमेऽपि व्रते परित्यज्यमाने कृतस्तथा यथा प्राच्येष्विति ।।५९१।।४२।।

प्राप्तानि ततः सोमाजनकमानुषाणि, एवं पूर्ववत् संविग्नानि प्रतिश्रयसमीपं गणिनीसंनिधानम् । तत्रापि च वैशसमिदं दृष्टमेतैः सोमाजनकमानुषैः सहसेति ।।५९२।।४३।।

वैशसमेव दर्शयति—रात्रौ भुञ्जानो भोजनं कुर्व्वन् । कैरित्याह—मण्डकवृन्ताकैः कश्चिद् नरः पुमान् । किं कृत्वेत्याह—'विच्चुं'ति वृश्चिकं 'छोढूण' क्षिप्त्वा मुखेऽदृष्टकमज्ञातमेव । ततो विद्धकस्ताडि-तस्तेन वृश्चिकेन ।।५९३।।४४।।

व्यन्तरजातिविषाद्-भावप्रधानत्वान्निर्देशस्य व्यन्तरजातिविषत्वाद् वृश्चिकस्य, उच्छूनमुखः सम्पन्नश्वय-थुवदनोऽत एव महाव्यसनप्राप्तश्चैकित्सिकपरिकरितौ वैद्यसंघातसमन्वितः प्रयुक्तचित्रौषधनिधानः ।।५९४।।४५।।

उद्वेल्लमानः कृताङ्गभङ्गो बहुशः सगद्गदं विरसमारटंश्च । दृष्ट इति सम्बध्यते । ततो हा दुष्टमिदं पापं रात्रिभोजनमिति मन्यमानानां तेषां जातः षष्ठे व्रते परित्यागस्य प्रतिषेधः ।।५९५।।४६।।

अत्रान्तरे सोमयाभिहितमेष त्वेष एव मया गृहीतः, प्रायो बाहुल्येन, धर्मः, अन्येषामपि नियमविशेषाणां केषांचिद् ग्रहणादेवमुक्तमिति । ततश्च ते सोमाजनकलोका आहुर्ब्रुवते—पालयेस्त्वं यत्नेन, प्रेक्षामहे,

**तथाचेति समुच्चये, तां तव गुरुत्वाभिमतां व्रतिनीमिति ।।५९६।।४७।।**

**गमनं प्रतिश्रये चैत्यवन्दनं सन्निहितशय्यातरगृहे चैत्यप्रतिमानाम् । ततः सोमया गणिनीसाधनं यथैष मम गुरुलोक इति । तया गणिन्या 'उचियपडिवत्ती' इति उचितप्रतिपत्त्या पूर्वाभाषणादिकया देशनमकारि । तोषस्तेषां संवृत्तः । धर्मकथा सामान्येन जाता । प्रच्छनं विशेषेण केषाञ्चिदर्थानां तैः कृतम् । कथनं गणिन्या एवं च वक्ष्यमाणनीत्या ।।५९७।।४८।।**

**इदं च महता प्रबन्धेन व्याख्यातत्वात् सुगमत्वाच्च न व्याख्यायते । एवमादीनि प्राग्गाथाग्रन्थोक्तानि यानि पृच्छाव्याकरणानि, तेभ्यस्तथा भद्रकाणि जातानि, यथा तस्या धर्मविघ्नं प्रायः स्वप्नेऽपि न कुर्व्वन्तीति ।।५९८।।५९९।।६००।।**

**ભાવાર્થ :-**

શ્રીપુર નગરમાં શ્રીમતી શ્રેષ્ઠીપુત્રી હતી. તે શ્રાવિકા હતી અને નયનિપુણતાપૂર્વક વ્રતોના પાલન કરવામાં પ્રયત્નવાળી હતી તેથી પુરોહિતપુત્રી એવી સોમા તેના પરિચયથી વ્રતના પરિણામવાળી થઈ, તોપણ તેને વ્રત આપવા પૂર્વે ઝુંટણકનું દૃષ્ટાંત આપે છે જેનાથી શ્રીમતી સોમાને બોધ કરાવે છે કે લોકસંજ્ઞાનો ત્યાગ કરીને ગ્રહણ કરાયેલાં વ્રતોને આત્માની સાથે અંગાંગીભાવરૂપે પરિણમન પામે તે રીતે સેવવાં જોઈએ અને એ રીતે સેવનાર પુરુષ જ સ્વીકારાયેલા ધર્મના ફળને પામે છે. તેથી એ ફલિત થાય કે વ્રત ગ્રહણ કરનાર મહાત્મા સદા સર્વવિરતિ સાથે દેશવિરતિનું પ્રતિસંધાન કરીને સર્વવિરતિના બળનો સંચય થાય તે રીતે દેશવિરતિનું પાલન કરતા હોય તો અત્યંત ઉપયોગપૂર્વક પાલન કરાયેલી દેશવિરતિથી પ્રશમભાવની પ્રાપ્તિ થાય છે જે અંગાંગીભાવરૂપ દેશવિરતિનું પાલન છે. જેનાથી તે વ્રતો જ સંવરભાવની વૃદ્ધિ દ્વારા સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બને છે અને જેઓ તે પ્રકારે અંગાંગીભાવથી વ્રતો સેવતા નથી તેઓ લોકસંજ્ઞાને સામે રાખીને સર્વ લોકો જે પ્રમાણે કરતા હોય તે પ્રકારે વ્રતો સેવે છે જેથી તેઓનાં વ્રતો પ્રશમભાવની વૃદ્ધિ દ્વારા ઉત્તરોત્તર ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ બનતાં નથી.

વળી, સામાન્યથી ધર્મ કરનારા લોકોનું પણ માનસ છે કે પોતાની ક્રિયાથી વિલક્ષણ પ્રકારની ધર્મની પ્રવૃત્તિ જોઈને શુદ્ધ ધર્મ કરનારાઓનો પણ તેઓ ઉપહાસ કરે છે. તેથી લોકોના ઉપહાસના ભયથી જેઓ સ્વીકારાયેલા ધર્મનો ત્યાગ કરે છે તેઓ ધર્મ આપવા માટે અયોગ્ય છે અને આ દૃષ્ટાંતના પરમાર્થને જાણીને સોમાએ પણ તેવું નયનિપુણદૃષ્ટિથી ગોબર વણિકનું દૃષ્ટાંત બતાવ્યું જેનાથી એ પ્રાપ્ત થાય કે જેમ તે ગોબર વણિક લોકના ઉપહાસની ઉપેક્ષા કરીને ગૌતમદ્વીપમાં ગયો અને ઘણા રત્નોને પામીને સુખી થયો તેમ જેઓ લોકના ઉપહાસની ઉપેક્ષા કરીને સ્વીકારાયેલાં વ્રતોનું અણીશુદ્ધ પાલન કરવા યત્ન કરે છે તેઓનો વ્રતનો પરિણામ સ્વભૂમિકા અનુસાર પ્રશમભાવની વૃદ્ધિનું કારણ બને છે.

આ રીતે સોમાના વચનથી શ્રીમતીને ખાત્રી થઈ કે આ સોમા પણ અવશ્ય વ્રત સ્વીકારીને લોકસંજ્ઞાના ત્યાગપૂર્વક વ્રત પાળશે તેથી ગુરુણી પાસે જઈને તેને વ્રત અપાવ્યું અને જ્યારે કુટુંબીઓને તેના વ્રતના

વિષયમાં વિરોધ થયો ત્યારે પણ સોમાએ નિપુણતાપૂર્વક તેઓને સમજાવીને વ્રતો પ્રત્યેની રુચિવાળા કર્યા પરંતુ લોકસંજ્ઞાને વશ થઈને વ્રતનો ત્યાગ કર્યો નહીં.

વળી, સ્વજનો સાથે સોમા ગુરુણી પાસે જાય છે. ત્યાં સ્વજનો પણ નિપુણતાપૂર્વક તે ગુરુણીને પ્રશ્નો કરે છે અને સાધ્વીજી તેમને યોગ્ય ઉત્તરો આપે છે. તે આ પ્રમાણે છે –

**પ્રશ્ન :-** 'ધર્મ શું છે ?'

**ઉત્તર :-** 'જીવદયા.' આ જીવદયા કઈ રીતે ધર્મ છે તેનો પણ સાધ્વીજી સોમાના સ્વજનોને યથાર્થ બોધ કરાવે છે.

**પ્રશ્ન :-** 'શું સુખ છે ?'

**ઉત્તર :-** 'જીવનું ભાવઆરોગ્ય એ સુખ છે. જેમ શરીરના રોગથી જીવ દુઃખી છે તેમ કષાયોરૂપી ભાવરોગથી જીવ દુઃખી છે અને તે ભાવરોગના નાશથી જે આરોગ્ય પ્રગટે છે તે સુખ છે.'

**પ્રશ્ન :-** 'પોતાના આત્મા ઉપરનો સ્નેહ શું છે ?'

**ઉત્તર :-** 'પોતાના આત્માની હિતચિંતારૂપી સદ્ભાવ એ જ પોતાના આત્મા ઉપરનો સ્નેહ છે.'

**પ્રશ્ન :-** 'પંડિતપણું શું છે ?'='બુદ્ધિમાનપણું શું છે ?'

**ઉત્તર :-** 'આત્માના પારમાર્થિક સ્વરૂપનું જ્ઞાન કરવું તે જ બુદ્ધિમાનપણું છે; કેમ કે આત્માના સ્વરૂપના જ્ઞાનથી આત્માના હિતને અનુકૂળ પ્રવૃત્તિ થાય છે.'

**પ્રશ્ન :-** 'જગતમાં વિષમ શું છે?'

**ઉત્તર :-** 'સંસારી જીવોનાં કૃત્યોની ગતિ વિષમ છે; કેમ કે મૂઢતાથી કૃત્યો કરીને જીવો સ્વનું જ અહિત કરે છે.'

**પ્રશ્ન :-** 'વિવેકી પુરુષથી શું પ્રાપ્ત કરાયું કે જેથી તે પોતાનું હિત કરી શકે છે ?'

**ઉત્તર :-** 'ગુણગ્રાહીજન જે પ્રાપ્ત કરે છે તે પરમાર્થથી હિતકારી વસ્તુની પ્રાપ્તિ છે; કેમ કે ગુણગ્રાહી દૃષ્ટિથી પોતાના દોષોનો ઉચ્છેદ થાય છે.'

**પ્રશ્ન :-** 'સુખનું કારણ એવું ગ્રાહ્ય શું છે ?'

**ઉત્તર :-** 'સુયત્ન=નિપુણતાપૂર્વક આત્માનું હિત થાય તેવો યત્ન જીવ માટે સુખગ્રાહ્ય છે.'

**પ્રશ્ન :-** 'દુઃખગ્રાહ્ય શું છે ?'

**ઉત્તર :-** 'ખલલોક અર્થાત્ જેઓ બીજાનાં છિદ્રો જોવાના સ્વભાવવાળા છે એવા ખલલોકો ધર્મમાં પ્રવૃત્તિ કરનારા જીવો માટે પણ વિઘ્નરૂપ છે અને તેઓનું વારણ કરવું પણ દુષ્કર છે.'

આ વગેરે પૃચ્છાથી સોમાના સ્વજનો પણ ભદ્રક પ્રકૃતિવાળા થયા તેથી સ્વપ્નમાં પણ સોમાને ધર્મ કરવામાં વિઘ્ન કરતા નથી. **॥૫૫૦થી ૬૦૦॥**

**અવતરણિકા :-**

**इत्थं श्रीमतीसोमोदाहरणमभिधाय प्रस्तुते योजनामाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે શ્રીમતી અને સોમાના ઉદાહરણને કહીને પ્રસ્તુતમાં=ગુણસ્થાનકના પરિણામમાં, યોજનાને કહે છે –**

**ગાથા :-**

**गुणठाणपरिणामे संते जीवाण सयलकल्लाणा ।**
**इय मग्गगामिभावा परिणामसुहावहा होंति ।।६०१।।**

**અન્વયાર્થ :-**

**गुणठाणपरिणामे संते=ગુણસ્થાનકનો પરિણામ હોતે છતે, इय मग्गगामिभावा=આ રીતે માર્ગાનુસારી ભાવ હોવાને કારણે=સોમાના દૃષ્ટાંતમાં બતાવ્યું એ રીતે માર્ગાનુસારી ભાવ હોવાને કારણે, जीवाण=જીવોનાં, सयलकल्लाणा=સકળ કલ્યાણો, परिणामसुहावहा होंति=પરિણામે સુખને લાવનારાં થાય છે. ।।૬૦૧।।**

**ગાથાર્થ :-**

**ગુણસ્થાનકનો પરિણામ હોતે છતે આ રીતે માર્ગાનુસારી ભાવ હોવાને કારણે=સોમાના દૃષ્ટાંતમાં બતાવ્યું એ રીતે માર્ગાનુસારી ભાવ હોવાને કારણે, જીવોનાં સકળ કલ્યાણો પરિણામે સુખને લાવનારાં થાય છે. ।।૬૦૧।।**

**ટીકા :-**

**गुणस्थानकपरिणामे उक्तलक्षणे सति जीवानां सकलकल्याणानि, इत्येवं माग्गर्गानुगामिभावात् शुद्धनीतिपथानुसरणलक्षणात्, परिणामसुखावहानि परंपरया सुखानुबन्धप्रधानानि भवन्ति । गुणस्थानक-परिणामवन्तो हि जीवा नियमाद् माग्गर्गमेवानुसरन्ति, उन्माग्गर्गानुसरणकारिणो मिथ्यात्वादेः कर्मक्षयेणैव गुणस्थानकपरिणामसंभवात् । ततः सकलकल्याणलाभः सम्पद्यत इति ।।६०१।।**

**ભાવાર્થ :-**

ગુણસ્થાનકનો પરિણામ એટલે તત્ત્વાતત્ત્વભાવનો સમ્યગ્ નિર્ણય કરીને તત્ત્વની પ્રાપ્તિને અનુકૂળ માર્ગાનુસારી ઉચિત પ્રવૃત્તિ અને જે જીવોને તેવો ગુણસ્થાનકનો પરિણામ થયો છે તે જીવો ગુણસ્થાનકના પરિણામને કારણે આલોકમાં અને પરલોકમાં સર્વ પ્રકારના કલ્યાણને પ્રાપ્ત કરે છે; કેમ કે ગુણસ્થાનકના પરિણામને કારણે તેઓ હંમેશાં અંતરંગ ક્લેશ ક્ષીણ થાય તે રીતે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તેથી મોહનાશને અનુકૂળ માર્ગગામી ભાવમાં તે જીવો સતત વર્તે છે તેના કારણે પરિણામથી સુખના પ્રવાહને જ તેઓ પ્રાપ્ત

કરે છે; કેમ કે જેમ જેમ ચિત્તમાં ક્લેશ નાશ થાય છે તેમ તેમ વર્તમાનમાં સુખ થાય છે અને પરલોકના સુખની પરંપરાનું કારણ થાય તેવા પુણ્યાનુબંધી પુણ્યનો સંચય થાય છે. વળી, ગુણસ્થાનકનો પરિણામ હંમેશાં જીવની અક્લેશ અવસ્થાની ઉત્કટ ઇચ્છાથી અક્લેશ અવસ્થાની પ્રાપ્તિનું કારણ બને તેવી સ્વભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરાવે છે. તેથી જેમ શ્રીમતીએ અને સોમાએ સ્વીકારેલાં વ્રતોને અંગાંગીભાવ રૂપે પાળીને પોતાનું હિત સાધ્યું તેમ ગુણસ્થાનકના પરિણામવાળા જીવો સુખની પરંપરાને પ્રાપ્ત કરે છે. **॥૬૦૧॥**

**અવતરણિકા :-**

**अथ महाव्रतान्यधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે મહાવ્રતોને આશ્રયીને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં અણુવ્રતમાં સ્થિર પરિણામવાળા મહાત્માઓ કેવી રીતે વ્રતના પરિણામને અંગાંગીભાવ કરે છે તે બતાવ્યું. હવે મહાવ્રતમાં સ્થિર પરિણામવાળા મહાત્માઓ કઈ રીતે વ્રતના પરિણામને અંગાંગીભાવ કરે છે તેને આશ્રયીને કહે છે –

**ગાથા :-**

**गुणठाणगपरिणामे महव्वए तु अहिगिच्च णायाइं ।**
**समिईगुत्तिगयाइं एयाइं हवंति णेताइं ।।६०२।।**

**અન્વયાર્થ :-**

**गुणठाणपरिणामे तु=વળી, ગુણસ્થાનકનો પરિણામ હોતે છતે, महव्वए अहिगिच्च=મહાવ્રતોને આશ્રયીને, समिईगुत्तिगयाइं एयाइं णायाइं=સમિતિ-ગુપ્તિ આદિ ગત આ દૃષ્ટાંતો, णेताइं हवंति=જ્ઞાતવ્ય થાય છે. ।।૬૦૨।।**

**ગાથાર્થ :-**

**વળી, ગુણસ્થાનકનો પરિણામ હોતે છતે મહાવ્રતોને આશ્રયીને સમિતિ-ગુપ્તિ આદિ ગત આ દૃષ્ટાંતો જ્ઞાતવ્ય થાય છે. ।।૬૦૨।।**

**ટીકા :-**

**गुणस्थानकपरिणामे उक्तलक्षणे सति महाव्रतानि, तुः पुनरर्थे, अधिकृत्याश्रित्य ज्ञातान्युदाहरणानि समितिगुप्तिगतानि समितिगुप्तिप्रतिबद्धान्येतानि भवन्ति ज्ञेयानि । समितिगुप्तीनां महाव्रतरूपत्वेनेत्थमुपन्यासः कृतः ।।६०२।।**

**ભાવાર્થ :-**

શ્રીમતી અને સોમાના ઉદાહરણથી પૂર્વમાં અણુવ્રતને આશ્રયીને અંગાંગીભાવ પરિણામવાળા શ્રાવકો કેવા હોય છે તેનું સ્વરૂપ બતાવ્યું. હવે પાંચ મહાવ્રતોને આશ્રયીને ગુણસ્થાનકના પરિણામવાળા સાધુ કેવા હોય છે તેને બતાવવા માટે સમિતિ-ગુપ્તિઆદિને આશ્રયીને આગળમાં બતાવાશે તે દૃષ્ટાંતો જાણવાં. તે દૃષ્ટાંતોના બળથી ભાવથી ગુણસ્થાનકના પરિણામવાળા મુનિઓ કેવા હોય છે તેનો બોધ થાય છે. **॥૬૦૨॥**

**અવતરણિકા :-**

**अथ समितिसंख्यां स्वरूपं चाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે સમિતિની સંખ્યા અને સ્વરૂપને કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૬૦૨માં કહ્યું કે મહાવ્રતવાળા જીવોના ગુણસ્થાનકનો પરિણામ હોય ત્યારે તેઓ સમિતિ-ગુપ્તિના સ્થિર પરિણામવાળા હોય છે અને તેને આશ્રયીને દૃષ્ટાંત બતાવવાનાં છે તેથી સમિતિ-ગુપ્તિમાંથી સમિતિ કેટલા પ્રકારની છે અને તેનું સ્વરૂપ શું છે તે હવે બતાવે છે જેથી સમિતિ-ગુપ્તિના બળથી મહાવ્રતના પરિણામવાળા સાધુનો બોધ થાય.

**ગાથા :-**

**इरियासमियाइयाओ समितीओ पंच होंति नायव्वा ।**
**पवियारेगसराओ गुत्तीओऽतो परं वोच्छं ।।६०३।।**

**અન્વયાર્થ :-**

**इरियासमियाइयाओ समितीओ पंच नायव्वा होंति=ઈર્યાસમિતિ આદિ સમિતિઓ પાંચ જ્ઞાતવ્ય થાય છે. पवियारेगसराओ=(સમિતિઓ) પ્રવિચારને એક અનુસરનારી હોય છે. गुत्तीओऽतो परं वोच्छं=હવે પછી અમે ગુપ્તિઓને કહીશું. ॥૬૦૩॥**

**ગાથાર્થ :-**

**ઈર્યાસમિતિ આદિ સમિતિઓ પાંચ જ્ઞાતવ્ય થાય છે. સમિતિઓ પ્રવિચારને એક અનુસરનારી હોય છે. હવે પછી અમે ગુપ્તિઓને કહીશું. ॥૬૦૩॥**

**ટીકા :-**

**ईर्यासमितिर्भाषासमितिरेषणासमितिरादानभाण्डमात्रनिक्षेपणासमितिरुच्चारप्रस्रवणखेलसिंघाण-जल्लपरिष्ठापनिकासमितिरितिनामिकाः समितयः पञ्च भवन्ति ज्ञातव्याः । किंलक्षणा इत्याह–**

**प्रवीचारैकसराः प्रवीचाराः कायवचसोश्चेष्टाविशेषाः, तमेवैकं सरन्त्यनुवर्त्तन्ते यास्तास्तथा, समिति संगतवृत्त्या इतिः प्रवृत्तिरित्यर्थयोगात् । गुप्तीरतः परं वक्ष्य इति ।।६०३।।**

**ભાવાર્થ :-**

સાધુઓ ષટ્કાયના પાલનના પરિણામવાળા હોય છે. તેથી સંયમના પ્રયોજનથી કોઈ પ્રવૃત્તિ કરવાનો પ્રસંગ હોય ત્યારે પાંચ સમિતિઓમાંથી યથા ઉચિત સમિતિમાં યત્ન કરનારા હોય છે અને તે સમિતિ જેઓને અંગાંગીભાવરૂપે પરિણમન પામેલી છે તેઓ ભાવથી મહાવ્રતવાળા છે. વળી, આ પાંચ સમિતિઓ પ્રવિચાર એકને અનુસરનારી હોય છે પરંતુ અપ્રવિચારને અનુસરનારી નથી. જ્યારે ગુપ્તિ પ્રવિચાર અને અપ્રવિચાર બન્નેને અનુસરનાર છે અને પ્રવિચાર એટલે કાયાવાણીના ચેષ્ટાવિશેષો. તેથી સમિતિકાળમાં ભગવાનના વચનના નિયંત્રણથી કાયા કે વાણીની જે ચેષ્ટા પ્રવર્તે છે તેને આશ્રયીને આ સમિતિઓની પ્રાપ્તિ છે. જેમ ગમન કરતા હોય તો અત્યંત ઉપયોગપૂર્વક પાદન્યાસસ્થાનની ભૂમિકાનું સમ્યગ્ અવલોકન કરે જેથી કોઈ જીવ તેમના પગ નીચે આવીને મૃત્યુ ન પામે તે પ્રકારના પરિણામથી સંવલિત ગમનની ચેષ્ટારૂપ ઈર્યા સમિતિનું સાધુ પાલન કરે છે.

વળી, સાધુને સંયમવૃદ્ધિનું પ્રયોજન હોય તો ભગવાનના વચનનું સ્મરણ કરીને સંપૂર્ણ નિરવદ્યભાષા કહે તે ભાષા સમિતિ છે. વળી, સાધુને ધર્મના સાધનભૂત દેહના પાલન અર્થે આહાર, વસ્તી, વસ્ત્ર, પાત્રની આવશ્યકતા જણાય તો શાસ્ત્રમર્યાદાનુસાર શુદ્ધ ગવેષણા કરીને ગ્રહણ કરે તે એષણાસમિતિ છે. વળી, સાધુને સંયમના પ્રયોજન અર્થે કોઈ વસ્તુનું ગ્રહણ અને કોઈ વસ્તુનું કોઈ સ્થાને નિક્ષેપ આવશ્યક હોય ત્યારે ષટ્કાયના પાલનના પરિણામવાળા સાધુ સંયમના પ્રયોજનથી વસ્તુનું ગ્રહણ કે નિક્ષેપ કરે ત્યારે જે પૂંજવા આદિનો ઉચિત વિધિ છે તે પ્રમાણે કરે તે આદાનભંડમત્તનિક્ષેપણા સમિતિ છે. વળી, સાધુને સંયમનું સાધન દેહ છે તેના મળાદિનું વિસર્જન કરવાનો પ્રસંગ આવે ત્યારે જીવરક્ષાને ઉચિત સર્વ યતનાપૂર્વક તેનું પરિષ્ઠાપન કરે તે પારિષ્ઠાપનિકા સમિતિ છે અને આ સમિતિઓ કાયા અને વચનની ચેષ્ટાસ્વરૂપ છે તેથી પ્રવિચાર એક સ્વરૂપવાળી છે પરંતુ અપ્રવિચાર નથી. **॥૬૦૩॥**

**ગાથા :-**

**मणगुत्तिमाइयाओ गुत्तीओ तिन्नि समयकेऊहिं ।**
**पवियारेतररूवा निद्दिट्ठाओ जओ भणियं ।।६०४।।**

**અન્વયાર્થ :-**

**मणगुत्तिमाइयाओ तिन्नि गुत्तीओ=મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિઓ, समयकेऊहिं=સમયકેતુ વડે, पवियारेतररूवा निद्दिट्ठाओ=પ્રવિચાર અને ઈતરરૂપ નિર્દિષ્ટ છે. जओ भणियं=જે કારણથી કહેવાયું છે=આગળની ગાથામાં બતાવશે તે પ્રમાણે કહેવાયું છે. ।।૬૦૪।।**

**ગાથાર્થ :-**

**મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિઓ સમયકેતુ વડે પ્રવિચાર અને ઈતરરૂપ નિર્દિષ્ટ છે. જે કારણથી કહેવાયું છે=આગળની ગાથામાં બતાવશે તે પ્રમાણે કહેવાયું છે. ।।૬૦૪।।**

**ટીકા :-**

**मनोगुप्तिर्वचनगुप्तिः कायगुप्तिरित्येवंलक्षणा गुप्तयो रागद्वेषादिभिर्दोषैर्विक्षोभ्यमाणस्यात्मनो गोपनानि तिस्रः समयकेतुभिः सिद्धान्तधवलगृहध्वजकल्पैराचार्यैः, कीदृश्य इत्याह—प्रवीचारेतररूपाः प्रवीचार उक्तरूपः, इतरशब्दात् तत्प्रतिषेधरूपोऽप्रवीचारस्तौ रूपं यासां तास्तथा निर्द्दिष्टा निरूपिता वर्त्तन्ते । यतः कारणाद् भणितं समयकेतुभिरेव ।।६०४।।**

**ભાવાર્થ :-**

સમિતિઓ માત્ર પ્રવિચારરૂપ છે. ગુપ્તિઓ પ્રવિચાર અને અપ્રવિચાર એમ બે સ્વરૂપ છે. જ્યારે સાધુને સંયમ અર્થે કોઈ ચેષ્ટાની આવશ્યકતા ન હોય ત્યારે મન-વચન-કાયાને ગુપ્ત કરીને વીતરાગના વચનનું દૃઢ અવલંબન લઈ વીતરાગના વચનથી આત્માને ભાવિત કરવા યત્ન કરે છે જેથી વીતરાગતાને અભિમુખ આત્માની પરિણતિનાં બાધક કર્મોનો નાશ થાય છે અને જે જે પ્રકારનાં વીતરાગતાનાં બાધક કર્મો ક્ષીણ થાય છે તે તે પ્રકારે ગુપ્તિઓ અતિશય-અતિશયતર થાય છે. વળી, સંયમપ્રયોજન અર્થે દેહનું કે વચનનું કોઈ કાર્ય આવશ્યક હોય ત્યારે સાધુ તે તે કૃત્ય તે તે સમિતિપૂર્વક કરે છે તે સમિતિકાળમાં પણ ચિત્ત વીતરાગના વચનથી નિયંત્રિત થઈને પ્રવર્તે છે તે ગુપ્તિનો અંશ છે. તેથી પ્રવૃત્તિકાળમાં વર્તતી ગુપ્તિ પ્રવિચારરૂપ ગુપ્તિઓ છે અને કાયાને સ્થિર કરીને વચનથી મૌન લઈને સ્વાધ્યાયમાં કે ધ્યાનમાં પ્રવર્તતું ચિત્ત હોય ત્યારે સાધુને જે ગુપ્તિઓ છે તે અપ્રવિચારરૂપ ગુપ્તિઓ છે જેના કારણે સાધુનું ચિત્ત રાગના ઉપયોગવાળું હોય ત્યારે સમભાવ પ્રત્યે રાગ વર્તે છે, દ્વેષના ઉપયોગવાળું હોય ત્યારે સમભાવમાં સ્ખલના થતા ભાવો પ્રત્યે દ્વેષ વર્તે છે અને ઇંદ્રિયોમાં વસ્તુને જોવાની ઉત્સુકતા હોવા છતાં ઇંદ્રિયો સાથે વિષયનો સંબંધ થાય ત્યારે તે વિષયો પ્રત્યે ઉપેક્ષા વર્તે છે. તેથી જેમ સંસારી જીવોનું ચિત્ત ઇંદ્રિયોને અનુકૂળ પદાર્થોમાં રાગવાળું, પ્રતિકૂળ પદાર્થોમાં દ્વેષવાળું અને નિરર્થક પદાર્થોમાં ઉપેક્ષાવાળું હોય છે તેમ મુનિનું ચિત્ત આત્માના નિરાકુળ ભાવમાં રાગવાળું હોય છે, આત્મામાં થતી કષાયની આકુળતા પ્રત્યે દ્વેષવાળું હોય છે અને આત્માથી ભિન્ન પોતાનો દેહ ધર્મઉપકરણ કે અન્ય બાહ્ય પદાર્થો સર્વ પ્રત્યે ઉપેક્ષાવાળું હોય છે તેથી અસ્ખલિત ગુપ્તિનો પ્રવાહ મુનિઓને વર્તે છે અને અનાભોગાદિથી કોઈ અતિચાર લાગે તોપણ મહાત્મા અત્યંત સાવધાન હોવાથી તે સ્ખલના પ્રત્યે દ્વેષ કરીને તત્કાલ તેનું નિવર્તન કરે છે.

આ રીતે જે મહાત્મા વર્તમાનમાં યત્ન કરે તે મહાત્માને ગુપ્તિના પ્રભાવથી કષાયો સતત અલ્પ-અલ્પતર થાય છે જેથી સદા આત્માના સ્વાસ્થ્યરૂપ સુખની વૃદ્ધિ થાય છે અને જે ધીરપુરુષ છે તે વર્તમાનના વિષમ સંયોગમાં પણ પ્રસ્તુત સમિતિ-ગુપ્તિના પારમાર્થિક સ્વરૂપનો બોધ કરીને તે પ્રમાણે યત્ન કરે તો દુષ્કર પણ છઠ્ઠું ગુણસ્થાનક આ કાળમાં તે મહાત્મા પ્રાપ્ત કરી શકે છે. **।।૬૦૪।।**

**અવતરણિકા :-**

**भणितमेव दर्शयति —**

**અવતરણિકાર્થ :-**

ભણિતને જ=ગાથા-૬૦૪માં કહ્યું કે જે કારણથી કહેવાયું છે તે અન્યત્ર ગ્રંથમાં કહેવાયેલા કથનને જ, બતાવે છે —

**ગાથા :-**

**समिओ नियमा गुत्तो गुत्तो समियत्तणम्मि भइयव्वो ।**
**कुसलवइमुदीरंतो जं वइ गुत्तोवि समिओवि ।।६०५।।**

**અન્વયાર્થ :-**

समिओ नियमा गुत्तो=સમિત એવા સાધુ નિયમા ગુપ્ત છે, गुत्तो समियत्तणम्मि भइयव्वो=ગુપ્ત એવા સાધુ સમિતપણામાં ભજનીય છે. जं=જે કારણથી, कुसलवइमुदीरंतो=કુશળ વચનની ઉદીરણા કરતો સાધુ, वइ गुत्तोवि समिओवि=વચનગુપ્ત પણ છે અને સમિત પણ છે. ।।૬૦૫।।

**ગાથાર્થ :-**

**સમિત એવા સાધુ નિયમા ગુપ્ત છે, ગુપ્ત એવા સાધુ સમિતપણામાં ભજનીય છે. જે કારણથી, કુશળ વચનની ઉદીરણા કરતો સાધુ વચનગુપ્ત પણ છે અને સમિત પણ છે. ।।૬૦૫।।**

**ટીકા :-**

**समितः सम्यग् योगप्रधानतया गमनभाषणादावर्थे इतः प्रवृत्तः सन् मुनिर्नियमाद् अवश्यंभावेन गुप्तः स्वपरयो रक्षाकरो वर्त्तते । गुप्तः समितत्वे भजनीयो विकल्पनीयः । अत्र हेतुमाह—कुशल-वाचं कुशलमधुरत्वादिगुणविशेषणां वाचं गिरमुदीरयन्नुद्गिरन् सन् यद्यस्मात् 'वइ'त्ति वाचा गुप्तोऽपि समितोऽपि स्यात् । अनेन च समितो नियमाद् गुप्त इत्येतद् भावितं, गुप्तस्तु मानसध्यानाद्यवस्थासु प्रवीचाररूपकायचेष्टाविरहेऽपि गुप्तः स्यादेव ।।६०५।।**

**ભાવાર્થ :-**

ગાથા-૬૦૪માં કહેલ કે ગુપ્તિઓ પ્રવિચાર અને ઇતર સ્વરૂપ છે. તેને સ્વીકારવા માટે અન્ય ગ્રંથની સાક્ષી બતાવતાં કહે છે. શાસ્ત્રમાં કહેલું છે કે જે સાધુ સમિત છે=પ્રયોજન અનુસાર પાંચ સમિતિઓમાંથી તે તે સમિતિમાં ઉપયુક્ત છે, તે સાધુ નિયમા ગુપ્ત છે; કેમ કે સમિતિકાળમાં વીતરાગના વચનનું દૃઢ અવલંબન લઈને ગમનાદિ જે ચેષ્ટા કરે છે તે ચેષ્ટાકાળમાં પણ આત્મા વીતરાગના વચનથી નિયંત્રિત ઉપયોગવાળો હોવાથી વીતરાગભાવમાં નિવેશ પામવાને અનુકૂળ ગુપ્તિવાળો છે. આથી જ ભિક્ષા ગ્રહણ

કરવા માટે જનારા સાધુ વિચારે છે કે 'નિર્દોષ ભિક્ષા મળશે તો તેના દ્વારા દેહનું પાલન કરીને હું સંયમની વૃદ્ધિ કરીશ અને નહીં મળે તો તપ કરીને સંયમની વૃદ્ધિ કરીશ.' આ પ્રકારનો દૃઢ અધ્યવસાય હોવાથી ભિક્ષાની પ્રાપ્તિ પ્રત્યેનું વલણ નથી પરંતુ નિર્દોષ મળે અને સંયમનું ઉપષ્ટંભક જણાય તેવી ગોચરીના ગ્રહણનો પરિણામ છે અને ભિક્ષાની અપ્રાપ્તિમાં ખેદ નથી પરંતુ તપ કરીને સ્વાધ્યાયાદિ દ્વારા આત્માને ભાવિત કરવાનો અધ્યવસાય છે તેથી પ્રાપ્તિમાં હર્ષ કે અપ્રાપ્તિમાં દીનભાવ સ્પર્શતો નથી પરંતુ પ્રાપ્તિ-અપ્રાપ્તિ પ્રત્યે સમાન ચિત્તવાળા તે સાધુના ચિત્તમાં નિમિત્ત અનુસાર કષાય કરવાની જે અનાદિની સ્થિર પરિણતિ છે તે ક્ષીણ-ક્ષીણતર થાય છે તેથી કષાયની શક્તિને ક્ષીણ કરવાને અનુકૂળ ગુપ્તિ એષણાસમિતિકાળમાં પણ છે.

તે રીતે સર્વ સમિતિકાળમાં સાધુ કષાયની શક્તિને ક્ષીણ કરવાના દૃઢ પ્રણિધાનપૂર્વક યત્ન કરે છે તેથી પાંચેય સમિતિકાળમાં પ્રવિચારરૂપ ગુપ્તિ છે અને જ્યારે કાયાની કે વાણીની ચેષ્ટાની આવશ્યકતા ન હોય ત્યારે સાધુ માત્ર ગુપ્તિમાં છે, સમિતિઓમાં નથી માટે તે સાધુની ગુપ્તિ અપ્રવિચારરૂપ છે તેથી ગુપ્ત સાધુઓના સમિતપણામાં ભજના છે.

અને તે જ ગાથાના ઉત્તરાર્ધથી સ્પષ્ટ કરતાં કહે છે – ઉપદેશાદિ કે અન્ય કોઈ પ્રયોજનથી કુશળ વચનને ઉદીરણા કરતા સાધુ વચનગુપ્ત પણ છે અને ભાષા સમિતિવાળા પણ છે તેથી એ પ્રાપ્ત થાય કે પ્રયોજનથી જિનવચનના સ્મરણપૂર્વક ઉચિત બોલતા હોય ત્યારે પણ સાધુ અંતરંગ રીતે કષાયના ઉન્મૂલનને અનુકૂળ યત્ન પ્રવર્તે તે પ્રકારે ગુપ્ત જ હોય છે અને જે વચનપ્રયોગ કરે છે તે ભાષા સમિતિની મર્યાદા અનુસાર હોવાથી સ્વપરના કલ્યાણનું કારણ બને છે. **॥૬૦૫॥**

**અવતરણિકા :-**

**एताश्च यथा शुद्धाः स्युस्तथा चाह –**

**અવતરણિકાર્થ :-**

**અને આ=ગુપ્તિઓ અને સમિતિઓ, જે પ્રમાણે શુદ્ધ થાય તે પ્રમાણે કહે છે –**

**ગાથા :-**

**पुव्विं सरूव पच्छा वाघायविवज्जयाओ एयाओ ।**
**कज्जे उवउत्तस्साणंतरजोगे य सुद्धाउ ।।६०६।।**

**અન્વયાર્થ :-**

**पुव्विं=પૂર્વમાં=સમિતિ-ગુપ્તિના પ્રયોગકાળની પૂર્વમાં, सरूव=સ્વરૂપ=સમિતિ-ગુપ્તિના સ્વરૂપનો અવગમ કરાયે છતે, पच्छा=પાછળથી=સમિતિ-ગુપ્તિના પ્રયોગકાળમાં, वाघायविवज्जयाओ=વ્યાઘાતાદિ વિવર્જિત એવી, एयाओ=આ=ધર્મકથાદિ રૂપ વ્યાપારાંતરથી રહિત એવી ગુપ્તિઓ અને સમિતિઓ,**

**कज्जे=કાર્યમાં, अणंतरजोगे य=અને અનંતરયોગમાં, उवउत्तस्स=ઉપયુક્ત સાધુને, सुद्धाउ=શુદ્ધ થાય છે. ॥૬૦૬॥**

**ગાથાર્થ :-**

**પૂર્વમાં=સમિતિ-ગુપ્તિના પ્રયોગકાળની પૂર્વમાં, સ્વરૂપ=સમિતિ-ગુપ્તિના સ્વરૂપનો અવગમ કરાયે છતે, પાછળથી=સમિતિ-ગુપ્તિના પ્રયોગકાળમાં, વ્યાઘાતાદિ વિવર્જિત એવી આ=ધર્મકથાદિ રૂપ વ્યાપારાંતરથી રહિત એવી ગુપ્તિઓ અને સમિતિઓ, કાર્યમાં અને અનંતરયોગમાં ઉપયુક્ત સાધુને શુદ્ધ થાય છે. ॥૬૦૬॥**

**ટીકા :-**

**पूर्वं गुप्तिसमितिप्रयोगकालात् 'सरूव'त्ति पदैकदेशेऽपि पदसमुदायोपचारात् स्वरूपावगमे सत्यासां पश्चात् प्रयोगकाले व्याघातादिविवर्जिता धर्मकथादिव्यापारान्तरविकला एता गुप्तिसमितयः शुद्धा भवन्तीत्युत्तरेण योगः । कीदृशस्य साधोरित्याह—कार्ये ज्ञानादावुपस्थिते एवोपयुक्तस्य सर्वात्मना, सामीप्येनात्मनोऽनन्तरयोगेऽपि ततोऽपि कार्यादव्यवहित एव कार्यविशेषे, उपयुक्तस्येति योज्यते, शुद्धा निर्मला भवन्ति । इदमुक्तं भवति—प्रथमत आसां स्वरूपे प्रवीचारादिलक्षणे ज्ञाते, ततः प्रयोगकाले व्यापारान्तरपरिहारेण व्याघातवर्ज्जने सति, सर्वात्मनोपयुक्तस्यानन्तरयोगे च तथारूप एव चिकीर्षिते, एताः शुद्धिं प्रतिपद्यन्ते, हेतुस्वरूपानुबन्धानां विशुद्धिभावात् । अत्र स्वरूपावगमो हेतुः । व्याघातवर्जिता कार्ये प्रवृत्तिः स्वरूपम् । अनन्तरयोगश्चानुबन्ध इति ।।६०६।।**

**ભાવાર્થ :-**

જે સાધુ સંયમ ગ્રહણ કરતા પૂર્વે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પરમાર્થને સૂક્ષ્મ જાણનારા છે અને તેના સ્વરૂપના બોધપૂર્વક પોતે તે સમિતિ-ગુપ્તિમાં યત્ન કરશે ત્યારે તેના કષાયો તેમાં સ્ખલના કરે તેવા નથી તેનો નિર્ણય પોતાના વર્તમાનના ચિત્તપ્રવાહના અવલોકનથી કરે અને જણાય કે 'આવા સ્વરૂપવાળી ગુપ્તિઓ અને આવા સ્વરૂપવાળી સમિતિઓ સદ્આલંબનના બળથી હું અવશ્ય સેવી શકીશ' તે સાધુ પરમાર્થથી સંયમના અધિકારી છે અને તેવા સાધુ સમિતિ-ગુપ્તિના સૂક્ષ્મ-સૂક્ષ્મતર રહસ્યને જાણવા અર્થે પ્રતિદિન સૂત્રપોરિસી અર્થપોરિસી દ્વારા નવું નવું અધ્યયન કરે છે; કેમ કે જેમ જેમ સમિતિ-ગુપ્તિમાં સૂક્ષ્મ યતના આવે તેમ તેમ ક્ષપકશ્રેણીને અભિમુખ બળ સંચય થાય છે અને ક્ષપકશ્રેણીના ઉપાયરૂપે સૂત્રપોરિસી અને અર્થપોરિસીનું વિધાન છે તેથી જે મહાત્મા સમિતિ-ગુપ્તિના યથાર્થ બોધપૂર્વક સમિતિ-ગુપ્તિના પ્રયોગકાળમાં ધર્મકથાદિરૂપ વ્યાપારાન્તરના વ્યાઘાતરહિત સમિતિ-ગુપ્તિઓમાં યત્ન કરે છે ત્યારે તે મહાત્મા સંયમના સેવાતા કૃત્યમાં તે રીતે ઉપયુક્ત હોય છે કે જેથી અન્ય ઉચિત કૃત્યનો વ્યાઘાત ન થાય અને તે કૃત્યોના સેવનથી સંવરભાવની વૃદ્ધિ થાય.

વળી, જેઓ તેવી શુદ્ધ સમિતિ-ગુપ્તિના સ્વરૂપને વારંવાર ભાવન કરે છે અને તે પ્રકારે શુદ્ધ સમિતિ-ગુપ્તિ પાળવાના સદા મનોરથો સેવે છે છતાં અનાદિના ભવ અભ્યાસને કારણે કોઈ સ્ખલના થતી હોય તોપણ શુદ્ધ સમિતિ-ગુપ્તિઓના પાલનને અભિમુખ સદા તેમનો પરિણામ વર્તતો હોય તો તે અશુદ્ધ પણ સમિતિ-ગુપ્તિઓ શુદ્ધ સમિતિ-ગુપ્તિને અભિમુખ બને છે તેથી શુદ્ધ સમિતિ-ગુપ્તિનું અવશ્ય કારણ બનશે એટલું જ નહીં પણ જે શ્રાવક શુદ્ધ સમિતિ-ગુપ્તિઓનું સ્વરૂપ વારંવાર ભાવન કરે છે, તેવી સમિતિ-ગુપ્તિ સેવવાના મનોરથો કરે છે અને વર્તમાનમાં તે પ્રકારના કષાયોની અલ્પતા નહીં હોવાના કારણે સંયમમાં યત્ન કરતા નથી છતાં સ્વભૂમિકા અનુસાર ઉચિત ધર્મમાં યત્ન કરીને પરિશુદ્ધ સમિતિ-ગુપ્તિઓના સ્વરૂપનું વારંવાર ભાવન કરે છે તેઓને પણ આ ભવમાં કે જન્માંતરમાં તેવી સમિતિ-ગુપ્તિની પ્રાપ્તિની શક્તિ અવશ્ય પ્રાપ્ત થાય છે.

વળી, જેઓએ સાધુપણું ગ્રહણ કર્યું છે, કલ્યાણના અર્થી છે આમ છતાં પરિશુદ્ધ સમિતિ-ગુપ્તિઓનું કઈ રીતે પાલન થઈ શકે તેનો કોઈ વિચાર કરતા નથી, મૂઢતાથી સ્વસંયોગમાત્ર અનુસાર આચારો સેવે છે તેઓને જન્માંતરમાં પણ તેવી પરિશુદ્ધ સમિતિ-ગુપ્તિવાળું સુસાધુપણું દુર્લભ થાય છે માટે કલ્યાણના અર્થીએ વારંવાર પરિશુદ્ધ સમિતિ-ગુપ્તિના સ્વરૂપથી આત્માને ભાવિત કરવો જોઈએ અને સ્વભૂમિકા અનુસાર તેની શક્તિનો સંચય થાય તેવો યત્ન કરવો જોઈએ જેનાથી સર્વ કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય. **॥૬૦૬॥**

**અવતરણિકા :-**

**अथ तासामाहरणानि बिभणिषुराह –**

**અવતરણિકાર્થ :-**

**હવે તેઓના=પાંચ સમિતિઓનાં અને ત્રણ ગુપ્તિઓનાં, ઉદાહરણોને કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**एयासिं आहरणा निद्दिट्ठा एत्थ पुव्वसूरीहिं ।**
**वरदत्तसाहुमादी समासतो ते पवक्खामि ।।६०७।।**

**અન્વયાર્થ :-**

**एयासिं=આમનાં=સમિતિ-ગુપ્તિનાં, आहरणा=ઉદાહરણો=દષ્ટાંતો, एत्थ=અહીં=જૈનમતમાં, पुव्वसूरीहिं=પૂર્વસૂરિઓ વડે, वरदत्तसाहुमादी निद्दिट्ठा=વરદત્ત સાધુ આદિ બતાવાયાં છે, समासतो ते पवक्खामि=સમાસથી તે ઉદાહરણોને હું કહીશ. ॥૬૦૭॥**

**ગાથાર્થ :-**

**આમનાં=સમિતિ-ગુપ્તિનાં, ઉદાહરણો=દૃષ્ટાંતો, અહીં=જૈનમતમાં, પૂર્વસૂરિઓ વડે વરદત્ત સાધુ આદિ બતાવાયાં છે. સમાસથી તે ઉદાહરણોને હું કહીશ. ॥૬૦૭॥**

**ટીકા :-**

**एतासां समितिगुप्तीनामाहरणानि दृष्टान्ता निर्दिष्टा अत्र जैने मते पूर्वसूरिभिः । कीदृशानीत्याह— वरदत्तसाध्वादीन्यष्टौ समासतस्तानि प्रवक्ष्यामीति ।।६०७।।**

**ભાવાર્થ :-**

પૂર્વસૂરિઓ વડે પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ પરિશુદ્ધ પાળનારા મહાત્માઓ કેવા હતા તે વરદત્ત સાધુ આદિના દૃષ્ટાંતોથી બતાવાયા છે તે તે સમિતિના તેમના આચારથી પરિશુદ્ધ સમિતિ પાળનારા મહાત્માઓ કેવા હોય છે તેનો યથાર્થ બોધ થાય છે અને તે યથાર્થ બોધ કરાવવા અર્થે સંક્ષેપથી તે દૃષ્ટાંતોને બતાવવાની પ્રતિજ્ઞા ગ્રંથકારશ્રી કરે છે. **॥૬૦૭॥**

**અવતરણિકા :-**

**एतान्येवैकोनपञ्चाशद्(षट्पञ्चाशद्)गाथाभिर्व्याचष्टे —**

**અવતરણિકાર્થ :-**

**આ દૃષ્ટાંતોને ઓગણપચાસ (છપ્પન) ગાથાથી ગ્રંથકારશ્રી કહે છે —**

**ગાથા :-**

**वरदत्तसाहु इरियासमितो सक्कस्स कहवि उवओगो ।**
**देवसभाए पसंसा मिच्छद्दिट्ठिस्सऽसद्दहणं ।।६०८।।१।।**
**आगम वियारपंथे मच्छियमंडुक्कियाण पुरउत्ति ।**
**पच्छा य गयविउव्वण बोलो सिग्घो अवेहित्ति ।।६०९।।२।।**
**अक्खोभिरियालोयणगमणमसंभंतगं तहच्चेव ।**
**गयगहणुक्खिवणं पाडणं च कायस्स सयराहं ।।६१०।।३।।**
**ण उ भावस्सीसिंपि हु मिच्छा दुक्कड जियाण पीडत्ति ।**
**अवि उड्डाणं एवं आभोगे देवतोसो उ ।।६११।।४।।**
**संहरण रूवदंसण वरदाणमणिच्छ चत्तसंगोत्ति ।**
**गमणालोयणविम्हय जोगंतरसंपवित्ती य ।।६१२।।५।।**

**અન્વયાર્થ :-**

वरदत्तसाहु इरियासमितो=વરદત્ત સાધુ ઈર્યાસમિતિમાં અત્યંત ઉપયોગવાળા હતા. सक्कस्स कहवि उवओगो=શક્રેન્દ્રને કોઈક રીતે ઉપયોગ=શક્રેન્દ્રએ કોઈક રીતે વિપુલ અવધિજ્ઞાનના ઉપયોગથી વરદત્ત સાધુનું ઈર્યાસમિતિમાં અત્યંત નિશ્ચલપણું જોયું. देवसभाए पसंसा=દેવસભામાં તેની પ્રશંસા કરી. मिच्छद्दिट्ठिस्सऽसद्दहणं=એક મિથ્યાદૃષ્ટિ દેવને શંકા થઈ.

आगम=આગમન=દેવનું તિર્છા લોકમાં આગમન, वियारपंथे=વિહારપંથમાં=સ્થંડિલભૂમિ જવાના માર્ગમાં, मच्छियमंडुक्कियाण पुरउत्ति=માખી જેવડી દેડકીઓને નિરંતર વિકુર્વી, पच्छा य=અને પાછળ, गयविउव्वण=હાથીને વિકુર્વ્યો. बोलो=બોલ્યો=મહાવતના રૂપમાં દેવે કહ્યું – सिग्घो अवेहित्ति=‘તું માર્ગમાંથી જલદી ખસી જા.’

अक्खोभिरियालोयणगमणमसंभंतगं तहच्चेव=તે પ્રકારે જ અસંભ્રાંત અક્ષોભ ઈરિયાના આલોકનથી ગમન=જે પ્રકારે ગજની વિકુર્વણા પૂર્વે સાધુનું ગમન હતું તે પ્રકારે જ અવિહ્વળ સકલ જીવોના ત્રાસનો ત્યાગ કર્યો છે તેવા સાધુનું ઈરિયાના આલોકનથી ગમન, गयगहणुक्खिवणं=હાથીએ સૂંઢથી મુનિને પકડીને આકાશતળમાં ઘણા ઉછાળ્યા, सयराहं पाडणं च कायस्स=અને તરત જ મુનિની કાયાને ભૂમિતલ પર પછાડી.

ण उ भावस्सीसिंपि हु=(પરંતુ ઈર્યાસમિતિની પરિણતિરૂપ આત્મિક) ભાવનો લેશ પણ નાશ ન થયો. मिच्छा दुक्कड=કારણ કે ‘મારું આ પાપ મિથ્યા થાઓ’ એમ હૈયાપૂર્વક પ્રાયશ્ચિત્ત કર્યું; जियाण पीडत्ति=કેમ કે ‘મારા નિમિત્તે માખી જેવડી દેડકીઓને પીડા થાય છે’ अवि उट्ठाणं=અને સંવૃત કરાયેલા શરીરથી ઈર્યાસમિતિની પ્રધાનતાથી તેણે ઉત્થાન કર્યું. एवं आभोगे देवतोसो उ=પછી દેવે વરદત્ત મુનિના મનના ભાવ જાણવા ઉપયોગ મૂક્યો ત્યારે દેવ ખુશ થયો (પરંતુ ઉપેક્ષાદિ અન્ય ભાવ ન થયો).

संहरण=દેવે દેડકીઓ અને હાથીનું સંહરણ કર્યું, रूवदंसण=પોતાના રૂપનું દર્શન કરાવ્યું. वरदाणं=વરદાન માંગવા કહ્યું. अणिच्छ चत्तसंगोत्ति=‘હું ત્યક્ત સંગવાળો છું’ તેથી અનિચ્છા બતાવી. गमणालोयणविम्हय=વરદત્ત મુનિ ત્યાંથી ગયા અને પૂર્વે ચાલેલા સ્થંડિલ ભૂમિના માર્ગ ઉપર જીવોનું અવલોકન કર્યું અને ‘મારા વડે સાક્ષાત્ દેવ જોવાયો’ એ પ્રમાણે વિસ્મય ન કર્યો. जोगंतरसंपवित्ती य=અને સ્વાધ્યાયાદિ સ્વરૂપ અન્ય યોગોમાં સમ્યક્ પ્રવૃત્ત થયા. ॥૬૦૮થી ૬૧૨॥

**ગાથાર્થ :-**

**વરદત્ત સાધુ ઈર્યાસમિતિમાં અત્યંત ઉપયોગવાળા હતા. શક્રેન્દ્રને કોઈક રીતે ઉપયોગ=શક્રેન્દ્રએ કોઈક રીતે વિપુલ અવધિજ્ઞાનના ઉપયોગથી વરદત્ત સાધુનું ઈર્યાસમિતિમાં અત્યંત નિશ્ચલપણું જોયું. દેવસભામાં તેની પ્રશંસા કરી. એક મિથ્યાદૃષ્ટિ દેવને શંકા થઈ.**

**આગમન=દેવનું તિર્છા લોકમાં આગમન, વિહારપંથમાં=સ્થંડિલભૂમિ જવાના માર્ગમાં, માખી**

જેવડી દેડકીઓને નિરંતર વિકુર્વી અને પાછળ હાથીને વિકુર્વ્યો. બોલ્યો=મહાવતના રૂપમાં દેવે કહ્યું – 'તું માર્ગમાંથી જલદી ખસી જા.'

તે પ્રકારે જ અસંભ્રાંત અક્ષોભ ઈરિયાના આલોકનથી ગમન=જે પ્રકારે ગજની વિકુર્વણા પૂર્વે સાધુનું ગમન હતું તે પ્રકારે જ અવિહ્વળ સકલ જીવોના ત્રાસનો ત્યાગ કર્યો છે તેવા સાધુનું ઈરિયાના આલોકનથી ગમન, હાથીએ સૂંઢથી મુનિને પકડીને આકાશતળમાં ઘણાં ઉછાળ્યાં, અને તરત જ મુનિની કાયાને ભૂમિતલ પર પછાડી.

પરંતુ ઈર્યાસમિતિની પરિણતિરૂપ આત્મિક ભાવનો લેશ પણ નાશ ન થયો. કારણ કે 'મારું આ પાપ મિથ્યા થાઓ' એમ હૈયાપૂર્વક પ્રાયશ્ચિત્ત કર્યું; કેમ કે 'મારા નિમિત્તે માખી જેવડી દેડકીઓને પીડા થાય છે' અને સંવૃત કરાયેલા શરીરથી ઈર્યાસમિતિની પ્રધાનતાથી તેણે ઉત્થાન કર્યું. પછી દેવે વરદત્ત મુનિના મનના ભાવ જાણવા ઉપયોગ મૂક્યો ત્યારે દેવ ખુશ થયો પરંતુ ઉપેક્ષાદિ અન્ય ભાવ ન થયો.

દેવે દેડકીઓ અને હાથીનું સંહરણ કર્યું, પોતાના રૂપનું દર્શન કરાવ્યું. વરદાન માંગવા કહ્યું. 'હું ત્યક્ત સંગવાળો છું' તેથી અનિચ્છા બતાવી. વરદત્ત મુનિ ત્યાંથી ગયા અને પૂર્વે ચાલેલા સ્થંડિલ ભૂમિના માર્ગ ઉપર જીવોનું અવલોકન કર્યું અને 'મારા વડે સાક્ષાત્ દેવ જોવાયો' એ પ્રમાણે વિસ્મય ન કર્યો. અને સ્વાધ્યાયાદિ સ્વરૂપ અન્ય યોગોમાં સમ્યક્ પ્રવૃત્ત થયા. ||૬૦૮થી ૬૧૨||

ટીકા :-

तत्र वरदत्त साधुः क्वचित् सन्निवेशे वरदत्तनामा मुनिरीर्यासमितस्तथास्वाभाव्यादीर्यासमितावत्यन्तमुपयुक्तः सर्वदा समभूत् । तत्र मुनिवृषभे नित्यं समाहितात्मनि सुगृहीतनामधेये शक्रस्य सौधर्मदेवलोकाधिपतेः स्वभावत एव निष्पन्नगुणेषु गुणिषु प्रवृत्तदृढानुरागस्य कथमपि विपुलेनावधिना मनुष्यक्षेत्रमवलोकमानस्योपयोगो वरदत्तसाधुगोचरं ज्ञानं समभवत् । दृष्ट्वा च तस्येर्यासमितावत्यन्तनिश्चलत्वं, देवसभायां सुधर्मानामिकायां तेन प्रशंसा प्रवर्त्तिता, यथा—अहो ! एष वरदत्तसाधुः सदेवमनुजासुरेणापि जगता नेर्यासमितेः क्षोभयितुं शक्यते । तत्र च मिथ्यादृष्टेरेकस्य देवस्याश्रद्धानं शक्रप्रशंसितगुणेषु समजनि, यथा सुष्ठूक्तं केनापि—'जा इच्छा सा कीरइ बोल्लिज्जइ जं मणस्स पडिहाइ । इयरे जणे न संका पहुत्तणं तेण रमणीयं' ।।६०८।।१।।

तत आगम इहावतरणलक्षणस्तस्य बभूव । ततो विचारपथे बहिर्भूमिलक्षणे मक्षिकामण्डुकिकानां पुरतोऽग्रतो मार्गे निरन्तरं विकुर्व्वणं कृतम् । इति प्राग्वत् । पश्चाच्च पश्चिमभागे पुनर्गजविकुर्व्वणा-गजस्य गिरिशिखरानुकारिणः पवनजवनवेगस्य दूरं समुत्सारितकरस्य विकुर्व्वणा विरचना कृता । ततो बोलः कलकलो हस्तिपालकेन कृतः, यथा—शीघ्रमपैहि मार्ग्गादपसर, अन्यथा ते न जीवितव्यमस्ति ।।६०९।।२।।

ततोऽक्षोभस्य त्यक्तसकलत्रासस्येर्यालोकनेन गम्यमानमार्गावलोकनरूपेण गमनमसंभ्रांतकमविह्वलं तथा चैव यथा गजविकुर्व्वणात् प्राक् । ततो गजग्रहे क्षेपणं गजेन कराग्रेण गृहीत्वा गगनतले दूरमुत्क्षेपणं, पातनं च भूमितले कायस्य 'सयराहं'ति समकमेवोत् क्षेपणपातनयोरत्यन्ताव्यवधानेन भावात् समकमित्युक्तम् ।।६१०।।३।।

व्यवच्छेद्यमाह—न तु नैव भावस्येर्यासमितिपरिणतिरूपस्येषदपि हु पातनमजायत । कुतः । यतो मिथ्यादुष्कृतं मे समस्तु इत्युक्तं तेन, जीवानां मक्षिकामण्डुकिकालक्षणानां पीडा बाधा वर्त्तत इति कृत्वा; अपि च, उत्थानं संवृत्तगात्रेणैवमीर्यासमितिप्रधानतया तेन कृतम् । तत आभोगे तद्भावोपलम्भे कृते देवतोष एव जातः, न पुनरुदासीनतादिभावान्तर भाव इति ।।६११।।४।।

तदनन्तरं संहरणं मक्षिकामण्डुकिकानां गजस्य च देवेन विहितम् । रूपदर्शनं चलत्कुण्डल-स्योरःस्थलविसारिस्फारहारस्य बहलकिरणजालविलुप्ततमःपटलविकटमुकुटस्य निजरूपस्य दर्शनमकारि । ततो वरदानं वरं वृण्वित्येवंलक्षणमुपस्थापितम् । अनिच्छा निःस्पृहता वरदत्तसाधुना त्यक्तसंग इति कृत्वा । ततो देवो भक्तिभरस्तच्चरणकमलमभिवन्द्य सम्पन्नसन्तोषः स्वस्थानं जगाम । वरदत्तसाधुनापि ततो गमनं पूर्वप्रवृत्तविचारपथे एवालोकनं च जीवानां कृतम् । अविस्मयश्च 'साक्षादेव देवो मया दृष्टः' एवंरूपस्य विस्मयस्याकरणम् । योगान्तरसंप्रवृत्तिश्च विचारगमनापेक्षया यद्योगान्तरं स्वाध्यायध्यानादिलक्षणं तत्र सम्यक् प्रवर्त्तनं च जातमिति ।।६१२।।५।।

**ભાવાર્થ :-**

વરદત્ત સાધુ ઈર્યાસમિતિના ઉપયોગપૂર્વક ગમન કરતા હતા ત્યારે ચિત્ત સર્વ ભાવો પ્રત્યે નિઃસ્પૃહ હતું માત્ર જીવરક્ષાના દૃઢ પ્રણિધાનપૂર્વક ગમન કરતા હતા જે જીવરક્ષાનો પરિણામ ષટ્કાયના પાલનના પરિણામરૂપ હતો અને તેના બળથી સંવર ભાવને અતિશય કરતા હતા. તેથી કોઈ નિમિત્તને પામીને બાહ્ય પદાર્થ પ્રત્યે ઉત્સુક્તા ન થાય તેવું નિરુત્સુક ચિત્ત વર્તતું હતું તેથી તેમના તે શ્રેષ્ઠ ચિત્તની ઇંદ્ર મહારાજાએ પ્રશંસા કરી અને દેવે આવીને પરીક્ષા કરી ત્યારે પણ જીવરક્ષાના અત્યંત ઉપયોગવાળા હોવાથી પોતાના દેહરક્ષણ પ્રત્યે નિરપેક્ષ થઈને જીવરક્ષાના યત્નવાળા હતા. આથી જ દેવ પ્રગટ થઈને વરદાન માંગવા કહે છે ત્યારે પણ કહે છે કે 'હું સર્વત્ર નિઃસંગ છું'. તેથી જે મહાત્માઓનું ચિત્ત સર્વત્ર નિઃસંગવાળું હોય તેઓ જ ગમનાદિ જે પ્રવૃત્તિ કરતા હોય તે ચેષ્ટામાં દૃઢ પ્રણિધાનપૂર્વક યત્ન કરી શકે છે અને જેઓને ઇંદ્રિયોમાં ઉત્સુકતા વર્તે છે તેઓ ગમનાદિ કરતા હોય, કાંઈક જીવરક્ષાનો પરિણામ હોય તેથી નીચે જોઈને ચાલતા હોય તોપણ નિમિત્તો પ્રમાણે આજુબાજુમાં પ્રવર્તતા વિષયોમાં ઉત્સુકતા વર્તે છે તેથી તેઓ સ્થૂળથી ઈર્યાસમિતિ પાળતા હોય તોપણ ઇર્યામય ઉપયોગથી ઈર્યાસમિતિના પાલન માટે સર્વત્ર સંગ વગરનું ચિત્ત નહીં હોવાથી ભાવથી ઈર્યાસમિતિની પ્રાપ્તિ કરી શકતા નથી. આથી જ ભાવથી ઈર્યાસમિતિની પ્રાપ્તિના અર્થી સાધુ ઈર્યાસમિતિની પાંચ ભાવનાથી આત્માને તે રીતે અત્યંત વાસિત કરીને અને સામાયિક પ્રત્યેના

સમભાવના પરિણામનું અત્યંત ભાવન કરીને આત્માને સંપન્ન કરે છે જેથી ભાવથી ઈર્યાસમિતિને અભિમુખતર પરિણામની પ્રાપ્તિ દ્વારા અભ્યાસના બળથી ભાવથી ઈર્યાસમિતિના પરિણામને પ્રાપ્ત કરી શકે છે.

વળી, જેઓ ઈર્યાસમિતિની પાંચ ભાવનાઓથી આત્માને ભાવિત કરતા નથી અને સમભાવ પ્રત્યેના રાગને અતિશયિત કરવા યત્ન કરતા નથી તેઓને ઓઘથી સંયમનો રાગ હોય તોપણ ભાવથી ઈર્યાસમિતિની પ્રાપ્તિ થતી નથી. માટે વરદત્ત સાધુના દૃષ્ટાંતને ભાવન કરીને તે મહાત્માની જેમ ઈર્યાસમિતિનો દૃઢ ઉપયોગ પ્રવર્તે તે પ્રકારે સમ્યગ્ યત્ન કરવો જોઈએ જેથી ગુણસ્થાનકની પરિણતિ પ્રગટ થાય.

અહીં ગાથામાં કહ્યું કે 'મિથ્યાદૃષ્ટિ દેવને અશ્રદ્ધા થઈ, તેથી ફલિત થાય કે તે દેવને વરદત્ત સાધુની પ્રશંસા સાંભળીને તેના ગુણોથી હર્ષ થયો નહીં પરંતુ 'આ પ્રકારે સંભવે નહીં' તેવો પરિણામ થયો. જે મિથ્યાત્વનું કાર્ય હતું છતાં પરીક્ષાથી સાક્ષાત્ તે ગુણોને જોયા પછી તે દેવને તે મહાત્મા પ્રત્યે બહુમાનનો ભાવ થાય છે તેથી સમ્યક્ત્વને અભિમુખ કે સમ્યક્ત્વનો પરિણામ તે દેવને થયો છે તેથી સાધુના ગુણોમાં તોષ થાય છે. **॥૬૦૮થી ૬૧૨॥**

**અવતરણિકા :-**

**ઈર્યાસમિતિનું દૃષ્ટાંત બતાવ્યા પછી ભાષાસમિતિમાં સુદૃઢ યત્નવાળા સાધુનું દૃષ્ટાંત બતાવે છે –**

**ગાથા :-**

**संगयसाहू कारणिय रोहगे भिक्खणिग्गमण पुच्छा ।**
**कत्तो तुब्भे णगराओ को अभिप्पाओ णवि जाणे ।।६१३।।६।।**
**तत्थ वसंताणं कहं अव्वावारा उ किमिह जंपंति ।**
**एत्थवि अव्वावारो किं साहणमाणमेत्थंपि ।।६१४।।७।।**
**सुम्मइ दीसइ किंची सव्वं साहिज्जए न सावज्जं ।**
**किं वसहेत्थ गिलाणो किमिहाडह अपडिबंधाओ ।।६१५।।८।।**
**चारग तुब्भे समणा को जाणइ अप्पसक्खिओ धम्मो ।**
**ण हु एत्थं छुट्टिज्जइ जं जाणह तं करेज्जाहि ।।६१६।।९।।**
**कह सत्ति मिय णु सत्तिमयसासण को णु एस सव्वण्णू ।**
**एमाइ अणुचियं सइ भासासमिओ ण भासेइ ।।६१७।।१०।।**

**અન્વયાર્થ :-**

**संगयसाहू**=એક નગરમાં સંગત નામના સાધુ હતા. **कारणिय**=કોઈક વખતે તે સાધુ કોઈ અન્ય ગ્લાન સાધુની સેવાના કારણથી રોકાયેલા હતા. **रोहगे**=રોધ થયે છતે=શત્રુરાજાએ નગરને ઘેરો

ઘાલ્યો ત્યારે, भिक्खणिग्गमण=(નગરમાં ભિક્ષા મળતી હોવા છતાં આસક્તિ ઘટાડવા નગરની બહાર શત્રુરાજાના સૈન્યમાં) ભિક્ષા લેવા માટે ગયા. पुच्छा=સૈનિકોએ તેમને પૂછ્યું – कत्तो तुब्भे='તમે ક્યાંથી આવ્યા ?' णगराओ=(સાધુએ કહ્યું –) 'હું નગરમાંથી અહીં આવ્યો છું.' (સૈનિકોએ પૂછ્યું –) को अभिप्पाओ='શું અભિપ્રાય છે ?'='નગરના રાજાનો અભિપ્રાય કેવો છે ? શું તે અમારી સાથે યુદ્ધ કરશે કે નહીં ?' ण वि जाणे=(સાધુએ કહ્યું –) 'હું જાણતો નથી'='કોણ કેવા અભિપ્રાયમાં વર્તે છે ? તે હું જાણતો નથી.'

(સૈનિકોએ પૂછ્યું –) तत्थ वसंताणं कहं='ત્યાં વસતા તમને કેમ ?'='તે નગરમાં વસતા તમને અભિપ્રાયનું જ્ઞાન કેમ નથી ?' (સાધુએ કહ્યું –) अव्वावारा उ='અવ્યાપારવાળા હોય છે'='સાધુઓ લોકવ્યાપારથી પર હોય છે તેથી બીજાના અભિપ્રાયને જાણતા નથી.' (સૈનિકોએ પૂછ્યું –) किमिह जंपंति='અહીં લોકો શું કહે છે ?'='જો તમે રાજાના અભિપ્રાયને જાણતા નથી તો નગરમાં લોકો સંધિ અને વિગ્રહના વિષયમાં શું બોલે છે ? તે કહો.' (સાધુએ કહ્યું –) एत्थवि अव्वावारो='એમાં પણ હું અવ્યાપારવાળો છું'='લોકોની વાતો જાણવી એ મારો વિષય નથી.' (સૈનિકોએ પૂછ્યું –) किं साहणमाणं ?='સાધનનું પ્રમાણ કેટલું છે ?'='રાજા પાસે હાથી-ઘોડા આદિ લડાઈની સામગ્રી કેટલા પ્રમાણમાં છે ?' (સાધુએ કહ્યું –) एत्थंपि='અહીં પણ'='અહીં પણ લડાઈની સામગ્રી જાણવાની બાબતમાં પણ હું અવ્યાપારવાળો છું.'

(મુનિ જ કહે છે –) सुम्मइ दीसइ किंची='કોઈ વસ્તુ સંભળાય છે અને દેખાય છે'='શબ્દ અને રૂપવાળી કોઈક વસ્તુ બે કાનથી સંભળાય છે અને બે આંખોથી દેખાય છે કારણ કે કાન અને આંખનો સ્વભાવ શબ્દ અને રૂપને ગ્રહણ કરવાનો છે.' सव्वं सावज्जं न साहिज्जए='સર્વ સાવદ્ય કહેવાતું નથી (પરંતુ પ્રસંગ આવે છતે નિરવદ્ય જ બોલાય છે અને તમારા વડે સર્વ સાવદ્ય પુછાય છે આથી જ પંડિતો કહે છે કે સાધુ બે કાનથી ઘણું સાંભળે છે અને બે આંખથી ઘણું જુએ છે પરંતુ સંભળાયેલું અને જોવાયેલું બધું જ સાધુને કહેવું ઉચિત નથી.' (સૈનિકોએ પૂછ્યું –) किं वसहेत्थ='અહીં કેમ વસો છો ?'='જો તમે આ પ્રમાણે લોકવ્યાપારથી રહિત છો તો પછી અહીં શા માટે વસો છો ?' (મુનિએ કહ્યું –) गिलाणो='અહીં એક ગ્લાન સાધુ છે માટે' (સૈનિકોએ પૂછ્યું –) किमिहाडह='અહીં કેમ ફરો છો ?'='તો પછી અહીં અમારા સૈન્યમાં કેમ ફરો છો ?' (સાધુએ કહ્યું –) अपडिबंधाओ='અપ્રતિબંધથી'='નગરમાં જ વસવું અને બહાર ન જવું એ પ્રકારનો પ્રતિબંધ નહીં હોવાથી અહીં ફરીએ છીએ.'

(સૈનિકોએ કહ્યું –) चारग तुब्भे='તમે જાસૂસ છો' (મુનિએ કહ્યું –) समणा='હું સાધુ છું (જાસૂસ નથી)' (સૈનિકોએ પૂછ્યું –) को जाणइ='કોણ જાણે છે ?'='તમે કેવા છો એમ કોણ જાણે છે ?' (મુનિએ કહ્યું –) अप्पसक्खिओ धम्मो='આત્મા સાક્ષી ધર્મ છે.' (સૈનિકો કહ્યું –) ण हु एत्थं छुट्टिज्जइ='તમે અહીંથી છૂટી નહીં શકો'='આવાં બહાનાં કાઢીને તમે અમારાથી છૂટી નહીં શકો.' (મુનિએ કહ્યું –) जं जाणह तं करेज्जाहि='તમે જે જાણો તે કરો'='તમને જે ઉચિત લાગે તે તમે કરો.'

(સૈનિકોએ કહ્યું —) कह सत्ति मिय णु='ખરેખર આવી શક્તિ તમને કેવી રીતે ?'='અમને અહીં મનમાં એક વિચાર થાય છે કે શું તમને એવી કોઈ શક્તિ ઉત્પન્ન થઈ છે કે જેથી તમે આવું બોલો છો ? અમે તમને જે પીડા કરશું તે તમે સહન કરશો ?' (મુનિએ કહ્યું —) सत्तिमयसासण='શક્તિમાનના શાસનથી'='સકલ ત્રૈલોક્યમાં અધિક સામર્થ્યવાળા પુરુષવિશેષના શિક્ષણથી અમે સહિષ્ણુ બન્યા છીએ.' (સૈનિકોએ પૂછ્યું —) को णु एस='આ શક્તિમાન પુરુષ કોણ છે ?' (મુનિએ કહ્યું —) सव्वण्णू='સર્વજ્ઞ', एमाइ अणुचियं सइ=આ પ્રકારે પ્રગટ કરવું સદા અનુચિત છે. भासासमिओ ण भासेइ=ભાષાસમિતિવાળા સાધુ ન બોલે. ॥૬૧૩થી ૬૧૭॥

ગાથાર્થ :-

એક નગરમાં સંગત નામના સાધુ હતા. કોઈક વખતે તે સાધુ કોઈ અન્ય ગ્લાન સાધુની સેવાના કારણથી રોકાયેલા હતા. રોધ થયે છતે=શત્રુરાજાએ નગરને ઘેરો ઘાલ્યો ત્યારે, નગરમાં ભિક્ષા મળતી હોવા છતાં આસક્તિ ઘટાડવા નગરની બહાર શત્રુરાજાના સૈન્યમાં ભિક્ષા લેવા માટે ગયા. સૈનિકોએ તેમને પૂછ્યું – 'તમે ક્યાંથી આવ્યા ?' સાધુએ કહ્યું – 'હું નગરમાંથી અહીં આવ્યો છું.' સૈનિકોએ પૂછ્યું – 'શું અભિપ્રાય છે ?'='નગરના રાજાનો અભિપ્રાય કેવો છે ? શું તે અમારી સાથે યુદ્ધ કરશે કે નહીં ?' સાધુએ કહ્યું – 'હું જાણતો નથી'='કોણ કેવા અભિપ્રાયમાં વર્તે છે ? તે હું જાણતો નથી.'

સૈનિકોએ પૂછ્યું – 'ત્યાં વસતા તમને કેમ ?'='તે નગરમાં વસતા તમને અભિપ્રાયનું જ્ઞાન કેમ નથી ?' સાધુએ કહ્યું – 'અવ્યાપારવાળા હોય છે'='સાધુઓ લોકવ્યાપારથી પર હોય છે તેથી બીજાના અભિપ્રાયને જાણતા નથી.' સૈનિકોએ પૂછ્યું – 'અહીં લોકો શું કહે છે ?'='જો તમે રાજાના અભિપ્રાયને જાણતા નથી તો નગરમાં લોકો સંધિ અને વિગ્રહના વિષયમાં શું બોલે છે ? તે કહો.' સાધુએ કહ્યું – 'એમાં પણ હું અવ્યાપારવાળો છું'='લોકોની વાતો જાણવી એ મારો વિષય નથી.' સૈનિકોએ પૂછ્યું – 'સાધનનું પ્રમાણ કેટલું છે ?'='રાજા પાસે હાથી-ઘોડા આદિ લડાઈની સામગ્રી કેટલા પ્રમાણમાં છે ?' સાધુએ કહ્યું – 'અહીં પણ'='અહીં પણ લડાઈની સામગ્રી જાણવાની બાબતમાં પણ હું અવ્યાપારવાળો છું.'

મુનિ જ કહે છે – 'કોઈ વસ્તુ સંભળાય છે અને દેખાય છે'='શબ્દ અને રૂપવાળી કોઈક વસ્તુ બે કાનથી સંભળાય છે અને બે આંખોથી દેખાય છે કારણ કે કાન અને આંખનો સ્વભાવ શબ્દ અને રૂપને ગ્રહણ કરવાનો છે.' 'સર્વ સાવદ્ય કહેવાતું નથી પરંતુ પ્રસંગ આવે છતે નિરવદ્ય જ બોલાય છે અને તમારા વડે સર્વ સાવદ્ય પુછાય છે આથી જ પંડિતો કહે છે કે સાધુ બે કાનથી ઘણું સાંભળે છે અને બે આંખથી ઘણું જુએ છે પરંતુ સંભળાયેલું અને જોવાયેલું બધું જ સાધુને કહેવું ઉચિત નથી.' સૈનિકોએ પૂછ્યું – 'અહીં કેમ વસો છો ?'='જો તમે આ પ્રમાણે લોકવ્યાપારથી રહિત છો તો પછી અહીં શા માટે વસો છો ?' મુનિએ કહ્યું – 'અહીં એક ગ્લાન સાધુ છે માટે'

સૈનિકોએ પૂછ્યું – 'અહીં કેમ ફરો છો ?'='તો પછી અહીં અમારા સૈન્યમાં કેમ ફરો છો ?' સાધુએ કહ્યું – 'અપ્રતિબંધથી'='નગરમાં જ વસવું અને બહાર ન જવું એ પ્રકારનો પ્રતિબંધ નહીં હોવાથી અહીં ફરીએ છીએ.'

સૈનિકોએ કહ્યું – 'તમે જાસૂસ છો' મુનિએ કહ્યું – 'હું સાધુ છું, જાસૂસ નથી' સૈનિકોએ પૂછ્યું – 'કોણ જાણે છે ?'='તમે કેવા છો એમ કોણ જાણે છે ?' મુનિએ કહ્યું – 'આત્મા સાક્ષી ધર્મ છે.' સૈનિકોએ કહ્યું – 'તમે અહીંથી છૂટી નહીં શકો'='આવાં બહાનાં કાઢીને તમે અમારાથી છૂટી નહીં શકો.' મુનિએ કહ્યું – 'તમે જે જાણો તે કરો'='તમને જે ઉચિત લાગે તે તમે કરો.'

સૈનિકોએ કહ્યું – 'ખરેખર આવી શક્તિ તમને કેવી રીતે ?'='અમને અહીં મનમાં એક વિચાર થાય છે કે શું તમને એવી કોઈ શક્તિ ઉત્પન્ન થઈ છે કે જેથી તમે આવું બોલો છો ? અમે તમને જે પીડા કરશું તે તમે સહન કરશો ?' મુનિએ કહ્યું – 'શક્તિમાનના શાસનથી'='સકલ ત્રૈલોક્યમાં અધિક સામર્થ્યવાળા પુરુષવિશેષના શિક્ષણથી અમે સહિષ્ણુ બન્યા છીએ.' સૈનિકોએ પૂછ્યું – 'આ શક્તિમાન પુરુષ કોણ છે ?' મુનિએ કહ્યું – 'સર્વજ્ઞ' આ પ્રકારે પ્રગટ કરવું સદા અનુચિત છે. ભાષાસમિતિવાળા સાધુ ન બોલે. ।।૬૧૩થી ૬૧૭।।

ટીકા :-

अथ द्वितीयसमित्युदाहरणमाह—किल क्वचिन्नगरे संगतनामा साधुर्निखिलसाधुसामाचारीकरण-परायणः । तथा—'जा य सच्चा अवोत्तव्वा सच्चामोसा य जा मुसा । जा य बुद्धेहिं णाइण्णा ण तं भासेज्ज पण्णवं ' ।।१।। एवंरूपायां वाक्यशुद्धौ स्वभावत एवोपयुक्तः समवतिष्ठत । स चान्यदा कारणिको ग्लानप्रतिजागरणकारणवान् रोधके परैः सर्वतो नगरनिरोधलक्षणे कृते 'भिक्खनिग्गमण'त्ति नगर एव मध्ये पुष्कलायां भिक्षायां लभ्यमानायामपि प्रतिबन्धपरिहारार्थं बहिः शत्रुराजसैन्ये भिक्षार्थं निर्गमनं कृतवान् । ततः पृच्छा सैन्यलोकेन कृता—कुतो भवन्त इहागताः ? मुनिः प्राह—नगरात् । सैन्यलोकः प्राह—कोऽभिप्राय एतन्नगर प्रभोः—किमस्माभिः सह संघटिष्यते नवेति ? मुनिः प्राह—नापि च जाने नैवाहं जानामि कोऽपि कस्मिन्नभिप्राये वर्त्तत इति ।।६१३।।६।।

सैन्यं—तत्र नगरे वसतां भवतां कथमभिप्रायपरिज्ञानं न संजातमिति ? मुनिः—अव्यापारास्तु लोकव्यापाररहिता एव साधवो वर्त्तन्त इति । सैन्यं—यद्यभिप्रायो न ज्ञायते तर्हि किमिह पुरमध्ये जना जल्पन्ति सन्धिविग्रहयोर्विषये ? मुनिः—अत्रापि जल्पविषयेऽव्यापारोऽहम् । सैन्यं—किं साधनमानं हस्त्यश्वादिसंग्रामाङ्गपरिमाणम् ? मुनिः—अत्रापि च साधनमानपरिज्ञानेऽव्यापारोऽह-मिति ।।६१४।।७।।

मुनिरेवाह—श्रूयते कर्णाभ्यां, दृश्यते लोचनाभ्यां किञ्चिच्छब्दरूपलक्षणं वस्तु, शब्दरूपयोर्ग्रहण-स्वभावत्वात् तेषां, परं सर्वं साध्यते कथ्यते न सावद्यं सपापम्, किन्तु कार्ये समुत्पन्ने निरवद्यमेव; सावद्यं सर्वं यद्भवद्भिः पृच्छयत इति । अत एव पठन्ति—'बहुं सुणेइ कण्णेहिं बहुं अच्छीहिं पेच्छए । न य दिट्ठं सुयं वावि भिक्खू अक्खाउमरिहइ ।।१।।' सैन्यं—यद्येवं निर्व्यापारा यूयं, किं तर्हि वसथात्र ? मुनिः—ग्लानः साधुरस्मदीयः समस्ति । सैन्यं—किमिह सैन्येऽस्मदीयेऽटथ ? अप्रतिबन्धात् क्वचिदप्येकत्र ग्रामकुलनगरादावसंगमात् ।।६१५।।८।।

सैन्यं—चारिका हेरिका यूयम् । मुनिः—नैव चारिकाः किन्तु श्रमणा वयम् । सैन्यं—को जानाति कीदृशा यूयम् ? मुनिः—आत्मसाक्षिकः, आत्मा साक्षी यत्रेति समासः स धर्मः, नात्र वस्तुन्यन्यस्य कस्यापि साक्षित्वमस्तीत्येवमुपन्यासः । सैन्यं—न हु नैवेत्थमुत्तरप्रदानेन छुट्यते मुच्यतेऽस्मत्सकाशात् । मुनिः—तर्हि यज्जानीथ तत् कुरुध्वम् । इति प्राग्वत् ।।६१६।।९।।

सैन्यं—'कह सत्ति मिय णु'त्ति कथं शक्तिः सामर्थ्यरूपा, मकारोऽलाक्षणिकः । इयं तव, नुर्व्वितर्के, ततो वितर्क्यतेऽस्माभिः कथञ्चित्तव शक्तिरुत्पन्ना यथा यदस्माभिः करिष्ये तत् सहिष्यत इति ? मुनिः—शक्तिमच्छासनात् सकलत्रैलोक्यसमर्ग्गलसामर्थ्यस्य पुरुषविशेषस्य शिक्षणात् । सैन्यं—को नु को नामेष शक्तिमान् पुरुषविशेषः ? मुनिः—सर्वज्ञः सर्वमतीतानागतादिभेदभिन्नं वस्तु जानाति हस्ततलन्यस्तनिस्तलस्थूलमुक्ताफलमिवानवरतमाकलयते यः सकलसुरासुरनरवृन्दवन्द्यपादारविन्दो भगवानर्हन्निति । ततः ससन्तोषं सैन्यलोकेन विसृष्टो मुनिः स्वस्थानं ययौ । एवमादि नगराभि-प्रायप्रकटनाद्यनुचितं साधुजनायोग्यं सदा सर्वकालं भाषासमितः सन् न भाषते, किन्तु यथा तेन संगतसाधुना भाषितं तथा भाषेतेति ।।६१७।।१०।।

**ભાવાર્થ :-**

ભાષાસમિતિમાં સંગત સાધુનું ઉદાહરણ છે જે મહાત્મા સર્વત્ર અપ્રતિબદ્ધ ચિત્તવાળા હતા આથી જ શત્રુના સૈન્યથી નગર ઘેરાયેલું હતું અને શત્રુરાજાના સૈન્ય તરફથી ઉપદ્રવ થશે તેવી સંભાવના હોવા છતાં પોતાના નિર્લેપ ચિત્તમાં કોઈ ક્ષોભ થશે નહીં તેવો સ્થિર વિશ્વાસ હોવાથી સર્વત્ર અપ્રતિબદ્ધભાવ વૃદ્ધિ પામે તે માટે ભિક્ષા અર્થે તે ગામની બહારના ગામમાં જવા માટે નીકળ્યા અને સંયોગ અનુસાર શત્રુરાજાના સૈનિકો તેમને જાસૂસ તરીકે સંભાવના કરીને અનેક રીતે યથાતથા પ્રશ્નો કરે છે તોપણ તે સૈનિકોના પ્રશ્નોથી પણ ક્ષોભ પામ્યા વગર ભાષાસમિતિની મર્યાદાથી સ્વસ્થતાપૂર્વક યથાઉચિત ઉત્તર આપે છે તેથી જે સાધુ ભાષાસમિતિની પાંચ ભાવનાથી આત્માને અત્યંત વાસિત કરે છે અને પ્રતિદિન સમભાવમાં અત્યંત ઉદ્યમ કરીને અસંગ ચિત્તવાળા થાય છે તેઓ જ કોઈપણ વિષમ સંયોગમાં કોઈનાથી પુછાયેલા પ્રશ્નોમાં ક્ષોભ વગર જિનવચનનું સ્મરણ કરીને સમભાવના પરિણામમાં કોઈ સ્ખલના ન થાય તે રીતે જ સર્વત્ર

વચનપ્રયોગ કરી શકે છે માટે ભાષાસમિતિના અર્થી સાધુએ સંગત સાધુનું દૃષ્ટાંત તે રીતે પુનઃ પુનઃ ભાવન કરવું જોઈએ જેથી જેમ સર્વત્ર અસંગ પરિણામવાળા થયેલા હોવાના કારણે તે મહાત્માએ ભાષાસમિતિપૂર્વક સર્વ ઉત્તરો આપ્યા તેમ સુસાધુએ પણ ભાષાસમિતિના ઉપયોગમાં ક્યાંય સ્ખલના ન થાય તે રીતે યત્ન કરવો જોઈએ. **॥૬૧૩થી ૬૧૭॥**

**અવતરણિકા :-**

**अथैषणासमितावुदाहरणमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે એષણાસમિતિમાં ઉદાહરણને કહે છે –**

**ગાથા :-**

**वसुदेव पुव्वजम्मे आहरणं एसणाए समिईए ।**
**मगहा णंदिग्गामे गोयम धिज्जाई चक्कयरो ।।६१८।।११।।**
**तस्स य धारिणि भज्जा गब्भत्ताए कुओ उ आहूओ ।**
**धिज्जाई मओ छम्मासगब्भ धिज्जाइणी जाए ।।६१९।।१२।।**
**माउलके संवड्डण कम्मकरण वियारणा य लोएणं ।**
**णत्थि तुह एत्थ किंची तो बेई माउलो तमिह ।।६२०।।१३।।**
**मा सुण लोगस्स तुमं धूयाओ तिण्णि तासिं जेट्ठयरं ।**
**देहामि करे कम्मं पकओ पत्तो य वीवाहो ।।६२१।।१४।।**
**सा णिच्छए विसण्णो माउलओ बेइ बीय दाहामि ।**
**सावि य तहेव णिच्छइ तइयत्ती णेच्छइ सावि ।।६२२।।१५।।**
**णिव्विण्ण णंदिवद्धणआयरियाणं सगासि णिक्खंतो ।**
**जाओ छट्ठक्खमओ गेण्हइ यमभिग्गहमिमं तु ।।६२३।।१६।।**
**बालगिलाणाईणं वेयावच्चं मए उ कायव्वं ।**
**तं कुणइ तिव्वसड्ढो खायजसो सक्कगुणकित्ती ।।६२४।।१७।।**
**अस्सद्दहणा देवस्स आगमो कुणइ दो समणरूवे ।**
**एगो गिलाणो अडवीए चिट्ठई अइगओ बिइओ ।।६२५।।१८।।**

बेइ गिलाणो पडिओ वेयावच्चं तु सद्दहे जो उ ।
सो उट्ठेज्ज खिप्पं सुयं च तं णंदिसेणेण ।।६२६।।१९।।
छट्ठोववासपारणमाणीयं कवल घेत्तुकामेणं ।
तं सुयमेत्तं रहसुट्ठिओ य भण केण कज्जंति ।।६२७।।२०।।
पाणगदव्वंति तहिं जं णत्थी बेइ तेण कज्जंति ।
णिग्गय हिंडंते कुणयणेसणं णवि य पेल्लेइ ।।६२८।।२१।।
इय एक्कवार बीयं च हिंडिओ लद्ध तइयवारम्मि ।
अणुकंपा तूरंतो गओ य सो तस्सगासं तु ।।६२९।।२२।।
खरफरुसणिट्ठुरेहिं अक्कोसइ से गिलाणओ रुट्ठो ।
हे मंदभग्ग! फुक्किय! तूससि तं णाममेत्तेण ।।६३०।।२३।।
साहुवगारित्ति अहं णामड्ढो तह समुद्दिसिउमाओ ।
एयाए अवत्थाए तं अच्छसि भत्तलोहिल्लो ।।६३१।।२४।।
अमयमिव मण्णमाणो तं फरुसगिरं तु सो ससंभंतो ।
चरणगओ खामेई धुवइ य तं समललित्तं ।।६३२।।२५।।
उट्ठेह वयंमोत्ती तह काहामी जहा हु अचिरेण ।
होहिह णिरुया तुब्भे बेई ण तरामि गंतुं जे ।।६३३।।२६।।
आरुह मे पिट्ठीए आरूढो तो तहिं पहारं च ।
परमासुइदुग्गंधं मुयई पट्ठीए केसयरं ।।६३४।।२७।।
बेइ गिरं धिय मुंडिय! वेगविहाओ कउत्ति दुक्खविओ ।
इय बहुविहमक्कोसइ पए पए सोवि भगवं तु ।।६३५।।२८।।
ण गणइ तं फरुसगिरं ण य तं गरहइ दुरहिगंधं तु ।
चंदणमिव मण्णंतो मिच्छा मि दुक्कडं भणइ ।।६३६।।२९।।
चिंतेइ किं करेमी कह णु समाही भवेज्ज साहुस्स ।
इय बहुविहप्पगारं णवि तिण्णो जाव खोभेउं ।।६३७।।३०।।

ताहे अभित्थुणित्ता गओ तओ आगओ य इयरो उ ।
आलोइए गुरूहिं धण्णोत्ति तहा समणुसिट्ठो ।।६३८।।३१।।
जह तेणमेसणा णो भिण्णा इय एसणाए जइयव्वं ।
सव्वेण सया अद्दीणभावओ सुत्तजोएण ।।६३९।।३२।।

**અન્વયાર્થ :-**

वसुदेव पुव्वजम्मे एसणाए समिईए आहरणं=કૃષ્ણવાસુદેવના પિતા વસુદેવ પૂર્વજન્મમાં એષણાસમિતિમાં ઉદાહરણ છે. मगहा णंदिग्गामे गोयम धिज्जाई चक्कयरो=મગધ દેશમાં નંદીગ્રામમાં ધિગ્જાતીય ગૌતમ નામે બ્રાહ્મણ હતો જે ભિક્ષા માટે ગામમાં ચક્રની જેમ ફરતો હતો.

तस्स य धारिणि भज्जा=અને તેને ધારિણી નામની પત્ની હતી. कुओ उ गब्भत्ताए आहूओ=તેણીને કોઈપણ ગતિમાંથી આવેલા જીવથી ગર્ભ રહ્યો. धिज्जाई मओ छम्मासगब्भ=ગર્ભ છ માસનો થયે છતે બ્રાહ્મણ ગૌતમ મરી ગયો. धिज्जाइणी जाए=બાળકનો જન્મ થયે છતે બ્રાહ્મણી ધારિણી મરી ગઈ.

माउलके संवड्ढण=મોસાળમાં મામાએ પાળી પોષીને મોટો કર્યો. (અને તેનું નામ નંદિષેણ રાખ્યું.) कम्मकरण=કામ કરવા લાગ્યો=મામાના ઘરે ખેતી-પશુપાલન આદિ કાર્ય કરવા લાગ્યો. તેથી તેના મામા તેના કાર્યથી નિશ્ચિંત થયા. वियारणा य लोएणं=અને લોક વડે તેને ભરમાવાયો. णत्थि तुह एत्थ किंची='અહીં તારું કાંઈ નથી'='આ ઘરમાં ધનાદિની વૃદ્ધિ થવા છતાં તારું અહીં કશું જ નથી.' तो बेई माउलो तमिह=પછી મામાએ તેને કહ્યું – 'અહીં'=લોકનું સાંભળીને ગૃહકાર્યમાં મંદ થયો ત્યારે વૃત્તાંતને જાણેલા મામાએ તેને કહ્યું – 'અહીં નગરમાં ઉચ્છૃંખલ લોકો હોય છે.'

मा सुण लोगस्स तुमं='તું લોકનું ન સાંભળ', धूयाओ तिण्णि='મારે ત્રણ પુત્રીઓ છે.' तासिं जेट्ठयरं देहामि='તેમાંથી સૌથી મોટી પ્રાપ્ત યૌવનવાળી થશે ત્યારે તે હું તને આપીશ.' करे कम्मं पकओ=(મામાએ આ પ્રમાણે કહ્યું પછી) તે કામ કરવા પ્રવૃત્ત થયો. पत्तो य वीवाहो=વિવાહનો કાળ પ્રાપ્ત થયો.

सा णिच्छए=તે મોટી પુત્રી તેને પરણવા અનિચ્છા કરે છે. विसण्णो=તે ખિન્ન હૃદયવાળો થયો= મોટી પુત્રીએ તેને પરણવાની અનિચ્છા કહેવાથી નંદિષેણ ગૃહકાર્યમાં મંદ થયો. माउलओ बेइ=મામાએ કહ્યું – बीय दाहामि='હું તને મારી બીજી પુત્રી આપીશ' सा वि य तहेव णिच्छइ=તે બીજીએ પણ તે પ્રમાણે જ પરણવાની અનિચ્છા કરી, तइयत्ती=મામાએ ત્રીજી પુત્રી પરણાવવા કબૂલ્યું. णेच्छइ सा वि=તે ત્રીજીએ પણ પરણવાની અનિચ્છા કરી.

णिव्विण्ण=નિર્વેદ પામ્યો=નંદિષેણ ગૃહવાસથી નિર્વેદ પામ્યો. णंदिवद्धणआयरियाणं सगासि णिक्खंतो= નંદિવર્ધન આચાર્યની પાસે દીક્ષા લીધી. छट्ठक्खमओ जाओ=છટ્ઠ તપ કરનારા થયા=પૂર્વભવમાં કરાયેલાં પાપોનો નાશ ઉગ્ર તપ વિના થવાનો નથી એમ માનતા નંદિષેણ છટ્ઠના પારણે છટ્ઠ તપને કરનારા થયા. गेण्हइ यमभिग्गहमिमं तु=જે અભિગ્રહને ગ્રહણ કરે છે તે આ છે=નંદિષેણ

પોતાના સામર્થ્યનો વિચાર કરીને જે અભિગ્રહને ગ્રહણ કરે છે તે હવે પછી કહેવાય છે.

बालगिलाणाईणं वेयावच्चं मए उ कायव्वं='બાળ-ગ્લાન આદિ સાધુની વૈયાવચ્ચ મારે એકલાએ જ કરવી', तं कुणइ तिव्वसड्ढो=તીવ્ર શ્રદ્ધાથી તે કરે છે. खायजसो=જશથી પ્રખ્યાત થયા=લોકમાં શ્રીચતુર્વિધ સંઘમાં ખ્યાતિને પામ્યા. सक्कगुणकित्ती=શક્રેન્દ્રએ તેમના વૈયાવચ્ચાદિ ગુણોની પ્રશંસા કરી.

अस्सद्दहणा देवस्स आगमो=(શક્રેન્દ્રે કરેલા ગુણોની) પ્રશંસાની શ્રદ્ધા નહીં કરતો દેવ અહીં આવ્યો. कुणइ दो समणरूवे=તેણે બે સાધુનાં રૂપ કર્યાં. एगो गिलाणो अडवीए चिट्ठई=એક ગ્લાન બનીને અટવીમાં રહે છે. अइगओ बिइओ=બીજા રૂપે જ્યાં નંદિષેણ સાધુ છે તે ઉપાશ્રયમાં જાય છે.

बेइ=કહે છે=બીજો સાધુ આવીને નંદિષેણ મુનિને કહે છે. गिलाणो पडिओ='એક ગ્લાન સાધુ અટવીમાં રહેલા છે.' वेयावच्चं तु सद्दहे जो उ='વૈયાવચ્ચમાં શ્રદ્ધાવાળો જે હોય તે ત્યાં જાય.' सो उट्ठेज्ज खिप्पं सुयं च तं णंदिसेणेण=તેનું વચન નંદિષેણે સાંભળ્યું અને તરત જ તે ઊભા થઈ ગયા.

छट्ठोववासपारणमाणीयं कवल घेत्तुकामेणं=છઠ્ઠભક્ત ઉપવાસના પારણા નિમિત્તે લાવેલ ગોચરીનો પ્રથમ કોળિયો ભરવા ગયા ત્યારે જ, तं सुयमेत्तं रहसुट्ठिओ=આ સાંભળીને તે તરત જ ઊભા થઈ ગયા. भण य केण कज्जंति=અને બોલ્યા 'શેનું કાર્ય છે ?'='કઈ વસ્તુની જરૂર છે ?'

बेइ=(દેવસાધુ) બોલ્યો – पाणगदव्वंति तहिं जं णत्थी='પાણી દ્રવ્યની જરૂર છે જે કારણથી તે ક્ષેત્રમાં તે નથી' तेण कज्जंति=(તેથી) 'તેની જરૂર છે.' णिग्गय=નીકળ્યા=નંદિષેણ મુનિ ઉપાશ્રયની બહાર નીકળ્યા. हिंडंते कुणयणेसणं=ચાલતા ચાલતા ગવેષણા કર્યે છતે તે દેવ પાણીની અશુદ્ધિરૂપ અનેષણા કરે છે. णवि य पेल्लेइ=અને પ્રેરણા પણ કરતો નથી=તે દેવસાધુ નંદિષેણ મુનિને અશુદ્ધ પાણી લેવા પ્રેરણા પણ કરતો નથી.

इय एक्कवार बीयं च हिंडिओ=આ રીતે નંદિષેણ મુનિ એક વાર અને બીજી વાર પણ ફર્યા. (છતાં પાણી ન મળ્યું.) लद्ध तइयवारम्मि=ત્રીજી વારે (પાણી) મળ્યું. अणुकंपा=અનુકંપાથી, तूरंतो गओ य सो तस्सगासं तु=અને તે તુરંત તેની પાસે અર્થાત્ તે ગ્લાન સાધુ પાસે ગયા.

खरफरुसणिट्ठुरेहिं अक्कोसइ से गिलाणओ रुट्ठो=રોષ પામેલા તે ગ્લાન સાધુ કઠોર-નિષ્ઠુર વચનોથી તેમને આક્રોશ કરે છે. हे मंदभग्ग !='હે મંદભાગ્ય !' फुक्किय !='હે ફૂંક મારવા લાયક !'='હે અત્યંત અસારતાથી ફોતરાંની જેમ ફૂંક મારવા યોગ્ય !' तूससि तं णाममेत्तेण='તું નામમાત્રથી સંતોષ માને છે'='તું વૈયાવચ્ચ કરનારો છે એમ નામમાત્રથી સંતોષ માને છે.'

साहुवगारित्ति अहं णामड्ढो='હું ઉપકારી સાધુ છું. એવા નામમાત્રથી ફુલાય છે' तह समुद्दिसिउमाओ='અને ભોજન કરીને અહીં આવ્યો છે.' एयाए अवत्थाए='આવી અવસ્થામાં'='મારી આવી અવસ્થા હોવા છતાં પણ', तं अच्छसि भत्तलोहिल्लो='તું ભોજનનો લોભી થયો છું.'

अमयमिव मण्णमाणो तं फरुसगिरं=તે કઠોર વાણીને અમૃત સમાન માનતા, तु सो ससंभंतो=અને સંભ્રાંત થયેલા તે, चरणगओ खामेई=પગમાં પડીને ખમાવે છે. धुवइ य तं समललित्तं=અને પોતાના

વિષ્ઠા અને મૂત્રરૂપી મળથી ખરડાયેલા એવા તે સાધુને ધૂએ છે.

(નંદિષેણ મુનિએ કહ્યું —) उट्ठेह वयंमोत्ती='ઊઠો અને આ સ્થાન છોડો.' तह काहामी जहा हु अचिरेण होहिह णिरुया तुब्भे='હું એવું કરીશ જેથી તમે જલ્દીથી નીરોગી થશો.' बेई=બોલ્યા — ण तरामि गंतुं जे='હું જવા માટે સમર્થ નથી'='ગ્લાન એવો હું જાતે ચાલીને અન્ય સ્થાને જવા સમર્થ નથી.'

आरुह मे पिट्ठीए=(નંદિષેણે કહ્યું —) 'મારી પીઠ પર ચડી જાઓ.' आरूढो तो=પછી તે ગ્લાન સાધુ તેની પીઠ (ઉપર) ચઢ્યા. तहिं पहारं च परमासुइदुग्गंधं मुयई=અને તેમની ઉપર અત્યંત અશુચિમય અને દુર્ગંધયુક્ત છોડ્યા=તે ગ્લાન સાધુએ નંદિષેણની પીઠ ઉપર મરેલાં અને કોહવાઈ ગયેલાં શિયાળ-બિલાડી આદિનાં ક્લેવર કરતાં વધારે અશુચિમય અને દુર્ગંધયુક્ત એવાં મળ અને મૂત્રનો રેલો છોડ્યો. पट्ठीए केसयरं=પૃષ્ઠપ્રદેશને પીડા કરનારા હતા=તે ગ્લાન સાધુ અત્યંત અસાધારણ સ્પર્શવાળા હોવાથી પીઠપ્રદેશને પીડા કરનારા હતા.

बेइ गिरं=(ગ્લાન સાધુ) વાણી બોલે છે. धिय मुंडिय !='હે મુંડિયા ! તને ધિક્કાર થાઓ. वेगविहाओ कउ=તેં મારા મળ-મૂત્રના વેગનો નિરોધ કર્યો. त्ति=જેથી, दुक्खविओ=હું તારા વડે દુ:ખી કરાયો.' इय बहुविहमक्कोसइ पए पए=એ પ્રમાણે પગલે પગલે વિવિધ પ્રકારે આક્રોશ કરે છે, सोवि भगवं तु=છતાં પણ તે ભગવાન કરે છે તે નંદિષેણ મુનિ જે કરે છે તેને કહે છે.

ण गणइ तं फरुसगिरं=તેની કઠોર વાણીને મનમાં લેતા નથી. ण य तं गरहइ दुरहिगंधं तु=અને દુર્ગંધ-યુક્ત એવા પણ તેની નિંદા કરતા નથી=કઠોર વચન બોલનાર એવા તે દુર્ગંધયુક્ત સાધુની પણ નિંદા કરતા નથી. चंदणमिव मण्णंतो=ચંદન સમાન માનતા તે, मिच्छा मि दुक्कडं भणइ='મારું દુષ્કૃત મિથ્યા થાઓ' એમ કહે છે.

चिंतेइ=(નંદિષેણ મુનિ) મનમાં વિચાર કરે છે. किं करेमी='શું કરું ?'='અન્નપાનદાનાદિરૂપ કયું કાર્ય આમનું કરું ?' कह णु समाही भवेज्ज साहुस्स='આ સાધુને કઈ રીતે સમાધિ થાય ?' इय बहुविहप्पगारं=આ રીતે ઘણા પ્રકારે=તે દેવ ભોજનનો અંતરાય, એષણાનો વિઘાત, નિષ્ઠુર આક્રોશાદિ વિવિધ પ્રકારે, णवि तिण्णो जाव खोभेउं=(નંદિષેણ મુનિને) ગ્લાન સાધુએ કોપાયમાન કરવા ઘણો પ્રયત્ન કર્યો તોપણ શક્તિમાન ન થયા.

ताहे=ત્યારે, अभित्थुणित्ता=તેની પ્રશંસા કરીને='અહો ! તારું જીવિતવ્ય સફળ છે', એમ વાણીથી નંદિષેણની પ્રશંસા કરીને, गओ=દેવ ગયો. तओ आगओ य इयरो उ=અને બીજા અર્થાત્ નંદિષેણ મુનિ પોતાના ઉપાશ્રયે પાછા આવ્યા. आलोइए गुरूहिं=ગુરુ પાસે આલોચના કરી=ગુરુને યથા હકીકત જણાવી. धण्णोत्ति तहा समणुसिट्ठो='તું ધન્ય છે !' એમ ગુરુએ તેમની પ્રશંસા કરી.

जह तेणमेसणा णो भिण्णा=જે પ્રમાણે તેમના વડે એષણાને વિનાશિત ન કરાઈ=જે પ્રમાણે નંદિષેણ મુનિ વડે પાનશુદ્ધિની એષણા મલિન ન કરાઈ, इय एसणाए जइयव्वं=એ પ્રમાણે સાધુએ

એષણામાં યત્ન કરવો જોઈએ.

કઈ રીતે યત્ન કરવો જોઈએ ? તેથી કહે છે –

**सव्वेण सया अद्दीणभावओ सुत्तजोएण**=સર્વ સાધુ વડે સદા એષણા શુદ્ધિમાં અદીનભાવથી સૂત્રાનુસાર ઉપયોગવાળા થઈને. ॥૬૧૮થી ૬૩૯॥

**ગાથાર્થ :-**

કૃષ્ણવાસુદેવના પિતા વસુદેવ પૂર્વજન્મમાં એષણાસમિતિમાં ઉદાહરણ છે. મગધ દેશમાં નંદીગ્રામમાં ધિગ્જાતીય ગૌતમ નામે બ્રાહ્મણ હતો જે ભિક્ષા માટે ગામમાં ચક્રની જેમ ફરતો હતો.

અને તેને ધારિણી નામની પત્ની હતી. તેણીને કોઈપણ ગતિમાંથી આવેલા જીવથી ગર્ભ રહ્યો. ગર્ભ છ માસનો થયે છતે બ્રાહ્મણ ગૌતમ મરી ગયો. બાળકનો જન્મ થયે છતે બ્રાહ્મણી ધારિણી મરી ગઈ.

મોસાળમાં મામાએ પાળી પોષીને મોટો કર્યો. અને તેનું નામ નંદિષેણ રાખ્યું. કામ કરવા લાગ્યો=મામાના ઘરે ખેતી-પશુપાલન આદિ કાર્ય કરવા લાગ્યો. તેથી તેના મામા તેના કાર્યથી નિશ્ચિંત થયા. અને લોક વડે તેને ભરમાવાયો. 'અહીં તારું કાંઈ નથી'='આ ઘરમાં ધનાદિની વૃદ્ધિ થવા છતાં તારું અહીં કશું જ નથી.' પછી મામાએ તેને કહ્યું – 'અહીં'=લોકનું સાંભળીને ગૃહકાર્યમાં મંદ થયો ત્યારે વૃત્તાંતને જાણેલા મામાએ તેને કહ્યું – 'અહીં નગરમાં ઉચ્છૃંખલ લોકો હોય છે.'

'તું લોકનું ન સાંભળ'. 'મારે ત્રણ પુત્રીઓ છે.' 'તેમાંથી સૌથી મોટી પ્રાપ્ત યૌવનવાળી થશે ત્યારે તે હું તને આપીશ.' મામાએ આ પ્રમાણે કહ્યું પછી તે કામ કરવા પ્રવૃત્ત થયો. વિવાહનો કાળ પ્રાપ્ત થયો.

તે મોટી પુત્રી તેને પરણવા અનિચ્છા કરે છે. તે ખિન્ન હૃદયવાળો થયો=મોટી પુત્રીએ તેને પરણવાની અનિચ્છા કહેવાથી નંદિષેણ ગૃહકાર્યમાં મંદ થયો. મામાએ કહ્યું – 'હું તને મારી બીજી પુત્રી આપીશ' તે બીજીએ પણ તે પ્રમાણે જ પરણવાની અનિચ્છા કરી. મામાએ ત્રીજી પુત્રી પરણાવવા કબૂલ્યું. તે ત્રીજીએ પણ પરણવાની અનિચ્છા કરી.

નિર્વેદ પામ્યો=નંદિષેણ ગૃહવાસથી નિર્વેદ પામ્યો. નંદિવર્ધન આચાર્યની પાસે દીક્ષા લીધી. છઠ્ઠ તપ કરનારા થયા=પૂર્વભવમાં કરાયેલાં પાપોનો નાશ ઉગ્ર તપ વિના થવાનો નથી એમ માનતા નંદિષેણ છઠ્ઠના પારણે છઠ્ઠ તપને કરનારા થયા. જે અભિગ્રહને ગ્રહણ કરે છે તે આ છે= નંદિષેણ પોતાના સામર્થ્યનો વિચાર કરીને જે અભિગ્રહને ગ્રહણ કરે છે તે હવે પછી કહેવાય છે.

'બાળ-ગ્લાન આદિ સાધુની વૈયાવચ્ચ મારે એકલાએ જ કરવી'. તીવ્ર શ્રદ્ધાથી તે કરે છે. જશથી પ્રખ્યાત થયા=લોકમાં શ્રીચતુર્વિધ સંઘમાં ખ્યાતિને પામ્યા. શક્રેન્દ્રએ તેમના વૈયાવચ્ચાદિ ગુણોની પ્રશંસા કરી.

શક્રેન્દ્રે કરેલા ગુણોની પ્રશંસાની શ્રદ્ધા નહીં કરતો દેવ અહીં આવ્યો. તેણે બે સાધુનાં રૂપ કર્યાં. એક ગ્લાન બનીને અટવીમાં રહે છે. બીજા રૂપે જ્યાં નંદિષેણ સાધુ છે તે ઉપાશ્રયમાં જાય છે.

કહે છે=બીજો સાધુ આવીને નંદિષેણ મુનિને કહે છે. 'એક ગ્લાન સાધુ અટવીમાં રહેલા છે.' 'વૈયાવચ્ચમાં શ્રદ્ધાવાળો જે હોય તે ત્યાં જાય.' તેનું વચન નંદિષેણે સાંભળ્યું અને તરત જ તે ઊભા થઈ ગયા.

છઠ્ઠભક્ત ઉપવાસના પારણા નિમિત્તે લાવેલ ગોચરીનો પ્રથમ કોળિયો ભરવા ગયા ત્યારે જ, આ સાંભળીને તે તરત જ ઊભા થઈ ગયા. અને બોલ્યા 'શેનું કાર્ય છે ?'='કઈ વસ્તુની જરૂર છે ?'

દેવસાધુ બોલ્યો – 'પાણી દ્રવ્યની જરૂર છે જે કારણથી તે ક્ષેત્રમાં તે નથી તેથી તેની જરૂર છે.' નીકળ્યા=નંદિષેણ મુનિ ઉપાશ્રયની બહાર નીકળ્યા. ચાલતા ચાલતા ગવેષણા કર્યે છતે તે દેવ પાણીની અશુદ્ધિરૂપ અનેષણા કરે છે. અને પ્રેરણા પણ કરતો નથી=તે દેવસાધુ નંદિષેણ મુનિને અશુદ્ધ પાણી લેવા પ્રેરણા પણ કરતો નથી.

આ રીતે નંદિષેણ મુનિ એક વાર અને બીજી વાર પણ ફર્યા. છતાં પાણી ન મળ્યું. ત્રીજી વારે પાણી મળ્યું. અનુકંપાથી અને તે તુરંત તેની પાસે અર્થાત્ તે ગ્લાન સાધુ પાસે ગયા.

રોષ પામેલા તે ગ્લાન સાધુ કઠોર-નિષ્ઠુર વચનોથી તેમને આક્રોશ કરે છે. 'હે મંદભાગ્ય !' 'હે ફૂંક મારવા લાયક !'='હે અત્યંત અસારતાથી ફોતરાંની જેમ ફૂંક મારવા યોગ્ય !' 'તું નામમાત્રથી સંતોષ માને છે'='તું વૈયાવચ્ચ કરનારો છે એમ નામમાત્રથી સંતોષ માને છે.'

'હું ઉપકારી સાધુ છું. એવા નામમાત્રથી ફુલાય છે' 'અને ભોજન કરીને અહીં આવ્યો છે.' 'આવી અવસ્થામાં'='મારી આવી અવસ્થા હોવા છતાં પણ, તું ભોજનનો લોભી થયો છું.'

તે કઠોર વાણીને અમૃત સમાન માનતા અને સંભ્રાંત થયેલા તે પગમાં પડીને ખમાવે છે. અને પોતાના વિષ્ઠા અને મૂત્રરૂપી મળથી ખરડાયેલા એવા તે સાધુને ધૂએ છે.

નંદિષેણ મુનિએ કહ્યું – 'ઊઠો અને આ સ્થાન છોડો.' 'હું એવું કરીશ જેથી તમે જલ્દીથી નીરોગી થશો.' બોલ્યા – 'હું જવા માટે સમર્થ નથી'='ગ્લાન એવો હું જાતે ચાલીને અન્ય સ્થાને જવા સમર્થ નથી.'

નંદિષેણે કહ્યું – 'મારી પીઠ પર ચડી જાઓ.' પછી તે ગ્લાન સાધુ તેની પીઠ ઉપર ચઢ્યા. અને તેની ઉપર અત્યંત અશુચિમય અને દુર્ગંધયુક્ત છોડ્યા=તે ગ્લાન સાધુએ નંદિષેણની પીઠ ઉપર મરેલાં અને કોહવાઈ ગયેલાં શિયાળ-બિલાડી આદિનાં કલેવર કરતાં વધારે અશુચિમય અને દુર્ગંધયુક્ત એવાં મળ અને મૂત્રનો રેલો છોડ્યો. પૃષ્ઠપ્રદેશને પીડા કરનારા હતા=તે ગ્લાન સાધુ અત્યંત અસાધારણ સ્પર્શવાળા હોવાથી પીઠપ્રદેશને પીડા કરનારા હતા.

ગ્લાન સાધુ વાણી બોલે છે. 'હે મુંડિયા ! તને ધિક્કાર થાઓ. તેં મારા મળ-મૂત્રના વેગનો નિરોધ કર્યો. જેથી હું તારા વડે દુઃખી કરાયો. એ પ્રમાણે પગલે પગલે વિવિધ પ્રકારે આક્રોશ કરે છે છતાં પણ તે ભગવાન કરે છે=તે નંદિષેણ મુનિ જે કરે છે તેને કહે છે.

તેની કઠોર વાણીને મનમાં લેતા નથી. અને દુર્ગંધયુક્ત એવા પણ તેની નિંદા કરતા નથી=કઠોર વચન બોલનાર એવા તે દુર્ગંધયુક્ત સાધુની પણ નિંદા કરતા નથી. ચંદન સમાન માનતા તે 'મારું દુષ્કૃત મિથ્યા થાઓ' એમ કહે છે.

નંદિષેણ મુનિ મનમાં વિચાર કરે છે. 'શું કરું ?'='અન્નપાનદાનાદિ રૂપ કયું કાર્ય આમનું કરું ?' 'આ સાધુને કઈ રીતે સમાધિ થાય ?' આ રીતે ઘણા પ્રકારે=તે દેવ ભોજનનો અંતરાય, એષણાનો વિઘાત, નિષ્ઠુર આક્રોશાદિ વિવિધ પ્રકારે નંદિષેણ મુનિને ગ્લાન સાધુએ કોપાયમાન કરવા ઘણો પ્રયત્ન કર્યો તોપણ શક્તિમાન ન થયા.

ત્યારે તેની પ્રશંસા કરીને='અહો ! તારું જીવિતવ્ય સફળ છે', એમ વાણીથી નંદિષેણની પ્રશંસા કરીને દેવ ગયો. અને બીજા અર્થાત્ નંદિષેણ મુનિ પોતાના ઉપાશ્રયે પાછા આવ્યા. ગુરુ પાસે આલોચના કરી=ગુરુને યથા હકીકત જણાવી. 'તું ધન્ય છે !' એમ ગુરુએ તેમની પ્રશંસા કરી.

જે પ્રમાણે તેમના વડે એષણાને વિનાશિત ન કરાઈ=જે પ્રમાણે નંદિષેણ મુનિ વડે પાનશુદ્ધિની એષણા મલિન ન કરાઈ એ પ્રમાણે સાધુએ એષણામાં યત્ન કરવો જોઈએ.

કઈ રીતે યત્ન કરવો જોઈએ ? તેથી કહે છે –

સર્વ સાધુ વડે સદા એષણા શુદ્ધિમાં અદીનભાવથી સૂત્રાનુસાર ઉપયોગવાળા થઈને. ।।૬૧૮થી ૬૩૯।।

**ટીકા :-**

वसुदेवः—सहजनिजसौभाग्यवशभग्नसुभगंमन्यमनुजाभिमानो, दशमदशार्हः, अन्धकवृष्णिनाममहाराजाङ्गजः, तत्कालहरिवंशप्रसूतिपितामहीभूतः, वासुदेवपिता, पूर्वजन्मन्याहरणमेषणायामेषणानामिकायां समितौ । तदेव दर्शयति—'मगह'त्ति मगधविषये नन्दिग्रामे गौतमो नाम धिग्जातिर्ब्राह्मणः, चक्रचरः कुलालचक्रवद् यो भिक्षार्थी सन् ग्रामादौ चरति स चक्रचरो भिक्षाचर इत्यर्थः, समभूत् ।।६१८।।११।।

तस्य च गौतमचक्रचरस्य धारणी नाम भार्या आसीत् । एवं कुटुंबधर्मे प्रवर्त्तमाने कियति कालेऽतिक्रान्ते सति गर्भस्तस्या धारण्याः कुतोऽपि गत्यन्तरादभूत् समुद्भूतः । स च स्वभावादनुपचितसमीहितसिद्धिहेतुपुण्यस्कन्धो वर्त्तते । अत एव धिग्जातिर्गौतमनामा मृतः परासुतामापन्नः । क्वेत्याह—'छम्मासे गब्भ'त्ति षण्मासगर्भे षड् मासा यस्य स तथा तस्मिन् गर्भे सति-तस्य गर्भेऽवतीर्णस्य षष्ठे मासे पिता मृत इत्यर्थः । 'धिज्जाइणि'त्ति जननी जाते उदरान्निर्गते तत्र गर्भे मृतेति ।।६१९।।१२।।

ततो मातुलेन प्रतीतरूपेण संवर्द्धनं वृद्धिमानीतोऽसौ प्रतिष्ठितनन्दिषेणनामा । तत्रैव मातुलगृहे 'कम्मकरण'त्ति कृषिपाशुपाल्यादिकर्म कर्त्तुमारब्धः । निश्चिंतस्तस्य संवृत्तो मातुलः । एवं व्रजति काले वितारणा च विप्रतारणा पुनर्लोकेन परव्यसनसुस्थितेन कर्त्तुमारब्धा तस्य । कथमित्याह– नास्ति न विद्यते तवात्र गृहे दूरं वृद्धिं गतेऽपि किञ्चिदाभाव्यम् । गृहकर्मसु मन्दादरे जाते ब्रवीति प्रतिपादयति मातुलो लब्धवृत्तान्तस्तमिह ग्रामे स्वभावत एव परगृहतप्तिकारके उच्छृंखलमुखे ।।६२०।।१३।।

मा शृणु लोकस्य वचनानि त्वं, परगृहभञ्जनप्रियत्वाल्लोकस्य । यतो दुहितरस्तिस्रः सन्ति मम गृहे । तासां या ज्येष्ठतरा सर्वज्येष्ठा तां प्राप्तयौवनां तव दास्यामि । एवं मातुलेनोक्तः 'करे'त्ति कर्त्तुं कर्म प्रकृतः प्रवृत्तवान् । कालेन प्राप्तश्च वीवाह इति ।।६२१।।१४।।

सा ज्येष्ठा दुहिता तत्र विवाहे पित्रा समुपस्थापिते तं नन्दिषेणं तुच्छौष्ठच्छदमुखतया समुद्घाटदशनं चिपिटनाशिकमतिगभीरनेत्ररन्ध्रममनोहरस्वरमतिलम्बोदरंसंक्षिप्तवक्षःप्रदेशं विकटपादपातमलिगवलव्यालकालकायं साक्षादपुण्यराशिमिव निभाल्य नेच्छति परिणेतुम्; भणितवती च यदि मामनेन परिणाययिष्यथ तदा नूनं मया मर्त्तव्यमिति । ततोऽसौ विखिन्नो मन्दादरश्च गृहकर्मसु संवृत्तः । मातुलो ब्रवीति–यदि नामानया दुहित्रा नाभिलषितस्त्वं तथापि द्वितीयां दुहितरं दास्यामि । सापि च दुहिता तथैव प्रथमदुहितृवत् तं नेच्छति । 'तइयत्ती' इति, अतस्तृतीया प्रतिपन्ना, इत्येवं प्रथमदुहितृद्वयवत् सापि नेच्छति तृतीया ।।६२२।।१५।।

ततो निर्विण्णोऽसौ गृहवासाद् नन्दिवर्द्धनाचार्याणां सकाशे निष्क्रान्तः प्रतिपन्नव्रतः सम्पन्नः । ततोऽसौ पूर्वभवविहितानां दुष्कृतानामुदग्रं तपो विना नान्यो विनाशहेतुः समस्तीति मन्यमानो जातः षष्ठक्षमकः । षष्ठं नाम षष्ठभक्तं तपः । तच्च किल भक्तपञ्चकपरिहारेण षष्ठं भक्तमुपादेयतया यत्र तपसीत्यन्वर्थप्रधानतया उपवासद्वयं, तत् क्षमते सहते यः स तथा । तथा, स्वसामर्थ्यालोचनेन गृह्णाति चाभिग्रहमिमं तु वक्ष्यमाणं पुनः ।।६२३।।१६।।

तमेव दर्शयति–बालग्लानादीनां शिशुसरोगवृद्धप्राघूर्णकाचार्योपाध्यायतपस्विशैक्षादिभेदभाजां साधूनां वैयावृत्त्यमन्नपानदानाद्युपष्टम्भलक्षणं मया तु मयैव केवलेन कर्त्तव्यं, न पुनरन्यः कश्चिदिच्छाकारविषयः कर्त्तव्यः केनापीति । एवं गृहीताभिग्रहो निधिलाभादपि समधिकं सन्तोषमुद्वहं स्तमभिग्रहं करोति तीव्रश्रद्धः समुद्घटितातितीव्राभिलाषः । जातश्चतुर्वर्णश्रीश्रमणसंघमध्ये ख्यातयशाः समुत्पन्नश्लोकः तदा तस्य शक्रगुणोत्कीर्त्तिः-शक्रेण सौधर्मप्रभुणा गुणानां वैयावृत्त्यादीनां कीर्त्तनमकारीति ।।६२४।।१७।।

ततोऽश्रद्दधानस्य शक्रकृतगुणोत्कीर्त्तनं कस्यचिद्देवस्येहागमोऽवतरणलक्षणो जज्ञे । स च करोति

द्वे श्रमणरूपे । तयोरेको ग्लानः सन् अटव्यां तिष्ठतीति विकुर्व्यातिगतो यत्रासौ नन्दिषेणः साधुस्तत्राश्रये प्रविष्टो द्वितीयः साधुः ।।६२५।।१८।।

ब्रवीति स उपाश्रयागतेः—ग्लानः पतितोऽटव्यामेकः साधुः समस्ति । वैयावृत्त्यं तूक्तलक्षणं श्रद्धत्ते रुचिविषयीकरोति यस्तु कश्चित्, तुशब्दौ पादपूरणार्थौ, स उत्तिष्ठतु उद्यमं करोतु क्षिप्रमिदानीमेव । श्रुतं च तद्वचनं नन्दिषेणेन मुनिना ।।६२६।।१९।।

कीदृशेनेत्याह—षष्ठोपवास उक्तलक्षणः, पार्यते तीरं नयते येन स तथा तमानीतं स्वयमेव सर्वसम्पत्करी-भिक्षाविशेषलब्धं कवलं ग्रासरूपं, विभक्तिलोपः प्राकृतत्वात्, प्रथमत एव ग्रहीतुकामेन । तद्देववचो यदा श्रुतमात्रं श्रुतिपथावतारि सम्पन्नम्, तदा रभसोत्थितश्च रभसादुत्थित एव सन् ब्रवीति भण त्वं केन वस्तुना कार्यं प्रयोजनमिति ।।६२७।।२०।।

पानकद्रव्यम्, इति प्राग्वत्, तत्र सन्निवेशे यन्नास्ति द्राक्षापानकादि, ब्रवीति तेन कार्यम् । इतिः पूर्ववत् । ततो निर्ग्गत उपाश्रयाद् नन्दिषेणः पानकगवेषणार्थम् । तत्र च हिण्डमाने तृष्णाबुभुक्षाक्षामकुक्षौ करोत्यनेषणां पानकाशुद्धिलक्षणां स देवः । नापि च नैव प्रेरयति स साधुस्तम् ।।६२८।।२१।।

इत्येवमेकवारां द्वितीयां च वारामुपदिष्टपानकार्थं हिण्डितस्तत्र सन्निवेशे । न च लब्धं तत् । 'लद्ध'त्ति लब्धं च तृतीयवारे । वारशब्दस्येह पुल्लिंगत्वादेवं निर्देशः । ततो 'अणुकंप'त्ति अनुकम्पया दयया त्वरमाणो गतश्च स नन्दिषेणसाधुस्तत्सकाशं तस्यैव समीपं पुनरिति ।।६२९।।२२।।

गतं सन्तं तं खरपरुषनिष्ठुरैर्वाक्यैराक्रोशति शपते स ग्लानको ग्लान एवानुकम्पनीयतां गतो रुष्टो दर्शितभ्रुकुटीभङ्गादिकोपविकारः । कथमित्याह—हे मन्दभाग्य तुच्छीभूतपुण्यस्कन्ध! फूत्कृत अत्यन्तासारतया तुषादिवत्फूत्कारयोग्य! तुष्यसि सन्तुष्टो भवसि त्वं नाममात्रेण नाम्नैव केवलेन वैयावृत्त्यकरोऽहमित्येवंरूपेण ।।६३०।।२३।।

'साहुवगारित्ति अहं नामड्ढो' इति साधूपकार्यहमित्येवंरूपनाम्नाऽऽढ्यः, तथा समुद्दिश्य भोजनं कृत्वा आगत इति, एतस्यां भवतैवावलोक्यमानायामवस्थायां त्वमास्ते भक्तलोभवान् सन्निति ।।६३१।।२४।।

अमृतमिव पीयूषमिव मन्यमानस्तां परुषां गिरं तु परुषामपि गिरं 'जो सहइ उ गामकंटए अक्कोसवहारतज्जणाउ य । भयभेरवसद्दसप्पहासे समसुहदुक्खसहे य जे सभिक्खू ।।' इत्यादिसूत्र-वासितान्तःकरणत्वात् स नन्दिषेणः ससंभ्रातः ससंभ्रमः सन् चलनगतः क्षमयति, यथा—क्षमस्व ममैकमपराधं न पुनरेवं करिष्ये, धावति च तं साधुं स्वमललिप्तं स्वकीयविष्ठामूत्रलक्षणमलोपदिग्धमिति ।।६३२।।२५।।

बभाण चोत्तिष्ठत यूयमितः स्थानाद् व्रजाम इति । तथा करिष्यामि वसतिकामध्यप्राप्तं सन्तं भवन्तं 'जहा हु'त्ति यथा चिरेण शीघ्रमेव 'होहिह'त्ति भविष्यथ नीरोगा यूयम् । ततो ब्रवीति—ग्लानो न तरामि गन्तुमितः स्थानात् क्वचिदपि । 'जे'इति वाक्यालंकारार्थः ।।६३३।।२६।।

नन्दिषेणः प्राह—आरोह समारूढो भव पृष्ठौ मदीयायाम् । आरूढस्ततः सः । प्रहारं च मूत्र-पुरीषलक्षणं पुनः परमाशुचिमत्यन्तमशुचिरूपम्, अत एव दुर्गन्धं मृतकुथितशृगालमार्जारादिकडेवरादपि विरुद्धगन्धं मुञ्चति पृष्ठिक्लेशकरमत्यन्तासाधारणस्पर्शत्वेन पृष्ठप्रदेशापकारि ।।६३४।।२७।।

ब्रवीति गिरं धिग् मुण्डिन्! त्वं, वेगविघातो मूत्रपुरीषप्रवृत्तिनिरोधः कृतस्त्वया, इत्यस्माद् दुःखापितो दुःखवान् कृतोऽहमित्येवं नानारूपमाक्रोशति पदे पदे । सोऽपि भगवान् यत्कुरुते तदाह ।।६३५।।२८।।

न गणयति न मन्यते तां परुषगिरं, न च गर्हतेऽपि तं परुषवचनवक्तारं दुरभिगन्धं विलीनगन्धमपि सन्तम् । तर्हि किं कुरुते इत्याह—चन्दनमिव मन्यमानस्तत्पुरीषादि, मिथ्या मे दुष्कृतं यदत्र प्रमादादनु-चितमाचरितमिति भणति ।।६३६।।२९।।

तथा चिन्तयति मीमांसते—किं करोमि अन्नपानदानादिरूपं कृत्यं, कथं तु केन नाम प्रकारेण समाधिर्भवेदस्य साधोः । इत्येवं बहुविधप्रकारं भोजनभङ्गएषणाविघातनिष्ठुराक्रोशादिप्रकारवद्, यथा भवति । नापि नैव तीर्णः शकितो यदा क्षोभयितुम् ।।६३७।।३०।।

पभिईओऽणेगगुणा । गंतुं कयंजली सो दूओ पणमित्तु इय भणइ ।।१७८।। कंपिल्लपुरे रण्णो धूया दुवयस्स दोवईनामा । दिन्नो सयंवरो से पिउणा ता तस्स पत्थणया ।।१७९।। काले विलंबहीणं कंपिल्लपुरस्स बाहिदेसम्मि । नियनियरिद्धिसमेया सपरीवारा समोसरह ।।१८०।। हत्थिणपुरम्मि रण्णो पंडुस्स सनंदणस्स एमेव । दूयं दुइज्जयं पेसवेइ तइयं च चंपाए ।।१८१।। कण्हस्स अंगरण्णो, चउत्थयं पंचसोयरसयस्स । सोत्तिमईए पुरीए रन्नो सिसुपालनामस्स ।।१८२।। पंचमयं दमदंतस्स राइणो हत्थिसीसनयरम्मि । छट्ठं महुराए पुरीए राइणो धरभिहाणम्मि ।।१८३।। सत्तमयं रायगिहे सहदेवसनामगस्स भूवइणो । अट्ठमयं कोडिण्णे पुरम्मि भेसगनिवसुयस्स ।।१८४।। नवमं कीयगरण्णो विराडदेसे सभाउयसयस्स । सेसाण भूमिपालाण सेसनयरेसु दसमं तु ।।१८५।। तस्साहवणेण सगउरवेण ते तूरमाणमणपसरा । समगं कंपिल्लपुरे गंगातीरे विसालम्मि ।।१८६।। कयसिबिरसंनिवेसा दुवयनिरूवियनिवासठाणेसु । पक्खुभियजलहिकल्लोलतुल्लसत्ताठिया सव्वे ।।१८७।। उत्तुंगथंभसंभार-भासमाणं करावए राया । तीए सयंवरमंडवमुद्दंडपडागसयसहियं ।।१८८।। रयणमय भूरितोरणमइरम्मय-सालिभंजियाकलियं । बहुमत्तवारणं वारणाण दसणेहिं निम्मवियं ।।१८९।। अह वासरे पसत्थे दोवइकण्णं समं समीहंता । रूढक्कमेण सव्वे नराहिवा तत्थ उवविट्ठा ।।१९०।। सावि य ण्हाया कयसिंगारा गिहचेइएऽभिवंदित्ता । पुव्वुत्तरोहिणीकन्नगव्व अह तत्थ संपत्ता ।।१९१।। सक्खं अपासमाणा कस्स वि सा राइणो वयणकमलं । ता दप्पणतलसंकंतमेवमालोइउं लग्गा ।।१९२।। जं जं पेच्छइ सो सो न रोयए जा गया निविट्ठाण । पंचण्ह पंडवाणं पुरओ दिट्ठेसु तेसु कमा ।।१९३।। नो अग्गओ न पच्छावि गंतुमेसा सहावओ झत्ति । पुव्वनियाणवसाओ तेसिं खंधे खिवइ मालं ।।१९४।। तो जायपमोयभरा वसुदेवाई नराहिवा सव्वे । उच्छालियतुमुलरवा भणंति अव्वो! सुवरियंति ।।१९५।। धन्नो दुवओ धन्ना य चुलणिया जेसिमंगजायाए । नरपवरा भत्तारा समगं चिय पंचसंपन्ना ।।१९६।। विहिए पाणिग्गहणे सुवण्णकोडीओ अट्ठ दुवयनिवो । रुप्पस्स तहा वियरइ धूयाए दोवईए तया ।।१९७।। विहिउत्तमसक्कारा तो तेण विसज्जिया पुहइवाला । विम्हियहियया सव्वे नियनियठाणेसु संपत्ता ।।१९८।। पंचहिं सुएहिं बहुयाइ दोवईए बहुं विरायंतो । एत्तो नियम्मि नयरे दुवएण विसज्जिओ पंडू ।।१९९।। ते पंच पंडवा दोवईए देवीइ वारगवसेण । भोगे उदाररूवे दिणाणि भुंजंतगा निंति ।।२००।। कइयावि पंडुराया जुहिट्ठिराईहिं पंचहिं सुएहिं । कुंतीए दोवईए परिगओ चिट्ठइ निसन्नो ।।२०१।। अंतेउरस्स अंतो ता रणकंडूपिओ कुओ वि तहिं । नारयमुणी समायाओ दंसणेणं अइपसन्नो ।।२०२।। अंतो अइकलुसमणो बाहिं मज्झत्थयं परं पत्तो । कालमिगचम्मवत्थो वरदंडकमंडलूहत्थो ।।२०३।। जन्नोवइयगणित्तियजुत्तो नवमुंजमेहलाणुगओ । वीणागंधव्वपरो सदक्खिणं कलहमिच्छंतो ।।२०४।। दट्ठु तमेज्जमाणं पंडू ससुओ सकुंतदेवीए । अब्भुट्ठिओ पयक्खिणसारं

वंदइ नमंसइ य ।।२०५।। दिण्णम्मि आसणे उदगबिंदुपरिफोसियाए भिसियाए । दब्भतणोवरी पच्चत्थुयाए आसीणओ संतो ।।२०६।। अंतेउरपरिवाराओ कोसलवत्तं स पुच्छए जाव । ता दिट्ठा नियपडिवत्तिपरंमुहा दोवई देवी ।।२०७।। एसो मिच्छद्दिट्ठी असंजओ वा ण कप्पए मज्झ । एयस्स पणामाई काउं इय सा ठिया एवं ।।२०८।। सो तं तहट्ठियं पासिऊण रोसाउरो विचिंतेइ । पंचण्ह पंडवाणं लाभा दप्पुद्धरा पावा ।।२०९।। सुबहूण सवत्तीणं मज्झे तह कहवि पक्खिवेयव्वा । ईसा-महल्लसल्लेण सल्लिया जह दुहं हियइ ।।२१०।। तत्तो समुप्पइत्ता धाईसंडम्मि भारहेवासे । नयरीए अमरकंकाए पउमनामस्स नरवइणो ।।२११।। गंतुं पासे तेणं पणामियं गेण्हए तओ अग्घं । अंतोअंतेउरसंठिएण सो पुच्छिओ तेण ।।२१२।। जारिसयं मह एयं किं अन्नस्सावि कस्सई अत्थि । तारिसयं अंतेउरमीसि हसंतो स ओ भणइ ।।२१३।। जह कूयदद्दुरो जम्मओ वि अनिहालिओदहिजलोहो । मन्नइ अन्नं नो किंपि अत्थिएत्तो महं नयरं ।।२१४।। एवं तुमंपि अंतेउराइं अन्नाण भूमिनाहाण । अनिहालंतो मन्नसि मज्झंतेउरसमं न परं ।।२१५।। जंबुद्दीवे भारहवासे नयरम्मि हत्थिणागम्मि । पंडुस्स राइणो पंडवाण पंचण्ह जा जाया ।।२१६।। नामेण दोवईए पायंगुट्ठंपि नो इमं भवइ । तह तियसासुरखेयरनारीओ सुंदराओवि ।।२१७।। जं दुल्लहं च दूरे य जं च जं जं परेसिमायत्तं । तम्मि जणो रायपरो पाएण न इयररूवम्मि ।।२१८।। इय से तव्वयणायण्णणेण जलणोव्व पवलपवणेण । उच्छालिओ सुतिव्वो मयणो कयनिब्भरुम्माहो ।।२१९।। तो पुव्वसंगयामरपणिहाणपरो स अट्ठमं कुणइ । तप्पज्जंते सयमेव भणइ स सुरो पउमनाहं ।।२२०।। उचियं जं ते काउं तं भासह तो भणाइ सो एवं । जंबुद्दीवाओ भारहाओ हत्थिणपुराउ तहा ।।२२१।। पंचण्हं पंडवाणं घरणिं दुवयस्स अंगसंभूयं । भुवणंगणापहाणं इच्छामी दोवईदेविं ।।२२२।। इहमाणीयं तो भणइ एस एयं कयाइ नो होइ । जं पंचपंडवे वज्जिऊण सा अन्नमभिलसइ ।।२२३।। तुह पुण पियसंपायणहेउं तं इण्हिमेत्थ आणामो । सुत्तं जुहिट्ठिरेणं सद्धिं राओ स अवहरइ ।।२२४।। आणेइ पउमनाहस्स मंदिरे तं असोगवणियाए । ठावेइ साहिउं जहवुत्तं नियठाणमणुसरइ ।।२२५।। सा तक्खणं पबुद्धा जा नियइ पलोयए ण तं भवणं । णो उववणं विलक्खा चिंतइ हीही किमेयंति ।।२२६।। देवेण दाणवेण व कस्सइ भूमीवइस्स गेहम्मि । अहमाणीया कहमन्नहा खणा एरिसं जायं ।।२२७।। पउमोवि निवो ण्हाओ कयसिंगारो सहोवरोहेण । जेणेव दोवई जाइ जाव ता तं निहालेइ ।।२२८।। ओहयमणसंकप्पं भणिया सा तेण कूरसि किमेवं ?। तं पुव्वसंगएणं सूरेण मम हेउमाणीया ।।२२९।। ता भद्दे! रमसु ममं एसो सव्वो वि ते परिवारो । तो भणइ दोवई मम कण्हो पियभाउगो अत्थि ।।२३०।। बारवईए पुरीए सो जइ मासाण छण्हमारेण । न कुणेइ मज्झ तत्तिं तो तं जं भणसि तं काहं ।।२३१।। तेणावि य पडिवन्नं कन्नंतेउरगयं तयं कुणइ । अंबिलपग्गहिएणं छट्ठेणसया

अमुक्केण ।।२३२।। तवकम्मणा परिगया सा धीरा तत्थ ठाइउं लग्गा । एत्तो मुहुत्तमेत्ता जुहिट्ठिलो जाव जागरिओ ।।२३३।। ताव न पेच्छइ सेज्जायलम्मि देविं ससंभमो ताहे । मग्गणगवेसणं सव्वओवि तो काउमारद्धो ।।२३४।। अलहंतेण पभाए निवेइओ रयणिवइयरो अन्नो । नियकिंकर-विणिओगेण तेण सव्वम्मि तम्मि पुरे ।।२३५।। आघोसणापुरस्सरमुत्तं जो दोवइं लहइ देविं । तस्स पसायं सुमहंतमहमकाले करिस्सामि ।।२३६।। जाव कहिंवि न लद्धा पुरेसु गामेसु वा तओ कुंती । भणिया कण्हसमीवे बारवईए तुमं गच्छ ।।२३७।। कण्हस्स एयमट्ठं साहेसु निवेण पंडुणा भणिया । गयखंधगया चलिया कण्हाभिमुहं लहुं एसा ।।२३८।। बारवईए पुरीए पत्ता बहुगउरवेण पडिवन्ना । कण्हेण पुच्छिया भणसु किमिहमागमणकज्जंति ।।२३९।। पुत्त! निसाए जुहिट्ठिरपासे सेज्जायले सुहपसुत्ता । केणावि दोवई अवहरित्तु नीया कहंचित्ति ।।२४०।। ता जह तीए पउत्ती लब्भइ तह ज्झत्ति कुणसु तं जुत्तं । तत्तो को अन्नो एरिसम्मि कज्जे सहो अत्थि ।।२४१।। इय भणिए कुंतीए तक्खणसंजायपोरिसुक्करिसो । पायालाओ सुरलोगओ व सलिलालयाओ वा ।।२४२।। जह उवलभामि तह मे जइयव्वमेवमग्गओ तीसे । कुणइ पइण्णं अम्मो! चिट्ठह वीसत्थया तुब्भे ।।२४३।। सक्कारयित्तु सम्माणयित्तु तं गयउरे विसज्जेइ । गहिया गवेसणा सव्वओवि नो जाव उवलभइ ।।२४४।। तो नारओ कयावि हु समागओ वासुदेवभवणम्मि । अग्घप्पयाणपुव्वं तेणवि बहुगउरवपरेण ।।२४५।। पुट्ठो सुहासणत्थो हरिणा नियगेहकुसलपसिणपरो । दिट्ठा सुया व कत्थइ भयवं! तुमए रइहराओ ।।२४६।। अवहरिऊणं नीया देवी दुवयंगया सुहपसुत्ता । राओ समं जुहिट्ठिररण्णा केणवि अणज्जंती ।।२४७।। ता ईसिहसिरवयणेण तेण भणियं न एरिसेसु ममं । अहिगारो अत्थि परं तुहोवरोहा भणामि जहा ।।२४८।। सा अन्ना वा किमु होज्ज एत्थ मे निच्छओ न कोइत्ति । परममरकंकनयरीए पउमनाहस्स भवणम्मि ।।२४९।। दिट्ठा तीए सरिच्छा एगा नारी विवन्नमुहवन्ना । भूमीनिहित्तनयणा पासेवि गयं अपेच्छंती ।।२५०।। भणियं हरिणा ताहे तुमए उद्दाविओ कली एस । आगासगामिविज्जं सरिउं सो अदंसणीहूओ ।।२५१।। तो दूयपेसणेणं निवेइयं पंडुणो गयउरम्मि । जह दोवईए लद्धा कुसलसरीराए मे वत्ता ।।२५२।। तो पंचवि नियपुत्ता चउरंगबलाणुगा तडम्मि जहा । पुव्वसमुद्दस्सा ओयरंति तह तं लहुं कुणसु ।।२५३।। कण्होवि पडहदुंदुहिसद्दाऊ-रियदिसंतराभोगो । सव्वनियपरियणजुओ पुरीए सहसा विणिक्खंतो ।।२५४।। पुव्वजलहिस्स वेलाउलम्मि पंचहिं सुएहिं पंडुस्स । जाओ समागमो सिविरसंनिवेसं तहिं कुणइ ।।२५५।। सो तत्थ कुणइ पोसहसालं तवमट्ठमं पवज्जेइ । सुत्थियदेवं चित्ते काउं जा चिट्ठइ तयंते ।।२५६।। ता सो लवणाहिवई हरिणो पच्चक्खदंसणीहूओ । भणइ मए कायव्वं जं तुज्झ निवेयसु तयंति ।।२५७।। कण्हो पभणइ देवी संहरिया पउमनाहभूवइणा । गेहम्मि अमरकंकाए दोवई तीए कूवकए ।।२५८।।

पंचण्ह पंडवाणं छट्ठस्स ममं रहा जहा जंति । लवणोदहिजलमज्झे तहा पहं लहु ममं देसु ।।२५९।। पडिभणियं तेण जहा किमेत्तिएणं समेण ते कज्जं । एत्थवि ठियस्स जह सा हत्थगया होइ तह काहं ।।२६०।। तं पउमनाहरायं सपुरं च सपरियणं च सबलं च । लवणोदहिसलिलगयं काहं जइ मं तुमं भणसि ।।२६१।। कित्तियमेत्ता सत्ती तस्स नराहिवपसुस्स, मे काउं । जुत्तं तीए परिक्खणमाणेमि तओ सयं चेव ।।२६२।। इय हरिवयणायन्नणपरेण सलिलं विहाडिउं तेण । दिण्णो पहो रहाणं छण्हं तो जलहिसलिलस्स ।।२६३।। मज्झं मज्झेण विईवइत्तु पत्ता पुरिं अवरकंकं । अग्गुज्जाणम्मि रहे ठवित्तु विसंतगा जाया ।।२६४।। दारुयनामं सारहिमह कण्हो सद्दिउं इमं भणइ । गच्छं तुमं नगरंतो भणाहि पउमं पुहविपालं ।।२६५।। पाएण पायवीढं हणेत्तु कुंतग्गसंगयं लेहं । उवणेत्तु दोवईए कूवग्गाहा पईवंच ।।२६६।। छट्ठो य वासुदेवो समागओ दोवइं समप्पेसु । अन्नह संगामपरो भवसु लहुं नन्नहा मोक्खो ।।२६७।। किमिदं तए न नायं जह दुवयसुयाए भाउगो कण्हो । रणकम्मसतिण्हो जस्स नत्थि भुवणेवि कोवि समो ।।२६८।। इय सो हरिणा भणिओ घेत्तुं सप्पणयमाणमह चलिओ । तं अमरकंकनयरिं पइ पत्तो रायभवणम्मि ।।२६९।। दूयजणोचियविणए विहिए भणियं जहेस मह विणओ । मम सामिणो पुण इमो पाएण तदासणं हणइ ।।२७०।। कुंतग्गेण पणामइ लेहं तो पउमनाहनरवइणा । दंडिक्किओ समाणो तमवद्दारेण नीणेइ ।।२७१।। भणइ य पच्चप्पिणणस्स हेउमेसा मए न आणीया । ता जइ रणेण कज्जं सज्जो एज्जामि कहसु तुमं ।।२७२।। परभूमिमागओ सो अहं सभूमीए संठिओ बलवं । एसो अप्पपरियरो अहमेत्थ पभूयपरिवारो ।।२७३।। इय चिंतिय चउरंगाए संगओ रणसहाए सेणाए । गयखंधगओ नयराओ रोसरत्तो स नीसरइ ।।२७४।। हरिणाओ ते पंचवि पंडुसुया भासिया किमिह कज्जं । ते भासंति जहज्जं अम्हे व इमे व नो होज्जा ।।२७५।। णाणाविहेहिं आउहसएहिं संपन्नविहियरहगब्भा । आओहणं पवन्ना सन्ना य खणेण संजाया ।।२७६।। बहुपउमनाहसेणामुच्चंतविचित्तसत्थनिवहेण । छिन्नझयछत्तमउडा सरछिद्दतणू पराहुत्ता ।।२७७।। विहिया हरिपासगया भणंति अव्वो! महाबलो एस । वज्जरइ हरी तुब्भे जइ निच्छियभासगा होउं ।।२७८।। अज्ज वयं न उ पउमो होमो इय जुद्धमणुसरंता तो । दुज्जयविजियविपक्खा सियकित्तिपयं परं हुंता ।।२७९।। पेच्छह अज्ज न पउमो अहमेव भवामि भासिउं एवं । वयणपवणेण पूरइ पंचजण्णं महासंखं ।।२८०।। तो तस्स रवेण हओ सुत्तो मत्तोव्व तक्खणा जाओ । तस्स बलस्स तिभागो तत्तो धणुदंडमामुसइ ।।२८१।। तस्स पणुच्चाटंकार सद्दबहिरीकओ दुइज्जोवि । भागो जाव असत्थोदिट्ठो पउमो तओ नट्ठो ।।२८२।। तियनयरीए पविट्ठो दारपिहाणं च निट्ठुरं विहियं । विहिया रोहगसज्जा नयरी कण्हो रहारूढो ।।२८३।। पागारपरिसरे गंतुमोयरेऊण नारसिंहतणू । सज्जो विउव्वई पायदद्दरं तह करेइ जहा ।।२८४।।

टलटलियसुरालयसिहरभारभज्जंतमेइणीवीढा । खुब्भंततुंगपासायमंडला सा पुरी जाया ।।२८५।। कयपाणसंसओ से किंचिदुवायं परं अपासंतो । दुवयसुयाए समीवे गंतुं दीणाणणो भणइ ।।२८६।। तुह कुवियाए फलमिमं दिट्ठं एत्तो मए उ किं कज्जं । सा भणइ ममं घेत्तुं कण्हस्स पुणो समप्पेसु ।।२८७।। सप्पुरिसाण अमरिसो पणामपज्जंतओ जओ होइ । एवं कयम्मि जीयं रज्जं च अगंजियं होही ।।२८८।। ण्हायनिवेसियसुइवत्थ जुवलओ दोवइं पुरो काउं । गंतु पाए अभिवंदिऊण एवं खमावेइ ।।२८९।। दिट्ठो परक्कमो तुम्हमेवमच्चब्भुओ पुणो नाहं । एवं कयाइ काहं खमणिज्जो मेऽवराहोऽयं ।।२९०।। निज्झाडियगव्वं सव्वहेव काउं स पउमनरनाहं । नियनयरीए विसज्जइ सयं रहारूढओ घेत्तुं ।।२९१।। दुवयसुयं पंडुसुया जेणेव उवेइ तं समुप्पइय । नियनयरिं पइ चलिओ स अप्पछट्ठो छहिं रहेहिं ।।२९२।। जम्मि समयम्मि संखो हरिणा मुहवायपूरिओ विहिओ । चंपापुरीए तब्भरहअद्धराया कविलनामा ।।२९३।। आसि तहा मुणिसुव्वय नामा अरिहा समोसढो बाहिं । धम्मं तदंतिए सो सुणेइ तह संखसद्दं च ।।२९४।। ताहे विलक्खओ सो चिंतेइ दुइज्जओ हरी किमिह । उप्पन्नो जं नन्नो इयरस्सिइ पंचजन्नाओ ।।२९५।। भणियं जिणेण नेयं भूयं न भविस्सई नवा भवइ । जिणचक्किहराईया जमेगखेत्ते दुवे होंति ।।२९६।। जंबुद्दीवगभारहवासाओ हत्थिणा-गनयराओ । सुण्हा पंडुस्स सुयाण भारिया एत्थ पंचण्हं ।।२९७।। आणीया पुव्वावज्जिएण देवेण पउमनाहकए । तो वारवइपुरीओ समन्निओ पंडुतणएहिं ।।२९८।। कण्हो तीए गवेसणहेउं नयरीए अमरकंकाए । सिग्घं समागओ तेण समगमिह समरपारंभे ।।२९९।। लग्गे पवाइओ पंचजन्ननामा इमो महासंखो । तव्वयणसवणओ दंसणत्थमह सो समुट्ठेइ ।।३००।। वुत्तो जिणेणमह सुव्वएण नेयं कयाइ संभवइ । जं दुन्नि जिणा चक्की हरी बला वा इह मिलंति ।।३०१।। तहवि तुहं हरिणो तस्स छत्तज्झयचिंधदंसणं होही । तक्खणमेव गयगओ पत्तो वेलाउले नियइ ।।३०२।। लवणोदहिमज्झगयस्स तस्स दट्ठुण ताइं बहुहरिसो । चिंतइ नियतुल्लपहाणपुरिसदंसणमिमं जायं ।।३०३।। मुहपवणपूरियं तो करेइ सो पंचजन्नमियरोवि । एवं चिय सद्दायन्नणेण ते दोवि किल मिलिया ।।३०४।। कविलेण पउमनाहो महावराहोत्ति कट्टु निव्विसओ । आणत्तो तप्पुत्तो अहिसित्तो तस्स रज्जम्मि ।।३०५।। ते लवणजलहिमइलंघिऊण दोलक्खजोयणविसालं । पत्ता महानईए गंगाए पवेसमग्गंपि ।।३०६।। हरिणा ते पंडुसुया भणिया गंगं समुत्तरह तुब्भे । पासामि जाव सोत्थियसुरमुदहिपइं खणं एक्कं ।।३०७।। णावाए गवेसणमायरेण काऊण ते तदारूढा । जा उत्तरंति ता तेसिमण्णमण्णं समुल्लावो ।।३०८।। जाओ, महाबलो एस ताव कण्हो पहू समुत्तरिउं । गंगं न वत्ति कुणिमो परिक्खणं ठावणेण इहं ।।३०९।। नावाए, तीरपत्ता सकोउगा जाव तत्थ चिट्ठंति । ताव हरी बाहाए घेत्तूण रहं ससारहियं ।।३१०।। एगाए अन्नाए पारद्धो दुद्धरं तरिउं गंगं ।

ता जाव मज्झभागे नईए बाढं परिस्संतो ।।३११।। गंगादेवी थाहं रएइ विस्संतओ तओ चलइ । तीरं पत्तेण निहालिऊण इय पंडवा भणिया ।।३१२।। तुब्भे महाबला भो! जमकिच्छेणं णइं समुत्तिन्ना । अहमच्चंतकिलेसेण एयं तत्तीरमणुपत्तो ।।३१३।। नावाए सामि! अम्हे गंगं उत्तिण्णगा परं तुम्हं । सामत्थपरिक्खणकोउगेण एसा इहं ठविया ।।३१४।। जलणकरालवियंभियकोवेण जणद्दणेण तो भणियं । इण्हिं मज्झ परिक्खा कज्जइ धी! तुम्ह चरियमिणं ।।३१५।। जइया स पउमनाहो संगामसिरम्मि निप्फुरो विहिओ । भग्गा य अमरकंका तया परिक्खा न मे विहिया ।।३१६।। अच्चुग्गलोहदंडेण तेण तेसिं रहा सरोसेण । परमाणुनिव्विसेसा जहा तहा चुण्णिया जाया ।।३१७।। निव्विसया आणत्ता अह हरिणा निययसिबिरसंजुत्ता । ते गंतूण गयउरे पंडुस्स सरूवमाहंसु ।।३१८।। तेणवि कुंती कण्हंतियम्मि तक्कालमेव पेसविया । भणिया जहा पसन्नो एसो होउत्ति तह जयसु ।।३१९।। सप्पणयं तह तह भासिओवि जइया न रोसमुज्झेइ । भणियं कुंतीए तया भरहद्धमिमं तुहायत्तं ।।३२०।। ता कत्थ जंतु ते कहसु संपयं अप्पणा तुमं चेव । कोमलहियएणुत्तं दाहिणजलहिस्स तीरम्मि ।।३२१।। तो हत्थिणाउराओ सपरियणा तत्थ गंतु विरयंति । पंडुमहुराभिहाणं नगरिं कंचित्ति विक्खायं ।।३२२।। ते विउलभोगभायणमेत्थवि जाया परूढरज्जभरा । अह दोवई कयावि हु पगब्भगब्भा समुब्भूया ।।३२३।। मासाण नवण्हमइक्कमम्मि दारयमुदाररूवधरं । सुकुमालपाणिपायं निरोगतणुं पसूयत्ति ।।३२४।। निव्वत्तबार साहस्स तस्स नामं इमेरिसं विहियं । जं पंचपंडवसुओ होइ इमो पंडुसेणोत्ति ।।३२५।। कालम्मि कलाउ सुनिम्मलाउ बावत्तरिंपि कलियाओ । जाओ भोगसमत्थो सो जुवरज्जम्मि अहिसित्तो ।।३२६।। अह तत्थ कयाइवि जलहिगब्भगंभीरमाणसा थेरा । भव्वकमलाण भाणू समोसढा असढपरिणामा ।।३२७।। नयराओ जणो तह पंच पंडवा तेसिं वंदणनिमित्तं । नीहरिया परिकहिओ धम्मो पंचवि पबुद्धा ते ।।३२८।। भालयलमिलियकरकमलजुगलया वज्जरंति पुच्छामो । देविं दुवयंगरुहं पुत्तं रज्जम्मि ठावेमो ।।३२९।। जा ताव तुम्हपयपंकयस्स मूले वयं पवज्जामो । पुत्तारोवियरज्जा समगं देवीए निक्खंता ।।३३०।। जाया समणा खंतिक्खमा य गुणरायरायहाणि समा । अज्जाए सुव्वयाए सिस्सिणिया दोवई जाया ।।३३१।। मोक्खंगाइं कमेणं सव्वाइं अहिज्जियाइं अंगाइं । छट्ठट्ठमाइकट्ठं तवं अणुट्ठेउमारद्धा ।।३३२।। ते थेरा भगवंता पुरंतरं विहरिया अह कयाई । भगवं अरिट्ठनेमी कुणइविहारं सुरट्ठाए ।।३३३।। परिभावंति य पंचवि जइ नेमी कहंचि वंदिओ होइ । कयलक्खणा भवामो जम्मं च इमं सुलद्धंति ।।३३४।। जाव सुरट्ठाभिमुहं चलिया थेरे अणन्नचित्ता णं । पत्ता य हत्थिकप्पं नयरं सहसंबनामम्मि ।।३३५।। उज्जाणम्मि ठियाणं मासक्खवणस्स पारणगदिवसे । तइयाए पोरिसीए नगरस्संतो अडंताणं ।।३३६।। लहुयाण चउण्हं पंडवाण सवणेसु कहवि संपत्ता ।

**वत्ता जहज्ज राओ उज्जंते निव्वुओ नेमी ।।३३७।। तक्खणमेव नियत्ता जेणेव जुहिट्ठिलो मुणी तत्तो । साहिंति जहावत्तं भत्तं पाणं च उज्झंति ।।३३८।। भाविंति अहो! विसमाणि कम्मुणा चेट्ठियाणि जेणम्हं । दूरपरक्कमसाराण वंछियत्थो न सिद्धोत्ति ।।३३९।। किं जीविएण एत्तो जिणविरहकरालजलणदड्ढेण । कायव्वमओ गंतुं सेत्तुज्जे अणसणं कुणिमो ।।३४०।। गंतूण तत्थ दोमासियाए संलेहणाए संलिहिया । उप्पन्नाणुत्तरणाणदंसणा निव्वुया जाया ।।३४१।। अज्जावि दोवई सिक्खिऊण सामाइयाणि अंगाणि । एक्कारस पज्जंते मासक्खवणेण कालगया ।।३४२।। बंभम्मि देवलोए उववन्ना अयरदसगपरमठिई । तत्तो चुया समाणा महाविदेहम्मि सिज्झिहिही ।।३४३।। एत्थ पसंगेणागयमेयं जम्मंतराणुगं चरिअं । भणियं नागसिरीए धम्मरुइच्चिय इहं पगओ ।।३४४।।**

**इति श्रीधर्मरुचिकथानकं सप्रसंगं समाप्तम् ।।६४९।।४२।।**

**ભાવાર્થ :-**

ધર્મરુચિ નામના સાધુ પારિષ્ઠાપનિકા સમિતિમાં અત્યંત ઉપયુક્ત રહેનારા હતા. વળી સાધુએ સાંજના સમયે સ્થંડિલભૂમિને જોઈને પ્રમાર્જન કરવી જોઈએ જેથી રાત્રિએ માત્રુ આદિ કરવાનો પ્રસંગ આવે તો તે સ્થાનમાં પરઠવી શકાય તેવી વિધિ છે છતાં કોઈક વાર તે મહાત્મા અનાભોગથી સંધ્યા સમયે ભૂમિનું અવલોકન અને પ્રમાર્જન કરવાનું ભૂલી ગયા તેથી રાત્રે માત્રુની પીડાથી અત્યંત બાધિત હોવા છતાં લેશ પણ પ્રમાદ વગર તે પીડાની ઉપેક્ષા કરીને પોતાની ગુપ્તિના માનસને સ્થિર કરવા યત્ન કરે છે. તેમની દેહપીડાથી મૃત્યુ ન થાય તે પ્રકારના આશયથી દેવતાએ પ્રકાશ કર્યો તેથી સૂર્યોદયના ભ્રમથી મહાત્મા માત્રુ કરે છે અને તરત અંધકાર થવાથી પશ્ચાત્તાપ થાય છે; કેમ કે કૃત્રિમ પ્રકાશ અને વાસ્તવિક પ્રકાશના વિષયમાં પોતાને ઉપયોગ રહ્યો નહીં એ પ્રમાદ છે તેની નિંદા કરે છે. વસ્તુતઃ સાધુએ અત્યંત ઉપયુક્ત થઈને સર્વ પ્રવૃત્તિ કરવી જોઈએ જેથી ઉપયોગની અસ્ખલનાના બળથી અસંગભાવની વૃદ્ધિ થાય. જો સામાન્ય બોધવાળા સાધુ હોય તો વિચારે કે 'સારું થયું કે પ્રકાશ થયો જેથી શરીરની બાધાથી હું મુક્ત થયો' આ પ્રકારનો પરિણામ જ સંયમનો બાધક છે. સંયમી સાધુએ તો શક્તિના પ્રકર્ષથી ગુપ્તિનો વ્યાઘાત ન થાય અર્થાત્ સમભાવની વૃદ્ધિને અનુકૂળ મનોવ્યાપાર સ્ખલના ન પામે તે પ્રકારે દૃઢ યત્નપૂર્વક સમિતિમાં યત્ન કરવો જોઈએ. તેને બદલે જે સાધુનું ચિત્ત દેહની પીડામાં છે અને તેના કારણે કૃત્રિમ પ્રકાશથી તે પીડા દૂર થઈ તેનો હર્ષ કરે છે તે સાધુને સંયમનો પરિણામ સંભવે નહીં અને કદાચ હોય તો અતિચારથી મલિન સંભવે. શુદ્ધ સંયમી સાધુ તો ગુપ્તિમાં સ્ખલના થાય તેવી કોઈ પ્રવૃત્તિ કરે નહીં આથી જ તે મહાત્માને કૃત્રિમ પ્રભાત અને અકૃત્રિમ પ્રભાતના ભેદનો ઉપયોગ ન રહ્યો તે અંશથી ઉપયોગની સ્ખલનાને કારણે થયેલા પ્રમાદની નિંદા કરે છે. તેનાથી સંવેગનો પરિણામ થાય છે જે પારિષ્ઠાપનિકા સમિતિના વિશુદ્ધ અધ્યવસાયમાંથી ઉદ્ભવ થયેલો સંવેગ છે.

વળી, અન્ય ધર્મરુચિ અણગાર પણ પારિષ્ઠાપનિકા સમિતિમાં અત્યંત યતનાનું દૃષ્ટાંત છે. તેઓ કડવી

તુંબડીને પરઠવવા માટે જાય છે ત્યાં તે તુંબડીથી કીડીઓના મરણને જોઈને જીવરક્ષાના અત્યંત પરિણામવાળા થાય છે તેથી તે તુંબડીને ત્યાં જ વાપરીને વિધિપૂર્વક અનશનપૂર્વક કાળ કરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં જાય છે તેથી જીવરક્ષાના દૃઢ અધ્યવસાયપૂર્વક પારિષ્ઠાપનિકા સમિતિના દૃઢ ઉપયોગવાળા ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત તે મહાત્મા પાંચમી સમિતિના બળથી સંસારને પરિમિત કરીને સર્વાર્થ સિદ્ધને પામ્યા; કેમ કે બધી સમિતિઓ જીવની અત્યંત ઉચિત પ્રવૃત્તિ સ્વરૂપ છે અને સામાયિકનો પરિણામ અત્યંત ઉચિત પ્રવૃત્તિ સ્વરૂપ છે તેથી જેઓને ઉચિત પ્રવૃત્તિનો અત્યંત રાગ છે તેઓ શક્તિના પ્રકર્ષથી ગુપ્તિને પ્રગટ કરવા માટે સદા ઉદ્યમ કરે છે અને તે તે પ્રસંગે તે તે સમિતિમાં બદ્ધરાગવાળા થઈને યત્ન કરે છે તેથી તેઓને સમિતિગુપ્તિ માત્રનો સંગ હોય છે, અન્યત્ર સંગ હોતો નથી એ પ્રકારે ભાવન કરીને પારિષ્ઠાપનિકા સમિતિનું સ્વરૂપ ચિંતવન કરવું જોઈએ અને તે સમિતિની પાંચ ભાવનાથી આત્માને ભાવિત કરવો જોઈએ જેથી સુખપૂર્વક તે સમિતિનું પાલન થાય. **॥૬૪૫થી ૬૪૯॥**

**અવતરણિકા :-**

**मनोगुप्तावुदाहरणमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે મનોગુપ્તિના ઉદાહરણને કહે છે –**

**ગાથા :-**

**मणगुत्तीए कोई साहू झाणम्मि णिच्चलमईओ ।**
**सक्कपसंसा असद्दहाण देवागमो तत्थ ।।६५०।।४३।।**
**दिट्ठो उस्सग्गट्ठिओ विउव्वियं जणणिजणगरूवं तु ।**
**करुणं च संपलत्तो अणेगहा तत्थ सो तेसिं ।।६५१।।४४।।**
**पच्छा भज्जारूवं अण्णपसत्तं समत्तसिंगारं ।**
**भूओ य अहिलसंतं ऊसुगमच्चंतणेहजुयं ।।६५२।।४५।।**
**तहवि ण मणगुत्तीए चलणं णियरूवदेववंदणया ।**
**थुणण लोगपसंसा एवंपि ण चित्तभेओ उ ।।६५३।।४६।।**

**અન્વયાર્થ :-**

**मणगुत्तीए=મનોગુપ્તિમાં=મનોગુપ્તિમાં ઉદાહરણને બતાવે છે. कोई साहू झाणम्मि णिच्चलमईओ=કોઈક સાધુ ધ્યાનમાં નિશ્ચલ મતિવાળા હતા=કોઈક સાધુ ધર્મધ્યાનમાં કે શુક્લધ્યાનમાં લીન થયેલા હતા. सक्कपसंसा=શક્ર વડે પ્રશંસા કરાઈ. असद्दहाण देवागमो तत्थ=તેમાં શ્રદ્ધા નહીં કરતો દેવ ત્યાં આવ્યો.**

दिट्ठो उस्सग्गट्ठिओ=(દેવે તે સાધુને) કાઉસ્સગ્ગધ્યાનમાં સ્થિર થયેલા જોયા. विउव्वियं जणणिजणगरूवं तु=અને તેણે તેનાં માતા-પિતાનું રૂપ વિકુર્વ્યું. करुणं च संपलत्तो अणेगहा तत्थ सो तेसिं=ત્યાં કરુણા અને આજીજીપૂર્વક તે સાધુ તેઓ વડે અનેક રીતે બોલાવાયા=દુઃખી માતા-પિતા વડે કાઉસ્સગ્ગમાં રહેલા પુત્રસાધુને અનેક રીતે કહેવાયું કે 'અમે તારા વિના જીવી શકીએ તેમ નથી માટે કાંઈક બોલવામાત્રથી પણ અમને આશ્વાસન આપ.'

पच्छा भज्जारूवं=પછી ભાર્યાનું રૂપ કર્યું.

કેવી ભાર્યાનું રૂપ કર્યું ? તેથી કહે છે –

अण्णपसत्तं=પરપુરુષમાં આસક્ત થયેલી, समत्तसिंगारं=સંપૂર્ણ આભૂષણથી સજાયેલી, भूओ य अहिलसंतं=અને ફરીથી પણ તે સાધુની અત્યંત અભિલાષા કરતી, ऊसुगमच्चंतणेहजुयं=ઉતાવળથી અત્યંત સ્નેહયુક્ત બોલતી. (એવી ભાર્યાનું રૂપ કર્યું.)

तहवि=તોપણ, मणगुत्तीए ण चलणं=તે સાધુ મનોગુપ્તિથી ચલાયમાન ન થયા. णियरूवदेववंदणया=દેવે પોતાનું રૂપ બતાવ્યું અને મુનિને વંદના કરી, थुणण=(અને) સ્તવના કરી. लोगपसंसा=લોકમાં પ્રશંસા થઈ=તે સાધુની લોકમાં પ્રશંસા થઈ. एवंपि ण चित्तभेओ उ=આ રીતે પણ ચિત્તનો ભેદ ન થયો=દેવતા વડે સ્તુતિ અને લોકમાં પ્રશંસા થવા છતાં મનોગુપ્તિનો ભંગ ન થયો. ॥૬૫૦થી ૬૫૩॥

**ગાથાર્થ :-**

**મનોગુપ્તિમાં=મનોગુપ્તિમાં ઉદાહરણને બતાવે છે. કોઈક સાધુ ધ્યાનમાં નિશ્ચલ મતિવાળા હતા=કોઈક સાધુ ધર્મધ્યાનમાં કે શુક્લધ્યાનમાં લીન થયેલા હતા. શક્ર વડે પ્રશંસા કરાઈ. તેમાં શ્રદ્ધા નહીં કરતો દેવ ત્યાં આવ્યો.**

**(દેવે તે સાધુને) કાઉસ્સગ્ગધ્યાનમાં સ્થિર થયેલા જોયા. અને તેણે તેનાં માતા-પિતાનું રૂપ વિકુર્વ્યું. ત્યાં કરુણા અને આજીજીપૂર્વક તે સાધુ તેઓ વડે અનેક રીતે બોલાવાયા=દુઃખી માતા-પિતા વડે કાઉસ્સગ્ગમાં રહેલા પુત્રસાધુને અનેક રીતે કહેવાયું કે 'અમે તારા વિના જીવી શકીએ તેમ નથી માટે કાંઈક બોલવામાત્રથી પણ અમને આશ્વાસન આપ.'**

**પછી ભાર્યાનું રૂપ કર્યું.**

કેવી ભાર્યાનું રૂપ કર્યું ? તેથી કહે છે –

**પરપુરુષમાં આસક્ત થયેલી, સંપૂર્ણ આભૂષણથી સજાયેલી અને ફરીથી પણ તે સાધુની અત્યંત અભિલાષા કરતી ઉતાવળથી અત્યંત સ્નેહયુક્ત બોલતી. (એવી ભાર્યાનું રૂપ કર્યું.)**

**તોપણ તે સાધુ મનોગુપ્તિથી ચલાયમાન ન થયા. દેવે પોતાનું રૂપ બતાવ્યું અને મુનિને વંદના કરી (અને) સ્તવના કરી. લોકમાં પ્રશંસા થઈ=તે સાધુની લોકમાં પ્રશંસા થઈ. આ રીતે પણ ચિત્તનો ભેદ ન થયો=દેવતા વડે સ્તુતિ અને લોકમાં પ્રશંસા થવા છતાં મનોગુપ્તિનો ભંગ ન થયો. ॥૬૫૦થી ૬૫૩॥**

**ટીકા :-**

मनोगुप्तावुदाहर्त्तव्यायां कश्चित् साधुः । ध्याने धर्म्मध्यानलक्षणे शुक्लध्यानलक्षणे वा निश्चलमतिको निबिडनिबद्धमानस एवासीत् । तस्य च कदाचिच्छक्रप्रशंसा संवृत्ता, ततश्चाश्रद्दधानदेवागमः संवृत्तः । तत्रागमे सति ।।६५०।।४३।।

तेन देवेन दृष्ट उत्सर्गस्थितः कायोत्सर्गव्यवस्थितः स साधुः । विकुर्वितं च तुशब्दस्य समुच्चयार्थस्येह सम्बन्धाज्जननीजनकरूपम् । करुणं च प्रदर्शितकारुण्यं सम्प्रलप्तो व्यज्ञप्तोऽनेकधा तत्र कायोत्सर्ग व्यवस्थितः स साधुस्तैर्जननीजनकलोकैर्यथा वयं न जीवामो भवन्तमन्तरेण, वचनमात्रेणापि तावदनुगृहाणेत्यादि ।।६५१।।४४।।

यदा एवमपि न किञ्चित् क्षुभितः, तदा पश्चात् तेन देवेन भार्यारूपं विकुर्वितम् । कीदृशमित्याह— अन्यप्रसक्तं परपुरुषनिबद्धं समस्तशृङ्गारं परिपूर्णगृहीतशरीरभूषं भूयः पुनरपि तं साधुमभिलषत् सद् अभिलाषविषयीकुर्वदित्यर्थः । उत्सुकमतीव त्वरावदत्यन्तस्नेहयुतमिति ।।६५२।।४५।।

तथापि न मनोगुप्तेश्चलनं यदाऽस्य मनागपि संजातं, तदा निजं रूपमस्येति निजरूपः स चासौ देवश्च तेन वंदना मुनेर्विहिता । तथा स्तवनं यथा—सुलब्धं ते जन्म, कृतलक्षणः समाचारः, सुदृढा मनोनिरोधवृत्तिः, को हि नामान्य इहलोकपरलोकयोरेवं निःस्पृहत्ववृत्तिरिति । ततश्च साधोर्लोके प्रशंसा जाता, यथा—एवमस्य महात्मनो न नैव चित्तभेदः प्रादुरभूत् । तुः पूरणार्थः ।।६५३।।४६।।

**ભાવાર્થ :-**

કોઈક સાધુ નિશ્ચલ મનપૂર્વક ભગવાનના વચનથી આત્માને ભાવિત કરતા ધ્યાનમાં ઊભા છે; કેમ કે ચિત્તમાં સ્થિર નિર્ણય છે કે 'વીતરાગ થવાનો ઉપાય વીતરાગના વચનથી ભાવિત થયેલું અસંગભાવવાળું ચિત્ત છે'. તેથી તેમના અસંગભાવને જોઈને ઇંદ્ર મહારાજાએ તેમની મનોગુપ્તિની પ્રશંસા કરી. પરીક્ષા અર્થે અન્ય દેવનું આગમન થયું. માતા-પિતા, પત્ની સહિત રૂપો વિકુર્વીને ચિત્તને ચલાયમાન કરવા દેવે કરેલા યત્નથી પણ તે સાધુનું અસંગભાવવાળું ચિત્ત જ્ઞેયભાવો પ્રત્યે ઉપેક્ષાથી સંબંધિત થાય છે તેમ દેવે બતાવેલ માતા-પિતા વગેરેના પ્રસંગોમાં અસંગ પરિણામપૂર્વક દર્શન થવા છતાં ચિત્ત જે પ્રકારે અસંગભાવમાં જવા માટે યત્નવાળું હતું તેમાં કોઈ વ્યાઘાત થયો નહીં.

તેથી એ ફલિત થાય કે જે મહાત્મા સંસારનું વાસ્તવિક સ્વરૂપ અત્યંત ભાવન કરીને અસંગભાવ સાથે એકચિત્ત ધારણ કરીને સૂત્ર-અર્થથી આત્માને વાસિત કરવા યત્ન કરે છે તેઓ અત્યંત સ્થિર મનોગુપ્તિને પામી શકે છે જેથી તેઓનું મન મોહથી અનાકુળભાવમાં વિશ્રાંતને અનુકૂળ સતત પ્રવર્તે છે તેથી સામાન્યથી ક્ષોભનાં નિમિત્તો પણ તેમના ચિત્તમાં કોઈ ક્ષોભ ઉત્પન્ન કરી શકતાં નથી. **॥૬૫૦થી ૬૫૩॥**

**અવતરણિકા :-**

अथ वाग्गुप्तावुदाहरणं यथा –

**અવતરણિકાર્થ :-**

હવે વચનગુપ્તિમાં ઉદાહરણ. જે પ્રમાણે –

**ગાથા :-**

**वयगुत्तीए साहू सण्णायगठाण गच्छए दट्ठुं ।**
**चोरग्गह सेणावई विमोइउं भणइ मा साह ।।६५४।।४७।।**
**चलिया य जण्णयत्ता सण्णायगमिलणमंत्तरा चेव ।**
**मायपियभायमाई सो वि णियत्तो समं तेहिं ।।६५५।।४८।।**
**तेणेहिं गहियमुसिया मुक्का ते बिंति सो इमो साहू ।**
**अम्हेहिं गहिय मुक्को तो बेई अम्मगा तस्स ।।६५६।।४९।।**
**तुब्भेहिं गहियमुक्को, आमं आणेह बेइ तो छुरियं ।**
**जा छिंदेमि थणं णणु किं ते सेणावई भणइ ।।६५७।।५०।।**
**दुज्जम्मजायमेसो दिट्ठा तुब्भे तहा वि नवि सिट्ठं ।**
**कह पुत्तो त्ति अह ममं किह णवि सिट्ठंति धम्मकहा ।।६५८।।५१।।**
**आउट्टो उवसंतो मुक्को मज्झंपि तं सि माइत्ति ।**
**सव्वं समप्पियं से वइगुत्ती एव कायव्वा ।।६५९।।५२।।**

**અન્વયાર્થ :-**

वयगुत्तीए=વચનગુપ્તિમાં=વચનગુપ્તિમાં ઉદાહરણને કહે છે. साहू=કોઈક સાધુ, सण्णायगठाण गच्छए दट्ठं='હું સ્વજનોને મળવા તેમના નગરે જાઉં' એવા અધ્યવસાયવાળા થયા. चोरग्गह=(તેમને) ચોરોએ પકડ્યા. सेणावई विमोइउं भणइ=તેમને છોડી દેતાં સેનાપતિએ તેમને કહ્યું. मा साह='કોઈને કહેતા નહીં (કે અમે અહીં રહેલ છીએ.)'

चलिया य जण्णयत्ता=અને આગળ જતાં જાન સામી મળી. सण्णायगमिलणमंत्तरा चेव=અડધે રસ્તે જતાં જ તેમનાં સ્વજનો મળ્યાં. मायपियभायमाई=માતા-પિતા અને ભાઈ આદિને (જાનમાં જતાં જોયાં.) सो वि णियत्तो समं तेहिं=તે સાધુ પણ તેઓની સાથે પાછા ફર્યા.

तेणेहिं=(માર્ગમાં રહેલા) ચોરો વડે, गहियमुसिया मुक्का=સ્વજનો પકડાયા અને લૂંટીને મુક્ત કરાયા. ते बिंति=તેઓ બોલ્યા=ચોરો બોલ્યા. सो इमो साहू='આ તે સાધુ છે', अम्हेहिं गहिय मुक्को='આપણે તેમને પકડીને છોડી મૂક્યા હતા.', तो बेई अम्मगा तस्स=પછી તે સાધુની માતા કહે છે.

तुब्भेहिं गहियमुक्को='(આ સાધુને) તમે પકડીને છોડી મૂક્યા હતા ?' आमं=(ચોરોએ કહ્યું.) 'હા એમ જ છે.' आणेह बेइ तो छुरियं=પછી માતાએ કહ્યું – 'છુરી લાવો', जा छिंदेमि थणं='જેથી મારા સ્તનને છેદી નાંખું.' (કેમ કે આ સ્તને આને દૂધ પિવડાવીને અપરાધ કર્યો છે.) णणु किं ते सेणावई भणइ=સેનાપતિએ કહ્યું – 'આ સાધુ તારો શું થાય છે ?'

दुज्जम्मजायमेसो=(માતાએ કહ્યું.) 'આ સાધુ મારો દુષ્ટ પુત્ર છે', दिट्ठा तुब्भे तहा वि नवि सिट्ठं='(કેમ કે તેણે તમને જોયા છતાં અમને ન કહ્યું (કે માર્ગમાં આગળ ચોરો છે.)', कह पुत्तो त्ति अह ममं='કઈ રીતે હવે તે અમારો પુત્ર (ગણાય ? કેમ કે સંકટમાં પડેલાં માતા-પિતાની ઉપેક્ષા કરે તે પુત્ર ન જ કહેવાય પરંતુ પુત્ર તો અવશ્ય યથાશક્તિ દુઃખનું નિવારણ કરે.)' किह णवि सिट्ठंति=(સેનાપતિએ સાધુને કહ્યું.) 'તમે કેમ ન કહ્યું ? (કે માર્ગમાં ચોરો છે.)' धम्मकहा=ધર્મકથા=સાધુએ ઉત્તર આપતાં ધર્મદેશના આપી.

आउट्टो उवसंतो=(દુષ્ટ અધ્યવસાયથી) પાછા ફર્યા અને ઉપશાંત થયેલા (સેનાપતિએ), मुक्को=(માતાને) મુક્ત કરી. मज्झंपि तं सि माइत्ति=(સેનાપતિએ કહ્યું.) 'તું મારી પણ માતા છે', सव्वं समप्पियं से=તેનું બધું પાછું આપી દીધું=સેનાપતિએ જે વિવાહોચિત સામગ્રી લૂંટી હતી તે સર્વ તે માતાને પરત આપી દીધી. वइगुत्ती एव कायव्वा=(ઉપસંહાર કરતાં કહે છે – આ સાધુની જેમ સર્વ સાધુઓએ) વચનગુપ્તિનું પાલન કરવું જ જોઈએ. ॥૬૫૪થી ૬૫૯॥

**ગાથાર્થ :-**

**વચનગુપ્તિમાં=વચનગુપ્તિમાં ઉદાહરણને કહે છે. કોઈક સાધુ 'હું સ્વજનોને મળવા તેમના નગરે જાઉં' એવા અધ્યવસાયવાળા થયા. તેમને ચોરોએ પકડ્યા. તેમને છોડી દેતાં સેનાપતિએ તેમને કહ્યું. 'કોઈને કહેતા નહીં કે અમે અહીં રહેલ છીએ.'**

**અને આગળ જતાં જાન સામી મળી. અડધે રસ્તે જતાં જ તેમનાં સ્વજનો મળ્યાં. માતા-પિતા અને ભાઈ આદિને જાનમાં જતાં જોયાં. તે સાધુ પણ તેઓની સાથે પાછા ફર્યા.**

**માર્ગમાં રહેલા ચોરો વડે સ્વજનો પકડાયા અને લૂંટીને મુક્ત કરાયા. તેઓ બોલ્યા=ચોરો બોલ્યા. 'આ તે સાધુ છે' 'આપણે તેને પકડીને છોડી મૂક્યા હતા.' પછી તે સાધુની માતા કહે છે.**

**'આ સાધુને તમે છોડી મૂક્યા હતા ?' ચોરોએ કહ્યું – 'હા, એમ જ છે.' પછી માતાએ કહ્યું – 'છુરી લાવો' 'જેથી મારા સ્તનને છેદી નાંખું; કેમ કે આ સ્તને આને દૂધ પિવડાવીને અપરાધ કર્યો છે.' સેનાપતિએ કહ્યું – 'આ સાધુ તારો શું થાય છે ?'**

**માતાએ કહ્યું – 'આ સાધુ મારો દુષ્ટ પુત્ર છે' કેમ કે તેણે તમને જોયા છતાં અમને ન કહ્યું**

કે માર્ગમાં આગળ ચોરો છે. કઈ રીતે હવે તે અમારો પુત્ર ગણાય ? કેમ કે સંકટમાં પડેલાં માતા-પિતાની ઉપેક્ષા કરે તે પુત્ર ન જ કહેવાય પરંતુ પુત્ર તો અવશ્ય યથાશક્તિ દુઃખનું નિવારણ કરે.' સેનાપતિએ સાધુને કહ્યું – 'તમે કેમ ન કહ્યું ? કે માર્ગમાં ચોરો છે.' ધર્મકથા=સાધુએ ઉત્તર આપતાં ધર્મદેશના આપી.

દુષ્ટ અધ્યવસાયથી પાછા ફર્યા અને ઉપશાંત થયેલા સેનાપતિએ માતાને મુક્ત કરી. સેનાપતિએ કહ્યું – 'તું મારી પણ માતા છે' તેનું બધું પાછું આપી દીધું=સેનાપતિએ જે વિવાહોચિત સામગ્રી લૂંટી હતી તે સર્વ તે માતાને પરત આપી દીધી. ઉપસંહાર કરતાં કહે છે – આ સાધુની જેમ સર્વ સાધુઓએ વચનગુપ્તિનું પાલન કરવું જ જોઈએ. ।।૬૫૪થી ૬૫૯।।

**ટીકા :-**

कश्चित्साधुः संज्ञापकस्थानं गच्छाम्यहं द्रष्टुमित्यध्यवसितः । तत्र संजानन्तीति संज्ञापकाः सम्यक्प्रत्यभिज्ञानवन्तः स्वजनास्तेषां स्थानं ग्रामनगरादिरूपमिति । मार्गे गच्छतश्चौरग्राहो वृत्तः । गृहीतः साधुः । विमुच्य भणति तं सेनापतिः—मा शाधि मामत्र स्थितं केषामपि मा कथयस्त्वमिति (कथय त्वमिति) ।।६५४।।४७।।

यावदसौ कञ्चिद् मार्गभागं गच्छति तावच्चलिता यज्ञयात्रा विवाहप्रवृत्तजनसमूहरूपा । तत्र च संज्ञापकः स्वजनलोकस्तस्य मिलनं संज्ञापकमिलनं 'अंतरा चेव' अन्तराले एव गन्तव्यस्थानापेक्षयेति । कश्च स संज्ञापक इत्याशंक्याह—मातापितृभ्रात्रादिः प्रतीतरूप एव । परिभावितं च तेन—किं मम इतोऽग्रतो गमनेन, स्वजनदर्शनस्यात्रैव भूतत्वात् ? अतो निवर्त्तनमेव सङ्गतमिति सोऽपि निवृत्तः समं सार्द्धं तैरेव संज्ञापकैरिति ।।६५५।।४८।।

स्तेनैश्चौरैर्गृहीताश्च ते मुषिताश्च गृहीतमुषिताः सन्तो मुक्ताः संज्ञापकाः । ततस्ते स्तेना ब्रुवते । कथमित्याह—सोऽयं साधुर्योऽस्माभिः साम्प्रतमेव गृहीत्वा मुक्त इति, तत एतद्वचनश्रवणानन्तरं ब्रवीति 'अम्मग'त्ति जननी तस्य साधोः सत्का ।।६५६।।४९।।

कथमित्याह—किं सत्यमेतद् यदयं युष्माभिर्गृहीत्वा मुक्तः ? चौराः प्राहुः—आमेवम् । 'आणेह बेइ तो छुरियं'ति आनयत क्षुरिकामिति ब्रवीति ततो माता; यद्यस्माच्छिनद्मि स्तनं (ग्रंथाग्रं-१००००) ननु निश्चितमेतद्गतदुग्धपायितया सापराधत्वात् पयोधरस्य । ततः किं तवायं भवतीति सेनापतिर्भणति ।।६५७।।५०।।

ततो माता ब्रवीति—दुर्जन्मजातः-दुष्टेन जन्मना लब्धप्रादुर्भाव एष साधुः, यतो दृष्टा यूयं, तथापि नापि नैव शिष्टं कथितं यथा—मार्गे चौरसेनापतिरस्ति । अतः कथं केन प्रकारेण पुत्र इत्येषोऽथ मम वर्त्तते ?। यो हि पुत्रो भवति, न स मातापित्रादिव्यसनमुपस्थितमुपेक्षते, किन्तु

**यथाशक्ति निरुणद्ध्येव । ततः सेनापतिना सविस्मयचेतसा भणितं—कथं नापि नैव शिष्टं भोः साधो! यथात्र मार्गे चौराः सन्ति ? इत्युक्तेन साधुना धर्मकथा प्रारब्धा, यथा—अस्मिन्ननादौ संसारे जीवानां भ्राम्यतां सताम् । को न बन्धुतया जातः पररूपतया तथा ?।।१।। अत एव विवेकाढ्या न स्निह्यन्ति कदाचन । कुत्रापि द्वेषिणो वापि कषायविषनिग्रहात् ।।२।। तथा; बहु शृणोति कर्णाभ्यामक्षिभ्यां बहु पश्यति । न च दृष्टं श्रुतं भिक्षुः सर्वमाख्यातुमर्हति ।।३।। इत्यादिभिः सुधावर्षसन्निभैर्वचनैः श्रुतैः । सद्यः सेनापतिर्बोधिं लब्धवान् दुःखनोदिनीम् ।।६५८।।५१।।**

**ततश्च आवृत्तः प्रत्यावृत्तः कुपरिणामात् । अत एवोपशान्तो मुक्ता मुत्कलीकृता साधुमाता ममापि त्वमसि मातेति । तथा सर्व्वं समर्पितं 'से'तस्य यद्विवाहोचितमुपकरणं गृहीतमासीत् । उपसंहरन्नाह—वाग्गुप्तिरेवं प्रस्तुतसाधुवच्छेषसाधुभिः कर्त्तव्येति ।।६५९।।५२।।**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્મા શાસ્ત્ર ભણીને ગીતાર્થ થયા પછી પોતાનાં સ્વજનો નજીકના ગામમાં હોવાથી ગુરુની અનુજ્ઞા લઈને એકલા પોતાનાં સ્વજનોને બોધ કરાવવા અર્થે જાય છે. રસ્તામાં ચોરની પલ્લી આવી. તેઓએ ધનની સંભાવનાથી કેટલોક કાળ સાધુને પલ્લીમાં રાખ્યા પરંતુ કોઈ ધનની પ્રાપ્તિ થાય તેમ નથી એમ જાણવાથી તેઓએ સાધુને છોડી દીધા. પછી આગળ જતાં સ્વજનો સામે આવતાં મળ્યાં તેથી આગળ જતાં તેઓ લુંટાશે તેવું તે સાધુ જાણતા હોવા છતાં ભાવથી અસંગ પરિણામવાળા હોવાના કારણે સ્વજનાદિ પ્રત્યે પ્રીતિને વશ થઈને તેઓ આગળ લુંટાશે તે પ્રકારના સાવદ્ય વચનનો પ્રયોગ કર્યો નહીં; કેમ કે તે મુનિના વચનથી તેમનાં સ્વજનો જે અન્ય પ્રકારની પ્રવૃત્તિ કરે તેમાં તે મુનિ પ્રવર્તક બને તેથી સાવદ્ય પ્રવૃત્તિના કરાવણની પ્રાપ્તિ થાય પરંતુ અસંગ પરિણતિથી યુક્ત તત્ત્વથી ભાવિત તે મહાત્મા તે સ્વજનો સાથે ત્યાંથી પસાર થાય છે. ચોરોએ તેમના કુટુંબીઓને લૂંટ્યા અને પકડીને પલ્લીમાં લઈ ગયા ત્યારે કોઈ ચોર બોલ્યો કે 'આ તે જ સાધુ છે જેને આપણે હમણાં મુક્ત કરેલ છે.' તે સાંભળીને તે સાધુની માતા અત્યંત ગુસ્સે થાય છે કે 'જાણવા છતાં પુત્રએ કેમ કહ્યું નહીં ?' તે સાંભળીને પલ્લીપતિને આશ્ચર્ય થાય છે અને પૂછે છે ત્યારે અત્યંત સંવેગથી વાસિત ચિત્તવાળા તે મહાત્મા આ સંસારનું સ્વરૂપ કેવું છે તે યથાર્થ બતાવે છે જેને સાંભળીને પલ્લીપતિને અત્યંત સંવેગ ઉત્પન્ન થયો. આ રીતે વચનગુપ્તિવાળા મહાત્માઓનું ચિત્ત માત્ર મૌનરૂપ હોતું નથી પરંતુ તત્ત્વથી તે રીતે ભાવિત હોય છે જેથી સાવદ્ય કોઈ વચનપ્રયોગ તેઓ કરતા નથી અને જિનવચનથી નિયંત્રિત ઉચિત ભાવોને અનુકૂળ સદા અવસ્થિત પરિણામવાળા હોય છે. આથી જ માર્ગમાં લુંટાવાનો ભય છે એ પ્રમાણે સ્વજનોને તે મહાત્માએ કહ્યું નહીં અને પલ્લીપતિને વિસ્મય થયો ત્યારે જિનવચનથી નિયંત્રિત સંવેગપૂર્વક ઉચિત કથન કર્યું. માતા-પિતાને કથન કર્યું નહીં ત્યારે કેવળ વચનગુપ્તિનો પરિણામ હતો અને પલ્લીપતિને ઉચિત ઉપદેશ આપ્યો ત્યારે ભાષાસમિતિથી સંવલિત વચનગુપ્તિનો પરિણામ હતો.

આ રીતે સંયમના કંડકોના વૃદ્ધિના અર્થી સાધુએ વચનગુપ્તિના પરમાર્થને જાણીને તે રીતે આત્માને ભાવિત કરવો જોઈએ જેથી વચનગુપ્તિ અને ભાષાસમિતિ જીવની પ્રકૃતિરૂપ બને. **॥૬૫૪થી ૬૫૯॥**

**અવતરણિકા :-**

**अथकायिकगुप्तावुदाहरणमुच्यते –**

**અવતરણિકાર્થ :-**

**હવે કાયિકગુપ્તિમાં ઉદાહરણ કહેવાય છે –**

**ગાથા :-**

**काइयगुत्ताहरणं अद्धाणपवण्णगो महासाहू ।**
**आवासियम्मि सत्थे ण लहइ तहिं थंडिलं किंचि ।।६६०।।५३।।**
**लद्धं च णेण कहवी एगो पाओ जहिं पइट्ठाइ ।**
**तहिं ठिएगपाओ सव्वं राइं तहिं थद्धो ।।६६१।।५४।।**
**ण य अत्थंडिलभोगो तेण कओ तत्थ धीरपुरिसेणं ।**
**सक्कपसंसा देवागमो य तह भेसणमखोहो ।।६६२।।५५।।**
**सीतग्गहसंपाडणमचलमंगाण दुक्कडं सम्मं ।**
**सुरवंदणा पसंसण अईव लोगेणमुक्करिसो ।।६६३।।५६।।**

**અન્વયાર્થ :-**

**काइयगुत्ताहरणं=કાયિકગુપ્તિનું ઉદાહરણ છે. अद्धाणपवण्णगो महासाहू=કોઈક મહાસાધુ મહાઅટવીના માર્ગમાં પ્રવેશ્યા. आवासियम्मि सत्थे=આવાસ લઈને સાર્થે પડાવ નાખ્યે છતે, ण लहइ तहिं थंडिलं किंचि=સાધુને ત્યાં કોઈ સ્થંડિલભૂમિ પ્રાપ્ત થઈ નહીં જ્યાં અન્ય જીવોને પીડા કર્યા વિના સાધુસામાચારી પાળી શકાય.**

**लद्धं च णेण कहवी एगो पाओ जहिं पइट्ठाइ=અને કોઈક રીતે એને મળી જ્યાં માત્ર એક પગ મૂકીને ઊભા રહ્યા. तहिं ठिएगपाओ सव्वं राइं तहिं थद्धो=ત્યાં સ્થંડિલભૂમિ પર એક પગ મૂકીને આખી રાત્રિ રહ્યા તેથી પગ થાંભલા જેવો થઈ ગયો.**

**ण य अत्थंडिलभोगो तेण कओ तत्थ धीरपुरिसेणं=અને ધીર એવા તેમના વડે તે સમયે અસ્થંડિલભૂમિનો ઉપભોગ કરાયો નહીં. सक्कपसंसा=શક્રેન્દ્રએ પ્રશંસા કરી. देवागमो य=અને ત્યાં દેવ આવ્યો. तह भेसणं=અને બીવડાવવા લાગ્યો=હાથી આદિ પશુઓ વિકુર્વીને સાધુને બીવડાવવા લાગ્યો.**

अखोहो=અક્ષોભ=છતાં પણ તે મહાત્માને જરા પણ ક્ષોભ ન થયો.

सीतग्गहसंपाडणमचलमंगाण=(દેવે અતિશય) ઠંડી ઉત્પન્ન કરી તેથી (સાધુનાં ઠંડીથી પીડાયેલાં) અંગો ચાલી શક્યાં નહીં. दुक्कडं सम्मं=દુષ્કૃતના ઉદયમાં સમ્યક્ પ્રવૃત્તિ='પૂર્વભવમાં ઉપાર્જન કરાયેલ આ દુષ્કૃતનો ઉદય થયો છે' એમ વિચારીને સમ્યક્ સ્થિર થવા તે સાધુ પ્રવૃત્ત થયા. सुरवंदणा=તે સુરે સાધુને વંદન કર્યું. पसंसण=પ્રશંસા કરી (કે 'તમે ધન્ય છો'), अईव लोगेणमुक्करिसो=લોકે પણ તેમની અતિશય પ્રશંસા કરી. ॥૬૬૦થી ૬૬૩॥

ગાથાર્થ :-

કાયિકગુપ્તિનું ઉદાહરણ છે. કોઈક મહાસાધુ મહાઅટવીના માર્ગમાં પ્રવેશ્યા. આવાસ લઈને સાર્થે પડાવ નાખ્યે છતે સાધુને ત્યાં કોઈ સ્થંડિલભૂમિ પ્રાપ્ત થઈ નહીં જ્યાં અન્ય જીવોને પીડા કર્યા વિના સાધુસામાચારી પાળી શકાય.

અને કોઈક રીતે એને મળી જ્યાં માત્ર એક પગ મૂકીને ઊભા રહ્યા. ત્યાં સ્થંડિલભૂમિ પર એક પગ મૂકીને આખી રાત્રિ રહ્યા તેથી પગ થાંભલા જેવો થઈ ગયો.

અને ધીર એવા તેમના વડે તે સમયે અસ્થંડિલભૂમિનો ઉપભોગ કરાયો નહીં. શક્રેન્દ્રએ પ્રશંસા કરી. અને ત્યાં દેવ આવ્યો. અને બીવડાવવા લાગ્યો=હાથી આદિ પશુઓ વિકુર્વીને સાધુને બીવડાવવા લાગ્યો. અક્ષોભ=છતાં પણ તે મહાત્માને જરા પણ ક્ષોભ ન થયો.

દેવે અતિશય ઠંડી ઉત્પન્ન કરી તેથી સાધુનાં ઠંડીથી પીડાયેલાં અંગો ચાલી શક્યાં નહીં. દુષ્કૃતના ઉદયમાં સમ્યક્ પ્રવૃત્તિ='પૂર્વભવમાં ઉપાર્જન કરાયેલ આ દુષ્કૃતનો ઉદય થયો છે' એમ વિચારીને સમ્યક્ સ્થિર થવા તે સાધુ પ્રવૃત્ત થયા. તે સુરે સાધુને વંદન કર્યું. પ્રશંસા કરી કે 'તમે ધન્ય છો'. લોકે પણ તેમની અતિશય પ્રશંસા કરી. ॥૬૬૦થી ૬૬૩॥

ટીકા :-

अध्वप्रपन्नको महाटवीमार्गप्रविष्टः कश्चिद् महासाधुः क्वचित्समये समभूत् । आवासिते गृहीतावासे सति सार्थे न लभते तत्र सार्थाधिष्ठितायां भुवि स्थंडिलं किञ्चिद्, यत्र साधुसामाचार्यबाधया स्थानादि विधातुं पार्यते ।।६६०।।५३।।

लब्धं चानेन कथमपि स्थण्डिलमेकः पादो यत्र प्रतिष्ठते । तत्र स्थण्डिले स्थितैकपादः सर्व्वां रात्रिं यावदासितः, तावत्तत्र पादः स्तब्धः सञ्जातस्तम्भोऽभूत् ।।६६१।।५४।।

न च नैवास्थण्डिलभोगः साधुजनायोग्यभूमिभागपरिभोगलक्षणस्तेन साधुना कृतस्तत्र समये । कीदृशेन सतेत्याह—धीरपुरुषेण सात्त्विकेनेत्यर्थः । ततश्च शक्रप्रशंसा यथाऽहो! साधुरयं दुष्करकारको वर्त्तते, य इत्थमस्थण्डिलपरिहारेण व्यवस्थितः । तथाशक्रप्रशंसाऽसहिष्णोर्देवस्येहागमश्च संवृत्तः ।

तथेति समुच्चये । भेषणं हस्त्यादिरूपविकुर्वणेन प्रारब्धम्, तथापि तस्य महापुरुषस्याक्षोभः क्षोभाभावः सम्पन्नः, मम म्रियमाणस्यापि न काचित् कार्यक्षतिरस्तीत्यध्यवसायादिति ।।६६२।।५५।।

यदासौ भेषितोऽपि न क्षुभितस्तदा शीतमेव ग्रहः, पारवश्यसम्पादकत्वात्, तस्य संपादनं देवेन कृतम् । तत्र चाचलनमङ्गानां शीतबाधितानाम् । ततो दुष्कृतं प्राग्भवोपात्तमित्थमुपस्थितमिति सम्यक् स्थातुं प्रवृत्तः । ततः सुरवन्दना कायप्रणामरूपा, तथा प्रशंसनमहो धन्योऽसि त्वं, तथाऽतीव लोकेनोत्कर्षः प्रमोदो व्यूढ इति ।।६६३।।५६।।

**ભાવાર્થ :-**

જે સાધુ સમભાવના પરિણામમાં પ્રકર્ષવાળા છે તેઓ ષટ્કાયના પાલનના અધ્યવસાયથી અત્યંત વાસિત હોય છે તેથી સ્વપ્રાણના ભોગે પણ કાયાને તે રીતે ગુપ્ત રાખે છે જેથી અન્ય જીવને પીડા થાય નહીં. જેમ મેઘકુમારના જીવે હાથીના ભવમાં સસલા પ્રત્યેની દયાથી એક પગ ઊંચો રાખીને કાયગુપ્તિમાં દૃઢ યત્ન કર્યો તેમ અન્ય કોઈક મહાત્માએ એક પગ શુદ્ધ ભૂમિ મળ્યા પછી અન્યત્ર સંપૂર્ણ જીવરહિત ભૂમિની પ્રાપ્તિ નહીં થવાથી અદીનભાવપૂર્વક એક પગને અદ્ધર રાખીને સમભાવના અધ્યવસાયની વૃદ્ધિ થાય તે રીતે આખી રાત્રિ પસાર કરી અને તેના ઉત્તમ ભાવને જોઈને ઇંદ્રએ પ્રશંસા કરી. તેથી કોઈ દેવ આ રીતે એક પગ ઉપર વિષમ સ્થિતિમાં ઊભેલા સાધુને અનેક પ્રકારના ઉપસર્ગો કરીને કાયગુપ્તિમાંથી ચલિત કરવા પ્રયત્ન કરે છે તોપણ જીવન પ્રત્યે નિરપેક્ષ પરિણામવાળા મૃત્યુની પીડાથી પણ નિર્ભય એવા તે મહાત્મા ચિત્તથી પણ ક્ષોભ પામ્યા વગર પોતાના કાયગુપ્તિના પરિણામમાં સ્થિર રહ્યા જેથી તે પ્રકારના કાયાના સંવરણપૂર્વક પ્રવર્તતો તેમનો અંતરંગ યત્ન અત્યંત સમભાવ પ્રત્યે કારણ હોવાથી આત્મામાં વર્તતા કષાયોના ઉન્મૂલન દ્વારા વીતરાગતા પ્રત્યે પ્રબળ કારણ બને છે તેથી તે કાયગુપ્તિ દ્વારા પાંચ મહાવ્રતોને અતિશય કરીને સંયમના કંડકોની વૃદ્ધિને પ્રાપ્ત કરે છે.

આ પ્રકારે કાયગુપ્તિનું દૃષ્ટાંત ભાવન કરીને સાધુએ પોતાની ધૃતિને દૃઢ પ્રવર્તાવવાપૂર્વક કાયા પ્રત્યે નિરપેક્ષ થઈને સ્વશક્તિ અનુસાર આત્માના અસંગ ભાવને પ્રગટ કરવા યત્ન કરવો જોઈએ જેથી કાયાના બાધાકાળમાં પણ કષાયોની અત્યંત અલ્પતાને કારણે અંતરંગ સમાધિના સુખની વૃદ્ધિ થવાથી જીવ સુખપૂર્વક કાયગુપ્તિમાં રહી શકે તેવું બળ સંચય થાય. **॥૬૬૦થી ૬૬૩॥**

**અવતરણિકા :-**

उपसंहरन्नाह –

**અવતરણિકાર્થ :-**

**ઉપસંહાર કરતાં કહે છે=સમિતિ-ગુપ્તિનાં દૃષ્ટાંતોના કથન પછી તે સર્વ કથનનો ઉપસંહાર કરતાં કહે છે –**

ગાથા :-

एवंविहो उ भावो गुणठाणे हंदि चरणरूवम्मि ।
होति विसिट्ठखउवसमजोगओ भव्वसत्ताणं ।।६६४।।

અન્વયાર્થ :-

भव्वसत्ताणं चरणरूवम्मि गुणठाणे हंदि=ભવ્ય જીવોને ચારિત્રરૂપ ગુણસ્થાનક હોતે છતે, विसिट्ठखउवसमजोगओ=વિશિષ્ટ ક્ષયોપશમના યોગથી, एवंविहो उ भावो होति=આવા જ પ્રકારનો ભાવ હોય છે. ।।૬૬૪।।

ગાથાર્થ :-

**ભવ્ય જીવોને ચારિત્રરૂપ ગુણસ્થાનક હોતે છતે વિશિષ્ટ ક્ષયોપશમના યોગથી આવા જ પ્રકારનો ભાવ હોય છે. ।।૬૬૪।।**

ટીકા :-

**एवंविधस्त्वेवंविध एव व्यसनप्राप्तावपि गुप्तिसमित्यनुल्लंघनरूपो भावः परिणामो भवतीत्युत्तरेण योगः । क्व सतीत्याह—गुणस्थाने, हंदीति पूर्ववत्, चरणरूपे चारित्रलक्षणे भवति विशिष्टक्षयोपशमयोगतो विशिष्टो वज्राश्मवदत्यन्तनिबिडो यश्चारित्रमोहस्य क्षयोपशमः क्षयविशेषस्तद्योगात्, भव्यसत्त्वानां समासन्नीभूतनिर्वृतिगमनानाम् । ये हि निवृत्तचारित्रमोहात्मानो महासत्त्वा मुनयः स्युस्त एव प्राणप्रहाणेऽपि न समितिगुप्तिभङ्गभाजो भवन्तीति ।।६६४।।**

ભાવાર્થ :-

જે જીવોને વજ્રના પત્થર જેવો નિબિડ ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ ભાવ વર્તે છે તેઓ દૃઢ પ્રણિધાનપૂર્વક કષાયોને તિરોધાન કરીને ઉપશમરસમાં યત્ન કરનારા હોય છે. તેથી તેવા મહાત્માઓને આપત્તિની પ્રાપ્તિ થાય તોપણ સ્વીકારાયેલી ગુપ્તિમાં અને સમિતિમાં ઉલ્લંઘન ન થાય તેવા પ્રકારનો જ પરિણામ વર્તે છે તેથી તે મહાત્માઓ સર્વ ઉચિત ક્રિયાકાળમાં સમિતિ-ગુપ્તિનું સમ્યગ્ સેવન કરીને સતત ગુણવૃદ્ધિમાં યત્ન કરી શકે છે.

વળી, કેટલાક મહાત્માઓને ગુણસ્થાનકનો પરિણામ છે અને શક્તિ અનુસાર સમિતિ-ગુપ્તિનું સેવન કરે છે તોપણ વિશિષ્ટ આપત્તિ આવે ત્યારે જો પ્રાણની ઉપેક્ષા કરીને બાહ્ય આચારનું પાલન કરવા જાય તો તેઓને ગુણસ્થાનકનો પરિણામ વજ્રની ભીંત જેવો તીવ્ર ક્ષયોપશમવાળો નહીં હોવાથી પ્રતિકૂળ સંયોગોમાં કષ્ટને વેઠે તોપણ મોહનાશને અનુકૂળ અંતરંગ ઉદ્યમ સ્ખલના પામે તો ગુણસ્થાનકથી પાત પામે છે. આથી તેવા મહાત્માઓને પોતાના ગુણસ્થાનકના પરિણામના રક્ષણ અર્થે પ્રાણનાશના કારણીભૂત આપત્તિની પ્રાપ્તિ હોય ત્યારે સમિતિના બાહ્ય આચરણાના ઉલ્લંઘનપૂર્વક પણ ગમન કરવાની અનુજ્ઞા છે.

આથી જ રાજાદિના ભયમાં સાધુ મોટી નદીનું ઉલ્લંઘન કરીને પણ સ્થાનાંતર જાય તો દોષ નથી તેમ કહેલ છે તેથી તેવા મહાત્માએ તે વખતે અપવાદ સેવીને પણ સંયમના ઉપષ્ટંભક દેહનું રક્ષણ કરવું જોઈએ.

વળી, કેટલાક મહાત્માઓ આપત્તિકાળમાં પ્રતિકૂળ ભાવોને સહન કરે છે છતાં ગુણસ્થાનકને અનુકૂળ કોઈ સૂક્ષ્મ બોધ નહીં હોવાથી મોહનાશનો યત્ન કરી શકતા નથી. તેથી સૂક્ષ્મ બોધપૂર્વક ગુણસ્થાનકનો પરિણામ પ્રગટ થાય તેવો યત્ન કરવો જોઈએ. **॥૬૬૪॥**

**અવતરણિકા :-**

**कुत एतदिति चेदुच्यते –**

**અવતરણિકાર્થ :-**

**કેમ આ છે ?=ગુણસ્થાનકનો પરિણામ હોતે છતે મહાત્માઓ સમિતિ-ગુપ્તિનું ઉલ્લંઘન કરતા નથી એ કેમ છે ? એથી કહે છે –**

**ગાથા :-**

**देहाऽसामत्थम्मिवि आसयसुद्धी ण ओघओ अन्ना ।**
**चरणम्मि सुपुरिसो ण हि तुच्छोवि अकज्जमायरति ।।६६५।।**

**અન્વયાર્થ :-**

**देहाऽसामत्थम्मिवि=દેહનું અસામર્થ્ય હોવા છતાં પણ, चरणम्मि=ચારિત્ર હોતે છતે, ओघओ=સામાન્યથી, आसयसुद्धी ण अन्ना=આશયશુદ્ધિ અન્યથા થતી નથી. हि=જે કારણથી, तुच्छोवि=તુચ્છ પણ=દેહબળથી વિકલ પણ, सुपुरिसो=સુપુરુષ, ण अकज्जमायरति=અકાર્ય આચરતા નથી=પોતાના કુળને કલંક લાગે તેવું અકૃત્ય આચરતા નથી. ।।૬૬૫।।**

**ગાથાર્થ :-**

**દેહનું અસામર્થ્ય હોવા છતાં પણ ચારિત્ર હોતે છતે સામાન્યથી આશયશુદ્ધિ અન્યથા થતી નથી. જે કારણથી તુચ્છ પણ=દેહબળથી વિકલ પણ, સુપુરુષ અકાર્ય આચરતા નથી=પોતાના કુળને કલંક લાગે તેવું અકૃત્ય આચરતા નથી. ।।૬૬૫।।**

**ટીકા :-**

**देहासामर्थ्येऽपि दुष्कालरोगवार्द्धकादिकारणैर्देहस्य विहितकृत्येष्वसमर्थतायामपि, किं पुनरितरत्रेत्यपि-शब्दार्थः, आशयशुद्धिः परिणामनैर्मल्यरूपा न नैवौघतः सामान्येनान्या हीयमाना विपरीतरूपा वा सम्पद्यते । क्व सतीत्याह-चरणे सर्वसावद्यपरिहारलक्षणे । यच्चौघत इत्युक्तं, तत् तथाविधोत्कर्षवशाद् मेघकुमारादीनामिव मनाग् मालिन्यमपि कदाचित् संभाव्यत इति व्यभिचारपरिहारार्थम् । एतदेव**

**समर्थमान आह—सुपुरुषः शान्तदान्तस्वभावः, स च विशेषतः 'असत्सङ्गाद् दैन्यात् प्रखलचरितैर्वा बहुविधैरसद्भूतैर्भूतैर्यदि भवति भूतेरभवनिः । सहिष्णोः सद्बुद्धेः परहितरतस्योन्नतमतेः परा भूषा पुंसः स्वविधिविहितं वल्कलमपि' ।।१।। इत्यध्यवसायप्रधानः पुरुषविशेषः, न नैव ह्रियस्मात् तुच्छोऽपि शरीरविभवसहायादिबलविकलतया कृशीभूतोऽपि, किं पुनरितरः, अकार्यं कुलकलंकादिकारणं कृत्यविशेषमैहिकं पारत्रिकं च समाचरत्यासेवते । तथा च पठन्ति—'निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् । अद्यैव वा मरणमस्तु युगान्तरे वा न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ।।१।।' सुपुरुषशिरोरत्नभूतश्च चारित्री, कथमस्यान्यथा भावशुद्धिः सम्पत्स्यते ? इति ।।६६५।।**

**ભાવાર્થ :-**

જેઓને ભાવથી ચરણનો પરિણામ સમ્યક્ પ્રયત્નના બળથી સ્પર્શેલો છે તેવા મહાત્માઓ તે ચારિત્રના પરિણામને અતિશયિત કરવા માટે સતત અંતરંગ ઉદ્યમ થાય તે પ્રકારે સર્વ બાહ્ય ક્રિયાઓ કરે છે જેથી તે ચારિત્રનો પરિણામ અત્યંત સ્થિર-સ્થિરતર થાય અને જેઓને તેવો ચારિત્રનો પરિણામ સ્થિર-સ્થિરતર થયેલો છે તેવા મહાત્માઓ તેવા વિષમ સંયોગમાં દેહ ટકી શકે તેવા સામર્થ્યવાળા ન હોય તોપણ તેઓને સામાન્યથી આશયશુદ્ધિ અન્યથા થતી નથી.

જેમ તેવા કોઈક સંયોગમાં ઉત્તમ પુરુષોના વૈભવાદિ નાશ પામ્યા હોય તોપણ પોતાના કુળને કલંક લાગે તેવી કોઈ આચરણા તેઓ કરતા નથી તેમ સુસાધુ પોતાનામાં પ્રગટ થયેલું ચારિત્ર મલિન કરે તેવી પ્રવૃત્તિ ક્યારેય આચરતા નથી. આથી જ સંયમના ઉચિત આચારો પાળીને સંયમની વૃદ્ધિને કરવા સમર્થ સાધુ મૃત્યુ થાય તોપણ સમિતિ-ગુપ્તિમાં કોઈ પ્રકારની વિપરીત આચરણા કરતા નથી અને જેઓને એવા ચારિત્રપરિણામની અત્યંત ઇચ્છા છે છતાં અંતરંગ બળસંચય થયો નથી માટે માત્ર બાહ્ય આચરણામાં યત્ન કરે અને ચિત્ત ગુણસ્થાનકની પરિણતિથી પાત પામે તેવું જણાય તો ગુણસ્થાનકના રક્ષણમાં જે રીતે યત્ન સંભવે તે રીતે અપ્રમાદભાવથી યત્ન કરીને ઉત્સર્ગ-અપવાદનું સેવન કરે છે પરંતુ દુર્લભ એવા ચારિત્રના પરિણામનો નાશ ન થાય તે પ્રકારે સર્વથા ઉદ્યમ કરે છે.

જેઓનો ગુણસ્થાનકનો પરિણામ તેવો તીક્ષ્ણ છે કે શક્તિના પ્રકર્ષથી સ્વભૂમિકા અનુસાર ગુણસ્થાનકના ઉત્કર્ષમાં યત્ન કરે તેઓને આશ્રયીને 'ઓઘથી આશયશુદ્ધિ અન્યથા થતી નથી' એમ કહેલ છે અને જેઓને ગુણસ્થાનકનો પરિણામ હોવા છતાં સુખશીલતાદિ સ્વભાવને કારણે પોતાની ગુણસ્થાનકવૃદ્ધિની શક્તિ હોવા છતાં 'મારી શક્તિ નથી' એ પ્રકારનો પરિણામ થાય તેઓને આશ્રયીને 'ઓઘથી આશયશુદ્ધિ અન્યથા થતી નથી' એમ કહેલ નથી. જેમ મેઘકુમારમાં મહાપરાક્રમ ફોરવીને વિશિષ્ટ ચારિત્રપાલનની શક્તિ હતી છતાં રાજપુત્ર હોવાને કારણે સુખશીલતા સ્વભાવ હોવાથી રાત્રે મહાત્માઓના ચરણરજથી ઉદ્વિગ્ન થવાથી પોતે ચારિત્ર પાળવા માટે સમર્થ નથી એ પ્રકારે સંયમમાં શિથિલ પરિણામ થયો. વસ્તુતઃ ભગવાનના

ઉપદેશના બળથી તે પ્રકારનો સુખશીલતા સ્વભાવ દૂર થાય છે ત્યારે તે જ મહાત્મા સુખપૂર્વક દેહ પ્રત્યે અનુકૂળતાની ઉપેક્ષા કરીને પણ સંયમના કંડકોમાં વૃદ્ધિ કરી શક્યા તેથી સામાન્યથી જેઓને ગુણસ્થાનકનો પરિણામ છે તેઓને સુખશીલતા સ્વભાવકૃત પાતનો સંભવ નથી છતાં કોઈક જીવને ગુણસ્થાનકનો પરિણામ હોવા છતાં પ્રમાદને વશ પાતનો પરિણામ પણ થઈ શકે છે તે બતાવવા માટે 'ઓઘથી આશયશુદ્ધિ અન્યથા થતી નથી' તેમ કહેલ છે. **॥૬૬૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વ ગાથામાં કહ્યું કે ચારિત્રનો પરિણામ હોતે છતે સામાન્યથી આશયશુદ્ધિ અન્યથા થતી નથી. એ જ કથનને વિશેષથી સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**दव्वादिया न पायं सोहणभावस्स होंति विग्घकरा ।**
**बज्झक्किरियाओ तहा हवंति लोगेवि सिद्धमिणं ।।६६६।।**

**અન્વયાર્થ :-**

**सोहणभावस्स=શોભન ભાવવાળા મહાત્માને, पायं=પ્રાયઃ, दव्वादिया=દ્રવ્યાદિ=વિપરીત દ્રવ્યાદિ, विग्घकरा न होंति=વિઘ્નકર થતા નથી. बज्झक्किरियाओ=બાહ્ય ક્રિયા, तहा हवंति=તે પ્રકારે થાય છે= વિપરીત થાય છે. इणं=આ=બાહ્ય ક્રિયા વિપરીત થવા છતાં અંતરંગ શોભનભાવ વિપરીત થતો નથી એ, लोगेवि सिद्धं=લોકમાં પણ સિદ્ધ છે. ॥૬૬૬॥**

**ગાથાર્થ :-**

**શોભન ભાવવાળા મહાત્માને પ્રાયઃ દ્રવ્યાદિ=વિપરીત દ્રવ્યાદિ, વિઘ્નકર થતા નથી. બાહ્ય ક્રિયા તે પ્રકારે થાય છે=વિપરીત થાય છે. આ=બાહ્ય ક્રિયા વિપરીત થવા છતાં અંતરંગ શોભનભાવ વિપરીત થતો નથી એ, લોકમાં પણ સિદ્ધ છે. ॥૬૬૬॥**

**ટીકા :-**

**द्रव्यादयो द्रव्यक्षेत्रकालभावाः कुतोऽपि वैगुण्याद् बाढमननुकूलभावापन्ना न नैव प्रायो बाहुल्येन शोभनः शान्तोदात्तपरिणतिरूपो भावो मनःपरिणतिर्यस्य चारित्रिणः स तथा तस्य, अथवा, शोभनश्चासौ भावश्चोक्तरूप एव तस्य, भवन्ति विघ्नकरा व्याघातहेतवः । प्रायोग्रहणं च मन्दमोहादिक्लिष्ट-कर्मक्षयोपशमवतः शोभनभावविघ्नसंभवेन मा भूत् सर्वत्र व्यभिचार इति । पठ्यते च 'निमित्तमासाद्य यदेव किञ्चित् स्वधर्ममार्गं विसृजन्ति बालिशाः । तपः श्रुतज्ञानधना हि साधवो न यान्ति कृच्छ्रे परमेऽपि विक्रियाम् ।।१।।' । इति । व्यवच्छेद्यमाह—बाह्यक्रियास्तु बहिर्व्यापाररूपाः कायिक्यादयः**

**पुनस्तथा यादृशा द्रव्यादयो वर्त्तन्ते तादृशा एव भवन्ति । नहि द्रव्यादिषु प्रतिकूलभावमागतेषु सामान्यात् शिष्टानां दानादयो, यतीनां चैषणाशुद्ध्यादयोऽध्ययनादयश्च प्रवर्त्तन्ते । अत एवोक्तम्— 'कालस्स य परिहाणी संजमजोग्गाइं नत्थि खेत्ताइं । जयणाए वट्टियव्वं न हु जयणा भंजए अंगं ।।१।।' अथैतदेवोपचिनोति-लोकेऽपि शिष्टजनलक्षणे, न केवलमस्माभिरुच्यत इत्यपिशब्दार्थः, सिद्धमिदं यथा न द्रव्यादयः शुद्धभावविघ्नकराः सम्पद्यन्ते ।।६६६।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓને ગુણસ્થાનકનો પરિણામ પ્રગટેલો છે તે હંમેશાં 'ભાવચારિત્રી કઈ રીતે સમિતિ-ગુપ્તિઓનું સમ્યગ્ સેવન કરીને મહાસત્ત્વના બળથી નિર્ગ્રંથભાવની વૃદ્ધિ થાય તેવો અંતરંગ યત્ન કરે છે' તેનું સૂક્ષ્મ-સૂક્ષ્મતર અવલોકન કરીને તે પ્રકારે સેવવાના દૃઢ મનોરથો કરે છે. આથી જ સુસાધુઓ પાંચ મહાવ્રતો અને સમિતિ-ગુપ્તિઓ કઈ રીતે અતિશયિત થાય તેના સૂક્ષ્મ પરમાર્થને જાણીને સદા તે પ્રમાણે સેવવાના મનોરથો કરે છે, છતાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વિપરીત હોય તો બાહ્ય ક્રિયા વિધિ અનુસાર સેવી શકે નહીં અર્થાત્ શરીરાદિની ક્ષતિ હોય તો સમિતિ આદિનું પાલન સમ્યગ્ કરી શકે નહીં, તોપણ સર્વ પ્રવૃત્તિકાળમાં અંતરંગ રીતે તો શુદ્ધ સમિતિ-ગુપ્તિ પ્રત્યેના તીવ્રરાગથી ઉપયુક્ત રહે છે જેથી શુદ્ધ સમિતિ-ગુપ્તિના રાગજન્ય ગુણસ્થાનકના પરિણામની વૃદ્ધિ થાય છે.

આથી જ સુસાધુને એષણાશુદ્ધિ આદિમાં અત્યંત રાગ હોવા છતાં કોઈક કાળમાં તેવા વિષમ સંયોગને કારણે બાહ્યથી એષણાશુદ્ધિનું પાલન અશક્ય જણાય તોપણ અંતરંગ પરિણામથી તો શુદ્ધ એષણાના પાલનનો અધ્યવસાય વર્તે છે અને તે મહાત્મા પોતાની ભૂમિકા અનુસાર શક્ય યત્ન અવશ્ય કરે છે અને અધ્યયનાદિમાં પણ ઉત્કટ ઇચ્છા હોવા છતાં તેવી સામગ્રીની વિકલતાને કારણે બાહ્યથી અધ્યયનની પ્રવૃત્તિ ન થાય તોપણ પૂર્વના મહાપુરુષો કઈ રીતે અધ્યયન કરીને આત્માને ભાવિત કરતા હતા તેનું સ્મરણ કરીને સંયોગ અનુસાર જે શક્ય હોય તે પ્રમાણે સૂત્રાદિથી ભાવિત થવા યત્ન કરે છે પરંતુ પ્રમાદને વશ ક્યારેય પણ અન્યથાભાવ કરતા નથી તેથી વિપરીત દ્રવ્યાદિ પણ પ્રાયઃ તેઓના શોભનભાવને વિઘ્ન કરનારા બનતા નથી. ફક્ત મેઘકુમારાદિની જેમ કોઈક જીવને સુખશીલતા સ્વભાવને કારણે વિપરીત દ્રવ્યાદિ બાધ કરનારા બને છે તેથી પ્રાયઃ બાધ કરનારા નથી તેમ કહેલ છે. **॥૬૬૬॥**

**અવતરણિકા :-**

**एतदेव गाथात्रितयेन भावयति —**

**અવતરણિકાર્થ :-**

**આને જ=વિપરીત દ્રવ્યાદિ પણ શોભનભાવને વિઘ્ન કરનારા નથી એને જ, ત્રણ ગાથાથી ભાવન કરે છે —**

**ગાથા :-**

**दइयाकण्णुप्पलताडणंव सुहडस्स णिव्वुइं कुणइ ।**
**पहुआणाए संपत्थियस्स कंडंपि लग्गंतं ।।६६७।।१।।**

**અન્વયાર્થ :-**

**दइयाकण्णुप्पलताडणंव=સ્ત્રી વડે કાન ઉપર ઉત્પલના તાડનની જેમ, पहुआणाए=સ્વામીના કાર્ય માટે, संपत्थियस्स सुहडस्स=સંપ્રસ્થિત સુભટને, लग्गंतं कंडंपि=લાગતાં તીર પણ, णिव्वुइं कुणइ=નિવૃત્તિને કરે છે=સમીહિત એવા યુદ્ધના સંવર્ધનના લાભરૂપ નિષ્પત્તિને કરે છે. ।।૬૬૭।।**

**ગાથાર્થ :-**

**સ્ત્રી વડે કાન ઉપર ઉત્પલના તાડનની જેમ સ્વામીના કાર્ય માટે સંપ્રસ્થિત સુભટને લાગતાં તીર પણ નિવૃત્તિને કરે છે=સમીહિત એવા યુદ્ધના સંવર્ધનના લાભરૂપ નિષ્પત્તિને કરે છે. ।।૬૬૭।।**

**ટીકા :-**

**दयिताकर्णोत्पलताडनवद्-रतिकेलिकालकुपिताभीष्टकामिनीसाक्षेपकरमुक्तकर्णस्थानावतंसितामन्दम-करन्दामोदितमधुकरकुलावकम्पिसहस्रपत्रप्रहतिरिव सुभटस्य रणसंघट्टसमुद्घटितशौर्यप्रकर्षस्य पुंसो निर्वृतिं समीहितसमरसम्मर्द्दलाभलक्षणं करोति । कीदृशस्येत्याह—प्रभ्वाज्ञया तत्तत्प्रसादप्रदानप्रमोद-सम्पादकनायकनिरूपितादेशलक्षणया सम्प्रस्थितस्य परबलविलोलनाय चलितस्य काण्डमपि, किं पुनरुज्ज्वलपुष्पमालादि, लगच्छरीरसंस्पर्शमागच्छत् सत् । समीहितसिद्धिरेव सर्वत्र निर्वृतिहेतुः स्यात् । समीहितश्च सुभटेन स्वस्वाम्यादेशात् समरसंघट्टे प्रवर्त्तमानेन काण्डादिप्रहार इति कथमसौ न तल्लाभे वृत्तिमान् स्यादिति ।।६६७।।१।।**

**ભાવાર્થ :-**

જેમ સ્ત્રી પ્રત્યે પ્રીતિવાળા જીવને કાંઈક પ્રીતિ અને કાંઈક કોપપૂર્વક સ્ત્રી પુષ્પાદિથી તાડન કરે ત્યારે રાગી પાત્રને તે પ્રીતિકર થાય છે તેમ સ્વામી પ્રત્યે ભક્તિવાળા એવા સુભટને યુદ્ધભૂમિમાં બાણો વગેરે લાગે તોપણ તેઓનો સુભટભાવ વિશેષ જાગૃત થાય છે. તે રીતે જે મહાત્માઓ સંસારના રૌદ્ર સ્વરૂપને અત્યંત જાણનારા છે અને તેના ઉચ્છેદનો ઉપાય જિનવચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને સમભાવની વૃદ્ધિમાં કરાયેલો યત્ન જ કારણ છે તેવો સ્થિર બોધ છે તેઓ અંતરંગ રીતે સમભાવના કંડકોની વૃદ્ધિ થાય એ પ્રકારે દઢ યત્ન કરવા તત્પર રહે છે. તેથી પ્રતિકૂલ દ્રવ્ય પ્રાપ્ત થાય ત્યારે દેહની કાંઈક બાધા થાય તોપણ તેઓનું ચિત્ત પોતાના સાધ્યની સિદ્ધિ માટે અત્યંત અભિમુખ હોવાથી તે વિષમ સંયોગ તેઓને વિશેષ પ્રકારે અંતરંગ ઉદ્યમ કરવા માટે પ્રેરણા કરે છે, જેથી પ્રતિકૂળ દ્રવ્ય પણ તેમના ચિત્તનો વ્યાઘાત કરતું નથી, ક્વચિદ્ બાહ્ય આચરણા સંયોગ અનુસાર થઈ શકે છે. યુદ્ધમાં જેમ સુભટ શત્રુથી ઘણો હણાયેલો હોય છતાં

સ્વામી પ્રત્યે ભક્તિવાળો હોય તો શત્રુના નાશ માટે કાયાથી ઉચિત કૃત્ય કરી શકે નહીં છતાં ચિત્તથી સ્વામી પ્રત્યેની તેની ભક્તિ ક્ષીણ થતી નથી. તેમ મહાસાત્ત્વિક સાધુઓ વિપરીત દ્રવ્યની પ્રાપ્તિમાં પણ અંતરંગ પરિણામથી લક્ષ્યને અનુરૂપ યત્ન કરીને ગુણસ્થાનકની વૃદ્ધિ કરી શકે છે. ફક્ત તત્ત્વનો બોધ કરાવે એવો ક્ષયોપશમભાવ જેઓનો વજ્રની ભીંત જેવો દૃઢ છે તેઓ વિપરીત સંયોગમાં પણ અંતરંગ પરિણામથી સ્ખલના પામતા નથી અને જેઓ આરાધક છે છતાં વિપરીત દ્રવ્યના સંયોગમાં તે પ્રકારનો દૃઢ યત્ન કરી શકતા નથી તેઓનો વિપરીત સંયોગમાં તે ભાવ કાંઈક મ્લાન પણ થાય છે માટે કલ્યાણના અર્થીએ સંસારના અત્યંત રૌદ્ર સ્વરૂપનું ભાવન કરીને તેના ઉચ્છેદનો એક ઉપાય પ્રવર્ધમાન સંવેગનો પરિણામ જ છે એમ સ્થિર નિર્ણય કરીને સદા તેના માટે યત્ન કરવો જોઈએ. **॥૬૬૭॥**

**ગાથા :-**

**जह चेव सदेसम्मी तह परदेसेवि हंदि धीराणं ।**
**सत्तं न चलइ समुवत्थियम्मि कज्जम्मि पुरिसाणं ।।६६८।।२।।**

**અન્વયાર્થ :-**

**समुवत्थियम्मि कज्जम्मि=સમુપસ્થિત કાર્ય હોતે છતે, धीराणं पुरिसाणं सत्तं=ધીરપુરુષોનું સત્ત્વ, जह चेव=જે પ્રમાણે જ, सदेसम्मी न चलइ=સ્વદેશમાં ચલાયમાન થતું નથી. तह परदेसेवि हंदि=તે પ્રમાણે પરદેશમાં પણ (ચલાયમાન થતું નથી.). ॥૬૬૮॥**

**ગાથાર્થ :-**

**સમુપસ્થિત કાર્ય હોતે છતે ધીરપુરુષોનું સત્ત્વ જે પ્રમાણે જ સ્વદેશમાં ચલાયમાન થતું નથી. તે પ્રમાણે પરદેશમાં પણ ચલાયમાન થતું નથી. ॥૬૬૮॥**

**ટીકા :-**

**यथाचैवेति दृष्टान्तार्थः । स्वदेशे सौराष्ट्रादौ वर्त्तमानानां तथा परदेशेऽपि मगधादौ कुतोऽपि निमित्ताद् गतानां, हंदीत्युपप्रदर्शने धीराणां धैर्यव्रतभाजाम् । किमित्याह—सत्त्वमवैक्लव्यकरमध्यवसानकरं च जीवपरिणतिविशेषलक्षणम्, न नैव चलति क्षुभ्यति, समुपस्थिते तथाविधविरुद्धजनाध्यारोपितविविध-बाधेऽपि कार्ये व्यवहारराजसेवादौ पुरुषाणां पुंसाम् । अयमभिप्रायः—यथा स्वदेशे पूर्वपुरुषपरंपरासमाव-र्जितजनविहितसाहाय्यभाजि न कार्ये क्वचिन्निपुणनीतिभाजां मरणावसानेऽपि सत्त्वहानिर्भवति, तथा विदेशेऽपि केनाप्यविज्ञातपूर्वापरसमाचाराणां नयनिष्ठुरप्रवृत्तीनां तथाविधव्यसनप्राप्तावपि न सत्त्वभ्रंशः सम्पद्यत इति ।।६६८।।२।।**

**ભાવાર્થ :-**

કોઈ સુખી મનુષ્ય સ્વદેશમાં હોય ત્યારે પોતાના દેહને અનુકૂળ હોય તેવા સર્વ સંયોગો સ્વાભાવિક રીતે

ત્યાં વર્તતા હોય તેવા સ્થાનમાં તેઓ વસે છે. પરંતુ ધનઅર્જનાદિ કોઈક વિશિષ્ટ કાર્ય ઉપસ્થિત થાય ત્યારે તે ધીરપુરુષો પરદેશમાં જાય ત્યારે તે ક્ષેત્ર દેહાદિને કાંઈક પ્રતિકૂળ ભાવવાળું જણાય તોપણ પોતાનું સ્વીકારાયેલું ધનઅર્જનાદિ કાર્ય પ્રાપ્ત કરવામાં તેઓનું સત્ત્વ ચલાયમાન થતું નથી. તેમ જે મહાત્માઓએ સંયમની ધુરાના બળથી મોહનાશ કરવા માટેનો દૃઢ સંકલ્પ કર્યો છે તેવા મહાત્માઓને સ્વદેશતુલ્ય અનુકૂળ ક્ષેત્ર પ્રાપ્ત થાય ત્યારે તો સૂખપૂર્વક મોહનાશ માટે અંતરંગ ઉદ્યમ કરે છે જેથી સંયમના કંડકોની વૃદ્ધિ થાય છે પરંતુ પરદેશતુલ્ય કોઈક પ્રતિકૂળ ક્ષેત્ર પ્રાપ્ત થાય તોપણ તે ધીરપુરુષો તે પ્રતિકૂળ ક્ષેત્રમાં પણ ભાવવૃદ્ધિને અનુકૂળ શું ઉચિત છે તેનો નિર્ણય કરીને મહાધૈર્યપૂર્વક અસંગભાવની વૃદ્ધિને અનુકૂળ તત્ત્વથી આત્માને ભાવિત કરવા યત્ન કરે છે. તેથી મોહનાશરૂપ કાર્યમાં તેઓનું સત્ત્વ લેશપણ ચલાયમાન થતું નથી અને જેઓ કાંઈક આરાધક છે તેથી અનુકૂળ ક્ષેત્રમાં સુખપૂર્વક સંયમના કંડકોની વૃદ્ધિ માટે યત્ન કરી શકે છે છતાં તેવું વિશિષ્ટ સત્ત્વ પ્રગટ થયું નથી તેથી પ્રતિકૂળ સંયોગોમાં તેઓનું સત્ત્વ કાંઈક સ્ખલના પામે છે. પરંતુ સૂક્ષ્મ પ્રજ્ઞાવાળા અને અત્યંત માર્ગાનુસારી બુદ્ધિવાળા ધીરપુરુષો તો પ્રતિકૂળ ક્ષેત્રમાં પણ પોતાના કાર્યની નિષ્પત્તિમાં લેશપણ ચલાયમાન થતા નથી. આ રીતે ક્ષેત્રનું દૃષ્ટાંત ભાવન કરીને સાધુએ કે શ્રાવકે સદા વર્તમાનના પ્રતિકૂળ ક્ષેત્રમાં પણ પોતાનું હિત સાધનારું સદ્વીર્ય નાશ ન પામે તે પ્રકારે યત્ન કરવો જોઈએ. **॥૬૬૮॥**

**ગાથા :-**

**कालोवि य दुब्भिक्खाइलक्खणो ण खलु दाणसूराण ।**
**भेदइ आसयरयणं अवि अहिगयरं विसोहेइ ।।६६९।।३।।**

**અન્વયાર્થ :-**

**दुब्भिक्खाइलक्खणो कालोवि य=અને દુર્ભિક્ષાદિ સ્વરૂપ કાળ પણ, दाणसूराण आसयरयणं ण खलु भेदइ=ધનસૂરોના આશયરત્નનો ભેદ કરતો નથી. अवि अहिगयरं विसोहेइ=પરંતુ અધિકતર વિશોધિ કરે છે. ॥૬૬૯॥**

**ગાથાર્થ :-**

**અને દુર્ભિક્ષાદિ સ્વરૂપ કાળ પણ ધનસૂરોના આશયરત્નનો ભેદ કરતો નથી. પરંતુ અધિકતર વિશોધિ કરે છે. ॥૬૬૯॥**

**ટીકા :-**

**कालोऽपि च दुर्भिक्षादिलक्षणः । इह दुःशब्द ईषदर्थः । ततो भिक्षुकलोकस्य भिक्षाणामीषल्लाभो यत्र तद्दुर्भिक्षम् । आदिशब्दाद् राजकराक्रान्त्यादिशेषदौःस्थ्यग्रहः । ततो दुर्भिक्षादयो लक्षणं यस्य स तथा, नैव दानशूराणाम्, इह त्रिधा शूरः-दानशूरः, सङ्ग्रामशूरः तपःशूरश्च । तत्र दानशूर उत्तरा-**

**शाधिपतिः कुबेरादिः । सङ्ग्रामशूरो वासुदेवादिः । तपःशूरो दृढप्रहारादिः । तत इतरद्वयपरिहारेण दानशूराणाम् । भिनत्ति चालयत्याशयरत्नमौदार्यातिरेकलक्षणम् । अपिचेति समुच्चये । अधिकतरं सविशेषं शोधयति समुत्कर्षयति । यथा कस्यचित् समुत्कटमन्मथस्य भोगार्हदिव्यकामिनीसम्प्राप्तौ तद्विकाराः सुदूरमनिवाराः समुज्जृभन्ते, तथा दानशूराणां समंततः समुपस्थितयाचकलोकं कालमवलोक्य सविशेषदानपरायणता जायत इति ।।६६९।।३।।**

**ભાવાર્થ :-**

જે સાધુઓ સંસારના વાસ્તવિક સ્વરૂપનું અત્યંત ભાવન કરીને મોક્ષ સાથે બદ્ધચિત્તવાળા છે તેવા સાધુઓને વર્તમાનનો કાળ અત્યંત વિષમ છે. તેથી તીર્થંકરાદિનો યોગ નથી અને જીવો પ્રમાદબહુલ છે તે સર્વ પણ બાધક થતા નથી. જેમ દાનશૂરને દુર્ભિક્ષકાળમાં પણ અન્યની આપત્તિઓના નિવારણનો પરિણામ લેશપણ અન્યથા થતો નથી તેમ સુસાધુને અસંગભાવ માટે અંતરંગ યત્ન કરવામાં પ્રતિકૂળ કાળ કે તીર્થંકરાદિ ઉત્તમ પુરુષોનો અભાવ બહુલતાએ સ્ખલના કરવાનું કારણ બનતું નથી; કેમ કે તેમને સ્થિર વિશ્વાસ છે કે શક્તિના પ્રકર્ષથી અપ્રમાદભાવપૂર્વક અસંગભાવને અનુકૂળ કરાયેલો યત્ન જ સંસારને પરિમિત કરવાનું એક કારણ છે તેથી સુંદર કાળમાં જો તેવો યત્ન ન કરવામાં આવે તો તે કાળમાત્ર સંસાર ઉચ્છેદનું કારણ બનતો નથી. તેથી મહાધીરતાપૂર્વક વિષમ કાળની અવગણના કરીને પણ તે મહાત્માઓ અંતરંગ રીતે અપ્રમાદની વૃદ્ધિ કરીને સંસાર પરિમિત કરે છે. **॥૬૬૯॥**

**અવતરણિકા :-**

**इत्थं द्रव्यादयो लोकेऽपि शोभनभावविघ्नकरा न भवन्तीति प्रसाध्य प्रस्तुते योजयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે દ્રવ્યાદિ લોકમાં પણ=લોકમાં વર્તતા ધીરપુરુષોને પણ, શોભનભાવને વિઘ્ન કરનારા બનતા નથી. એ પ્રમાણે બતાવીને પ્રસ્તુતમાં=ધીર એવા સુસાધુમાં, યોજન કરતાં કહે છે –**

**ગાથા :-**

**एवं चिय भव्वस्सवि चरित्तिणो णहि महाणुभावस्स ।**
**सुहसामायारिगओ भावो परियत्तइ कयाइ ।।६७०।।**

**અન્વયાર્થ :-**

**एवं चिय=આ રીતે જ, भव्वस्सवि महाणुभावस्स चरित्तिणो=ભવ્ય પણ મહાનુભાવી એવા ચારિત્રીનો, सुहसामायारिगओ भावो=શુભ સામાચારીગત ભાવ, कयाइ णहि परियत्तइ=ક્યારેય પણ પરિવર્તન પામતો નથી. ॥૬૭૦॥**

**ગાથાર્થ :-**

**આ રીતે જ ભવ્ય પણ મહાનુભાવી એવા ચારિત્રીનો શુભ સામાચારીગત ભાવ ક્યારેય પણ પરિવર્તન પામતો નથી. ।।૬૭૦।।**

**ટીકા :-**

**एवमेव काण्डलगनादाविव सुभटानां भव्यस्योक्तनिरुक्तस्य, किं पुनः सुभटादीनां स्वकार्यसिद्ध्यर्थमुपस्थितानामित्यपिशब्दार्थः, चारित्रिणः सम्पन्नचारित्रमोहदृढक्षयोपशमस्य न हि नैव महानुभावस्य प्रशस्तसामर्थ्यस्य शुभसामाचारीगतः प्रत्युपेक्षणाप्रमार्जनादिविषयो भाव उत्साहलक्षणः परिवर्त्तते विपरिणमते कदाचिद् दुर्भिक्षादावपि, तस्यात्यन्तशुभसामाचारीप्रियत्वेनान्यत्र प्रतिबन्धाभावात् ।।६७०।।**

**ભાવાર્થ :-**

જે રીતે પ્રતિકૂળ દ્રવ્યક્ષેત્રકાળ ધીરપુરુષોને પરિણામના પરિવર્તનનું કારણ નથી તેમ જે સાધુ મોક્ષમાં જવાને માટે આસન્નભવ્ય છે, ભાવથી ચારિત્રના પરિણામને સ્પર્શેલા છે અને શુદ્ધ સામાચારીનું શક્તિના પ્રકર્ષથી પાલન જ મોહના નાશનું કારણ છે તેવા સ્થિર નિર્ણયવાળા છે એવા મહાત્માને બાહ્ય નિમિત્તરૂપ દ્રવ્ય, બાહ્ય નિમિત્તરૂપ ક્ષેત્ર અને બાહ્ય નિમિત્તરૂપ કાળ વિપરીત મળે તોપણ અંતરંગ બોધમાં લેશ પણ મ્લાનિ થતી નથી અને સમ્યગ્ બોધ શક્તિ અનુસાર સમ્યગ્ હિતમાં પ્રવૃત્તિ કરાવે છે તેથી તે મહાત્માઓ પોતાની શક્તિને ગોપવ્યા વગર શુદ્ધ સામાચારીનું તે રીતે દૃઢ યત્નથી પાલન કરે છે જેથી ગુણસ્થાનકની વૃદ્ધિનો પરિણામ લેશ પણ સ્ખલના પામતો નથી. તેથી કલ્યાણના અર્થી સાધુએ તેવા સાત્ત્વિક પુરુષોનાં દૃષ્ટાંતનું ભાવન કરીને સદા સ્થિર બુદ્ધિ કરવી જોઈએ કે 'સર્વજ્ઞકથિત શુદ્ધ સામાચારી અત્યંત અપ્રમાદથી શક્તિ અનુસાર સેવવામાં આવે તો વિપરીત દ્રવ્યાદિને કારણે ક્વચિદ્ બાહ્યથી કાંઈક ત્રુટિત થાય તોપણ અંતરંગ અપ્રમાદના બળથી ગુણસ્થાનકની વૃદ્ધિ અવશ્ય થાય' અને તે રીતે ઉત્તમ પુરુષોનાં દૃષ્ટાંતના ભાવનથી જેઓ વર્તમાનના વિષમ કાળમાં પણ અને વિષમ સંયોગમાં પણ યત્ન કરે છે તેઓ સુખપૂર્વક અશુભ અનુબંધનો છેદ કરીને સંસાર પરિમિત કરે છે. **।।૬૭૦।।**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**ભાવાર્થ :-**

પ્રતિકૂળ દ્રવ્યાદિમાં મહાત્માઓને શુભ સામાચારીગત ભાવ પરિવર્તન પામતો નથી અર્થાત્ બાહ્ય આચરણારૂપ શુભ સામાચારીનું પાલન અશક્ય હોય તોપણ તેને સેવવા પ્રત્યેનો તીવ્ર રાગ નાશ પામતો નથી તેને બતાવવા અર્થે 'તથા'થી સમુચ્ચય કરે છે –

ગાથા :-

**भोयणरसण्णुणोऽणुवहयस्स णोऽसाउभोइणोवि तहा ।**
**साउम्मि पक्खवाओ किरियावि ण जायइ कयाइ ।।६७१।।**

**અન્વયાર્થ :-**

**तहा=અને, असाउभोइणोवि=અસ્વાદુભોજન કરનારા પણ, भोयणरसण्णुणोऽणुवहयस्स=અનુપહત ભોજનરસના જાણનારને=અનુપહત ઈન્દ્રિયવાળા ભોજનરસના જાણનારને, साउम्मि=સ્વાદુભોજનમાં, पक्खवाओ=પક્ષપાત, णो किरियावि कयाइ ण जायइ=અથવા ક્રિયા પણ ક્યારેય નથી એમ નહીં અર્થાત્ થાય જ છે. ।।૬૭૧।।**

**ગાથાર્થ :-**

**અને અસ્વાદુભોજન કરનારા પણ અનુપહત ભોજનરસના જાણનારને=અનુપહત ઈન્દ્રિયવાળા ભોજનરસના જાણનારને, સ્વાદુભોજનમાં પક્ષપાત અથવા ક્રિયા પણ ક્યારેય નથી એમ નહીં અર્થાત્ થાય જ છે. ।।૬૭૧।।**

**ટીકા :-**

**भोजनरसज्ञस्य शर्क्करासंमिश्रहविःपूर्णादिभोजनास्वादविदः पुरुषस्यानुपहतस्य धातुक्षोभविकलस्य नो नैव अस्वादुभोजिनोऽपि तथाविधकष्टप्रघट्टकवशाच्चिरपर्युषितवल्लचणकादिभोजनवतोऽपि, तथेति दृष्टान्तान्तरसमुच्चयार्थः, स्वादुनि उक्तरूपे एव भोजने पक्षपातो लौल्यातिरेकाद् निरंतरं बहुमानः क्रिया वा कथञ्चित् पुनरपि तत्प्राप्तिहेतुश्चेष्टा न जायते कदाचित्, किन्तु जायत एव ।।६७१।।**

**ભાવાર્થ :-**

જેમ કોઈકની ઇન્દ્રિય અનુપહત હોય અને ભોજનરસને જાણનાર હોય આમ છતાં સુંદર ભોજનને અનુકૂળ સંયોગ ન હોય તો સામાન્ય ભોજન કરતો હોય છતાં સુંદર ભોજનના અર્થી જીવને સુંદર ભોજનમાં પક્ષપાત હંમેશાં વર્તે છે. ક્યારેક સંયોગ મળે તો સુંદર ભોજનની પ્રાપ્તિના કારણભૂત ચેષ્ટા પણ થાય છે તેમ જે મહાત્માને જીવની સુંદર અવસ્થા મોક્ષ જણાય છે, તેની પ્રાપ્તિને અનુકૂળ અસંગ ચિત્ત જ સાર જણાય છે અને તેના ઉપાયભૂત શુદ્ધ સામાચારીનું પાલન છે તેવો સ્થિર નિર્ણય છે છતાં વિષમ દ્રવ્યાદિને કારણે જે પ્રકારે શુદ્ધ આચારનું પાલન શાસ્ત્રમાં વિહિત છે તે પ્રકારે પોતે કરી શકે તેમ નથી તોપણ તે મહાત્મા હંમેશાં સર્વજ્ઞએ કહેલા તે આચારોને તે રીતે સ્મરણમાં લાવે છે અને શુદ્ધ આચારોના ઉત્કટ રાગપૂર્વક સંયોગાનુસાર ત્રુટિત પણ તે આચારો સેવે છે તોપણ શુદ્ધ આચારના પાલનના રાગને કારણે ત્રુટિત આચાર પણ શુદ્ધ આચારના પાલનજન્ય ફળની પ્રાપ્તિનું કારણ બને છે.

જેમ નવકલ્પી વિહાર કરીને ક્ષેત્રના પ્રતિબંધના પરિહારના અર્થી સાધુ ક્ષીણ જંઘાબળવાળા થાય ત્યારે

સંથારો પરાવર્તન કરીને પણ ક્ષેત્રના પ્રતિબંધના પરિહાર માટે અંતરંગ ઉદ્યમ કરે છે તેથી શુદ્ધ આચારના પાલનના ફળને પ્રાપ્ત કરે છે અને જેઓ નવકલ્પી વિહાર કરતા હોય છતાં શુદ્ધ આચારના ફળને જાણતા નથી તેઓ બાહ્યથી નવકલ્પી વિહાર કરતા હોય તો પણ તે તે અનુકૂળ-પ્રતિકૂળ ક્ષેત્ર અનુસાર ક્ષેત્રના પ્રતિબંધને કરીને ઉચિત ક્રિયાના ફળને પામતા નથી. વળી, શુદ્ધ આચારમાં પક્ષપાતવાળા અને શક્તિ અનુસાર તેને સેવનારા સાધુને વિપરીત દ્રવ્યાદિમાં પણ શુદ્ધ સામાચારીનો ભાવ પરિવર્તન થતો નથી તેથી શુદ્ધ સામાચારીના ફળને પ્રાપ્ત કરે છે. **॥૬૭૧॥**

**ગાથા :-**

**एवं सज्झायाइसु तेसिमजोगे वि कहवि चरणवओ ।**
**णो पक्खवायकिरिया उ अण्णहा संपयट्टंति ।।६७२।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે=ગાથા-૬૭૧માં ભોજનના રસના પક્ષપાતી જીવનું દૃષ્ટાંત આપ્યું એ રીતે, चरणवओ=ચારિત્રવાળાને, कहवि=કોઈક રીતે, तेसिमजोगे वि=તેના અયોગમાં પણ=વિષમ સંયોગને કારણે સ્વાધ્યાયાદિના અયોગમાં પણ, सज्झायाइसु=સ્વાધ્યાયાદિમાં, पक्खवायकिरिया उ=પક્ષપાત અને (શક્તિ અનુસાર) ક્રિયા, अण्णहा णो संपयट्टंति=અન્યથા સંપ્રવર્તતી નથી. ।।૬૭૨।।**

**ગાથાર્થ :-**

**આ રીતે=ગાથા-૬૭૧માં ભોજનના રસના પક્ષપાતી જીવનું દૃષ્ટાંત આપ્યું એ રીતે, ચારિત્રવાળાને કોઈક રીતે તેના અયોગમાં પણ=વિષમ સંયોગને કારણે સ્વાધ્યાયાદિના અયોગમાં પણ, સ્વાધ્યાયાદિમાં પક્ષપાત અને શક્તિ અનુસાર ક્રિયા અન્યથા સંપ્રવર્તતી નથી. ।।૬૭૨।।**

**ટીકા :-**

**एवं स्वादुभोजने इव तद्रसविदः स्वाध्यायादिषु स्वाध्याये वाचनादिरूपे, आदिशब्दाद् ध्यानविनय-मौनादिषु च साधुसमाचारेषु, तेषां स्वाध्यायादीनामयोगेऽपि अघटनेऽपि कथमपि द्रव्यादिव्यसनोप-निपातलक्षणेन केनापि प्रकारेण चरणवतो जीवस्य नो नैव पक्षपातक्रिये तु, पक्षपातश्च बहुमानः क्रिया च यथाशक्त्यनुष्ठानम्, अन्यथा विपरीतरूपतया सम्प्रवर्त्तेते ।।६७२।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓને સ્પષ્ટ નિર્ણય છે કે સ્વાધ્યાયાદિ ઉચિત યોગો દ્વારા જીવ ચારિત્રની પરિણતિની વૃદ્ધિ કરી શકે છે તેથી સંયમ ગ્રહણ કર્યા પછી કોઈ વિષમ સંયોગને કારણે તે પ્રકારના ઉપદેશકાદિના અભાવને કારણે કે ક્ષેત્રાદિની પ્રતિકૂળતાને કારણે સાક્ષાત્ સ્વાધ્યાયાદિ યોગમાં યત્ન ન થાય તોપણ તે મહાત્માને 'હું સ્વાધ્યાય કરીને જિનવચનથી ભાવિત થાઉં જેથી મારો અસંગભાવ વધે' તે પ્રકારનું સ્મરણ સતત રહે છે

અને પોતાના સંયોગ અનુસાર તે પ્રકારની ક્રિયા પણ તે મહાત્મા અવશ્ય કરે છે. તેથી ક્યારેય પણ તે મહાત્મા વિષમ સંયોગને કારણે સ્વાધ્યાયાદિની પ્રવૃત્તિ છોડીને અન્ય અન્ય નિરર્થક પ્રવૃત્તિઓ કરવા દ્વારા પોતાના સંયમના પરિણામનો નાશ કરતા નથી પરંતુ સ્વાધ્યાયાદિ પ્રત્યેનો દૃઢ પક્ષપાત હોવાના કારણે નવા અધ્યયનની સામગ્રી ન હોય તો જે સૂત્રો કે અર્થો પોતે જાણે છે તેનાથી પણ આત્માને ભાવિત કરીને અસંગભાવમાં જવા માટે સદા યત્ન કરે છે તેથી તેઓનો ચારિત્રનો પરિણામ વિષમ સંયોગમાં પણ નાશ પામતો નથી, પરંતુ અપ્રમાદની વૃદ્ધિ કરે છે.

વળી, કેટલાક જીવો નિમિત્તવાસી હોય છે તેથી તેઓને સ્વાધ્યાયાદિનું નિમિત્ત મળે તો ચારિત્રના પરિણામને પ્રગટ કરી શકે તેવા છે અને તેવા વિષમ સંયોગમાં સ્વાધ્યાયાદિ છોડીને અન્ય અન્ય પ્રવૃત્તિ કરે તો તે પ્રવૃત્તિ અનુસાર તે પ્રકારના ભાવો કરીને ચારિત્રનો નાશ પણ કરે છે. માટે કલ્યાણના અર્થી જીવે સ્વાધ્યાયાદિ ક્રિયાઓ કઈ રીતે ચારિત્રના પરિણામને અતિશયિત કરીને મોક્ષનું કારણ છે તેનું સૂક્ષ્મ આલોચન કરીને સદા શુદ્ધ ક્રિયાનો પક્ષપાત ધારણ કરવો જોઈએ અને શક્તિ અનુસાર સ્વાધ્યાયાદિની ક્રિયા પણ કરવી જોઈએ જેથી ચારિત્રનો પરિણામ ક્યારેય પરાવર્તન પામે નહીં. **II૬૭૨II**

**અવતરણિકા :-**

**अथ प्रसंगत एव प्रस्तुतकालमधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે પ્રસંગથી જ પ્રસ્તુત કાળને આશ્રયીને=દુઃષમાકાળના દોષને આશ્રયીને, કહે છે=દુઃષમાકાળમાં કેવા યત્નવાળા સાધુઓ દુઃષમાકાળના દોષમાં પણ ભાવથી ચારિત્રી છે તે સ્પષ્ટ કરતાં કહે છે –**

**ગાથા :-**

**तम्हा उ दुस्समाएवि चरित्तिणोऽसग्गहाइपरिहीणा ।**
**पण्णवणिज्जा सद्धा खंताइजुया य विण्णेया ।।६७३।।**

**અન્વયાર્થ :-**

**तम्हा उ=તે કારણથી જ=ભાવથી ચારિત્રપરિણામવાળાને દ્રવ્યાદિની આપત્તિમાં પણ ચારિત્રનો પરિણામ પરાવર્તન પામતો નથી તે કારણથી જ, दुस्सामाएवि=દુઃષમાકાળમાં પણ=જે કાળમાં અસમંજસ આચાર વિપુલ પ્રમાણમાં વર્તે છે તેવા દુઃષમાકાળમાં પણ, असग्गहाइपरिहीणा=અસદ્ગ્રહાદિથી પરિહીન=ભગવાનના વચનમાં જ એક રાગવાળા, पण्णवणिज्जा=પ્રજ્ઞાપનીય=અનાભોગાદિથી વિપરીત પ્રવૃત્તિ થતી હોય તોપણ સંવિગ્ન ગીતાર્થો દ્વારા સુખપૂર્વક માર્ગમાં લાવી શકાય તેવા, सद्धा=શ્રદ્ધાવાળા= ભગવાનના વચનાનુસાર કરાયેલી પ્રવૃત્તિ અનુસાર ઉત્તરોત્તર અનુષ્ઠાન કરવાની ઈચ્છાવાળા, खंताइजुया य=અને ક્ષમાદિ યુક્ત, चरित्तिणो विण्णेया=ચારિત્રી જાણવા. II૬૭૩II**

**ગાથાર્થ :-**

**તે કારણથી જ=ભાવથી ચારિત્રપરિણામવાળાને દ્રવ્યાદિની આપત્તિમાં પણ ચારિત્રનો પરિણામ પરાવર્તન પામતો નથી તે કારણથી જ, દુઃષમાકાળમાં પણ=જે કાળમાં અસમંજસ આચાર વિપુલ પ્રમાણમાં વર્તે છે તેવા દુઃષમાકાળમાં પણ, અસદ્ગ્રહાદિથી પરિહીન=ભગવાનના વચનમાં જ એક રાગવાળા, પ્રજ્ઞાપનીય=અનાભોગાદિથી વિપરીત પ્રવૃત્તિ થતી હોય તોપણ સંવિગ્ન ગીતાર્થો દ્વારા સુખપૂર્વક માર્ગમાં લાવી શકાય તેવા, શ્રદ્ધાવાળા=ભગવાનના વચનાનુસાર કરાયેલી પ્રવૃત્તિ અનુસાર ઉત્તરોત્તર અનુષ્ઠાન કરવાની ઈચ્છાવાળા, અને ક્ષમાદિ યુક્ત ચારિત્રી જાણવા. ॥૬૭૩॥**

**ટીકા :-**

**यतश्चारित्रिणो द्रव्याद्यापद्यपि न भावः परिवर्त्तते, तस्मादेव दुःषमायामपि प्रस्तुतकाललक्षणायां सर्वतः प्रवृत्तनिरंकुशासमंजससमाचारायामपि, किं पुनः सुषमदुःषमा-दुःषमसुषमालक्षणयोरित्यपि-शब्दार्थः, चारित्रिणो यथायोग्यं सामायिकच्छेदोपस्थापनीयचारित्रवन्तः साधवो विज्ञेया इत्युत्तरेण योगः । कीदृशाः सन्त इत्याह—असद्ग्रहादिपरिहीणा-असन् असुंदरो ग्रहः स्वविकल्पात् तथाविधा-गीतार्थप्रज्ञापकोपदेशाद्वा विपर्यस्तरूपतया कस्यचिच्छास्त्रार्थस्यावधारणमसद्ग्रहः, आदिशब्दात् तत्पूर्व-कयोः प्रज्ञापनानुष्ठानयोर्ग्रहः, तैः परिहीणा विप्रमुक्ताः, अत एव प्रज्ञापनीयाः कुतोऽप्यनाभोगादसद्ग्रहादि-योगेऽपि संविग्नैर्गीतार्थैश्च प्रज्ञापयितुं शक्याः । तथा, श्राद्धा उत्तरोत्तरानुष्ठानचिकीर्षापरिणामवन्तः क्षान्त्यादियुताः क्षमामार्द्दवादिसाधुधर्म्मसमन्विताः । चः समुच्चये । विज्ञेया बोद्धव्या इति ।।६७३।।**

**ભાવાર્થ :-**

દુઃષમાકાળના દોષને કારણે યોગ્ય પણ જીવને વિષમ સામગ્રીના નિમિત્તે પ્રાયઃ ચારિત્રનો પરિણામ ભાવથી સ્પર્શતો નથી. ક્વચિદ્ સ્પર્શેલો હોય તો વિપરીત આચરણાને કારણે નાશ પામે છે આમ છતાં જે મહાત્મા પ્રાજ્ઞ છે, સૂક્ષ્મદૃષ્ટિવાળા છે તેઓને સ્થિર વિશ્વાસ છે કે ભગવાનના વચનાનુસાર દૃઢ યત્નપૂર્વક કરાયેલી પ્રવૃત્તિ ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ છે તેથી સ્વવિકલ્પથી સાધ્વાચારની કલ્પના કરીને સેવવાની વૃત્તિવાળા થતા નથી પરંતુ શાસ્ત્રવચનાનુસાર શુદ્ધ આચારોને જાણવા માટે, જાણીને સ્થિર કરવા માટે અને શક્તિ અનુસાર સેવવાના પરિણામવાળા થાય છે તેથી અસદ્ગ્રહાદિ ભાવોથી સુસાધુ પરિહીન છે=અસદ્ગ્રહાદિ ભાવો વગરના છે.

વળી, પ્રજ્ઞાપનીય છે=કોઈક સ્થાને મતિના દૌર્બલ્યને કારણે શાસ્ત્રવચનોનો વિપરીત બોધ થયો હોય તોપણ સંવિગ્ન ગીતાર્થ સાધુઓથી તેઓ સુખપૂર્વક સમજાવી શકાય તેવા છે. વળી, પોતાની ભૂમિકા કરતાં ઉપર ઉપરની ભૂમિકાને પ્રાપ્ત કરવાની બળવાન ઇચ્છાવાળા છે અને હંમેશાં ક્ષમા-માર્દવ આદિ દશ પ્રકારના સાધુધર્મનું ભાવન કરીને તેનાથી વાસિત અંતઃકરણવાળા છે તેથી જેઓના કષાયો સતત ક્ષીણ-ક્ષીણતર થાય છે તેવા મહાત્માઓ વિપરીત કાળમાં પણ ચારિત્રી છે તેમ જાણવું. **॥૬૭૩॥**

**અવતરણિકા :-**

**अथासद्ग्रहपरिहाणावेव चारित्रिणो भवन्तीति समर्थयन्नाह —**

**અવતરણિકાર્થ :-**

**હવે અસદ્ગ્રહની પરિહાનિમાં જ ચારિત્રીઓ હોય છે એનું સમર્થન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**णाणम्मि दंसणम्मि य सइ चरणं जं तओ ण एयम्मि ।**
**णियमा णसग्गहाइ हवंति भववद्धणा घोरा ।।६७४।।**

**અન્વયાર્થ :-**

**जं=જે કારણથી, णाणम्मि दंसणम्मि य सइ=જ્ઞાન અને દર્શન હોતે છતે, चरणं=ચારિત્ર છે. तओ=તે કારણથી, एयम्मि=આ હોતે છતે=ચારિત્ર હોતે છતે, णियमा=નિયમથી, भववद्धणा घोरा=ભવની વૃદ્ધિને કરનારા ઘોર=દુર્ગતિના કારણીભૂત એવા ઘોર, णसग्गहाइ ण हवंति=અસદ્ગ્રહાદિ હોતા નથી. ।।૯૭૪।।**

**ગાથાર્થ :-**

**જે કારણથી જ્ઞાન અને દર્શન હોતે છતે ચારિત્ર છે. તે કારણથી આ હોતે છતે=ચારિત્ર હોતે છતે, નિયમથી ભવની વૃદ્ધિને કરનારા ઘોર=દુર્ગતિના કારણીભૂત એવા ઘોર, અસદ્ગ્રહાદિ હોતા નથી. ।।૯૭૪।।**

**ટીકા :-**

**ज्ञाने मतिज्ञानादिलक्षणे, दर्शने च जिनोक्ततत्त्वश्रद्धानलक्षणे सम्यक्त्वे सति विद्यमाने, चरणं चारित्रं यद्यस्मात् सम्पद्यते, ततः कारणाद् न नैवं तस्मिन् चरणे सति नियमादसद्ग्रहादय उक्तलक्षणा भवन्ति भववर्द्धनाः संसारवृद्धिहेतवः । अत एव घोरा नरकगर्त्तादिपातफलाः, तन्मूलबीजमिथ्यात्वह्रासेनैव चारित्रप्राप्तेरिति ।।६७४।।**

**ભાવાર્થ :-**

પદાર્થના વાસ્તવિક સ્વરૂપનો વિચાર કર્યા વગર સ્વમતિ અનુસાર પદાર્થને જોડવા માટેનો યત્ન અસદ્ગ્રહ છે. આથી જ સંસારી જીવો સ્વમતિ અનુસાર ભોગાદિમાં સારબુદ્ધિ કરે છે અને કષાયજન્ય ક્લેશને જોતા નથી કે તત્ત્વની વિચારણા કરતા નથી. તે સર્વ અસદ્ગ્રહોનો વિલાસ છે. આથી જ અસદ્ગ્રહને વશ સંસારી જીવો અનાદિકાળથી ચારગતિની સર્વ વિડંબના પામે છે. કોઈક રીતે અસદ્ગ્રહ મંદ થાય છે ત્યારે જીવ તત્ત્વને સન્મુખ બને છે અને તત્ત્વને સન્મુખ બનેલો જીવ આત્મવંચના કર્યા વગર અતીન્દ્રિય પદાર્થો સર્વજ્ઞના જ્ઞાનનો વિષય છે તેવી સ્થિર બુદ્ધિ કરીને સર્વજ્ઞના વચનાનુસાર તત્ત્વને જાણવા

માટે યત્ન કરે છે અને જેમ જેમ તત્ત્વનો સ્પષ્ટ-સ્પષ્ટતર બોધ થાય છે તેમ તેમ અસદ્ગ્રહ ક્ષીણ-ક્ષીણતર થાય છે. આવા સમ્યગ્દૃષ્ટિ જીવો જિનવચનાનુસાર જ સંસારના સ્વરૂપને જોનારા હોય છે અને જિનવચનાનુસાર જ સંસારના ક્ષયના ઉપાયને જોનારા હોય છે. તેથી તે જીવોમાં સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન વિદ્યમાન હોય છે અને જેઓને જિનવચનાનુસાર સમ્યગ્જ્ઞાન અને સર્વજ્ઞએ કહેલા પદાર્થો જે રીતે ભગવાને કહેલા છે તે રીતે રુચિનો વિષય બને છે તેઓ શક્તિના પ્રકર્ષથી સંસારના ઉચ્છેદ માટે ઉચિત પ્રવૃત્તિ કરનારા છે. વળી, જેઓને સમ્યગ્બોધ અને સમ્યગ્રુચિપૂર્વક ચારિત્રનો પરિણામ પ્રગટ્યો છે તે જીવો સતત અંતરંગ ક્લેશનાશ થાય તે પ્રકારે સર્વ ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે તેથી દુ:ષમાકાળમાં પણ જે જીવો સમ્યક્જ્ઞાન અને સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રની પરિણતિવાળા છે તેઓમાં નિયમથી અસદ્ગ્રહ હોતો નથી; કેમ કે ઘોર એવા નરકાદિમાં પાતના ફળવાળા અને સંસારની વૃદ્ધિના કારણીભૂત એવા અસદ્ગ્રહના પરિણામો છે તેવી સ્થિરબુદ્ધિ હોવાથી તે મહાત્માઓ ક્યારેય સ્વમતિ અનુસાર પદાર્થને યોજન કરવા યત્ન કરતા નથી પરંતુ સર્વજ્ઞના વચનના પરમાર્થને જાણવા માટે સદા યત્ન કરે છે. **॥૬૭૪॥**

**અવતરણિકા :-**

**आह—मा भूवन् चारित्रिणोऽसद्ग्रहादयश्चारित्रघातकाः परिणामाः, परं 'मोक्षः सर्वोपरमः क्रियासु' इति वचनात् सर्वक्रियानिरोधे साधयितुमारब्धे किमर्थं स्वाध्यायादिषु क्रियाविशेषेषु यत्नः कर्त्तव्यतयोपदिष्ट इत्याशंक्याह —**

**અવતરણિકાર્થ :-**

**'आह'થી પ્રશ્ન કરે છે — ચારિત્રીને ચારિત્રના ઘાતક પરિણામરૂપ અસદ્ગ્રહાદિ ન થાઓ પરંતુ 'ક્રિયાઓમાં સર્વ ઉપરમરૂપ મોક્ષ છે' એ પ્રકારનું વચન હોવાના કારણે સર્વ ક્રિયાઓનો નિરોધ સાધવા માટે આરંભ કરાયે છતે સ્વાધ્યાયાદિ ક્રિયાવિશેષમાં યત્ન કર્તવ્યપણાથી કેમ ઉપદિષ્ટ છે ?= ચારિત્ર માટે ઉપદિષ્ટ છે ? એ પ્રકારે આશંકા કરીને કહે છે —**

**ગાથા :-**

**सज्झायाइसु जत्तो चरणविसुद्धत्थमेव एयाणं ।**
**सत्तीए संपयट्टइ ण उ लोइयवत्थुविसओ उ ।।६७५।।**

**અન્વયાર્થ :-**

**चरणविसुद्धत्थमेव=ચરણની વિશુદ્ધિ માટે જ, एयाणं=આમનો=ચારિત્રીઓનો, सत्तीए=શક્તિથી, सज्झायाइसु=સ્વાધ્યાયાદિમાં, जत्तो संपयट्टइ=યત્ન પ્રવર્તે છે. लोइयवत्थुविसओ उ=વળી, લૌકિક વસ્તુ-વિષયવાળો, ण उ=નથી જ=ચારિત્રીનો યત્ન નથી જ. ॥૬૭૫॥**

**ગાથાર્થ :-**

**ચરણની વિશુદ્ધિ માટે જ આમનો=ચારિત્રીઓનો, શક્તિથી સ્વાધ્યાયાદિમાં યત્ન પ્રવર્તે છે. વળી, લૌકિક વસ્તુવિષયવાળો નથી જ=ચારિત્રીનો યત્ન નથી જ. ॥૬૭૫॥**

**ટીકા :-**

**स्वाध्यायादिषूक्तलक्षणेषु यत्न आदरश्चरणविशुद्ध्यर्थमेव चारित्रसंशुद्धिनिमित्तमेवैतेषां चरित्रिणां शक्त्या सामर्थ्यानुरूपं सम्प्रवर्त्तते । यथोक्तम्—'पढमं नाणं तओ दया एवं चिट्ठइ सव्वसंजए । अन्नाणी किं काही किंवा णाही छेयपावयं' न तु नैव लौकिकानि सामान्यलोकोपयोगीनि यानि वस्तूनि हस्तिशिक्षाधनुर्वेदनृत्तगीतादीनि विषयो यस्य स तथा, तुः पुनरर्थः, यत्नः सम्प्रवर्त्तत इति । इदमुक्तं भवति—यः स्वाध्यायादिषु चरित्रिणां चतुष्कालाद्याराधनया यत्नः प्रवर्त्तते पापश्रुतावज्ञातीकरणेन स मोक्षाक्षेपैकहेतोश्चारित्रस्य संशुद्धिनिमित्तमेव । अत एवोक्तम्—'पैशाचिकमाख्यानं श्रुत्वा गोपायनं च कुलवध्वाः । संयमयोगैरात्मा निरन्तरं व्यावृतः कार्यः ।।१।। इति' ।।६७५।।**

**ભાવાર્થ :-**

મોક્ષ સર્વ પ્રકારની ક્રિયાના ઉપરમરૂપ છે તેથી સર્વ ક્રિયાના ઉપરમના અર્થી એવા ચારિત્રી સાધુને તેને અનુરૂપ ચારિત્રની વિશુદ્ધિ આવશ્યક છે; કેમ કે અનાદિકાળથી જીવ બાહ્ય પદાર્થોને આશ્રયીને તે તે મન-વચન-કાયાની ક્રિયાઓ કરવામાં વ્યાપારવાળો છે અને તે ભાવો અત્યંત સ્થિર થયેલા છે અને ચારિત્રી અનાદિના સ્થિર થયેલા બાહ્ય પદાર્થોવિષયક ભાવોના ઉન્મૂલનના અત્યંત અર્થી છે આથી જ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થઈને તે ગુપ્તિના પરિણામના અતિશયના ઉપાયરૂપ સ્વાધ્યાયાદિમાં શક્તિ અનુસાર યત્ન કરે છે. તેથી જેમ જેમ સ્વાધ્યાયાદિમાં યત્ન કરે છે તેમ ક્ષયોપશમભાવરૂપ ગુપ્તિનો પરિણામ અતિશય-અતિશયતર થાય છે અને તે ગુપ્તિના પરિણામના અતિશયથી કષાયોનું ઉન્મૂલન કરીને વીતરાગભાવમાં વિશ્રાંત થાય છે ત્યારે ભાવથી સર્વ બાહ્ય ક્રિયાઓમાં ઉપરમની પ્રાપ્તિ થાય છે અને યોગનિરોધ કરે છે ત્યારે યોગને આશ્રયીને પણ સર્વ ક્રિયાનો ઉપરમ થાય છે, માટે સર્વ ક્રિયાઓના ઉપરમના ઉપાયરૂપે સ્વાધ્યાયાદિ ક્રિયામાં સાધુ યત્ન કરે છે પરંતુ લૌકિક વસ્તુવિષયક ક્રિયાઓમાં સાધુ યત્ન કરતા નથી અને લૌકિક વસ્તુવિષયક ક્રિયાઓ જ મોક્ષની વિરોધી છે તેથી તે ક્રિયાઓના ઉચ્છેદના અર્થી એવા સાધુ તેના ઉપાયભૂત સ્વાધ્યાયમાં યત્ન કરીને લૌકિક વસ્તુવિષયક જે ક્રિયાઓ અનાદિથી પ્રવર્તે છે તેને જ શાંત કરીને તે લૌકિક વસ્તુવિષયક ક્રિયાની શક્તિને ક્ષીણ કરવા અર્થે સ્વાધ્યાયાદિમાં યત્ન કરે છે તેથી સર્વ ક્રિયાના અભાવરૂપ મોક્ષ પ્રત્યે સ્વાધ્યાયાદિ ક્રિયાવિશેષનો કોઈ વિરોધ નથી. **॥૬૭૫॥**

**અવતરણિકા :-**

**अस्यां च सत्यां यत्स्यात्तद्दर्शयति —**

**અવતરણિકાર્થ :-**

આ હોતે છતે=સ્વાધ્યાયાદિ દ્વારા ચરણની વિશુદ્ધિ થયે છતે, જે થાય તેને બતાવે છે –

**ગાથા :-**

**तत्तो उ पइदिणं चिय सण्णाणविवड्ढणाए एएसिं ।**
**कल्लाणपरंपरओ गुरुलाघवभावणाणाओ ।।६७६।।**

**અન્વયાર્થ :-**

तत्तो उ=અને તેથી=સ્વાધ્યાયાદિના સેવનથી થયેલી ચારિત્રની વિશુદ્ધિથી, एएसिं=આમને=ચારિત્રવાળા મહાત્માઓને, पइदिणं चिय=પ્રતિદિન જ, सण्णाणविवड्ढणाए=સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિના કારણે, गुरुलाघवभाव-णाणाओ=ગુરુલાઘવના ભાવનું જ્ઞાન થવાથી, कल्लाणपरंपरओ=કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે. ।।૬૭૬।।

**ગાથાર્થ :-**

**અને તેથી=સ્વાધ્યાયાદિના સેવનથી થયેલી ચારિત્રની વિશુદ્ધિથી, આમને=ચારિત્રવાળા મહાત્માઓને પ્રતિદિન જ સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિના કારણે ગુરુલાઘવના ભાવનું જ્ઞાન થવાથી કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે. ।।૬૭૬।।**

**ટીકા :-**

**ततश्चरणशुद्धेःस्वाध्यायादिसंयोगापादितायाः सकाशात् प्रतिदिनमेव संज्ञानविवर्द्धनया संज्ञानस्य मार्ग्गानुसारिणो रागादिवध्यपटहभूतस्य सुरलोकसौधाध्यारोहसोपानसमस्य श्रुतज्ञानलक्षणस्य या विवर्द्धना विशिष्टा वृद्धिस्तया, एतेषां चरित्रवतां किमित्याह—कल्याणपरंपरको भद्रभावपरम्परारूपः सम्पद्यते । कुत इत्याह—गुरुलाघवभावज्ञानाद् गुरुर्भूयान् लघुश्च तद्विपरीतो गुरुलघू तयोर्भावो गुरुलाघवं तेन गुणदोषावपेक्ष्य भावानामुत्सर्ग्गापवादप्रवृत्तिरूपाणां यज्ज्ञानमवबोधस्तस्मात् । इदमुक्तं भवति—ते हि शुद्धचारित्रतया प्रतिदिनं संज्ञानवृद्धौ सत्यां सर्वप्रवृत्तिषु गुणानां दोषाणां यथासंभवं गुरुत्वं लघुत्वं चावलोकमाना गुणगौरवपक्षाश्रयेणैव प्रवर्त्तन्ते । ततोऽस्खलितप्रसरां कल्याणपरम्परामवाप्य परमपदभाजो जायन्त इति ।।६७६।।**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં કહ્યું કે ચારિત્રવાળા મહાત્માઓ ચારિત્રની વિશુદ્ધિ માટે સ્વાધ્યાયાદિમાં યત્ન કરે છે તેથી હવે સ્વાધ્યાયાદિથી કઈ રીતે ચારિત્રની વિશુદ્ધિ થાય છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે.

કોઈ મહાત્મા સંસારથી વિરક્ત થયેલા હોય તેથી સાંસારિક ભોગાદિવિષયક પ્રવૃત્તિમાં યત્ન કરતા નથી તોપણ અનાદિના ભોગાદિવિષયક પ્રયત્નના સંસ્કારો આત્મામાંથી નષ્ટ થયા નથી તેથી ચારિત્રના કાળમાં

ચિત્ત ભોગાદિથી નિવૃત્ત થઈને આત્માના નિરાકુળ સ્વભાવમાં પ્રવર્તતું હોય તોપણ જે જે અંશથી ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ છે તેટલી નિરાકુળતા પ્રાપ્ત થાય છે અને જે જે અંશથી મોહના સંસ્કારો ચિત્તની ભૂમિમાંથી નષ્ટ થયા નથી તે તે અંશથી ચારિત્રનો ક્ષયોપશમભાવ અપકર્ષવાળો છે અને અપકર્ષવાળા ચારિત્રના ક્ષયોપશમને ઉત્કર્ષવાળો કરવા માટે મહાત્માઓ સ્વાધ્યાયાદિમાં સતત યત્ન કરે છે જેના કારણે સર્વજ્ઞના વચનથી વાસિત થયેલું ચિત્ત અધિક અધિક વીતરાગભાવને આસન્ન-આસન્નતર થાય છે તેથી ચરણવિશુદ્ધિપૂર્વક શ્રુતજ્ઞાનની વૃદ્ધિથી ચારિત્રીઓના ચારિત્રના પરિણામની જ ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે; કેમ કે તે મહાત્માઓ શ્રુતના સૂક્ષ્મ બોધને કારણે કઈ પ્રવૃત્તિથી વીતરાગતાને અધિક આસન્ન ચિત્ત થશે તેના ગુરુલાઘવભાવનો નિર્ણય કરીને જે પ્રવૃત્તિથી અધિક કષાયોનું ઉન્મૂલન થાય તે પ્રકારની ઉચિત પ્રવૃત્તિ કરીને ચારિત્રના કંડકોની વૃદ્ધિ કરી શકે છે તેથી જેઓ માત્ર શ્રુતઅધ્યયનની ક્રિયા કરે છે કે અન્ય ચારિત્રની ક્રિયાઓ કરે છે તેનાથી તેઓને કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થતી નથી પરંતુ શ્રુતજ્ઞાન કઈ રીતે સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ કરાવીને સંયમના કંડકોની વૃદ્ધિનું એક કારણ છે તે પ્રકારના રહસ્યને સ્પર્શે તે રીતે ચારિત્રી શ્રુતનું અધ્યયન કરે છે, યથાર્થ બોધ કર્યા પછી તે શ્રુતનાં વચનોથી આત્માને અત્યંત ભાવિત કરે છે અને તે શ્રુતવચનાનુસાર કઈ પ્રવૃત્તિ કરવાથી અધિક અસંગભાવ આવે છે અને કઈ પ્રવૃત્તિ કરવાથી અલ્પ અસંગભાવ આવે છે તે પ્રકારના ગુરુલાઘવનો નિર્ણય કરીને જેનાથી અધિક અસંગ શક્તિ પ્રાપ્ત થાય તે પ્રકારે યત્ન કરે છે તેઓ કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે, માટે મોક્ષમાં સર્વ ક્રિયાનો ઉપરમ હોવા છતાં શ્રુતઅધ્યયનની ક્રિયા મોહના ઉપરમ દ્વારા કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરાવીને સર્વ ક્રિયાના ઉપરમરૂપ યોગનિરોધ પ્રત્યે પરંપરાએ કારણ હોવાથી મોક્ષના અર્થી એવા મહાત્માઓ સ્વાધ્યાયાદિ ક્રિયાવિશેષમાં યત્ન કરે છે એમ ગાથા-૬૭૫ની અવતરણિકા સાથે પ્રસ્તુત ગાથાનું યોજન કરવું. **॥૬૭૬॥**

**અવતરણિકા :-**

**अथासद्ग्रहफलं बिभणिषुराह —**

**અવતરણિકાર્થ :-**

**હવે અસદ્ગ્રહના ફળને કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે —**

**ગાથા :-**

**एयमिह अयाणंता असग्गहा तुच्छबज्झजोगम्मि ।**
**णिरया पहाणजोगं चयंति गुरुकम्मदोसेण ।।६७७।।**

**અન્વયાર્થ :-**

**इह=અહીં=ધર્મની પ્રવૃત્તિના વિષયમાં, एयं अयाणंता=આને નહીં જાણતા=ગુરુલાઘવને નહીં જાણતા એવા, असग्गहा=અસદ્ગ્રહવાળા જીવો, तुच्छबज्झजोगम्मि णिरया=તુચ્છ બાહ્ય યોગમાં નિરત, गुरुकम्मदोसेण= ગુરુકર્મના દોષથી, पहाणजोगं चयंति=પ્રધાન યોગનો ત્યાગ કરે છે. ॥૬૭૭॥**

**ગાથાર્થ :-**

**અહીં=ધર્મની પ્રવૃત્તિના વિષયમાં, આને નહીં જાણતા=ગુરુલાઘવને નહીં જાણતા એવા, અસદ્-ગ્રહવાળા જીવો તુચ્છ બાહ્ય યોગમાં નિરત ગુરુકર્મના દોષથી પ્રધાન યોગનો ત્યાગ કરે છે. ॥૬૭૭॥**

**ટીકા :-**

**एतद्गुरुलाघवमिह धर्मप्रवृत्तिष्वजानन्तोऽनवबुद्ध्यमाना असद्ग्रहा मिथ्याभिनिवेशवन्तः केचित् स्वबुद्धिकल्पनया धर्ममाचरन्तोऽपि तुच्छबाह्ययोगे-तुच्छोऽत्यल्पकर्मनिर्जरो बाह्यो यथावत्परमगुरुवचनो-पयोगशून्यतया शरीरव्यापारमात्ररूपो यो योगोऽनुष्ठानं तत्र, निरता अत्यन्तबद्धादराः प्रधानयोगं गुरुकुलवासादिरूपं त्यजन्ति मुञ्चन्ति । केनेत्याह—गुरुकर्मदोषेण गुरोर्मिथ्यात्वमोहादेः कर्म्मणो विपाकप्राप्तस्य यो दोषस्तेन ।।६७७।।**

**ભાવાર્થ :-**

કેટલાક મહાત્માઓ કલ્યાણના અર્થે ધર્મમાં પ્રવૃત્તિ કરે છે છતાં કઈ પ્રવૃત્તિથી હિતની પરંપરા થશે અને કઈ પ્રવૃત્તિથી હિતની પરંપરાનો વ્યાઘાત થશે તેના પરમાર્થને જાણતા નથી. તેથી તુચ્છ બાહ્ય યોગમાં નિરત છે અને પરમાર્થને જોવામાં પોતાની મતિ અસમર્થ હોવા છતાં પોતે શાસ્ત્રોના પરમાર્થને જાણે છે તેવા મિથ્યા અભિનિવેશવાળા હોવાથી અસદ્ગ્રહવાળા છે અને તેના કારણે શાસ્ત્રવચનના સૂક્ષ્મ બોધના કારણીભૂત ગુણવાન ગુરુની નિશ્રામાં રહીને પરમાર્થને જાણવાનું છોડીને યદ્-તદ્ના સંબંધ વગર શાસ્ત્રોનું યોજન કરીને બાહ્ય પ્રવૃત્તિના આગ્રહવાળા થાય છે જેથી અસદ્ગ્રહના ફળરૂપે બાહ્ય ત્યાગ કરીને અને સંયમનાં કષ્ટોને સેવીને પણ મોહનાશના પ્રયત્નને છોડીને મોહવૃદ્ધિના ફળને જ પ્રાપ્ત કરે છે જેથી તેઓનો બાહ્ય ત્યાગ પણ સંસારફળમાં વિશ્રાંત થાય છે. માટે કલ્યાણના અર્થીએ અસદ્ગ્રહનો ત્યાગ કરીને સૂક્ષ્મ પ્રજ્ઞાથી જિનવચનના પરમાર્થને જાણવા યત્ન કરવો જોઈએ અને તેના રહસ્યને બતાવનાર ગુણવાન ગુરુના પારતંત્ર્યનો ક્યારેય પણ ત્યાગ કરવો જોઈએ નહીં. **॥૬૭૭॥**

**અવતરણિકા :-**

**अत्र च त्यक्ते बाह्ये योगे यादृशः स्यात्तद्दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**અને આ ત્યાગ કરાયે છતે=સૂક્ષ્મ બોધના કારણીભૂત ગુણવાન ગુરુના સાંનિધ્યરૂપ પ્રધાનયોગનો ત્યાગ કરાયે છતે, બાહ્યયોગમાં યાદૃશ થાય=બાહ્યયોગમાં યત્ન કરનાર સાધુ જેવા પ્રકારના થાય તેને બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**सुद्धुंछाइसु जत्तो गुरुकुलचागाइणेह विण्णेओ ।**
**सबरसरक्खपिच्छत्थघायपायाछिवणतुल्लो ।।६७८।।**

**અન્વયાર્થ :-**

इह=અહીં=ધર્મના વિચારમાં, गुरुकुलचागाइण=ગુરુકુળવાસના ત્યાગીનો, सुद्धुंछाइसु जत्तो=શુદ્ધ ઉંચ્છાદિમાં યત્ન, सबरसरक्खपिच्छत्थघायपायाछिवणतुल्लो=શબરનો પીંછા માટે જે ઘાત તેમાં પાદના સ્પર્શના નિવારણતુલ્ય=ભિલ્લના સરજસ્ક એવા શૈવ સાધુનો મયૂરના પીંછા માટે જે ઘાત તેમાં પાદના સ્પર્શના નિવારણતુલ્ય, विण्णेओ=જાણવો. ||૬૭૮||

**ગાથાર્થ :-**

અહીં=ધર્મના વિચારમાં, ગુરુકુળવાસના ત્યાગીનો શુદ્ધ ઉંચ્છાદિમાં યત્ન શબરનો પીંછા માટે જે ઘાત તેમાં પાદના સ્પર્શના નિવારણતુલ્ય=ભિલ્લના સરજસ્ક એવા શૈવ સાધુનો મયૂરના પીંછા માટે જે ઘાત તેમાં પાદના સ્પર્શના નિવારણતુલ્ય જાણવો. ||૬૭૮||

**ટીકા :-**

शुद्धो द्विचत्वारिंशद्दोषविकलः स चासावुञ्छश्च भिक्षावृत्तिरूपः, आदिशब्दाच्चित्रद्रव्याद्यभिग्रहासेवनाग्रहः । ततः शुद्धोञ्छादिषु साधुसमाचारेषु यत्न आदरः क्रियमाणः केषाञ्चिदलब्धसिद्धान्तहृदयानां गुरुकुलत्यागादिना गुरोः 'पडिरूवो तेयस्सी' इत्यादिगाथाद्वयोक्तलक्षणस्य कुलं परिवारो गुरुकुलं तस्य त्यागः प्रोज्झनम्, आदिशब्दात्सूत्रार्थपौरुषीयथाज्येष्ठादिविनयवैयावृत्यादिपरिहारग्रहः, तेनोपलक्षित इह धर्मविचारे विज्ञेयः । कीदृश इत्याह—शबरस्य म्लेच्छरूपस्य कस्यचित् सरजस्कानां शैवानां पिच्छार्थं मयूरपिच्छनिमित्तं यो घातो मारणं तत्र यत्पादाच्छुपनं चरणसंस्पर्शपरिहाररूपं तत्तुल्य इति । अयमभिप्रायः—कश्चिद्धर्मार्थी सम्यगपरिणतजिनवचनो गुरुकुलवासे तथाविधां भिक्षाशुद्धिमपश्यन् 'आयन्नयामहाणो कालो विसमो सपक्खिओ दोसो । आइतिगभंगगेणवि गहणं भणियं पकप्पम्मि ।।१।।' इति पञ्चकल्पभाष्यमश्रद्दधानः शुद्धोञ्छार्थी गुरुकुलवासपरित्यागेन विहारमवलम्बते । स च विहारः प्रस्तुतशबरपादाच्छुपनतुल्यो बहुदोषोऽल्पगुणः संभावनीय इति । अत्र चादित्रिकभंगको यतिधर्मादिभूतोद्गमोत्पादनैषणाशुद्धिविनाशः प्रकल्पस्त्वपवादः । प्रस्तुतदृष्टान्तविस्तारार्थश्चैवं ज्ञातव्यः—किल कस्यचिच्छबरस्य कुतोऽपि प्रस्तावात् 'तपोधनानां पादेन स्पर्शनं महतेऽनर्थाय सम्पद्यते' इति श्रुतधर्मशास्त्रस्य कदाचिन्मयूरपिच्छैः प्रयोजनमजायत । यदाऽसौ निपुणमन्यत्रान्वेषमाणोऽपि तं न लेभे तदा श्रुतमनेन, यथा—भौतसाधुसमीपे तानि सन्ति, ययाचिरे च तानि तेन तेभ्यः, परं न किञ्चिल्लेभे । ततोऽसौ शस्त्रव्यापारपूर्वं तान्निगृह्य जग्राह तानि, पादेन स्पर्शं च परिहृतवांस्तेषाम् । यथास्य पादस्पर्शपरिहारो गुणोऽपि शस्त्रव्यापारेणापहतत्वान्न गुणः, किंतु दोष एव, एवं गुरुकुलवास-द्वेषिणां शुद्धोञ्छादि योजनीयमिति ।।६७८।।

**ભાવાર્થ :-**

કોઈક ભિલ્લે પોતાના ગુરુ પાસે મયૂરપીંછાં જોયાં અને રાણીની માંગણીથી તે પીંછાં અર્થે પોતાના માણસોને કહ્યું કે મારા ગુરુને પગનો સ્પર્શ કર્યા વગર ઘાત કરીને તેમની પાસે રહેલાં પીંછાં લઈ આવો. તે વખતે તે ભિલ્લનો ગુરુના પાદના સ્પર્શના નિવારણનો પ્રયત્ન પ્રશંસાપાત્ર નથી; કેમ કે ગુરુના ઘાતરૂપ બળવાન આશાતનાથી અલ્પ એવા પાદસ્પર્શના નિવારણનો અધ્યવસાય છે. તેમ જેઓ વીતરાગના વચનથી વીતરાગતા પ્રત્યેના પ્રબળ કારણીભૂત એવા ગુણવાન ગુરુના ઉપદેશથી પ્રાપ્ત થતી ઘણી નિર્જરાને છોડીને શુદ્ધ ભિક્ષાચર્યા માટે એકાકી વિચરે છે તેઓનો તે શુદ્ધ ભિક્ષાદિનો યત્ન વીતરાગ થવાના પ્રબળ ઉપાયભૂત માર્ગનો નાશ કરીને તુચ્છ બાહ્ય ત્યાગમાં પ્રવૃત્તિ કરવા સ્વરૂપ છે. તેથી વીતરાગ થવામાં અંતરંગ કારણભૂત સૂક્ષ્મ માર્ગનો ત્યાગ કરીને બાહ્ય યોગમાં રહેનારા સાધુઓ ભગવાનની પ્રધાન આજ્ઞાનો અપલાપ કરીને અપ્રધાન આજ્ઞાને સ્થાન આપે છે. જેમ તે શબરે ગુરુના શિરના છેદનરૂપ મહાદોષને સેવીને પાદસ્પર્શના અલ્પ દોષનું નિવારણ કર્યું તે અલ્પ દોષનું નિવારણ નિષ્ફળ છે તેમ તે મહાત્માઓની શુદ્ધ ભિક્ષાચર્યાદિ બાહ્ય આચરણા નિષ્ફળ છે; કેમ કે અસદ્ગ્રહથી દુષિત ચિત્ત છે આથી જ તત્ત્વપ્રાપ્તિના પ્રબળ માર્ગને છોડીને માત્ર બાહ્ય આચરણા તેઓને તત્ત્વની પ્રાપ્તિના ઉપાયરૂપે દેખાય છે. **॥૬૭૮॥**

**અવતરણિકા :-**

**आह—यदि शुद्धोञ्छादयः क्रियमाणा अपि न कञ्चिद् गुणमावहन्ति किंतु दोषमेव, तत्किमुच्यते— 'पिंडं अविसोहिंतो अचरित्ती एत्थ संसओ नत्थि । चारित्तम्मि असंते सव्वा दिक्खा निरत्थिया' इत्याशंक्याह —**

**અવતરણિકાર્થ :-**

**અહીં પ્રશ્ન કરે છે — જો કરાતા પણ શુદ્ધઉંચ્છાદિ કાંઈ ગુણને લાવનારા નથી=પૂર્વમાં શબરના દૃષ્ટાંતથી બતાવ્યું એ રીતે ગુણને લાવનારા નથી, પરંતુ દોષને જ કરનારા છે તો કેમ શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યું છે. 'પિંડને અવિશોધતો=ભિક્ષાના પિંડની શુદ્ધિ નહીં કરતો, સાધુ અચારિત્રી છે એમાં સંશય નથી અને ચારિત્ર નહીં હોતે છતે સર્વ દીક્ષા નિરર્થક છે.' એ પ્રકારની શંકા કરીને કહે છે —**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં કહ્યું કે જેઓનું ચિત્ત અસદ્ગ્રહથી દૂષિત છે તેવા સાધુ સર્વ દોષના પરિહારપૂર્વક નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરતા હોય તોપણ કોઈ ગુણ પ્રાપ્ત થતો નથી પરંતુ દોષ જ પ્રાપ્ત થાય છે; કેમ કે ભગવાનના વચનના પરમાર્થને જાણીને વીતરાગ થવાને અભિમુખ તેઓનો પરિણામ નથી આથી જ જે ગુણવાન ગુરુ પાસેથી વીતરાગના વચનના સૂક્ષ્મ ભાવો પ્રાપ્ત થાય છે તેની ઉપેક્ષા કરીને માત્ર નિર્દોષ ભિક્ષા આદિમાં યત્ન કરે છે તેથી શુદ્ધ ભિક્ષા ગ્રહણ કરવાનો કાંઈક શુભભાવ હોવા છતાં બળવાન દોષથી હણાયેલો તે શુભભાવ હોવાથી અકિંચિત્કર છે અને જો તેમ સ્વીકારીએ તો આગમમાં કહ્યું છે કે 'જે સાધુ

પિંડની વિશુદ્ધિ કરતા નથી તેઓ અચારિત્રી છે અને જેઓમાં ચારિત્ર નથી તેઓની દીક્ષા નિરર્થક છે' તેથી દીક્ષાનું પ્રબળ અંગ પિંડવિશુદ્ધિ જ છે એ પ્રકારનો અર્થ તે આગમવચનથી પ્રાપ્ત થાય છે માટે શુદ્ધ ઊંચ્છાદિ ક્રિયા કરનારાને ગુણ નથી એમ કહેવું તેનો આગમવચન સાથે વિરોધ છે એ પ્રકારની શંકા કરીને કહે છે.

**ગાથા :-**

**णहि एयम्मिवि न गुणो अत्थि विहाणेण कीरमाणम्मि ।**
**तं पुण गुरुतरगुणभावसंगयं होइ सव्वत्थ ।।६७९।।**

**અન્વયાર્થ :-**

**विहाणेण एयम्मिवि कीरमाणम्मि=વિધાનથી આ પણ કરાયે છતે=ભગવાનના વચનાનુસાર શુદ્ધ ઊંચ્છાદિ અને વળી શેષ અનુષ્ઠાનો પણ કરાયે છતે, न गुणो=ગુણ નથી, ण हि=એમ નહીં જ, तं पुण=તે વળી=શુદ્ધ ઊંચ્છાદિનું વિધાન પણ, गुरुतरगुणभावसंगयं होइ सव्वत्थ=ગુરુતરભાવથી સંગત સર્વ કૃત્યોમાં હોય છે. ।।૬૭૯।।**

**ગાથાર્થ :-**

**વિધાનથી આ પણ કરાયે છતે=ભગવાનના વચનાનુસાર શુદ્ધ ઊંચ્છાદિ અને વળી શેષ અનુષ્ઠાનો પણ કરાયે છતે ગુણ નથી એમ નહીં જ. તે વળી=શુદ્ધ ઊંચ્છાદિનું વિધાન પણ, ગુરુતરભાવથી સંગત સર્વ કૃત્યોમાં હોય છે. ।।૬૭૯।।**

**ટીકા :-**

**नहि नैवैतस्मिन् शुद्धोञ्छादौ, किं पुनः शेषेष्वनुष्ठानेष्वपिशब्दार्थः, न गुण उपकारः, किंतु गुण एवास्ति विधानेन सर्वज्ञाज्ञापारतंत्र्यलक्षणेन क्रियमाणे । तत्पुनर्विधानं गुरुतरगुणभावसङ्गतं गुरुतराः, शुद्धोञ्छादिसकाशादतिमहान्तो नवनवतरश्रुतज्ञानलाभादयः प्रतिदिनप्रवर्द्धमानातितीव्रसंवेग-निर्वेदफलास्तेषां भावः समुद्भवस्तेन सङ्गतं भवति सर्वत्र सर्वेष्वपि कृत्येषु । यत्र हि नाधिकः कश्चिद् गुणलाभः किन्तु लब्धानामपि गुणानां हानिरुत्पद्यते, तदनुष्ठानमविधिप्रधानमेव बुधैर्बुद्ध्यत इति ।।६७९।।**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં કહેલ કે પિંડની અવિશુદ્ધિ કરતો અચારિત્રી છે તેથી ફલિત થાય છે કે પિંડની વિશુદ્ધિ ચારિત્રનું પ્રબળ અંગ છે પરંતુ તે પ્રબળ અંગ ત્યારે જ બને કે તેનાથી બળવાન યોગનો નાશ કરનાર ન હોય પરંતુ બળવાન યોગના પાલનથી યુક્ત પિંડવિશુદ્ધિ હોય તો ગુણકારી થાય છે. જેમ કોઈ શબરને ગુરુ

પ્રત્યે પાદસ્પર્શનિવારણનો જે પરિણામ હતો તે ગુરુઘાતના બળવાન પરિણામથી ઉપહત ન હોય તો સુંદર બને અને જો ગુરુઘાતના બળવાન પરિણામથી ઉપહત હોય તો ગુરુના પાદસ્પર્શનું નિવારણ ગુણકારી બને નહીં. તે પ્રમાણે જે સાધુ સર્વજ્ઞની આજ્ઞાના પારતંત્ર્યપૂર્વક પિંડવિશુદ્ધિમાં યત્ન કરે છે તેઓને તે પિંડવિશુદ્ધિના બળથી ચારિત્રની શુદ્ધિ થાય જ છે અને જેઓ પિંડવિશુદ્ધિ માટે યત્ન કરતા નથી તેઓ અચારિત્રી છે તે વચન પણ સંગત જ છે પરંતુ જેઓ પિંડવિશુદ્ધિ માટે યત્ન કરે છે અને તેનાથી બળવાન યોગ ગુણવાન ગુરુ પાસેથી સૂક્ષ્મ ભાવોનો બોધ કરાવે એવા સૂત્રપોરિસી આદિનો વ્યાઘાત કરીને પિંડવિશુદ્ધિ માટે યત્ન કરે છે તેઓને તે યોગોથી ગુણવૃદ્ધિ થતી નથી; કેમ કે વીતરાગ પ્રત્યેના રાગથી વીતરાગના વચનના પાલન દ્વારા ગુણવૃદ્ધિ થાય છે અને વીતરાગ હંમેશાં વીતરાગ થવા માટે બળવાન કારણ શું છે અને અબળવાન કારણ શું છે તેનો વિભાગ કરાવીને બળવાન ઉપાય સેવવાની આજ્ઞા કરે છે. વળી, જે સાધુ અસદ્ગ્રહથી દુષિત મતિવાળા છે તેઓ વીતરાગ થવાના બળવાન ઉપાયભૂત ગુણવાન ગુરુના સાંનિધ્યથી થતા ઉત્તમ યોગોને ગૌણ કરીને અબળવાન એવા પિંડવિશુદ્ધિ આદિમાં યત્ન કરે છે તેથી વીતરાગ પ્રત્યેના અબહુમાનથી દૂષિત તેઓની મતિ હોવાથી તેઓની પિંડવિશુદ્ધિ આદિ પણ નિષ્ફળ જ છે અને આથી જેઓ બળવાન એવા સ્વાધ્યાયાદિને ગૌણ કરીને પિંડવિશુદ્ધિમાં યત્ન કરે છે આમ છતાં પ્રજ્ઞાપનીય છે તેઓને ઓઘથી ભગવાનનાં વચનો પ્રત્યે રાગ છે ફક્ત અજ્ઞાનને કારણે પિંડવિશુદ્ધિ તેમને બળવાન યોગ દેખાય છે પરંતુ સૂક્ષ્મ બોધ નહીં હોવાથી ગુણવાનના પારતંત્ર્યજન્ય ઉત્તમ ભાવો રૂપ બળવાન યોગ તેઓ જોઈ શકતા નથી તેથી તેઓની પિંડવિશુદ્ધિની ઉચિત આચરણાને પણ દેશારાધક તરીકે સ્વીકારેલ છે; કેમ કે તેમનો અસદ્ગ્રહ શિથિલ હોવાથી ઉચિત ઉપાયો દ્વારા નિવર્તન પામે તેવો છે. **॥૬૭૯॥**

**અવતરણિકા :-**

**एतदेव समर्थयमान आह –**

**અવતરણિકાર્થ :-**

**આને જ સમર્થન કરતાં=ગુરુતર ગુણવાળી આચરણા સાથે સંગત એવી ભગવાનની આજ્ઞા જ ગુણને કરનાર છે એને જ સમર્થન કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**तित्थगराणा मूलं णियमा धम्मस्स तीए वाघाए ।**
**किं धम्मो किमधम्मो णेवं मूढा वियारंति ।।६८०।।**

**અન્વયાર્થ :-**

**धम्मस्स मूलं णियमा तित्थगराणा=ધર્મનું મૂળ નિયમથી તીર્થંકરની આજ્ઞા છે. तीए वाघाए=તેના વ્યાઘાતમાં=ભગવાનની આજ્ઞાના વ્યાઘાતમાં, किं धम्मो किमधम्मो एवं=કયું અનુષ્ઠાન ધર્મ (અને) કયું અનુષ્ઠાન અધર્મ એ પ્રમાણે, मूढा ण वियारंति=મૂઢ જીવો વિચારતા નથી. ।।૬૮૦।।**

**ગાથાર્થ :-**

**ધર્મનું મૂળ નિયમથી તીર્થંકરની આજ્ઞા છે. તેના વ્યાઘાતમાં=ભગવાનની આજ્ઞાના વ્યાઘાતમાં કયું અનુષ્ઠાન ધર્મ અને કયું અનુષ્ઠાન અધર્મ એ પ્રમાણે મૂઢ જીવો વિચારતા નથી. ॥૬૮૦॥**

**ટીકા :-**

**तीर्थंकराज्ञा भगवदर्हदुपदेशो मूलं कारणं नियमादवश्यं भावेन धर्मस्य यतिगृहस्थसमाचारभेदभिन्नस्य। अतीन्द्रियो ह्यसौ । न चान्यस्यासर्वदर्शिनः प्रमातुरुपदेश एतत्प्रवृत्तौ मतिमतां हेतुभावं प्रतिपत्तुं क्षमते, एकान्तेनैव तस्य तत्रानधिकारित्वात्, जात्यन्धस्येव भित्त्यादिषु नरकरितुरगादिरूपालेखने इति । तस्यास्तीर्थंकराज्ञाया व्याघाते विलोपे किमनुष्ठानं धर्म्मः, अथवा किमधर्म्मो वर्त्तते ? अन्यत्राप्युक्तम्—'आणाए च्चिय चरणं तब्भंगे जाण किं न भग्गंति । आणं च अइक्कंतो कस्साएसा कुणइ सेसं ?।।१।।' इति नियामकाभावान्न विवेचयितुं शक्यते यदुतैतदनुष्ठानं धर्मः, इदं चाधर्म इति । न नैवैवमनेन प्रकारेण मूढा हिताहितविमर्शविकला विचारयन्ति मीमांसन्ते ।।६८०।।**

**ભાવાર્થ :-**

ધર્મનું મૂળ ભગવાનની આજ્ઞા છે અર્થાત્ ભગવાનનું વચન છે; કેમ કે વીતરાગ થયા પછી ભગવાન વીતરાગ થવાનો મુખ્ય ઉપદેશ આપે છે અને તેના અંગભૂત સર્વ આચારો ભગવાને બતાવ્યા છે. વળી, જે જીવને જે ભૂમિકાના આચારો જે દ્રવ્યક્ષેત્ર અનુસાર અધિક વીતરાગભાવના કારણ હોય છે તે જીવને તે અનુષ્ઠાન સેવીને વીતરાગ થવાનો ઉપદેશ ભગવાને આપ્યો છે અને જે સાધુ કલ્યાણના અર્થી છે આથી દીક્ષા લઈને શુદ્ધ પિંડાદિ માટે યત્ન કરવાના અર્થી છે અને ગીતાર્થ ગુરુના સાંનિધ્યના બળથી માર્ગના સૂક્ષ્મ બોધને પામી શકે તેવી શક્તિ છે અથવા ગુણવાન ગુરુના બહુમાનાદિ દ્વારા અને તેમના શુદ્ધ આચારના દર્શનાદિ દ્વારા ગુણવૃદ્ધિ કરી શકે તેમ છે તેવા જીવોને ભગવાનની આજ્ઞા છે કે ગુણવૃદ્ધિના પ્રબળ કારણભૂત ગુણવાન ગુરુના સાંનિધ્યમાં રહીને નવું નવું જાણવું અને વિશેષ શક્તિ ન હોય તો એવા ઉત્તમ પુરુષોનાં દર્શન કરીને શક્તિ અનુસાર ભક્તિ કરવી જેથી તેમનાં દર્શનથી પણ ગુણવૃદ્ધિના પ્રતિબંધક કર્મ નાશ થાય. છતાં મૂઢ મતિવાળો કોઈ જીવ પિંડવિશુદ્ધિ જ ચારિત્રનું અંગ છે તેવું એકાંત ગ્રહણ કરીને અસદ્ગ્રહથી દૂષિત મતિવાળો હોય તો તે પિંડવિશુદ્ધિ આદિમાં યત્ન કરે ત્યારે ધર્મના મૂળભૂત તીર્થંકરની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે અને જ્યારે ભગવાનની આજ્ઞા પ્રત્યે નિરપેક્ષ અને સ્વરુચિ અનુસાર તીર્થંકરની આજ્ઞાને ગ્રહણ કરીને તેને પાળવાનો જેને આગ્રહ છે તે જીવ જે કાંઈ અનુષ્ઠાન કરે તે ધર્મ નથી, અધર્મ જ છે તેથી જેમ સંસારનાં કૃત્યો અધર્મરૂપ છે તેમ ભગવાનની આજ્ઞાનિરપેક્ષ પિંડવિશુદ્ધિ આદિ પણ અધર્મ જ છે. આ પ્રમાણે સ્વમતિમાં મોહિત થયેલા મૂઢ જીવો વિચારતા નથી આથી જ જ્યાં સ્વમતિ જાય છે ત્યાં જ તેને ભગવાનની આજ્ઞા દેખાય છે તેથી મધ્યસ્થતાપૂર્વક પોતાની મતિની દુર્બળતાનો વિચાર કરીને જેઓ જિનવચનના પરમાર્થને જાણવા યત્ન કરતા નથી તેઓની સર્વ પ્રવૃત્તિ અધર્મરૂપ જ છે. **॥૬૮૦॥**

**અવતરણિકા :-**

**अथ गुरुकुलवासः प्रथमं धर्माङ्गमिति प्रपञ्चतः पुरस्कुर्व्वन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે ગુરુકુળવાસ પ્રથમ ધર્માંગ છે એ પ્રમાણે વિસ્તારથી પુરસ્કાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

'આ મારા ગુરુ અને હું તેનો શિષ્ય' એ બુદ્ધિમાત્રથી ગુરુ સાથે વસે છે એ રૂપ ગુરુકુળવાસ પ્રથમ ધર્માંગ નથી પરંતુ પરમગુરુ એવા ભગવાને જે મોહનાશને અનુકૂળ સૂક્ષ્મ માર્ગ બતાવ્યો છે તેના રહસ્યને જે ગુરુ બતાવીને યોગ્ય શિષ્યના મોહધારાના ઉન્મૂલનનું પ્રબળ કારણ છે એવા ગુરુ સાથે વસવું એ ધર્મનું પ્રથમ અંગ છે; કેમ કે એવા ગુરુના બળથી નિર્જરાને અનુકૂળ સૂક્ષ્મ-સૂક્ષ્મતર માર્ગની પ્રાપ્તિ થાય છે જેથી અન્ય સર્વ સંયમની ક્રિયાઓ પણ વિશેષ પ્રકારના ધર્મની નિષ્પત્તિનું કારણ બને છે એ પ્રકારે વિસ્તારથી બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે.

**ગાથા :-**

**आयारपढमसुत्ते सुयं मे इच्चाइलक्खणे भणिओ ।**
**गुरुकुलवासो सक्खा अइणिउणं मूलगुणभूओ ।।६८१।।**

**અન્વયાર્થ :-**

**'सुयं मे' इच्चाइलक्खणे आयारपढमसुत्ते='સુયં મે' ઈત્યાદિ લક્ષણ='આચારાંગસૂત્ર'ના પ્રથમ સૂત્રમાં, मूलगुणभूओ अइणिउणं गुरुकुलवासो सक्खा भणिओ=મૂળગુણભૂત અતિનિપુણ ગુરુકુળવાસ સાક્ષાત્ કહેવાયો છે. ।।૬૮૧।।**

**ગાથાર્થ :-**

**'સુયં મે' ઈત્યાદિ લક્ષણ='આચારાંગસૂત્ર'ના પ્રથમ સૂત્રમાં, મૂળગુણભૂત અતિનિપુણ ગુરુકુળવાસ સાક્ષાત્ કહેવાયો છે. ।।૬૮૧।।**

**ટીકા :-**

**आचर्यते मुमुक्षुभिरासेव्यते इत्याचारो ज्ञानाद्याराधनारूपः पंचप्रकाराराधनारूपः पंचप्रकारस्तत्प्रतिपादकत्वाद् द्वादशाङ्गप्रवचनपुरुषस्य प्रथमममङ्गमाचारस्तस्य प्रथमसूत्रे 'सुयं मे इच्चाइलक्खणे' इति श्रुतमित्यादिलक्षणे-'सुयं मे आउसंतेणं भगवया एवमक्खायं' इत्येवंरूपे भणितो गुरुकुलवासो धर्म्माचार्यपादान्तेवासित्वलक्षणः साक्षात् सूत्राक्षराभिधेय एवातिनिपुणमतिसूक्ष्मं यथा भवति ऐदम्पर्यपर्या-**

**लोचनेनेत्यर्थः, मूलगुणभूतो यतिधर्मप्रधानोपकारक इति । तत्र हि सूत्रे श्रुतं मया आजुषमाणेन भगवत्पादारविन्दं निषेवमाणेन भगवता सिद्धार्थपार्थिवकुलाम्बरशरच्छशधराकारेण वर्द्धमाननाम्ना जिनेनाख्यातमित्यादिभिरनेकैरर्थैर्व्याख्यायमानेऽवगम्यते, यथा भगवान् सुधर्मस्वामी जम्बूनाम्ने स्वशिष्याय निवेदयति, यथा गुरुपादसेवावशोपलब्धोऽयमाचारग्रन्थो मया ते प्रतिपाद्यत इति । अतोऽन्येनापि तदर्थिना गुरुकुलवासे वसितव्यमिति ख्यापितं भवतीति ।।६८१।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે ભગવાનની આજ્ઞા ધર્મનું મૂળ છે તેથી ભગવાનની આજ્ઞા વગર સેવાયેલો ધર્મ બાહ્યથી ધર્મ છે, પરમાર્થથી ધર્મ નથી એમ ફલિત થાય અને ભગવાનની આજ્ઞામાં સૌ પ્રથમ બળવાન આજ્ઞા ગુરુકુળવાસ છે. ભગવાનની આજ્ઞા ગુરુકુળવાસની છે તે શેનાથી નક્કી થાય તેથી કહે છે – 'ગુરુકુળવાસમાં વસતા એવા મારા વડે આ પ્રમાણે સંભળાયું છે' એમ આચારાંગના પ્રથમ સૂત્રમાં સુધર્માસ્વામી પોતાના શિષ્ય જંબુસ્વામીને કહે છે. તેથી નક્કી થાય છે કે સર્વ આચારોની પ્રાપ્તિ ગુણવાન એવા ગુરુથી સુધર્માસ્વામીને પ્રાપ્ત થયેલી છે તેમ સર્વ સાધુને પણ પરમગુરુની આજ્ઞા તેમના રહસ્યને બતાવનારા ગુણવાન ગુરુની પાસે રહેવાથી પ્રાપ્ત થાય છે. તેથી આચારાંગ સૂત્રમાં સાક્ષાત્ ગુરુકુળવાસ સાધુધર્મના મૂળગુણભૂત છે અને તે અતિનિપુણ સૂક્ષ્મ છે એ પ્રમાણે કહેવાયું છે. તેથી એ ફલિત થાય કે જેમ સુધર્માસ્વામીને વીરભગવાને મોક્ષમાર્ગવિષયક સૂક્ષ્મ બોધ કરાવ્યો તેમ જે ગુરુ શિષ્યની મતિ અનુસાર સર્વજ્ઞના વચનના પરમ રહસ્યને બતાવીને સંયમવૃદ્ધિના કંડકો પ્રાપ્ત કરાવતા હોય તેવા ગુરુનો વાસ આચારાંગમાં સાક્ષાત્ કહેવાયેલો છે જે અતિનિપુણ બુદ્ધિથી જણાય છે. સ્થૂળ બુદ્ધિવાળાને તો 'આ મારા ગુરુ, હું તેનો શિષ્ય અને તે ગુરુ કહે તે પ્રમાણ.' એ પ્રકારે પ્રવૃત્તિનો નિયામક ગુરુકુળવાસ ગુરુકુળવાસરૂપે દેખાય છે, પરમાર્થથી પાંચ મહાવ્રતોના સૂક્ષ્મ પાલનવિષયક સૂક્ષ્મ બોધ કરાવનાર ગુણવાન ગુરુનો વાસ એ ગુરુકુળવાસ છે તેથી તેવો ગુરુકુળવાસ ચારિત્રીનો મૂળગુણભૂત છે; કેમકે તેવા ગુણવાન ગુરુના માર્ગાનુસારી ઉપદેશના બળથી પાંચ મહાવ્રતો પરમાર્થથી જીવમાં સ્થિર થાય છે એથી વિવેકયુક્ત એવો ગુરુકુળવાસ સંયમજીવનનું પ્રથમ અંગ છે. માટે મોક્ષના અર્થીએ તેવા ગુણવાન ગુરુને પરતંત્ર થઈને સંયમમાં યત્ન કરવો જોઈએ. અન્યથા સ્વમતિ અનુસાર ઘણું કષ્ટકારી અનુષ્ઠાન સેવવા છતાં પણ કલ્યાણની પ્રાપ્તિ થાય નહીં. **॥૬૮૧॥**

**અવતરણિકા :-**

**मूलगुणभूतत्वमेव दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**મૂળગુણપણાને જ=ગુરુકુળવાસ મૂળગુણ છે એમ પૂર્વગાથામાં કહ્યું તેથી ગુરુકુળવાસના મૂળગુણપણાને જ, બતાવે છે=ગુરુકુળવાસ કેવા પ્રકારનો હોય તો મૂળગુણ બને છે તે સ્પષ્ટ કરતાં કહે છે –**

ગાથા :-

**णाणस्स होइ भागी थिरतरतो दंसणे चरित्ते य ।**
**धण्णा आवकहाए गुरुकुलवासं ण मुंचंति ।।६८२।।**

**અન્વયાર્થ :-**

णाणस्स भागी होइ=જ્ઞાનનો ભાગી થાય છે. दंसणे चरित्ते य थिरतरतो=દર્શનમાં અને ચારિત્રમાં સ્થિરતર થાય છે (તેથી) धण्णा आवकहाए गुरुकुलवासं ण मुंचंति=ધન્યપુરુષો યાવદ્જીવન ગુરુકુળવાસને છોડતા નથી. ।।૬૮૨।।

**ગાથાર્થ :-**

**જ્ઞાનનો ભાગી થાય છે. દર્શનમાં અને ચારિત્રમાં સ્થિરતર થાય છે તેથી ધન્યપુરુષો યાવદ્જીવન ગુરુકુળવાસને છોડતા નથી. ।।૬૮૨।।**

**ટીકા :-**

**ज्ञानस्य श्रुतज्ञानलक्षणस्याङ्गप्रविष्टादिभेदभाजो भवति भागी पात्रं गुरुकुलवासे वसन् सन् । यथोक्तम्—'गुर्वायत्ता यस्माच्छास्त्रारंभा भवन्ति सर्वेऽपि । तस्माद् गुर्वाराधनपरेण हितकाङ्क्षिणा भाव्यम् ।।१।।' इति । तथा, स्थिरतरोऽत्यन्तस्थिरो दर्शने तत्त्वश्रद्धानरूपे चरित्रे च विहितेतरवस्तुप्रवृत्ति-निवृत्तिरूपे भवति । न हि विशुद्धगुरुकुलवासमन्तरेण सर्वतोमुखीभिरगीतार्थैः परतीर्थिकैश्च प्रवर्त्तिताभिः प्रज्ञापनाभिः सम्यग्बोधे निरन्तरं विक्षोभ्यमाणे चारित्रे च चित्राभिः स्वचित्तविश्रोतसिकाभिरसमंज-साचारलोकसंसर्ग्गभाषणादिभिश्च मन्दीभावमानीयमाने स्थिरतरभावसिद्धिः सम्पद्यत इति । ततो धन्या धर्मधनलब्धारो यावती चासौ कथा च जीवितलक्षणा यावत्कथा तयोपलक्षिता यावज्जीव-मित्यर्थः, गुरुकुलवासमुक्तरूपं न मुञ्चन्ति ।।६८२।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ અતિ નિપુણ બુદ્ધિપૂર્વક ગુરુકુલવાસ સ્વીકારે છે તેઓનો ગુરુકુળવાસ જે તે ગુરુ સાથે વસવા સ્વરૂપ નથી કે ગુણવાન ગુરુ સાથે માત્ર સહવાસરૂપ નથી પરંતુ તેવા મહાત્માઓ તે ગુણવાન ગુરુના સાંનિધ્યના બળથી ભગવાનના શાસનના શ્રુતજ્ઞાનનો સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ પ્રાપ્ત કરે છે તેથી ભગવાનના વચનના સૂક્ષ્મ રહસ્યની પ્રાપ્તિ થવાને કારણે દર્શનમાં પણ સ્થિરતર થાય છે; કેમ કે "આગમવચન, યુક્તિ અને અનુભવ અનુસાર ભગવાનનાં વચનો મોક્ષ પ્રત્યે કઈ રીતે કારણભાવરૂપ છે" તેનો સૂક્ષ્મ બોધ ગુરુના સાંનિધ્યથી થાય છે તેથી મેરુ જેવી નિષ્પ્રકંપ મોક્ષમાર્ગની રુચિ થાય છે અને મોક્ષમાર્ગની ઉત્કટ રુચિ થવાને કારણે ચારિત્રમાં અપ્રમાદથી યત્ન થાય છે એથી તે મહાત્મા

ગુરુકુળવાસના બળથી સતત રત્નત્રયની વૃદ્ધિને પ્રાપ્ત કરી શકે છે અને જે મહાત્મા મોક્ષના અર્થી છે તેઓને ગુરુકુળવાસના બળથી રત્નત્રયની વૃદ્ધિ સ્વઅનુભવસિદ્ધ જણાતી હોય તેવા ધન્ય મહાત્માઓ આજીવન ગુરુકુળવાસનો ત્યાગ કરતા નથી પરંતુ ગુણવાન ગુરુના દૃઢ અવલંબનના બળથી સદા રત્નત્રયની વૃદ્ધિમાં યત્ન કરે છે. **॥૬૮૨॥**

**ગાથા :-**

**ता तस्स परिच्चाया सुद्धुंछाइ सयमेव बुद्धिमया ।**
**आलोएयव्वमिणं कीरंतं कं गुणं कुणइ ।।६८३।।**

**અન્વયાર્થ :-**

**ता=તે કારણથી=ગુણસંપન્ન એવા ગુરુનો સહવાસ રત્નત્રયની વૃદ્ધિનું એક કારણ છે તે કારણથી, तस्स परिच्चाया=તેના પરિત્યાગમાં, सुद्धुंछाइ कीरंतं कं गुणं कुणइ=શુદ્ધ ઊંછાદિ કરનારા સાધુને કયો ગુણ કરે છે=સાધુની શુદ્ધ ઊંછાદિની પ્રવૃત્તિ કયો ગુણ કરે છે, इणं बुद्धिमया सयमेव आलोएयव्वं=એ બુદ્ધિમાન પુરુષે સ્વયં જ આલોચન કરવું જોઈએ. ।।૬૮૩।।**

**ગાથાર્થ :-**

**તે કારણથી=ગુણસંપન્ન એવા ગુરુનો સહવાસ રત્નત્રયની વૃદ્ધિનું એક કારણ છે તે કારણથી, તેના પરિત્યાગમાં શુદ્ધ ઊંછાદિ કરનારા સાધુને કયો ગુણ કરે છે=સાધુની શુદ્ધ ઊંછાદિની પ્રવૃત્તિ કયો ગુણ કરે છે, એ બુદ્ધિમાન પુરુષે સ્વયં જ આલોચન કરવું જોઈએ. ।।૬૮૩।।**

**ટીકા :-**

**यत एवं महागुणो गुरुकुलवासस्तस्मात्तस्य गुरुकुलवासस्य परित्यागे शुद्धोञ्छादि प्रागुक्तमनुष्ठीयमानं स्वयमेवात्मनैव परोपदेशनिरपेक्षमित्यर्थः, बुद्धिमताऽतिशायिप्रज्ञेन आलोचयितव्यं मीमांसनीयमिदं, यथा—क्रियमाणं कं गुणमुपकारं करोति, कुलटोपवासवद् न किञ्चिदित्यर्थः ।।६८३।।**

**ભાવાર્થ :-**

જે મહાત્મા સર્વજ્ઞના વચનાનુસાર મોક્ષમાર્ગમાં પ્રવર્તાવવામાં પ્રબળ કારણભૂત એવા ગુણવાન ગુરુના સાંનિધ્યને પામ્યા છે તેઓને તેવા મહાત્માના પરિચયથી સતત નવું નવું જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેમના સાત્ત્વિક જીવનને જોઈને દર્શનમાં અને ચારિત્રમાં પણ સ્થિરતા પ્રાપ્ત થાય છે એથી તેવા ઉત્તમ પુરુષના સહવાસથી રત્નત્રયની સતત વૃદ્ધિ થતી હોવા છતાં જે મુગ્ધ સાધુ તેનો પરિત્યાગ કરીને માત્ર શુદ્ધ ભિક્ષાદિ અનુષ્ઠાન સેવે છે તેવા અનુષ્ઠાનથી તેને કયો ગુણ પ્રાપ્ત થાય અર્થાત્ કોઈ ગુણની પ્રાપ્તિ થાય નહીં એ પ્રકારે બુદ્ધિમાન પુરુષે સ્વયં સૂક્ષ્મ આલોચન કરવું જોઈએ અર્થાત્ માત્ર બાહ્ય આચારને જોઈને શુદ્ધ આહારાદિનું સેવન સર્વ કલ્યાણનું કારણ છે તેવો વ્યામોહ કરવો જોઈએ નહીં પરંતુ ગુણવાન ગુરુના

સાંનિધ્યથી થતા રત્નત્રયની વૃદ્ધિના ફળ આગળ ક્વચિદ્ સંયોગાનુસાર આહારાદિની શુદ્ધિ અલ્પ થતી હોય તોપણ કોઈ અનર્થની પ્રાપ્તિ થતી નથી પરંતુ તેવા ઉત્તમ પુરુષના સાંનિધ્યથી થતી ગુણવૃદ્ધિ સર્વ કલ્યાણનું કારણ છે એ પ્રમાણે આલોચન કરીને હિતાનુકૂળ પ્રવૃત્તિ કરવી જોઈએ. **॥૬૮૩॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

તથા –

**ભાવાર્થ :-**

ગાથા-૬૮૦માં કહ્યું કે ધર્મનું મૂળ તીર્થંકરની આજ્ઞા છે તેથી તીર્થંકરની પ્રધાન આજ્ઞા કઈ છે તે ગાથા-૬૮૧થી ૬૮૩ સુધી બતાવીને સ્થાપન કર્યું કે ગુણવાન ગુરુના સાંનિધ્યથી રત્નત્રયની વૃદ્ધિ થાય તે ભગવાનની પ્રથમ આજ્ઞા છે. હવે ભગવાનની અન્ય આજ્ઞાનો સમુચ્ચય 'તથા'થી કરતાં કહે છે –

**ગાથા :-**

**उववासोवि हु एक्कासणस्स चाया ण सुंदरो पायं ।**
**णिच्चमिणं उववासो णेमित्तिग मो जओ भणिओ ।।६८४।।**

**અન્વયાર્થ :-**

**एक्कासणस्स चाया उववासोवि हु पायं ण सुंदरो=એકાસણાના ત્યાગથી ઉપવાસ પણ પ્રાયઃ સુંદર નથી. णिच्चमिणं=નિત્ય આ છે=નિત્ય એકાસણું છે. उववासो णेमित्तिग मो=ઉપવાસ નૈમિત્તિક છે. जओ भणिओ=જે કારણથી કહેવાયું છે. ॥૬૮૪॥**

**ગાથાર્થ :-**

**એકાસણાના ત્યાગથી ઉપવાસ પણ પ્રાયઃ સુંદર નથી. નિત્ય આ છે=નિત્ય એકાસણું છે. ઉપવાસ નૈમિત્તિક છે. જે કારણથી કહેવાયું છે. ॥૬૮૪॥**

**ટીકા :-**

**उपवासोऽपि प्रतीतरूपः, किं पुनर्गुरुकुलवासत्यागेन शुद्धोञ्छादियत्नो न सुन्दर इत्यपिशब्दार्थः, हुरलंकारे, एकाशनस्य प्रतिदिनमेकवारभोजनरूपस्य त्यागाद् न नैव सुन्दरः श्रेयान् प्रायो बाहुल्येन । अत्र हेतुः–नित्यं सार्वदिकमिदमेकाशनकम्, उपवासो नैमित्तिकः तथाविधनिमित्तहेतुको यतो भणितः सूत्रेषु ।।६८४।।**

**ભાવાર્થ :-**

સર્વ ઉદ્યમથી મોહનું ઉન્મૂલન થાય તેને અનુકૂળ અપ્રમાદની વૃદ્ધિ કરવી તે ભગવાનની આજ્ઞા છે. તેથી જે જીવોને ઉપવાસાદિ તપ દ્વારા મોહનાશને અનુકૂળ મહાવીર્ય સ્ફુરાયમાન થતું હોય તેઓને અન્ય સર્વ ઉચિત યોગોનો વ્યાઘાત ન થાય એ પ્રકારે તપની જ આજ્ઞા છે. આથી જ નંદનઋષિના ભવમાં વીરભગવાને પણ ઘણાં માસક્ષમણો કર્યાં અને ગૌતમસ્વામી પણ છઠ્ઠના પારણે છઠ્ઠ જ કરતા હતા. પરંતુ જે મહાત્મામાં મોહત્યાગને અનુકૂળ વિશિષ્ટ સંચિતવીર્ય નથી તેઓને વીર્યના સંચય અર્થે અધ્યયનાદિ ઉચિત ક્રિયાઓમાં પ્રબળ સહાયક એક ટંકનું ભોજન છે. એવા મહાત્માઓ પણ 'એકાસણા કરતાં ઉપવાસ અધિક તપ છે' તેવી બુદ્ધિથી એકાસણાનો ત્યાગ કરીને ઉપવાસ કરે જેનાથી અન્ય બળવાન યોગો શિથિલ બને તો એવો ઉપવાસ પણ સુંદર નથી. એને બતાવવા માટે ગાથામાં પ્રાયઃ કહેલ છે એથી જે મહાત્માઓ અન્ય યોગનો નાશ કર્યા વગર ઉપવાસાદિ કરી શકે છે તેઓ માટે એકાસણાનો ત્યાગ કરીને ઉપવાસ કરવો એ સુંદર જ છે.

અહીં પ્રશ્ન થાય કે ઉપવાસ કરતાં એકાસણું સુંદર કેમ છે ? તેથી કહે છે –

બહુલતાએ મહાત્માઓ આહાર કરે નહીં તો અન્ય યોગો શિથિલ થાય તેવી શક્યતા છે તેને સામે રાખીને શાસ્ત્રમાં એકાસણાને નિત્ય તપ કહેલ છે અને તેવા મહાત્માઓ પણ પ્રતિદિન એકાસણું કરતા હોય તોપણ તેવા પ્રકારના નિમિત્તે ઉપવાસાદિ પણ કરે. જેમ પર્વતિથિ હોય અથવા શરીરમાં કોઈ વિકૃતિ થઈ હોય તેના નિવારણ માટે લાંઘણ આવશ્યક હોય ત્યારે પણ ઉપવાસ કરે માટે તેવા મહાત્માઓને ઉપવાસ નૈમિત્તિક તપ છે અને એકાસણું નિત્ય તપ છે. આથી જ કોઈક અત્યંત ક્ષીણ શક્તિવાળા હોય તો બળવાન યોગના રક્ષણ અર્થે એકાસણાને બદલે બિયાસણું આદિ કરતા હોય તોપણ તેઓના દેહબળની અપેક્ષાએ તે એકાસણા કરતાં બિયાસણું શ્રેયકારી છે, જેમ ઉપવાસ કરતાં એકાસણું શ્રેયકારી છે આમ છતાં સામાન્યથી એકાસણું કરીને મહાત્મા સુખપૂર્વક મોક્ષસાધક મનવચનકાયાના યોગોને પ્રવર્તાવી શકે છે તેથી એકાસણાને નિત્ય તપ કહેલ છે. આ પ્રકારનો નિયમ ગ્રંથકારશ્રી સ્વમતિથી કહેતા નથી એ બતાવવા માટે સાક્ષી આપતાં કહે છે – 'જે કારણથી આગમમાં કહેવાયું છે.' **॥૬૮૪॥**

**અવતરણિકા :-**

**एतदेव दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=એકાસણું નિત્ય તપ છે અને ઉપવાસ નૈમિત્તિક તપ છે એને જ, બતાવે છે –**

**ગાથા :-**

**अहोनिच्चंतवोकम्मादिसुत्तओ हंदि एवमेयंति ।**
**पडिवज्जेयव्वं खलु पव्वादिसु तव्विहाणाओ ।।६८५।।**

**અન્વયાર્થ :-**

**अहोनिच्चंतवोकम्मादिसुत्तओ हंदि='અહો નિચ્ચં તવોકમ્મં' ઈત્યાદિ સૂત્રથી='અહો નિત્ય તપ કર્મ છે' એ પ્રકારના સૂત્રથી, एवमेयंति=એ રીતે આ=પૂર્વગાથામાં કહ્યું એ રીતે 'એકાસણું નિત્ય તપ છે અને ઉપવાસ નૈમિત્તિક તપ છે' એ, पडिवज्जेयव्वं=સ્વીકારવું જોઈએ; खलु पव्वादिसु तव्विहाणो=કેમ કે પર્વાદિમાં તેનું વિધાન છે=ઉપવાસનું વિધાન છે. ।।૬૮૫।।**

**ગાથાર્થ :-**

**'અહો નિચ્ચં તવોકમ્મં' ઈત્યાદિ સૂત્રથી='અહો નિત્ય તપ કર્મ છે' એ પ્રકારના સૂત્રથી એ રીતે આ=પૂર્વગાથામાં કહ્યું એ રીતે 'એકાસણું નિત્ય તપ છે અને ઉપવાસ નૈમિત્તિક તપ છે' એ સ્વીકારવું જોઈએ; કેમ કે પર્વાદિમાં તેનું વિધાન છે=ઉપવાસનું વિધાન છે. ।।૬૮૫।।**

**ટીકા :-**

**अहोनिच्चेत्यादि । 'अहोनिच्चंतवोकम्माइसुत्तओ' इति-'अहो निच्चं तवो कम्मं सव्वबुद्धेहिं वन्नियं । जायलज्जासमावित्ती एगभत्तं च भोयणं' इत्यादिसूत्रतो, हंदीतिपूर्ववत्, एवमेवोक्तप्रकारवदेव एतत्प्रागुक्तं प्रतिपत्तव्यमभ्युपगमनीयम् । खलुर्वाक्यालंकारे । पर्व्वादिषु तद्विधानादुपवासविधानात् । तत्र पर्वाणि चतुर्द्दश्यादीनि, यथोक्तं व्यवहारभाष्ये-'चउछट्ठट्ठमकरणे अट्ठमिपक्खचउमासवरिसेसु । लहुओ गुरुगो लहुगा गुरुगा य कमेण बोधव्वा' 'पक्ख'त्ति पाक्षिकं पर्व, तच्च किल चतुर्द्दशी, तस्यैव व्यवहारभाष्ये-'चाउद्दसिगा होइ कोई' इत्यादिषु सूत्रेषु चतुर्द्दशीत्वेन भणनोपलंभात् । आदिशब्दादातंकादिशेषकारणग्रहः । यथोक्तम्-'आयंके उवसग्गे तितिक्खया बंभचेरगुत्तीसु । पाणिदया तवहेउं ५ सरीरवोच्छेयणट्ठाए ६।।१।।' अयमत्राभिप्रायः-उक्तकारणविरहेणैकभक्तमपेक्ष्योपवासे क्रियमाणे सूत्रपौरुष्यादयः शेषसाधुसमाचारा बहुतरनिर्जराफलाः सीदन्तीति परिभाव्योक्तं नैमित्तिक उपवासो नित्यंत्वेकभक्तमिति ।।६८५।।**

**ભાવાર્થ :-**

સામાન્યથી સાધુએ અપ્રમાદભાવની વૃદ્ધિ થાય તે રીતે સર્વ યોગોમાં યત્ન કરવો જોઈએ અને અપ્રમાદની વૃદ્ધિ સૂત્રથી નિયંત્રિત વીતરાગગામી મતિજ્ઞાનના દૃઢ ઉપયોગથી થાય છે એથી સાધુ સર્વજ્ઞના વચનનું સ્મરણ કરીને સર્વ ઉચિત ક્રિયાઓ તે રીતે કરે છે જેથી મતિજ્ઞાનનો ઉપયોગ પ્રતિક્ષણ પ્રશમરસની વૃદ્ધિ થાય તે પ્રકારે પ્રવર્તે છે અને તે ભાવની વૃદ્ધિના અંગભૂત સાધુને નિત્ય એકાસણું કરવું બહુલતાએ આવશ્યક છે; કેમ કે સુસાધુ એકાસણામાં પણ ઊણોદરી કરીને દેહને અન્ય યોગોમાં શિથિલ ન થાય તે રીતે સમર્થ રાખે છે અને અલ્પ આહાર ગ્રહણ કરીને અને એક વખત આહાર ગ્રહણ કરીને વિકારો ઉત્પન્ન ન થાય તે રીતે યત્ન કરે છે જેથી આહારસંજ્ઞાનું પણ અત્યંત વર્જન થાય છે. અલ્પ આહારને કારણે ઇંદ્રિયો શિથિલ હોવાથી ઇંદ્રિયો વિષયને અભિમુખ થતી નથી, અંતરંગ રીતે સંસારનો અત્યંત ભય હોવાથી

સંસારના ઉચ્છેદ અર્થે કષાયોના તિરોધાનમાં યત્ન થાય તે રીતે દૃઢ વ્યાપાર પ્રવર્તે છે અને જો તે સાધુ ઉપવાસાદિ કે અટ્ઠમઆદિ કરે તો અંતરંગ યત્ન શિથિલ થવાની સંભાવના રહે છે જેથી ચિત્ત પ્રશમભાવની વૃદ્ધિને બદલે પ્રમાદી બને છે તેના નિવારણ અર્થે સાધુને નિત્ય એકાસણું તપ કરવાનું વિધાન છે.

અને જેઓ અધિક તપ કરીને પણ તે પ્રકારે પ્રશમભાવમાં જઈ શકે છે તેઓ છટ્ઠ, અટ્ઠમાદિ યાવદ્ માસક્ષમણને પારણે માસક્ષમણ પણ કરે છે તેઓને 'અહો નિચ્ચં તવો કમ્મં' ઇત્યાદિ સૂત્ર બાધક નથી પરંતુ જેઓ એકાસણાના બળથી જ અપ્રમાદની વૃદ્ધિ કરી શકે છે તેઓ માટે તે નિત્ય તપ કર્મ છે અને તેવા સાધુઓને તપશક્તિસંચય અર્થે પર્વાદિમાં ઉપવાસાદિનું વિધાન છે અર્થાત્ પ્રતિદિન એકાસણાના બળથી અપ્રમાદની વૃદ્ધિ કરે છે તેમ પર્વ દિવસોમાં કાંઈક અંતરંગ દૃઢ યત્ન કરીને ઉપવાસ દ્વારા સર્વ યોગોનું રક્ષણ કરે છે તેવા સમર્થ સાધુ માટે પર્વાદિમાં ઉપવાસનું વિધાન છે; કેમ કે તે મહાત્મા પ્રતિદિન એકાસણાના બળથી સર્વ યોગોનું રક્ષણ કરે છે અને પર્વાદિ કારણોમાં વિશેષ પ્રકારનો દૃઢ યત્ન કરીને અન્ય યોગોનો વ્યાઘાત ન થાય તે રીતે તપ કરે છે. વળી, પ્રતિદિન ઉપવાસાદિના પારણે ઉપવાસ કરીને તે રીતે દૃઢ યત્ન કરવા સમર્થ નથી તેવા સાધુ એકાસણું કરીને સર્વ ઉચિત આચારોનું રક્ષણ કરે છે અને પર્વ દિવસે કાંઈક દૃઢ સંકલ્પના બળથી ઉપવાસાદિ કરીને બધા યોગોનું રક્ષણ કરવા યત્ન કરે છે.

વળી, જેઓ પર્વ દિવસે પણ ઉપવાસ કરીને યોગોનું રક્ષણ કરવા સમર્થ નથી તેઓને અન્ય યોગોના રક્ષણના ઉપાયના અનન્ય અંગ તરીકે આહારગ્રહણની પણ અનુજ્ઞા છે જ પરંતુ માત્ર એકાંતથી 'સાધુએ નિત્ય એકાસણું જ કરવું જોઈએ અને પર્વાદિ પ્રસંગોમાં ઉપવાસ જ કરવો જોઈએ.' તેવું સૂચન પ્રસ્તુત સૂત્ર કરતું નથી. **॥૬૮૫॥**

**અવતરણિકા :-**

**भूयोऽपि गुरुलाघवालोचनायां किंचित्सावद्यापि प्रवृत्तिर्मतिमतां गुणावहैवेति दर्शयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**ફરી પણ ગુરુલાઘવની આલોચનામાં કાંઈક સાવદ્ય પણ પ્રવૃત્તિ બુદ્ધિમાનોને ગુણને લાવનારી જ છે એ પ્રમાણે બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૬૭૫માં કહ્યું કે ચારિત્રની વિશુદ્ધિ અર્થે શક્તિથી સ્વાધ્યાયાદિમાં પ્રવર્તન કરવું જોઈએ અને ગાથા-૬૭૬માં કહ્યું કે ચારિત્રની શુદ્ધિ હોતે છતે મહાત્મા ગુરુલાઘવભાવના જ્ઞાનવાળા હોય છે જેથી કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે. ત્યારપછી ગુરુલાઘવના અંગભૂત જ શુદ્ધ આહારાદિ કરતાં ગુરુકુળવાસ કઈ રીતે કલ્યાણની પરંપરાનું પ્રબળ કારણ છે તે બતાવ્યું. ત્યારપછી ઉપવાસ કરતાં એકાસણું કઈ રીતે ગુરુ છે તેની સ્પષ્ટતા કરી જેથી યોગ્ય મહાત્મા ગુરુલાઘવનું આલોચન કરીને ગુરુકુળવાસના ફળને અને તપના ફળને પ્રાપ્ત કરી શકે. હવે કોઈક સાવદ્ય પ્રવૃત્તિ પણ ગુરુલાઘવની આલોચના કરવાથી ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ બને તો બુદ્ધિમાન માટે લાભ કરનારી છે તે બતાવે છે.

ગાથા :-

आउत्ताइएसुवि आउक्कायाइजोगसुज्झवणं ।
पवयणखिंसा एयस्स वज्जणं चेव चिंतमियं ।।६८६।।

**અન્વયાર્થ :-**

आउत्तइएसुवि=આયુક્તાદિ હોતે છતે પણ, आउक्कायाइजोगसुज्झवणं=અપ્કાયાદિ દ્વારા કાયયોગનું શોધન કર્તવ્ય છે=સચિત્ત પાણી આદિના યોગ દ્વારા કાયયોગનું શોધન સાધુને કર્તવ્ય છે. पवयणखिंसा=પ્રવચનની ખિંસા હોતે છતે, एयस्स वज्जणं चेव=આનું વર્જન જ=સચિત્ત પાણી આદિનું વર્જન જ કયા ગુણને કરનારું છે ? चिंतमियं=એ ચિંતવન કરવું જોઈએ. ।।૬૮૬।।

**ગાથાર્થ :-**

**આયુક્તાદિ હોતે છતે પણ અપ્કાયાદિ દ્વારા કાયયોગનું શોધન કર્તવ્ય છે=સચિત્ત પાણી આદિના યોગ દ્વારા કાયયોગનું શોધન સાધુને કર્તવ્ય છે. પ્રવચનની ખિંસા હોતે છતે આનું વર્જન જ=સચિત્ત પાણી આદિનું વર્જન જ કયા ગુણને કરનારું છે ? એ ચિંતવન કરવું જોઈએ. ।।૬૮૬।।**

**ટીકા :-**

आयुक्तादिष्वपि । आयुक्ते समयपरिभाषया कल्पत्रयलक्षणे कर्त्तव्ये, आदिशब्दात् कथञ्चित् तथाविधमातङ्गाद्यस्पृश्यस्पर्शनादौ च सम्पन्ने सति, आगाढशौचवादिधिग्वर्णाद्यत्यन्तसंकीर्णस्थानवासस्य कथञ्चिद् दैवदुर्योगात् प्राप्तौ कञ्जिकादिना वा शौचे विप्लाव्यमानेऽप्कायादियोगशोधनम्-अप्कायेन सचित्तेनाम्भसा, आदिशब्दादनेषणीयेनोष्णोदकलक्षणेन योगस्य कायलक्षणस्य पुरीषोत्सर्गादौ मलिनीभूतस्य शोधनमपानादिप्रक्षालनेन शुद्धीकरणं कस्यचित् साधोर्गीतार्थस्य तावत् प्रवचनखिंसारक्षणार्थं क्वचित् काले सम्पद्यते । एवं च कदाचिदगीतार्थेन साधुना प्रवचनखिंसायामशौचमिदं दर्शनमिति विप्लवरूपायां धिग्जातीयादिना जनेन क्रियमाणायामेतस्याप्कायादियोगशोधनस्य वर्ज्जनं परिहरणं कञ्जिकादिना प्रासुकैषणीयेन योगशोधनं क्रियमाणमित्यर्थः, 'चेव'इति समुच्चये, यथा गुरुकुलवासत्यागेन शुद्धोञ्छादि तथा चिन्त्यं चिन्तनीयमिदं प्रस्तुतं गुरुलाघवालोचनपरायणैर्बहुश्रुतैर्यथा कं गुणं करोति । चरित्रिणो हि जीवाः प्रवचनखिंसामुपस्थितां स्वप्राणव्ययेनापि निवारयन्ति । यथा, उदायिनृपकथायां दुर्विनेयप्रयुक्तकंकलोहकर्त्तिकाकण्ठकर्त्तनद्वारेणोदायिनृपमृत्यौ सम्पन्ने सूरिणा उपायान्तरेण प्रवचनमालिन्यमापन्नं प्रज्वालयितुमशक्नुवता विहिततत्कालोचितकृत्येन चारित्र्यपरसाधुसदृश आत्मैव व्यापादित इति ।।६८६।।

**ભાવાર્થ :-**

સાધુને મળશુદ્ધિ અર્થે ગયા પછી ત્રણ વખત પાણીથી શુદ્ધિ કર્તવ્ય છે તેથી સામાન્યથી સુસાધુ એકાસણાનો તપ કરતા હોય કે ઊણોદરી આદિ કરતા હોય ત્યારે મળ બંધાયેલો જ આવે છે. તેની પ્રથમ શુદ્ધિ ડગલથી= તે પ્રકારના પત્થરના ટુકડાથી, કરે છે. ત્યારપછી શુદ્ધ એવા કાંજી આદિના પાણી આદિથી કરે છે; કેમ કે સાધુને ઉકાળેલા અચિત્ત પાણીની પ્રાપ્તિ પ્રાયઃ દુર્લભ હોય છે. આમ છતાં કોઈક કારણે શૌચવાદી એવા મનુષ્યની વસતીમાં સાધુ ઊતરેલા હોય અને તેઓ સાધુને આ રીતે મળશુદ્ધિ કર્યા પછી કાંજી આદિના પાણીથી શુદ્ધિને કરતા જોઈને તેઓનું ચિત્ત ભગવાનના ધર્મ પ્રત્યે દુર્ભાવવાળું બને; કેમ કે 'આવા મલિન ગાત્રથી આ સાધુઓ સ્વાધ્યાયાદિ ધર્મની પ્રવૃત્તિ કરે છે માટે આ ધર્મ સુંદર નથી' તેવી બુદ્ધિ થાય છે અને તેના કારણે તે જીવોને દુર્લભબોધિ આદિની પ્રાપ્તિ થાય તો તેમાં સાધુ નિમિત્ત બને છે તેથી તેના પરિહાર અર્થે વિવેકી સાધુઓ તેવા સંયોગમાં સચિત્ત પાણીથી પણ કે અનેષણીય એવા ઉકાળેલા પાણીથી પણ મળવિસર્જન પછી દેહની શુદ્ધિ કરે છે જેનાથી પ્રવચનની ખિંસાનું વર્જન થાય છે. આ પ્રવૃત્તિમાં સચિત્ત પાણીનો ઉપયોગ કરવાથી અલ્પ દોષની પ્રાપ્તિ થઈ અને પ્રવચનની હીલનાનું નિવારણ થવાથી મહાન ગુણની પ્રાપ્તિ થઈ તેથી તે શૌચવાદી જીવોને દુર્લભબોધિની પ્રાપ્તિનું નિવારણ થવાને કારણે મહાન લાભ હોવાથી તે સચિત્ત પાણીનો ઉપયોગ પણ તે મહાત્મા માટે દોષાવહ નથી પણ ગુણને લાવનાર છે અર્થાત્ તે મહાત્માને સુવિશુદ્ધ પરિણામ હોવામાં એકાંત નિર્જરાનું કારણ છે, લેશપણ કર્મબંધનું કારણ નથી.

અને જે મહાત્મા વિચારે છે કે સાધુને સચિત્ત પાણીનો ઉપયોગ કરવો અત્યંત વર્જ્ય છે અથવા તો પોતાના માટે ઉકાળીને કરાયેલ સચિત્ત પાણી સાધુને અત્યંત વર્જ્ય છે માટે નિર્દોષ એવા કાંજીકાદિ દ્વારા સ્થંડિલભૂમિમાં જવું જોઈએ અને તે પ્રકારની પ્રવૃત્તિ કરીને તેઓ શૌચવાદીઓને 'ભગવાનનો ધર્મ અવિવેકવાળો છે' તેવી બુદ્ધિ ઉત્પન્ન કરે છે જેથી તેઓને ભગવાનના ધર્મ પ્રત્યે જે અનાદર થાય છે તેમાં સાધુ નિમિત્ત કારણ બનીને કર્મબંધની પ્રાપ્તિ કરે છે તેથી તેવા સંયોગોમાં સાવદ્ય પ્રવૃત્તિ પણ સાધુ માટે ગુણાવહ જ છે; કેમ કે બાહ્ય જીવોની હિંસાની અપેક્ષાએ અન્ય યોગ્ય જીવોને ધર્મથી વિમુખભાવ થાય એમાં અધિક દોષ છે.

વસ્તુતઃ સાધુ યોગ્ય જીવોને ધર્મ પ્રત્યે દુર્ભાવ ન થાય એવા વિશુદ્ધ આશયપૂર્વક એ વખતે સચિત્ત પાણીનો ઉપયોગ કરે અને જે સચિત્ત જીવોની વિરાધના થાય છે તે સાધુના પ્રયત્નથી થયેલ નથી પરંતુ તે જીવોના તથાપ્રકારના કર્મથી થયેલ છે; કેમ કે દયાળુ સ્વભાવવાળા સાધુ પ્રવચનની ખિંસાના પરિહાર માટે ઉચિત યત્ન કરીને યોગ્ય જીવો દુર્લભબોધિ ન થાય તેવા અધ્યવસાયપૂર્વક તેને અનુરૂપ જે ઉચિત ક્રિયા કરે છે તે ક્રિયાના યોગથી અશક્ય પરિહારરૂપે બાહ્ય જીવોની હિંસા છે. જેમ ક્ષેત્રના અપ્રતિબંધ અર્થે સાધુ નવકલ્પી વિહાર કરે છે તે વખતે તેમના ગમનથી જે જીવોની વિરાધના થાય છે તે અશક્ય પરિહારરૂપ હોવાથી લેશપણ કર્મબંધનું કારણ નથી પરંતુ ભગવાનની આજ્ઞાનું પાલન કરીને ક્ષેત્રના અપ્રતિબંધની વૃદ્ધિમાં તે વિહારની પ્રવૃત્તિ કારણ બને છે. ફક્ત કયા સંયોગમાં ઉત્સર્ગમાર્ગથી પ્રવૃત્તિ કરવી જોઈએ અને કયા સંયોગમાં અપવાદમાર્ગથી પ્રવૃત્તિ કરવી જોઈએ અને અપવાદની પ્રવૃત્તિ પણ અગીતાર્થ સાધુ વચ્ચે કઈ રીતે કરવી જોઈએ કે જેથી તેઓને ભ્રમ ન થાય તે વિષયમાં દેશકાળને અનુરૂપ ઉચિત પ્રવૃત્તિનો નિર્ણય કરવા સમર્થ ગીતાર્થ સાધુ જ પ્રમાણ બને છે. **॥૬૮૬॥**

**અવતરણિકા :-**

**अथैतदुपसंहरन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે આનો=ગુરુલાઘવભાવનો, ઉપસંહાર કરે છે અર્થાત્ ગાથા-૬૭૬માં 'ગુરુલાઘવભાવના જ્ઞાનને કારણે કલ્યાણની પરંપરા થાય છે, તેમ કહ્યું. ત્યારપછી તે ગુરુલાઘવનાં કેટલાંક સ્થાનો બતાવ્યાં. હવે તેનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**इच्चाइसु गुरुलाघवणाणे जायम्मि तत्तओ चेव ।**
**भवणिव्वेया जीवो सज्झायाई समायरइ ।।६८७।।**

**અન્વયાર્થ :-**

**इच्चाइसु=ઇત્યાદિમાં=ગુરુકુળવાસત્યાગપૂર્વક શુદ્ધ ઊંચ્છાદિમાં, तत्तओ चेव=તત્ત્વથી જ, गुरुलाघवणाणे जायम्मि=ગુરુલાઘવનું જ્ઞાન થયે છતે, भवणिव्वेया=ભવનિર્વેદથી, जीवो=જીવ, सज्झायाई समायरइ=સ્વાધ્યાયાદિ સામાચારીને સમ્યક્ સેવે છે. ।।૬૮૭।।**

**ગાથાર્થ :-**

**ઇત્યાદિમાં=ગુરુકુળવાસત્યાગપૂર્વક શુદ્ધ ઊંચ્છાદિમાં, તત્ત્વથી જ ગુરુલાઘવનું જ્ઞાન થયે છતે ભવનિર્વેદથી જીવ સ્વાધ્યાયાદિ સામાચારીને સમ્યક્ સેવે છે. ।।૬૮૭।।**

**ટીકા :-**

**गुरुकुलवासत्यागपुरस्सरशुद्धोञ्छादिषु गुरुलाघवज्ञाने गुणदोषयोर्गुरुलघुत्वपर्यालोचे जाते सति तत्त्वतश्चैव तत्त्ववृत्त्यैव भवनिर्वेदात् संसारनैर्गुण्यावधारणाज्जीवः स्वाध्यायादीन् साधुसमाचारान् समाचरति सम्यगासेवते ।।६८७।।**

**ભાવાર્થ :-**

સુસાધુ સ્વાધ્યાયાદિ સાધુઆચારોને સમ્યક્ સેવીને સંસાર પરિમિત કરે છે અને ઉત્તરોત્તરના સુદેવત્વને કે સુમાનુષત્વને પ્રાપ્ત કરે છે અને અંતે મોક્ષમાં જાય છે. વળી, સ્વાધ્યાયાદિ સામાચારીની સમ્યક્ નિષ્પત્તિનાં બે અંગો છે – (૧) ભવનો નિર્વેદ અને (૨) ગુરુલાઘવનું જ્ઞાન. એથી પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે 'સૂક્ષ્મ બોધપૂર્વકનો ગુરુકુલવાસ, સૂક્ષ્મ બોધપૂર્વકનો તપનો વિવેક અને સૂક્ષ્મ બોધપૂર્વક ઉચિત કાળે સાવદ્ય પ્રવૃત્તિ પણ ગુણાવહ છે, તેનો નિર્ણય જે મહાત્માને યથાર્થ છે તેઓ જો ભવથી નિર્વેદ પામેલા હોય તો અવશ્ય ગુરુલાઘવના જ્ઞાનને કારણે સાધ્વાચારોનું સમ્યક્ સેવન કરી શકે છે અને જે મહાત્મા સાધ્વાચારના

સમ્યગ્ સેવનથી આત્માને વાસિત કરે છે તેઓનું ચિત્ત વીતરાગના વચનથી નિયંત્રિત થઈને વીતરાગતુલ્ય થવાને અનુકૂળ વ્યાપારવાળું હોવાથી અલ્પ કાળમાં સંસારનો ઉચ્છેદ કરવા સમર્થ બને છે. **॥૬૮૭॥**

**અવતરણિકા :-**

**स्वाध्यायादिसमाचारफलमाह —**

**અવતરણિકાર્થ :-**

**સ્વાધ્યાયાદિ સમાચારના ફળને કહે છે=પૂર્વમાં કહ્યું કે ગુરુલાઘવના જ્ઞાનવાળા અને ભવનિર્વેદવાળા મહાત્મા સ્વાધ્યાયાદિ સાધુ આચારોનું સમ્યક્ સેવન કરે છે હવે તેવા આચારોનું કેવું શ્રેષ્ઠ ફળ છે તેને કહે છે —**

**ગાથા :-**

**गंभीरभावणाणा सद्धाइसओ तओ य सक्किरिया ।**
**एसा जिणेहिं भणिआ संजमकिरिया चरणरूवा ।।६८८।।**

**અન્વયાર્થ :-**

**गंभीरभावणाणा=ગંભીર ભાવોના જ્ઞાનથી, सद्धाइसओ=શ્રદ્ધાનો અતિશય થાય છે. तओ य=અને તેનાથી=શ્રદ્ધાના અતિશયથી, सक्किरिया=સત્ક્રિયા થાય છે. एसा=આ=શ્રદ્ધાના અતિશયથી થયેલી સત્ક્રિયા, जिणेहिं=જિનેશ્વરો વડે, चरणरूवा संजमकिरिया भणिआ=ચરણરૂપ સંયમક્રિયા કહેવાઈ છે. ॥૬૮૮॥**

**ગાથાર્થ :-**

**ગંભીર ભાવોના જ્ઞાનથી શ્રદ્ધાનો અતિશય થાય છે. અને તેનાથી=શ્રદ્ધાના અતિશયથી, સત્ક્રિયા થાય છે. આ=શ્રદ્ધાના અતિશયથી થયેલી સત્ક્રિયા, જિનેશ્વરો વડે ચરણરૂપ સંયમક્રિયા કહેવાઈ છે. ॥૬૮૮॥**

**ટીકા :-**

**गंभीराणां भावानां जीवानां जीवास्तित्वादीनां सम्यक्त्वाभिव्यक्तिभूतानां यज्ज्ञानमवबोधस्तस्मात् । किमित्याह—श्रद्धातिशयस्तत्त्वरुचिलक्षणः समुज्जृम्भते । ततश्च पुनस्तस्मात् श्रद्धातिशयात् सत्क्रिया निर्वाणफलसमाचाररूपा प्रवर्त्तते । सत्क्रियामेव व्याचष्टे—एषा सत्क्रिया पुनर्जिनैर्भगवद्भिर्भणिता संयमक्रिया अभिनवकर्मोपादाननिरोधफला पूर्वोपात्तनिर्जरणफला च चरणरूपा ।।६८८।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ ગુરુલાઘવનું આલોચન કરીને ગુરુકુળવાસનું સેવન કરે છે તે મહાત્માઓને ગુરુના સાંનિધ્યના બળથી મોક્ષમાર્ગને બતાવનારાં જીવાદિ તત્ત્વોનો સૂક્ષ્મ બોધ થાય છે. વળી, વિવેકપૂર્વકનો તપ

કરીને પોતાના સ્વાધ્યાયાદિ યોગોનું તે મહાત્મા ગુરુલાઘવના જ્ઞાનના બળથી રક્ષણ કરે છે. વળી, વિવેકપૂર્વકની અપવાદિક સાવદ્ય પ્રવૃત્તિ કરીને પણ અન્ય જીવોના હિતનું રક્ષણ કરે છે જેથી ભગવાનના શાસ્ત્રના વિષયોમાં ગંભીર ભાવોનો તેને સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ થાય છે અને સમ્યક્ બોધ હંમેશાં તે બોધને અનુસાર રુચિનો અતિશય કરે છે તેથી સૂક્ષ્મ બોધને કારણે આત્માની નિરાકુળ અવસ્થાને અનુકૂળ ઉચિત ક્રિયાઓનો તે મહાત્માને સૂક્ષ્મ બોધ થવાથી તે મહાત્મા જે કાંઈ ક્રિયા કરે છે તે સર્વ ક્રિયાઓ મોહનું ઉન્મૂલન કરીને આત્માની અધિક અધિક નિરાકુળ અવસ્થાનું કારણ બને છે અને આવી શ્રદ્ધાના અતિશયવાળી ચરણરૂપ ક્રિયા ભગવાને કહી છે; કેમ કે શુદ્ધ ભાવમાં વર્તતો આત્મા ક્યારેય પણ કોઈનું અહિત થાય તેવી અનુચિત પ્રવૃત્તિ કરે નહીં અને સ્વપરના હિતનું એકાંત કારણ બને તેવી ઉચિત પ્રવૃત્તિનું જ્ઞાન ગુરુલાઘવના જ્ઞાનથી થાય છે. **॥૬૮૮॥**

**અવતરણિકા :-**

**एतदेव दृष्टान्तदार्ष्टान्तिकभावनया गाथाचतुष्टयेन भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=ગંભીરભાવના જ્ઞાનને કારણે શ્રદ્ધાના અતિશયથી સત્ક્રિયા થાય છે એને જ, દૃષ્ટાંત-દાર્ષ્ટાન્તિક ભાવનાથી ચાર ગાથા દ્વારા ભાવન કરે છે –**

**ગાથા :-**

**सम्मं अण्णायगुणे सुंदररयणम्मि होइ जा सद्धा ।**
**तत्तोऽणंतगुणा खलु विण्णायगुणम्मि बोद्धव्वा ।।६८९।।१।।**

**અન્વયાર્થ :-**

**सम्मं अण्णायगुणे=સમ્યગ્ અજ્ઞાતગુણવાળા, सुंदररयणम्मि=સુંદર રત્નમાં, जा सद्धा होइ=જે શ્રદ્ધા થાય છે, तत्तो=તેનાથી, विण्णायगुणम्मि=વિજ્ઞાતગુણવાળામાં, अणंतगुणा खलु बोद्धव्वा=અનંતગુણ જ (શ્રદ્ધા) જાણવી. ॥૬૮૯॥**

**ગાથાર્થ :-**

**સમ્યગ્ અજ્ઞાતગુણવાળા સુંદર રત્નમાં જે શ્રદ્ધા થાય છે તેનાથી વિજ્ઞાતગુણવાળામાં અનંતગુણ જ શ્રદ્ધા જાણવી. ॥૬૮૯॥**

**ટીકા :-**

**सम्यग् यथावदज्ञातगुणेऽपरिनिश्चितदारिद्र्योपशमादिमाहात्म्ये सुन्दररत्ने जात्यपद्मरागादिरूपे भवति या श्रद्धा रुचिः स्वभावत एव कल्याणभाजो जीवस्य, ततः श्रद्धाया अनन्तगुणा, खलुरेवकारार्थः, विज्ञातगुणे स्वप्रज्ञाप्रकर्षात् शिक्षागुरूपदेशाद्वा अवगतमाहात्म्ये तत्रैव रत्ने बोद्धव्या ।।६८९।।१।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહેલ કે ગુરુકુળવાસમાં વસવાથી શ્રદ્ધાનો અતિશય થાય છે તેથી હવે કઈ રીતે ગુરુકુળવાસમાં વસવાથી શ્રદ્ધાનો અતિશય થાય છે એ સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે.

જે મહાત્માઓને સંસારનો અત્યંત ભય લાગ્યો છે તેથી સંયમ ગ્રહણ કર્યું છે અને 'સંસારના ઉચ્છેદનો ઉપાય અત્યંત ઉપયોગપૂર્વક ભગવાનના વચનોનું ભાવન છે' એવી સ્થિર રુચિ છે તેઓમાં આત્માના પારમાર્થિક હિતને જોનારી સમ્યગ્દષ્ટિ છે તેથી તેવા સમ્યગ્દર્શનવાળા મહાત્મા ગુણવાન ગુરુના પારતંત્ર્યમાં રહીને શાસ્ત્રનો અભ્યાસ કરે છે ત્યારે તેઓને ભગવાનનાં વચનોનો સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ થાય છે. પૂર્વમાં સુંદર રત્ન જેવાં ભગવાનનાં વચનોમાં તેઓને શ્રદ્ધા હતી તોપણ તે ભગવાનનાં વચનો કઈ રીતે વીતરાગતામાં પર્યવસાન પામે છે તેવો સૂક્ષ્મ બોધ ન હતો પરંતુ સામાન્યથી બોધ હતો કે 'સમ્યગ્ રીતે સેવાયેલું ભગવાનનું વચન સંસારના ઉચ્છેદનું કારણ છે' તેથી કાંઈક જ્ઞાનગુણવાળાં સુંદર રત્ન જેવાં ભગવાનનાં વચનમાં તેઓને પૂર્વમાં શ્રદ્ધા હોવા છતાં યથાવદ્ જ્ઞાનગુણવાળી તેઓની શ્રદ્ધા ન હતી અને જ્યારે શાસ્ત્રો ભણે છે ત્યારે તે તે શાસ્ત્રવચનના બળથી જે સૂક્ષ્મ બોધ થાય છે અને તેના ભાવનથી જે નિર્લેપ દશા પ્રગટે છે ત્યારે વિજ્ઞાતગુણવાળા તે ભગવાનના વચનમાં તે મહાત્માને અનંતગુણ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. તેથી ગાથા-૬૮૮માં કહ્યું કે ગંભીર ભાવોના જ્ઞાનથી શ્રદ્ધાનો અતિશય થાય છે માટે ગુરુકુળવાસ સમ્યગ્દર્શનની અતિશયતાનું પ્રબળ કારણ છે એ પ્રકારનો અર્થ ફલિત થાય છે. **॥૬૮૯॥**

**ગાથા :-**

**तीएवि तम्मि जत्तो जायइ परिपालणाइविसओत्ति ।**
**अच्चंतभावसारो अइसयओ भावणीयमिणं ।।६९०।।२।।**

**અન્વયાર્થ :-**

**तीएवि=તેનાથી પણ=અતિશય શ્રદ્ધાથી પણ, तम्मि=તેમાં=તે રત્નોમાં, परिपालणाइविसओत्ति= પરિપાલનાદિ વિષયવાળો, अच्चंतभावसारो=અત્યંત ભાવસાર, जत्तो जायइ=યત્ન થાય છે. इणं=આ= પરિજ્ઞાતરત્નમાં શ્રદ્ધાના અતિશયને કારણે અતિશય ભાવસાર યત્ન થાય છે એ, अइसयओ भावणीयं= અતિશયથી ભાવન કરવું જોઈએ. ।।૬૯૦।।**

**ગાથાર્થ :-**

**તેનાથી પણ=અતિશય શ્રદ્ધાથી પણ, તેમાં=તે રત્નોમાં, પરિપાલનાદિ વિષયવાળો અત્યંત ભાવસાર યત્ન થાય છે. આ=પરિજ્ઞાતરત્નમાં શ્રદ્ધાના અતિશયને કારણે અતિશય ભાવસાર યત્ન થાય છે એ, અતિશયથી ભાવન કરવું જોઈએ. ।।૬૯૦।।**

**ટીકા :-**

**तस्या अप्यतिशयवत्याः श्रद्धायाः सकाशात् तस्मिन् रत्ने यत्नो जायते । कीदृश इत्याह—**

**परिपालनादिविषय इतीति परिपालनपूजनस्तवनादिरूपोऽत्यन्तभावसारोऽतिगाढप्रतिबन्धप्रधानः । अत्रैवविशेषोपदेशमाह—अतिशयत अत्यादरेणभावनीयमिदमस्मदुक्तम्, अपरिभाविते उक्तेऽप्यर्थे सम्यग् बोधाभावात् ।।६९०।।२।।**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં રત્નનું દૃષ્ટાંત આપ્યું. તે દૃષ્ટાંત અનુસાર કોઈને સુંદર રત્નમાં અત્યંત શ્રદ્ધા હોય છતાં જ્યારે તે રત્નના વિશેષ ગુણને જાણે છે ત્યારે અનંતગુણ શ્રદ્ધા થાય છે અને તે અતિશય શ્રદ્ધા થવાને કારણે તે જીવો તે રત્નનું પરિપાલન પૂજન સ્તવનાદિ રૂપ યત્ન અત્યંત ભાવસાર કરે છે; કેમ કે તે પ્રકારે યત્ન કરવાથી તે રત્નો અત્યંત ફળવાન થાય છે. આ કથન અત્યંત આદરથી ભાવન કરવું જોઈએ. જેથી ઉપસ્થિત થાય કે રત્નતુલ્ય ભગવાનનું વચન પણ વિશેષ જ્ઞાન પછી વિશેષ રૂપે સેવાય છે અને સામાન્ય જ્ઞાનપૂર્વક તેની રુચિથી ભગવાનનું વચન સામાન્યથી સેવાય છે તેવો યથાર્થ બોધ થાય.

આથી જ જેઓને ભગવાનના વચનનો વિશેષ બોધ નથી છતાં સ્થિર નિર્ણય છે કે સર્વજ્ઞનું વચન વીતરાગનું વચન છે અને વીતરાગનું વચન વીતરાગતાની પ્રાપ્તિનું એક કારણ છે અને વીતરાગતા સંસારના ઉચ્છેદનું એક કારણ છે આથી સંસારના ઉચ્છેદના અર્થી એવા તે જીવો 'મારે વીતરાગ થવું છે' તેવા બોધપૂર્વક વીતરાગના વચનને સામાન્યથી સેવતા હોય તો પણ જ્યાં સુધી શાસ્ત્રનું અધ્યયન કરીને સૂક્ષ્મ બોધવાળા થયા નથી ત્યાં સુધી તે વીતરાગના વચનને અત્યંત ભાવસાર સેવી શકતા નથી. એ પ્રકારે અતિશયથી ભાવન કરવું જોઈએ જેથી વીતરાગના વચનના પરમાર્થને જાણવા માટેનો ઉચિત યત્ન સમ્યગ્ થાય. **॥૬૯૦॥**

**ગાથા :-**

**एवं सज्झायाइसु णिच्चं तह पक्खवायकिरियाहिं ।**
**सइ सुहभावा जायइ विसिट्ठकम्मक्खओ णियमा ।।६९१।।३।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે=પૂર્વમાં સુંદર રત્નના દૃષ્ટાંતથી બતાવ્યું એ રીતે, णिच्चं=નિત્ય, सज्झायाइसु तह पक्खवायकिरियाहिं=સ્વાધ્યાયાદિમાં તે પ્રકારે પક્ષપાત અને ક્રિયા વડે, सइ=સદા, सुहभावा=શુભભાવ થવાથી, णियमा=નિયમથી, विसिट्ठकम्मक्खओ जायइ=વિશિષ્ટ કર્મનો ક્ષય થાય છે. ॥૬૯૧॥**

**ગાથાર્થ :-**

**આ રીતે=પૂર્વમાં સુંદર રત્નના દૃષ્ટાંતથી બતાવ્યું એ રીતે, નિત્ય સ્વાધ્યાયાદિમાં તે પ્રકારે પક્ષપાત અને ક્રિયા વડે સદા શુભભાવ થવાથી નિયમથી વિશિષ્ટ કર્મનો ક્ષય થાય છે. ॥૬૯૧॥**

**ટીકા :-**

**एवं सुन्दररत्नवत्स्वाध्यायादिषूक्तलक्षणेषु नित्यं प्रतिदिनं चतुष्कालाद्याराधनया क्रियमाणेषु तथा पक्षपातक्रियाभ्यां तत्प्रकारात् तत्त्वगोचरात् पक्षपाताच्छक्त्यनुरूपं क्रियातश्च सदा शुभभावात् परिशुद्धपरिणामाज्जायते विशिष्टकर्मक्षयो विशिष्टः सानुबन्धो ज्ञानावरणादिकर्मक्षयोपशमो नियमाद् निश्चयेन सम्यक्चिकित्साप्रयोगादिव तथाविधरोगनिग्रह इति ।।६९१।।३।।**

**ભાવાર્થ :-**

ગાથા-૬૮૯, ૬૯૦માં રત્નના દૃષ્ટાંતથી બતાવ્યું કે સમ્યગ્ અજ્ઞાતગુણવાળા સુંદર રત્નમાં જે શ્રદ્ધા છે તેના કરતાં જ્ઞાતગુણવાળા રત્નમાં અનંતગુણ શ્રદ્ધા થાય છે અને તેના કારણે તે રત્નના પરિપાલનાદિનો યત્ન પણ અત્યંત ભાવસાર થાય છે એ રીતે જે મહાત્મા સંસારથી વિરક્ત થઈને સંયમ ગ્રહણ કરે છે અને ગુણવાન ગુરુના સાંનિધ્યમાં શાસ્ત્ર ભણીને નિપુણ થયા નથી ત્યારે તેઓને સ્વાધ્યાયાદિ ક્રિયામાં જે પક્ષપાત હતો તેના કરતાં જ્યારે તે સ્વાધ્યાયાદિના બળથી પોતાના કષાયો અલ્પ-અલ્પતર થતા દેખાય છે ત્યારે સુંદર રત્નતુલ્ય એવી તે સ્વાધ્યાયાદિ ક્રિયામાં અનંતગણો પક્ષપાત થાય છે. જેના કારણે તત્ત્વના પ્રતિબંધક જ્ઞાનાવરણીય કર્મનો, દર્શનમોહનીય કર્મનો અને તત્ત્વને સ્પર્શનાર જીવની પરિણતિરૂપ ચારિત્રના પ્રતિબંધક ચારિત્રમોહનીય કર્મનો અને તત્ત્વને અનુકૂળ દૃઢ ઉદ્યમ કરાવે તેવા સૂક્ષ્મ વીર્યના પ્રતિબંધક વીર્યાંતરાય કર્મનો નિયમા સાનુબંધ ક્ષયોપશમ થાય છે જેના કારણે વિશિષ્ટ ક્ષયોપશમ થવાથી તે મહાત્મા અલ્પ કાળમાં સંસારનો ઉચ્છેદ કરવા સમર્થ બને છે. **॥૬૯૧॥**

**ગાથા :-**

**तह जह ण पुणो बंधइ पायाणायारकारणं तमिह ।**
**तत्तो विसुज्झमाणो सुज्झइ जीवो धुवकिलेसो ।।६९२।।४।।**

**અન્વયાર્થ :-**

**जह=જે પ્રમાણે, इह=અહીં=પ્રસ્તુત શુભભાવ પ્રાપ્ત થયે છતે, पाय=પ્રાયઃ, अणायारकारणं तं= અનાચારના કારણ એવા તેને અર્થાત્ અશુભ કર્મને, ण पुणो बंधइ=ફરી બાંધતો નથી, तह=તે પ્રકારે= તે પ્રકારે વિશિષ્ટ કર્મ ક્ષયોપશમ થાય છે. तत्तो=તેથી, विसुज्झमाणो जीवो=વિશુદ્ધ્યમાન એવો જીવ, धुवकिलेसो=ધ્રુવક્લેશવાળો=ક્ષીણ સર્વ કર્મવાળો, सुज्झइ=સિદ્ધ થાય છે. ॥૬૯૨॥**

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે અહીં=પ્રસ્તુત શુભભાવ પ્રાપ્ત થયે છતે પ્રાયઃ અનાચારના કારણ એવા તેને અર્થાત્ અશુભ કર્મને, ફરી બાંધતો નથી તે પ્રકારે=તે પ્રકારે વિશિષ્ટ કર્મ ક્ષયોપશમ થાય છે. તેથી વિશુદ્ધ્યમાન એવો જીવ ધ્રુવક્લેશવાળો=ક્ષીણ સર્વ કર્મવાળો, સિદ્ધ થાય છે. ॥૬૯૨॥**

**ટીકા :-**

**तथा विशिष्टकर्मक्षयो जायते यथा न पुनर्द्वितीयवारं बध्नाति समादत्ते प्रायो बाहुल्येनानाचारकारणं नरकादिपातनिमित्तं तत्कर्म इह प्रस्तुतशुभभावलाभे सति । प्रायोग्रहणं च शुभभावलाभेऽपि निकाचिताशुभकर्मणां केषाञ्चित् स्कन्दकाचार्यादीनामिवानाचारकारणाशुभकर्मबन्धेऽपि मा भूद् व्यभिचार इति । ततोऽनाचारकारणकर्मबन्धाभावाद्विशुद्ध्यमानः प्रतिदिनमवदातायमानमना सिद्ध्यति निष्ठितार्थो भवतीति जीवो धुतक्लेशः क्षीणसर्वकर्म्मा ।।६९२।।४।।**

**ભાવાર્થ :-**

વળી, જે મહાત્માઓ સુંદર રત્નતુલ્ય સ્વાધ્યાયાદિમાં યત્ન કરીને તે સ્વાધ્યાયાદિથી થતા વિશેષ ગુણોના પરિજ્ઞાનવાળા છે તેઓ અપ્રમાદભાવથી સ્વાધ્યાયાદિમાં યત્ન કરીને વિશિષ્ટ પ્રકારનાં જ્ઞાનાવરણીય આદિ કર્મોનો ક્ષયોપશમ કરે છે. તે વિશિષ્ટ ક્ષયોપશમ કેવા પ્રકારનો છે તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે.

તે વિશિષ્ટ ક્ષયોપશમને કારણે તે મહાત્માઓ પ્રાયઃ નરકાદિપાતનું કારણ એવું કર્મ ફરી બીજીવાર બાંધતા નથી. તેથી એ પ્રાપ્ત થાય કે પૂર્વમાં તે પ્રકારનો વિશિષ્ટ ક્ષયોપશમ નહીં હોવાને કારણે નિમિત્તને પામીને સૂક્ષ્મ સંક્લેશ થાય છે અને તે સંક્લેશ વૃદ્ધિને પામે છે ત્યારે નરકાદિપાતનું કારણ પણ બને છે. જેમ ચંડકૌશિકના જીવ ગૌભદ્રમુનિને નિમિત્તને પામીને સંક્લેશ થયો અને તે સંક્લેશ વૃદ્ધિને પામીને ચંડકૌશિકના ભવની પ્રાપ્તિનું કારણ બન્યો પરંતુ જેઓ ગુણવાન ગુરુને પરતંત્ર રહીને શાસ્ત્રોના સૂક્ષ્મ-સૂક્ષ્મતર પરમાર્થને જાણે છે તેઓને સર્વજ્ઞનાં વચનો કઈ રીતે ક્ષમાદિ ભાવોની વૃદ્ધિનું પ્રબળ કારણ છે તેનો સ્પષ્ટ-સ્પષ્ટતર બોધ થાય છે. તેના કારણે તે મહાત્મા વર્તમાનમાં સુખનું કારણ અને પરંપરાના સુખનું પ્રબળ કારણ એવા તે ક્ષમાદિમાં યત્ન કરીને આત્માને તે રીતે સમૃદ્ધ કરે છે જેથી ફરી તેઓને નરકનો પાત કે તિર્યંચનો પાત થાય તેવો કષાયનો ઉદય થઈ શકતો નથી અને તેવા મહાત્મા તે પ્રકારે સ્વાધ્યાયાદિના બળથી વિશુદ્ધ અધ્યવસાયવાળા થઈને સંપૂર્ણ ક્લેશ વગરના થાય છે ત્યારે સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે છે.

અહીં પ્રાયઃ કહેવાથી એ પ્રાપ્ત થાય કે જેઓએ પૂર્વમાં નિકાચિત અશુભ કર્મો બાંધ્યાં છે તેઓ શાસ્ત્ર ભણીને આત્માને અત્યંત વાસિત કરે અને તેના બળથી ક્ષમાદિ ભાવોની વૃદ્ધિને પ્રાપ્ત કરે તોપણ નિકાચિત એવાં કર્મો નિમિત્તને પ્રાપ્ત કરીને તે પ્રકારે પ્રવર્ધમાન થાય છે જેથી નરકાદિ પાતના કારણીભૂત અશુભ કર્મબંધ પણ થાય છે તેવા જીવોની વ્યાવૃત્તિ માટે પ્રાયઃ કહેલ છે તેથી બહુલતાએ તે મહાત્માઓ સૂક્ષ્મ બોધ કરીને શ્રુતવચનોથી જેમ જેમ આત્માને વાસિત કરે છે તેમ તેમ ક્લિષ્ટ કર્મબંધની યોગ્યતા તેઓમાંથી સદા માટે ઉચ્છેદ પામે છે. આથી જ કેટલાક મહાત્માઓ આ રીતે સુવિશુદ્ધ સંયમ પાળીને બે ગતિનો સર્વથા ઉચ્છેદ કરે છે જેથી મોક્ષની પ્રાપ્તિ ન થાય તોપણ દેવભવ અને મનુષ્યભવ સિવાયના કોઈ ભવની પ્રાપ્તિનું કારણ બને તેવા અધ્યવસાયસ્થાનને સ્પર્શી ન શકે તેવી નિર્મળ પરિણતિવાળા થાય છે. માટે સંસારના ઉચ્છેદના અર્થીએ ગુણવાન ગુરુને પરતંત્ર રહીને ભગવાનના શાસનના સૂક્ષ્મ-સૂક્ષ્મતર પરમાર્થને જાણીને તેનાથી આત્માને વાસિત કરવા સદા ઉદ્યમ કરવો જોઈએ. **II૬૯૨II**

**અવતરણિકા :-**

अमुमेव क्षयोपशमं परमतेनापि संभावयन्नाह —

**અવતરણિકાર્થ :-**

આ જ ક્ષયોપશમને=જિનવચનના સૂક્ષ્મ બોધપૂર્વક તત્ત્વથી આત્માને ભાવન કરવાને કારણે થયેલા સાનુબંધ જ્ઞાનાવરણીય આદિ કર્મોના જ ક્ષયોપશમને, પરમતથી સંભાવન કરતાં=સમ્યગ્ ભાવન કરતાં, ગ્રંથકારશ્રી કહે છે —

**ગાથા :-**

इत्तो अकरणनियमो अन्नेहिवि वण्णिओ ससत्थम्मि ।
सुहभावविसेसाओ न चेवमेसो न जुत्तोत्ति ।।६९३।।

**અન્વયાર્થ :-**

इत्तो=આથી=વિશુદ્ધ અધ્યવસાયવાળો જીવ ધ્રુવક્લેશનો નાશ કરે છે આથી, अन्नेहिवि=અન્યો વડે પણ, ससत्थम्मि=સ્વશાસ્ત્રોમાં=તેમના પોતાનાં શાસ્ત્રોમાં, सुहभावविसेसाओ=શુભ ભાવવિશેષથી, अकरणनियमो=અકરણનિયમ=પાપના અકરણનો નિયમ, वण्णिओ=વર્ણન કરાયો છે, चेवं=અને આ રીતે=તીર્થાંતરીઓએ કહ્યું છે એ રીતે, एसो=આ=પાપનો અકરણનિયમ, न जुत्तो=યુક્ત નથી, त्ति न= એમ નહીં. ॥૬૯૩॥

**ગાથાર્થ :-**

**આથી=વિશુદ્ધ અધ્યવસાયવાળો જીવ ધ્રુવક્લેશનો નાશ કરે છે આથી, અન્યો વડે પણ સ્વશાસ્ત્રોમાં=તેમના પોતાનાં શાસ્ત્રોમાં, શુભ ભાવવિશેષથી અકરણનિયમ=પાપના અકરણનો નિયમ, વર્ણન કરાયો છે અને આ રીતે=તીર્થાંતરીઓએ કહ્યું છે એ રીતે, આ=પાપનો અકરણનિયમ યુક્ત નથી એમ નહીં. ॥૬૯૩॥**

**ટીકા :-**

इतोऽस्मादेव कारणादकरणनियम एकान्तत एव पापेऽप्रवृत्तिरूपः, अन्यैरपि तीर्थान्तरीयैर्वर्णितो निरूपितः स्वशास्त्रे पातञ्जलादौ । कुतो हेतोरकरणनियम इत्याह—शुभभावविशेषाद् वज्रवद-भेद्यात् प्रशस्तपरिणामभेदादेः शास्त्राभ्यासभस्मपरामर्शवशविशदीभूतहृदयादर्शानां भावसाधूनां बंधक्षयोपशम एव परैरकरणनियमनामतयोक्त इति तात्पर्यम् । वर्ण्यतां नामासावन्यैः स्वशास्त्रे, परं न सौन्दर्यभाग्भविष्यतीत्याह—न चैवं तीर्थान्तरीयोक्तत्वेन हेतुना एषोऽकरणनियमो न युक्तः, किन्तु युक्त एव ।।६९३।।

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે જે મહાત્માઓ ગુણવાન ગુરુને પરતંત્ર થઈને નિત્ય સ્વાધ્યાયાદિમાં યત્ન કરે છે તેઓને સાનુબંધ ક્ષયોપશમ થાય છે, તેથી વિશુદ્ધ અધ્યવસાયવાળા તેઓ ધ્રુવક્લેશનો નાશ કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે. એ જ વસ્તુને પુષ્ટ કરનાર અન્ય દર્શનોમાં પણ વચનો છે આથી તત્ત્વને જોનારી દૃષ્ટિવાળા તે દર્શનકારો પણ કહે છે કે શુદ્ધ ભાવવિશેષથી પાપના અકરણનો નિયમ પ્રાપ્ત થાય છે. તેથી એ ફલિત થાય કે જેઓને માર્ગાનુસારી સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ થાય છે તેઓ તે બોધને અનુરૂપ આત્માનું હિત થાય તેવી ઉચિત પ્રવૃત્તિ કરે છે જેનાથી પાપઅકરણનિયમની પ્રાપ્તિ થાય છે અર્થાત્ કાષાયિક ભાવોથી પાપ બંધાય છે અને કષાયના ઉચ્છેદને અનુકૂળ વર્તતા ક્ષયોપશમભાવથી પાપઅકરણના નિયમની પ્રાપ્તિ થાય છે. તેથી જેઓ ભગવાનના વચનથી સૂક્ષ્મ સૂક્ષ્મ તત્ત્વને જાણે છે તેઓને કષાયોની આકુળતા આત્માની વિડંબનારૂપ છે અને અનાકુળતા એ જીવના સ્વાસ્થ્યના સુખ સ્વરૂપ છે તેવો સૂક્ષ્મ બોધ વજ્રની ભીંત જેવો અભેદ્ય થાય છે જે વિશિષ્ટ પ્રકારના પ્રશસ્ત પરિણામથી થાય છે તેના કારણે તે મહાત્માઓ સતત પાપના બીજભૂત કષાયો ક્ષય પામે એ પ્રકારે સર્વ ઉચિત પ્રવૃત્તિ કરીને આત્મામાં વર્તતા ક્લેશનો નાશ કરે છે. માટે અન્ય દર્શનના વચનથી પણ સિદ્ધ થાય છે કે સૂક્ષ્મ બોધ સાનુબંધ ક્ષયોપશમ કરાવીને વીતરાગતામાં વિશ્રાંત થનાર છે આથી જ ગુણવાન ગુરુને પરતંત્ર થઈને સૂત્રપોરિસી-અર્થપોરિસીમાં યત્ન કરનારા મહાત્માઓ ક્ષપકશ્રેણીને અનુકૂળ બળસંચય કરનારા બને છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે અન્ય દર્શનવાળા પાપઅકરણનો નિયમ સ્વીકારે છે પરંતુ તેઓના સ્વીકાર માત્રથી તે યુક્ત નથી; કેમ કે મિથ્યાદૃષ્ટિનું દર્શન તત્ત્વને સ્પર્શનારું નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – અન્ય દર્શનવાળા સ્વીકાર કરે છે એ રીતે આ પાપઅકરણનિયમ યુક્ત નથી એમ નહીં; કેમ કે તત્ત્વને જોનારી નિર્મળ દૃષ્ટિથી કોઈપણ દર્શનવાળા યથાર્થ પદાર્થને કહેતા હોય તે પદાર્થ સર્વજ્ઞના વચનમૂલક જ છે માટે અન્ય દર્શનનું વચન છે એટલા માત્રથી અનુચિત છે તેમ કહેવું યુક્ત નથી. **॥૬૯૩॥**

**અવતરણિકા :-**

**कुत एतदेवमित्याशंक्याह –**

**અવતરણિકાર્થ :-**

**કેમ આ એ પ્રમાણે છે ?=અન્ય દર્શનનું વચન મિથ્યાદૃષ્ટિનું હોવા છતાં કેમ પ્રમાણભૂત છે, એ પ્રકારની આશંકા કરીને કહે છે –**

**ગાથા :-**

**जं अत्थओ अभिण्णं अण्णत्था सद्दओवि तह चेव ।**
**तम्मि पओसो मोहो विसेसओ जिणमयठियाणं ।।६९४।।**

**અન્વયાર્થ :-**

**जं=જે (વચન), अत्थओ अभिण्णं=અર્થથી અભિન્ન છે=જિનવચન સાથે અભિન્ન છે, अण्णत्था सद्दओवि तह चेव=તથા શબ્દથી પણ તે પ્રકારે જ છે=શબ્દથી પણ અભિન્ન જ છે, तम्मि=તેમાં=તે વચનમાં, जिणमयठियाणं पओसो विसेसओ मोहो=જિનમતસ્થિતોને પ્રદ્વેષ વિશેષથી મોહ છે. ॥૬૯૪॥**

**ગાથાર્થ :-**

**જે વચન અર્થથી અભિન્ન છે=જિનવચન સાથે અભિન્ન છે, તથા શબ્દથી પણ તે પ્રકારે જ છે= શબ્દથી પણ અભિન્ન જ છે, તેમાં=તે વચનમાં, જિનમતસ્થિતોને પ્રદ્વેષ વિશેષથી મોહ છે. ॥૬૯૪॥**

**ટીકા :-**

**यद्वाक्यमर्थतो वचनभेदेऽप्यर्थापेक्ष्याभिन्नमेकाभिप्रायम् । तथाऽन्वर्थादनुगतार्थाच्छब्दतोऽपि शब्द-सन्दर्भमपेक्ष्य तथा चैवाभिन्नमेव । इह परसमये द्विधा वाक्यान्युपलभ्यन्ते-कानिचिदर्थत एवाभिन्नानि 'अप्पा णई वेयरणी अप्पा मे कूडसामली । अप्पा कामदुहा घेणू अप्पा मे णंदणं वणं ।।१।।' इत्यादिभिर्वाक्यैर्यथा भारतोक्तानि 'इन्द्रियाण्येव तत्सर्वं यत्स्वर्गनरकावुभौ । निगृहीतविसृष्टानि स्वर्गाय नरकाय च ।।१।। आपदां कथितः पंथाः, इन्द्रियाणामसंयमः । तज्जयः सम्पदांमार्गो येनेष्टं तेन गम्यताम् ।।२।।' इत्यादीनीति । कानिचिच्छब्दतोऽर्थतश्च 'जीवदया सच्चवयणं' इत्यादिभिः प्रसिद्धैरेव वाक्यैः सह यथा—'पञ्चैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम् । अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्ज्जनम् ।।१।।' इत्यादीनि । एवं स्थिते तस्मिन्नभिन्नार्थेऽकरणनियमादौ वाक्ये विशिष्टक्षयोपशमादिवाक्येन सह प्रद्वेषः परसमयप्रज्ञापनेयमितीर्ष्यारूपो मोहो मूढभावलक्षणो वर्त्तते बौद्धादिसामान्यधार्मिकजनस्यापि, विशेषतो जिनमतस्थितानां सर्वनयवादसंग्रहान्मध्यस्थभावानीत-हृदयाणां साधुश्रावकाणाम् । अत एवान्यत्राप्यनेनोक्तम्—गुणतस्तत्त्वे तुल्ये संज्ञाभेदागमान्यथादृष्टिः । भवति यतोऽसावधमो दोषः खलु दृष्टिसंमोहः ।।१।।' इति ।।६९४।।**

**ભાવાર્થ :-**

અન્ય દર્શનવાળા પણ જે મહાત્માઓ વસ્તુના વાસ્તવિક સ્વરૂપને જોઈને તેવાં વચનો કહે છે જેમાંથી કેટલાંક વચનો શબ્દથી ભિન્ન પ્રકારનાં હોય તોપણ અર્થથી એક અર્થને કહેનારાં હોય છે અર્થાત્ સર્વજ્ઞએ જે અર્થ કહ્યો છે તે જ અર્થને અન્ય શબ્દોથી કહેનારાં હોય છે અને કેટલાંક વચનો શબ્દથી અને અર્થથી જે સર્વજ્ઞએ કહ્યું છે તે પ્રમાણે કહેનારાં હોય છે. વળી, જેઓ ભગવાનના શાસનમાં રહેલા છે અને ભગવાનના શાસનના સ્યાદ્વાદના પરમાર્થને જાણનારા છે તેઓને ભગવાનનાં વચનો યથાર્થ તાત્પર્યથી પ્રમાણભૂત દેખાતાં હોય છે તેથી તેવા વિવેકી મહાત્માઓ પદાર્થના તે સ્વરૂપને યુક્તિથી જાણીને સ્વીકારનારા

હોય છે તેથી અન્ય દર્શનવાળા મહાત્માઓએ કહેલો પદાર્થ જો તે જ અર્થને બતાવતો હોય જે અર્થને સ્યાદ્વાદથી પરિષ્કૃત મતિવાળા જાણે છે તેવા જીવો તત્સદૃશ અર્થને કહેનારા અન્યના વચનમાં ક્યારેય પ્રદ્વેષ કરતા નથી; કેમ કે તે પ્રકારના અર્થનો પ્રદ્વેષ પરમાર્થથી ભગવાનના વચનનો પ્રદ્વેષ છે આથી જ અન્ય દર્શનવાળા પાપના અકરણનિયમને કહે છે તે પાપઅકરણનિયમ શબ્દથી સાક્ષાત્ ભગવાનના શાસ્ત્રમાં ઉપલબ્ધ ન હોય તોપણ ભગવાને જે ઉપદેશ આપ્યો છે તદનુસાર જે મહાત્માઓ પ્રવ્રજ્યાનું પાલન કરે છે તેઓ પ્રવ્રજ્યાના વ્યુત્પત્તિ અર્થ પ્રમાણે પ્રકૃષ્ટથી પાપના વિમુખભાવમાં જનારા હોય છે અને તે પાપ-અકરણનિયમ સ્વરૂપ જ છે તેથી 'અન્ય દર્શનને અભિમત પાપઅકરણનિયમ છે માટે તે પ્રમાણભૂત નથી' તેમ કહેવું ઉચિત નથી. પરંતુ તેઓ પણ પાપઅકરણનિયમ દ્વારા એ પ્રમાણે કહે છે કે પાપને કરનારા ક્લિષ્ટભાવોથી પર અવસ્થા પ્રત્યે પ્રકૃષ્ટથી ગમન એ જ પાપઅકરણનિયમ છે. આથી જ પ્રવ્રજ્યા ગ્રહણ કરીને મહાત્માઓ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થઈને પ્રકૃષ્ટથી પાપથી વિમુખ જવા યત્ન કરે છે માટે મોહનીયના ક્ષયોપશમભાવને પ્રગટ કરનારા પાપઅકરણનિયમનાં વચનો અન્ય દર્શનનાં છે તેમ કહીને તેના પ્રત્યે કોઈ દ્વેષ કરે તે દ્વેષ કરનારનો મોહનો જ પરિણામ છે અને સ્યાદ્વાદના જાણનારનો તે પ્રકારનો દ્વેષ વિશેષથી મોહ છે; કેમ કે સ્યાદ્વાદની દૃષ્ટિ તે વસ્તુને તેમ જ સ્વીકારે છે છતાં તેનો દ્વેષ કરીને તે મહાત્મા પોતાના દર્શન પ્રત્યે જ દ્વેષ કરે છે. **॥૬૯૪॥**

**અવતરણિકા :-**

**एतत्सर्वं समर्थयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આ સર્વને=ગાથા-૬૯૪માં કહ્યું કે અન્ય દર્શનનાં વચનો કેટલાંક અર્થથી અભિન્ન છે કેટલાંક શબ્દથી પણ અભિન્ન છે તેમાં પ્રદ્વેષ ભગવાનના શાસનના જાણનારાઓને વિશેષથી મોહ છે એ સર્વને, સમર્થન કરતાં કહે છે –**

**ગાથા :-**

**सव्वप्पवायमूलं दुवालसंगं जओ समक्खायं ।**
**रयणागरतुल्लं खलु तो सव्वं सुंदरं तम्मि ।।६९५।।**

**અન્વયાર્થ :-**

**जओ=જે કારણથી, सव्वप्पवायमूलं=સર્વ પ્રવાદનું મૂળ, रयणागरतुल्लं दुवालसंगं समक्खायं=રત્નાકરતુલ્ય દ્વાદશાંગી કહેવાયું છે. तो=તે કારણથી, खलु तम्मि=તેમાં=દ્વાદશાંગીમાં, सव्वं सुंदरं=સર્વ સુંદર છે. ।।૬૯૫।।**

**ગાથાર્થ :-**

**જે કારણથી સર્વ પ્રવાદનું મૂળ રત્નાકરતુલ્ય દ્વાદશાંગી કહેવાયું છે. તે કારણથી તેમાં= દ્વાદશાંગીમાં, સર્વ સુંદર છે. ।।૯૯૫।।**

**ટીકા :-**

**સર્વપ્રવાદમૂલં ભિક્ષુકણભક્ષાક્ષપાદાદિતીર્થાન્તરીયદર્શનપ્રજ્ઞાપનાનામાદિકારણમ્ । કિં તદિત્યાહ— દ્વાદશાઙ્ગં દ્વાદશાનામાચારાદીનામઙ્ગાનાં પ્રવચનપુરુષાવયવભૂતાનાં સમાહારઃ, યતઃ કારણાત્સ- માખ્યાતં સમ્યક્ પ્રજ્ઞપ્તં સિદ્ધસેનદિવાકરાદિભિઃ । યતઃ પઠ્યતે—'ઉદધાવિવ સર્વસિન્ધવઃ સમુદીર્ણ્ણા- સ્ત્વયિ નાથ! દૃષ્ટયઃ । ન ચ તાસુ ભવાન્ પ્રદૃશ્યતે પ્રવિભક્તાસુ સરિત્સ્વિવોદધિઃ ।।૧।।' અત એવ રત્નાકરતુલ્યં ક્ષીરોદધિપ્રભૃતિજલનિધિનિભં, ખલુ નિશ્ચયેન, તત્ । તસ્માત્ સર્વમપરિશેષં સુન્દરં યત્ કિઞ્ચિત્ પ્રવાદાન્તરેષુ સમુપલભ્યતે તત્ તત્ર સમવતારણીયમ્ । ઇત્યકરણનિયમાદીન્યપિ વાક્યાનિ તેષુ ૨ યોગશાસ્ત્રેષુ વ્યાસકપિલાતીતપતઞ્જલ્યાદિપ્રણીતાનિ જિનવચનમહોદધિમધ્યલબ્ધોદયાન્યેવ દૃશ્યાનીતિ । તેષામવજ્ઞાકરણે સકલદુઃખમૂલભૂતાયા ભગવદવજ્ઞાયાઃ પ્રસઙ્ગાદ્ ન કાચિત્કલ્યાણ- સિદ્ધિરિતિ ।।૬૯૫।।**

**ભાવાર્થ :-**

ઋષભદેવ ભગવાનની પૂર્વે જગતમાં મોક્ષ, મોક્ષમાર્ગ ઇત્યાદિ કોઈ વિચારણા પ્રવર્તતી ન હતી તેથી મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે, મોક્ષનો ઉપાય સમભાવ છે, સંસાર અનર્થકારી છે, તેનું કારણ સંગભાવ છે ઇત્યાદિ વિચારણા પ્રવર્તી શકે તેવી કોઈ સામગ્રી વિદ્યમાન ન હતી અને વિચારકો દેખાતા પદાર્થને જોઈને વિચારણા કરી શકે; પરંતુ 'સર્વ કર્મરહિત મુક્ત અવસ્થા સુંદર છે' તે સાક્ષાત્ કોઈના જ્ઞાનનો વિષય ન હતો તેથી તેની વિચારણા કોઈ વિચારક કરે નહીં પરંતુ ઋષભદેવ ભગવાન કેવલજ્ઞાન પામ્યા ત્યારે કેવળજ્ઞાનથી 'કર્મરહિત જીવો પૂર્ણ સુખમય છે' તે તેઓને પ્રત્યક્ષથી દેખાતું હતું અને 'તેનો ઉપાય અસંગભાવની પ્રાપ્તિ છે અને સંગના પરિણામથી સંસારની પ્રાપ્તિ છે' ઇત્યાદિ પદાર્થવ્યવસ્થા ભગવાને બતાવી અને તે પદાર્થને ગ્રહણ કર્યા પછી અસંગભાવની પ્રાપ્તિ અર્થે પદાર્થને યથાર્થ જોનારી નિર્મળ દૃષ્ટિરૂપે સ્યાદ્વાદની પ્રરૂપણા ભગવાને કરી છે, આથી જ "ઉપન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા" એ ત્રણ વચનોના બળથી પદાર્થને યથાર્થ જોઈને ગણધરોએ દ્વાદશાંગીની રચના કરી અને તેઓનું જ્ઞાન યથાર્થ છે તેમ ભગવાને સ્થાપન કર્યું. ત્યારપછી મંદ બુદ્ધિવાળા અને કાંઈક પોતાની બુદ્ધિ પ્રત્યે અસદાગ્રહવાળા જીવો સ્વ-સ્વમતિથી કોઈક કોઈક દૃષ્ટિને આશ્રયીને પદાર્થને જોનારા થયા તેથી એકાંત દર્શનોની પ્રાપ્તિ થઈ. જેમ વર્તમાનમાં પણ ભગવાનના વચનને ગ્રહણ કરીને કેટલાક મહાત્માઓ સ્વ-સ્વમતિ અનુસાર એકાંત દૃષ્ટિથી જોનારા બને છે ત્યારે અન્ય દૃષ્ટિથી યુક્તિયુક્ત પદાર્થ છે તેનો અપલાપ કરે છે તેમ અન્ય દર્શનવાળા પણ એક એક નયની દૃષ્ટિથી પદાર્થને જોનારા હોવાથી અન્યનો અપલાપ કરનારા બને છે તોપણ સર્વ દર્શનોના પ્રવાદોનું મૂળ દ્વાદશાંગી જ કહેવાયું છે; કેમ કે સર્વજ્ઞના વચનને અવલંબીને મોક્ષમાર્ગ

અને મોક્ષનું વર્ણન તેઓ કરે છે તેથી અન્ય દર્શનના વચનથી પણ જે કાંઈ સુંદર પદાર્થો તેઓના દર્શનમાં પ્રાપ્ત થાય છે તે સર્વ સુંદર ભાવો ભગવાનના દર્શનમાં છે; કેમ કે ભગવાનનું દ્વાદશાંગીરૂપ દર્શન રત્નાકરતુલ્ય છે અર્થાત્ રત્નને ધારણ કરનાર સમુદ્રમાં જેમ સર્વ પ્રકારનાં રત્નો વિદ્યમાન હોય છે તેમ ભગવાનના શાસનમાં તત્ત્વને સ્પર્શનારાં દરેક વચનો વિદ્યમાન છે આથી અન્ય દર્શનનાં જે યથાર્થ વચનો છે તે ભગવાનના શાસનમાં અર્થથી સ્વીકૃત જ છે આમ છતાં તેના પ્રત્યે પ્રદ્વેષ કરવો તે સ્યાદ્વાદની મર્યાદાને જાણનારા મહાત્મા માટે વિશેષથી મોહસ્વરૂપ છે.

અહીં રત્નાકરતુલ્ય કહેવાથી એ પ્રાપ્ત થાય કે ક્ષીરોદધિ વગેરે સમુદ્રોની ભૂમિમાં અનેક જાતનાં રત્નો હોય છે. અહીં દેખાતા સમુદ્રોમાં તેવાં રત્નો પ્રાયઃ ઓછાં હોય છે તોપણ જેમ ક્ષીરોદધિ સમુદ્રમાં ઘણા પ્રકારનાં રત્નો છે તેમ ભગવાનના શાસનમાં તત્ત્વને સ્પર્શનારાં અનેક પ્રકારનાં રત્નો છે માટે ભગવાનના વચનનો ક્યારેય પ્રદ્વેષ કરાય નહીં તેથી ભગવાનના વચન સદૃશ અર્થને કહેનારાં અન્ય દર્શનનાં વચનો ભગવાનને સંમત હોવાથી તેનો પ્રદ્વેષ કરવો ઉચિત નથી. **॥૬૯૫॥**

**અવતરણિકા :-**

**अथाकरणनियमलक्षणमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે અકરણનિયમના લક્ષણને કહે છે –**

**ગાથા :-**

**पावे अकरणनियमो पायं परतन्निवित्तिकरणाओ ।**
**नेओ य गंठिभेए भुज्जो तदकरणरूवो उ ।।६९६।।**

**અન્વયાર્થ :-**

**पायं=પ્રાયઃ, परतन्निवित्तिकरणाओ=પરને તેની નિવૃત્તિના કરણથી=પાપ કરવાની પ્રકૃતિવાળા જીવોને પાપઅકરણનિયમવાળા મહાત્માના સાંનિધ્યથી પાપના અકરણને કારણે, पावे अकरणनियमो नेओ=પાપમાં અકરણનિયમ જાણવો. गंठिभेए य भुज्जो तदकरणरूवो उ=વળી ગ્રંથિભેદ થયે છતે ફરી તેના અકરણરૂપ જ છે=વળી મોહની ગ્રંથિનું વિદારણ થયે છતે ફરી ઉત્કટ પાપના અકરણરૂપ જ છે. ॥૬૯૬॥**

**ગાથાર્થ :-**

**પ્રાયઃ પરને તેની નિવૃત્તિના કરણથી=પાપ કરવાની પ્રકૃતિવાળા જીવોને પાપઅકરણનિયમવાળા મહાત્માના સાંનિધ્યથી પાપના અકરણને કારણે, પાપમાં અકરણનિયમ જાણવો. વળી ગ્રંથિભેદ થયે છતે ફરી તેના અકરણરૂપ જ છે=વળી મોહની ગ્રંથિનું વિદારણ થયે છતે ફરી ઉત્કટ પાપના અકરણરૂપ જ છે. ॥૬૯૬॥**

**ટીકા :-**

**पापेऽब्रह्मसेवादौ शीलभङ्गादिरूपेऽकरणनियम उक्तरूपः, प्रायो बाहुल्येन, परतन्निवृत्तिकरणात् परेषां विवक्षितपापं प्रति कृतात्यन्तोत्साहानां केषांचिद् भव्यविशेषाणां या तन्निवृत्तिः पापनिवृत्तिस्तस्याः करणात्, ज्ञेयश्च ज्ञातव्यः पुनर्ग्रन्थिभेदे उक्तलक्षणमोहग्रन्थिविदारणे भूयः पुनरपि तदकरणरूपस्तु व्यावर्त्तितपापाकरणरूप एव । इह यथा कस्यचिन्नीरोगस्यापि दुर्भिक्षादिषु तथाविधभोजनाभावात् शरीरकार्श्यमुत्पद्यते, अन्यस्य तु पूर्यमाणभोजनसंभवेऽपि राजयक्ष्मनाम्नो रोगविशेषात् । तत्र प्रथमस्य समुचितभोजनलाभेऽविकलस्तदुपचयः स्यादेव । द्वितीयस्य तु तैस्तैरुपचयकारणैरुपचर्यमाणस्यापि प्रतिदिनं हानिरेव । एवं सामान्यक्षयोपशमेन निवृत्तिमन्त्यपि कृतानि पापानि सामग्रीलाभात् पुनरपि समुज्जृम्भन्ते । विशिष्टक्षयोपशमवतस्तु, सम्पन्नराजयक्ष्मण इव शरीरं, तावत् पापं प्रतिभवं हीयते यावत्सर्वक्लेशविकलो मुक्तिलाभ इति । परेषां चासौ स्वाचारनिश्चलताबलात्तैस्तैरुपायैः पापे निवृत्तिहेतुर्जायत इति ।।६९६।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ પાપના અકરણનિયમના પરિણામવાળા થયા છે તેમના સાંનિધ્યમાં પ્રાયઃ પાપ કરવાની વૃત્તિવાળા હિંસક જીવો પણ પાપ કરતા નથી. તેથી જણાય છે કે આ મહાત્માને પાપનો અકરણનિયમ અંગાંગીભાવ રૂપ થયો છે. આનાથી એ ફલિત થાય કે જે મહાત્માઓ અહિંસાદિ વ્રતોને ગ્રહણ કરીને અહિંસાનું પાલન કરી રહ્યા છે તેઓ પાપ નહીં કરવાનો અભ્યાસ કરી રહ્યા છે પરંતુ પાપઅકરણનિયમ તેમને હજી આત્મસાત્ થયો નથી આથી જ છઠ્ઠા ગુણસ્થાનકવાળા મહાત્માઓ ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈને અનાદિની પાપ કરવાની મનોવૃત્તિનો ઉચ્છેદ કરવા યત્ન કરી રહ્યા છે પરંતુ તે પ્રકારનો યત્ન કરતા મહાત્માઓમાંથી જેઓ ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થઈને પાપ કરાવનારા સર્વ કષાયોનો નાશ કરે છે તેવા બારમા આદિ ગુણસ્થાનકે રહેલા મહાત્માઓ પાપઅકરણનિયમવાળા છે અને પ્રાયઃ કરીને તેવા મહાત્માના સાંનિધ્યમાં પાપ કરવાના પરિણામવાળા જીવો પણ પાપકરણની નિવૃત્તિને કરનારા થાય છે. અહીં પ્રાયઃ શબ્દ કહેવાથી એ પ્રાપ્ત થાય કે વીરભગવાન કેવલજ્ઞાનને પામેલા ત્યારે સર્વ પાપોને નહીં કરવાના પરિણામવાળા હતા. આથી જ સમોવસરણમાં હિંસક પ્રાણીઓ પરસ્પર હિંસાનો ત્યાગ કરીને દેશના સાંભળતાં હતાં છતાં ઉત્કટ ક્લિષ્ટ કર્મવાળો ગૌશાળો સાક્ષાત્ ભગવાનના સાંનિધ્યમાં તેજોલેશ્યાથી બે સાધુની હિંસા કરે છે તેથી પ્રાયઃ જેઓને તેવાં ઉત્કટ કર્મો નથી તેઓ તેવા મહાત્માના સાંનિધ્યથી પાપઅકરણનિયમના પરિણામવાળા થાય છે.

અને જે જે પાપના અકરણનિયમમાં જે જે મહાત્મા સિદ્ધયોગી થાય છે તે તે મહાત્માના સાંનિધ્યમાં બીજાઓમાં પણ પાપની નિવૃત્તિની પ્રાપ્તિ થાય છે માટે પાપનો અકરણનિયમ તેઓને પ્રાપ્ત થયો છે એમ જાણવું.

વળી, જેઓ ગ્રંથિભેદ કરીને ગ્રંથિથી પાત પામ્યા છે તેઓ પણ ફરી ઉત્કટ કર્મની સ્થિતિ ક્યારેય બાંધતા નથી તેથી ઉત્કૃષ્ટ કર્મબંધની સ્થિતિને અનુકૂળ પાપનો અકરણનિયમ ગ્રંથિભેદકાળમાં પ્રાપ્ત થાય છે. તેથી એ ફલિત થાય કે જેઓ સામાન્ય ક્ષયોપશમથી પાપની નિવૃત્તિ કરે છે તેઓને તે પાપની અત્યંત નિવૃત્તિ થતી નથી પરંતુ સામગ્રીની ફરી પ્રાપ્તિ થાય ત્યારે તે પાપો ફરી પ્રાદુર્ભાવ થાય છે. જેમ ધર્મી ગૃહસ્થો સામાન્યથી પંચેન્દ્રિયનો વધ કરીને માંસ વગેરે ખાનારા નથી છતાં ફરી સામગ્રી મળે તો તે તે ભવમાં તેવા ક્લિષ્ટ ભાવવાળા થાય છે અને જેઓને વિશિષ્ટ પ્રકારનો ક્ષયોપશમભાવ થાય છે તેઓને પાપનો અકરણનિયમ ક્રમસર પાપના ક્ષયનું કારણ બને છે યાવદ્ સર્વ ક્લેશનો અભાવ થાય છે. આથી જ જેઓ તત્ત્વનું સમ્યગ્ સમાલોચન કરીને પાપઅકરણનિયમનો અભ્યાસ કરે છે અને તે અભ્યાસના બળથી પાપ-અકરણનો વિશિષ્ટ પરિણામ થાય તો મોક્ષમાં ન જાય ત્યાં સુધી નરક અને તિર્યંચને અનુકૂળ ક્લિષ્ટ કર્મો બંધાય તેવાં પાપ કરનારા તેઓ ક્યારેય પણ થતા નથી. જેમ સમ્યક્ત્વ પામેલો જીવ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થાય તોપણ ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ બાંધે તેવા સંક્લેશો ક્યારેય પ્રાપ્ત કરતો નથી તેમ જેઓને દુર્ગતિના પાતનું કારણ બને તેવા પાપઅકરણનિયમનો વિશિષ્ટ ક્ષયોપશમ પ્રાપ્ત થાય છે તે જીવો સંસારમાં જ્યાં સુધી રહે છે ત્યાં સુધી, દુર્ગતિનું કારણ બને તેવા ક્લિષ્ટભાવોને ક્યારેય પ્રાપ્ત કરતા નથી પરંતુ ઉત્તરોત્તર પાપઅકરણનિયમને અતિશય અતિશય કરીને સર્વથા પાપઅકરણનિયમને પ્રાપ્ત કરે છે.

અહીં વિશેષ એ છે કે ગાથા-૬૯૨માં કહેલ કે જેઓને વિશિષ્ટ પ્રકારનો કર્મનો ક્ષયોપશમ થાય છે તેઓ પ્રાયઃ ફરી તેવું કર્મ બીજી વખત બાંધતા નથી અને તેવા ક્ષયોપશમને પરમતથી બતાવતાં ગાથા-૬૯૩માં કહ્યું કે તેવા વિશિષ્ટ પ્રકારનો કર્મનો ક્ષયોપશમ તે પાપઅકરણનિયમરૂપ છે. તેથી પ્રસ્તુત ગાથામાં તેવા વિશિષ્ટ ક્ષયોપશમવાળો પાપઅકરણનો નિયમ કેવા સ્વરૂપવાળો છે તેને સ્પષ્ટ કરેલ છે અને તેનો સંક્ષેપ અર્થ આ પ્રમાણે છે.

જેઓને જે પાપની નિવૃત્તિ અત્યંત આત્મભાવરૂપે સ્થિર થયેલ છે તે જીવો પ્રાયઃ આ સંસારચક્રમાં ફરી તેવું પાપ ક્યારેય કરતા નથી. કોઈક નિકાચિત કર્મવાળા જીવોને ક્ષયોપશમભાવનું પાપઅકરણનિયમ પ્રાપ્ત થયેલ હોય તો તેઓ ફરી ક્યારેક પાપ કરે પણ છે અને જેઓને ક્ષાયિકભાવનું પાપઅકરણનિયમ પ્રાપ્ત થયેલ છે તેઓ ક્યારેય પણ તેવું પાપ કરતા નથી અને જે જીવો વિશિષ્ટ પ્રકારના ક્ષયોપશમભાવપૂર્વક પાપઅકરણનિયમ કરી રહ્યા છે તેઓના સાંનિધ્યથી ઘણા યોગ્ય જીવોને તે તે પાપ નહીં કરવાના પરિણામોના બીજની પ્રાપ્તિ થાય છે. આથી જ જે મહાત્માઓ વિશિષ્ટ પ્રકારના પરિણામપૂર્વક સર્વવિરતિમાં યત્ન કરે છે તેઓના દર્શનથી પણ ઘણા યોગ્ય જીવોમાં પાપઅકરણનિયમના બીજોનું આધાન થાય છે. વળી, સિદ્ધયોગી એવા તે મહાત્મા હોય તો હિંસક પ્રાણીઓ પણ તેઓના સાંનિધ્યમાં હિંસકભાવનો ત્યાગ કરે છે.

વળી, ગ્રંથિભેદ થયા પછી પણ ક્યારેય ઉત્કટ સંક્લેશ થતો નથી તેમ જે જીવો જે ભૂમિકાનું પાપ-અકરણનિયમ વિશિષ્ટ ક્ષયોપશમપૂર્વક સેવે છે તેઓને તે તે ભૂમિકા અનુસાર ઉત્કૃષ્ટ સંક્લેશની પરિણતિ સદા માટે દૂર થાય છે. **॥૬૯૬॥**

**અવતરણિકા :-**

**अथात्र ज्ञातानि वक्तुमिच्छुराह –**

**અવતરણિકાર્થ :-**

**હવે આમાં=પાપઅકરણનિયમમાં, દૃષ્ટાંતો કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**णिवमंतिसेट्ठिपमुहाण णायमेत्थं सुयाउ चत्तारि ।**
**रइबुद्धिरिद्धिगुणसुंदरीउ परिसुद्धभावाओ ।।६९७।।**

**અન્વયાર્થ :-**

**एत्थं=અહીં=પાપઅકરણનિયમમાં, णिवमंतिसेट्ठिपमुहाण=રાજા-મંત્રી-શ્રેષ્ઠી-પ્રમુખની=રાજા-મંત્રી-શ્રેષ્ઠી-પુરોહિતની, परिसुद्धभावाओ=પરિશુદ્ધ ભાવનાવાળી, रइबुद्धिरिद्धिगुणसुंदरीउ=રતિસુંદરી-બુદ્ધિસુંદરી-રિદ્ધિસુંદરી-ગુણસુંદરી એ, चत्तारि सुयाउ णायं=ચાર પુત્રીઓ દૃષ્ટાંત છે. ।।૬૯૭।।**

**ગાથાર્થ :-**

**અહીં=પાપઅકરણનિયમમાં, રાજા-મંત્રી-શ્રેષ્ઠી-પ્રમુખની=રાજા-મંત્રી-શ્રેષ્ઠી-પુરોહિતની પરિશુદ્ધ ભાવનાવાળી રતિસુંદરી-બુદ્ધિસુંદરી-રિદ્ધિસુંદરી-ગુણસુંદરી એ ચાર પુત્રીઓ દૃષ્ટાંત છે. ।।૬૯૭।।**

**ટીકા :-**

**नृपमंत्रिश्रेष्ठिप्रमुखानां राजसचिवश्रेष्ठिपुरोहितानामित्यर्थः, ज्ञातमुदाहरणमत्र पापाकरणनियमे सुता दुहितरश्चतस्रः । ताश्च नामतो रतिबुद्धिऋद्धिगुणसुन्दर्यः, सुन्दरीशब्दस्य प्रत्येकं योजनात् रतिसुन्दरी बुद्धिसुन्दरी ऋद्धिसुन्दरी गुणसुन्दरी चेति । कीदृश्य इत्याह—परिशुद्धभावाः शरदिन्दु-सुन्दरशीलपरिणतय इति ।।६९७।।**

**ભાવાર્થ :-**

રાજા વગેરે ચારની પુત્રીઓએ પાપઅકરણનિયમને તે પ્રકારે ક્ષયોપશમભાવરૂપે પરિણમન પમાડેલ જેથી અત્યંત વિવેકપૂર્વક બીજાને પણ શીલનું પરિણમન પમાડવા માટે કારણ બને છે તેથી જેઓને વિશિષ્ટ ક્ષયોપશમવાળો શીલનો પરિણામ થયેલો છે તેઓ તે તે ઉપાયો દ્વારા બીજાને શીલના પરિણામમાં સ્થિર કરે છે તે વખતે તેઓમાં વર્તતો તથાપ્રકારનો વિશેષ શીલનો પરિણામ જ કારણ છે. આથી તેવા જીવો ઉપદેશાદિની સર્વ પ્રવૃત્તિઓ અત્યંત સંવેગગર્ભ કરીને બીજાને પણ પાપઅકરણનિયમની પ્રાપ્તિમાં ઉત્સાહવાળા કરે છે. **।।૬૯૭।।**

**અવતરણિકા :-**

अथासां कथानकानि संगृह्णन् साकेतेत्यादिकां गाथाद्वात्रिंशतमाह —

**અવતરણિકાર્થ :-**

હવે આ કથાનકોનો સંગ્રહ કરીને 'સાકેતે' ઈત્યાદિ બત્રીસ ગાથાઓથી કહે છે –

**ગાથા :-**

साकेए रायसुया सड्ढी रतिसुंदरित्ति रूववई ।
नंदणगसामिणोढा सुयाए रागो उ कुरुवतिणो ।।६९८।।
जायणदाणा विग्गह गह रागनिवेयणम्मि संविग्गा ।
तन्निव्वत्तण चिंतण चाउम्मासम्मि वयकहणा ।।६९९।।
पडिवालणं तु रण्णो तीए तह देसणा असक्कारो ।
पुन्नम्मि य निब्बंधे फलवमणं तहवि न विरागो ।।७००।।
किं एत्थ रागजणणं अच्छीण पयावितो न मोल्लंति ।
संवेगा तद्दाणं विम्हियरन्नो विरागो य ।।७०१।।
गंभीरदेसणा उ उभयहियमिणंति पावरक्खा य ।
रन्नो बोही तोसो करेमि किं चयसु परदारं ।।७०२।।
वयणं तोसा अकरणणियमो तीए एत्थ वत्थुम्मि ।
रन्नो सोगा उस्सग्ग देवया अच्छि णिवथेज्जं ।।७०३।।

**અન્વયાર્થ :-**

साकेए रायसुया=સાકેતપુરનગરમાં રાજાની પુત્રી, सड्ढी=ભગવાનના વચનમાં શ્રદ્ધાવાળી, रतिसुंदरित्ति रूववई=રતિસુંદરી એ રૂપવાન હતી. नंदणगसामिणोढा=નંદન રાજાને પરણાવાયેલ હતી. कुरुवतिणो सुयाए रागो उ=કુરુદેશના રાજાને તે પુત્રીમાં રાગ થયો.

जायणदाणा=યાચના-અદાન=કુરુદેશના રાજાએ નંદનસ્વામી પાસે રતિસુંદરીની માંગણી કરી ત્યારે નંદન રાજાએ તેનું અદાન કર્યું. विग्गह=વિગ્રહ થયો. गह=ગ્રહણ કર્યું=કુરુદેશના રાજાએ યુદ્ધમાં જીતીને રતિસુંદરીનું ગ્રહણ કર્યું. रागनिवेयणम्मि=રાગનું નિવેદન કરાયે છતે=કુરુદેશના રાજાએ રતિસુંદરી પ્રત્યે પોતાના રાગનું નિવેદન કરાયે છતે, संविग्गा=સંવેગ પામી. तन्निव्वत्तण चिंतण=તેના નિવર્તનનું

ચિંતવન=રાજાના રાગના નિવર્તનનું ચિંતન, चाउम्मासम्मि वयकहणा=ચાર માસમાં વ્રતની કથના=રાજપુત્રી કહે છે કે 'મારે ચાતુર્માસમાં શીલવ્રત છે.'

पडिवालणं तु रण्णो=વળી રાજાનું પરિપાલન=રાજાએ ચાર માસ રાહ જોવાનું સ્વીકાર્યું. तीए तह देसणा=તેણી વડે તે પ્રકારે દેશના=તેણે પ્રસંગે પ્રસંગે રાજાને પોતાના પ્રત્યેનો રાગ દૂર થાય તે પ્રકારે ઉપદેશ આપ્યો. असक्कारो=અસત્કાર=દેહનો સત્કાર કરતી નથી. पुन्नम्मि=પૂર્ણ થયે છતે=ચાર માસ પૂર્ણ થયે છતે, निब्बंधे य=અને નિર્બંધમાં=રાજાનો તેને સ્વીકારવાનો આગ્રહ હોતે છતે, फलवमणं=ફળ દ્વારા વમન=મીંઢળ મુખમાં નાખીને વમન કર્યું અને તેણે રાજાને ઉપદેશ આપ્યો કે 'આ વમન કરેલી વસ્તુ ખાવી ઉચિત નથી તેમ હું કોઈક વડે વમન કરાયેલી છું માટે હું તમારા વડે સ્વીકારવી ઉચિત નથી.' तहवि न विरागो=તોપણ વિરાગ થયો નહીં=કુરુદેશના રાજાને તેનો ત્યાગ કરવાની ઇચ્છા થઈ નહીં.

(રાજપુત્રી રાજાને પૂછે છે —) किं एत्थ रागजणणं='આમાં રાગજનન શું છે ?'='મારામાં રાગ થાય તેવું શું છે ?' (રાજા કહે છે —) अच्छीण='બે આંખો' (રાજપુત્રી કહે છે —) पयावितो न मोल्लंति='પ્રતાપિતનું કાંઈ મૂલ્ય નથી'='ક્ષીણ થયેલા શરીરની બે આંખોનું કાંઈ મૂલ્ય નથી.' संवेगा तद्दाणं=સંવેગથી તેનું દાન=શીલ પ્રત્યેના બદ્ધરાગરૂપ સંવેગને કારણે રાજપુત્રીએ પોતાની બે આંખો કાઢીને આપી દીધી. विम्हिय रन्नो विरागो य=રાજા વિસ્મય પામ્યો અને વિરાગવાળો થયો.

गंभीरदेसणा उ=પછી ગંભીર દેશના=રાજપુત્રીએ અત્યંત સંવેગપૂર્વકની રાજાને દેશના આપી. उभयहियमिणंति='ઉભયનું આ હિત છે' पावरक्खा य=અને પાપની રક્ષા થઈ. रन्नो बोही=રાજાને બોધિની પ્રાપ્તિ થઈ. तोसो=તોષ થયો. (રાજાએ પૂછ્યું —) किं करेमि='હું શું કરું ?' (રાજપુત્રીએ કહ્યું —) चयसु परदारं='પરદારાનો ત્યાગ કર !'

वयणं=વચન=રાજાએ તેનું વચન સ્વીકાર્યું. तोसा=રાજપુત્રીને સંતોષ થયો. तीए एत्थ वत्थुम्मि=તેણીનું આ વસ્તુમાં=રાજપુત્રી વડે રાજાના સ્થિરીકરણમાં, अकरणणियमो=અકરણનિયમ કારણ છે. रन्नो सोगा=રાજાને શોક થયો. उस्सग्ग=રાજપુત્રીએ કાઉસ્સગ્ગ કર્યો. देवया=દેવતાનું આગમન, अच्छि=આંખો= દેવતાએ આંખોનો નિવેશ કર્યો. णिवथेज्जं=રાજા સ્થિર થયો=રાજા વ્રતમાં સ્થિર થયો. ॥૬૯૮થી ૭૦૩॥

ગાથાર્થ :-

સાકેતપુરનગરમાં રાજાની પુત્રી ભગવાનના વચનમાં શ્રદ્ધાવાળી રતિસુંદરી એ રૂપવાન હતી. નંદન રાજાને પરણાવાયેલ હતી. કુરુદેશના રાજાને તે પુત્રીમાં રાગ થયો.

યાચના-અદાન=કુરુદેશના રાજાએ નંદનસ્વામી પાસે રતિસુંદરીની માંગણી કરી ત્યારે નંદન રાજાએ તેનું અદાન કર્યું. વિગ્રહ થયો. ગ્રહણ કર્યું=કુરુદેશના રાજાએ યુદ્ધમાં જીતીને રતિસુંદરીનું ગ્રહણ કર્યું. રાગનું નિવેદન કરાયે છતે=કુરુદેશના રાજાએ રતિસુંદરી પ્રત્યે પોતાના રાગનું નિવેદન કરાયે છતે, સંવેગ પામી. તેના નિવર્તનનું ચિંતવન=રાજાના રાગના નિવર્તનનું ચિંતન, ચાર માસમાં વ્રતની કથના=રાજપુત્રી કહે છે કે 'મારે ચાતુર્માસમાં શીલવ્રત છે.'

વળી રાજાનું પરિપાલન=રાજાએ ચાર માસ રાહ જોવાનું સ્વીકાર્યું. તેણી વડે તે પ્રકારે દેશના=તેણે પ્રસંગે પ્રસંગે રાજાને પોતાના પ્રત્યેનો રાગ દૂર થાય તે પ્રકારે ઉપદેશ આપ્યો. અસત્કાર=દેહનો સત્કાર કરતી નથી. પૂર્ણ થયે છતે=ચાર માસ પૂર્ણ થયે છતે, અને નિર્બંધમાં=રાજાનો તેને સ્વીકારવાનો આગ્રહ હોતે છતે ફળ દ્વારા વમન=મીંઢળ મુખમાં નાખીને વમન કર્યું અને તેણે રાજાને ઉપદેશ આપ્યો કે 'આ વમન કરેલી વસ્તુ ખાવી ઉચિત નથી તેમ હું કોઈક વડે વમન કરાયેલી છું માટે હું તમારા વડે સ્વીકારવી ઉચિત નથી.' તોપણ વિરાગ થયો નહીં=કુરુદેશના રાજાને તેનો ત્યાગ કરવાની ઈચ્છા થઈ નહીં.

રાજપુત્રી રાજાને પૂછે છે – 'આમાં રાગજનન શું છે ?'='મારામાં રાગ થાય તેવું શું છે ?' રાજા કહે છે – 'બે આંખો' રાજપુત્રી કહે છે – 'પ્રતાપિતનું કાંઈ મૂલ્ય નથી'='ક્ષીણ થયેલા શરીરની બે આંખોનું કાંઈ મૂલ્ય નથી.' સંવેગથી તેનું દાન=શીલ પ્રત્યેના બદ્ધરાગરૂપ સંવેગને કારણે રાજપુત્રીએ પોતાની બે આંખો કાઢીને આપી દીધી. રાજા વિસ્મય પામ્યો અને વિરાગવાળો થયો.

પછી ગંભીર દેશના=રાજપુત્રીએ અત્યંત સંવેગપૂર્વકની રાજાને દેશના આપી. 'ઉભયનું આ હિત છે' અને પાપની રક્ષા થઈ. રાજાને બોધિની પ્રાપ્તિ થઈ. તોષ થયો. રાજાએ પૂછ્યું – 'હું શું કરું ?' રાજપુત્રીએ કહ્યું – 'પરદારાનો ત્યાગ કર !'

વચન=રાજાએ તેનું વચન સ્વીકાર્યું. રાજપુત્રીને સંતોષ થયો. તેણીનું આ વસ્તુમાં=રાજપુત્રી વડે રાજાના સ્થિરીકરણમાં, અકરણનિયમ કારણ છે. રાજાને શોક થયો. રાજપુત્રીએ કાઉસ્સગ્ગ કર્યો. દેવતાનું આગમન, આંખો=દેવતાએ આંખોનો નિવેશ કર્યો. રાજા સ્થિર થયો=રાજા વ્રતમાં સ્થિર થયો. ॥૬૯૮થી ૭૦૩॥

ટીકા :-

तत्र च । अत्थि कलाविकुलड्डं कइविसरविरायमाणघणसालं । साएयपुरं गिरिकाणणंव सच्छंदरायसुयं ।।१।। तत्थ य हयगयनाहो उन्नामियकेसरो अइकरालो । विप्फुरियपोरुसो केसरिव्व नरपोरुसी राया ।।२।। कमला इव कमलकरा तस्स पिया कमलसुंदरी नाम । रइसुंदरी य दुहिया रइव्व रूवेण सुपसिद्धा ।।३।। अह बुद्धिरिद्धिसुयसंपयाहिं निच्चोवलद्धमाहप्पा । मंतिमहिब्भपुरोहा संति पसिद्धा तहिं नयरे ।।४।। सिरिदत्त-सुमित्त-सुघोसनामया वहुमया महीपहुणो । रयणायरव्व ते उण नियनियमेरं न लंघंति ।।५।। तेसिं लक्खण-लच्छी-ललियाघरिणीण कुच्छिखाणीसु । उप्पन्नमणग्घेयं कन्नारयणत्तियं अत्थि ।।६।। ता बुद्धिरिद्धिगुणपुव्वसुंदरीनामधेयपयडाओ । उवहसिय-सुरवहूओ तिन्निवि लायन्नरूवेहिं ।।७।। गिण्हंतीण कलाउ तासिं एगत्थ लेहसालाए । रइसुंदरीए सद्धिं जाया पीई समगुणाणं ।।८।। विउसाण कुलीणाणं धणीण धम्मीण तदियराणं च । पायं तुल्लगुणाणं जायइ जीवाण

मित्तत्तं ।।९।। नेहनिरंतरयाए ताओ चउरो वि पायमेगत्थ । भुंजंति सुवंति रमंति लोयलोयणकयाणंदा ।।१०।। एसा कज्जवसेण वम्महपिया जाया चउद्धा णु किं, देवी किं व सरस्सई फुडमहो एवंसरूवा ठिया । रूवं णाणगुणं चणण्णसरिसं तासिं समं पेच्छिरो, जाओ विम्हय माणसो पुरजणो एवं वियप्पाउलो ।।११।। अह रिद्धिसुंदरीमंदिरम्मि एयाहि णं रमंतीहिं । निज्झाइया कयाई पवत्तिणी गुणसिरि णाम ।।१२।। जा मयकलंकमुक्का दूरियदोसुग्गमा थिरसहावा । निच्चमक्खंडायारा अउव्वगहनाहमुत्तिव्व ।।१३।। वासोउव्व सुमेहा अदिट्ठदोसायरा अरयसंगा । ससियरधवलंवरसच्छमाणसा सरयलच्छिव्व ।।१४।। अंगीकयपरमहिमा विउडियकमलायरा हिमोउव्व । किज्जंतसयलदोसा सुसीयला सिसिरमइयव्व ।।१५।। परहुयमहुरालावाऽऽणंदियभुवणा वसंतमुत्तिव्व । गिम्हमया इव कयजणबहुसेया उग्गतवणाहा ।।१६।। इय सव्वकालसीलं पवित्तचित्तं पवत्तिणिं दट्ठुं । भणियं रायसुयाए वियसंतमुहारविंदाए ।।१७।। चंदकलव्व सतारा उज्जलवेसा हु साहु का एसा । सहिया समाणवेसाहिं रायहंसिव्व हंसीहिं ?।।१८।। भणियं वणियसुयाए अम्हगुरूणं पि गउरवट्ठाणं । उग्गतवक्किसियंगी एसा समणी समियपावा ।।१९।। अच्चब्भुयं च सामिणि! एयाए माणसे विसालम्मि । निम्मलदयकलियम्मिवि न रायहंसो पयं कुणइ ।।२०।। धन्ना नियंति एयं धन्ना वंदंति भत्तिराएण । धन्ना इमीए वयणं निसुणंति कुणंति य सयावि ।।२१।। इय सोउं सव्वाहिं गंतूणं ताहिं वंदिया गुरुणी । तीएवि सुत्तविहिणा धम्मकहा तासिं पारद्धा ।।२२।। दुलहं माणुसजम्मं लद्धूणं रोहणंव रोरेण । रयणंव धम्मचरणं बुद्धिमया हंदि घेत्तव्वं ।।२३।। सिद्धंपि महाविज्जं असरंतो निप्फलं जहा कुणइ । तह धम्मपमाइल्लो हारइ पत्तंपि मणुयत्तं ।।२४।। जह पत्थणालसाणं चिंतामणिणो न देंति धणरिद्धिं । धम्मचरणा लसाणं तह विहलो मणुयजम्मोवि ।।२५।। जह दुलहं कप्पतरुं दट्ठुं मग्गइ वराडियं मूढो । मोक्खफले मणुयत्ते तह मूढो मग्गए विसए ।।२६।। तो गिण्हह सम्मत्तं पडिवज्जह संजमं धूयावज्जं । तप्पह तवं महंतं जइ मग्गह जम्ममरणंतं ।।२७।। छूढं संजमकोट्ठे ताविज्जंतं तवग्गिणा धणियं । मुंचउ कम्मकलंकं जीवसुवन्नं न संदेहो ।।२८।। देहो धुवं विणासी तवसंजमसाहणं फलं तस्स । वोलइ हुलियं जीवं ता मा धम्मे पमाएह ।।२९।। इय गणिणिमुहमयंका झरियं वयणामयं पियंतीणं । मिच्छत्तविसमसेसं णट्ठं तासिं खणद्धेण ।।३०।। तो ताहिं सप्पसायं भणियं भयवइ! न अन्नहा एयं । जं तुमए आइट्ठं किंतु वयं मंदसत्ताओ ।।३१।। जओ ।। उप्पाडिओवि तुब्भेहिं अक्कतूलंव एस हेलाए । तवचरणभरो अम्हं भासइ गिरिरायगुरुययरो ।।३२।। ता मोहविनडियाणं पडियाण पमायकंदरे णीए । हत्थालम्बसमाणं देहि गिहत्थोचियं धम्मं ।।३३।। कलिऊण जोग्गयं मग्गसाहणे साहुणी पहाणाए । दिन्नं तासु विसुद्धं सम्मत्तं निम्ममत्ताए ।।३४।। भणियं च जइ न सक्कह सव्वाणुव्वयगुणव्वए धरिउं । तहवि परपुरिससंगे अकरणनियमं दढं

कुणह ।।३५।। पावं सयं न कीरइ विणियत्तिज्जइ परोवि पावाए । मइविहवा नयनिउणं अकरणनियम-स्सरूवमिणं ।।३६।। इत्तो वित्थरइ जए विमला आचंदसूरियं कित्ती । इत्तो कल्लाणपरंपरेण पाविज्जए मुत्ती ।।३७।। वट्टंति वसे तियसा चिंतियमेत्ताइं सव्वकज्जाइं । संपज्जंति जियाणं एत्तो एत्थेव जम्मम्मि ।।३८।। उचियं कुलंगणाणं परलोयसुहावहं च तुब्भेहिं । आइट्ठमोसहं जह मिट्ठं गुरुरोगहरणं च ।।३९।। इय जंपिरीहिं हरिसुल्लसंतगत्ताहिं ताहिं सव्वाहिं । गुरुबहुमाणपहाणो पडिवन्नो एस वरनियमो ।।४०।। पालंतीण य एयं जिणगुरुसक्कारकरणनिरयाणं । जिणमयसुइरसियाणं सुहेण कालो गओ कोइ ।।४१।। अह नंदणम्मि नयरे चंदनरिंदेण निययदूयाओ । रूवाइसओ रइसुंदरीए निसुओ हिययहारी ।।४२।। अणुरायरसाइसया तेण निउत्तो तयत्थणे मंती । लद्धा य तेण पडिवत्तिनिउणमइमग्गमाणेण ।।४३।। तओ विच्छड्डेण सुमहया विसज्जिया राइणा सुहमुहुत्ते । लच्छिव्व पुन्ननिहिणो सयंवरा तस्स सा पत्ता ।।४४।। अह वासरे पसत्थे वत्ते वीवाहमंगले रम्मे । वद्धावणयाणंदो नंदणनयरे पवित्थरिओ ।।४५।। किं एसा सग्गवहू किं वा पायालकण्णगा धण्णा । लच्छी गोरी विज्जाहरिव्व मयणप्पिया किंवा ।।४६।। पइभवणं पइहट्टं पइमग्गं पइसहं पइनिवाणं । सुव्वंति तम्मि नयरे इय नरनारीगणुल्लावा ।।४७।। कालेण निक्कलंको चंदो चंदोव्व तीए जोण्हाए । जाओ जयम्मि पयडो संपत्तविसुद्धपक्खाए ।।४८।। अन्नदिणे कुरुवइणो महिंदसीहस्स संतिओ दूओ । चंदनराहिवपुरओ संपत्तो भणिउमाढत्तो ।।४९।। संदिट्ठं मह पहुणा अम्हं तुम्हं च पुव्वपुरिसाणं । इयरजणासामन्नो आसि दढं नेहपडिबंधो ।।५०।। ते च्चिय सुया सुजाया चिट्ठंति धयव्व निययवंसग्गे । दुव्वायहयावि न जे मुयंति पुव्विल्लसंबंधं ।।५१।। सायरनिसायराण महेसिहंडीण मिहिरनलिणीणं । दूरेवि वसंताणं पडिवन्नं नन्नहा होइ ।।५२।। किंवा भणउ अन्नं अगन्नसोजणणमुव्व-हंतस्स । सव्वं पओयणं मे कहियव्वं सव्वहा तुमए ।।५३।। अन्नच्च नवोढा जा सुव्वइ रइसुंदरी पिया देवी । तं अम्हं पाहुणिगं पेससु संमाणिमो जेण ।।५४।। जो मन्निज्जइ सयणो तस्स कलत्तंपि गउरवट्ठाणं । जम्हा पुत्तम्मि पिए होइ पियं पुत्तवेढणयं ।।५५।। सोऊण दूयवयणं भणियं चंदेण ईसि हसिऊण । सव्वस्स जणियपणया भण कस्स न वल्लहा सुयणा ?।।५६।। भत्ती परोवयारो सुसीलया अज्जवं पियालवणं । दक्खिन्नविणयवाया सुयणाण गुणा निसग्गेण ।।५७।। ता दूय! जुत्तमेयं संदिट्ठं अम्ह तुह नरिंदेण । उत्तमजसा हु सुयणा नियकुलमेरं न लंघंति ।।५८।। अम्हाणवि कहियव्वं पओयणं सव्वमेव जं उचियं । देवीएपेसणे पुण अज्जवि न हु अवसरो कोवि ।।५९।। वायापडिवत्तीएवि कलिओ नेहो महिंदसीहस्स । किं बज्झगोर वेणं पढंति खलु पंडिया जेण ।।६०।। बज्झंति मुक्खविहगा नेहविहूणेण बज्झदाणेण । छेयाणं बंधणं पुण नन्नं सब्भावभणियाओ ।।६१।। तहा ।। वाया सहस्समइया सिणेहनिज्झाइयं सयसहस्सं । सब्भावो सज्जणमाणुसस्स कोडिं विसे

सेइ ।।६२।। अह भणइ पुणो दूओ देवीदंसणसमूसुओ देवो । ता न हु जुत्तं तुम्हंववज्जणं अन्नहा काउं ।।६३।। ताव सुहओ गइंदो जामज्जायं धरेइ हिययम्मि । अन्नह रुट्ठो दारुणभयंकरो कस्स नो होइ ?।।६४।। तुह चेव हियं भणिमो कीरउ सामेण तस्स आएसो । अन्नह बलिमड्डाए गहिउमणो सोम! एकलियं ।।६५।। ताव कयभिउडिभंगो पभणइ चंदो अहो कुलायारं । पालिउमिच्छइ स निवो मग्गंतो परकलत्ताइं ।।६६।। अहवा ।। जं छण्णं आयरियं तइया जणणीए जोव्वणमएण । तं पयडिज्जइ इण्हिं सुएहिं सीलं चयंतेहिं ।।६७।। किं दूय! घडइ एयं जंपंतो! (जीवंतो) नियपियं मुयइ कोवि । अप्पेइ पन्नगो किं जीवंतो मत्थयाहरणं ?।।६८।। दूमिज्जंति नरिंदा छुप्पंते चंददिणयरकरेहिं । निययकलत्ते जे ते कह तं पेसंति परगेहं ।।६९।। पुणरवि दूओ जंपइ नरवइ! निसुणेहि सत्थपरमत्थं । आया हु रक्खियव्वो सव्वपयत्ता जओ भणियं ।।७०।। भिच्चेहिं धणं रक्खह दारं रक्खह धणेण भिच्चेहिं । नियजीवियं सुरक्खह धणेण दारेहिं भिच्चेहिं ।।७१।। इय सो समुल्लवंतो नरवइभिच्चेण चंडसीहेण । निब्भच्छिऊण हत्थं निच्छूढो अद्धयंदेण ।।७२।। गंतूण तेण सिट्ठे कुविओ धणियं महिंदसीहोवि । चलिओ निम्मज्जाओ जलहीवप्पबलपवणेण ।।७३।। अविय ।। करिवरगुरुकल्लोलो फुरंतघणपुंडरीयडिंडीरो । पसरंतपउरवाहो अइभीमो खुहियजलहिव्व ।।७४।। सोऊण तमासन्नं चंदनरिंदो विवड्ढियामरिसो । विप्फुरियरणुच्छाहो पत्तो सवडम्मुहो तुरियं ।।७५।। नियनियसामिय कज्जुज्जयाण जसलालसाण तो सहसा । दोण्हंपि अणीयाणं पयट्टमाओहणं भीमं ।।७६।। सुहडेहिं समं सुहडा जुडिया तह साइणोवि साईहिं । रहिएहिं महारहिणो निसाइणो पुण निसाईहिं ।।७७।। खित्तं च खणेण पडिप्पहेण चंदस्स सेन्नमियरेण । थेवं बहुणा सरियाजलंव जलनाहनीरेण ।।७८।। अह पवणजवणउत्तुंगतुरंगजुत्तं रहं समारूढो । रोसानलदुप्पेच्छो सयमेव समुट्ठिओ चंदो ।।७९।। तो कुंताहयकुंजरविरसियभज्जंतसेसदोघट्टं । मोग्गरपहारवज्झं तरहवरुत्तट्ठहयथट्टं ।।८०।। अणवरयवार-धोरणिविज्झंतपलायमाणपाइक्कं । खित्तं तेण रिउबलं केसरिणा हरिणजूहंव ।।८१।। ता उट्ठिओ सुरुट्ठो महिंदसीहोवि जीवियनिरीहो । जायं च वणगयाणव तेसिं दोण्हवि चिरं समरं ।।८२।। कहकहवि गयाघायासाइयमुच्छो छलं लहेऊण । भवियव्वयानिओया बद्धो चंदो महिंदेण ।।८३।। भो साहु साहु सुपुरिस! निव्वडिओ अज्ज ते सुहडवाओ । इयज्जंपिरेण मंतिस्स अप्पिओ जीयरक्खत्थं ।।८४।। गंतूण तओ तुरियं पलायमाणम्मि चंदसेन्नम्मि । हाहारवं कुणंती गहिया रइसुंदरी तेण ।।८५।। मोयाविऊण चंदं रइसुंदरिलाभवट्टियाणंदो । पत्तो नियम्मि नयरे भणिऊण तइं समारूढो ।।८६।। सुंदरि! सुयमेत्ताहे अणुराओ मे तुमम्मि संजाओ । तव्वसएण य विहिओ संरंभो एत्तिओ एस ।।८७।। ता एस पयासतरू साहल्लं लहउ तुह पसाएण । पडिवज्ज सुयणु! संपइ कुरुजण-वयसामिसीलत्तं ।।८८।। तो चिंतइ चंदपिया धिरत्थु संसारविलसियं पावं । रूवंपि मज्झ एवं

अणत्थमूलं जओ जायं ।।८९।। जं किर एयनिमित्तं संपत्तो पाणसंसयं दइओ । एसोवि मुक्कलज्जो इच्छइ एवं नरयवायं ।।९०।। अवियाणिय मह चित्तं कामग्गहमोहिएण एएण । हा कह कओ निरत्थो संहारो भूरिसत्ताण ?।।९१।। किं बहुणा ते धन्ना संपत्ता मुत्तिमुत्तमं जे उ । जम्हा ते जीवाणं न कारणं दुहलवस्सावि ।।९२।। कह नाम रक्खियव्वं सीलं एयाओ पावचरियाओ । अहवावि कालहरणं भणियं असुहस्स नीईए ।।९३।। तासामपुव्वगं चिय कालविलम्बं इमं विहावेमि । सामं विणा ण तीरइ वारिउमेसो जओ लुद्धो ।।९४।। इय भाविऊण पभणइ कलिया गाढाणुरागया तुज्झ । पत्थेमि अओ किंचि जइ न कुणसि पत्थणाभंगं ।।९५।। भणइ निवो जीयस्सवि पहवसि तं तहवि जंपसि किमेवं ?। जो देइ सिरं सुंदरि! सो किं जाइज्जए निउणं ?।।९६।। अहवा तिलोयमंदिरमज्झंगयं दुल्लहंपि जाएहि । संपाएमि अवस्सं तणंव तुलिऊण जीयंपि ।।९७।। रइसुंदरीए भणियं अलाहि अन्नेण एत्तियं भणिमो । मा बंभव्वयभंगं कुणसु महं जाव चउमासं ।।९८।। पडिभणइ पत्थिवो तो वज्जपहाराओ दारुणं एयं । तहवि तुहाणाभंगो न हु कायव्वोत्ति पडिवन्नं ।।९९।। तो रुंदवसणसायर-पडिया दीवंव पाविया सहसा । एद्दहमेत्तेणं चिय जाया सा निव्वुया किंचि ।।१००।। ण्हाणंगरायपमुहं अकुणंती सयलमंगपरिकम्मं । सोसंती य सरीरं निच्चं आयंबिलाईहिं ।।१०१।। जाया खल्लकवोला परिसोसियमंससोणिया धणियं । सुक्ककडीयडसिहिणा पयडनसा फरुसकेसा य ।।१०२।। मलकिणक-सिणियकाया दवदड्ढा कमलिणिव्व नरवइणा । दिट्ठा सा अन्नदिणे पडिपुन्नप्पायवयसमणा ।।१०३।। भणिया य सुयणु! किं पुण संजाया एरिसी तुहावत्था । किं अत्थि कोइ रोगो दुक्खं वा माणसं तिव्वं ?।।१०४।। भणइ रइसुंदरी तो नरवर! वेरग्गओ महाघोरं । पडिवन्नं वयमेयं ओलग्गा तेण जायम्हि ।।१०५।। पालेयव्वं च मए तहावि अइदुक्करं च वयमेयं । जं वयभंगो नरयस्स कारओ नियमओ भणिओ ।।१०६।। वज्जरइ तओ राया किं पुण वेरग्गकारणं तुज्झ । जेणेरिसमारद्धं मुद्धे! उग्गं तवोकम्मं ?।।१०७।। सा भणइ मेइणीसर! सरीरमेवप्पणो महापावं । वेरग्गकारणं मे पायडदीसंतदोससयं ।।१०८।। अविय ।। वसमंससुक्कसोणियमुत्तासुइसिंभपित्तपडिहत्थं । दारेहिं नवहिं एयं झरइ सया असुइनीसंदं ।।१०९।। परिसीलियंपि मुहु मुहु धोवण-धूवण-विलेवणाईहिं । न मुयइ विगंधिभावं सुनियंसियभूसियमवीमं ।।११०।। अंतो बहिं च जं जं भोगंगमिमस्स सुट्ठु सुहगंधं । उवणिज्जइ णिज्जइ तं इमेण सहसा असुइभावं ।।१११।। अच्चंतं दुव्विसहो गंधो एयस्स खलसरीरस्स । कस्स न करेइ गरुयं वेरग्गं णणु सयण्णस्स ?।।११२।। अन्नं च एस अन्नो दोसो एयस्स पावदेहस्स । इय निग्गुणेण इमिणा मोहिज्जइ जं गुणड्ढोवि ?।।११३।। एवं विरागजणणिं सोउं तद्देसणं मणागंपि । न हि भाविओ नरिंदो घणंबुणा मुग्गसेलोव्व ।।११४।। चिंतइ य अपरिकम्मा एसा अंगे विरागयं पत्ता । होही पुणोवि सत्था णूणं नियमे समत्तम्मि ।।११५।। मा

कुणसु सुयणु! खेयं पुज्जउ नियमो सुहेण तुह एसो । इय जंपिऊण हसिरो तो राया पडिगओ तत्तो ।।११६।। अवहिम्मि पुणो पुन्ने वुत्ता भुत्तुत्तरे महिंदेण । उक्कंठिओम्हि सुंदरि! बाढं तुह संगमे अज्ज ।।११७।। तो भणियं देवीए सच्चयमाहाणयं इमं जायं । इयरस्स मरणसमओ मग्गिज्जइ पंचहिं सएहिं ।।११८।। अज्ज मए बहुकाला परिभुत्तं निद्धमणहरं भत्तं । तेण सरीरे संपइ वट्टइ हल्लोहलो अउलो ।।११९।। फुडइ सिरं वियणाए अइरुंदा सूलवेयणा तुंदे । तुट्टंतिव संधीबंधणाणि सव्वाणि समकालं ।।१२०।। इयदा णं भणिरीए मयणहलमलक्खियं कयं वयणे । वमियं च तेण सहसा तक्खणभुत्तं सयलभत्तं ।।१२१।। भणियं च पेच्छ नरवइ! एयसरीरस्स असुइरूवत्तं । तव्विहमणुन्नमन्नं खणेण असुईकयं जेण ।।१२२।। अन्नं च सुहय! साहसु अइसयछुहिओवि कोवि किं एयं । इच्छइ पुरिसो भोत्तुं तुम्हारिसबालिसं मोत्तुं ।।१२३।। जंपइ पुहइपई तो सुंदरी अह बालिसो कहं होमि ?। कह वा एरिसभत्तं भोत्तुं इच्छामि पसयच्छि! ।।१२४।। इयरी भणइ वियक्खण! पयडं एयंपि किं ण लक्खेसि ?। परपरिभुत्तकलत्तं एत्तोवि विहीणयं होइ ।।१२५।। सच्चं सुंदरि! एयं इह परलोए विरुद्धमच्चंतं । रागाइरेगओऽहं तहावि तुह संगमे लुद्धो ।।१२६।। इयजंपिरो नरिंदो भणिओ तीएवि मुक्कनीसासं । एत्थ निहीणे देहे किं रागनिबंधणं तुज्झ ?।।१२७।। भन्नइ निवेण ताहे सुंदरि! तवसोसिएवि तव देहे । नयणंबुरुहस्स फुडं मोल्लं पुहवीवि नो होइ ।।१२८।। णाऊण निच्छयं से उवायमन्नं अपेच्छमाणीए । नियसीलरक्खणत्थं अगणंतीए तणुविणासं ।।१२९।। रइसुंदरिदेवीए अवलंबिय साहसं महाचोज्जं । उप्पाडिऊण सहसा लोयणजुयमप्पियं रन्नो ।।१३०।। भणियं च गेण्ह सुपुरिस! इमाइं अइवल्लहाइं हिययस्स । कुगइनिवाडणपडुणा अलाहि सेसंगसंगेण ।।१३१।। दट्ठूण तं विचक्खुं वियलियराओ नरेसरो जाओ । वड्ढियगरुयविसाओ सविम्हओ भणिउमाढत्तो ।।१३२।। हा सुयणु! कीस तुमए कयमेवमईवदारुणं कम्मं । मम अप्पणो य दुहदाहदायगं दुक्करं सुट्ठुं ।।१३३।। तीए भणियं नरवर! मम तुम्ह य सुहनिबंधणं एयं । कडुमोसहंव आगाढरोगिणो रोगसमदच्छं ।।१३४।। जं मइलिज्जइ वंसो वज्जइ भवणे सया अयसपडहो । पाविज्जइ नरयगई नरवर! परदारसंगेण ।।१३५।। दालिद्दं दोहग्गं नपुंसगत्तं भगंदरं कोढं । जीवा अणंतखुत्तो लहंति परदारसंगेण ।।१३६।। निरएसु तिव्वदुक्खं निल्लंछणमाइ एसु तिरिएसु । जीवा अणंतखुत्तो लहंति परदारसंगेण ।।१३७।। एयारिसदुक्खाणं चुक्का अहयं तुमं च इत्ताहे । इय उभयहियं एवं कयं मए दुक्करं जइवि ।।१३८।। अन्नं च । मह दोसेण महायस पावाभिमुहो तुमंपि संजाओ । ता कह दंसेमि नियं वयणं तुह मंदभग्गाहं ?।।१३९।। जइ लोयणहाणीए वारिज्जइ तुम्ह दुग्गईगमणं । ता किं न मए लद्धं परत्थसारा जओ पाणा ।।१४०।। एमाइ जुत्तिसारं गंभीरं देसणं निसामंतो । पडिबुद्धो नरनाहो परिओसवसा भणइ देविं ।।१४१।। सुंदरि! हियाहियाणं सुट्ठु विभागं तुमं

वियाणेसि । ता आइस जमियाणिं जुत्तं मम मंदपुन्नस्स ?।।१४२।। सा भणइ निवं सुंदर! कुण विरइं परकलत्तसंगस्स । जेण भवसंभवाणं दुक्खाण न भायणं होसि ।।१४३।। अणुतावतिव्वहुयवहडज्झंतमणोवणो तओ राया । मन्नंतो धम्मगुरुं तं पडिवज्जइ तयाएसं ।।१४४।। हा! कह महात्रसईए कओ अणत्थो मए अणज्जेण । इय सोयनीसहंगो जाओ य विमुक्कवावारो ।।१४५।। अह रइसुंदरिदेवी सासणदेविं मणम्मि काऊण । काउस्सग्गम्मि ठिया झायंती जिणनमोक्कारं ।।१४६।। आकंपिया य सहसा तयंतियं देवया समायाया । कुणइ णयणाइं तीसे सविसेसविलाससोहाइं ।।१४७।। तद्दंसणसीयलवारिवारियासेससोयसंतावो । जाओ थिरयरचित्तो पडिवन्नवए नरवरिंदो ।।१४८।। मरिसाविऊण बहुहा पच्चइयमहंतएहिं परियरियं । कयबहुविहप्पसायं पेसइ तं नंदणं नयरं ।।१४९।। संदिट्ठं चंदस्सवि जह एसा मज्झ सोयरी भगिणी । धम्मगुरू परमप्पा महासई देवकयरक्खा ।।१५०।। ता एयाए उवरिं असुहासंका न काइ कायव्वा । खमियव्वो अवराहो ममावि पाविट्ठलट्ठस्स ।।१५१।। धन्नो तं जस्स घरे तिहुयणलच्छिव्व पंकयदलच्छी । अच्छइ निच्छियसारा एसा सुररक्खिया सक्खा ।।१५२।। दट्ठूण तं किसंगिं सोऊण महिंदसीहसंदिट्ठं । वुत्ततं च पवित्तं चंदनरिंदो दढं तुट्ठो ।।१५३।। तीए सद्धिं सद्धम्मविद्धिसारं मणोरम्मं रज्जं । परिवालिउमारद्धो फुरंतजसकित्तिसंताणो ।।१५४।। एवं अकरणनियमो सम्मं आराहिओ निवसुयाए । वयणं पवत्तिणीए निरंतरं संभरंतीए ।।१५५।। छ ।।६९८-७०३।।

**ભાવાર્થ :-**

રતિસુંદરી નામની રાજકન્યાને શીલવ્રત અત્યંત અંગાંગીભાવરૂપે પરિણમન પામેલ તેથી કુરુદેશના રાજાને થયેલો રાગ તેણીએ પોતાની બુદ્ધિથી અને ચાતુર્યથી નિવર્તન કરવા યત્ન કર્યો તેથી પોતાના શીલ પ્રત્યેનો રાગ તે પ્રકારના સંવેગયુક્ત હોવાથી રાજાને પણ બોધિની પ્રાપ્તિ થઈ અને રાજાને પરદારાવર્જનનો પરિણામ થયો. તેમાં પ્રબળ કારણ વિશિષ્ટ પ્રકારના ક્ષયોપશમભાવરૂપે પરિણમન પામેલ પાપઅકરણનિયમ હતું તેથી તેવા વિશુદ્ધ પરિણામના બળથી પોતાનાથી અન્ય એવા રાજાને પણ પાપઅકરણનિયમની પ્રાપ્તિ થઈ. **॥૬૯૮થી ૭૦૩॥**

**ગાથા :-**

**एत्थेव मंति धूया एरिसिया बुद्धिसुन्दरी नाम ।**
**पासायले य दिट्ठा रन्ना अज्झोववन्नो य ।।७०४।।**
**चेडीपेस अणिच्छे मंतिग्गह मंतभेयकवडेण ।**
**पत्तियण मोक्ख तब्बंदिधरण कहणम्मि संवेगो ।।७०५।।**

तन्निव्वत्तणचिंता देसण निब्बंध तक्कहा चेव ।
नियविद्धरूवमयणासुचिभरियसमप्पणे सा हं ।।७०६।।
निवतोस एरिसच्चिय छड्डिहिसि न जातु भंगखिवणाउ ।
साहुकयं निव हिरिया पावयरा हंत संवेगो ।।७०७।।
देसण निवसंबोही तुट्ठो परदारचागहरिसाओ ।
पसंस अकरणणियमो मोयणा तह य सक्कारो ।।७०८।।

**અન્વયાર્થ :-**

एत्थेव=અહીં જ=સાકેતપુર નગરમાં જ, बुद्धिसुन्दरी नाम=બુદ્ધિસુંદરી નામની, मंति धूया=મંત્રીપુત્રી, एरिसिया=આવી જ હતી=રાજપુત્રી જેવી જ પાપઅકરણનિયમના પરિણામવાળી હતી. (અન્યત્ર મંત્રીપુત્રને પરણેલી છે.) पासायले य दिट्ठा रन्ना=અને પ્રાસાદતલમાં રાજા વડે જોવાઈ=ત્યાંના રાજાએ નીચે ઊભેલી તેને જોઈ. अज्झोववन्नो य=અને અધ્યવસાય ઉત્પન્ન થયો=રાજાને કામનો અધ્યવસાય ઉત્પન્ન થયો.

चेडीपेस=દાસીને મોકલી=રાજાએ દાસીને બુદ્ધિસુંદરી પાસે મોકલી. अणिच्छे=અનિચ્છા=બુદ્ધિસુંદરીએ અનિચ્છા બતાવી. मंतभेयकवडेण मंतिग्गह=મંત્રભેદના કપટથી રાજાએ મંત્રીના કુટુંબનું ગ્રહણ કર્યું. पत्तियण मोक्ख=પ્રયત્નથી મોક્ષ=પ્રયત્નથી મંત્રી વગેરે રાજા વડે મુક્ત કરાયા. तब्बंदिधरण=તેનું બંદીમાં ધરણ=મંત્રીની પત્નીને રાજાએ બંદી બનાવી. कहणम्मि संवेगो=કથનમાં સંવેગ=રાજાએ પોતાના રાગનું કથન કર્યું ત્યારે બુદ્ધિસુંદરીને સંવેગ થયો.

तन्निव्वत्तणचिंता=તેના નિવર્તનની ચિંતા=રાજાના રાગના નિવર્તનની બુદ્ધિસુંદરીને ચિંતા, देसण=દેશના, निब्बंध=રાજાનો આગ્રહ, तक्कहा चेव=અને તેની કથના=બુદ્ધિસુંદરીએ રાજાને કહ્યું — 'મારે અમુક કાળ વ્રત છે.' नियविद्धरूवमयणासुचिभरियसमप्पणे=પોતાના રૂપ જેવું મીણનું અશુચિથી ભરેલું પૂતળું રાજાને સમર્પણ કર્યું. (બુદ્ધિસુંદરીએ કહ્યું —) सा हं='તે હું છું.'

निवतोस=રાજાને તોષ થયો. (રાજાએ કહ્યું —) एरिसच्चिय='તું આવી જ છો.' (બુદ્ધિસુંદરીએ કહ્યું —) छड्डिहिसि='મને છોડી દે.' (રાજાએ કહ્યું —) न जातु='હું નહીં છોડું' भंगखिवणाउ=ગુસ્સાથી તેને ભાંગી નાખી=ગુસ્સાથી રાજાએ મીણનું પૂતળું તોડી પાડ્યું ત્યારે અંદરથી અશુચિ બહાર આવેલી જોઈને રાજાએ તેને પૂછ્યું — 'આ શું છે ?' (બુદ્ધિસુંદરીએ કહ્યું —) साहुकयं='સાધુકૃત છે'= 'મારા શરીરમાં પણ આવો જ દુર્ગંધયુક્ત પદાર્થ છે તેવું જ મેં પૂતળામાં ભર્યું હતું.' निव हिरिया=રાજાને લજ્જા આવી. पावयरा हंत संवेगो=રાજાને પાપને હરનારો સંવેગ થયો.

देसण=દેશના=બુદ્ધિસુંદરીએ દેશના આપી. निवसंबोही=રાજાને સંબોધિની પ્રાપ્તિ થઈ. परदारचाग-

हरिसाओ तुट्ठो=પરદારાના ત્યાગના હર્ષથી રાજા ખુશ થયો. पसंस=પ્રશંસા=બુદ્ધિસુંદરીએ રાજાના પરદારાત્યાગરૂપ વ્રતની પ્રશંસા કરી. अकरणणियमो=અકરણનિયમ=રાજામાં પણ પાપઅકરણનો પરિણામ પ્રગટ થયો. मोयणा तह य सक्कारो=મોચન અને તે પ્રકારે સત્કાર=રાજાએ બુદ્ધિસુંદરીને છોડી દીધી અને ઉચિત સત્કાર કર્યો. ।।૭૦૪થી ૭૦૮।।

ગાથાર્થ :-

અહીં જ=સાકેતપુર નગરમાં જ, બુદ્ધિસુંદરી નામની મંત્રીપુત્રી આવી જ હતી=રાજપુત્રી જેવી જ પાપઅકરણનિયમના પરિણામવાળી હતી. અન્યત્ર મંત્રીપુત્રને પરણેલી છે. અને પ્રાસાદતલમાં રાજા વડે જોવાઈ=ત્યાંના રાજાએ નીચે ઊભેલી તેને જોઈ. અને અધ્યવસાય ઉત્પન્ન થયો=રાજાને કામનો અધ્યવસાય ઉત્પન્ન થયો.

દાસીને મોકલી=રાજાએ દાસીને બુદ્ધિસુંદરી પાસે મોકલી. અનિચ્છા=બુદ્ધિસુંદરીએ અનિચ્છા બતાવી. મંત્રભેદના કપટથી રાજાએ મંત્રીના કુટુંબનું ગ્રહણ કર્યું. પ્રયત્નથી મોક્ષ=પ્રયત્નથી મંત્રી વગેરે રાજા વડે મુક્ત કરાયા. તેનું બંદીમાં ધરણ=મંત્રીની પત્નીને રાજાએ બંદી બનાવી. કથનમાં સંવેગ=રાજાએ પોતાના રાગનું કથન કર્યું ત્યારે બુદ્ધિસુંદરીને સંવેગ થયો.

તેના નિવર્તનની ચિંતા=રાજાના રાગના નિવર્તનની બુદ્ધિસુંદરીને ચિંતા, દેશના, રાજાનો આગ્રહ અને તેની કથના=બુદ્ધિસુંદરીએ રાજાને કહ્યું – 'મારે અમુક કાળ વ્રત છે.' પોતાના રૂપ જેવું મીણનું અશુચિથી ભરેલું પૂતળું રાજાને સમર્પણ કર્યું. બુદ્ધિસુંદરીએ કહ્યું – 'તે હું છું.'

રાજાને તોષ થયો. રાજાએ કહ્યું – 'તું આવી જ છો.' બુદ્ધિસુંદરીએ કહ્યું – 'મને છોડી દે.' રાજાએ કહ્યું – 'હું નહીં છોડું' ગુસ્સાથી તેને ભાંગી નાખી=ગુસ્સાથી રાજાએ મીણનું પૂતળું તોડી પાડ્યું ત્યારે અંદરથી અશુચિ બહાર આવેલી જોઈને રાજાએ તેને પૂછ્યું – 'આ શું છે ?' બુદ્ધિસુંદરીએ કહ્યું – 'સાધુકૃત છે'='મારા શરીરમાં પણ આવો જ દુર્ગંધયુક્ત પદાર્થ છે તેવું જ મેં પૂતળામાં ભર્યું હતું.' રાજાને લજ્જા આવી. રાજાને પાપને હરનારો સંવેગ થયો.

દેશના=બુદ્ધિસુંદરીએ દેશના આપી. રાજાને સંબોધિની પ્રાપ્તિ થઈ. પરદારાના ત્યાગના હર્ષથી રાજા ખુશ થયો. પ્રશંસા=બુદ્ધિસુંદરીએ રાજાના પરદારાત્યાગરૂપ વ્રતની પ્રશંસા કરી. અકરણનિયમ=રાજામાં પણ પાપઅકરણનો પરિણામ પ્રગટ થયો. મોચન અને તે પ્રકારે સત્કાર= રાજાએ બુદ્ધિસુંદરીને છોડી દીધી અને ઉચિત સત્કાર કર્યો. ।।૭૦૪થી ૭૦૮।।

ટીકા :-

अह बुद्धिसुंदरीवि य दिण्णा पिउणा सुसीमनयरम्मि । कयपत्थणस्स बहुसो सुकित्तिणो रायमंतिस्स ।।१।। उत्तमकलाकलावं पुण्णं ताराहिवंव तं लहिउं । छणजामिणिव्व सुहया सुसोहिया सा जए जाया ।।२।। अण्णदिणे नरवइणा नीहरमाणेण रायवाडीए । दिट्ठा पासायतले फुरंतकंती सुरवहुव्व

।।३।। लायन्नमणन्नसमं तीए दट्ठूण माणसं तस्स । खुत्तं सिलाजउम्मिव संचरिउं तरइ नन्नत्थ ।।४।। कामग्गितत्ततणुणा उवायमन्नं अपेच्छमाणेण । तेणण्णदिणे दूई नियदासी पेसिया तीसे ।।५।। उवलोहिया य तीए विचित्तजुत्तीहिं मणहरुत्तीहिं । निब्भच्छिऊण हत्थं निद्धाडइ चेडियं तत्तो ।।६।। तहवि निवो मोहंधो गहिओ कामग्गहेण उग्गेण । ववगयलज्जोऽणज्जो सज्जो गहणुज्जओ संतो ।।७।। सहसा सपुत्तदारं बंधाविय चारए खिवइ मंतिं । मंतविभेयवराहं पयडं कवडेण जंपंतो ।।८।। पउरेहिं 'पहो! विणयं कुणइ एसो इमं'ति बिंतेहिं । कहकहवि मोइओ सो ण य मुंचइ सुंदरिं तहवि ।।९।। संलवइ उच्चसद्दं भो भो! ता कुणह पच्चयं मज्झ । मुंचिस्सामि इमं तो न अन्नहा अइचिरेणावि ।।१०।। विन्नायतयज्झप्पा णागरया पडिगया विलियचित्ता । अंतेउरं पवेसिय इयरेणवि सुंदरी भणिया ।।११।। विन्नत्ता दूईए मह वयणा तहवि किं न मन्नेसि । सोहग्गाओ उवरिं किं मग्गसि मंजरिं मुद्धे! ।।१२।। को एत्तियं कुणंतो पडिवन्नं होज्ज जइ पुरा तुमए । कज्जम्मि सामसज्झे को चंडं दंडमायरइ ?।।१३।। एयारिसनिब्बंधा मइ मुणिओ जइ सिणेहसब्भावो । ता मा मामवमन्नसु अखंडिओ होइ जेणेसो ।।१४।। सोऊण रायवयणं संवेगरसं परं अणुहवंती । तं पडिबोहिउकामा मंतिपिया भणिउमाढत्ता ।।१५।। एयारिसे अकज्जे रमंति जे होंति हीणजाइल्ला । तुम्हारिसाण नरपहु! नहु छज्जइ एरिसं पावं ।।१६।। न चयइ मेरं सुयणो ताविज्जंतोवि तिव्वदुक्खेण । पहओवि चंडमरुया लंघइ किं सायरो सीमं ?।।१७।। रायरिसिणो य तुब्भे दुन्नयनासणनिमित्तमिह सिट्ठा । सयमेव दुन्नयरया कहन्नलोयं निवारिहिह ।।१८।। अन्नं च पत्थिवाणं अवच्चपाया पया सदेसत्था । ता तत्थ पेमरागो न संगओ नायसाराण ।।१९।। उत्तमकुलजायाओ जायाओ संति ते अणेगाओ । लज्जसि किं न महंतो हीणाओ मारिसित्थेणा ?।।२०।। पोरुसपयावपायवदव-पायपरंगणासमं तेण । मा मा निरसु निरत्थं अयसपसत्थं मयंकम्मि ।।२१।। इय सोववत्तियं तीए मंतियं संतियंपि मूढस्स । भरियघडस्सव नीरं न तस्स कण्णंतरे थक्कं ।।२२।। हसिऊण भणइ तो सो सुंदरि! जाणामि निच्छियं सव्वं । किंतु न जुज्जइ एरिसवियारणा णेहरसियाण ।।२३।। भणियं च । 'जत्थु गणंतिहि अत्थु वइज्जइ तुच्छवि पाणपीड रक्खिज्जइ । जत्थु अजुत्तु जुत्तु जोइज्जइ नेहह तासु जलंजलि दिज्जइ ।।२४।।' णाऊण णिच्छयं से कलिऊण य कालजावणाकालं । तं बुद्धिपुव्वयं बुद्धिसुंदरी सायरं भणइ ।।२५।। जइ एस निच्छओ ते तहावि पडिवज्ज पत्थणं एयं । परिपालिज्जइ नियमा नियमसमत्ती तुमे मज्झ ।।२६।। जो कुणइ नियमभंगं जोवि य कारेइ कहवि दुब्बुद्धी । ते दोवि हुंति दुहलक्खभायणं भीमभवगहणे ।।२७।। पडिवन्नमकामेंणावि मेइणीसामिणा इमं वयण । मा होज्ज सज्झसं भामिणीए परिभावयंतेण ।।२८।। इयरीवि किंचि निव्वुयहियया रन्नो विबोहणोवाए । मग्गंति च्चिय कालं गमेइ णाणाविणोएहिं ।।२९।। अन्नदिणे आणाविय

सुपसत्थं सित्थयं पसत्थाए । घडियं नियपडिछंदं निउणाए पोत्थकम्मम्मि ।।३०।। तं पुण अंतो सुसिरं भरियममिज्झस्स दुरहिगंधस्स । बाहिं सुसिलिट्ठं कयसुरहिविलेवणाडोवं ।।३१।। तो ईसि हसंतीए गोट्ठिकए आगयस्स भूवस्स । दंसिय भणियं तीए होमि नवा एरिसी अहयं ?।।३२।। विम्हियमणेण तेणवि भणियं ते साहु सुयणु! कोसल्लं । सच्चवियं सविसेसं जेण इमं अत्तणो रूवं ।।३३।। जस्स तुमं हिययगया निच्छयमाणस्स तस्स फुडमेयं । निउणमणोनिव्वाणं सुंदरि! निस्संसयं कुणइ ।।३४।। जइ एवं ता सुपुरिस! धरेहि एयं समंदिरे निच्चं । मुंचाहि मं इयाणिं निबंधणं कुलकलंकस्स ।।३५।। इय तीए संलत्ते पडिवुत्तं पत्थिवेण णणु एयं । पवणेण घणा इव झत्ति मज्झ पाणा विलिज्जंति ।।३६।। जे तुह संगसुहासारज्जुनिबद्धा दुहं मए रुद्धा । घाडेरुयससया इव अबंधणा ते पलायंति ।।३७।। मन्ने मम संगाओ एईए संगमो सुहय! सुहओ । अहयं मयणविउत्ता मयणमया चेव जं एसा ।।३८।। इय चिंतिऊण तीए उवणीया राइणो मयणमहिला । तेण उ सासूयं पिव पणोल्लिया पाविया भंगं ।।३९।। दट्ठूण असुइनियरं जंपइ राया किमेरिसं मुद्धे! । बाढं दुगुंछणिज्जं बालाणव चेट्ठियं तुमए ?।।४०।। सा भणइ देव! एसो नियपडिछंदो मए विणिम्मविओ । एयारिसच्चिय अहं अहवा एत्तो वि हीणयरी ।।४१।। जलजलणाइपओगा सोहिज्जंतो विसुज्झई एस । एयं तु मज्झ अंगं नरनाह! न सोहिउं सक्कं ।।४२।। असुइम्मि समुप्पन्नं असुईरसएण पावियं विद्धिं । अंतोऽसुइपडिपुन्नं असुइं पज्झरइ सव्वत्तो ।।४३।। जं किर इमस्स मज्झे तं जइ बाहिंपि पायडं होज्जा । कायसुणयाण ता को रक्खेज्ज इमं सुदक्खोवि ?।।४४।। अविगणिय कुलकलंकं इय कुहियकरंककारणे कीस । वियरसि संचक्कारं तं नारय-तिरियदुक्खाण ?।।४५।। तिलतुसमेत्त-सुहत्थे मीणा इव मंसपेसियालुद्धा । पाडेहि अप्पयं मा हु धीर! णरयाणले घोरे ।।४६।। भुंजंतो परदारं दारं पाउणइ नरयगुत्तीए । नय संपावइ पारं पारंपरियाण दुक्खाणं ।।४७।। कस्स न सुहय! सुहायइ संगो तुम्हारिसेहिं सुयणेहिं । किंतु न सक्का सोढुं नरए वज्जग्गिजालाओ ।।४८।। भोगसुहं मणुयाणं संजायइ केइ परिमिए दिवसे । नरए दारुणदुक्खं सागरपल्लोवमाणेहिं ।।४९।। अन्नं च ।। किं पेच्छसि मम अहियं नरवर! अंतेउराओ निययाओ । जं कुणसि असग्गाहं बालोव्व अनायपरमत्थो ।।५०।। अवि य ।। मग्गंति विम्हिया जह एगं चंदं जले जले बाला । तह दुलहं भोगसुहं मूढा अन्नन्ननारीसु ।।५१।। इय निसुणंतो सहसा राया संवेगसारमुल्लवइ । साहु सुभणियं सुंदरि! नायं तत्तं मएदाणिं ।।५२।। मोहंधस्स तए मम विवेगचक्खू सुनिम्मलं दिन्नं । नरयागडे पडंतो झडत्ति धरिओ अहं तुमए ।।५३।। भण किं करेमि इण्हिं तुज्झ पियं सुयणु! मंदभग्गो हं । तीए भणियं गिण्हसु विणिवित्तिं परकलत्तस्स ।।५४।। तो हरिसपुलइयंगो चक्कोइव दिट्ठउग्गयपयंगो । विरओ परदाराओ राया कयधम्मगुणराओ ।।५५।। भो साहु साहु सुपुरिस! मुणियं तत्तं ऊरीकयं

**सत्तं । नय मयलिओ सवंसो इय सुंदरीए कयपसंसो ।।५६।। खामिय पुणो पुणो तं पूयइ सक्कारियं विसज्जेइ । मंतिस्स य सपसाओ राया पुव्विंव संजाओ ।।५७।। एवं अकरणनियमो अकलंको पालिओ इमीएवि । जिणसासणसरसिरुहं सेसंव सिरे धरंतीए ।।५८।। ।।७०४-७०८।।**

**ભાવાર્થ :-**

શીલવ્રતના પાપનો અકરણનિયમ એટલે સ્વીકારાયેલા શીલવ્રતમાં મન-વચન-કાયાથી લેશપણ વિકાર ન થાય પરંતુ વિકારના નિમિત્તમાં પણ સંવેગની વૃદ્ધિ થાય તેવો સ્થિર થયેલો પરિણામ. આથી જ બુદ્ધિસુંદરીને રાજા ઇચ્છે છે ત્યારે પણ બુદ્ધિસુંદરીને રાજાની પોતાના તરફની પ્રીતિને જોઈને રાગ થતો નથી પરંતુ સંવેગનો પરિણામ ઉલ્લસિત થાય છે અને સર્વ યત્નથી પોતાના શીલરક્ષણવિષયક બુદ્ધિનો ઉપયોગ કરીને રાજામાં પણ પરદારાના ત્યાગનો પરિણામ પ્રગટ કરે છે; કેમ કે બુદ્ધિસુંદરીના તેવા ભાવથી જ રાજામાં પણ પાપઅકરણનિયમ પ્રગટે છે. તેથી અશીલના પરિણામથી બુદ્ધિસુંદરી પોતાનું રક્ષણ કરે છે અને રાજાને પણ અનાચારથી રક્ષિત કરીને માર્ગમાં લાવે છે. આ પ્રકારે પાપઅકરણનિયમનો પરિણામ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મોક્ષમાં પરિણમન પામે છે. **॥૭૦૪થી ૭૦૮॥**

**ગાથા :-**

**एत्थेव सेट्ठिधूया एरिसिया रिद्धिसुंदरी नवरं ।**
**परिणीया सड्ढेणं धम्मेणं तामलित्तीए ।।७०९।।**
**परतीरवहणभंगे अण्णागम दिट्ठ राग धम्मस्स ।**
**खेवो भंगे जीवण मिलणा कहणम्मि संवेगो ।।७१०।।**
**अन्नत्थ गमणठाणं इयरस्सवि मच्छभत्तओ वाही ।**
**देवा तत्थागमणं दंसण पतिकहणमाणयणं ।।७११।।**
**आसासण वेज्जाण य पुच्छणा किरिय सम्म पडियरणं ।**
**इयरस्स हिरिय देसण संवेगातो ततो बोही ।।७१२।।**
**पन्नवण किं करेमी परदारच्चायमेव परमधिती ।**
**एत्तो अकरणणियमो एयं सिवणागमागमणं ।।७१३।।**

**અન્વયાર્થ :-**

**एत्थेव=અહીં જ=સાકેતપુર નગરમાં જ, सेट्ठिधूया=શ્રેષ્ઠીપુત્રી, एरिसिया=આવી હતી=બુદ્ધિસુંદરી જેવી શીલસંપન્ન હતી, नवरं रिद्धिसुंदरी=ફક્ત નામ રિદ્ધિસુંદરી હતું. तामलित्तीए धम्मेणं सड्ढेणं परिणीया=**

તામ્રલિપ્તીમાં ધર્મ નામના શ્રાવક સાથે પરણાવાઈ.

परतीरवहणभंगे=પરતીરગમનમાં વહાણનો ભંગ થયો. अण्णागम=અન્ય વહાણનું આગમન થયું. दिट्ठ राग=જોઈને રાગ થયો=રિદ્ધિસુંદરીને જોઈને તે અન્ય શ્રેષ્ઠીને તેના પર રાગ થયો. धम्मस्स खेवो=ધર્મને ક્ષેપ=ધર્મને સમુદ્રમાં ફેંક્યો. भंगे=ભંગ થયે છતે=તે અન્ય પણ વહાણનો ભંગ થયે છતે, जीवण=જીવન=રિદ્ધિસુંદરી જીવતી રહી. मिलणा=મિલન=ધર્મ અને રિદ્ધિસુંદરીનો ફરીથી મેળાપ થયો. कहणम्मि संवेगो=કથનમાં સંવેગ=રિદ્ધિસુંદરીએ પોતાની આપવીતી કહી ત્યારે સંવેગ થયો.

अन्नत्थ=અન્યત્ર=અન્ય ગામમાં, गमणठाणं=ગમન થયે છતે મુખીએ સ્થાન આપ્યું. इयरस्सवि=ઈતરને પણ=ધર્મને દરિયામાં ફેંકનાર એવા ઈતર લોચન નામના વણિકને પણ, मच्छभत्तओ=મત્સ્યભોજનમાં આસક્ત થયો, वाही=તેનાથી વ્યાધિ થઈ. देवा=દૈવથી=ભાગ્યયોગથી, तत्थागमणं=ત્યાં આગમન=લોચન છે ત્યાં રિદ્ધિસુંદરીનું આગમન. दंसण=દર્શન=રિદ્ધિસુંદરીએ લોચનને જોયો, पतिकहणं=પતિને કથન, आणयणं=આનયન=લોચન વણિકને ધર્મ પોતાના ઘરે લઈ આવ્યો.

आसासण=આશ્વાસન=તેની શારીરિક વિહ્વળ સ્થિતિમાં ધર્મ તેને આશ્વાસન આપે છે. वेज्जाण य पुच्छणा=અને વૈદ્યની પૃચ્છા કરે છે. किरिय=ક્રિયા=ચિકિત્સા કરે છે. सम्म पडियरणं=સમ્યગ્ પ્રતિચરણ= રોગનું સમ્યક્ નિવારણ, इयरस्स=ઈતરને=લોચન વણિકને, हिरिय=લજ્જા=પોતાના અપકૃત્ય માટે લજ્જા, देसण=દેશના, संवेगातो=સંવેગથી, ततो बोही=પછી બોધિ=લોચન વણિકને બોધિની પ્રાપ્તિ.

पन्नवण=પ્રજ્ઞાપન=લોચન વણિક કહે છે – किं करेमी='હું શું કરું ?' (રિદ્ધિસુંદરી કહે છે –) परदारच्चायमेव='પરદારાનો ત્યાગ જ કર.' एत्तो परमधिती=એનાથી પરમ ધૃતિ=લોચન વણિકે પરદારાનો ત્યાગ કર્યો તેથી રિદ્ધિસુંદરીને પરમ ધૃતિ થઈ, एयं अकरणणियमो=આ રીતે અકરણનિયમનું પાલન કર્યું. सिवणागमागमणं=શિવના આગમ સાથે આગમન=ઋદ્ધિની પ્રાપ્તિ સાથે સ્વદેશમાં આગમન. ॥૭૦૯થી ૭૧૩॥

ગાથાર્થ :-

અહીં જ=સાકેતપુર નગરમાં જ, શ્રેષ્ઠીપુત્રી આવી હતી=બુદ્ધિસુંદરી જેવી શીલસંપન્ન હતી, ફક્ત નામ રિદ્ધિસુંદરી હતું. તામ્રલિપ્તીમાં ધર્મ નામના શ્રાવક સાથે પરણાવાઈ.

પરતીરગમનમાં વહાણનો ભંગ થયો. અન્ય વહાણનું આગમન થયું. જોઈને રાગ થયો= રિદ્ધિસુંદરીને જોઈને તે અન્ય શ્રેષ્ઠીને તેના પર રાગ થયો. ધર્મને ક્ષેપ=ધર્મને સમુદ્રમાં ફેંક્યો. ભંગ થયે છતે=તે અન્ય પણ વહાણનો ભંગ થયે છતે, જીવન=રિદ્ધિસુંદરી જીવતી રહી. મિલન=ધર્મ અને રિદ્ધિસુંદરીનો ફરીથી મેળાપ થયો. કથનમાં સંવેગ=રિદ્ધિસુંદરીએ પોતાની આપવીતી કહી ત્યારે સંવેગ થયો.

અન્યત્ર=અન્ય ગામમાં, ગમન થયે છતે મુખીએ સ્થાન આપ્યું. ઈતરને પણ=ધર્મને દરિયામાં ફેંકનાર એવા ઈતર લોચન નામના વણિકને પણ, મત્સ્યભોજનમાં આસક્ત થયો. તેનાથી

વ્યાધિ થઈ. દૈવથી=ભાગ્યયોગથી, ત્યાં આગમન=લોચન છે ત્યાં રિદ્ધિસુંદરીનું આગમન. દર્શન=રિદ્ધિસુંદરીએ લોચનને જોયો. પતિને કથન. આનયન=લોચન વણિકને ધર્મ પોતાના ઘરે લઈ આવ્યો.

આશ્વાસન=તેની શારીરિક વિહ્વળ સ્થિતિમાં ધર્મ તેને આશ્વાસન આપે છે. અને વૈદ્યની પૃચ્છા કરે છે. ક્રિયા=ચિકિત્સા કરે છે. સમ્યગ્ પ્રતિચરણ=રોગનું સમ્યક્ નિવારણ. ઇતરને=લોચન વણિકને, લજ્જા=પોતાના અપકૃત્ય માટે લજ્જા. દેશના. સંવેગથી પછી બોધિ=લોચન વણિકને બોધિની પ્રાપ્તિ.

પ્રજ્ઞાપન=લોચન વણિક કહે છે – 'હું શું કરું ?' રિદ્ધિસુંદરી કહે છે – 'પરદારાનો ત્યાગ જ કર.' એનાથી પરમ ધૃતિ=લોચન વણિકે પરદારાનો ત્યાગ કર્યો તેથી રિદ્ધિસુંદરીને પરમ ધૃતિ થઈ, આ રીતે અકરણનિયમનું પાલન કર્યું. શિવના આગમ સાથે આગમન=ઋદ્ધિની પ્રાપ્તિ સાથે સ્વદેશમાં આગમન. ।।૭૦૯થી ૭૧૩।।

ટીકા :-

अह तामलित्तिउत्तमचित्तंगयणेगमंगओ धम्मो । वाणिज्जकए सागेयमागओ मुणियजिणधम्मो ।।१।। तेण य कयाइ विवणिट्ठिएण किर रिद्धिसुंदरी दिट्ठा । सहसा सहीहिं सहिया वच्चंती रायमग्गेण ।।२।। परिचिंतियं च ताहे अहो असारेवि एत्थ संसारे । एसा सारंगच्छी सारायंतिव्व पडिहाइ ।।३।। जइ कीरइ गिहवासो आसाबंधो य विसयसुहलेसे । ता सह इमीए जुत्तो इहरा उ विडंबणा चेव ।।४।। इयचिंतिरस्स अहियं वच्चइ तहियं पुणो पुणो तस्स । वारेंतस्सवि बला दिट्ठी गिट्ठिव्व जवसम्मि ।।५।। एत्थंतरम्मि देवा कुऊहलालोयवाउलमणाए । तीएवि लोयणाइं सहसच्चिय तम्मि पत्ताइं ।।६।। तं पेच्छिउकामाए तत्तो उद्दिस्स सहियणं भणियं । एसो हला! नवल्लो दीसइ वाणुंजुओ कोवि ।।७।। मुणियमणोभावाए भणियं एगाए ईसि हसिऊण । सच्चं एस नवल्लो दीसइ सहि! तिलमओ जेण ।।८।। अन्नाए संलत्तं सहि! एसो निउणकरिसगो कोइ । जो उप्पायइ खिलवल्लरेसु सहसा तिले विउले ।।९।। अन्नावि आह मुद्धे! णणु एसो पस्स ओहरो तेणो । जेण सहिचित्तवित्तं हरियं सव्वासिं पच्चक्खं ।।१०।। ता उवणिज्जउ मुद्धे! एस महारायगोयरं तुरियं । जेणम्ह सामिणीए अप्पइ सयलं हिययरित्थं ।।११।। अन्ना भणइ सयं चिय गहिओ एसो हलाणुराएण । नज्जइ जीवियकज्जे महइ अहो! सामिणिं सरणं ।।१२।। नाया हंत विलक्खा अह पभणइ रिद्धिसुंदरी ताओ । संचलह हला! हुलियं अलं असंबद्धवाएण ।।१३।। एत्थंतरम्मि सहसा छीयं धम्मेण णियणिमित्ताओ । भणियं च तयवसाणे नमो नमो जिणवरिंदाणं ।।१४।। तं सुणिय समुल्लसियं अहिययरं रिद्धिसुंदरीएवि । भणियं च चिरं जीवउ जिणिंदभत्तो जणो एस ।।१५।।

आयण्णिय नीसेसं वित्तंतमिणं सुमित्तवित्तेसो । पुच्छइ धम्मसरूवं तयभिन्ने भव्वजीव्वोव्व ।।१६।। घेत्तूण परियणाओ चेइयजइपूयणेक्करसियं तं । तस्स सयमेव गंतुं वियरइ धूयं सुहमुहुत्ते ।।१७।। मग्गंताणवि कुलरूवविहवकोसल्लकित्तिकलियाणं । जिणमयवज्झाण बहूण जा न दिन्ना पुरा पिउणा ।।१८।। संपइ अमग्गिया सा लद्धा धम्मेण जिणमयरएण । अहवा अमग्गियं चिय लहंति सोक्खं जिणमयत्था ।।१९।। वारिज्जयम्मि वित्ते संपुन्नमणोरहो सह पियाए । कयकायव्वो धम्मो संपत्तो तामलित्तीए ।।२०।। जायं च तहा तेसिं पेमं निव्वडियहिययसब्भावं । न सहंति विप्पओगं जह दोवि निमेसमेत्तं पि ।।२१।। अह अन्नया सभज्जो पाएण महग्घभंडभरिएण । धम्मो धणज्जणत्थं संपत्तो सिंहलद्दीवं ।।२२।। तत्तो विढत्तवित्तो पमुइयचित्तो लहुं पडिनियत्तो । पत्तो अंतो रयणायरस्स भवभीमरूवस्स ।।२३।। भवियव्वयानिओया अतक्कियं चेव दुद्दिणं जायं । उल्लालियकल्लोलो उच्छलिओ कालियावाओ ।।२४।। दट्ठूण पलयमारुयपहयंव महोदहिं महाभीमं । उल्लम्बिया खणद्धेण णंगरा पोयमियगेहिं ।।२५।। संकोइओ सियवडो पारद्धा देवयाण विन्नत्ती । वणियमिहुणेण विहियं सागारं तत्थ संवरणं ।।२६।। भमिऊण जाणवत्तं चक्काइट्ठंव ताव खणमेक्कं । सीमंतिणिहिययगयं गुज्झं पिव तक्खणा फुट्टं ।।२७।। परिमुक्कजीवियासं उब्बुडनिबुड्डणं कुणंतेहिं । कहकहवि फलयजुयलं सुंदरिधम्मेहिं संपत्तं ।।२८।। चउपंचवासरेहिं लग्गाइं दोवि एगदीवम्मि । मिलियाइं च कयाई हरिसविसायं वहंताइं ।।२९।। सुलहाओ विवयाओ दुलहा सुविसुद्धधम्मसंसिद्धी । इह संसारे घोरे अणोरपारे समुद्दे व्व ।।३०।। संपत्तीसु पमोओ न हु जुत्तो आवईसु य विसाओ । जाणियअसार-संसाररूवजिणभणियतत्ताणं ।।३१।। धीरेहिं कायरेहि य सोढव्वमवस्समेव सुहदुक्खं । तम्हा धीरेहिं वरं सोढुमिणं बुद्धिमंतेहिं ।।३२।। ते धीरा साहसिणो उत्तमसत्ता महायसा पुरिसा । आवइगयावि जे इह न धम्मकम्मे पमायंति ।।३३।। इय अन्नोन्नं कयदेसणाइं उद्धरियधीरभावाइं । सावयधम्मं सम्मं कुणंति ताइं पसत्ताइं ।।३४।। उद्धीकयं च तेहिं दीवतडे भिन्नवाहणियचिंधं । तं पेच्छिऊण पत्ता तत्थ नरा बेडियारूढा ।।३५।। भणिओ य तेहिं धम्मो लोयणवणिएण पेसिया अम्हे । जइ एसि जंबुदीवं ता आरुह एत्थ बेडाए ।।३६।। ताहे पियासमेओ धम्मो तं बेडियं समारूढो । आरोविओ य पोयं सगोरवं पोयवणिएण ।।३७।। वच्चंति भरहसमुहं सन्नाहकहाहिं पमुइया दोवि । जाव जलणाहकूलं जायमहोरत्तदुगगम्मं ।।३८।। अह धम्मभारियं हिययहारियं लोयणो पलोयंतो । वम्महकिसाणुकीलाकवलियकाओ विचिंतेइ ।।३९।। अहह चिराओ विहिणा सयलो विन्नाणपगरिसो नियओ । पयडीकओ इयाणिं रइऊण इमं वरं रमणिं ।।४०।। अहवा अविरयभावा पगाढसुढियस्स कुसुमचावस्स । मन्नामि हत्थभल्ली जयविजयत्थं इमा सिट्ठा ।।४१।। किं जोवणेण किंवा धणेण किं जीविएण रूवेण । जइ मे सयं न लग्गइ एसा उक्कंठिया

कंठे ?।।४२।। णूणं ण चेव इच्छइ नरमन्नं निययभत्तुणो एस । को परिणयचूयफलं मोत्तुं निंबप्फलं असइ ?।।४३।। एवं स पावकम्मो अणप्पकुवियप्पसप्पगसियप्पा । धम्मविघायाभिमुहो संवुत्तो दूरभवियव्व ।।४४।। जायम्मि मज्झरत्ते पसुत्तविक्खित्तपरियणे तेण । खित्तो पमत्तचित्तो धम्मोऽगाहे नईनाहे ।।४५।। जाए तओ पहाए अनियंती रिद्धिसुंदरी दइयं । किंकायव्वविमूढा परोविया करुणसद्देण ।।४६।। दासत्तंपि पवज्जिय काहं मणनिव्वुइं अहं तुज्झ । कहसु किमन्नं संपइ सक्कइ अम्हारिसो काउं ?।।४७।। इयनिसुयतदुल्लावा वियक्खणा लक्खिऊणभिप्पायं । संवेगभावियमणा निंदइ हियए नियं रूवं ।।४८।। चिंतइ इमेण णूणं कयमेयं एरिसं महापावं । जं रागगहग्गहिया कज्जाकज्जं न बुज्झंति ।।४९।। जुत्तं ममावि णूणं पडिउं रयणायरम्मि रयणीए । जं कंतविउत्ताणं मरणं सरणं कुलवहूणं ।।५०।। अहवावि बालमरणं पडिसिद्धं जिणमए पयत्तेणं । संभवइ जियंतीए कयाइ सद्धम्मचरणंपि ।।५१।। ता जीविउंपि जुत्तं किंतु न याणामि कहमि मेऽपाए । अक्खंडियसीलगुणा पाविस्सं जलहिपेरंतं ?।।५२।। अहवा अत्थि उवाओ सामेणं कालगमणिया एत्थ । आसापडिया पुरिसा वासाण सयंपि विसहंति ।।५३।। इय चिंतिऊण भणियं का पुण अन्ना गई मह इयाणिं । उत्तरिमो जलहीओ चिंतिस्सामो तओ उचियं ।।५४।। संजायासावंधो पडिवज्जिय तग्गिरं स मोहंधो । परिवालिउं पवत्तो सुणओ इव पोलियासत्तो ।।५५।। अह दुन्नयदंसणकुवियदेवयादुप्प-उत्तपवणेण । फुडिऊण जाणवत्तं सहसा अद्दंसणं पत्तं ।।५६।। लद्धूण सुकयजोगा संमत्तं पिव सुहावहं फलयं । संसारभीमजलहिं संतिण्णा सुंदरी तेण ।।५७।। मिलिया य पुव्वविहडियपवहणफ़लएण पुव्वपत्तस्स । धम्मस्स धम्मजोगा थाणे थाणेसरे तुरियं ।।५८।। परिओसामयरससित्तसव्वगत्तेहिं नियमणुभूयं । लक्खियलोयणचरियं परोप्परं पुच्छियं कहियं ।।५९।। सोउं लोयणवसणं धम्मो धणियं विसायमावन्नो । अवयारकारणम्मिवि कारुणिया सज्जणा हुंति ।।६०।। भणियं च पिए! धन्ना जिणगणहरमाइणो महाभागा । जेसिं अब्भासत्था चयंति जीवा असुहभावं ।।६१।। अम्हे पुण संनिहाणे दूरे ता सुद्धधम्मपडिबोहो । पिच्छाऽसुहपरिणामो अहिययरो चेव संजाओ ।।६२।। जेणम्हं उवयरियं दावियतीरेण अइनिरीहेण । सोवि कह एत्थ पत्तो जीवियसंदेहधणहाणिं ?।।६३।। इय तं सोयंताइं ताइं दिट्ठाइं गामनाहेण । रूवमउव्वं तेसिं दट्ठूण विचंतियं चेवं ।।६४।। मयणोव्व पियासहिओ एसो खलु कोवि उत्तमो पुरिसो । विहिविलसिएण केणइ एगागी इह समायाओ ।।६५।। तम्हा करेमि उचियं गोरवमेयस्स देवरूवस्स । अब्भुट्ठाणं च तहा अणुरूवं निययविहवस्स ।।६६।। कड्ढिज्जंति गइंदा पंके खुत्ता महागइंदेहिं । आवइवडिया सुयणा सुयणेहिं समुद्धरिज्जंति ।।६७।। इय चिंतिऊण बहुमाणसारमाभासिओ वणी तेण । धरिओ पवरावासे कयप्पसाओ धुयविसाओ ।।६८।। कालोचियववसाया वड्ढंति धणस्सऽणाउलमणस्स । वच्चंति तत्थ दियहा

सुहेण धम्मस्स धन्नस्स ।।६९।। सोवि पुण लोयणो कंठपत्तपाणो पुराणकट्टेण । कट्टेण णट्ठचित्तो लग्गो तीरे समुद्दस्स ।।७०।। कहकहवि लद्धसन्नो ठिओ तयासन्नपल्लिगामम्मि । तत्थ य मच्छाहारे गिद्धो गिद्धोव्व मोहंधो ।।७१।। वलियं च से सरीरं रसंसदोसेण थेवदियहेहिं । इय दुट्ठकुट्ठनिद्दानिट्ठियचेट्ठो जियइ कट्ठं ।।७२।। अविय । धम्मविघाएण णरो इच्छंतो माणिउं पियसुहाइं । गयबुद्धिलोयणो लोयणोव्व दुहभायणं होइ ।।७३।। संपत्तो य भमंतो कयाइ थाणेसरं दुहकिलंतो । उदयत्थनिग्गयाए दिट्ठो धम्मस्स जायाए ।।७४।। संवेगघणघिणारसवसेण उप्फालिओ य दइयस्स । कारुन्नसारयाए तेणावि गिहं समाणीओ ।।७५।। भणिओ या पहसंगमसालस्सव बहुजणसुहयारिचारुचरियस्स । हा कहमिमा अवत्था वट्टइ अइदारुणा भवओ ?।।७६।। अहवा । गरुयाणं चिय भुवणम्मि आवया न उण हुंति लहुयाण । गहकल्लोलगलत्था ससिसूराणं ण ताराणं ।।७७।। ता होसु धीरचित्तो मा वह सुमिणे विसायलेसंपि । कारेमि निरुयदेहं मित्तं वित्तेण बहुणावि ।।७८।। एवमणुसट्ठिपुव्वं पडियरिओ सम्ममोसहाईहिं । जाओ य निरुयकाओ सुमित्तसामग्गिसुकएहिं ।।७९।। सोजण्णमणण्णसमं तेसिं दट्ठूण लोयणो धणियं । लज्जामउलियणयणो झायइ सययं निराणंदो ।।८०।। भद्दं सज्जणचंदणतरूण सव्वंगचंगसंगाणं । डज्झंताणवि जेसिं गंधो भुवणं सुहावेइ ।।८१।। अवयारसयाणिदि पम्हुसंति तणुयंपि णेगमुवयारं । सुण्णहियया सहियया व हुंति सुयणा न नज्जंति ।।८२।। एयारिसाणवि मए ववहरियं निग्घिणं अणज्जेण । मइ पुण पावेवि इमाण माणसं णेहपडिहत्थं ।।८३।। तइयच्चिय जलहिजले निहणमहं पाविओ वरं होंतो । नो कयपावो एएसिं नयणविसयम्मि जीवंतो ।।८४।। इच्चाइ चिंतयंतो भणिओ धम्मेण पुन्नकम्मेण । चिंतामिलाणवयणो किं चिट्ठसि मित्त! तुममेवं ।।८५।। किं अत्थहाणिजणयं सयणविओगुब्भवं च तुह दुक्खं । किं वावि वाहिविहियं, सुणाहि णणु एत्थ परमत्थं ।।८६।। होही पुणोवि विहवो मिलिही सयणोवि जीवमाणस्स । वाहीवि न तिट्ठाही चिरं सहाए मइ धरंते ।।८७।। गिम्हुण्हसोसियाणवि पुणो सिरी होइ नईतलायाणं । झीणोवि ससी कइवयदिणेहिं भुज्जो हवइ पुन्नो ।।८८।। झडिऊण पल्लविल्ला पुणोवि जायंति तरुवरा तुरियं । धीराणवि धणरिद्धी गयावि न हु दुल्लहा एवं ।।८९।। अन्नं च । सव्वं चिय सुहदुक्खं पुव्वज्जियसुकयदुक्कयविवाया । जायइ जियाण जं ता को खेओ सकयउवभोगे ?।।९०।। जुत्तं च नायतत्तस्स जंतुणो सुकयसाहणं निययं । जत्तो जायइ जम्मंतरम्मि नहु दुस्सहं दुक्खं ।।९१।। सोऊण तयणुसट्ठिं जंपइ इयरोवि मुक्कनीसासं । नियदुच्चरियं मोत्तुं न मज्झ दुहकारणं अन्नं ।।९२।। तं मह दढं खु दुक्खं हिययगयं निसियनट्ठसल्लंव । जं खित्तो सि गभीरे समुद्दतीरे तुमं तइया ।।९३।। तं दहइ अविस्सामं हिययगयं उस्सुयंव जलमाणं । जं अहिलसिया एसा महासई कूरचरिएण ।।९४।। पत्तं पावस्स फलं अचिरेण मए इहेव जम्मम्मि । अइपावोत्ति य काउं नीओम्हि

**न पेयवइणावि ।।९५।। अहवा डज्झउ निहुयं निद्धूमं फुंफुंमव्व चिरमेसो । इय भाविऊण विहिणा धरिओऽहं पावभरिओवि ।।९६।। जत्तियमेत्तं मेत्तय! तुरियं संचरसि कारणे मज्झ । तत्तियमेत्तं अणुतावपावए खिवसि मं अहियं ।।९७।। इय विविहं पलवंतो भणिओ सो रिद्धिसुंदरीएवि । धन्नो सि जेण पावे पच्छायावं वहसि एवं ।।९८।। जं काऊणवि पावं पावा पावंति परमपरिओसं । धीरा न कुणंते च्चिय कएवि अणुताविणो दुक्खं ।।९९।। को वा तुहेत्थ दोसो अन्नाणवियंभियं खु तं सव्वं । अंधस्स कूवपडणे को देइ बुहो उवालंभं ?।।१००।। ता उज्झसु अण्णाणं लग्गसु मग्गम्मि सुद्धपण्णाणं । कुण आयहिए बुद्धिं धरेहि निच्चं मणविसुद्धिं ।।१०१।। रक्खेहि सुकयवित्तं पंचेंदियतक्करेहिं हीरंतं । मा दालिद्ददुहत्तो सोयइहिसि कुजोणिसंपत्तो ।।१०२।। जं पेच्छियावि पुरिसा मायण्हियमोहिया कुरंगोव्व । अलियसुहासानडिया पडंति वयणे कयंतस्स ।।१०३।। वरमिह विसमुवभोत्तुं वरं पविट्ठं जलंतजलणम्मि । नय इंदियवसयाणं जत्थ व तत्थ व मणं काउं ।।१०४।। मायंगमीणपन्नगपयंगसारंगपमुहसत्तोहा । इंदियवसेण मूढा लहंति वहबंधमरणाइं ।।१०५।। मणुयावि पेच्छ निच्चंपि दुत्थिया इंदियत्थवित्थारं । पेच्छंता पत्थिवपत्थिणाइणा णणुकिलिस्संति ।।१०६।। विसयाण कए मूढा कुणंति चित्ताइं पावकम्माइं । निवडंति अपुन्नमणोरहावि नरए महापावा ।।१०७।। जे उण विसयपरम्मुहहियया सव्वण्णुसासणे लीणा । तेसिं सुरनरसिवपयसुहाइं करपल्लवत्थाइं ।।१०८।। इच्चाइ निसामेंतो पडिबुद्धो लोयणो भणइ सम्मं । सुट्ठु सुदिट्ठो मग्गो सुंदरि! तुमए सउण्णाए ।।१०९।। तं मज्झ गुरू सुंदरि! ता आइस किं करेमि एत्ताहे ?। तीए भणियं परदारवज्जणं कुणसु जाजीवं ।।११०।। एवंति पहिट्ठमणो पडिवन्नाणुव्वओ य सो तीए । उववूहिओ खमाविय गओ सनयरं निरुयदेहो ।।१११।। धम्मोवि पियासहिओ अज्जिइच्छियधणो सुहसुहेण । गंतूण तामलित्तिं पवालिओ नियकुलायारं ।।११२।। इय रिद्धिसुंदरीए गुरुजणबहुमाणपूयपावाए । सम्मं अकरणनियमोऽणुवालिओ सुद्धभावाए ।।११३।। ।।७०९-७१३।।**

**ભાવાર્થ :-**

સામાન્ય રીતે જીવોને એક પ્રકારના આહારથી તૃપ્તિ થતી નથી પરંતુ ભિન્ન ભિન્ન આહારની વૃત્તિ હોય છે. તે રીતે જીવને સ્વભાવથી એક પતિમાત્રથી સંતોષ થતો નથી પરંતુ ભિન્ન ભિન્ન પુરુષને જોઈને તે તે પ્રકારનો ભોગનો પરિણામ થાય છે આમ છતાં જેઓને શીલનો અત્યંત પક્ષપાત છે તેથી શીલવ્રત ગ્રહણ કરે છે તોપણ અન્યના સુંદર રૂપાદિને જોઈને જીવને સ્વભાવથી પ્રીતિ વગેરે થાય છે અને જ્યારે સામેથી કામની માંગણી થાય ત્યારે પોતાને પણ તે પ્રકારના કાંઈક વિકારો થાય છે. પરંતુ જેઓએ શીલના પરિણામને સ્થિર કરવા માટે શરીરમાં રહેલા અશુચિ પદાર્થોનું તે રીતે અત્યંત ભાવન કરેલ છે જેથી પોતાના પતિ સિવાય અન્યત્ર દૃષ્ટિ જાય ત્યારે પણ તેના રૂપ વગેરે જોવામાં મનોવ્યાપાર થતો નથી; પરંતુ

દેહની અશુચિને જ જોવાનો પરિણામ પ્રબળ થાય છે તેવા સાત્ત્વિક જીવોને પરપુરુષ કામની માંગણી કરે છે ત્યારે પણ સંવેગ થાય છે અને જેઓને તે પ્રકારનો શીલનો પરિણામ અત્યંત સ્થિર થયેલો છે જેથી કામના ઉદ્રેકના નિમિત્તકાળમાં પણ શરીરના અશુચિ ભાવોને ઉપસ્થિત કરી શકે છે તેથી કામનો પરિણામ ઉત્થિત થતો નથી એવા જીવો જ નિરતિચાર શીલવ્રત પાળી શકે છે. આથી જ જ્યારે અન્ય શ્રેષ્ઠી કામની માંગણી કરે છે ત્યારે રિદ્ધિસુંદરીને સંવેગ ઉત્પન્ન થાય છે.

વળી, તત્ત્વથી ભાવિત થયેલું ચિત્ત હોવાના કારણે પોતાને દરિયામાં ફેંકનાર તે શ્રેષ્ઠીને મૃતઃપ્રાય અવસ્થામાં દરિયાકાંઠે પડેલો જુએ છે ત્યારે પણ ધર્મવણિકને તેના પ્રત્યે દ્વેષ થતો નથી પરંતુ કેમ તેનું હિત થાય અને કેમ તેને માર્ગની પ્રાપ્તિ થાય તેની ચિંતા કરીને પોતાના ઘરે લાવે છે, ઔષધાદિ કરીને સ્વસ્થ બનાવે છે અને અત્યંત સંવેગપૂર્વક દેશના આપીને પરદારાના ત્યાગમાં તેને સ્થિર કરે છે. આ પ્રકારે અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરનાર જીવોને નિરતિચાર વ્રતની પ્રાપ્તિ હોવાથી તે વ્રતો સાનુબંધ પરિણામને પ્રાપ્ત કરીને શીઘ્ર મોક્ષનું કારણ બને છે. **॥૭૦૯થી ૭૧૩॥**

**ગાથા :-**

**एत्थेव एरिसिच्चियगुणसुंदरिसन्निया पुरोहसुया ।**
**तप्पुरबडुरागोढा सावत्थिपुरोहियसुएण ।।७१४।।**
**बडु सबरासय तग्गयनिवेयणा धाडि गहिय कहणाओ ।**
**संवेगबोहणिच्छा निब्बंधे वयकहक्खेवो ।।७१५।।**
**भाववियणा ण कित्तिमरोगकरण देसणा य अप्पगया ।**
**बडु निव्वेया परायण अभयद्दाणाणं परिओसो ।।७१६।।**
**अहिदंसे जीवावण कहणा संवेग किं करेमित्ति ।**
**चय परदारं चत्तं हंत कयत्थो सि पणिहाणा ।।७१७।।**
**एत्थं अकरणणियमो जाओ संसारबीयडहणो त्ति ।**
**उवरिंपि तप्पभावा तप्पालणधम्मवुड्ढीए ।।७१८।।**
**एएण पगारेणं परपुरिसासेवणम्मि काऊण ।**
**अकरणणियमं एया णियमेण गया य सुरलोयं ।।७१९।।**

**અન્વયાર્થ :-**

**एत्थेव=અહીં જ=સાકેતપુરનગરમાં જ, एरिसिच्चिय=આવી જ=રિદ્ધિસુંદરી જેવી શીલસંપન્ન જ, गुणसुंदरिसन्निया पुरोहसुया=ગુણસુંદરી નામની પુરોહિતપુત્રી હતી. तप्पुरबडुराग=તે પુરના બટુકને તેના**

પ્રત્યે રાગ થયો. सावत्थिपुरोहियसुएण ऊढा=સાવત્થી નગરીના પુરોહિતપુત્રની સાથે તેને પરણાવી.

बडु=બટુકે, सबरासय=શબરનો આશ્રય કર્યો=પલ્લીપતિનો આશ્રય કર્યો. तग्गयनिवेयणा=તદ્ગત નિવેદના=પોતાના તેના પ્રત્યેના રાગની નિવેદના કરી. धाडि=પલ્લીપતિએ ધાડ પાડી. गहिय=ગુણસુંદરીને ગ્રહણ કરી. कहणाओ=કથન=પોતાના રાગનું બટુકે ગુણસુંદરીને કથન કર્યું. संवेगबोहणिच्छा=ગુણસુંદરીને સંવેગ થયો અને બોધનની ઈચ્છા થઈ. निब्बंधे=નિર્બંધમાં=બટુકના ભોગ માટેના આગ્રહમાં, वयकहक्खेवो= વ્રતના કથન દ્વારા કાળનો ક્ષેપ કર્યો.

भाववियणा=(ગુણસુંદરી વડે) ભાવવિકટના=પોતાને એના પ્રત્યે પ્રીતિ છે એ પ્રકારે માયાથી ગુણસુંદરીએ બતાવ્યું. कित्तिमरोगकरण=કૃત્રિમ રોગનું કરણ, देसणा य अप्पगया=અને આત્મગત દેશના='મેં ઘણાં પાપો કર્યાં છે તેથી આવો રોગ થયો છે માટે હવે મારે મૃત્યુ શરણ છે' એ પ્રકારની આત્મગત દેશના, बडु निव्वेया=બટુકને નિર્વેદ, परायण=પરાયણ=ગુણસુંદરીને તેના નગરમાં પરત મૂકવા બટુક તત્પર થયો. अभयद्दाणाणं=અભયનું દાન=ગુણસુંદરી કહે છે કે 'તું ઘરે આવ, તને ત્યાં મારા પતિ તરફથી કોઈ ભય નથી.' परिओसो=પરિતોષ=બટુકની આગતા-સ્વાગતા દ્વારા પરિતોષ.

❖ 'ण'ને સ્થાને 'णं' વાક્યાલંકારમાં હોવા સંભાવના છે.

अहिदंसे=સાપનો ડંશ=બટુકને સાપે ડંશ દીધો. जीवावण=જીવાપન=ગુણસુંદરી દ્વારા પોતાના શીલના બળથી બટુકને જીવાડ્યો. कहणा=કથના='બહેનના શીલના પ્રભાવથી તારું જીવન રક્ષિત થયું છે' એ પ્રકારની લોકો દ્વારા બટુકને કથના. संवेग=(બટુકને) સંવેગ (બટુક પૂછે છે —) किं करेमित्ति='હું શું કરું ?' એ પ્રમાણે (ગુણસુંદરી કહે છે —) चय परदारं='પરદારાનો ત્યાગ કર.' (બટુક કહે છે —) चत्तं हंत='ખરેખર ત્યાગ કરાયો' (ગુણસુંદરી કહે છે —) पणिहाणा कयत्थो सि='પ્રણિધાનથી તું કૃતાર્થ છે'='પરદારાના ત્યાગરૂપ પ્રણિધાનથી તું કૃતાર્થ છે.'

एत्थं=અહીં=ગુણસુંદરીમાં, संसारबीयडहणो त्ति=સંસારના બીજનું દહન છે જેનાથી એવો, अकरणणियमो जाओ=અકરણનિયમ થયો. उवरिंपि=ઉપરમાં પણ, तप्पभावा=તેના પ્રભાવથી, तप्पालणधम्मवुड्ढीए=તેના પાલન અને ધર્મની વૃદ્ધિથી (અકરણનિયમ થયો એમ અન્વય છે.)

एएण पगारेणं=આ પ્રકારથી, परपुरिसासेवणम्मि=પરપુરુષના અસેવનમાં, अकरणणियमं काऊण= અકરણનિયમને કરીને, एया=આ=ચારેય સુંદરીઓ, णियमेण=નિયમથી, गया य सुरलोयं=સુરલોકમાં ગઈ. ॥૭૧૪થી ૭૧૯॥

**ગાથાર્થ :-**

**અહીં જ=સાકેતપુરનગરમાં જ, આવી જ=રિદ્ધિસુંદરી જેવી શીલસંપન્ન જ, ગુણસુંદરી નામની પુરોહિતપુત્રી હતી. તે પુરના બટુકને તેના પ્રત્યે રાગ થયો. સાવત્થી નગરીના પુરોહિતપુત્રની સાથે તેને પરણાવી.**

**બટુકે શબરનો આશ્રય કર્યો=પલ્લીપતિનો આશ્રય કર્યો. તદ્ગત નિવેદના=પોતાના તેના**

પ્રત્યેના રાગની નિવેદના કરી. પલ્લીપતિએ ધાડ પાડી. ગુણસુંદરીને ગ્રહણ કરી. કથન=પોતાના રાગનું બટુકે ગુણસુંદરીને કથન કર્યું. ગુણસુંદરીને સંવેગ થયો અને બોધનની ઈચ્છા થઈ. નિર્બંધમાં=બટુકના ભોગ માટેના આગ્રહમાં વ્રતના કથન દ્વારા કાળનો ક્ષેપ કર્યો.

ગુણસુંદરી વડે ભાવવિકટના=પોતાને એના પ્રત્યે પ્રીતિ છે એ પ્રકારે માયાથી ગુણસુંદરીએ બતાવ્યું. કૃત્રિમ રોગનું કરણ અને આત્મગત દેશના='મેં ઘણાં પાપો કર્યાં છે તેથી આવો રોગ થયો છે માટે હવે મારે મૃત્યુ શરણ છે' એ પ્રકારની આત્મગત દેશના. બટુકને નિર્વેદ. પરાયણ= ગુણસુંદરીને તેના નગરમાં પરત મૂકવા બટુક તત્પર થયો. અભયનું દાન=ગુણસુંદરી કહે છે કે 'તું ઘરે આવ, તને ત્યાં મારા પતિ તરફથી કોઈ ભય નથી.' પરિતોષ=બટુકની આગતા-સ્વાગતા દ્વારા પરિતોષ.

❖ 'ण'ને સ્થાને 'णं' વાક્યાલંકારમાં હોવા સંભાવના છે.

સાપનો ડંશ=બટુકને સાપે ડંશ દીધો. જીવાપન=ગુણસુંદરી દ્વારા પોતાના શીલના બળથી બટુકને જીવાડ્યો. કથના='બહેનના શીલના પ્રભાવથી તારું જીવન રક્ષિત થયું છે' એ પ્રકારની લોકો દ્વારા બટુકને કથના. બટુકને સંવેગ. બટુક પૂછે છે – 'હું શું કરું ?' એ પ્રમાણે. ગુણસુંદરી કહે છે – 'પરદારાનો ત્યાગ કર.' બટુક કહે છે – 'ખરેખર ત્યાગ કરાયો.' ગુણસુંદરી કહે છે – 'પ્રણિધાનથી તું કૃતાર્થ છે'='પરદારાના ત્યાગરૂપ પ્રણિધાનથી તું કૃતાર્થ છે.'

અહીં=ગુણસુંદરીમાં, સંસારના બીજનું દહન છે જેનાથી એવો અકરણનિયમ થયો. ઉપરમાં પણ તેના પ્રભાવથી તેના પાલન અને ધર્મની વૃદ્ધિથી અકરણનિયમ થયો એમ અન્વય છે.

આ પ્રકારથી પરપુરુષના અસેવનમાં અકરણનિયમને કરીને આ=ચારેય સુંદરીઓ, નિયમથી સુરલોકમાં ગઈ. ॥૭૧૪થી ૭૧૯॥

ટીકા :-

गुणसुंदरीवि सुरसुंदरीव वियसंतसारसुंदेरा । संपत्ता जणमणहारहारयं तारतारुण्णं ।।१।। दिट्ठा य सहीसहिया कयाइ तणएण वेयसम्मस्स । बडुएण वेयरुइणा जोव्वणगुणरूवमत्तेण ।।२।। परिचिंतियं च धन्नो अज्जाहं जं पलोइया अज्जा । पउमव्व पउमपाणी अणमिसनयणा सुरवहुव्व ।।३।। अविय । 'पंकय पंकि वहोडिय कुवलय बुद्धदहि, बिंबबिंबाडि घल्लिय ससहरु खित्तु नहि । निम्मिवि करु णयणाऽहर मुह लीलावइहि, उच्चिट्ठी निय सिट्ठि विनाइ पयावइहिं ।।४।।' तहा । कासकुसुमंव मन्ने सुनिप्फलं जम्मजीवियं निययं । जइ ता इमा मयच्छी न विसयलच्छीव मम गेहे ।।५।। इय विविहं झायंतो मयणानलताविओ ठिओ एसो । जा नयणगोयराओ पत्ता अन्नत्थ सा मुद्धा ।।६।। नायाकूएहिं गिहं नीओ मित्तेहिं देहमित्तेण । मणभमरो पुण तीए मुहारविंदे च्चिय चहुट्टो ।।७।। अवउज्झिय भोयणमज्जणाइआवस्सओ मयणवसओ । मित्तेहिंतो कहमवि विन्नाओ

वेयसम्मेण ।।८।। पुत्तसिणेहाइसया सयमेव पुरोहिओ पुणो तेण । कन्नं विमग्गिओ सो पडिवत्तिपुरोहियं बहु सो ।।९।। सावत्थिपुरोहियनंदणस्स दिन्नत्ति तेण नो दिण्णा । उत्तमजणाण णूणं नन्नहा होइ पडिवन्नं ।।१०।। रागग्गहेण नडिओ वियडमणो दुक्खसंकडावडिओ । णहु होइ अवेयरुई वेयरुई तहवि तव्विसए ।।११।। सच्चं वामो कामो जं जं अइदुल्लहं पराहीणं । वियरइ तत्थणुरायं साहीणे नायरं कुणइ ।।१२।। वम्महपित्तपलित्तो तो सो गुणसुंदरीनिहियचित्तो । सिक्खइ मंतपयाइं इच्छइ उवाइयसयाइं ।।१३।। नवरं ऊसरववियं बीयं व फलंति ताइं नो तस्स । आरंभा पुन्नविवज्जियाण कत्तो फलं देंति ?।।१४।। परिणीया य कयाई सावत्थीआगएण सुमुहुत्ते । पुन्नाहिएण विहिणा सा बाला पुन्नसम्मेण ।।१५।। घेत्तूण तं मयच्छिं नियनयरिं पडिगओ पुरोहसुओ । इयरो विसायविहुरो छोहियकियवोव्व संजाओ ।।१६।। वियलियकुलाभिमाणो विरलीकयदेवविप्पबहुमाणो । वट्टइ अट्टवसट्टो सो तइया वेयरुइभट्टो ।।१७।। पीयासवोव्व धुत्तीरिओव्व विसघारिओव्व गहिलोव्व । जाओ तओ वराओ कज्जाकज्जाइमइविमुहो ।।१८।। अण्णदिणे संभाविय किं तीए वज्जियस्स जीएण । अवउज्झिऊण सव्वं सागेयाओ विणिक्खंतो ।।१९।। चलिओ सावत्थिं पइ तल्लाभोवायमग्गणसयण्हो । पत्तो गिरिदुग्गगिरिं पल्लिं सवराण सुविसालं ।।२०।। ओलग्गिउं पवत्तो तयहिवइं विणयसारमच्चंतं । जाओ पच्चयठाणं कमेण सो सवरपवरस्स ।।२१।। अब्भत्थिओ विसत्थो वडुणा सवराहिवो अह कयाई । सावत्थिपुरोहियमंदिरम्मि धाडीनिमित्तेण ।।२२।। पडिवज्जिऊण तेणवि लक्खिय थक्केहिं चरनरेहिं तओ । दिन्ना झडत्ति धाडी निहेलणे पुन्नसम्मस्स ।।२३।। अवसोयणिविज्जाए पसुत्तपायम्मि परियणे सहसा । सव्वं से घरसारं अवहरियं सबरविसरेण ।।२४।। बडुएणवि विलवंती गहिया गुणसुंदरी पहिट्ठेण । संपाविया य पल्लिं महुरगिरं संठवंतेण ।।२५।। भोयणवत्थाहरणं संपायंतेण सव्वमक्खूणं । मणहरवयणविणोया पसाइया वासरे केइ ।।२६।। अन्नम्मि दिणे भणिया तुह सुयणु! गुणक्कणेहिं विविहेहिं । जं तइया मम हरियं हिययधणं तं समप्पेहि ।।२७।। वियरामि सुन्नवुण्णो तेण विणा जीवियंतपत्तोव्व । कुणसु दयं ता धम्मिणि! किं चिट्ठसि निट्ठुरा सुट्ठु ।।२८।। अन्नं च । निवससि हियए सुइणेसु दीससे दिसिमुहेसु घोलेसि । फुरसि फुडं जीहग्गे विहिणा दूरीकया जइवि ।।२९।। इयजंपिरे सवियक्कमेव गुणसुंदरीए संलत्तं । नाहं मुणेमि सुंदर! इमस्स भणियस्स परमत्थं ।।३०।। कइयावहं वहरियं को सि तुमं कत्थ ते सुपुव्वा हं । इय पुच्छिएण बडुणा निवेइयावेइयं निययं ।।३१।। तं सोऊणं चिंतइ इणमो गुणसुंदरी सुसंविग्गा । ही गरुओ अणुबंधो दीसइ एयस्स मूढस्स ।।३२।। एगागिणी असरणा अणज्जमेच्छाण मज्झयारम्मि । एत्तो रागंधाओ न याणिमो कह णु छुट्टिस्सं ?।।३३।। अहवा । अवि चलइ मेरुचूला उदेइ सूरोवि पच्छिमदिसाओ । मइलेमि जियंती नियकुलं च सीलं न कइयावि ।।३४।। नय एरिसो वराओ

एगंतेणेव निग्गुणो जेण । पत्थेइ नीइ निउणं मड्डाए खंडइ न सीलं ।।३५।। ता एस बोहियव्वो न खंडियव्वं च अत्तणो सीलं । एवं पवत्तिणीए आएसो पालिओ होइ ।।३६।। मायावि एत्थ कज्जे पउंजियव्वा असंकहिययाए । जं पावजणे सट्ठं उवइट्ठं नीइसत्थेसु ।।३७।। इय चिंतिय भणिओ सो जइ एवं उज्जओ तुमं आसि । ता कीस ण तइयच्चिय तुमए जाणावियं मज्झ ?।।३८।। तइ सन्निहिए सुहए किं कज्जं मज्झ दूरगमणेण । को फलियंबयपत्तो दूरत्थं सिंबलिं महइ ।।३९।। ण य परलोगविरुद्धं न कलंको कुलदुगस्स विमलस्स । जोगे कुमारयाणं सव्वं चिय सुंदरं होंतं ।।४०।। इण्हिं तु संपओगे लोगे गरहा कुलस्स मालिन्नं । दुग्गइगमणं दारुणदुहाइं बहुसो परे लोगे ।।४१।। ता परिभावसु सम्मं संपइ कालोचियं महासत्त! परिणामसुंदरं जं वियारसारा जओ विउसा ।।४२।। नाएण जं न सिद्धं को सफलो खलु तयत्थ मन्नाओ ?। निहओ चडप्फडंतो अहिययरं फुंसणं लहइ ।।४३।। एमाइवयणरयणारंजियचित्तेण चिंतियं बडुणा । विन्नाणवुद्धिनिउणा सच्चं गुणसुंदरी एसा ।।४४।। अइवच्छला य मज्झं उवइसइ सिणेहसारमिय जेण । सव्वं, पउणोवाओ कज्जस्स मए ण विण्णाओ ।।४५।। नवरं एयनिमित्तं कओ मए एत्तिओ परिकिलेसो । ता कह मुयामि एयं पत्तं भत्तंव अइछुहिओ ।।४६।। इय चिंतिय सा भणिया सुंदरि! सव्वंपि अवितहं भणसि । किंतु न तरामि धरिउं खणंपि पाणे तुह विओए ।।४७।। जं जीविओ म्हि सुंदरि! कालं किर एत्तियं तुह विओए । तं सुयणु! संगमासादिव्वोसहिसंपओगेण ।।४८।। मइलिज्जंतु कुलाइं होउ परत्थवि दुरंतदुक्खाइं । परिनिव्ववेहि सुंदरि! तवियं विरहग्गिणा अंगं ।।४९।। णाऊण णिच्छयं से भणियं गुणसुंदरीइ जइ एवं । जं सुंदर! तुज्झ हियं मएवि तं चेव कायव्वं ।।५०।। जइ मज्झ संपओगा होइ सुहं सुहय! उत्तमं तुज्झ । पल्लीवि सग्गतुल्ला ता पडिहासइ फुडं मज्झ ।।५१।। किंतु मए पारद्धो साहेउं दुल्लहो महामंतो । पडिवन्नं च तयत्थं मासे वंभव्वयं चउरो ।।५२।। समइच्छियं तयद्धं मासदुगं सेसयं पुणो अत्थि । सहियं च तुमे बहुयं ता विसहसु थेवमेयंपि ।।५३।। तत्थ पुण एस कप्पो पुरिसो सव्वोवि भाइपिइकप्पो । दट्ठव्वो अवियप्पं भुज्जो भोगंगमवियप्पं ।।५४।। भणियं च तेण सुंदरि! सिज्झइ किं नाम तेण मंतेण ? तीए भणियं विहवो पुत्तुप्पत्ती अवेहव्वं ।।५५।। एगंतहियं एयं ममंति तुट्ठेण मन्नियं तेण । इयरीवि ठिया तहियं दुहावि मोक्खं अहिलसंती ।।५६।। तओ । सव्वायरेण सव्वं गिहकिच्चं कुणइ पच्चयनिमित्तं । सयणासण अट्टाण माइणा दंसइ सिणेहं ।।५७।। णाणावंजणपक्कन्नसुंदरं कुणइ सुंदरं पायं । घणगोरसाइपउरं परिवेसइ विप्पजणदइयं ।।५८।। अविय ।। जोयइ तं सा वरभोयणेहिं नय लोयणेहिं निद्धेहिं । सायइ सययं चिय माणसेण सच्छेण ण जलेण ।।५९।। दंसिय कारिमनेहं तह तीए पत्तियाविओ एसो । जह मन्नइ एयाए वसामि हियाए अहं चेव ।।६०।। परिसोसिओ य अप्पा आयंबिलओम-

भोयणाईहिं । ण्हाणुव्वट्टणपमुहं चत्तं तह देहपरिकम्मं ।।६१।। अण्णसमयम्मि सहसा रयणीए पच्छिमम्मि जामम्मि । अक्कंदिउं पवत्ता सा नियमे पुन्नपायम्मि ।।६२।। भणिया दिएण सुंदरि! किं ते बाहइ सरीरमज्झम्मि ?। तीएवि सदुक्खं चिय भणियं अफुडक्खरं सूलं ।।६३।। तं दट्ठूण विसन्नो वेयरुई कुणइ उवसमोवाए । मणिमंतोसहिभेयसओ य परओ जहा णाणं ।।६४।। गुणसुंदरीवि मणयं गोसे उवसंतवेयणा सणियं । कुणइ खलंतपडंती कंदंती गेहकिच्चाइं ।।६५।। भणइ य अहं अजोग्गा तुह घरवासस्स सुहय! निब्बग्गा । जेणेरिसं महंतं उवट्ठियं दारुणं दुक्खं ।।६६।। तिव्वा सिरम्मि वियणा डज्झइ अंगं हुयासगसियंव । छिज्जंति व अंताइं फुडंति सव्वंगसंधीओ ।।६७।। इय दुहदाहवलित्ता मण्णे पाणे चिरं न धारिस्सं । तं पुण तवेइ अहियं न पूरिया जं तुह महासा ।।६८।। मह पावाए कज्जे सुइरं आयासिओ तुमे अप्पा । मायण्हियाणुधाविरहरिणाण व न य फलं पत्तं ।।६९।। अन्नं च । काउं परस्स पीडं जं रइयं अप्पणो सुहं पुव्विं । तस्स विवागमणाहा सहामि अइदारुणं मन्ने ।।७०।। दाऊण मए हरियं चंदमलंडं व कस्सई दिन्नं । भग्गं च वयं पुव्वं हरियं दइयं व कस्सावि ।।७१।। तं दुक्कडेण तविया एसा डज्झामि तुज्झ णयणग्गे । देहि लहुं कट्ठाइं न अन्नहाऽवेइ मह दाहो ।।७२।। इय विविहं विलवंतिं अकयाहारं सनिंदणपरं च । पेच्छिय पच्छायावी जंपइ विप्पो सनिव्वेयं ।।७३।। पाणेवि अड्डवेउं किर सुंदरि! तुहप्पियं करिस्सामि । विहिणो वसेण णवरं जायं तुह एरिसं दुक्खं ।।७४।। ता जइ भणेसि संपइ सावत्थिं पुरवरं तुमं णेमि । विज्जोसहाइजोगा संभवइ अरोगया तत्थ ।।७५।। तीए भणियं सुंदर! न याणिमो किंपि दुज्जणो भणिहि । कह पत्तिएज्ज भत्ता अइसयईसालुओ सो मे ।।७६।। एगं ता दुक्खमिणं बीयं पुण दुज्जणाणमुल्लावा । खारक्खेवंव खए को एयं विसहिउं तरइ ?।।७७।। ता परिभावसु सम्मं किंवा अन्नेहिं इय वियारेहिं । इय दुक्खपीडियाए मरणं चिय संपयं सरणं ।।७८।। वेयरुइणावि भणियं दट्ठुं न तरामि तुह दुहमिणं पि । किं पुण उदग्गहुयवहजालावलिकवलणं मुद्धे! ।।७९।। ता वच्चसु निस्संकं काहं सक्खित्तणं अहं तुज्झ । जं जीवंतो जीवो पावइ भद्दाइं रुंदाइं ।।८०।। एवं बहुप्पयारं भणमाणो तीए बंभणो भणिओ । जह तुह न होइ दुक्खं तह सुयण! करेहि किं बहुणा ?।।८१।। आरोविऊण जाणं णेऊण य णयरबाहिरे तेण । भणिया कह दाइस्सं नियवयणं एत्थ लोयस्स ?।।८२।। जइ ताव तरसि गंतुं अहं नियत्तामि ता इओ चेव । परिचिंतियं च तीए मुयामि अविबोहिओ कह णु ?।।८३।। तओ भणियं ।। पज्जत्ता अन्नकहा संपइ तं निद्धबंधवो मज्झ । ता परिहरेहि लज्जं वच्चामो ताव गेहम्मि ।।८४।। नियभइणिपरानयणे का लज्जा अवि य ऊसवो एस । मणणिव्वुई कहं ते होही एत्तो नियत्तस्स ?।।८५।। इय भाविय गुणदोसं पत्ताइं दोवि मंदिरे ताइं । जाओ सयणाणंदो परितुट्ठो पुन्नसम्मो वि ।।८६।। भणिओ य सुंदरीए पिययम! एएण भाउणा अहियं ।

जत्तेण मोइया रक्खिया य कूराण सबराण ।।८७।। ता एस महासत्तो उवयारी अम्ह पल्लिवासीवि । एयस्स य जं उचियं तं जाणइ पिययमो चेव ।।८८।। भणियं च पुन्नसम्मेण भद्द! तुम्हरिसस्स विउसस्स । छज्जइ न पल्लिवासो हंसस्सव कायसंवासो ।।८९।। ता चिट्ठ इहेव तुहं पूरिस्सं जं न पुज्जई तुज्झ । इय वयणामयसित्तो चिंतइ लज्जोणओ सोवि ।।९०।। गंभीरिमतुंगिममहुरवाणिरूवाणि ताव एएण । रयणायरसुरगिरिवणसवाइमयणाण गहियाइं ।।९१।। अण्णासंभवि एवं सोजण्णं पुण ण याणिमो कत्तो । खलसेहरेवि जं मारिसम्मि इय पेसलालावा ।।९२।। अहवा ।। णियगरिमगुणेण मुणंति णेय खुद्दाण विलसियं गरुया । निवडंति तणोत्थयकूवियासु तुंगावि मायंगा ।।९३।। हा कह कओ निरत्थो मए अणत्थो इमस्स सुयणस्स । फोडेइ बिरालो लोलयाए सारंपि उत्तिवडं ।।९४।। एयारिसं पमोत्तुं किं रज्जइ सुंदरी मइ अभव्वे । किं कमलायरलच्छी अक्कवणे कत्थई रमई ?।।९५।। निउणा इमीए बुद्धी जं एवं पालियं नियं सीलं । अहयंपि पडंतो पावपावए वारिओ विहिणा ।।९६।। गरुयावराहगहिओ जइ एत्तो नीहरेज्ज जीवंतो । भुज्जो एवंविहदुन्नएसु ता नेव वट्टिस्सं ।।९७।। अह मज्जणवेला वट्टइत्ति किंकरगणेण विन्नत्तो । आमंतिऊण इयरं समुट्ठिओ पुन्नसम्मोवि ।।९८।। अब्भंगुव्वट्टणमज्जणाइं कारावियाइं एयस्स । पढमं खु पुरोहियनंदणेण पच्छा सदेहस्स ।।९९।। दाऊण चुक्खजुयलं विहिणा कयभोयणाइकायव्वा । गमिऊण दिणं सुत्ता रयणीए उचियसेज्जाए ।।१००।। अवराहित्ति ससंको न लहइं निद्दं तहावि वेयरुई । अइतरलतारनयणो मग्गइ य विणिग्गमोवाए ।।१०१।। णहि पत्तियंति पावा चलभावा सरलसज्जणाणंपि । आयावराहभीया संकंति असंकणिज्जंपि ।।१०२।। इय सो मज्झिमरत्ते निग्गंतुमणा समुट्ठिओ सणियं । डक्को य दिव्वजोग्गागएण सहसा भुयंगेण ।।१०३।। पुक्कारियं निसामिय आणावियदीवएण सच्चविओ । घोरो कसिणभुयंगो सपरिच्छयपुन्नसम्मेण ।।१०४।। वाहरिया सयराहं ताहे णयरीपसिद्धगारुडिया । पकया य ते तिगिच्छं ससत्तिओ मंततंतेहिं ।।१०५।। पेच्छंताण य तेसिं रुद्धा वाणी ठियं अचलमंगं । नवरं तु किंतु सच्चेयणाइं मणसवणनयणाइं ।।१०६।। ताहे पच्चक्खाओ विज्जेहिं किलेस कालदट्ठोत्ति । जाओ तओ निरासो वेयरुई पुण्णसम्मोवि ।।१०७।। एत्थंतरम्मि गुणसुंदरीए जलकरयवग्गहत्थाए । सित्तो जलेण सहसा भणमाणीए इमं वयणं ।।१०८।। जइ ताव निक्कलंका विज्जइ मम सीलसंपया देहे । ता एसो मम भाया होउ लहुं निव्विसो अज्ज ।।१०९।। इय वारतियं सित्तो संजाओ निव्विसो खणद्धेण । विम्हियमणेण भणियं जणेण सीलं जए जयइ ।।११०।। मिलिओ णयरीलोओ जयहि महासइत्ति जंपंतो । पकओ पूयं तीसे कुसुमंजलिअक्खयाईहिं ।।१११।। भणियं च वेयरुइणा भो भो! अच्चंतविम्हओ मज्झ । को एसो वुत्तंतो करेह मं गहियसंबंधं ।।११२।। सिट्ठं जणेण भो

**अग्गजम्म! जम्मंतरंव संपत्तो । आसि तुमं पहरदुगं गारुडियाणंपि मड्डाए ।।११३।। जेण जणियचमक्कारं काउं नियसीलसावणं सहसा । जीवाविओ सि नवरं एयाए नियभगिणीए ।।११४।। तम्हा महासईए कीरइ अम्हेहिं पूयसक्कारो । इय भणिय गए लोए वेयरुई भणइ तं पणओ ।।११५।। आसि पुरा तं भइणी संपइ पुण जीयदाणओ जणणी । पावमइवारणाओ गुरूवि तं निच्छियं मज्झ ।।११६।। मुणियं तुह माहप्पं मए तए पावचेट्ठियं मज्झ । ता भण कं उवयारं करेमि तुह पावकम्मो हं ?।।११७।। तीए भणियं सुंदर! उवयरियं सव्वमेव मह तुमए । जइ परदारनिवित्तिं करेसि परमत्थबुद्धीए ।।११८।। दोग्गइमूलं अयसस्स कारणं कुलकलंकखयहेऊ । आयासकिलेसमहाविरोह-जणणं खु परदारं ।।११९।। अहवा तए सयं चिय दिट्ठो परदार वज्जणपहावो । ता बुज्झसु आयहियं किं बहुणा भाय! भणिएण ?।।१२०।। पडिवज्जिय वयमेयं कहिऊण पुरोहियस्स सब्भावं । तं खमिऊण बहुहा सट्ठाणं पडिगओ बडुओ ।।१२१।। पइहरकुलहरकयउच्चवाए गुणसुंदरीए धीराए । एवं अकरणनियमो बाढं अणुपालिओ सुइरं ।।१२२।। ।।७१४-७१९।।**

**ભાવાર્થ :-**

ગુણસુંદરી ચોથા વ્રતને દેશથી ગ્રહણ કરીને શીલ પ્રત્યે બદ્ધરાગવાળી હતી આમ છતાં તેના પ્રત્યે બટુકને તીવ્ર રાગ હતો. તેથી પલ્લીપતિનો આશ્રય કરીને બટુક તેને મેળવે છે. તેને રાગ ઉત્પન્ન કરવા ઘણો યત્ન કરે છે છતાં શીલ પ્રત્યેના રાગને કારણે ગુણસુંદરી બટુકને કુશળતાપૂર્વક સંવેગ ઉત્પન્ન કરાવે છે, પરદારાના ત્યાગનું વ્રત ગ્રહણ કરાવે છે. આ સર્વમાં ગુણસુંદરીનો શીલ પ્રત્યેનો બદ્ધરાગ કારણ હતો જે સંસારના બીજનો નાશ કરનાર પાપના અકરણ સ્વરૂપ હતો; કેમ કે સંસારના રૌદ્ર સ્વરૂપને જાણીને મહાવ્રતો પ્રત્યેના બદ્ધરાગપૂર્વક તેની શક્તિના સંચય અર્થે ગુણસુંદરી શીલ પાળે છે, વિકટ સંયોગોમાં પણ શીલનું રક્ષણ કરે છે અન્યને પણ શીલસંપન્ન કરે છે અને ત્યારપછી શીલના પાલન દ્વારા ધર્મની વૃદ્ધિ કરે છે જેનાથી ઉત્તરમાં ઉત્તમ દેવભવની પ્રાપ્તિ થાય છે.

આ રીતે રિદ્ધિસુંદરી આદિ ચારેય સખીઓ સુંદર શ્રાવકધર્મ પાળીને શીલના વ્રતથી દેવભવને પ્રાપ્ત કરે છે. **।।૭૧૪થી ૭૧૯।।**

**ગાથા :-**

**तत्तो चुयाउ चंपापुरीए जायाओ सेट्ठिधूयाओ ।**
**रूववती उ तारा सिरि विणयदेविनामाओ ।।७२०।।**
**परिणीया जम्मंतरजिणपारणदाणदेवचुयएणं ।**
**विणयंधरनामेणं रूववया इब्भपुत्तेण ।।७२१।।**

गयसीसे वेयाली दाणरओ दिन्नभोयणे नियमा ।
बिंदुज्जाणे जिणदंसणाओ सद्धा य दाणं च ।।७२२।।
घुट्ठं च अहोदाणं दिव्वाणि य आहयाणि तूराणि ।
देवा य सन्निवतिया वसुहारा चेव वुट्ठा य ।।७२३।।
सद्धातिसया दंसण विणिओगो तीए सावगत्तं च ।
सुरलोगगमण भोगा चवणं जाओ य सेट्ठिसुओ ।।७२४।।
तेणोढा जणवाओ रूववती धम्मबुद्धि निवरागो ।
निवकडगपीतिकारणगाहाए लिहावणं चेव ।।७२५।।
पसयच्छि रतिवियक्खणि अज्जमभव्वस्स तुह विओयम्मि ।
सा राई चउजामा जामसहस्सं व वोलीणा ।।७२६।।
भुज्जग्गह तत्तो देवि चेडिवासपुडयम्मि किल दिट्ठा ।
कइयवकोवो पउरम्मि पेसणा लिविपरिक्खणया ।।७२७।।
बहुसो विमरिसियालोयणा य मिलियत्ति तह निवेयणया ।
इय दोसगारि एसो णायं तुब्भेहिं एयंति ।।७२८।।
गिहमुद्दा पत्तिग्गह कुरूवसंका जिणागमे पुच्छा ।
कहणं संवेगं मो चरणं सव्वेसिं पव्वज्जा ।।७२९।।

**અન્વયાર્થ :-**

तत्तो चुयाउ=ત્યાંથી ચ્યવીને=દેવલોકથી ચ્યવીને, चंपापुरीए=ચંપાપુરી નગરીમાં, रूववती उ=રૂપવતી એવી, तारा सिरि विणयदेविनामाओ=તારા-શ્રી-વિનય અને દેવી નામની, सेट्ठिधूयाओ जायाओ=શ્રેષ્ઠી-પુત્રીઓ થઈ.

जम्मंतरजिणपारणदाणदेवचुयएणं=જન્માંતરમાં જિનપારણદાન કર્યું છે જેણે એવા દેવભવથી ચ્યુત, रूववया विणयंधरनामेणं इब्भपुत्तेण परिणीया=રૂપવાન એવા વિનયંધર નામના શ્રેષ્ઠીપુત્રને પરણાવાઈ.

गयसीसे=ગજશીર્ષ નામના નગરમાં, वेयाली=વેચાલી=રાજાનો સ્તુતિપાઠક, दाणरओ=દાનમાં રત, दिन्नभोयणे नियमा=દિન્નભોજનમાં નિયમવાળો=બીજાને આપીને ભોજન કરવાના નિયમવાળો, बिंदुज्जाणे=

બિંદુ નામના ઉદ્યાનમાં, जिणदंसणाओ=જિનેશ્વર ભગવાનના દર્શનથી=નવમા શ્રી સુવિધિનાથ ભગવાનના દર્શનથી, सद्धा य दाणं च=શ્રદ્ધા અને દાન.

घुट्ठं च अहोदाणं=અને ઘોષણા કરાઈ – 'અહો દાન !'=શ્રી સુવિધિનાથ ભગવાનને દાન કર્યું તેથી દેવતાઓએ ઘોષણા કરી – 'અહો દાનં !' दिव्वाणि य आहयाणि तूराणि=દિવ્યો પ્રગટ થયા અને તૂરીઓ વગાડાઈ. देवा य सन्निवतिया=અને સન્નિહિત દેવતાઓ વડે, वसुहारा चेव वुट्ठा य=ધનની વૃષ્ટિ કરાઈ.

सद्धातिसया=શ્રદ્ધાના અતિશયથી, दंसण=દર્શન=સમ્યક્દર્શનની પ્રાપ્તિ, विणिओगो=વિનિયોગ=ધનનો વિનિયોગ, तीए=તેનાથી=શ્રદ્ધાના અતિશયથી ધનના વિનિયોગને કારણે, सावगत्तं च=શ્રાવકપણું (પ્રાપ્ત થયું) सुरलोगगमण=સુરલોકમાં ગમન, भोगा=ભોગો=દેવલોકમાં શ્રેષ્ઠ ભોગોની પ્રાપ્તિ, चवणं= ચ્યવન=ત્યાંથી ચ્યવન, जाओ य सेट्ठिसुओ=અને શ્રેષ્ઠીપુત્ર થયો.

तेणोढा=તેની સાથે ચારેય પરણાવાઈ. जणवाओ=જનવાદ થયો. रूववती धम्मबुद्धिनिवरागो=રૂપવતી એવી ચાર સ્ત્રીઓ પ્રત્યે ધર્મબુદ્ધિ રાજાને રાગ થયો. निवकडगपीतिकारणगाहाए लिहावणं चेव=રાજા વડે કપટથી પ્રીતિના કરાવવા દ્વારા ગાથાનું લખાવવું=રાજાએ પુરોહિતને કહ્યું 'કપટથી વિનયંધરની પ્રીતિ કરીને તું ગાથાને લખાવી આપ.'

पसयच्छि='હે મૃગાક્ષી !', रतिवियक्खणि=હે રતિવિચક્ષણી !, अज्जं=આજે, अभव्वस्स=અભાગી એવા મેં, तुह विओयम्मि=તારા વિયોગમાં, सा राई=તે રાત્રિ, चउजामा जामसहस्सं व वोलीणा=ચાર યામવાળી હજાર યામની જેમ પસાર કરી'. (એ પ્રમાણે કપટથી વિનયંધર પાસે ગાથા લખાવાઈ.)

भुज्जग्गह=ભૂર્જપત્રનું ગ્રહણ, तत्तो=ત્યારપછી, देवि चेडिवासपुडयम्मि किल दिट्ठा='દેવીની ગંધપુટિકામાં આ પત્ર જોવાયો.' कइयवकोवो पउरम्मि=(એ પ્રમાણે) નગરમાં કૃત્રિમ કોપ કરાયો. पेसणा लिविपरिक्खणया= લિપિપરીક્ષા માટે મોકલ્યો.

बहुसो विमरिसियालोयणा य=ઘણા પ્રકારે વિમર્શ અને આલોચના કરાઈ. मिलियत्ति='મળે છે' એમ= 'વિનયંધરના અક્ષરો જેવા અક્ષરો મળે છે' એ પ્રમાણે જાહેર કરાયું. निवेयणया=નિવેદના=લોક વડે નિવેદન કરાયું કે 'અક્ષરો મળે છે પણ આ ઘટતું નથી.' इय दोसगारि एसो='આ દોષનો આ અકારી છે'='વિનયંધર આવો દોષ ન કરે.' णायं तुब्भेहिं एयंति='તમે આ જાણો'='આ વસ્તુ ઘટતી નથી એમ તમે સમ્યગ્ જાણો.'

गिहमुद्दा=(વિનયંધરના) ઘરને મુદ્રા લગાવાઈ. पत्तिग्गह=તેનું ધન અને સ્ત્રીઓ ગ્રહણ કરાઈ. कुरूवसंका=કુરૂપ દેખાઈ=રાજા તેમને જુએ છે ત્યારે કુરૂપ દેખાય છે તેથી તેમને છોડી દીધી. जिणागमे पुच्छा=જિનેશ્વર ભગવાનનું આગમન થયે છતે તેમને પૃચ્છા કરાઈ. कहणं=ભગવાને સર્વ હકીકત કહી. संवेगं=સંવેગ=રાજાને સંવેગ થયો. मो चरणं=ચારિત્રનો પરિણામ થયો. सव्वेसिं पव्वज्जा=સર્વએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ॥૭૨૦થી ૭૨૯॥

ગાથાર્થ :-

ત્યાંથી ચ્યવીને=દેવલોકથી ચ્યવીને, ચંપાપુરી નગરીમાં રૂપવતી એવી તારા-શ્રી-વિનય અને દેવી નામની શ્રેષ્ઠીપુત્રીઓ થઈ.

જન્માંતરમાં જિનપારણદાન કર્યું છે જેણે એવા દેવભવથી ચ્યુત રૂપવાન એવા વિનચંધર નામના શ્રેષ્ઠીપુત્રને પરણાવાઈ.

ગજશીર્ષ નામના નગરમાં વેચાલી=રાજાનો સ્તુતિપાઠક, દાનમાં રત, દિન્નભોજનમાં નિયમવાળો= બીજાને આપીને ભોજન કરવાના નિયમવાળો, બિંદુ નામના ઉદ્યાનમાં જિનેશ્વર ભગવાનના દર્શનથી=નવમા શ્રી સુવિધિનાથ ભગવાનના દર્શનથી શ્રદ્ધા અને દાન.

અને ઘોષણા કરાઈ – 'અહો દાન !'=શ્રી સુવિધિનાથ ભગવાનને દાન કર્યું તેથી દેવતાઓએ ઘોષણા કરી – 'અહો દાનં !' દિવ્યો પ્રગટ થયા અને તૂરીઓ વગાડાઈ. અને સન્નિહિત દેવતાઓ વડે ધનની વૃષ્ટિ કરાઈ.

શ્રદ્ધાના અતિશયથી દર્શન=સમ્યક્દર્શનની પ્રાપ્તિ. વિનિયોગ=ધનનો વિનિયોગ. તેનાથી= શ્રદ્ધાના અતિશયથી ધનના વિનિયોગને કારણે, શ્રાવકપણું પ્રાપ્ત થયું સુરલોકમાં ગમન. ભોગો= દેવલોકમાં શ્રેષ્ઠ ભોગોની પ્રાપ્તિ. ચ્યવન=ત્યાંથી ચ્યવન. અને શ્રેષ્ઠીપુત્ર થયો.

તેની સાથે ચારેય પરણાવાઈ. જનવાદ થયો. રૂપવતી એવી ચાર સ્ત્રીઓ પ્રત્યે ધર્મબુદ્ધિ રાજાને રાગ થયો. રાજા વડે કપટથી પ્રીતિના કરાવવા દ્વારા ગાથાનું લખાવવું=રાજાએ પુરોહિતને કહ્યું 'કપટથી વિનચંધરની પ્રીતિ કરીને તું ગાથાને લખાવી આપ.'

'હે મૃગાક્ષી ! હે રતિવિચક્ષણી ! આજે અભાગી એવા મેં તારા વિયોગમાં તે રાત્રિ ચાર યામવાળી હજાર યામની જેમ પસાર કરી'. એ પ્રમાણે કપટથી વિનચંધર પાસે ગાથા લખાવાઈ.

ભૂર્જપત્રનું ગ્રહણ. ત્યારપછી 'દેવીની ગંધપુટિકામાં આ પત્ર જોવાયો.' એ પ્રમાણે નગરમાં કૃત્રિમ કોપ કરાયો. લિપિપરીક્ષા માટે મોકલ્યો.

ઘણા પ્રકારે વિમર્શ અને આલોચના કરાઈ. 'મળે છે' એમ='વિનચંધરના અક્ષરો જેવા અક્ષરો મળે છે' એ પ્રમાણે જાહેર કરાયું. નિવેદના=લોક વડે નિવેદન કરાયું કે 'અક્ષરો મળે છે પણ આ ઘટતું નથી.' 'આ દોષનો આ અકારી છે'='વિનચંધર આવો દોષ ન કરે.' 'તમે આ જાણો'='આ વસ્તુ ઘટતી નથી એમ તમે સમ્યગ્ જાણો.'

વિનચંધરના ઘરને મુદ્રા લગાવાઈ. તેનું ધન અને સ્ત્રીઓ ગ્રહણ કરાઈ. કુરૂપ દેખાઈ=રાજા તેમને જુએ છે ત્યારે કુરૂપ દેખાય છે તેથી તેમને છોડી દીધી. જિનેશ્વર ભગવાનનું આગમન થયે છતે તેમને પૃચ્છા કરાઈ. ભગવાને સર્વ હકીકત કહી. સંવેગ=રાજાને સંવેગ થયો. ચારિત્રનો પરિણામ થયો. સર્વએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ||૭૨૦થી ૭૨૯||

टीडा :-

एएण पगारेणं रइसुंदरिमाइयाओ चउरोवि । परपुरिससंगपावे अकरणनियमं चिरं काउं ।।१।। उववन्नाओ तियसालयम्मि रइसुंदरे वरविमाणे । फारफुरंततणुतेयलच्छिपज्जोइयदिसाओ ।।२।। देवीओ दिव्वसुहं चिरमुवभोत्तूण पुन्नसेसेण । आउक्खए चुयाओ चंपाए पुरीए अवयरिया ।।३।। कंचणसेट्ठिस्स पिया वसुहारा पउमिणी कुबेरस्स । धरणस्स महालच्छी वसुंधरा पुन्नसारस्स ।।४।। एयासिं सिप्पीणव वियडोयरसंपुडेसु विमलाओ । जायाओ सुवित्ताओ ताओ मुत्तामणीउव्व ।।५।। तारासिरिविणयादेविनामधेयाइं सकुलसाराइं । पप्फुल्लुप्पलनयणाहिं ताहिं नलिणीहिंव सहंति ।।६।। सुहसंगहियकलाओ लायण्णुवहसियसिययरकलाओ । जणनयणहारिणीओ कमेण जायाओ तरुणीओ ।।७।। पुव्विं पिव पुन्नाओ अन्नोन्नममंदनेहपुन्नाओ । सावयकुलजम्माओ पावियवरविरइधम्माओ ।।८।। जिणदाणपुन्नगुणसंकलाओ आयट्टिऊण एयाओ । विणयंधरनामेणं विवाहिया इब्भपुत्तेण ।।९।। एसो पुण इह भरहे गयसीसे पुरवरम्मि सुपयासे । राया वियारधवलो रज्जधुरा वहणवरधवलो ।।१०।। तस्स वरो वेयाली उदारचित्तो दयाइगुणसाली । सययं परोवयारी आसि दढं पावपरिहारी ।।११।। सो पुण उदारयाए निच्चं असणाइयं मणुन्नंपि । कस्सइविस्साणिऊण उचियं उवभुत्तवं नियमा ।।१२।। अह अन्नदिणे दिट्ठो उस्सप्पिणिनवमजिणवरो तेण । बिंदुज्जाणे पडिमाए संठिओ मेरुथिरमुत्ती ।।१३।। दट्ठूण तस्सरूवं उवसमलच्छिं च चारुतवचरणं । असमप्पमोयवसओ पढिउमिणं सो समाढत्तो ।।१४।।

'वपु सुंदरु अंगविन्नासु कट मणहर तेयसिरि कटरि कटरि लायण्णुववणह अइउवसमु लोयणहं अइय अइय वलि धम्मचरणहं कर हुरि नयणइं रंधकणि अज्ज हु अज्जं सुसेउ वलि वलि जोयहु चोज्ज करुइ हु परमप्पा देउ ।।१।।'

इय उल्लसंतसद्धो थोउमसीमंतभत्तिराएण । बहुमाणमुव्वहंतो जिणम्मि एसो गिहं पत्तो ।।१५।। कुसलाणुबंधिकम्मोदएण अह तस्स भोयणावसरे । पत्तो तिलोयनाहो भिक्खट्ठा गिहदुवारम्मि ।।१६।। तं पेच्छिऊण वंदी आणंदरसोवरुद्धवंनियमो । पडिलाभेइ जिणिंदं परिवेसियकामगुणिएण ।।१७।। चिंतइ य अहं धन्नो सफलं मे अज्ज जीवियं अज्ज । जं भयवं दाणमिणं पडिच्छए पाणिपुडएणं ।।१८।। एत्थंतरम्मि गयणे उच्छलिओ देवदुंदुहिनिनाओ । घोसिंति अहो दाणं अहो महादाणमिइ विबुहा ।।१९।। जणजणियमहच्छेरं गंधोदयपुप्फवरिसणं जायं । उक्कोसा वसुहारा पडिया य घरंगणे सहसा ।।२०।। अविय । नरनरवइसुरअसुरा वंदित्तं वंदिणोवि से पत्ता । किंवा सुपत्तदाणा जायइ अच्चब्भुयं न जए ?।।२१।। इय पयडं माहप्पं पेच्छंतो विसुद्धदाणधम्मस्स । भेत्तूण

कम्मगंठिं दंसणसड्ढो इमो जाओ ।।२२।। विणिओइऊण वित्तं पवित्तपत्तेसु दूरमहुरा सो । चइऊण पूइदेहं पत्तो पढमं अमरगेहं ।।२३।। भोत्तूण चिरं भोए सुरसुंदरिविसरवट्टियामोहे । चविउममरालयाए इहेव विणयंधरो जाओ ।।२४।। जाओ जहत्थनामो इमेण जाएण रयणसारिब्भो । जणणीविय पुन्नजसा पुन्नजसा चेव संपन्ना ।।२५।। रूवं कलाकलावो लच्छी कित्ती कलंकनिम्मुक्का । अंतेउरं सुतारं सव्वं दाणस्स फलमेयं ।।२६।। अविय 'दाणं पुन्नतरुस्स मूलमणहं पावाहिमंतक्खरं, दालिद्ददुम-कंदलीवणदवो दोहग्गरोगोसहं । सोवाणं गुरुसग्गसेलचडणे मोक्खस्स मग्गो वरो, ता दायव्वमिणं जिणुत्तविहिणा पत्ते सुपत्ते सया ।।१।।' पत्तो कमेण जोयणमुज्जोयणमखिलकामचरियाण । जिणदाणप-भावाओ इमस्स एयाओ घडियाओ ।।२७।। तम्मि समयम्मि राया तम्मि पुरे आसि धवलजसपसरो । णामेण धम्मबुद्धी सच्चं चिय धम्मबुद्धित्ति ।।२८।। लायण्णणीरसरिया गुणमणिभरियाऽकलंककुल-चरिया । घणदंती वरकंती देवी तस्सासि विजयंती ।।२९।। सुपइट्ठिय सीमंतं विसयग्गामोवसोहियं निच्चं । तं वरघरणिं धरणिंव भुंजमाणस्स से रन्नो ।।३०।। नयरे नयरेहिल्लो को सुहिओ सुत्थओ दढं एस ?। एवं पवत्ता वत्ता कइयावि तस्स अत्थाणे ।।३१।। भणियं भडेण केणइ अग्गमणी सुत्थियाणमिह नयरे । वरइब्भसुओ धीमं धणियं विणयंधरो नाम ।।३२।। जस्स धणं धणयस्स व मयणस्सव जणविमोहणं रूवं । विण्णाणं विबुहाणंददायगं देवगुरुणोव्व ।।३३।। तह वरघरिणि चउक्कं पहसियसुरखयरनारि सुंदेरं । जस्साणासंपायणपउणं पुलएइ मुहकमलं ।।३४।। भणियमवरेण तत्तो वणियवहूवण्णवायकरणेण । मा सुरखयरनरीसरदइयाओ हीलसु अणज्ज! ।।३५।। इयरेण तओ भणियं का हीला एत्थ वण्णओ को वा । भणियं सरूवमेयं सुपसिद्धं सव्वनयरीए ।।३६।। देवाण दाणवाण य कुणंति उवाइयाइं जुवईओ । तारिसरूवस्स कए तव्विहदारत्थिणो तरुणा ।।३७।। वन्नंति कामिणीओ सव्वाओ निगयरूवगव्वाओ । चंकमियं ललियं जंपियं च तासिं सओसाओ ।।३८।। एवं बहुप्पयारं सोऊणमईव वण्णयं तासिं । भवियव्वयानिओगा राया रायाउरो जाओ ।।३९।। ण तहा दिट्ठसरूवे रज्जंति जणा जणे गुणड्ढेवि । जह निग्गुणेवि परवयणवन्निए जयट्ठिई एसा ।।४०।। होंति वि धम्मबुद्धी अधम्मबुद्धी खणेण सो जाओ । कस्स व विवरीयत्तं ण होइ मयणेण मूढस्स ।।४१।। एगत्तो कुलममलं मइलिज्जइ दहइ अन्नओ मयणो । दुत्तडिवग्घंतरसंठिओव्व दुहिओ तओ जाओ ।।४२।। कुवियप्पलहरिहीरंतएणं चिंतामहण्णवुच्छंगे । आसासदीवभुओ लद्धो तेणेरिसोवाओ ।।४३।। पच्चाइयपउरजणं दोसं उप्पाइऊण से वणिणो । गिण्हामि बला ताओ न होमि गरहारिहो जेण ।।४४।। इय निच्छिऊण पच्छण्णमेव भणिओ पुरोहिओ तेण । विणयंधरेण सद्धिं कुण मेत्तिं कवडनेहेण ।।४५।। तत्तोवि भुज्जखंडे एयं गाहं लहुं लिहावित्ता । पच्छण्णमेव मज्झं उवणेहि अयाणियं तेण ।।४६।। सा पुण ।। पसयच्छि! रइवियक्खणि! अज्ज

अभव्वस्स तुह विओगे मे । सा राई चउजामा जामसहस्संव वोलीणा ।।४७।। बडुएण तहेव कए रण्णा पउराण पेसियं भुज्जं । किर देविगंधपुडए पहियं विणयंधरेणेयं ।।४८।। ता भो लिवीपरिच्छं काऊण विणिच्छयं कहह मज्झ । मा पच्छावि भणीहह अजुत्तमेयं कयं रण्णा ।।४९।। तेहिवि न हुंति दुद्धे पूयरया तहवि सासणं पहुणो । कायव्वंति भणंतेहिं लिवीपरिच्छा कया हत्थं ।।५०।। दट्ठुं लिविसंवायं भणियं पउरेण सुट्ठु सुविसायं । अत्थि लिवीसंवाओ नय घडइ इमं तु एयाओ ।।५१।। अविय ।। जो चरइ मणभिरामे दक्खारामे सुहं विगयसंको । सो कंटहयसरीरे करी करीरे नहि रमइ ।।५२।। अविय ।। जो चेट्ठइ गोट्ठीए मुहुत्तमेत्तंपि तस्स धण्णस्स । वंजुलसंगेण विसंव पण्णगो मुयइ सो पावं ।।५३।। ता परिभावउ देवो सम्मं परमत्थमेत्थ वत्थुम्मि । अघडंतयंपि घडियं एयं पिसुणेण केणावि ।।५४।। सच्छंपि फलिहरयणं उवहाणवसा कलिज्जए कालं । इय खलसंगाओ खलु खलियं अक्खलियचरियस्स ।।५५।। इय जंपंते पउरे पडियारं कुंजरोव्व अगणिंतो । वियरिय-मेरालाणो पकओ असमंजसं राया ।।५६।। पभणइ पुरिसे रे रे! आणेह बलावि तस्स जायाओ । मुद्देह मंदिरं लहुं निद्धाडिय परियणं दूरं ।।५७।। तुब्भे पुण णायरया विरुद्धयारिम्मि पक्खवाइल्ला । तं कारवेह सुद्धिं मम पुरओ जेण मुंचामि ।।५८।। एवं ते फरुसगिरं पउरा पउरा खणेण विमुहासा । किवणेण मग्गणा इव गेहाओ धाडिया रण्णा ।।५९।। एत्थंतरम्मि ताओ विणयंधरभारियाओ चउरोवि । छिवणभयाओ पुरओ ठियाओ पत्तीणपत्ताओ ।।६०।। दट्ठूण ताण रूवं अप्पडिरूवं पबिंतिओ राया । सच्चं न संति अमरालएवि एवंविहवहूओ ।।६१।। अणुकूलो मज्झ विही णूणं जं किर सुयाओ दिट्ठाओ । पत्ताओ य गिहं मे एयाओ अमयकूवीओ ।।६२।। कह नाम पुण इमाओ नवनेहरसेण पुलइयंगीओ । लग्गिस्संति सयं मे कंठे उक्कंठियमणाओ ?।।६३।। भुजंतीओ चिय णराण मयणरसकारणं जओ होंति । तयभावे किमिह सुहं जायइ मयरमणिरमणेव्व ।।६४।। अहवा सहेमि कालं परिणामे सिज्झिही इमं सव्वं । भुक्खियवसेण पच्चंति उंबरा णेह कइयावि ।।६५।। इयचिंतिरेण तुरियं ताओ अंतेउरमि खित्ताओ । सयणासणाइं सव्वं दवावियं चंगभोगंगं ।।६६।। तं पुण विसंव गणिउं ताओ गुरुदुहतवग्गितवियाओ । उवविट्ठाओ धरणीयलम्मि सुद्धम्मि सुद्धाओ ।।६७।। भणियाओ य सविणयं रायनिउत्ताहिं बाहुजुत्ताहिं । चेडीहिं निउणमेयं देवीओ मुयह उव्वेयं ।।६८।। फलियं तुम्हाण फुडं पुव्वज्जियपुन्नपायवेणज्ज । जं एस अम्ह सामी वट्टइ अच्चंतमणुकूलो ।।६९।। जस्स पसज्जइ एसो तस्स हु चिंतामणिव्व सुहहेउ । रुट्ठो जमोव्व जीवंतकारओ होइ नियमेण ।।७०।। ता एयस्स पसाया भुंजह भोए वइच्छियविसाया । मुंचह मणसंतावं कुणह कयत्थं पणयभावं ।।७१।। इयजंपिरचेडीओ भणियाओ सुट्ठुनिट्ठुरमिमाहिं । उव्वेवकरेण हला! अलाहि हलबोलकरणेण ।।७२।। जइ रुट्ठो जीयंतं करेइ ता सुट्ठु सुंदरो एस ।

अखलियसीलाण जओ जणयइ मरणंपि सुहमेव ।।७३।। मड्डागहणेण परित्थियाओ भुंजइ य नेह भिल्लोवि । लंघियकुलमज्जाओ तओवि अहमो इमो जाओ ।।७४।। इच्चाइवयणनिब्भच्छियाहिं चेडीहिं साहियं रण्णो । उच्चडइ ण चक्को कहवि देव! फलिहामलसिलासु ।।७५।। णाऊण निच्छयं नरवईवि चिंताउरो दढं जाओ । तत्तपुलिणम्मि मीणोव्व ण हु रइं लहइ सयणीए ।।७६।। अविय ।। सुयइ सुहं गयराओ घणकंटयसंगएवि सयणीए । रागीवि हंसतूलीगओवि निद्दं न पावेइ ।।७७।। चिंतग्गिसंपलित्तो रयणिं संवच्छरोवमं गमिउं । कयसिंगारो सूरोदयम्मि तासिं गओ पासं ।।७८।। अब्भुट्ठिओ न ताहिं तुच्छंपि न इच्छिओ नय तहावि । ईसरसिरिव्व रोरो न पत्थिओ ताण सो रूवं ।।७९।। अह पेच्छइ सव्वाओहुयवहजालालिकविलकेसाओ । अइणिव्विरनासाओ जरचीवर-मलिनवेसाओ ।।८०।। मज्जारलोयणाओ दंतुरलंबोट्ठवंकवयणाओ । परिगलियजोव्वणाओ तुच्छं गलियाणिचरणाओ ।।८१।। अइसयबीभच्छाओ रागीणवि रागहरणदच्छाओ । दट्ठूण ता नरिंदो चिंतइ धणियं निराणंदो ।।८२।। किं एस दिट्ठिबंधो मइमोहो सुविणयं व पेच्छामि । किं वा देव्वप-ओगो किं वा पावप्पभावो मे ?।।८३।। हंहो महंतमेयं अच्छेरमदिट्ठमसुयमेत्ताहे । कत्थ गयं एयासिं खणेण तं तारिसं रूवं ?।।८४।। अह जाणियवुत्तंता सहसा तत्थागय महादेवी । पायडियपेमकूवा पयंपिउं चेवमारद्धा ।।८५।। हद्धी अणज्ज! रज्जसि विलीणहीणासु एरिसित्थीसु । अमुणियपत्तविसेसो अवगन्नसि रायदुहियाओ ।।८६।। न कलेसि कुलकलंकं विरज्जमाणं गुणं न लक्खेसि । एवं णिम्मज्जाओ कह धावसि परज्जणे मेरं ?।।८७।। एवं बहुप्पयारं उवलद्धो पत्थिवो पिययमाए । लज्जोणओ विसज्जइ सज्जो विणयंधरपियाओ ।।८८।। दट्ठुं विसज्जियाणं रूवं साहावियं पुणो तासिं । कारणजिन्नासाए चिट्ठइ चिंताउरो णिच्चं ।।८९।। आयण्णियमण्णदिणे सूरी सन्नाणसंपया-निलओ । नयरुज्जाणे रम्मे ओसरिओ सूरसेणोत्ति ।।९०।। चलिओ पमोयकलिओ सपउरभिच्चो तओ पुरीनाहो । उवविट्ठो य सुहिट्ठो तयंतिए वंदणापुव्वं ।।९१।। पारद्धा य भयवया धम्मकहा मोहकंदनिद्दलणी । लद्धावसरेण तओ पुच्छियमेयं पुहइपहुणा ।।९२।। भयवं! किं कयमसमं सुकयं विणयंधरेण पुव्वभवे । जं विजियसुरवहूओ कण्णाओणेण पत्ताओ ?।।९३।। कत्तो वा सुकयाओ एयासिं रूवमेरिसमपुव्वं । केण पओगेण तया विरूवया झत्ति संजाया ?।।९४।। इय नरवइणा पुट्ठे पउरा विणयंधरो सह पियाहिं । सव्वे सकोउगमणा गुरुवयणमुवट्ठिया सोउं ।।९५।। अह सुरदुंदुहिघोसो परिसायणजणियबहलपरितोसो । वज्जरइ परहिएसी जहट्ठियं केवलिमहेसी ।।९६।। विणयंधरपुव्वभवे कहिए तासिं च तस्स घरिणीण । तह देवयापभावे विरूवभावस्स हेउत्ति ।।९७।। उग्घडियतिव्वसंवेगभावणाभावियाण सयराहं । जाओ विसयविरागो तेसिं नरनाहपमुहाणं ।।९८।। महया विच्छड्डेणं जणाणमाणंददायगेण दढं । पव्वइयाणि कमेणं पत्ताणि य सासयं ठाणं ।।९९।।

**एवं अकरणनियमो सयं अणायारपरिहरणहेऊ । अन्नेसिंपि बहूणं एउदाहरणओ नेओ ।।१००।। ।।७२०-७२९।।**

**एतत्कथानकसंग्रहगाथाक्षरार्थस्य विस्तरः कथानकादेव सुखेनावगम्यत इति नातिविस्तरभीरुतया व्याख्यात इति ।।**

**समाप्तं च रति-बुद्धि-रिद्धि-गुणसुन्दरीणां कथानकम् ।।**

**ભાવાર્થ :-**

તે ચારેય સ્ત્રીઓ ઉત્તમ શીલ પાળીને દેવભવમાંથી ચ્યવીને વિનયંધરની પત્ની થાય છે. તે ભવમાં પણ નિર્મળ શીલ પાળે છે અને અંતે તેમના પ્રત્યે કુદૃષ્ટિને કરનાર રાજા ધર્મને પામે છે અને તે રાજા પણ ચારિત્રની પ્રાપ્તિ કરે છે એથી એ ફલિત થાય કે ઉત્તમ પુરુષોના સંવેગના પરિણામને કારણે અન્ય જીવોમાં પણ નિમિત્તને પામીને સંવેગનો પરિણામ થાય છે; કેમ કે ભાવથી ભાવની પ્રસૂતિ છે આથી તે સ્ત્રીઓ પ્રત્યે ખરાબ દૃષ્ટિ થયેલ હોવા છતાં નિમિત્તને પામીને રાજાને પણ સંવેગ થયો અને તે ચારેય સ્ત્રીઓને, તેના પતિ વિનયંધરને અને રાજાને એ સર્વને ચારિત્રની પ્રાપ્તિ થઈ. માટે કલ્યાણના અર્થી જીવોએ શક્તિ અનુસાર તે જ વ્રતો ગ્રહણ કરવાં જોઈએ, જેનું સમ્યગ્ પાલન થાય અને ઉત્તરોત્તર વૃદ્ધિ થાય. વળી, સર્વ અતિચારના પરિહારપૂર્વક સુવિશુદ્ધ પાલન થાય તે રીતે ચિત્તનું નિર્માણ કરવું જોઈએ જેથી રતિસુંદરી આદિ ચાર સખીઓની જેમ સુવિશુદ્ધ વ્રતપાલનના બળથી પાપઅકરણનિયમ સ્થિર-સ્થિરતર થાય જેથી ઉત્તર-ઉત્તરના ભવમાં સાનુબંધ પાપઅકરણનો નિયમ અધિક-અધિક પ્રાપ્ત થાય. અંતે સર્વ પાપના અકરણનિયમની પ્રાપ્તિ થાય. વળી, અને સર્વ પાપોની પ્રાપ્તિનું કારણ સોળ કષાયો અને નવ નોકષાયો જ છે તેથી તેનો ઉચ્છેદ થાય તે રીતે તે તે ગુણસ્થાનકમાં અપ્રમાદથી યત્ન કરવો જોઈએ. **॥૭૨૦થી ૭૨૯॥**

**અવતરણિકા :-**

**इत्थं देशविरतिमपेक्ष्याकरणनियमज्ञातान्यभिधाय सर्वविरतौ तद्वैशिष्ट्यमभिधित्सुराह —**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે દેશવિરતિની અપેક્ષા કરીને અકરણનિયમનાં દૃષ્ટાંતો કહીને સર્વવિરતિમાં તેના વિશિષ્ટને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે —**

**ભાવાર્થ :-**

પૂર્વમાં જે મહાત્માઓ દેશવિરતિને સ્વીકારીને પાપઅકરણનિયમનો અભ્યાસ કરે છે અને તે અભ્યાસ સુવિશુદ્ધ પાળે છે તેમનાં દૃષ્ટાંત બતાવ્યાં. વસ્તુતઃ પાપઅકરણનિયમનો પ્રારંભ ક્ષપકશ્રેણીમાં પ્રગટે છે અને બારમા ગુણસ્થાનકે જીવ વીતરાગ થાય છે ત્યારે પાપઅકરણનિયમ પૂર્ણતાને પામે છે. વળી, દેશવિરતિનું પાલન કરનારા જીવોમાં પણ જેઓ અતિચારથી કલંકિત વ્રતો પાળે છે તેઓનો પાપઅકરણનિયમનો

અભ્યાસ પણ સમ્યગ્ થતો નથી પરંતુ જેઓ દેશવિરતિનાં સ્વીકારાયેલાં વ્રતો સર્વ અતિચારોથી રહિત પાળે છે તેઓનો પાપઅકરણનિયમનો અભ્યાસ સુપરિશુદ્ધ છે તેનાં દૃષ્ટાંતો બતાવીને હવે સર્વવિરતિમાં પ્રાપ્ત થતો પાપઅકરણનિયમ કેવો વિશિષ્ટ છે તે બતાવે છે.

**ગાથા :-**

**देसविरइगुणठाणे अकरणणियमस्स एव सब्भावो ।**
**सव्वविरइगुणठाणे विसिट्ठतरओ इमो होइ ।।७३०।।**

**અન્વયાર્થ :-**

**देसविरइगुणठाणे=દેશવિરતિ ગુણસ્થાનકમાં, अकरणणियमस्स एव=અકરણનિયમનો જ, सब्भावो= સદ્ભાવ=સંભવ કહેવાયો. सव्वविरइगुणठाणे=સર્વવિરતિ ગુણસ્થાનકમાં, विसिट्ठतरओ=વિશિષ્ટતર, इमो होइ=આ હોય છે=પાપઅકરણનિયમ હોય છે. ।।૭૩૦।।**

**ગાથાર્થ :-**

**દેશવિરતિ ગુણસ્થાનકમાં અકરણનિયમનો જ સદ્ભાવ=સંભવ કહેવાયો. સર્વવિરતિ ગુણસ્થાનકમાં વિશિષ્ટતર આ હોય છે=પાપઅકરણનિયમ હોય છે. ।।૭૩૦।।**

**ટીકા :-**

**देशविरतिगुणस्थाने यावज्जीवं परपुरुषपरिहारलक्षणेऽकरणनियमस्योक्तलक्षणस्यैवं रतिसुंदर्यादिशीलपालनन्यायेन सद्भावः सम्भव उक्तः । देशविरतिगुणस्थानकेऽपि पापाकरणनियमः सम्भवतीत्यर्थः । सर्वविरतिगुणस्थानके यावज्जीवं समस्तपापोपरमलक्षणे विशिष्टतरको देशविरत्यकरणनियमापेक्षयाऽकरणनियमो भवति ।।७३०।।**

**ભાવાર્થ :-**

જીવ સમ્યક્ત્વ પામે છે ત્યારથી સંપૂર્ણ કષાયો-નોકષાય વગરની અવસ્થા જ તેને સારરૂપે દેખાય છે અને તેવી અવસ્થાની પ્રાપ્તિ માટે પોતાની શક્તિ અનુસાર દેશવિરતિ ગુણસ્થાનક સ્વીકારે છે અને જેઓ તે દેશવિરતિ ગુણસ્થાનક અતિચારરહિત પાળે છે તેઓને તે ગુણસ્થાનકની પરિણતિરૂપ પાપઅકરણનિયમનો સદ્ભાવ પ્રાપ્ત થાય છે જે પાપઅકરણનિયમનો સદ્ભાવ સંપૂર્ણ પાપઅકરણનિયમની પ્રાપ્તિના અભ્યાસરૂપ છે; કેમ કે આભ્યાસિક ભાવો અભ્યાસથી પ્રગટે છે તેથી સંપૂર્ણ પાપરહિત અવસ્થાના અર્થી એવા સમ્યગ્દૃષ્ટિ જીવો સ્વભૂમિકા અનુસાર દેશવિરતિ ગુણસ્થાનક સ્વીકારે અને ક્ષયોપશમભાવથી તે ગુણસ્થાનક પ્રાપ્ત કરે અને નિરતિચાર તેનું પાલન કરે તો દેશથી પાપઅકરણનિયમનો સદ્ભાવ પ્રાપ્ત થાય છે. તે અભ્યાસ જ પૂર્ણ પાપઅકરણનિયમનું કારણ બનશે અને જે જીવો સર્વવિરતિ ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે તેઓને દેશવિરતિ ગુણસ્થાનક કરતાં વિશિષ્ટતર પાપઅકરણનિયમ પ્રાપ્ત થાય છે અને તે પાપઅકરણનિયમ પણ સંપૂર્ણ

પાપઅકરણનિયમની પ્રાપ્તિના અભ્યાસરૂપ છે. આથી જ સુસાધુઓ 'સંપૂર્ણ મોહરહિત અવસ્થા ક્ષાયિક વીતરાગને છે' તેનું નિત્ય સ્મરણ કરીને તત્તુલ્ય ચિત્ત નિષ્પન્ન થાય તે રીતે સર્વવિરતિની સર્વ ક્રિયાઓ કરે છે જેનાથી તેઓનું ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થયેલું માનસ શુદ્ધ વીતરાગભાવમાં નિષ્ઠા પામે તે રીતે સતત વૃદ્ધિ પામે છે તેથી દેશવિરતિ ગુણસ્થાનક કરતાં વિશિષ્ટતર પાપઅકરણનિયમ મુનિઓને હોય છે. **II૭૩૦II**

**અવતરણિકા :-**

**अत्र हेतुमाह —**

**અવતરણિકાર્થ :-**

**અહીં=સર્વવિરતિમાં વિશિષ્ટ પાપઅકરણનિયમ છે એમાં, હેતુને કહે છે —**

**ગાથા :-**

**जं सो पहाणतरओ आसयभेओ अओ य एसोत्ति ।**
**एत्तो च्चिय सेढीए णेओ सव्वत्थवि एसो ।।७३१।।**

**અન્વયાર્થ :-**

**जं=જે કારણથી, सो=તે=સર્વવિરતિલક્ષણવાળો પાપઅકરણનિયમ, पहाणतरओ आसयभेओ=પ્રધાનતર આશયભેદ છે=દેશવિરતિ કરતાં અતિ પ્રશસ્ત એવો પરિણામવિશેષ છે. अओ य=આનાથી જ=પરિણામ-વિશેષથી જ, एसोत्ति=આ છે=દેશવિરતિ કરતાં સર્વવિરતિમાં પરિણામવિશેષ હોવાના કારણે દેશવિરતિના પાપઅકરણનિયમ કરતાં સર્વવિરતિનો પાપઅકરણનિયમ પ્રધાનતર છે. एत्तो च्चिय=આથી જ= દેશવિરતિમાં જે આશય છે તેના કરતાં પણ સર્વવિરતિમાં વિશુદ્ધતર આશય હોવાના કારણે જ, सेढीए=શ્રેણીમાં=ક્ષપકશ્રેણીમાં, सव्वत्थवि=સર્વત્ર પણ=ક્ષયને પામેલા તે તે ગુણસ્થાનકરૂપ સર્વ કર્મના વિષયમાં પણ, एसो=આ=પાપઅકરણનિયમ, णेओ=જાણવો. ।।૭૩૧।।**

**ગાથાર્થ :-**

**જે કારણથી તે=સર્વવિરતિલક્ષણવાળો પાપઅકરણનિયમ, પ્રધાનતર આશયભેદ છે=દેશવિરતિ કરતાં અતિ પ્રશસ્ત એવો પરિણામવિશેષ છે. આનાથી જ=પરિણામવિશેષથી જ, આ છે=દેશવિરતિ કરતાં સર્વવિરતિમાં પરિણામવિશેષ હોવાના કારણે દેશવિરતિના પાપઅકરણનિયમ કરતાં સર્વવિરતિનો પાપઅકરણનિયમ પ્રધાનતર છે. આથી જ=દેશવિરતિમાં જે આશય છે તેના કરતાં પણ સર્વવિરતિમાં વિશુદ્ધતર આશય હોવાના કારણે જ, શ્રેણીમાં=ક્ષપકશ્રેણીમાં, સર્વત્ર પણ=ક્ષયને પામેલા તે તે ગુણસ્થાનકરૂપ સર્વ કર્મના વિષયમાં પણ, આ=પાપઅકરણનિયમ જાણવો. ।।૭૩૧।।**

**ટીકા :-**

**यद्यस्मात्कारणात् स सर्वविरतिलक्षणः प्रधानतरकः अतिप्रशस्त आशयभेदः परिणामविशेषः ।**

**अतश्चास्मादेव परिणामविशेषादेषोऽकरणनियमः प्रधानतर इति प्रकृतेन सम्बन्धः । इति प्राग्वत् । अत एवाशयभेदात् श्रेण्यां क्षपकश्रेणिनामिकायां 'अणमिच्छमीससम्मं' इत्यादिकर्मप्रकृतिक्षपणसिद्धायां ज्ञेयः सर्वत्रापि सर्वकर्मस्वपि तत्र तत्र गुणस्थानके क्षयमुपगतेष्वेषोऽकरणनियमः, यत्क्षीणं तत् पुनर्न क्रियत इत्यर्थः । कर्मप्रकृतिक्षयक्रमश्चायं कर्मस्तवशास्त्रप्रसिद्धो यथा—'अणमिच्छमीससम्मं अविरयसमाइ अप्पमत्तंता । सुरनरतिरिनिरयाउं निययभवे सव्वजीवाणं ।।१।। सोलसअट्ठेक्केक्कं छक्केक्केक्केक्कखीणमनियट्टी । एवं सुहुमसरागे खीणकसाए य सोलसगं ।।२।। बावत्तरिं दुचरिमे तेरसचरिमे अजोगिणो खीणो । अडयालं पयडिसयं खविय जिणं नेव्वुयं वंदे ।।३।।' ।।७३१।।**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં કહ્યું કે દેશવિરતિ કરતાં સર્વવિરતિના પાપના અકરણનો નિયમ વિશિષ્ટતર છે. કેમ વિશિષ્ટતર છે તે બતાવતાં કહે છે – સર્વવિરતિધર મહાત્માનો આશયભેદ હોય છે=પરિણામવિશેષ હોય છે. જોકે સમ્યક્ત્વ પામ્યા પછી જેઓને તત્ત્વનો સૂક્ષ્મ બોધ છે અને જેઓ પ્રતિદિન સમ્યક્ત્વને સ્થિર-સ્થિરતર કરવા યત્ન કરે છે તેઓને 'સંસારની સર્વ અવસ્થાઓ જીવ માટે ઉપદ્રવરૂપ છે અને જીવમાં વર્તતા કષાય-નોકષાયના ભાવો જીવની ક્લેશવાળી અવસ્થા છે' તેવો સ્પષ્ટ સ્પષ્ટતર બોધ થાય છે તેથી સમ્યગ્દૃષ્ટિ જીવો કષાય-નોકષાયના ઉચ્છેદના અર્થી અને સંસારની સર્વ વિડંબનાથી મુક્ત થવાના અર્થી અવશ્ય હોય છે અને વિવેકપૂર્વક તે ભાવને સદા સ્થિર કરવાના યત્નવાળા હોય છે. તેથી સ્વશક્તિનું સમાલોચન કરીને 'સંપૂર્ણ પાપના વિરામને અનુકૂળ ત્રણ ગુપ્તિનું સામર્થ્ય પોતાનામાં નથી' એવું પોતાને જણાય ત્યારે તેવા સામર્થ્યને પ્રગટ કરવા અર્થે દેશવિરતિ સ્વીકારે છે; કેમ કે તેઓને સ્થિર વિશ્વાસ છે કે ત્રણ ગુપ્તિનો પરિણામ જ પ્રકર્ષને પામીને ક્ષપકશ્રેણીની પ્રાપ્તિનું કારણ બનશે જેનાથી સંસારનો ઉચ્છેદ થશે છતાં ત્રણ ગુપ્તિમાં સતત રહેવાની શક્તિ નહીં હોવાથી સ્વસામર્થ્યનું સમાલોચન કરીને દેશથી પાપની નિવૃત્તિ કરે છે અને સર્વવિરતિની શક્તિનો સંચય થાય તેવો યત્ન કરે છે તોપણ સર્વવિરતિવાળા મહાત્માઓ સતત ત્રણ ગુપ્તિમાં રહીને મોહનાશ માટે ઉદ્યમ કરનારા છે તેવો વિશેષ આશય દેશવિરતિવાળાને નથી માટે દેશવિરતિવાળા મહાત્માને જે પાપઅકરણનિયમનો અભ્યાસ વર્તે છે તેના કરતાં સર્વવિરતિવાળા મહાત્માને પાપઅકરણનિયમનો અભ્યાસ પ્રધાનતર વર્તે છે; કેમ કે ક્ષપકશ્રેણીને અનુકૂળ પાપઅકરણનિયમને આસન્ન એવો પાપઅકરણનિયમ સર્વવિરતિવાળા મહાત્માને છે જ્યારે દેશવિરતિવાળા મહાત્માનો પાપઅકરણનિયમ ક્ષપકશ્રેણીના પાપઅકરણનિયમથી દૂરતર ભૂમિકાનો છે.

આથી જ=દેશવિરતિધર કરતાં સર્વવિરતિધર મહાત્માનો પાપઅકરણનિયમનો પરિણામ વિશેષ પ્રકારનો છે આથી જ, ક્ષપકશ્રેણીમાં તે પાપઅકરણનિયમ સર્વવિરતિધર મહાત્માના પાપઅકરણનિયમ કરતાં પણ વિશેષ છે. તેથી ક્ષપકશ્રેણીવાળા મહાત્મા સર્વ પાપોનો તે રીતે ઉચ્છેદ કરે છે જેથી ફરી ક્યારેય તે પાપો પ્રગટ થતા નથી.

આનાથી એ ફલિત થાય કે સિદ્ધ અવસ્થાના પ્રતિસંધાનપૂર્વક તેના કારણભાવને પામે તે પ્રકારે જે પાપની વિરતિ કરવામાં આવે અને તે પાપની વિરતિની આચરણાથી ચિત્ત જેટલું કષાયોના સંશ્લેષ વગરનું થાય તે ભૂમિકાના પાલનરૂપ પાપઅકરણનિયમ તેને પ્રાપ્ત થાય છે. વળી પ્રગટ થયેલા ક્ષયોપશમભાવનો પાપઅકરણનિયમ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ક્ષાયિકભાવને પ્રાપ્ત કરે છે છતાં પ્રમાદને વશ પાત પણ પામે છે અને ક્ષપકશ્રેણીમાં પ્રગટ થયેલ પાપઅકરણનિયમ કર્મના ક્ષયથી થયેલ હોવાથી ક્યારેય પાત પામતો નથી પરંતુ જીવના સ્વભાવભૂત બને છે. **॥૭૩૧॥**

**ગાથા :-**

**एत्तो उ वीयरागो ण किंचिवि करेइ गरहणिज्जं तु ।**
**ता तत्तग्गइखवणाइकप्प मो एस विण्णेओ ।।७३२।।**

**અન્વયાર્થ :-**

**एत्तो उ=આથી જ=સર્વથા પાપશક્તિનો ક્ષય કરે તેવા ક્ષપકશ્રેણીના સેવનથી પ્રાપ્ત થયેલા પાપઅકરણનિયમવાળા હોવાથી, वीयरागो=વીતરાગ પરમાત્મા, किंचिवि गरहणिज्जं ण तु करेइ=કોઈપણ ગર્હણીય કૃત્ય કરતા જ નથી. ता=તે કારણથી, तत्तग्गइक्खवणाइकप्प=તદ્‌ગતિના ક્ષપણાદિ વિકલ્પવાળો, मो एस=આ=પાપઅકરણનિયમ, विण्णेओ=જાણવો. ।।૭૩૨।।**

**ગાથાર્થ :-**

**આથી જ=સર્વથા પાપશક્તિનો ક્ષય કરે તેવા ક્ષપકશ્રેણીના સેવનથી પ્રાપ્ત થયેલા પાપઅકરણનિયમવાળા હોવાથી, વીતરાગ પરમાત્મા કોઈપણ ગર્હણીય કૃત્ય કરતા જ નથી. તે કારણથી તદ્‌ગતિના ક્ષપણાદિ વિકલ્પવાળો આ=પાપઅકરણનિયમ, જાણવો. ।।૭૩૨।।**

**ટીકા :-**

**इतस्त्वित एव अकरणनियमात् प्रकृतरूपात्, वीतरागः क्षीणमोहादिगुणस्थानकवर्त्ती मुनिर्न नैव किञ्चिदपि करोति जीवहिंसादि गर्हणीयं त्ववद्यरूपं देशोनपूर्वकोटीकालं जीवन्नपि । तत् तस्मात् तत्तद्गतेस्तस्या गतेर्नारकतिर्यग्गतिरूपायाः क्षपणादिविकल्पः, तत्र क्षपणं निर्मूलमुच्छेदः, स चानयोरनिवृत्तिबादरगुणस्थाने त्रयोदशनामप्रकृतिक्षपणकाले सम्पद्यते । आदिशब्दात् पुनरनुदयरूपोऽनुबन्धव्यवच्छेदः । स च निवृत्तप्रकृतिगतद्वयप्रवेशानामद्याप्यप्राप्तक्षपकश्रेणीनां शालिभद्रादीनां वाच्यः । (ग्रन्थ. ११०००) एषोऽकरणनियमो विज्ञेयः । अयमत्र भावः—यथा नरकगत्यादिकर्मक्षयादिभिरनुदययोग्यतानीतं सन्न कदाचिदुदयमासादयति, तथाऽकरणनियमे संजाते न कदाचित् पापे प्रवृत्तिः प्राणिनामुपजायत इति ।।७३२।।**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં કહ્યું કે દેશવિરતિધર કરતાં સર્વવિરતિધર મહાત્માનો પાપઅકરણનિયમ પ્રધાનતર છે અને ક્ષપકશ્રેણીવાળા મહાત્માઓ સર્વ પાપોનો તે રીતે નાશ કરે છે જેથી ફરી ક્યારેય તેઓને પાપ ન થાય. તેથી ફલિત થાય કે ક્ષપકશ્રેણી ઉપર ચઢીને જે મહાત્માઓ વીતરાગ થયા છે તેઓ ગર્હણીય એવું કોઈ પાપ કરતા નથી. જો કે કેવળજ્ઞાન પામ્યા પછી ઘણો કાળ કેવળી અવસ્થામાં વિચરે છે ત્યારે તેમના યોગને પામીને અશક્યપરિહારરૂપે બાહ્ય હિંસા થાય છે તોપણ તે બાહ્ય હિંસાના કારણીભૂત તેવી કોઈપણ કષાયની પરિણતિ તેઓમાં નહીં હોવાથી તેઓના યોગને પામીને જે હિંસા થાય છે તે અશક્યપરિહારરૂપ છે પરંતુ હિંસા પ્રત્યેની ઉપેક્ષારૂપ નથી કે હિંસા કરવાના અધ્યવસાયથી થયેલ નથી તેથી હિંસા કરવાનો અધ્યવસાય કે પોતાનાં કાર્યોથી થતી હિંસા પ્રત્યે ઉપેક્ષાનો પરિણામ જ ગર્હણીય છે જે કર્મબંધનું કારણ છે અને તેવું ગર્હણીય કર્મ વીતરાગ કાંઈ કરતા નથી.

આનાથી શું ફલિત થાય તે ગાથાના ઉત્તરાર્ધથી કહે છે. તે તે ગતિની ક્ષપણાના વિકલ્પવાળો આ પાપ-અકરણનિયમ છે અર્થાત્ જે જે જીવો જે જે અંશથી કષાયની અલ્પતા કરીને પોતાના આત્મા પ્રત્યે અને પરના આત્મા પ્રત્યે દયાળુ સ્વભાવવાળા થાય છે તે તે અંશથી તેઓમાં ફરી તેવો સંક્લેશ કરવાની યોગ્યતા નાશ પામે તેવો પાપઅકરણનિયમ જો પ્રગટ થાય તો તે જીવો તે તે ગતિની ક્ષપણાના વિકલ્પવાળો પાપ-અકરણનિયમ પ્રાપ્ત કરે છે. જેમ વીતરાગ સર્વ પ્રકારે ગર્હણીય પાપ નહીં કરવાના પરિણામવાળા છે તેમ જે જીવોએ તે પ્રકારનો ઉપશમભાવ પ્રાપ્ત કર્યો છે જેથી નરકપ્રાયોગ્ય અને તિર્યંચપ્રાયોગ્ય કર્મ ક્યારેય બાંધી શકે નહીં તેવા પાપઅકરણનિયમની પ્રાપ્તિ થઈ શકે છે. તેથી એ ફલિત થાય કે દેશવિરતિધર શ્રાવક અને સર્વવિરતિધર સાધુ સર્વથા ફરી તેવું પાપ ન કરે તેવા પાપઅકરણનિયમને પામેલા નથી પરંતુ જેઓ ક્ષપકશ્રેણીને પામીને વીતરાગ થયા છે તેઓ ફરી તેવા પાપને ન કરે તેવા પાપઅકરણનિયમને પામેલા છે. વળી, કેટલાક મહાત્મા સર્વ પ્રકારનાં ગર્હણીય પાપ ન કરે તેવા પાપઅકરણનિયમને પામેલા નથી તોપણ નરકતિર્યંચપ્રાયોગ્ય પાપઅકરણનિયમને પામેલા છે. જેમ શાલિભદ્રનો આત્મા સાધુપણું પાળીને સર્વાર્થસિદ્ધમાં ગયો છે તેથી સર્વથા કષાય વગરના નથી તોપણ નરકપ્રાયોગ્ય કે તિર્યંચપ્રાયોગ્ય ક્લેશ કરે તેવો કષાયનો પરિણામ તેઓને પ્રાપ્ત થશે નહીં તેથી તેવા ક્લેશના નિવર્તનરૂપ પાપઅકરણનિયમ પણ કેટલાક જીવોને પ્રાપ્ત થાય છે. **॥૭૩૨॥**

**અવતરણિકા :-**

**ગાથા-૭૩૧માં કહ્યું કે સાધુને પાપઅકરણનિયમ પ્રધાનતર વિશેષથી હોય છે આથી જ ક્ષપકશ્રેણીમાં સર્વત્ર પાપઅકરણનિયમ વિશેષથી હોય છે. કેમ શ્રેણીમાં સર્વત્ર પાપઅકરણનિયમ વિશેષથી હોય છે તેમાં દૃષ્ટાંત બતાવતાં ગાથા-૭૩૨માં કહ્યું કે વીતરાગને કોઈ ગર્હણીય કાર્ય નથી તે દૃષ્ટાંતથી નક્કી થાય છે કે ક્ષપકશ્રેણીમાં ગર્હણીય કાર્ય કરવાના કારણભૂત કષાયોનો અપુનર્ભાવથી ઉચ્છેદ થાય છે માટે વિશેષ પ્રકારનો પાપઅકરણનિયમ ક્ષપકશ્રેણીમાં વર્તે છે. હવે દૃષ્ટાંતાન્તરને બતાવવા અર્થે ગાથામાં 'તથા'થી કહે છે –**

ગાથા :-

तह भावसंजयाणं सुव्वइ इह सुहपरंपरासिद्धी ।
सावि हु जुज्जइ एवं ण अण्णहा चिंतणीयमिणं ।।७३३।।

**અન્વયાર્થ :-**

तह=અને, भावसंजयाणं=ભાવસંયતોને, इह=અહીં=જિનપ્રવચનમાં, सुहपरंपरासिद्धी सुव्वइ=સુખની પરંપરાની સિદ્ધિ સંભળાય છે, सावि=તે પણ=સાધુને સુખની પરંપરાની સિદ્ધિ છે તે પણ, हु=જે કારણથી, एवं=આ રીતે=પાપઅકરણનિયમ લક્ષણરૂપ પ્રકારથી, जुज्जइ=ઘટે છે, ण अण्णहा=અન્યથા નથી (ઘટતી), चिंतणीयमिणं=(તે કારણથી) આ ચિંતનીય છે. ।।૭૩૩।।

**ગાથાર્થ :-**

**અને ભાવસંયતોને અહીં=જિનપ્રવચનમાં, સુખની પરંપરાની સિદ્ધિ સંભળાય છે તે પણ=સાધુને સુખની પરંપરાની સિદ્ધિ છે તે પણ, જે કારણથી આ રીતે=પાપઅકરણનિયમ લક્ષણરૂપ પ્રકારથી, ઘટે છે અન્યથા નથી ઘટતી તે કારણથી આ ચિંતનીય છે. ।।૭૩૩।।**

**ટીકા :-**

**तथेति दृष्टान्तान्तरसमुच्चये । भावसंयतानां निर्व्याजयतीनां श्रूयते समाकर्ण्यते इह जिनप्रवचने सुखपरंपरासिद्धिः-प्रतिभवं विशिष्टसुखलाभात् पर्यन्ते निर्वृतिरिति । सापि सुखपरंपरासिद्धिर्न केवलं तत्तद्गत्यादिक्षपणम्, हुर्यस्माद्, युज्यते एवं पापाकरणनियमलक्षणात् प्रकारात्; न नैवान्यथा एतत्प्रकारविरहेण । चिन्तनीयं विमर्शनीयमिदमस्मदीयमुक्तम् ।।७३३।।**

**ભાવાર્થ :-**

શાસ્ત્રમાં ભાવસાધુઓને સુખની પરંપરાની વૃદ્ધિ સંભળાય છે. તેનાથી એ ફલિત થાય કે જીવના સુખના વ્યાઘાતક પરિણામો કષાયની આકુળતા અને ઇન્દ્રિયોની તૃષા છે અને મહાત્માઓ જેમ જેમ ભગવાનના વચનથી ભાવિત થાય છે તેમ તેમ ઇન્દ્રિયોની ઉત્સુકતા ઘટે છે અને કષાયની આકુળતા ક્ષીણ-ક્ષીણતર થાય છે. તેથી નક્કી થાય છે કે શ્રેણીમાં પાપઅકરણનિયમ સર્વ પ્રકારે છે; કેમ કે સાધુને જે સુખની વૃદ્ધિ થઈ રહી છે તે પણ પાપઅકરણનિયમના બળથી થાય છે. જગતમાં જે બાહ્ય પાપની પ્રવૃત્તિઓ થાય છે તે સર્વનું બીજ અંતરંગ તથાપ્રકારની કષાયની પરિણતિ અને ઇન્દ્રિયોની ઉત્સુકતા જ કારણ છે અને જેઓ ભગવાનના વચનથી ભાવિત થાય છે તેઓમાં ઇન્દ્રિયોની ઉત્સુકતા સર્વથા નાશ પામી નથી તોપણ તત્કાળ ઇન્દ્રિયોની ઉત્સુકતાના શમનને અનુકૂળ વ્યાપાર હોવાથી કાંઈક કાંઈક શમન થાય છે અને કષાયો પણ સર્વથા નાશ પામ્યા નથી તોપણ સુસાધુનો કષાયના શમનને અનુકૂળ વ્યાપાર હોવાથી કાંઈક કાંઈક કષાય શમન થાય છે તેટલા તેટલા અંશે સુસાધુમાં પાપઅકરણનિયમ પ્રગટ થાય છે જેનાથી સુખની વૃદ્ધિ થાય છે.

વળી, જે સાધુઓને સાધ્વાચારની ક્રિયાથી પાપઅકરણનિયમનો પરિણામ પ્રગટ થતો નથી તેઓ ક્વચિદ્ બાહ્યથી સાક્ષાત્ પાપની પ્રવૃત્તિ કરતા નથી તોપણ, સુખની પરંપરાની સિદ્ધિ થતી નથી આથી જ ચરમાવર્ત બહારના જીવો સાધુપણું પામીને યાવત્ નવમા ગ્રૈવેયક સુધી જાય છે ત્યારે બાહ્ય આચરણાથી પાપઅકરણનિયમનું પાલન કરે છે અર્થાત્ મનોવ્યાપાર, વચનવ્યાપાર અને કાયવ્યાપારથી પાપઅકરણનિયમનું પાલન કરે છે, તોપણ અનુકૂળ વિષયોમાં સુખ છે કષાયોના શમનમાં સુખ નથી તેવી સ્થિર બુદ્ધિ હોવાના કારણે તેઓના સંયમયોગના વ્યાપારો ઇન્દ્રિયોની તૃષાને અને કષાયોના કાલુષ્યનું શમન કરવાને અનુકૂળ વ્યાપારવાળા નહીં હોવાથી સુખની પરંપરાની સિદ્ધિ થતી નથી એ પદાર્થ સૂક્ષ્મ બુદ્ધિથી ભાવન કરવો જોઈએ. **॥૭૩૩॥**

**અવતરણિકા :-**

**एतदेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ ભાવન કરે છે=પાપઅકરણનિયમની નિષ્પત્તિથી સુખની પરંપરા થાય છે એને જ ભાવન કરે છે –**

**ગાથા :-**

**सइ गरहणिज्जवावारबीयभूयम्मि हंदि कम्मम्मि ।**
**खविए पुणो य तस्साकरणम्मी सुहपरंपरओ ।।७३४।।**

**અન્વયાર્થ :-**

**सइ=સદા, गरहणिज्जवावारबीयभूयम्मि हंदि कम्मम्मि खविए=ગર્હણીય વ્યાપારના બીજભૂત એવા કર્મનો ક્ષય થતે છતે, पुणो य=ફરી પણ, तस्साकरणम्मी=તેના અકરણમાં, सुहपरंपरओ=સુખની પરંપરા પ્રાપ્ત થાય છે. ।।૭૩૪।।**

**ગાથાર્થ :-**

**સદા ગર્હણીય વ્યાપારના બીજભૂત એવા કર્મનો ક્ષય થતે છતે ફરી પણ તેના અકરણમાં સુખની પરંપરા પ્રાપ્ત થાય છે. ।।૭૩૪।।**

**ટીકા :-**

**सदा सर्वकालं गर्हणीयव्यापारबीजभूते शीलभंगादिकुत्सितचेष्टाविषवृक्षप्ररोहहेतौ, हंदीति पूर्ववत्, कर्मणि मिथ्यात्वमोहादौ क्षपिते, पुनश्च=पुनरपि तस्याकरणे स्वप्नावस्थायामप्यविधाने सुखपरंपरक उक्तरूपः सम्पद्यते ।।७३४।।**

**ભાવાર્થ :-**

જે સાધુઓ આત્માની અનાકુળ અવસ્થાને તત્ત્વરૂપે જોનારા છે અને તેવી અનાકુળ અવસ્થાને પ્રગટ કરવાના એક લક્ષ્યથી તેના ઉપાયભૂત જિનવચનનું તે રીતે જ અવલંબન લે છે જેથી તે વચનાનુસાર તે ક્રિયા કરીને તેઓ તે ક્રિયાના બળથી ગર્હણીય પાપના નિષ્પાદક ઔત્સુકતા અને કષાયના કાલુષ્યને ક્ષીણ-ક્ષીણતર કરે છે અને જેમ જેમ તે તે કષાયની ઉદ્ભવશક્તિ જે જે અંશથી ક્ષીણ થાય છે તે તે અંશથી તે પાપઅકરણનો પરિણામ આત્મામાં સ્થિર થાય છે. વળી પાપનો પરિણામ મોહની આકુળતા સ્વરૂપ છે અને જેમ જેમ મોહની આકુળતા તત્ત્વના ભાવનને કારણે ક્ષીણ થાય છે તેમ તેમ સુખની પરંપરા થાય છે તેથી ભાવસાધુને પાપઅકરણનિયમના બળથી સુખની પરંપરા થાય છે માટે કલ્યાણના અર્થીએ સર્વ પ્રકારે અપ્રમાદ કરીને મોહથી અનાકુળ આત્માનું પારમાર્થિક સ્વરૂપ પ્રગટ થાય તે રીતે સ્વભૂમિકા અનુસાર ઉચિત અનુષ્ઠાન કરવું જોઈએ જેથી પારમાર્થિક ભાવને સ્પર્શનારા મતિજ્ઞાનના ઉપયોગના બળથી નિરાકુળ ભાવના સંસ્કારો આધાન થાય અને આકુળતાઆપાદક મોહના સંસ્કારો ક્ષીણ-ક્ષીણતર થાય. તેથી વર્તમાનમાં સુખની પરંપરાની વૃદ્ધિ થાય અને અંતે પૂર્ણ સુખરૂપ મોક્ષઅવસ્થાની પ્રાપ્તિ થાય. **॥૭૩૪॥**

**ગાથા :-**

**आहरणा पुण एत्थं बहवे उसभाइया पसिद्धत्ति ।**
**कालोवओगओ पुण एत्तो एक्को पवक्खामि ।।७३५।।**

**અન્વયાર્થ :-**

**एत्थं=અહીં=પાપઅકરણનિયમથી સુખની પરંપરાની પ્રાપ્તિમાં, पुण बहवे उसभाइया आहरणा पसिद्धत्ति= વળી ઘણાં ઋષભાદિ દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે. कालोवओगओ=કાળઉપયોગથી=દુઃષમા કાળને સામે રાખીને, पुण एत्तो=વળી આનાથી (પછી), एक्को पवक्खामि=એક (દૃષ્ટાંતને) હું કહીશ. ।।૭૩૫।।**

**ગાથાર્થ :-**

**અહીં=પાપઅકરણનિયમથી સુખની પરંપરાની પ્રાપ્તિમાં, વળીઘણાં ઋષભાદિ દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે. કાળઉપયોગથી=દુઃષમા કાળને સામે રાખીને, વળી આનાથી પછી એક દૃષ્ટાંતને હું કહીશ. ।।૭૩૫।।**

**ટીકા :-**

**आहरणानि ज्ञातानि पुनरत्र प्रकृतेऽर्थे बहवो भूयांस ऋषभादिका ऋषभभरतादयः प्रसिद्धाः सर्वशास्त्रेषु विख्याताः, इति नात्र तद्वक्तव्यताप्रपंचनमाद्रियते । कालोपयोगतः प्रवर्त्तमानदुष्षमालक्षणः कालोपयोगमाश्रित्य पुनरित ऊर्ध्वमेकमाहरणं प्रवक्ष्यामि ।।७३५।।**

**ભાવાર્થ :-**

સાધુ સંયમના પરિણામ દ્વારા સુખની પરંપરાની વૃદ્ધિ કરે છે અને તે સુખપરંપરાની વૃદ્ધિ અંતરંગ પાપ-

અકરણનિયમના પરિણામથી થાય છે તેમાં ઘણાં દૃષ્ટાંતો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. જેમ ઋષભદેવ ભગવાને સંયમ ગ્રહણ કર્યા પછી સતત પ્રાયઃ નિર્વિકલ્પ ઉપયોગમાં રહીને કષાયોના ક્ષય માટે ઉદ્યમ કર્યો તેથી જેમ જેમ તેમના કષાયો ક્ષીણ-ક્ષીણતર થયા તેમ તેમ તેઓને સુખની પરંપરાની વૃદ્ધિ થઈ. તે રીતે ભરત મહારાજા પણ અરીસાભવનમાં બેઠા હતા ત્યારે તત્ત્વના સમ્યગ્ આલોચનના વ્યાપારવાળા બન્યા જેનાથી ઉપર ઉપરના ગુણસ્થાનકના પ્રતિબંધક કષાયો ક્ષીણ-ક્ષીણતર થયા અને ભરત મહારાજા પ્રત્યેકબુદ્ધ બનીને અંતે કેવળજ્ઞાન પામ્યા તેથી ભરત મહારાજાનો જ્યારે તત્ત્વને સ્પર્શીને ઉપયોગ પ્રવર્તતો હતો ત્યારે કષાયોની હાનિને કારણે સુખની પરંપરાની પ્રાપ્તિ હતી. તેથી ગ્રંથકારશ્રી કહે છે કે ભાવસાધુને સુખની પરંપરાની પ્રાપ્તિ થાય છે તેમાં વર્તમાનમાં તીર્થંકરો, ઋષિઓ, મહર્ષિઓ વગેરે પ્રસિદ્ધ જ છે તોપણ વર્તમાનનો દુઃષમાકાળ છે તે કાળમાં પણ જેઓ પાપઅકરણનિયમમાં સમ્યગ્ યત્ન કરનારા છે તેઓને પણ સુખની પરંપરાની વૃદ્ધિ થાય છે તેનું એક દૃષ્ટાંત હું કહીશ એ પ્રકારની પ્રતિજ્ઞા કરે છે જેથી વર્તમાન કાળમાં પણ તેવા વિષમ સંઘયણમાં યોગ્ય જીવોને બોધ થાય કે જિનવચનાનુસાર ઉચિત યત્ન કરવામાં આવે તો આત્મામાં પાપઅકરણનિયમ પ્રગટે છે જેનાથી સુખની પરંપરાની વૃદ્ધિ થાય છે અને તે સુખની પરંપરાની વૃદ્ધિ મોક્ષસુખમાં વિશ્રાંત થાય છે. **॥૭૩૫॥**

**અવતરણિકા :-**

**एतदेव प्रस्तावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ પ્રસ્તાવન કરે છે=ગાથા-૭૩૫માં કહ્યું કે કાળના ઉપયોગથી વળી એક ઉદાહરણ કહીશ એને જ પ્રસ્તાવન કરે છે –**

**ગાથા :-**

**एयम्मिवि कालम्मी सिद्धिफलं भावसंजयाणं तु ।**
**तारिसयंपि हु णियमा बज्झाणुट्ठाण मो णेयं ।।७३६।।**

**અન્વયાર્થ :-**

**एयम्मिवि कालम्मी=આ પણ કાળમાં=અસમાધિને કરનાર એવા દુઃષમા પણ કાળમાં, भावसंजयाणं तु=ભાવસંયતોનું જ, तारिसयंपि=તેવા પ્રકારનું પણ, बज्झाणुट्ठाण=બાહ્ય અનુષ્ઠાન, णियमा हु=નિયમથી જ, सिद्धिफलं मो णेयं=સિદ્ધિફળવાળું જાણવું. ।।૭૩૬।।**

**ગાથાર્થ :-**

**આ પણ કાળમાં=અસમાધિને કરનાર એવા દુઃષમા પણ કાળમાં, ભાવસંયતોનું જ તેવા પ્રકારનું પણ બાહ્ય અનુષ્ઠાન નિયમથી જ સિદ્ધિફળવાળું જાણવું. ।।૭૩૬।।**

**ટીકા :-**

**एतस्मिन्नपि काले प्रायः कलहडमरकराऽसमाधिकारकैः स्वपक्षगतैः परपक्षगतैश्च जनैः सर्वतः संकीर्णे दुष्षमालक्षणे सिद्धिफलं बाह्यानुष्ठानं ज्ञेयमित्युतरेण योगः । केषामित्याह—भावसंयतानां तु आजीविकादिदोषपरिहारेण प्रारब्धसद्भूतव्रतानामेव साधूनाम् । तादृशकमपि संहननाद्यभावेन कालानुरूपमपि । हुरवधारणे भिन्नक्रमश्च । ततो नियमादेव बाह्यानुष्ठानम्, आलयविहारादिकम्, इच्छामिच्छाकारादिकं च ज्ञेयम् । तथाहि यादृशीमीश्वरस्तथाविधदेवतापूजनादिकाले कोटिव्ययेनाशयशुद्धिमासादयति, तादृशीं दरिद्रः काकिणीमपि व्ययमान इति लौकिकदृष्टान्तसामर्थ्याद् इहाशठप्रकृतयो वर्त्तमानानुरूपं धर्मचरणमनुतिष्ठन्तः साम्प्रतमुनयस्तीर्थकरकालभाविसाधुसाधव इव मोक्षफलचारित्रभाजो जायन्त इति ।।७३६।।**

**ભાવાર્થ :-**

જેઓ સંસારના વાસ્તવિક સ્વરૂપને જાણ્યા પછી બાહ્ય સર્વ પ્રતિબંધોને ટાળીને આત્માના નિરાકુળ ભાવમાં સ્થિર થવા યત્નવાળા છે તેઓનો ઉપયોગ નિર્ગ્રંથ ભાવ પ્રત્યે પ્રસ્થિત છે અર્થાત્ આત્માના ગુણોથી અતિરિક્ત ક્યાંય સંશ્લેષ ન પામે તેવા નિર્ગ્રંથ ભાવ પ્રત્યે પ્રસ્થિત છે તેથી ભાવસાધુ છે છતાં આ કાળને અનુરૂપ સંઘયણ નબળું હોવાથી સંયમનાં સર્વ અનુષ્ઠાનો સુવિશુદ્ધ પાળી શકે તેવું શરીરબળ નથી અને તેવું ધૃતિબળ પણ નથી તેથી અનેક સ્ખલનાઓથી યુક્ત અનુષ્ઠાન હોવાથી નિર્ગ્રંથ ભાવ પ્રત્યેના પ્રસ્થાનમાં પણ કાંઈક કાંઈક સ્ખલનાની પ્રાપ્તિ થાય છે તોપણ નિર્ગ્રંથ ભાવ પ્રત્યે જ જેમને રાગ છે તેઓનું કાળને અનુરૂપ તેવા પ્રકારનું પણ બાહ્ય અનુષ્ઠાન કષાયોને ક્ષીણ કરીને ઉત્તર-ઉત્તરના નિર્ગ્રંથ ભાવની પ્રાપ્તિ દ્વારા મોક્ષફળની પ્રાપ્તિ કરાવનાર છે, માટે દુઃષમાકાળમાં સંયમની આરાધના દુષ્કર હોવા છતાં અંતરંગ સત્ત્વશાળી જીવો માટે સુખની પરંપરાની વૃદ્ધિ અસંભવિત નથી અને પાપઅકરણનિયમની પ્રાપ્તિ પણ અસંભવિત નથી. ફક્ત ભરતાદિ મહાત્માએ જે રીતે પાપઅકરણનિયમના પ્રકર્ષને પ્રાપ્ત કર્યો તે રીતે વર્તમાનના વિષમ કાળમાં પાપઅકરણનિયમની વૃદ્ધિની પ્રાપ્તિ કે સુખની પરંપરાની વૃદ્ધિની પ્રાપ્તિ નથી છતાં સ્વભૂમિકા અનુસાર સુખની વૃદ્ધિ અને પાપના અકરણનિયમની પ્રાપ્તિ અંતરંગ ઉદ્યમના બળથી થઈ શકે છે. **॥૭૩૬॥**

**અવતરણિકા :-**

**अथैतद्वक्तव्यतायां 'संखो' इत्यादिगाथासमूहमाह —**

**અવતરણિકાર્થ :-**

**હવે આની જ વક્તવ્યતામાં=વિષમ કાળમાં મોક્ષનું કારણ ચારિત્ર છે એ જ વક્તવ્યતામાં, 'સંખો' ઈત્યાદિ ગાથાના સમૂહને કહે છે –**

ગાથા :-

संखो कलावई तह आहरणं एत्थ मिहुणयं णेयं ।
चरमद्धायऽवितहचरणजोगओ सति सुहं सिट्ठं ।।७३७।।
संखो नामेण निवो कलावती तस्स भारिया इट्ठा ।
तीए भातिणियंगयपेसणमच्चंगमिति रन्नो ।।७३८।।
गुव्विणिविसज्जगाणं हत्थे देवंगमा इयाणं च ।
पढमं च देविदंसण साहण तह तस्स एएत्ति ।।७३९।।
तन्नेहा सयगहणं एए अहमेव तस्स अप्पिसं ।
परिहणतोसा सहिसंनिहाण तह भासणं चित्तं ।।७४०।।
एएहिं दिट्ठेहिं सो च्चिय दिट्ठोत्ति परिहिएहिं तु ।
सो च्चिय ओसत्तो सहि! एमादि अतीवनेहजुयं ।।७४१।।
वीसत्थ भासियाणं सवणत्थं आगएण रन्ना ओ ।
सयमेव सुयं एयं कोवो अवियारणा चेव ।।७४२।।
एत्थ य इमं निमित्तं अन्नमिणं मग्गियंपि नो दिन्नं ।
अन्नेण नियपियाणेहओत्ति गयसेट्ठिपुत्तेण ।।७४३।।
पट्ठवणमागयाणं चंडालीणं च दाणमाणाए ।
रन्नम्मि वाहुछेयं कुणहत्ति इमीए पावाए ।।७४४।।
करणं वाहाणयणं तह दुक्खा पसवणं णईतीरे ।
डिंभपलोट्टण णइपइमुहधरणं कहवि किच्छेण ।।७४५।।
देवयकंदण सच्चाहिठाण तह बाहुभावओ चरणं ।
तावसकुमारदंसण गुरुकहण तवोवणाणयणं ।।७४६।।
रण्णो अंगयदरिसण णामे संका य सेट्ठिपुच्छणया ।
चिट्ठंति दंसणे णाण सोगमरणत्थणिग्गमणं ।।७४७।।

बहि चेईहर अभि अमियतेय सुनिमित्त जोगओ धरणं ।
कहणा ण इमोवाओ एयम्मी पत्थुए णायं ।।७४८।।
गंगातीरे सोत्तिय चंडालाइरच्छाइजरचीरे ।
धण्णे विच्छित्तगुद्धयपरंपराए महादोसो ।।७४९।।
तस्स परिवज्जणत्थं णिज्जामगपुच्छ उच्छुदीवम्मि ।
कहिए णेयावणमच्छणाय तह उच्छुवित्तीए ।।७५०।।
कालेण भिण्णवाहण वाणियगमणमुच्छुरस सण्णा ।
पिंडागारा बहुसो जायाणेगेसु ठाणेसु ।।७५१।।
इक्खाहारा सोत्तियमुहदुक्खणयम्मि सन्नपासणया ।
इक्खुफलत्ति य भक्खण गवेसणा चेव जत्तेण ।।७५२।।
एवं नियसन्नायवि भक्खण कालेण दंसणं तस्स ।
पुच्छण साहण पीती ततो य आहार बोल्लंति ।।७५३।।
भक्खामि णिच्चमुच्छुं किं ण लभसि तप्फले ण होंतित्ति ।
दंसेमि अहं भद्दत्ति दंसणे हंत सण्णेसा ।।७५४।।
कस्स ममं चिय किं णो अच्छा कालेण कढिणभावाओ ।
सच्चं ण अण्णहेयं विण्णासणओ तहा णाणं ।।७५५।।
पच्छायावो बोहणमेसा लोगट्ठिई ण तत्तमिणं ।
आणायारो सेयं तत्तो सुद्धी उ जीवस्स ।।७५६।।
णियदेसागम कहणं पायच्छित्तकरणं च जत्तेण ।
सवणं च तत्तनाणं आसेवणमुचियजोगस्स ।।७५७।।
ता जह सो असुइभया मोहाओ असुइभक्खणं पत्तो ।
तह दुक्खभया तंपि हु मा दुक्खोहं समादियसु ।।७५८।।
सत्थभणिएण विहिणा कुणसु तुमं एत्थ दुक्खपडियारं ।
अप्पवहो पुण सावग! पडिसिद्धो सव्वसत्थेसु ।।७५९।।

अप्पपरोभयभेया तिविहो खलु वण्णिओ वहो समए ।
जं तेणाकालम्मी इओवि दोसोत्ति एसाणा ।।७६०।।
दोसा उ य णराणं विण्णेयं सव्वमेव वसणंति ।
जं पावफलं दुक्खं ता अलमेएण पावेण ।।७६१।।
अण्णं च निमित्ताओ मुणेमि णेगंतियं तुहं वसणं ।
अवि अब्भुदयफलमिणं ता चिट्ठह जाव अज्जंति ।।७६२।।
एवंति अब्भुवगयं ठिओ य णयराओ बाहिरे राया ।
धम्मकहसवण तोसो सूवणं तत्थेव विहिपुव्वं ।।७६३।।
सुमिणो य चरमजामे कप्पलया फलवई तहा छिण्णा ।
लग्गा विसिट्ठ फलया रूवेणऽहिगा य जायत्ति ।।७६४।।
मंगलपाहाउयसद्द बोहणं सहरिसो तओ राया ।
विहिपुव्वं गुरुमूलं गओ तहा साहियमिणं तु ।।७६५।।
गुरुणो जहत्थ वीणण रण्णो तोसो गवेसणुवलद्धी ।
सव्वस्स जहा वत्तस्स हरिसलज्जाउ तो रण्णो ।।७६६।।
मिलणं गुरुबहुमाणो धम्मकहा बोहि सावगत्तं च ।
बंभवय जावजीवं उभयाणुगयं दुवेण्हंपि ।।७६७।।
अहियं च धम्मचरणं चेईहरकारणं तहा विहिणा ।
पुत्तविवद्धण ठावण णिक्खमणं दाण विहिपुव्वं ।।७६८।।
चरमद्धादोसाओ संघयणाइविरहेवि भावेण ।
संपुण्णधम्मपालणमणुदियहं चेव जयणाए ।।७६९।।

**અન્વયાર્થ :-**

एत्थ=અહીં=વિષમ કાળમાં ચારિત્ર મોક્ષફળવાળું છે એ કથનમાં, संखो कलावई तह मिहुणयं=શંખ અને કલાવતીનું મિથુન, आहरणं णेयं=દૃષ્ટાંત જાણવું. चरमद्धाय=ચરમ અદ્ધામાં=જીવનના અંતિમ કાળમાં, अवितहचरणजोगओ=અવિતથચારિત્રના યોગથી=આત્મવંચના કર્યા વગર શક્તિ અનુસાર

**અપ્રમાદ ભાવના સેવનથી અવિતથચારિત્રના યોગથી, सति सुहं सिट्ठं=સદા સુખ કહેવાયું છે=ક્લેશનાશ-જન્ય સુખ કહેવાયું છે.**

**संखो नामेण निवो=શંખ નામનો રાજા હતો. कलावती तस्स भारिया इट्ठा=કલાવતી નામની તેની ઈષ્ટ એવી ભાર્યા હતી. तीए भातित=તેણીના ભાઈએ, णियंगयपेसणमच्चंगमिति रन्नो=પોતાનું અંગદ અર્થાત્ પોતાના નામવાળું કડું, અત્યંત સુંદર છે તેથી રાજાને મોકલ્યું.**

**गुव्विणिविसज्जगाणं हत्थे च=અને ગુર્વિણી એવી કલાવતીને વિસર્જક એવા સેવકોના હાથે, देवंगमाइयाणं=દેવદુષ્ય આદિ મોકલાવ્યાં=કલાવતીના પિતાએ મોકલાવ્યાં. पढमं च देविदंसण=અને પ્રથમ દેવીનું દર્શન=રાજાને મળવાને બદલે પ્રથમ કલાવતીનું દર્શન, साहण तह तस्स एएत्ति=તેણીને કહ્યું કે 'આ કારણે અમે આવ્યા છીએ.'**

**तन्नेहा=તેના સ્નેહથી=ભાઈ આદિના સ્નેહથી, सयगहणं=સ્વયં ગ્રહણ કર્યું. (કલાવતીએ કહ્યું –) एए अहमेव तस्स अप्पिसं='હું જ તેને આ આપીશ'='હું જાતે જ આ વસ્તુઓ રાજાને આપીશ.' परिहणतोसा=પરિગ્રહણ અને તોષથી=ભાઈ આદિ દ્વારા મોકલવામાં આવેલ ભેટણાનું ગ્રહણ કર્યું અને હર્ષ થવાથી, सहिसंनिहाण=સખીના સંનિધાનમાં, तह भासणं चित्तं=તે પ્રકારનું ચિત્રભાષણ=ભાઈ આદિ પ્રત્યેના સ્નેહથી તેણે સખીને કહ્યું કે 'આ મોકલનાર પુરુષ મને અતિશય પ્રિય છે.'**

**(કલાવતીએ સખીને કહ્યું –) सहि='હે સખી !', एएहिं दिट्ठेहिं='આને જોવાથી=આ ભેટણાને જોવાથી, सो च्चिय दिट्ठोसि=તે જ મારા વડે જોવાયો છે=ભાઈ પણ સાક્ષાત્ જોવાયો છે. परिहिएहिं तु=વળી આના પરિધાન વડે, सो च्चिय ओसत्तो=તે જ અવસક્ત છે=મારા ભાઈ જયસેનકુમારનો મારી સાથે સંબંધ છે.' एमादि अतीवनेहजुयं=એ વગેરે અતિ સ્નેહયુક્ત વચનો (કલાવતી બોલે છે.)**

**वीसत्थ भासियाणं सवणत्थं आगएण रन्ना ओ सयमेव सुयं एयं=વિશ્વાસથી ભાષિત એવાં વચનોના શ્રવણ માટે આવેલા રાજા વડે સ્વયં જ આ સંભળાયું. कोवो अवियारणा चेव=કોપ થયો અને અવિચારણા પણ થઈ.**

**(કલાવતી પોતાની સખીને કહે છે –) 'एत्थ य=અને અહીં=મારા સ્નેહમાં, इमं=આ=આ ગજશ્રેષ્ઠનો પુત્ર, निमित्तं=નિમિત્ત છે. अन्नमिणं=અન્ય આ છે.'**

અન્ય આ શું છે ? તે સ્પષ્ટ કરે છે –

**अन्नेण गयसेट्ठिपुत्तेण नियपियाणेहओत्ति मग्गियंपि नो दिन्नं='અન્ય એવા ગજશ્રેષ્ઠીપુત્ર વડે નિજપ્રિયા વડે મંગાયું તે જયસેનકુમારે આપ્યું નથી (અને મને આપ્યું છે તે મારા સ્નેહ પ્રત્યે નિમિત્ત છે' એમ અન્વય છે.)**

કલાવતીનાં વચનો સાંભળીને રાજાને કોપ અને અવિચારણા થઈ તે વખતે કલાવતી પોતાની સખીને શું કહે છે તે ગાથા-૭૪૩માં કહ્યું. હવે રાજાને કોપ થાય છે તેથી રાજા શું કરે છે તે બતાવે છે.

**पट्ठवणं=પ્રસ્થાપન=રાજા દ્વારા કલાવતી જંગલમાં મોકલાવાઈ. आगयाणं चंडालीणं च दाणमाणाए**

रन्नम्मि=અને આવેલી એવી ચંડાલીઓને રાજા વડે દાન આપીને આજ્ઞા અપાઈ. वाहुछेयं कुणहत्ति इमीए पावाए='(અરણ્યમાં) આ પાપીના બાહુનો છેદ કરો.'

करणं वाहाणयणं तह=(ચાંડાલી વડે) બાહુનો છેદ કરાયો અને બાહુનું આનયન. दुक्खा पसवणं णईतीरे=નદીના તીરમાં દુઃખેથી પ્રસવણ=જંગલમાં જ નદીના તીરે દુઃખેથી કલાવતીના બાળકનો જન્મ થયો. डिंभपलोट्टण=બાળકનું પ્રલોટન=જન્મેલું બાળક કોઈક રીતે નદી તરફ સરકવા લાગ્યું. कहवि किच्छेण णइपइमुहधरणं=કોઈક રીતે મુશ્કેલીથી નદીપટથી મુખ વડે ધરણ=હાથ વગરની કલાવતીએ મુશ્કેલીથી મોઢાથી બાળકને નદીના પટ સન્મુખ જતાં અટકાવ્યું.

देवयकंदण=દેવને ક્રંદન=નદી દેવતા પાસે કલાવતીનું આક્રંદ, सच्चाहिठाण=સત્યનું અધિષ્ઠાન હોવાને કારણે, तह बाहुभावओ चरणं=તે પ્રકારે દેવ વડે બાહુભાવનું ચરણ=દેવ વડે બાહુ નિષ્પન્ન કરાયા. तावसकुमारदंसण=તાપસકુમારને દર્શન, गुरुकहण=ગુરુને કથન, तवोवणाणयणं=તપોવનમાં આનયન= કલાવતીને તપોવનમાં લઈ આવ્યા.

रण्णो अंगयदरिसण=રાજા વડે અંગદનું દર્શન, णामे=નામ જોયું=અંગદમાં જયસેનકુમારનું નામ જોયું, संका य=અને શંકા થઈ. सेट्ठिपुच्छणया=શ્રેષ્ઠીને પૃચ્છા='જયસેનકુમાર પાસેથી કોઈ આવ્યું છે ?' એ પ્રમાણે ગજશ્રેષ્ઠીપુત્રને પૃચ્છા, (શ્રેષ્ઠીએ કહ્યું —) चिट्ठंति='મારા ઘરે રહ્યા છે.' दंसणे=દર્શનમાં=તે માણસોને બોલાવ્યા અને તેઓને જોવામાં, णाण=જ્ઞાન=રાજાને જ્ઞાન થયું કે 'મેં અવિચારિત કર્યું છે.' सोगमरणत्थणिग्गमणं=શોકથી મરણ માટે અગ્નિમાં ગમન=શોકમગ્ન રાજાએ અગ્નિમાં પ્રવેશની તૈયારી કરાવી.

बहि चेईहर अभि अमियतेय सुनिमित्त जोगओ=બહાર જિનાલયની સન્મુખ અમિતેજ નામના આચાર્યને સુનિમિત્તના યોગથી, धरणं=ધરણ=દેશના સાંભળવા માટે આચાર્ય પ્રત્યે રાગથી રાજાનું ધરણ, कहणा=કથન=આચાર્યે રાજાને કહ્યું — ण इमोवाओ='પોતાના અકાર્યને કારણે અગ્નિમાં પ્રવેશ કરવો એ ઉપાય નથી.' एयम्मी पत्थुए णायं=આમાં પ્રસ્તુત દૃષ્ટાંત છે.

सोत्तिय=શ્રોત્રિય બ્રાહ્મણ વિચારે છે. चंडालाइरच्छाइजरचीरे=ચંડાલાદિથી સ્પર્શાયેલા પાણીમાં જીર્ણ વસ્ત્રો, गंगातीरे=ગંગાતીરમાં=ગંગાતીરમાં ઘણાં છે (માટે પાણી અશુદ્ધ છે) विच्छित्तगुद्धयपरंपराए=વિચ્છિન્ન ગૃદ્ધની પરંપરાથી=બધા દ્વારા નખાયેલ અશુચિની પરંપરાથી, धण्णे महादोसो=ધાન્યમાં મહાદોષ છે=લોકોની અશુચિનું ખાતર નાખીને તેનાથી ધાન્ય ઊગે છે. માટે તે ધાન્યના ભક્ષણમાં મહાદોષ છે.

तस्स परिवज्जणत्थं णिज्जामगपुच्छ=તેના પરિવર્જન અર્થે નિર્યામકને પૃચ્છા, उच्छुदीवम्मि कहिए=ઈક્ષુદ્વીપનું કથન, णेयावणमच्छणाय=ત્યાં લઈ ગયો અને વાહનનો ત્યાગ કર્યો. तह उच्छुवित्तीए=તે પ્રકારે શેરડીની વૃત્તિથી જીવે છે.

कालेण=કાળથી=કેટલોક કાળ ગયે છતે, भिण्णवाहण वाणियगमणं=ભાંગેલા વાહનવાળા વણિકનું ત્યાં ગમન=વહાણ તૂટી જવાથી શેરડીના દ્વીપ ઉપર વણિક પહોંચ્યો. उच्छुरस सण्णा=ઈક્ષુરસ પીવાથી

સંજ્ઞા થઈ=શેરડીનો રસ પીવાથી મળની સંજ્ઞા થઈ. पिंडागारा बहुसो जायाणेगेसु ठाणेसु=પિંડાકારવાળા ઘણા મળના ઢગલા અનેક સ્થાનોમાં પડેલા.

इक्खाहारा सोत्तियमुहदुक्खणयम्मि=ઇક્ષુના આહારથી તે શ્રોત્રિય બ્રાહ્મણના મુખમાં દુઃખ પેદા થયું. सन्नपासणया=સંજ્ઞાવાળી ગોળી જોવાથી, इक्खुफलत्ति य भक्खण=ઇક્ષુફળ છે એ પ્રમાણે ભક્ષણ, गवेसणा चेव जत्तेण=અને યત્નથી ગવેષણા.

एवं=આ રીતે, नियसन्नायवि भक्खण=નિજ સંજ્ઞાનું પણ ભક્ષણ=પોતાની વિષ્ટાનું પણ ભક્ષણ, कालेण=કાળથી=થોડા સમય પછી, तस्स दंसणं=તેનું દર્શન=વણિકનું દર્શન, पुच्छण=પૃચ્છા, साहण=કથન, पीती=પ્રીતિ, ततो य आहार बोल्लंति=ત્યારપછી આહારના વિષયમાં વાતો થઈ.

(વણિકે કહ્યું —) भक्खामि णिच्चमुच्छुं='હું નિત્ય શેરડીને ખાઉં છું' (શ્રોત્રિયે પૂછ્યું.) किं ण लभसि तप्फले='તું એના ફળને પ્રાપ્ત કેમ નથી કરતો ?' (વણિકે કહ્યું —) ण होंतित्ति='હોતાં નથી'='અહીં શેરડીનાં ફળ હોતાં નથી.' (શ્રોત્રિયે કહ્યું —) दंसेमि अहं भद्दत्ति='હે ભદ્ર ! હું તને બતાવું.' दंसणे=દર્શનમાં=શ્રોત્રિય બ્રાહ્મણે શેરડીનાં ફળ વણિકને બતાવ્યાં. (વણિકે કહ્યું —) हंत सण्णेसा='આ સંજ્ઞાઓ છે'='આ વિષ્ટા છે.'

(શ્રોત્રિયે પૂછ્યું —) कस्स='કોની છે ?' (વણિકે કહ્યું —) ममं चिय='મારી જ છે'='આ વિષ્ટા મારી જ છે.' (શ્રોત્રિયે કહ્યું —) किं णो अच्छा='કેમ ઢીલી નથી ?'='વિષ્ટા ઢીલી કેમ નથી ?' (વણિકે કહ્યું —) कालेण कढिणभावाओ='કાળથી કઠણ ભાવવાળી છે'='ઘણો કાળ રહેવાથી કઠણ ભાવવાળી થઈ ગઈ છે', विण्णासणओ=વિન્યાસ થવાથી, सच्चं इयं ण अण्णहा='આ સત્ય છે — અન્યથા નથી.' तहा णाणं=એ પ્રમાણે જ્ઞાન થયું.

पच्छायावो=પશ્ચાત્તાપથી, बोहणं=બોધન=વણિક દ્વારા બ્રાહ્મણ બોધ કરાવાયો. एसा लोगट्ठिई ण तत्तमिणं='આ લોકસ્થિતિ છે, એ તત્ત્વ નથી.'='બાહ્ય શૌચ એ લોકસ્થિતિ છે, એ તત્ત્વ નથી.' आणायारो सेयं='આ અનાચાર છે'='શૌચને એકાંતે ધર્મ માનવો એ અનાચાર છે.' तत्तो सुद्धी उ जीवस्स='તેનાથી જીવની શુદ્ધિ કર.'

णियदेसागम=નિજ દેશમાં આગમન=શ્રોત્રિય બ્રાહ્મણનું પોતાના દેશમાં આગમન, कहणं=કથન કર્યું=તત્ત્વના જાણનારાઓને પોતાના અનાચારનું કથન કર્યું. पायच्छित्तकरणं च जत्तेण=અને યત્નથી પ્રાયશ્ચિત્તનું કરણ, सवणं च तत्तनाणं=અને તત્ત્વજ્ઞાનનું શ્રવણ, आसेवणमुचियजोगस्स=ઉચિત યોગનું આસેવન.

ता=તે કારણથી, जह=જે પ્રમાણે, सो=તે=તે બ્રાહ્મણ, असुइभया=અશુચિના ભયથી, मोहाओ=મોહથી= અજ્ઞાનથી, असुइभक्खणं पत्तो=અશુચિના ભક્ષણને પામ્યો. तह दुक्खभया तंपि हु मा दुक्खोहं समादियसु=તે પ્રમાણે દુઃખના ભયથી તું પણ દુઃખના સમૂહને આચરણ કર નહીં (એ પ્રમાણે મહાત્માએ શંખરાજાને ઉપદેશ આપ્યો.)

एत्थ=આમાં=તારી કરાયેલી ભૂલમાં, सत्थभणिएण विहिणा कुणसु तुमं दुक्खपडियारं='શાસ્ત્રમાં કહેવાયેલી વિધિથી તું દુઃખનો પ્રતિકાર કર.' अप्पवहो पुण सावग ! पडिसिद्धो सव्वसत्थेसु='વળી હે શ્રાવક ! સર્વ શાસ્ત્રોમાં આત્મવધ પ્રતિષેધ કરાયો છે.'

अप्पपरोभयभेया तिविहो खलु वण्णिओ वहो समए='આત્માના, પરના અને ઉભયના ભેદથી ત્રણ પ્રકારનો વધ શાસ્ત્રમાં કહેવાયો છે.' जं='જે કારણથી, तेण=તેના વડે=વધ વડે, अकालम्मी=અકાળમાં, इओवि=આનાથી પણ=વધથી પણ, दोसोत्ति एसाणा=દોષ છે – એ આજ્ઞા છે'='દોષ છે – એ ભગવાનની આજ્ઞા છે.'

दोसा उ य='અને દોષથી જ=પાપથી જ, णराणं=મનુષ્યોને, सव्वमेव वसणंति विण्णेयं=સર્વ પણ વ્યસન અર્થાત્ આપત્તિઓ છે એ પ્રમાણે જાણવું. जं=જે કારણથી, पावफलं दुक्खं=પાપનું ફળ દુઃખ છે. ता=તે કારણથી, अलमेएण=આ પાપથી સર્યું=આત્મહત્યા કરવા રૂપ પાપથી સર્યું.'

अण्णं च निमित्ताओ मुणेमि='અને નિમિત્તોથી હું અન્યને જાણું છું. णेगंतियं तुहं वसणं इयं=તને આ વ્યસન એકાંતિક નથી=તારી આ આપત્તિ સદા માટે નથી. अवि अब्भुदयफलमिणं=પરંતુ અભ્યુદયના ફળવાળી છે. ता चिट्ठह जाव अज्जंति=તે કારણથી આજના દિવસ સુધી તું વિશ્વાસથી રહે.'

एवंति अब्भुवगयं=એ પ્રમાણે રાજાએ સ્વીકાર્યું. ठिओ य णयराओ बाहिरे राया=અને નગરની બહાર રાજા રહ્યો. धम्मकहसवण तोसो=ધર્મકથનના શ્રવણથી તોષ થયો. सूवणं तत्थेव विहिपुव्वं=અને ત્યાં જ વિધિપૂર્વક સૂએ છે.

सुमिणो य चरमजामे=અને ચરમ પ્રહરમાં સ્વપ્ન આવ્યું. फलवई कप्पलया तहा छिण्णा=ફળવાળી કલ્પલતા તે પ્રકારે છેદાઈ. लग्गा विसिट्ठ फलया=(જેથી) વિશિષ્ટ ફળપણાથી લાગી. रूवेणऽहिगा य जायत्ति=અને રૂપથી અધિક થઈ.

मंगलपाहाउयसद्द बोहणं=મંગલપાઠકના શબ્દથી બોધન=સ્વપ્નના ફળ વિશે મંગલપાઠક દ્વારા કરાયેલા કથનથી તેનો બોધ થયો. सहरिसो तओ राया=તેથી રાજા હર્ષવાળો થયો. विहिपुव्वं गुरुमूलं गओ=વિધિપૂર્વક ગુરુ પાસે ગયો, तहा साहियमिणं तु=તે પ્રકારે આ કહ્યું=સ્વપ્ન વિશે જણાવ્યું.

गुरुणो जहत्थ वीणण=ગુરુથી યથાર્થનું વિજ્ઞાન, रण्णो तोसो=રાજાને તોષ, गवेसणुवलद्धी=ગવેષણા અને ઉપલબ્ધિ=કલાવતીની ગવેષણા અને પ્રાપ્તિ, सव्वस्स जहा वत्तस्स=જે પ્રમાણે થયેલું તે સર્વ વૃત્તાંતનું (કથન), हरिसलज्जाउ तो रण्णो=તેથી રાજાને હર્ષ અને લજ્જા.

मिलणं=મિલન=કલાવતી સાથે રાજા શંખનું મિલન, गुरुबहुमाणो=ગુરુનું બહુમાન, धम्मकहा=ધર્મકથા, बोहि=બોધિની પ્રાપ્તિ, सावगत्तं च=અને શ્રાવકપણું (ગ્રહણ કર્યું.), उभयाणुगयं जावजीवं दुवेण्हंपि बंभवय=ઉભયઅનુગત જાવજ્જીવનું દુવિધથી પણ બ્રહ્મચર્ય વ્રત (ગ્રહણ કર્યું.).

अहियं च धम्मचरणं=અને અધિક ધર્મચરણ, चेईहरकारणं तहा विहिणा=અને વિધિપૂર્વક ચૈત્યઘરનું કરાવણ, पुत्तविवद्धण=પુત્રનું વિવર્ધન=પુત્ર મોટો થયો, ठावण=સ્થાપન=પુત્રને રાજા તરીકે સ્થાપન,

णिक्खमणं दाण विहिपुव्वं=દાનવિધિપૂર્વક નિષ્ક્રમણ=દાનની વિધિપૂર્વક સંયમનું ગ્રહણ.

चरमद्धादोसाओ=ચરમ અદ્ધાના દોષથી=દુઃષમાકાળના દોષથી, संघयणाइविरहेवि=સંઘયણાદિના વિરહમાં પણ, भावेण=ભાવથી, अणुदियहं चेव जयणाए संपुण्णधम्मपालणं=અને જયણાથી અનુદિવસ સંપૂર્ણ ધર્મનું પાલન કરે છે. ॥૭૩૭થી ૭૬૯॥

ગાથાર્થ :-

અહીં=વિષમ કાળમાં ચારિત્ર મોક્ષફળવાળું છે એ કથનમાં, શંખ અને કલાવતીનું મિથુન દૃષ્ટાંત જાણવું. ચરમ અદ્ધામાં=જીવનના અંતિમ કાળમાં, અવિતથચારિત્રના યોગથી=આત્મવંચના કર્યા વગર શક્તિ અનુસાર અપ્રમાદ ભાવના સેવનથી અવિતથચારિત્રના યોગથી, સદા સુખ કહેવાયું છે=ક્લેશનાશજન્ય સુખ કહેવાયું છે.

શંખ નામનો રાજા હતો. કલાવતી નામની તેની ઈષ્ટ એવી ભાર્યા હતી. તેણીના ભાઈએ પોતાનું અંગદ અર્થાત્ પોતાના નામવાળું કડું, અત્યંત સુંદર છે તેથી રાજાને મોકલ્યું.

અને ગુર્વિણી એવી કલાવતીને વિસર્જક એવા સેવકોના હાથે દેવદુષ્ય આદિ મોકલાવ્યાં= કલાવતીના પિતાએ મોકલાવ્યાં અને પ્રથમ દેવીનું દર્શન=રાજાને મળવાને બદલે પ્રથમ કલાવતીનું દર્શન. તેણીને કહ્યું કે 'આ કારણે અમે આવ્યા છીએ.'

તેના સ્નેહથી=ભાઈ આદિના સ્નેહથી, સ્વયં ગ્રહણ કર્યું. કલાવતીએ કહ્યું – 'હું જ તેને આ આપીશ'='હું જાતે જ આ વસ્તુઓ રાજાને આપીશ.' પરિગ્રહણ અને તોષથી=ભાઈ આદિ દ્વારા મોકલવામાં આવેલ ભેટણાનું ગ્રહણ કર્યું અને હર્ષ થવાથી, સખીના સંનિધાનમાં તે પ્રકારનું ચિત્રભાષણ=ભાઈ આદિ પ્રત્યેના સ્નેહથી તેણે સખીને કહ્યું કે 'આ મોકલનાર પુરુષ મને અતિશય પ્રિય છે.'

કલાવતીએ સખીને કહ્યું – 'હે સખી !' 'આને જોવાથી=આ ભેટણાને જોવાથી, તે જ મારા વડે જોવાયો છે=ભાઈ પણ સાક્ષાત્ જોવાયો છે. વળી આના પરિધાન વડે તે જ અવસક્ત છે= મારા ભાઈ જયસેનકુમારનો મારી સાથે સંબંધ છે.' એ વગેરે અતિ સ્નેહયુક્ત વચનો કલાવતી બોલે છે.

વિશ્વાસથી ભાષિત એવાં વચનોના શ્રવણ માટે આવેલા રાજા વડે સ્વયં જ આ સંભળાયું. કોપ થયો અને અવિચારણા પણ થઈ.

કલાવતી પોતાની સખીને કહે છે – 'અને અહીં=મારા સ્નેહમાં આ=આ ગજશ્રેષ્ઠનો પુત્ર નિમિત્ત છે. અન્ય આ છે.'

અન્ય આ શું છે ? તે સ્પષ્ટ કરે છે –

'અન્ય એવા ગજશ્રેષ્ઠીપુત્ર વડે નિજપ્રિયા વડે મંગાયું તે જયસેનકુમારે આપ્યું નથી અને મને આપ્યું છે તે મારા સ્નેહ પ્રત્યે નિમિત્ત છે' એમ અન્વય છે.

કલાવતીનાં વચનો સાંભળીને રાજાને કોપ અને અવિચારણા થઈ તે વખતે કલાવતી પોતાની સખીને શું કહે છે તે ગાથા-૭૪૩માં કહ્યું. હવે રાજાને કોપ થાય છે તેથી રાજા શું કરે છે તે બતાવે છે.

**પ્રસ્થાપન=રાજા દ્વારા કલાવતી જંગલમાં મોકલાવાઈ, અને આવેલી એવી ચંડાલીઓને રાજા વડે દાન આપીને આજ્ઞા અપાઈ. 'અરણ્યમાં આ પાપીના બાહુનો છેદ કરો.'**

**ચાંડાલી વડે બાહુનો છેદ કરાયો અને બાહુનું આનયન. નદીના તીરમાં દુઃખેથી પ્રસવણ=જંગલમાં જ નદીના તીરે દુઃખેથી કલાવતીના બાળકનો જન્મ થયો. બાળકનું પ્રલોટન=જન્મેલું બાળક કોઈક રીતે નદી તરફ સરકવા લાગ્યું. કોઈક રીતે મુશ્કેલીથી નદીપટથી મુખ વડે ધરણ=હાથ વગરની કલાવતીએ મુશ્કેલીથી મોઢાથી બાળકને નદીના પટ સન્મુખ જતાં અટકાવ્યું.**

**દેવને ક્રંદન=નદી દેવતા પાસે કલાવતીનું આક્રંદ, સત્યનું અધિષ્ઠાન હોવાને કારણે તે પ્રકારે દેવ વડે બાહુભાવનું ચરણ=દેવ વડે બાહુ નિષ્પન્ન કરાયા. તાપસકુમારને દર્શન, ગુરુને કથન, તપોવનમાં આનયન=કલાવતીને તપોવનમાં લઈ આવ્યા.**

**રાજા વડે અંગદનું દર્શન. નામ જોયું=અંગદમાં જયસેનકુમારનું નામ જોયું, અને શંકા થઈ. શ્રેષ્ઠીને પૃચ્છા='જયસેનકુમાર પાસેથી કોઈ આવ્યું છે ?' એ પ્રમાણે ગજશ્રેષ્ઠીપુત્રને પૃચ્છા, શ્રેષ્ઠીએ કહ્યું – 'મારા ઘરે રહ્યા છે.' દર્શનમાં=તે માણસોને બોલાવ્યા અને તેઓને જોવામાં, જ્ઞાન=રાજાને જ્ઞાન થયું કે 'મેં અવિચારિત કર્યું છે.' શોકથી મરણ માટે અગ્નિમાં ગમન=શોકમગ્ન રાજાએ અગ્નિમાં પ્રવેશની તૈયારી કરાવી.**

**બહાર જિનાલયની સન્મુખ અમિતેજ નામના આચાર્યને સુનિમિત્તના યોગથી ધરણ=દેશના સાંભળવા માટે આચાર્ય પ્રત્યે રાગથી રાજાનું ધરણ. કથન=આચાર્યે રાજાને કહ્યું – 'પોતાના અકાર્યને કારણે અગ્નિમાં પ્રવેશ કરવો એ ઉપાય નથી.' આમાં પ્રસ્તુત દૃષ્ટાંત છે.**

**શ્રોત્રિય બ્રાહ્મણ વિચારે છે. ચંડાલાદિથી સ્પર્શાયેલા પાણીમાં જીર્ણ વસ્ત્રો ગંગાતીરમાં=ગંગાતીરમાં ઘણાં છે માટે પાણી અશુદ્ધ છે. વિચ્છિન્ન ગૃદ્ધની પરંપરાથી=બધા દ્વારા નખાયેલ અશુચિની પરંપરાથી, ધાન્યમાં મહાદોષ છે=લોકોની અશુચિનું ખાતર નાખીને તેનાથી ધાન્ય ઊગે છે. માટે તે ધાન્યના ભક્ષણમાં મહાદોષ છે.**

**તેના પરિવર્જન અર્થે નિર્યામકને પૃચ્છા, ઈક્ષુદ્વીપનું કથન, ત્યાં લઈ ગયો અને વાહનનો ત્યાગ કર્યો. તે પ્રકારે શેરડીની વૃત્તિથી જીવે છે.**

**કાળથી=કેટલોક કાળ ગયે છતે, ભાંગેલા વાહનવાળા વણિકનું ત્યાં ગમન=વહાણ તૂટી જવાથી શેરડીના દ્વીપ ઉપર વણિક પહોંચ્યો. ઈક્ષુરસ પીવાથી સંજ્ઞા થઈ=શેરડીનો રસ પીવાથી મળની સંજ્ઞા થઈ. પિંડાકારવાળા ઘણા મળના ઢગલા અનેક સ્થાનોમાં પડેલા.**

**ઈક્ષુના આહારથી તે શ્રોત્રિય બ્રાહ્મણના મુખમાં દુઃખ પેદા થયું. સંજ્ઞાવાળી ગોળી જોવાથી ઈક્ષુફળ છે એ પ્રમાણે ભક્ષણ અને યત્નથી ગવેષણા.**

આ રીતે નિજ સંજ્ઞાનું પણ ભક્ષણ=પોતાની વિષ્ટાનું પણ ભક્ષણ, કાળથી=થોડા સમય પછી, તેનું દર્શન=વણિકનું દર્શન, પૃચ્છા, કથન, પ્રીતિ, ત્યારપછી આહારના વિષયમાં વાતો થઈ.

વણિકે કહ્યું – 'હું નિત્ય શેરડીને ખાઉં છું' શ્રોત્રિયે પૂછ્યું. 'તું એના ફળને પ્રાપ્ત કેમ નથી કરતો ?' વણિકે કહ્યું – 'હોતાં નથી'='અહીં શેરડીનાં ફળ હોતાં નથી.' શ્રોત્રિયે કહ્યું – 'હે ભદ્ર ! હું તને બતાવું.' દર્શનમાં=શ્રોત્રિય બ્રાહ્મણે શેરડીનાં ફળ વણિકને બતાવ્યાં. વણિકે કહ્યું – 'આ સંજ્ઞાઓ છે'='આ વિષ્ટા છે.'

શ્રોત્રિયે પૂછ્યું – 'કોની છે ?' વણિકે કહ્યું – 'મારી જ છે'='આ વિષ્ટા મારી જ છે.' શ્રોત્રિયે કહ્યું – 'કેમ ઢીલી નથી ?'='વિષ્ટા ઢીલી કેમ નથી ?' વણિકે કહ્યું – 'કાળથી કઠણ ભાવવાળી છે'='ઘણો કાળ રહેવાથી કઠણ ભાવવાળી થઈ ગઈ છે', વિન્યાસ થવાથી 'આ સત્ય છે – અન્યથા નથી.' એ પ્રમાણે જ્ઞાન થયું.

પશ્ચાત્તાપથી બોધન=વણિક દ્વારા બ્રાહ્મણ બોધ કરાવાયો. 'આ લોકસ્થિતિ છે, એ તત્ત્વ નથી.'='બાહ્ય શૌચ એ લોકસ્થિતિ છે, એ તત્ત્વ નથી.' 'આ અનાચાર છે'='શૌચને એકાંતે ધર્મ માનવો એ અનાચાર છે.' 'તેનાથી જીવની શુદ્ધિ કર.'

નિજ દેશમાં આગમન=શ્રોત્રિય બ્રાહ્મણનું પોતાના દેશમાં આગમન. કથન કર્યું=તત્ત્વના જાણનારાઓને પોતાના અનાચારનું કથન કર્યું અને યત્નથી પ્રાયશ્ચિત્તનું કરણ અને તત્ત્વજ્ઞાનનું શ્રવણ. ઉચિત યોગનું આસેવન.

તે કારણથી જે પ્રમાણે તે=તે બ્રાહ્મણ, અશુચિના ભયથી, મોહથી=અજ્ઞાનથી, અશુચિના ભક્ષણને પામ્યો. તે પ્રમાણે દુઃખના ભયથી તું પણ દુઃખના સમૂહને આચરણ કર નહીં એ પ્રમાણે મહાત્માએ શંખરાજાને ઉપદેશ આપ્યો.

'આમાં=તારી કરાયેલી ભૂલમાં શાસ્ત્રમાં કહેવાયેલી વિધિથી તું દુઃખનો પ્રતિકાર કર.' 'વળી હે શ્રાવક ! સર્વ શાસ્ત્રોમાં આત્મવધ પ્રતિષેધ કરાયો છે.'

'આત્માના, પરના અને ઉભયના ભેદથી ત્રણ પ્રકારનો વધ શાસ્ત્રમાં કહેવાયો છે.' 'જે કારણથી તેના વડે=વધ વડે, અકાળમાં આનાથી પણ=વધથી પણ, દોષ છે – એ આજ્ઞા છે'= 'દોષ છે – એ ભગવાનની આજ્ઞા છે.'

'અને દોષથી જ=પાપથી જ, મનુષ્યોને સર્વ પણ વ્યસન અર્થાત્ આપત્તિઓ છે એ પ્રમાણે જાણવું. જે કારણથી પાપનું ફળ દુઃખ છે. તે કારણથી આ પાપથી સર્યું=આત્મહત્યા કરવા રૂપ પાપથી સર્યું.'

'અને નિમિત્તોથી હું અન્યને જાણું છું. તને આ વ્યસન એકાંતિક નથી=તારી આ આપત્તિ સદા માટે નથી. પરંતુ અભ્યુદયના ફળવાળી છે. તે કારણથી આજના દિવસ સુધી તું વિશ્વાસથી રહે.'

એ પ્રમાણે રાજાએ સ્વીકાર્યું અને નગરની બહાર રાજા રહ્યો. ધર્મકથનના શ્રવણથી તોષ થયો

અને ત્યાં જ વિધિપૂર્વક સૂએ છે.

અને ચરમ પ્રહરમાં સ્વપ્ન આવ્યું. ફળવાળી કલ્પલતા તે પ્રકારે છેદાઈ. જેથી વિશિષ્ટ ફળપણાથી લાગી અને રૂપથી અધિક થઈ.

મંગલપાઠકના શબ્દથી બોધન=સ્વપ્નના ફળ વિશે મંગલપાઠક દ્વારા કરાયેલા કથનથી તેનો બોધ થયો. તેથી રાજા હર્ષવાળો થયો. વિધિપૂર્વક ગુરુ પાસે ગયો તે પ્રકારે આ કહ્યું=સ્વપ્ન વિશે જણાવ્યું.

ગુરુથી યથાર્થનું વિજ્ઞાન, રાજાને તોષ, ગવેષણા અને ઉપલબ્ધિ=કલાવતીની ગવેષણા અને પ્રાપ્તિ, જે પ્રમાણે થયેલું તે સર્વ વૃત્તાંત કથનનું. તેથી રાજાને હર્ષ અને લજ્જા.

મિલન=કલાવતી સાથે રાજા શંખનું મિલન, ગુરુનું બહુમાન, ધર્મકથા, બોધિની પ્રાપ્તિ અને શ્રાવકપણું ગ્રહણ કર્યું. ઉભયઅનુગત જાવજ્જીવનું દુવિધથી પણ બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કર્યું.

અને અધિક ધર્મચરણ અને વિધિપૂર્વક ચૈત્યઘરનું કરાવણ, પુત્રનું વિવર્ધન=પુત્ર મોટો થયો, સ્થાપન=પુત્રને રાજા તરીકે સ્થાપન, દાનવિધિપૂર્વક નિષ્ક્રમણ=દાનની વિધિપૂર્વક સંયમનું ગ્રહણ.

ચરમ અદ્ધાના દોષથી=દુઃષમાકાળના દોષથી, સંઘયણાદિના વિરહમાં પણ ભાવથી અને જયણાથી અનુદિવસ સંપૂર્ણ ધર્મનું પાલન કરે છે. ॥૭૩૭થી ૭૬૯॥

ટીકા :-

आसीह जंबुदीवे दाहिणभरहड्ढमज्झभागम्मि । सिरमंगलाभिहाणो देसो देसियविहियतोसो ।।१।। णट्ठपरचक्कतक्करसंचारे छंदचारिचउचरणे । देसम्मि तम्मि रम्मं संखपुरं नाम वरनयरं ।।२।। तं पुण तरुणिमुहंपिव सुदीहरच्छं, समुज्जलदियं च । सइ संचरंतसूरं ताराहरणं च गयणं व ।।३।। रेहंतचित्तसालं बहुसाहारं सुजाइरमणीयं । पुन्नागनागरम्मं परमुज्जाणं तयं नयरं ।।४।। सुरघरझउब्भि-यंगुलि कहइ व तं तूरगहिरघोसेण । भणह जणा! जइ अन्नं नरलोए एरिसं नयरं ?।।५।। संखोव्व धवलवन्नो नियरवसुंदेरजणियजणतोसो । सुद्धकुलजलहिजाओ अहेसि संखो निवो तत्थ ।।६।। रज्जमवज्जविरहिओ सो पालइ दूरमुज्जलपयावो । अमयकरोव्व सुहकरो करेहिं अइसिसिररूवेहिं ।।७।। अन्नम्मि दिणे रन्नो अत्थाणगयस्स विणयसंपन्नो । गयसेट्ठिसुओ दत्तो पडिहारनिवेइओ पत्तो ।।८।। मोत्तूण चलणमूले रायारिहपाहुडं कयपणामो । सप्पणयमासणगओ भणिओ सो नरवरिंदेण ।।९।। कीस चिराओ दीससि गयनंदण! सुट्ठु देहकुसलं ते । भणियं च तेण कुसलं संपइ देवाणणे दिट्ठे ।।१०।। कारणमेत्थ महापहु! कुलधम्मो एस वणियलोयस्स । कीरइ धणज्जणं जं दिसिजत्ताएवि गंतूण ।।११।। अन्नं च ।। दुपरिच्चयघरिणिघरो जो न नियच्छेइ महियलं मणुओ । सो कूयदद्दुरो इव सारासारं ण याणेइ ।।१२।। नज्जंति चित्तभासा तह य विचित्ताउ देसनीईओ । अच्चब्भुयाइं

बहुसो दीसंति महिं भमंतेहिं ।।१३।। ता देव! देवसालं नयरं नयराइयं जयपयासं । अहमत्थत्थी सुत्थं वणिज्जकज्जे गओ आसि ।।१४।। रन्ना भणियं साहसु जंताइंतेण तत्थ व गएण । किं सच्चवियमउव्वं अच्छरियं विउसमणहरणं ?।।१५।। दत्तेण भणियमिह देवसालमइचोज्जसयसमाइन्नं । पुरमत्थि विसालं फलिहसालपरिवेढियं तत्थ ।।१६।। अप्पडिमाइं सुरमंदिराइं अकरो इव निवसइ सुहत्थी । कस्सवि य नत्थि माया गयबाहो तह जणो सव्वो ।।१७।। णारीणंपि ण रक्खा इच्छिज्जइ जत्थ न वेसलोगेवि । नो मन्निज्जइ बुद्धी केसाणं सव्वहा जत्थ ।।१८।। अविय । मासाहारा धीवरचरिया तह देव! जत्थ सकलत्ता । दीसंति पहाणमुणी कहिमो भे! कित्तियं देव! ।।१९।। अन्नंपि किंपि चोज्जं दिट्ठं तं पुण ण साहिउं सक्का । सयमेव तं पलोयउ णीलुप्पललोयणो देवो ।।२०।। इय भणिऊण पयत्तेण गोवियं कड्ढिऊण नरवइणो । चित्तफलयं पणामइ राया पासइ करे धरिउं ।।२१।। दिट्ठा तत्थोवहसियतियसवहूमणचमक्कसंजणणी । एगा कन्ना लायण्णसलिलकलसोवमाणथणी ।।२२।। विहिओ णेण पणामो णूणं रंभा तिलोत्तमा वावि । एसा देवी इय माणसम्मि परिचिंतियं तेण ।।२३।। अव्वो! सरलसहावस्स तुज्झ एसा कहं कुडिलरूवा । जाया वयणपउत्ती सहासवयणेण इय भणिओ ।।२४।। निज्झाइया अइचिरं भणियं अव्वो! अउव्वगो कोवि । विन्नाणपगरिसो तस्स जेण लिहिया इमा एवं ।।२५।। का पुण एसा देवित्ति, पुच्छिए राइणा भणइ दत्तो । दिट्ठमणुण्णं लिहमाणगस्स को पगरिसो एत्थ ?।।२६।। एगस्सच्चिय विण्णाणपगरिसो भण्णए पयावइणो । जेण पडिच्छंदस्सवि विरहे एसा विणिम्मविया ।।२७।। किं एत्थ अपडिपुण्णं भणियं रण्णा जमिंदुबिंबनिभं । वयणं कमलदलोवममच्छिजुयं, किंपि रमणिज्जो ।।२८।। अंगाणं विन्नासो, लायन्नं जलहिसलिलओ अहिगं । दिट्ठीभंगो रंगस्स सरिसओऽणंगणट्टस्स ।।२९।। कण्णंतपत्ततिक्खंतलोयणा किंच हसिरभणिरेसा । चित्तट्ठियावि देवी हरेइ चित्तं फुडं मज्झ ।।३०।। दत्तेणुत्तं देवेण माणुसीवि य इमा कया देवी । अहवा मणुस्सिओ च्चिय देवस्स हवंति देवीओ ।।३१।। एवंविहाओ किं माणुसीओ भो दत्त! कत्थइ भवंति । पहसियवयणेण अणेण भासियं सुणउ ता देवो ।।३२।। सा अन्नच्चिय लीला अन्ना सा अंगचंगिमा कावि । जा तीए माणुसीए लिहणं पुण सरणकज्जेण ।।३३।। भणियं सविम्हएणं रन्ना ता भद्द! कहसु का एसा । पडिभणइ तओ दत्तो एसा मम देव! भइणित्ति ।।३४।। जइ तुह भइणी ता दत्त! सा ण दिट्ठुत्ति भणसि किं एसा । इयरेण भणियमिण्हिं कहेमि देवस्स परमत्थं ।।३५।। जणगस्सुम्मड्डाए चलिओहं देसदंसणट्ठाए । गहियसुमहग्घभंडो अक्खंडपयाणओ संतो ।।३६।। लंघियअणेगदेसो संपत्तो देवसालनगरस्स । जं संधीए अरण्णं सुण्णं गज्जंतसद्दूलं ।।३७।। सन्नद्धपवरसुहडपरिवुडो तुरियतुरयमारूढो । सोहेमि अग्गमग्गं भिल्लपुलिंदाइसंकाए ।।३८।। भीमम्मि तम्मि दिट्ठो एगो एगत्थ

पहसमासन्नो । आसन्नमयतुरंगो सहसा पुरिसो अविचलंगो ।।३९।। सव्वंगसुंदरो किं रइविरहे एस मुच्छिओऽणंगो । एमाइकयवियप्पो पलोइओ सो मए गंतुं ।।४०।। सो सावसेसजीओ णाउं सो सिसिरवारिणा सित्तो । लद्धपुणण्णवसण्णो पुणोवि सो पाइओ नीरं ।।४१।। छाओयरोत्ति स मए मोयगभोगेण पीणिओ तत्तो । पुट्ठो सुपुरिस! कत्तो कह वा पत्तो सि वणगहणं ?।।४२।। तेण वुत्तं। जं ण मणोहरविसओ न कामचारेण गम्मए जत्थ । कम्मपवणेण पाणी निज्जइ उप्पाडिउं ताहे ।।४३।। ता देवनंदिदेसा तुरंगहरिओ अहं इहायाओ । तुब्भेवि भणह सुपुरिस! एत्तो संपत्तिया कत्थ ?।।४४।। भणियं मयावि अम्हे तद्देसविभूसणं गमिस्सामो । सिरिदेवसालनयरं एगो सत्थो तओ दोण्हं ।।४५।। हयवाहणपरितत्ता तुब्भे ता मे सुहासणं भयह । एवंति भणिय सो तं सुहासणं लहुं समारूढो ।।४६।। तो हासतोसबहुला अइच्छिया कित्तियंपि तं रन्नं । जाया विभावरी विहियमुप्पयाणं तओ तत्थ ।।४७।। बीयदिवसम्मि सहसा तुरियतुरंगथट्टदोछट्टं । लल्लक्कहक्कबोक्काकोलाहल-भरियदिसिचक्कं ।।४८।। वज्जंतढक्कडक्काहुडुक्ककंसालकाहलरवेण । पूरियभुवणं सहसा पुरओ सेन्नं पुलोएमो ।।४९।। खुहिया य सत्थसुहडा तुरियं सण्णहिउमहसमाढत्ता । मा भाहित्ति भणंतो ममासवारो पुरो पत्तो ।।५०।। भो भो दिट्ठो कच्चइ भणमाणेणं अयंछिओ हत्थो । सयमेव तेण एसो जाया हरिसाउला दोवि ।।५१।। तो विन्नायवइयरो समागओ तत्थ विजयभूवालो । जयसेणकुमारो जयउ जंपियं बंदिलोएण ।।५२।। तेणवि पयचारपरायणेण अब्भुट्ठिऊण णरनाहो । णियजणओ सप्पणयं पणओ रोमंचियंगेण ।।५३।। आपुच्छिओ कह तुमं वच्छ! इमं रन्नमज्झमावडिओ । तेणवि भणयं जह देव! तेण दुट्ठेण अस्सेण ।।५४।। अडविं पवेसिओ इमममाणुसं तो मए सुखिण्णेण । मुक्का वग्गा परिसंठिओ य एसो लहुं चेव ।।५५।। उइन्नो हं तत्तो अकज्जकारित्ति एस मुणिऊण । मन्ने मुक्को पाणेहिं तक्खणा ताय! तत्तो हं ।।५६।। गिम्हसमुब्भवतण्हापरायणो दारुणं समं पत्तो । अंधारियं जयमिणं समंतओ पेच्छिउं लग्गो ।।५७।। एत्तो परं ण जाणामि किंपि संजायमंतरे तम्मि । जीवावओ म्हि अनिमित्तबंधुणा पुरिससीहेण ।।५८।। एएण सत्थवाहेण जंपमाणेण एवमुवइट्ठो । तेणाहं नरवइणा सक्खं च णिभालिओ तेण ।।५९।। भणियं कयप्पणामेण मज्झ सत्ती ण पाणदाणम्मि । देवस्सेव पभावो कुमरो जं जीविओ एसो ।।६०।। रन्ना परितोसमुवागएण आलिंगिओ दढं भणिओ । तं भद्द! मज्झ पुत्तो पढमो निरुविग्गओ विससु ।।६१।। तो सत्थरक्खवाले निरूविउं देवसालनयरम्मि । नीओ समगंचिय दाविया य पडिवत्तिया रम्मा ।।६२।। ततः । कहकहवि तेहिं हरियं रायकुमारेहिं देव! मह हिययं । जह जणणिजणयनयरदेसवासस्स नो सरइ ।।६३।। अत्थि पुण तस्स रन्नो धूया सिरिदेविकुच्छिसंभूया । लक्खणधरी सुरूवा अणुया जयसेणकुमरस्स ।।६४।। तुलियतिलोत्तमतेया कलाकलावम्मि सुट्ठु पत्तट्ठा । जणमणहरणसुचरिया कलावई सच्चवियनामा

।।६५।। तीए अणुरूववरो गवेसिओ सव्वओ न उण लद्धो । चिंताणलेण डज्झंति तेण पियरो य भाया य ।।६६।। अविय । जायंतिय दीणिम जणंति, जोयणसंपत्तिय, चिंतासायरि खिवहिं तवहिं परमंदिरि जंतिय । पियपरिचत्त अहुंतपुत्त मणुतावहि जणयह, जम्मदिणिच्चिय नयण नीरु निंदिज्जइ धूयहं ।।६७।। भणिओ तेहिं तओ हं भइणीए लहसु किंचि वरमुचियं । जं बहुरयणा पुहवी तुमंपि बहुहिंडणसहावो ।।६८।। एवंति भणंतेणं मएवि लिहिओ इमीए पडिच्छंदो । तयणुण्णाओ कमसोहिज्जो गेहम्मि पत्तो म्हि ।।६९।। फुरइ पुण मज्झ हियए एसा देवस्स चेव उचियत्ति । नियसामियं पमोत्तुं रयणं को सहइ अन्नस्स ?।।७०।। कुलगिरिसमुब्भवाणं ठाणं रयणायरो हु सवियाणं । मोत्तूण ससिं अन्नत्थ कत्थई घडइ किं जोण्हा ?।।७१।। तं सोऊण णरिंदो ताहे चिंताउरो दढं जाओ । कह मज्झ इमाए समं लहुमेव समागमो होही ?।।७२।। एत्थंतरम्मि मज्झण्हसमयसूयाकरो सुरगिहेसु । संखरवो संजाओ पढियं तह कालकहगेण ।।७३।। उल्लसियतेयपयरो सूरो जणमत्थयं कमइ एसो । तेयगुणब्भहियाणं किमसज्झं जीवलोगम्मि ?।।७४।। सिंगारवुड्ढिजणणी मणोरमा बहुमहूसवसणाहा । देवच्चणेण लम्भइ लच्छी दइया य कमलच्छी ।।७५।। अत्थाणमंडवा सो उट्ठित्ता कयसिणाणकायव्वो । देवाइपूयणं काउं किंचि आहारमुवभुत्तो ।।७६।। उवलद्धो रसणाणं महुराईणं ण कोवि आसाओ । तं चिय कलावई माणसम्मि सइ संभरंतेण ।।७७।। तो सुत्तो ससयणीए कत्थइ वत्थुम्मि रइमयावंतो । परिचिंतिउं पवत्तो इमेरिसं उम्मणो संतो ।।७८।। भद्दं ते देव्व! जेणं जियतियसवहू निम्मिया सा मयच्छी, तं खूणं जं न सिद्धा गयणगमखमा माणवाणंपि पक्खा । तम्हा अम्हंपि इण्हिं कुणसु पहु! लहुं सुंदरं पिच्छभारं, पेच्छामो जेण हत्थं वयणजलरूहं दुल्लहं वल्लहाए ।।७९।। किं होही सा राई दिवसो वा अमयणिम्मिओ कोइ । जत्थ रमिस्सं तीसे उरम्मि हंसो सरवरेव्व ।।८०।। कइया वा महुराहरदलकलिए वयणपंकए तीसे । काहं महुयरलीलं अवियण्हो मंथरामोए ?।।८१।। एमाइचित्तचिंताहीरंतो अच्छिऊण किंपि खणं । पुणरवि अत्थाणगओ तीए कहाए दिणं नेइ ।।८२।। अह दुइयदिणे रन्नो नमंतसामंतचक्कवालेण । सेविज्जमाणचरणारविंदजुयलस्स सहसत्ति ।।८३।। चारपुरिसेण केणइ सिट्ठं गुरुसासरुद्धकंठेण । देव! महंतं सेन्नं पविसइ कत्तोवि तुह देसे ।।८४।। रहचक्कघणघणारवगयगज्जियतुरयखुरर वुम्मीसो । कोलाहलो दिसाओ पूरइ वणसत्तसंतासी ।।८५।। अविय । उद्दंडधरियवरपुंडरीयडिंडीरपिंडपंडुरियं । उम्मग्गलग्गखीरोयनीरसंकं तयं कुणइ ।।८६।। वट्टंति विणयपणया सव्वे देवस्स सीमसामंता । तं पुण अणज्जमाणं समागयं देव! कत्तोवि ।।८७।। सोऊण इमं रणकेलिकोड्डिओ भिउडिभंगभीमंगो । लीलालयनिद्दयनिहयमहियलो आह भूवालो ।।८८।। रे रे दिज्जउ तुरियं पयाणढक्का करेह संजत्तिं । तूरह भो सामंता ! खेल्लणयं आगयं किंपि ।।८९।। लद्धाएसा सिन्नं पउणीकाउं भडा समाढत्ता । रहगयतुरंगवाहणसंणाहे

पहरणोहं च ।।९०।। किं किंति वाहरंतो सव्वत्तो भमइ णायरो लोओ । आयन्निज्जइ बहलो पए पए हलहलारावो ।।९१।। एत्थंतरम्मि दत्तो पहसंतो नरवरंतिए पत्तो । जंपइ अकंड विड्डुरमेयं किं देव! पारद्धं ?।।९२।। णणु एयं तं रयणं सयंवरं एइ जमिह देवस्स । चित्तट्ठियंपि दिट्ठं चिट्ठइ चित्तट्ठियं चेव ।।९३।। सो एस जयकुमारो दिसिदिसिवित्थरियकित्तिपब्भारो । रूवविणिज्जियमारो संपत्तकलाजलहिपारो ।।९४।। तव्वयणाओ राया सहसा बुड्डोव्व अमयकुंडम्मि । उवसंतचित्तदाहो सपमोयमणो दढं जाओ ।।९५।। दाऊण कणयजीहं सयलं दत्तस्स अंगलग्गं च । पभणइ कह पुण एयं सुंदर! अइदुग्घडं जायं ।।९६।। दत्तो आह हसंतो अचिंतमाहप्पयाए देवस्स । संघडइ दुग्घडंपि हु भन्नइ अन्नं किमम्हेहिं ?।।९७।। मइसारमंतिणा जंपियं तओ देव! एस किल दत्तो । सप्पुरिसज्जिय-विहवोव्व नायगहिओ सयाकालं ।।९८।। किंच । रंजइ सयणे महुरप्फलेहिं वडपायवो अपुप्फोवि । न पलासतरू कुसुमुब्भडोवि विरसं फलं देंतो ।।९९।। गज्जंति मियं महुरं वरिसंति घणा घणंबुणा भरिया । रित्ता कक्खडखडहरवुब्भडा तुच्छयं पिच्छ ।।१००।। सव्वो भणाइ महुरं पुरओ रिउणोवि छंदवित्तीए । अंतरबहुमाणे पुण परोक्खगुणवन्नणं चिंधं ।।१०१।। संथुणइ विणयपणओ बहुं कुभिच्चोवि विविहवयणेहिं । कज्जेहिं सच्चविज्जइ पहुम्मि भत्ती सुभिच्चाणं ।।१०२।। ता सव्वहा अकित्तिमणेहो देवम्मि एस सेट्ठिसुओ । गहिरत्ताउ न कहियं संभवई देव! पुण एयं ।।१०३।। एईए बालगाए पुरओ तइ भत्तिमणुसरंतेण । गुणकित्तणं कयं तेण तीए रागो समुब्भूओ ।।१०४।। एसो च्चिय जणएहिं विसज्जिओ एत्थ तीए सममेव । एसो संचल्लो देवपायजाणावणणिमित्तं ।।१०५।। नवरं तुरियतरपओ समागओ भासियं च दत्तेण । मइसारो मंती एस णूणं सच्चाभिहाणोत्ति ।।१०६।। कहमन्नहा परोक्खं वत्तं देसंतरेहिं अंतरियं । पच्चक्खुवलद्धं पिव वज्जरइ सपच्चयमिमंति ।।१०७।। अहवा । दूरनिहित्तंपि निहिं तिणवल्लिसमोत्थयाए भूमीए । णयणेहिं अपेच्छंता कुसला बुद्धीए पेच्छंति ।।१०८।। ततो रन्ना सेन्नं संजत्तिपरं निवारियं झत्ति । पच्चोणीए णिउत्तो मंती तो धीधणो तीए ।।१०९।। नगराक्खगलोगो भणिओ नगरं जहायरपरेहिं । सब्भिंतरबाहिरियं पयट्टमहूसवं कज्जं ।।११०।। तह चारगसोहणयं धवलाइं देउलाइं सयलाइं । वारेह सुंकसालं जहा न सुंकं गहेयव्वं ।।१११।। सव्वो य पगइवग्गो मालियतंबोलियाइओ वच्चो । नियवावारपरेहिं होयव्वं सव्वहा इण्हिं ।।११२।। उब्भेह तोरणाइं जन्नावासे नहंतए कुणह । गयतुरयवसहकरभाइघाससंपायणं चेव ।।११३।। इय नरवइणाऽऽणत्ता पगया सव्वंपिते जहाजुत्तं । रायावि पमोयभरं अउव्वमणु-भविउमारद्धो ।।११४।। अह धीधणेण धणियं धुणाविओ मत्थयं समत्थोवि । जयसेणसेन्नलोओ समाणसम्माणकरणेण ।।११५।। आवासिओ जहोचियठाणे जाया पुरी ससंतोसा । कुमरो पणओ रन्नो सीसेण महीविलग्गेण ।।११६।। आलिंगिओ ससंभममापुट्ठो सागयं पुहइपहुणो । पवरासणे

णिसन्नो सपरियणो स बहुगोरविओ ।।११७।। तेणावि मंतिपमुहो परिवारो समुचियाए णीईए । कयसम्माणो विहिओ तेसु सुहासणनिविट्ठेसु ।।११८।। एत्थंतरे विरंगो कुमारमंती पसंतमुहकंती । भणइ बहु अम्हपहुणो हरियं हिययं तुह गुणेहिं ।।११९।। तह कहवि सरूवं वो सिट्ठं दत्तेण वणियपुत्तेण । जह टंकुक्किन्नं पिव ठियममलं चित्तभित्तीए ।।१२०।। ताएण तुम्ह एयं संदिट्ठं णेहनिब्भरं धीरे । तुह गुणनिहिणो दूरट्ठिया हु किं गउरवं कुणिमो ?।।१२१।। का तस्स छेयया का उदारया को गुणेसु अणुराओ । वियरइ जो ण गुणीणं पसत्थवत्थुं सुइट्ठंपि ?।।१२२।। ता गुरु-गुणाणुराया लायन्नकलाकलावगुणकलिया । अइवल्लहावि बाला एसा संपेसिया तुम्ह ।।१२३।। नय एयाए राओ जाओ अन्नेसु रायकुमरेसु । कमलायरं पमोत्तुं कत्थ व कमला रइं कुणउ ?।।१२४।। ता एयाए पाणिं पणईयणपणयपालणप्पवण! । गिण्हित्तु तुमं सुपुरिस! करेसु मणनिव्वुइं अम्ह ।।१२५।। ण कयाइ दिट्ठपुव्वं एयाए विप्पियं ममाओवि । ता तह करेज्ज जह मे ण सरइ करिणिव्व विंझस्स ।।१२६।। किं वा कुलुग्गयाणं पुरओ परिजंपिएण बहुएण ?। पडिवन्नवच्छला ते सभावओ चेव जं होंति ।।१२७।। आइक्खिऊण एयं विरए मंतिम्मि णिउणभणियंपि । पडिभणइ संखराया संखो इव महुरनिग्घोसो ।।१२८।। अव्वो! किंपि अउव्वं सोजन्नं विजयणरवरिंदस्स । अम्हाणंपि गुणेहिं रंजिज्जइ जेण से हिययं ।।१२९।। जइ बालयावि अम्हे जणगविओगेण णिवपयं पत्ता । किं तित्तिएण गुणिणो जाया उत्ताणमइणोवि ?।।१३०।। घणगुणरसपुन्नाइं पुरिसफलाइं हवंति परिणामे । तरुणाइं णिग्गुणाइं सउणाण मणं ण रंजंति ।।१३१।। अहवा । दोसेवि गुणे च्चिय परजणस्स पेच्छंति उत्तमा लोया । छायाहरणंपि ण मुयइ हिमकिरणो लंछणं जेण ।।१३२।। जाणंति पियं चिय वोत्तुमुत्तमा अमयमुत्तिणो णूणं । किं अमयाओ अन्नं झरिउं मयलंछणो मुणइ ?।।१३३।। ता तस्स पुहइवइणो णिक्कारणवच्छलस्स गुणनिहिणो । कह न करिस्सामि अहं वयणं णणु जणय-तुल्लस्स ?।।१३४।। अह जयसेणकुमारो पभणइ दत्तं समागयं हरिसा । अज्जम्ह तुम्ह वयणे सविसेसं पच्चओ जाओ ।।१३५।। जओ । एरिसमणुद्धयत्तं एसो नयसुंदरो वयणविहवो । दक्खि-न्नविणयउचियन्नुयाओ देवे अउव्वाओ ।।१३६।। तहवि न तोसो नियगुणगणेसु परगुणथुईसु अणुराओ । अहवा एरिसयच्चियमहाणुभावा जओ भणियं ।।१३७।। भरियभुवणंतरेहिं गुणेहिं णियएहिं कुंदधवलेहिं । बहु तुसंति न धीरा जह परगुणलेसभणणेण ।।१३८।। अच्चब्भुयगुणरयणेहिं पूरियं वरनिहिव्व देवस्स । चरियं पमोयकारणमिह कस्स न होइ दीसंतं ?।।१३९।। ससिणेहलोयणेहिं रण्णा कुमरो पयंपिओ एवं । सुंदर! अईव सुयणो सि घेप्पसे जं मम गुणेहिं ।।१४०।। अहवा ।। घेप्पंति सुहेणं चिय सहावविमलाइं सुयणहिययाइं । पडिबिंबिज्जइ अप्पा किल केण ण दप्पणुच्छंगे ?।।१४१।। जं विजयरायतणओ तेण तए एरिसेण होयव्वं । सहयारपायवाओ न होइ कइयावि निंबफलं ।।१४२।।

एत्थंतरे पढियमवसरपाढएण जहा ।। 'अह सो सक्करचुन्नमज्झिगयपुन्नु विलोट्टइ, खंडुम्मीसियसत्तुकुंडि घयबाहु पलोट्टइ । वाउज्जायं कढियदुद्धि लहसि हत्थह पडियं, जं दइविं सज्जणकुडुंब एरिस निम्मवियं ।। कहिं गुणसायरु संखपहु, विजयराउ कहिं संवसइ । दीवंतरह वि रयणु विहिजोग्गि जोग्गुवनिवसइ ।।' तओ । तस्सावसरपयट्टिय पाढस्स पसायमागया सव्वे । सक्कारमइमहंतं कुणंति पुलयंकियसरीरा ।।१४३।। विउससहासमुचियसंकहाहिं ठाऊण कित्तियंपि खणं । पच्छा पसन्नहियया नियनियगेहेसु संपत्ता ।।१४४।। दाणगहणुज्जयाणं निच्चं वड्ढंतनिद्धभणिईण । अण्णोण्णं चित्तणु-व्वत्तगाण तेसिं दिणाण गमे ।।१४५।। केवइयाण विवाहो पारद्धो सुंदरम्मि दिवसम्मि । उच्चट्टाणगएसुं गहेसु विमलम्मि गयणयले ।।१४६।। वज्जंतचित्ततूरं तूररवारद्धवारबहुनट्टं । नट्टायट्टियलोयं लोयमणोनयणकयतोसं ।।१४७।। तोसभरमिलियकामिणिमुहपंकयराइयंगणाभोयं । भोयणविभत्ति-भावियणायरणरणारिकयवण्णं ।।१४८।। वन्नंतवित्तचारणमणोरहाईयदाणरमणीयं । रमणिगिज्जंत-सुतारमहुरवरमंगलसमिद्धं ।।१४९।। मंगलसमिद्धकयविविहकोउयं जणियसयणपरितोसं । परितोस-बहुलवरवहुकीरंतमिलंतकरकमलं ।।१५०।। पुरपवरहिययहरणं वड्ढियपणयं अदाणसंवरणं । तेसिं पाणिग्गहणं वत्तं कुलकिच्चनिव्वहणं ।।१५१।। जयसेणकुमारेणवि हयगयधणकणयभूसणाईयं । दिन्नं कलावईए अइरित्तं जणयभणियाओ ।।१५२।। अह संखमहाराया तिहुयणविजयंव पाविओ सहसा । लाभे कलावईए अहियं मणणेव्वुइं पत्तो ।।१५३।। जयसेणस्सवि हियए पीई एयम्मि भइणिणेहेण । पडिवत्तिगोरवेहिय जाया अहिया गुणनिहिम्मि ।।१५४।। परिहासतोसपंडियकहाहिं सुहमच्छिऊण बहुदियहे । पीहिययदुक्खभीरू तहावि गमणूसुओ जाओ ।।१५५।। भणिओ य तेण राया तुह पाया देव! दुच्चया अम्हं । तहवि पियरो महंतं काहिंति मणे असंतोसं ।।१५६।। सट्ठाणमओ जामो अणुजाणह राइणा तओ भणियं । पियदंसणधणजसजीवियाण को लहइ पज्जत्तिं ?।।१५७।। ता कुमर किं भणिज्जं तहावि जह संगमो पुणो होइ । सिग्घं चिय तह जत्तो कज्जो पीऊसवुड्ढिसमो ।।१५८।। सुविणेवि मा कुणेज्जसु देवीए कलावईए विसयम्मि । चिंतं, जओ न रयणं कस्सवि चिंताए अग्घेइ ।।१५९।। जयसेणकुमारेणवि भणियं सच्चं ण अन्नहा एयं । जं पुण इह भणियव्वं ताए पुरावि भणियं तं ।।१६०।। नासगभूया तुम्हाणमप्पिया सव्वहावि तुब्भेहिं । एसा चिंतेयव्वा वसणे तह ऊसवे य सया ।।१६१।। इय संभासपरो सो विरहग्गिकरालियंव रुयमाणिं । संठाविउं कलावइमणुगम्मंतो नरिंदेण ।।१६२।। कुमरो गंतुं लग्गो कमेण पत्तो य देवसालम्मि । दिट्ठा पियरो हिट्ठेण साहिओ वइयरो सव्वो ।।१६३।। संखोवि य खोणिवई संपुन्नमणोरहो सह पियाए । तीए अपत्तविरहो भोए भोत्तुं समारद्धो ।।१६४।। तीए अदंसणे हिययनिव्वुइं न हु खणंपि पावेइ । नियजीवियंपि दिच्छइ अच्छइ सइ तक्कहक्खणिओ ।।१६५।। किं बहुणा ।

कज्जाइं कुणइ अंगं चित्तं चिट्ठइ कलावई जत्थ । अंतेउरंपि सव्वं कलावईणामगं जायं ।।१६६।। तह तीए तणुईए रन्नो रुद्धं विसालमवि हिययं । ओगासं जह अण्णा पावइ थेवंपि नो तत्थ ।।१६७।। सा पुण न मुणइ वोत्तुं कयावि अलियं न यावि पेसुन्नं । ईसावसं ण गच्छइ न यावि सोहग्गगव्वं च ।।१६८।। जाणइ पियाइं भणिउं जाणइ सव्वस्स उचियपडिवत्तिं । जाणइ दुहिएसु दयं जाणइ परिपालिउं सीलं ।।१६९।। हयहियओ होइ णिवो रंजिज्जइ परियणोवि किर तीए । गुणसंथवणे लग्गो सवत्तिवग्गोवि तं चित्तं ।।१७०।। सुहसायरमग्गाए तीए तणतुल्लगणियसग्गाए । सिसिरदिवसायमाणा गणिया दिवसा न वयमाणा ।।१७१।। अह अन्नया णिसाए मज्झिमभागम्मि सुहपसुत्ता सा । पेच्छइ सुवन्नकलसं सुरचंदणपंकचच्चिक्कं ।।१७२।। खीरोयसलिलभरियं विज्जुप्पुंजुज्जलं कमलपिहियं । णियउच्छंगणिविट्ठं विसिट्ठमणिजालसंघडियं ।।१७३।। तक्खणमेव पबुद्धा उट्ठावेऊण नरवइं कहइ । जह देव! मए सुमिणो एण्हिं एयारिसो दिट्ठो ।।१७४।। भणइ निवो तुज्झ पिए! होही पुत्तो कुलंबरमियंको । कुलकप्पतरू कुलदीवओ य कुलमंदिरज्झओ य ।।१७५।। एवंति होउ इय मन्निऊण सा गब्भमुव्वहइ धीरा । पीयामयरसपूरव्व हरिसपगरिसमणुपत्ता ।।१७६।। अविय ।। अब्भवहरइ ण उण्हं णय सीयं छुहतिसावि नो सहइ । चंकमइ णय तुरियं गब्भासायाओ बीहंती ।।१७७।। पियइ विविहोसहाइं निच्चं चिय गब्भबुड्ढिजणयाइं । बंधेइ ओसहीओ आराहइ देवयाणेगा ।।१७८।। पुन्नप्पाएसु तओ मासेसुं नवसु पेसिया पिउणा । पडिजग्गया वियायइ पढमं जं पिउगिहे नारी ।।१७९।। जयसेणकुमारेणवि अइसुंदरमेयमिइ मुणंतेण । अंगयजुयलं पहियं सविसेसं पाहुडं रन्नो ।।१८०।। पत्ता कमेण आवासिया य ते दत्त परिचयवसाओ । गयसेट्ठिगिहे सम्माणठाणमारोविया तेण ।।१८१।। भवियव्वयानिओगेण तेहिं पढमं निभालिया देवी । कहिओ पिउसंभासो आगमणपओयणं चेव ।।१८२।। अह चिरकालस्स इमा जणयपउत्तित्ति तक्खणा देवी । रोमंचकंचुयंचियकाया जाया पसन्नमुही ।।१८३।। ईसिहसिरंपि वयणं जायं हासाउलं सुदंतीए । आणंदोदयपुन्नं वियसियमहलोयणजुयंपि ।।१८४।। सागयमिह तुम्हाणं कुसलं तायस्स नीरुया अंबा । णंदइ भाया मज्झं इय पुव्वं पभणिया बहुसो ।।१८५।। एमाइसिणेहपरेण उचियसंभासणेण कयतोसा । तो भासंति जहेसिं कुसलं सव्वेसिं तुज्झ परं ।।१८६।। उक्कंठियाणि सव्वाणि भोगसाहणमिमाणि वत्थाणि । देवेण तुम्ह पहियं इमं च देवंगदोसजुयं ।।१८७।। अंगयजुयं कुमारेण पेसियं राइणो सिणेहेण । अइवल्लहं च एयं कुमरस्स जओ नियपियाए ।।१८८।। भूसणहेउं मग्गियमलं घणिज्जगयसेट्ठिपुत्तेण । तस्सवि न दिण्णमेयं तो देवी भाउकयनेहा ।।१८९।। सयमेव तं पगिण्हिय भणेइ अहमेव अप्पइस्सामि । अहिगं ते सम्माणिय विसज्जिया नियनिवासम्मि ।।१९०।। देवी सहीसमक्खं भुयजुयले अंगए परिहिऊण । परिओसनिब्भरा निच्चलाए दिट्ठीए पिच्छेइ ।।१९१।।

एत्थंतरे नरवई पत्तो देवीए मंदिरदुवारे । हसियरवं आयण्णिय किमेत्थ एयाउ जंपंति ।।१९२।। इय सवियक्को जा नियइ ताव पासइ गवक्खगयणयले । देवीभुयासु अंगयजुयलं तह सुणइ उल्लावं ।।१९३।। अमयरसेण व सित्तं मह णयणजुयं इमेसिं दंसणओ । अहवा सो चेव मए दिट्ठो एएहिं दिट्ठेहिं ।।१९४।। एएहिं परिहिएहिं ओसत्तो नेहनिब्भरो समए । मरिउं च जीवियं मे हिययं तण्णा-मगहणेण ।।१९५।। अन्नं च उयह चोज्जं गयसेट्ठिसुएण मग्गियं एयं । तहवि नहु तेण दिन्नं पाणपिओ सोवि जं तस्स ।।१९६।। भणियं सहीहिं सामिणि! तुमम्मि जं तस्स नेहसव्वस्सं । अन्नत्थ तारिसं किं संभवइ किमेत्थ किर चोज्जं ?।।१९७।। एवं अगहियनामं उल्लावं तासिं बहुविहं सोउं । ईसावसेण राया गहिओ कुवियप्पसप्पेहिं ।।१९८।। हिययस्स कयाणंदो एयाए वल्लहो वरो कोइ । अहयं विणोयमेत्तं वसीकओ कवडनेहाए ।।१९९।। किं निहणामि इमं चिय किंवा घाएमि वल्लहमिमीए । का होज्ज एत्थ दूई संजोगो जीए इय घडिओ ?।।२००।। एवं गुरुरोसाणलजालाकव-लियसरीरओ राया । कज्जमकहणिज्जमिमंति पुच्छिउं किंपि असमत्थो ।।२०१।। अइवल्लहासु गरुयं सम्माणट्ठाणमाणियासुंपि । को विस्सासं इत्थीसु नाम विबुहो जणो कुणउ ?।।२०२।। एसा कलावई जं निम्मलकुलसंभवावि सासेइ । असमंजसाइं एवंविहाइं णूणं गलियसीला ।।२०३।। एवं असंकणिज्जं संकंतो तक्खणा पडिनियत्तो । दुक्खेण दिवसमेगं गमेइ गुरुदुक्खसंतत्तो ।।२०४।। अत्थंगयम्मि रविमंडलम्मि दूरं वियंभिए तिमिरे । सोयरियाण वहूओ पच्छन्नं वाहरेऊण ।।२०५।। भणियाओ समइकप्पियमत्थं पडिवज्जिउं गया ताओ । रन्नावि समाणत्तो निक्करुणो नाम निययभडो ।।२०६।। जह भद्द तुमं पच्छन्नमेव देविं कलावइं मज्झ । पच्चूसे च्चिय नेउं उज्झसु अमुगत्थ रन्नम्मि ।।२०७।। अह सो पभायसमए पउणीकाउं रहं तुरियतुरयं । पभणइ देविं आरुह रहम्मि एयम्मि अविलंबं ।।२०८।। कुसुमुज्जाणे नमिउं राया संपत्थिओ गयारूढो । तुह आणयणे सामिणि! आएसो मज्झ संजाओ ।।२०९।। सरलसहावा एसा ससंभमं रहवरं समारूढा । तेणावि चोइया तक्खणेण तुरया पवणजवणा ।।२१०।। केत्तिदूरे राया सुंदरि! एसो स अग्गओ जाइ । एवं जंपंताइं ताइं रन्नम्मि पत्ताइं ।।२११।। ताव पभाया रयणी विमलीभूयाइं दिसिवहुमुहाइं । रायाणमपेच्छंती देवी दढमाउला जाया ।।२१२।। हा निकरुण! किमेयं न य दीसइ एत्थ कत्थई राया । उज्जाणंपि न दीसइ वेलविया कीस तुमए हं ?।।२१३।। नय सुव्वइ तूररवो न जणरवो किंतु रन्नमेयंति । सुमिणमिणं मइमोहो किमिंदजालं कहसु सच्चं ?।।२१४।। इय संभमप्पलावं देविं वियलत्तमागयं दट्ठुं । निक्करुणोवि सकरुणो ण तरइ पडिउत्तरं दाउं ।।२१५।। ओयरिय रहा तत्तो पुरओ कयक-रंजली होउं । सोयभररुद्धकंठो रुयमाणो भणिउमारद्धो ।।२१६।। हद्धी धिरत्थु पावो देवि! अहं सच्चमेव निक्करुणो । जेणेरिसम्मि कम्मे निओइओ हयकयंतेण ।।२१७।। सो देवि! वरमजाओ

पावयरो पावचेट्ठिओ दुट्ठो । जो एयारिसविर्त्ति धारेई जीविउं पुरिसो ।।२१८।। जुज्झइ जणएण समं विणिवायइ भायरं सिणिद्धंपि । सेवयसुणओ वरओ पहुवयणा विसइ जलणम्मि ।।२१९।। ओयरिय रहवराओ ता निवससु एत्थ सालछायाए । एसो रायाएसो अन्नं भणिउं ण पारेमि ।।२२०।। विज्जुनिवायब्भहियं तव्वयणं सुणिय मुणिय तत्तत्थं । ओयरमाणी मुच्छावसेण धरणीगया देवी ।।२२१।। इयरोवि रहं घेत्तुं रुयमाणो चेव पडिगओ नयरं । पत्ता कमेण कहकहवि चेयणं अह पुणो देवी ।।२२२।। जा चिट्ठइ रुयमाणी अइकरुणं कुलहरस्स समरिऊण । ता पुव्वनिउत्ताओ पत्ताओ पाणविलयाओ ।।२२३।। ताहिं च रक्खसीहिं करसंठियकत्तियाकरालाहिं । णिक्कारणकोउब्भ-डभिउडीभीसणणिडालाहिं ।।२२४।। हा दुट्ठे! दुहचेट्ठे! ण याणसी माणिउं निवइलच्छिं । जं पडिकूलं वट्टसि रण्णो णेहाउलस्सावि ।।२२५।। ता सहसु संपयं दुक्कयस्स फलमेरिसाइं फरुसाइं । वयणाइं भासिऊणं छिण्णं सहसा भुयाण जुयं ।।२२६।। केऊरं कणयभूसणविराइयं निवडियं धरावलए । कहकहवि लद्धसन्ना विलावमिय काउमारद्धा ।।२२७।। हा दिव्व! कीस मज्झं एवं कुविओ सि निग्घिणो होउं । जेण अतक्कियमेवं करेसि अइदारुणं डंड ?।।२२८।। किं णत्थि तुज्झ गेहे मए समा कावि बालिया पाव । जेण ण याणसिऽणिट्ठं हयविहि! दिंतो दुहमणिट्ठं ?।।२२९।। हा अज्जउत्त! जुत्ता असमिक्खियकारिया ण ते एसा । दहिही हिययं अहियं अणुतावो धीर! तुह विउणो ।।२३०।। जाणंतीए ण कओ णाह! मए तुज्झ विप्पियलवोवि । अण्णाणकए पिययम! नहु जुत्तो एरिसो दंडो ।।२३१।। कन्ने जवेण केणवि सिट्ठं तुह किंपि तं न याणामि । सद्दहसु मा वि सुमिणंतरेऽवि सीलस्स मालिण्णं ।।२३२।। सो णेहो सो पणओ सा पडिवत्ती तयं सुहालवणं । एक्कपए च्चिय निग्घिण! कह पम्हुट्ठं तुहेयाणिं ?।।२३३।। खणरत्तखणविरत्ता नारी, पडिवन्नपालिणो पुरिसा । एसावि जणपसिद्धी विवरीया अज्ज संजाया ।।२३४।। हा ताय! माय! भाउय! आसि अहं पाणवल्लहा तुम्ह । ता किं ण परित्तायह मरमाणिं दुक्खमरणेण ।।२३५।। पीडावसाउ तीए तक्खणमाउलियमुयरमइलज्जं । चित्तम्मि वहंती जाणिऊण पसवस्स सा समयं ।।२३६।। पच्चासन्नम्मि गया वणगुम्मे सूलवेयणा जाया । कहवि पसूया किच्छेण वेयणाएऽवसाणम्मि ।।२३७।। चलणाणमंतराले देवकुमारोवमं सुयं नियइ । गहिया हरिसेण तहा तक्खणओ गुरुविसाएण ।।२३८।। जहा । आवइगयंपि सुहयइ तोसइ गुरुसोयगहियहिययंपि । मरमाणंपि जियावइ अवच्चजम्मो जणं लोए ।।२३९।। भणइ सुजायं पुत्तय! होज्जसु दीहाउओ सुही सययं । वच्छ! करेमि किमन्नं वद्धा-वणयं तुह अभग्गा ?।।२४०।। एत्थंतरम्मि पुत्तो तडप्फडंतो णईतडाभिमुहं । लुढिउं लग्गो चलणेसु धरिय अह जंपिउं लग्गा ।।२४१।। हाहा कयंत! निग्घिण! तुट्ठो सि न एत्तिएण किं पाव! । दाऊण पुत्तयं जं पुणोवि अवहरिउमारद्धो ?।।२४२।। भयवइ! णइदेवि! तुहं पडिया

पाएसु दीणवयणा हं । पणयपियंकरि! करुणं करेहि अवहीर मा एयं ।।२४३।। जइ जयइ जए सीलं जइ ता सीलं कलंकियं न मए । ता देव्वनाणनयणे! कुण बालयपालणोवायं ।।२४४।। इय दीणं कंदंती कारुन्नगयाए सिंधुदेवीए । सोहणकरभुयलइया निरुया य कया खणेणेसा ।।२४५।। अमयरसेणव सित्ता अणुभूया तणुसुहं अइपभूयं । करयलदुएण घेत्तुं बालं संठवइ अंकम्मि ।।२४६।। जयं नंद देवि! भद्दं णिक्कारणवच्छलाए तुह होउ । जीवाविया अणाहा सामिणि! तुमए सुदीणा हं ।।२४७।। किं मज्झ जीविएणं एवंविहपराभवग्गिभुग्गाए ?। किंतु न तरामि मोत्तुं वच्छमणाहं विसालच्छं ।।२४८।। किर काही सुयजम्मे जणओ नयरे छणं महच्छरियं । नवरं विहिपरिणामो एसो अइदारुणो जाओ ।।२४९।। रज्जंति जाव कज्जं कयकज्जा दुज्जणव्व दुम्मंति । जे ते कारिमनेहा हाहा धी निग्गिणा पुरिसा ।।२५०।। पियपडिबंधपिसल्लो जाण मणोमंदिरे न संवसिओ । निमिसंतरंपि तासिं नमो नमो बालसमणीणं ।।२५१।। बालत्तणेवि जइ ता हुंता हं बंभचारिणी समणी । एरिसयं ता वसणं सुमिणम्मिवि ही न पेच्छंता ।।२५२।। इयं विविहं विलवंती रुयंतवणदेवयं रुयंती य । तावसमुणिणा केणवि दिट्ठा सा पुन्नजोएण ।।२५३।। एसा किं सग्गवहू किंवा विज्जाहरित्ति तक्कंतो । गंतूण आसमपयं कुलवइणो तक्खणं कहइ ।।२५४।। तेणावि य सदएणं सावयमाईहिं होउ मा ईए । कोई उवद्दवो तुरियतुरियमाणविया ताहे ।।२५५।। सावि न संपइमण्णा मे अत्थि गइत्ति आगया विहिओ । कुलसामिणो पणामो सप्पणयमुदंतमह पुट्ठा ।।२५६।। मन्नुभरनिब्भरा सा अव्वत्तंपि हु भणेउमतरंती । महुरवयणेहिं आसासिया य णिउणेण कुलवइणा ।।२५७।। भणिया वच्छे! उत्तमकुलसंभूया तुमं जओ देहो । णाणाविहेहिं लक्खणसएहिं णज्जइ सुकल्लाणो ।।२५८।। को एत्थ निच्चसुहिओ कस्स व लच्छी अखंडियच्छाया । कस्स चिरं पेम्मसुहं खलियं न समागयं कस्स ?।।२५९।। ता धीरिममवलंबिय पालेहि तवस्सणीण मज्झगया । देवकुमारनिभमिणं पुत्तं गुरुदेवपणयपरा ।।२६०।। जाव तुह पुव्वजम्मोवज्जियपुन्नद्दुमो फलं देइ । एवं वुत्ता संजायजीवियासा ठिया तत्थ ।।२६१।। एत्तो मायंगीहिं केऊरजुया पदंसिया बाहू । रन्नो सोवि निभालइ जा निउणं ताव पेच्छेइ ।।२६२।। जयसेणकुमरनामं अंगयजुयलंपि गरुयमुव्वेयं । सहसा गओ तहिंगारपूरियं पिव उरो जायं ।।२६३।। तहवि हु निच्छयहेउं गयसेट्ठी सद्दिऊण संपुट्ठो । जह देवसालनयराओ कोई संपइ समायाओ ?।।२६४।। तेणुत्तमाममिह देव! संति मह मंदिरम्मि देवीए । मोणावणानिमित्तं निवंतरंगा नरा पत्ता ।।२६५।। लद्धो न अवसरो तेहिं तेण दिट्ठा न देवपायत्ति । भणियं रन्ना तुरियं सद्देह समागया तेवि ।।२६६।। भणिया किमेयमंगयजुयलं पडिजंपियं तओ तेहिं । देव! अणग्घेयमणीहिं मंडियं सुंदरागारं ।।२६७।। इय भाविऊण पाणप्पियस्स देवस्स कारणा पहियं । जयसेणेण कुमारेण एयमम्हेहिं देवीए ।।२६८।। मुक्कं गिहम्मि आसित्ति भासगाणं खणेण तेसिं सो । मुच्छा-

